# કારણ-કાર્ય નિયમ

(ભાગ-૨)



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

ॐ

श्री सीमंधरदेवाय नमः
श्री निज शुद्धात्मने नमः

# કારણ-કાર્ય નિયમ

## ભાગ-૨

અધ્યાત્મયુગપુરુષ
**પ. પૂ. ગુરુદેવશ્રી કાનજીસ્વામીના**
નિયમસારજી શાસ્ત્ર ઉપરના જીવ, અજીવ અધિકારના ગાથા–૩૮ થી ૫૧ તથા તેના ૭૫ શ્લોકો ઉપર થયેલા ૨૯ મંગલમયી પ્રવચનો

: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન :

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ
૫, પંચનાથ પ્લોટ, કાનજીસ્વામી માર્ગ, રાજકોટ–૩૬૦૦૦૧.
ટે.નં. (૦૨૮૧) ૨૨૩૧૦૭૩

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ. સ. |
|---|---|---|---|
| ૩૩ | ૨૫૩૯ | ૨૦૬૯ | ૨૦૧૩ |

**પ્રકાશન**

**પર્વાધિરાજ દશલક્ષણ પર્યૂષણ પર્વ તા.૧૯-૯-૨૦૧૨ના**

**ઉત્તમક્ષમા ધર્મના મંગલમયી દિવસે**

પ્રથમ આવૃત્તિ – ....

પડતર કિંમત – રૂ. ....

મૂલ્ય - રૂ. ...

**પ્રાપ્તિ સ્થાન**

**રાજકોટ : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**

૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજી સ્વામી માર્ગ, રાજકોટ–૩૬૦૦૦૧. ટેલી. નં. ૨૨૩૧૦૭૩

લેસર ટાઈપ સેટિંગ તથા મલ્ટીકલર તથા મુખપૃષ્ઠ ફોટા

**પૂજા ઇમ્પ્રેશન્સ**

પ્લોટ નં. ૧૯૨૪/બી

૬, શાંતિનાથ બંગલોઝ

શશીપ્રભુ માર્ગ, રૂપાણી સર્કલ પાસે,

ભાવનગર-૩૬૪૦૦૧

ફોન નં. ૯૭૨૫૨૫૧૧૩૧

મુદ્રક

**શાર્પ ઑફસેટ પ્રિન્ટર્સ**

૩૧૨, હિરાપન્ના કોમ્પ્લેક્ષ,

ડૉ. યાજ્ઞિક રોડ,

રાજકોટ-૩૬૦૦૦૧

ફોન નં. ૯૮૨૫૦૭૫૦૬૧

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

# Thanks & Our Request

This electronic shastra has been donated Shree Digamber Jain Swadhyay Mandir Trust, PanchNath Plot, Kanji Swami Marg, Rajkot, India, 360 001.

Our request to you:

1) This electronic version of Karan Karya Niyam – Part 2 is the original copy from which the first paper version was printed. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

# Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 05 March 2014 | First electronic version |

# પ્રસ્તાવના

ભગવાન કુંદકુંદાચાર્યદેવ પ્રણીત 'નિયમસાર' નામનું શાસ્ત્ર અધ્યાત્મપ્રધાન 'દ્વિતીય-શ્રુતસ્કંધ'ના સત્શાસ્ત્રોમાનું એક સર્વોત્કૃષ્ટ તેમજ ચારિત્રપ્રધાન શ્રેષ્ઠતમ શાસ્ત્ર છે.

પરમભટ્ટારક શાસનનાયક શ્રી મહાવીર સ્વામીના નિર્વાણ પછી અન્ય કેવળી તથા શ્રુતકેવળી કથિત આગમ અને અધ્યાત્મવિદ્યાનું સંકલન ચાર અનુયોગના અસંખ્ય શાસ્ત્રોમાં અનેક આચાર્યમુનિભગવન્તો વડે સંપન્ન થયું. સનાતન દિગંબર જૈન સંપ્રદાયમાં કળિકાળ સર્વજ્ઞ ભગવાન કુંદકુંદાચાર્યનું સ્થાન અજોડ છે. આશરે ૮૪ પાહુડ શાસ્ત્રોની ભેટ તેઓશ્રીએ આપી છતાં હાલમાં ગણતરીના બાર–પંદર જ ઉપલબ્ધ થઈ શક્યા છે.

તેમાનાં 'સમયસાર', 'પ્રવચનસાર', 'નિયમસાર' જેવાં ઉત્તમોત્તમ પરમાગમોમાં હજારો શાસ્ત્રોનો સાર સમાય જાય છે. જેમ 'સમયસાર'માં શુદ્ધનયથી નવતત્ત્વોનું નિરૂપણ કર્યું છે તેમ 'નિયમસાર'માં શુદ્ધનયથી જ જીવ, અજીવ, શુદ્ધભાવ, પ્રતિક્રમણ વિગેરે વિષયોનું વર્ણન છે.

વર્તમાનમાં ઉપલબ્ધ ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવના ઉત્કૃષ્ટ પરમાગમોમાં અપ્રતિબુદ્ધને સમજાવવા અર્થે રચાયેલા સર્વોત્કૃષ્ટ શ્રી સમયસારજીમાં દૃષ્ટિપ્રધાન કથનથી શુદ્ધાત્માનું સ્વરૂપ સમજાવ્યું છે. દિવ્યધ્વનિના સાર શ્રી પ્રવચનસારજીમાં જ્ઞાનપ્રધાન કથનથી તે જ સ્વરૂપ વર્ણવ્યું છે. શ્રી નિયમસારજીમાં ચારિત્રની મુખ્યતાથી તે જ સ્વરૂપનું વર્ણન છે. વીતરાગતા પ્રગટ કરવાના પ્રયોજનથી દૃષ્ટિ-જ્ઞાન-ચારિત્રના આશ્રયભૂત શુદ્ધાત્માનું જ વર્ણન અનેક પ્રકારે કરવામાં આવે છે.

શ્રી નિયમસારજીની તો આચાર્યદેવે પોતાના જીવનના સંધ્યાકાળમાં નિજભાવના નિમિત્તે રચના કરેલ હોવાથી કારણપરમાત્માને ખૂબ જ ઘૂંટ્યો છે.

આ અસાધારણ પરમાગમની ટીકા ભાવિ તિર્થાધીનાથ અતીન્દ્રિયઆનંદના રસિક ભાવલિંગી મુનિરાજ શ્રીમદ્દ્ પદ્મપ્રભમલધારીદેવે કરી છે. જેમના મુખમાંથી પરમાગમરૂપી મકરંદ ઝરે છે એવા મુનિરાજ કહે છે કે ગુણના ધરનાર ગણધરોથી રચાયેલા તથા શ્રુતધરોની પરંપરાથી સારી રીતે વ્યક્ત કરાયેલા આ પરમાગમના સારની પુષ્ટ રુચિથી આ ટીકા સહજ રચાઈ ગઈ છે. ટીકાકારે શ્રી કુંદકુંદાચાર્યદેવના હૃદયમાં રહેલા આધ્યાત્મિક ભાવોને સ્વાનુભૂતિથી પ્રમાણ કરી પરમ પારિણામિકભાવમાં રહેલ અંતર રહસ્યોને ખોલ્યા છે.

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શ્રી નિયમસાર ભરતક્ષેત્રનાં ઉત્તમોત્તમ શાસ્ત્રોમાનું એક હોવા છતાં પ્રાભૃતત્રયની સરખામણીમાં તેની પ્રસિદ્ધિ ઘણી ઓછી છે. બ્રહ્મચારી શીતલપ્રસાદજી વિ.સં.૧૯૭૨માં હિન્દી નિયમસારની ભૂમિકામાં ખરું જ લખે છે કે, 'આજ સુધી શ્રી કુંદકુંદાચાર્યના પંચાસ્તિકાયસંગ્રહ, પ્રવચનસાર અને સમયસાર એ ત્રણ રત્નો જ બહુ પ્રસિદ્ધ છે. ખેદની વાત છે કે તેમના જેવું છતાં કેટલાક અંશોમાં તેમનાથી પણ ચઢિયાતું કે અધિક છે એવું નિયમસારરત્ન છે તેની પ્રસિદ્ધિ એટલી બધી ઓછી છે કે કોઈ કોઈ તો તેનું નામ પણ જાણતા નથી.'

'નિયમસાર' એટલે ભાગવતશાસ્ત્ર (ગા.૧૮૭) શ્રુતપરંપરામાં શાસ્ત્રોનું પ્રણયન શિષ્યોને સંબોધવા માટે અથવા વ્યક્તિગત ઉદ્દેશ્યથી કરવામાં આવે છે પરન્તુ આ ગ્રંથાધિરાજની રચના આચાર્યશ્રીએ પોતાના દૈનિક પાઠ માટે કરેલી હોવી જોઈએ. કેમકે આચાર્યશ્રીની ગ્રંથની છેલ્લી ઉક્તિવડે સ્પષ્ટ થાય છે કે '**णियभावणाणिमित्तं**' અર્થાત્ નિજભાવના અર્થે/નિમિત્તે પૂર્વાપર દોષોથી રહિત જિનોપદેશને જાણીને મેં 'નિયમસાર' નામનું શાસ્ત્ર રચ્યું છે.

નિયમસાર એટલે વ્યવહાર રત્નત્રયની અપેક્ષા વગરનું શુદ્ધ રત્નત્રયનું સ્વરૂપ. આ ગ્રંથમાં પર્યાયની મુખ્યતાથી કથન હોવા છતાં ભાવલિંગી સંતોની દૃષ્ટિ તો તેના કારણ પર જ રહ્યા કરે છે.

ભવ્ય જીવોના ભાગ્યોદયથી આ નિયમસાર કૃતિ પર '**तात्पर्यवृत्ति**' નામક સંસ્કૃત ટીકા લખનાર મહાસમર્થ મુનિવર શ્રી પદ્મપ્રભમલધારીદેવ મળ્યા જેઓ શ્રી વીરનંદી સિદ્ધાન્તચક્રવર્તીના શિષ્ય છે અને વિક્રમની તેરમી સદીમાં થઈ ગયા છે.

આ શાસ્ત્રજીમાં ૧૮૭ ગાથાઓમાં પ્રતિપાદિત વિષયવસ્તુને નીચે મુજબના બાર અધિકારોમાં પ્રસ્તુત કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| (૧) જીવ અધિકાર | (૭) પરમ આલોચના અધિકાર |
| (૨) અજીવ અધિકાર | (૮) શુદ્ધનિશ્ચય પ્રાયશ્ચિત અધિકાર |
| (૩) શુદ્ધભાવ અધિકાર | (૯) પરમ સમાધિ અધિકાર |
| (૪) વ્યવહાર ચારિત્ર અધિકાર | (૧૦) પરમ ભક્તિ અધિકાર |
| (૫) પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર | (૧૧) નિશ્ચય પરમ આવશ્યક અધિકાર |
| (૬) નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર | (૧૨) શુદ્ધોપયોગ અધિકાર |

જ્યાં મૂળમાં કાર્યની ગાથા હોય ત્યાં ટીકાકાર તેમાંથી કારણની વાત કાઢે જ. જેમકે ૩જી ગાથામાં કાર્ય નિયમની વાત છે તેમાંથી ટીકાકારે કારણ નિયમની વાત કાઢી છે. ૧૦ થી ૧૩ ગાથામાં ઉપયોગની ચર્ચા છે તો ટીકાકારે સ્વરૂપ પ્રત્યક્ષ કારણસ્વભાવજ્ઞાનઉપયોગ અને કારણદૃષ્ટિની વાત કરી છે. ૧૫મી ગાથામાં વૈભાવિક પર્યાયોથી પરિચિત જીવોને કર્મોપાધિવર્જિત સ્વાભાવિક પર્યાયોની વાતનો મર્મ ખોલતાં ટીકાકારે કારણશુદ્ધપર્યાયનું રહસ્ય બતાવી અનંત ઉપકાર કર્યો છે. ૧૯મી ગાથામાં સંસારી તથા સિદ્ધ જીવો બન્ને નયોથી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સંયુક્ત છે તેમ કહીને દ્રવ્યની અચિંત્યતા બતાવી છે.

અજીવ અધિકારમાં શેષ પાંચ દ્રવ્યોનું વર્ણન છે. શાસ્ત્રકારની શૈલી મુજબ તેમાં પણ પુદ્‌ગલનું વર્ણન કરતાં કારણપરમાણુ તથા કાર્યપરમાણુનું વર્ણન કરેલ છે. અજીવ દ્રવ્યોનું વર્ણન કરતી વખતે પણ અધ્યાત્મરસિક ટીકાકાર આનંદ નીતરતા શ્લોકો દ્વારા તેને પ્રકાશનાર ચૈતન્ય ચમત્કારમાત્રના સ્વરૂપને વારંવાર સ્મરે છે.

'નિયમ' એટલે જે અવશ્ય કરવા યોગ્ય હોય તે અર્થાત્ રત્નત્રય. 'નિયમસાર' એટલે નિયમનો સાર અર્થાત્ શુદ્ધ રત્નત્રય. આ શુદ્ધ રત્નત્રયની પ્રાપ્તિ પરમાત્મતત્ત્વનો આશ્રય કરવાથી જ થાય છે. આ પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અનાદિકાળથી અનંત અનંત દુઃખોને અનુભવતા જીવે એક ક્ષણમાત્ર પણ કરી નથી અને તેથી સુખ માટેનાં તેના ઝાવાં સર્વથા વ્યર્થ ગયાં છે. માટે આ પરમાગમનો એકમાત્ર ઉદ્દેશ ભવ્યજીવોને/પ્રાણીમાત્રને પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અથવા આશ્રય કરાવવાનો છે. આ મુખ્ય મુદ્દાની સાથે જ બીજા ઘણાં બધા વિષયો આમાં આવરી લેવામાં આવ્યા છે. જે અંગેનો ઉલ્લેખ અત્રે પ્રસ્તુત છે;

**'किञ्चास्य खलु निखिलागमार्थसार्थप्रतिपादनसमर्थस्य....।'** અર્થાત્ આ નિયમસાર નામક શાસ્ત્ર સમસ્ત આગમના અર્થસમૂહના પ્રતિપાદન કરવામાં સમર્થ છે....

ગ્રંથની શરૂઆતની ગાથામાં માર્ગ અને માર્ગફળની જે વાત પ્રારંભ કરી હતી તેનો ઉપસંહાર ૧૮૬મી ગાથામાં પ્રસ્તુત કરીને એક શ્રેષ્ઠ અને અગત્યની શિખામણ આપતા લખે છે કે;

પણ કોઈ સુંદરમાર્ગની નિંદા કરે ઈર્ષા વડે,
તેનાં સુણી વચનો કરો ન અભક્તિ જિનમારગ વિષે.

આ શાસ્ત્રના ભાવોનું વિવેચન કરતાં પૂજ્ય ગુરુદેવશ્રી ભાવવિભોર થઈ કહે છે 'ટીકાકાર મુનિરાજે કાર્યની સાથે જ ત્રૈકાલિક કારણ (કારણશુદ્ધપર્યાય)ની વાત કરીને ટીકામાં અલૌકિક રહસ્ય ખોલ્યા છે. અહો! જંગલમાં વસનારા અને આત્માનંદમાં લીન રહેનારા સંતોના શ્રીમુખેથી પરમાગમરૂપી અમૃતની વર્ષા થઈ તેમાં આવ્યું કે હે ભાઈ! તારા ધર્મનું ધ્રુવકારણ તો તારામાં સદા વિદ્યમાન છે, પરંતુ તું તેને કારણ નથી બનાવતો તેથી દુઃખી છો. અહો! અંતરનું કારણ મુનિઓના આત્મામાંથી જ અમૃત ઝર્યાં છે તેની આ અચિંત્ય અને અપૂર્વ વાત છે. ભારતવર્ષ માટે હાલમાં આ વાત તદ્દન નવી છે. જેના મહાભાગ્ય હોય તેને આ વાત સાંભળવા મળે છે અને જેને અંદરમાં આ વાત બેસી ગઈ તેનું તો કહેવું જ શું? તેનો તો બેડો પાર થઈ ગયો.'

સંતોના અંતરાત્મામાં રહેલ રહસ્યોને ખોલનાર પૂજ્ય ગુરુદેવશ્રીએ સમજાવેલ ભાવોને ગ્રહણ કરી આપણે પણ તેને સ્વાનુભવથી પ્રમાણ કરીએ એ જ ભાવના.

ઉપરોક્ત બન્ને અધિકારોમાં આવતા વિષયબિંદુઓની ટૂંકમાં નોંધ આ પ્રમાણે છે કે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

જીવ અધિકારમાં મંગલાચરણ, ગ્રંથ પ્રતિજ્ઞા, મોક્ષ અને મોક્ષમાર્ગની ચર્ચા, નિયમસાર નામની સાર્થકતા, રત્નત્રયરૂપ નિયમના નિરૂપણના ક્રમમાં સૌપ્રથમ વ્યવહાર સમ્યગ્દર્શનનું પ્રતિપાદન, આપ્ત અને આગમની વ્યાખ્યા, છ દ્રવ્યોના નામનિર્દેષપૂર્વક જીવદ્રવ્યની વિસ્તૃત વ્યાખ્યા સાથે જીવ અધિકારનું સમાપન.

બીજા અજીવ અધિકારમાં અઢાર ગાથાઓમાં પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ આમ પાંચ અચેતન દ્રવ્યોનું સામાન્ય વર્ણન કરીને અધિકારનું સમાપન કરવામાં આવેલ છે.

આ નિયમસાર શાસ્ત્ર ઉપરના સળંગ અક્ષરશઃ પ્રવચનો ૨૧૪ ટોટલ ૭ ભાગમાં પ્રકાશિત કરવામાં આવશે. આ શાસ્ત્ર પ્રકાશન માટે અમેરિકામાં રહેતા ભાઈશ્રી **ડૉ. તનસુખભાઈ ઉદાણી**નો સ્વર્ગવાસ થવાથી તેમની ભાવના રાજકોટ મંદિરને તત્ત્વજ્ઞાન પ્રકાશન માટે દાનરાશિ આપવાની હોઈ તેમના નિમિત્તે આ ૭ ભાગ રાજકોટ દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ તરફથી પ્રકાશિત કરવામાં આવશે. જેના માટે તેમના તથા તેમના કુટુંબીજનો તરફથી રૂા.૭/- (સાત લાખની) દાનરાશી મંદિરને ભેટ આપવામાં આવેલી છે. તથા બીજી દાનરાશી જે મુમુક્ષુઓ દ્વારા પ્રાપ્ત થયેલ છે તેનું લીસ્ટ પણ છાપવામાં આવેલ છે. આ સર્વે મુમુક્ષુઓએ ખૂબ જ ભાવપૂર્વક દાનરાશી આપી હોય સંસ્થા તેમનો આભાર વ્યક્ત કરે છે.

પ્રસ્તુત પ્રથમ ભાગમાં ગ્રન્થના પહેલા બે જીવ અને અજીવ અધિકાર ઉપર થયેલા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના અતીન્દ્રિય આનંદથી તરબોળ એવા કુલ ૩૨ પ્રવચનો અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવેલ છે.

આ સમગ્ર પ્રવચનોનું કોમ્પ્યૂટરાઈઝ્‌ડ ટાઈપસેટીંગ સી.ડી. ઉપરથી અક્ષરશઃ ઉતારવાનું કાર્ય તથા ડીઝાઈનવર્ક **શ્રી નિલેષભાઈ જૈન–ભાવનગર** દ્વારા થયેલ છે તથા સમગ્ર પ્રવચનોને ફરી સાંભળી ચેક કરવાનું કાર્ય આત્માર્થી ભાઈશ્રી **ચેતનભાઈ મહેતા–રાજકોટ** દ્વારા થયેલ છે. જે પ્રવચનો હિન્દીમાં છે તેને ગુજરાતી ભાષામાં રૂપાંતર કરવામાં આવેલા છે. આ કાર્ય બદલ સંસ્થા સર્વનો આભાર માને છે. આ પ્રવચનોમાં કાંઈપણ ક્ષતિ રહી હોય તો તેની ક્ષમા ચાહીએ છીએ.

સમગ્ર પુસ્તકબાઈન્ડીંગ તથા પ્રિન્ટીંગનું કાર્ય શાર્પ ઓફસેટવાળા **ધર્મેશભાઈ શાહ–રાજકોટ** દ્વારા થયેલ હોઈ સંસ્થા તેમનો આભાર માને છે.

આ પુસ્તક **http://www.atmadharma.com** પર મૂકવામાં આવેલ છે.

ટ્રસ્ટીશ્રી

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ –રાજકોટ

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | ગાથા/શ્લોક નં. | પેઈજ નં. |
|---|---|---|---|
| ૦૩૩ | ૦૮-૦૮-૮૦ | ગાથા-૩૮ | ૦૦૧ |
| ૦૩૪ | ૦૯-૦૮-૮૦ | ગાથા-૩૮ | ૦૧૫ |
| ૦૩૫ | ૧૦-૦૮-૮૦ | ગાથા-૩૮ | ૦૨૭ |
| ૦૩૬ | ૧૧-૦૮-૮૦ | ગાથા-૩૮ | ૦૩૯ |
| ૦૩૭ | ૧૨-૦૮-૮૦ | શ્લોક-૫૫. ગાથા-૩૯ | ૦૫૧ |
| ૦૩૮ | ૦૧-૦૪-૬૬ | શ્લોક-૫૫, ગાથા-૩૮ | ૦૬૫ |
| ૦૩૯ | ૦૨-૦૪-૬૬ | શ્લોક-૫૬, ગાથા-૪૦ | ૦૮૦ |
| ૦૩૮ | ૧૩-૦૮-૮૦ | શ્લોક-૫૬, ગાથા-૪૦ | ૦૯૪ |
| ૦૩૯ | ૧૪-૦૮-૮૦ | શ્લોક-૫૮-૫૯, ગાથા-૪૧ | ૧૧૦ |
| ૦૪૦ | ૧૫-૦૮-૮૦ | ગાથા-૪૧ | ૧૨૨ |
| ૦૪૧ | ૧૬-૦૮-૮૦ | ગાથા-૪૧ | ૧૩૬ |
| ૦૪૨ | ૧૭-૦૮-૮૦ | શ્લોક-૫૮-૫૯, ગાથા-૪૧-૪૨ | ૧૪૭ |
| ૦૪૩ | ૧૮-૦૮-૮૦ | ગાથા-૪૨ | ૧૬૩ |
| ૦૪૪ | ૧૯-૦૮-૮૦ | શ્લોક-૬૦-૬૧, ગાથા-૪૩ | ૧૭૪ |
| ૦૪૫ | ૨૦-૦૮-૮૦ | ગાથા-૪૩ | ૧૮૭ |
| ૦૪૬ | ૨૧-૦૮-૮૦ | શ્લોક-૬૨ થી ૬૪ | ૧૯૭ |
| ૦૪૭ | ૨૨-૦૮-૮૦ | શ્લોક-૬૫ થી ૬૮, ગાથા-૪૪ | ૨૧૦ |
| ૦૪૮ | ૨૩-૦૮-૮૦ | ગાથા-૪૪ | ૨૨૪ |
| ૦૪૯ | ૨૪-૦૮-૮૦ | શ્લોક-૬૯, ગાથા-૪૫-૪૬ | ૨૩૪ |
| ૦૫૦ | ૨૫-૦૮-૮૦ | શ્લોક-૭૦, ગાથા-૪૭ | ૨૪૭ |
| ૦૫૧ | ૨૬-૦૮-૮૦ | શ્લોક-૭૧, ગાથા-૪૭-૪૮ | ૨૬૦ |
| ૦૫૨ | ૨૭-૦૮-૮૦ | શ્લોક-૭૨, ગાથા-૪૮ | ૨૭૨ |
| ૦૫૩ | ૩૧-૦૮-૮૦ | ગાથા-૪૯ | ૨૮૪ |
| ૦૫૪ | ૦૧-૦૯-૮૦ | શ્લોક-૭૩, ગાથા-૫૦ | ૨૯૬ |
| ૦૫૫ | ૦૨-૦૯-૮૦ | ગાથા-૫૦ | ૩૦૬ |
| ૦૫૬ | ૦૩-૦૯-૮૦ | ગાથા-૫૦ | ૩૧૮ |
| ૦૫૭ | ૦૪-૦૯-૮૦ | શ્લોક-૭૪, ગાથા-૫૧ | ૩૨૮ |
| ૦૫૮ | ૦૫-૦૯-૮૦ | ગાથા-૫૧ થી ૫૫ | ૩૪૨ |
| ૦૫૯ | ૦૬-૦૯-૮૦ | શ્લોક-૭૫, ગાથા-૫૧ થી ૫૫ | ૩૫૩ |


Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# કારણ કાર્ય નિયમ ભાગ-૨ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિ

| | | |
|---|---|---|
| ૧. | અરવિંદભાઈ વારિયા, જામનગર | ૧૧,૦૦૦ |
| ૨. | ગુણવંતીબેન ભોગીલાલ સંઘવી | ૧૦,૦૦૦ |
| ૩. | મધુબેન જોબાળીયા, હ. શંકરભાઈ | ૧૦,૦૦૦ |
| ૪. | સ્વ. રેવાબેન નાગરદાસભાઈ | ૬,૦૦૦ |
| ૫. | જયાબેન પ્રવિણભાઈ શાહ | ૫,૩૫૦ |
| ૬. | જગદીશભાઈ જમનાદાસભાઈ સંઘવી | ૫,૦૦૦ |
| ૭. | સુંદરજીભાઈ વીરજીભાઈ વારિયા | ૫,૦૦૦ |
| ૮. | ધીરજ શ્રી જૈન (શ્રાવિકાશાળા) | ૫,૦૦૦ |
| ૯. | સ્વ. કિશનલાલ મણિલાલ પારેખ તથા મુક્તાબેન કિશનલાલ પારેખ | ૩,૦૦૦ |
| ૧૦. | મોહનલાલ વી. શાહ, મુંબઈ | ૩,૦૦૦ |
| ૧૧. | ડૉ. મધુરીબેન નંદુ, સોનગઢ | ૩,૦૦૦ |
| ૧૨. | દિનેશભાઈ હંસરાજભાઈ શાહ, ચેન્નાઈ | ૩,૦૦૦ |
| ૧૩. | સ્વ. મધુબેન તથા સ્વ. વિપુલભાઈ દોશી | ૨,૫૦૧ |
| ૧૪. | સુધીરકુમાર વૃજલાલ શાહ | ૨,૫૦૦ |
| ૧૫. | કિશોરીબેન ઉદયકુમાર શેઠ, મુંબઈ | ૨,૦૦૦ |
| ૧૬. | મહેન્દ્રભાઈ સી. કોઠારી | ૧,૦૦૩ |
| ૧૭. | પ્રમિલાબેન એન. તુરખિયા | ૧,૦૦૧ |
| ૧૮. | ડૉ. મગનલાલ ધનજીભાઈ ઉદાણી | ૧,૦૦૧ |
| ૧૯. | સ્વ. ચંચળબેન મગનલાલ ઉદાણી | ૧,૦૦૧ |
| ૨૦. | સ્વ. કુસુમબેન ચીમનલાલ દોમડિયા | ૧,૦૦૧ |
| ૨૧. | સરોજબેન અરવિંદભાઈ પારેખ | ૧,૦૦૧ |
| ૨૨. | શાશ્વત પ્રતિક જૈન, હ. નરેન્દ્રકુમાર જૈન | ૧,૦૦૧ |
| ૨૩. | ડૉ. સુભાષભાઈ અજમેરા | ૧,૦૦૦ |
| ૨૪. | સુરેન્દ્ર હરીલાલ મહેતા | ૧,૦૦૦ |

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



| | | |
|---|---|---|
| ૨૫. | શાંતાબેન પ્રભુલાલભાઈ ધીયા | ૧,૦૦૦ |
| ૨૬. | ચંદ્રિકાબેન રાજેષભાઈ નંદાણી | ૧,૦૦૦ |
| ૨૭. | નિતાબેન પટેલ | ૧,૦૦૦ |
| ૨૮. | અર્થ ધીરેન નંદુ | ૧,૦૦૦ |
| ૨૯. | પ્રભાવતી શાંતીલાલ નંદુ | ૧,૦૦૦ |
| ૩૦. | ચંદ્રવદન ગાંધી (ગોરેગાંવ) | ૧,૦૦૦ |
| ૩૧. | જયશ્રીબેન કિરણભાઈ શાહ | ૧,૦૦૦ |
| ૩૨. | હંસાબેન ડી. દોશી (બેંગલુર) | ૧,૦૦૦ |
| ૩૩. | રામસીંગભાઈ વાઘેલા | ૯૦૧ |
| ૩૪. | પ્રવિણભાઈ કોઠારી, નીરૂબેન ગાંધી | ૬૦૨ |
| ૩૫. | નિરજ સુભાષભાઈ જૈન | ૫૦૧ |
| ૩૬. | અંકિતા કિરીટભાઈ સંઘવી | ૫૦૧ |
| ૩૭. | રમણીકલાલ અવલાણી | ૫૦૧ |
| ૩૮. | પ્રવિણભાઈ હરગોવિંદભાઈ શાહ | ૫૦૧ |
| ૩૯. | શાંતાબેન પ્રાણલાલ મહેતા | ૫૦૦ |
| ૪૦. | મીનાબેન રતીલાલ મહેતા | ૨૫૧ |
| ૪૧. | સ્વ. ધીરજલાલ હીરાલાલ ભાયાણી | ૨૫૧ |
| ૪૨. | ત્રીસાબેન અમીતકુમાર | ૨૦૧ |
| ૪૩. | નાનાલાલ હરીલાલ ગોહિલ | ૧૦૦ |

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરણી)**

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**


સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રથમ તું આત્માને જાણ



## ભગવત્ શ્રી કુંદકુંદાચાર્ય દેવ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

# શ્રી સદ્‌ગુરુદેવ–સ્તુતિ

**(હરિગીત)**

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

**(અનુષ્ટુપ)**

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

**(શિખરિણી)**

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

**(શાર્દૂલવિક્રીડિત)**

હૈયું ‘સત સત, જ્ઞાન જ્ઞાન’ ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.


**(વસંતતિલકા)**

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

**(સ્ત્રગ્ધરા)**

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com



મુનિરાજ શ્રીપદ્મપ્રભમલધારિદેવ


Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

# જિનજીની વાણી

સીમંધર મુખથી ફૂલડાં ખરે,
એની કુંદકુંદ ગૂંથે માળ રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર૦
વાણી ભલી મન લાગે રળી,
જેમાં સાર-સમય શિરતાજ રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર૦
ગૂંથ્યાં પાહુડ ને ગૂંથ્યું પંચાસ્તિ,
ગૂંથ્યું પ્રવચનસાર રે,
જિનજીની વાણી ભલી રે.
ગૂંથ્યું નિયમસાર, ગૂંથ્યું રયણસાર,
ગૂંથ્યો સમયનો સાર રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર૦
સ્યાદ્વાદ કેરી સુવાસે ભરેલો,
જિનજીનો ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે.
વંદું જિનેશ્વર, વંદું હું કુંદકુંદ,
વંદું એ ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર૦
હૈડે હજો, મારા ભાવે હજો,
મારા ધ્યાને હજો જિનવાણ રે,
જિનજીની વાણી ભલી રે.
જિનેશ્વરદેવની વાણીના વાયરા,
વાજો મને દિનરાત રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર૦

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com



परमोपकारी पूज्य गुरुदेव श्री कानजीस्वामी

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

ॐ

परमात्मने नमः।

श्रीमद्‌भगवत्कुंदकुंदाचार्यदेव प्रणीत

શ્રી

# નિયમસાર

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય શ્રી કાનજીસ્વામીના
શ્રી 'નિયમસાર' ઉપર પ્રવચન)

(ભાગ–૨)

– ૩ –

## શુદ્ધભાવ અધિકાર

### ગાથા–૩૮

अथेदानीं शुद्धभावाधिकार उच्यते।

जीवादिबहित्तच्चं हेयमुवादेयमप्पणो अप्पा।
कम्मोपाधिसमुब्भवगुणपज्जाएहिं वदिरित्तो।।३८।।

जीवादिबहिस्तत्त्वं हेयमुपादेयमात्मनः आत्मा।
कर्मोपाधिसमुद्भवगुणपर्यायैर्व्यतिरिक्तः।।३८।।

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



हेयोपादेयतत्त्वस्वरूपाख्यानमेतत्।

जीवादिसप्ततत्त्वजातं परद्रव्यत्वान्न ह्युपादेयम्। आत्मनः सहजवैराग्यप्रासादशिखरशिखामणेः परद्रव्यपराङ्मुखस्य पंचेन्द्रियप्रसरवर्जितगात्रमात्रपरिग्रहस्य परमजिनयोगीश्वरस्य स्वद्रव्यनिशितमतेरुपादेयो ह्यात्मा। औदयिकादिचतुर्णां भावान्तराणामगोचरत्वाद् द्रव्यभावनोकर्मोपाधिसमुपजनितविभावगुणपर्यायरहितः, अनादिनिधनामूर्तातीन्द्रियस्वभावशुद्धसहजपरमपारिणामिकभावस्वभावकारणपरमात्मा ह्यात्मा। अत्यासन्नभव्यजीवानामेवंभूतं निजपरमात्मानमन्तरेण न किंचिदुपादेयमस्तीति।

---

હવે શુદ્ધભાવ અધિકાર કહેવામાં આવે છે.

છે બાહ્યતત્ત્વ જીવાદિ સર્વે હેય, આત્મા ગ્રાહ્ય છે;
—જે કર્મથી ઉત્પન્ન ગુણપર્યાયથી વ્યતિરિક્ત છે. ૩૮.

અન્વયાર્થ :– [ जीवादिबहिस्तत्त्वं ] જીવાદિ બાહ્યતત્ત્વ [ हेयम् ] હેય છે; [ कर्मोपाधिसमुद्भवगुणपर्यायैः ] કર્મોપાધિજનિત ગુણપર્યાયોથી [ व्यतिरिक्तः ] વ્યતિરિક્ત [ आत्मा ] આત્મા [ आत्मनः ] આત્માને [ उपादेयम् ] ઉપાદેય છે.

ટીકા :– આ, હેય અને ઉપાદેય તત્ત્વના સ્વરૂપનું કથન છે.

જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી. સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો જે [1]શિખામણિ છે, પરદ્રવ્યથી જે પરાઙ્મુખ છે, પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેને પરિગ્રહ છે, જે પરમ જિનયોગીશ્વર છે, સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણબુદ્ધિ છે – એવા આત્માને 'આત્મા' ખરેખર ઉપાદેય છે. ઔદયિક આદિ ચાર [2]ભાવાંતરોને અગોચર હોવાથી જે (કારણપરમાત્મા) દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મરૂપ ઉપાધિથી જનિત વિભાવગુણપર્યાયો વિનાનો છે, તથા અનાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિયસ્વભાવવાળો શુદ્ધ-સહજ-પરમ-પારિણામિકભાવ જેનો સ્વભાવ છે–એવો કારણપરમાત્મા તે ખરેખર 'આત્મા' છે. અતિ-આસન્ન ભવ્યજીવોને એવા નિજ પરમાત્મા સિવાય (બીજું) કાંઈ ઉપાદેય નથી.

---

૧. શિખામણિ – ટોચ ઉપરનું રત્ન; ચૂડામણિ; કલગીનું રત્ન.

૨. ભાવાંતરો – અન્ય ભાવો. (ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક – એ ચાર ભાવો પરમપારિણામિકભાવથી અન્ય હોવાને લીધે તેમને ભાવાંતરો કહ્યાં છે. પરમપારિણામિકભાવ જેનો સ્વભાવ છે એવો કારણપરમાત્મા આ ચાર ભાવાંતરોને અગોચર છે.)

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## પ્રવચન નં. ૩૩, ગાથા-૩૮, શુક્રવાર અષાઢ વદ ૧૩, તા.૦૮-૦૮-૧૯૮૦

આ 'નિયમસાર'. 'કુંદકુંદાચાર્ય' કહે છે કે મેં મારી ભાવના માટે બનાવ્યું છે. બીજા ગ્રંથમાં આવો શબ્દ ક્યાંય આવ્યો નથી. 'કુંદકુંદાચાર્ય'. 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમોગણી...' ત્રીજા નંબરે 'મંગલં કુંદકુંદાર્યો' આવે છે. એ 'કુંદકુંદાચાર્ય' કહે છે કે, મેં મારી ભાવના માટે આ 'નિયમસાર' બનાવ્યું છે. આ શુદ્ધભાવ અધિકાર છે. એ શુદ્ધભાવ પર્યાયની વાત નથી. શુદ્ધભાવ ઉપર નામ છે ને? તે શુદ્ધભાવ–શુદ્ધોપયોગની અહીં વાત નથી. અશુભરાગ અને શુભરાગ બંને અશુદ્ધ છે. અને રાગરહિત ચિદાનંદ ભગવાનઆત્માનો ઉપયોગ શુદ્ધ છે. એની વાત અહીંયા નથી. એ શુદ્ધ પર્યાયની વાત છે. આ શુદ્ધભાવ દ્રવ્યની વાત છે. આહાહા..!

વસ્તુ છે વસ્તુ. ભાવવાન. એ શુદ્ધભાવસ્વરૂપ છે. ત્રિકાળ ધ્રુવ. ભાવવાન આત્મા એનો ભાવ શુદ્ધભાવ એ ત્રિકાળ સ્વભાવ છે. આહાહા..! ભાવવાન, ધ્રુવપણું અથવા આત્માપણું જે ત્રિકાળી જ્ઞાયકભાવ, ત્રિકાળી પરમપારિણામિક, જેમાં કોઈ કર્મનો અભાવ અને નિમિત્તની અપેક્ષા નથી, એવો પરમત્રિકાળી સ્વભાવને અહીં શુદ્ધભાવ કહે છે.

'**શુદ્ધભાવ અધિકાર કહેવામાં આવે છે.**' શુદ્ધભાવનો અર્થ આટલો દ્રવ્ય ત્રિકાળી ભગવાનઆત્મા પૂર્ણાનંદથી ભરેલો છે, અને જેમાં ગુણ-ગુણીનો ભેદ પણ નથી. શુદ્ધભાવ અને આત્મા શુદ્ધભાવ ધરનાર એવો ભેદ પણ જેમાં નથી. શુદ્ધભાવ, પવિત્ર ત્રિકાળ ભાવ. આહાહા..! પુણ્ય અને પાપ આદિ ભાવ, તેને તો શાસ્ત્રમાં ચપળ ભાવ કહ્યા છે. ચપળ, ચપળાઈ છે, આકુળતા છે. એનાથી રહિત જે ભાવ છે એ શુદ્ધોપયોગ છે એ તો પર્યાય છે. પણ શુદ્ધોપયોગની પર્યાય કોના આશ્રયે ઉત્પન્ન થાય છે, એનો અધિકાર છે. સમજાણું કાંઈ? શુદ્ધભાવનો અર્થ પહેલા કર્યો. ક્યારેય સાંભળ્યું નથી. શું શુદ્ધભાવ છે. જય ભગવાન. ભક્તિ કરવી, પૂજા કરવી. શેઠ! આ તો શેઠ છે ત્યાં અગ્રેસર છે. નરમ માણસ છે. આ સાંભળવાનો પ્રેમ છે. આ ચીજ કંઈ બીજી છે. પ્રભુ! શું કહીએ? વર્તમાનમાં ચાલતી વાત કરતા કોઈ બીજી જ વાત છે. આહાહા..!

શુદ્ધભાવ. ગાથા.

**जीवादिबहित्तच्चं हेयमुवादेयमप्पणो अप्पा।**
**कम्मोपाधिसमुब्भवगुणपज्जाएहिं वदिरित्तो।।३८।।**

નીચે.

**છે બાહ્યતત્ત્વ જીવાદિ સર્વે હેય, આત્મા ગ્રાહ્ય છે;**
**—જે કર્મથી ઉત્પન્ન ગુણપર્યાયથી વ્યતિરિક્ત છે. ૩૮.**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'ટીકા :– આ, હેય અને ઉપાદેય તત્ત્વના સ્વરૂપનું કથન છે.'** ધર્મીને, સમ્યગ્દષ્ટિને છોડવા લાયક શું છે? અને આદરવા લાયક શું છે? એનું કથન છે. ધર્મની પહેલી સીડી. ધર્મનું પહેલું સોપાન સમ્યગ્દર્શન છે તો સમ્યગ્દર્શનમાં ઉપાદેય શું છે અને હેય શું છે? સમ્યગ્દર્શન છે પર્યાય... આહાહા..! પણ એમાં પર્યાયની સન્મુખતા કઈ ચીજ ઉપર જાય છે અને એ ઉપાદેય કેવું છે. અને એ સિવાય બહિરતત્ત્વ હેય કેવું છે? આવું હેય અને ઉપાદેય તત્ત્વના સ્વરૂપનું કથન છે. એવો સાધારણ શબ્દ લીધો. હવે તેનો અર્થ પણ થોડો બીજી રીતે કરે છે.

**'જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે...'** વાસ્તવમાં હેય છે એમ નથી કહ્યું. પાઠમાં હેય છે. પણ હેય ન કહેતા ઉપાદેય નથી. સમજાણું કાંઈ? શું ઉપાદેય નથી? **'जीवादिबहिस्तत्त्वं'** જીવની વર્તમાન પર્યાય અને સંવર, નિર્જરા અને મોક્ષ, પુણ્ય-પાપ-આસ્રવ અને બંધ એ બધા બહિરતત્ત્વ છે. પર્યાય જે છે, ધર્મની પર્યાય સંવર-નિર્જરાની પર્યાય પણ બહિરતત્ત્વ છે. કેમ કે અંતઃતત્ત્વમાં એ ચીજ પર્યાય નથી. સૂક્ષ્મ વાત છે. અરે..રે..! જીંદગી મળી છે તો સાંભળવું, સમજવું તો પડશે ને, ભાઈ! જીંદગી ચાલી જશે. ક્યાં અવતાર થશે? આહાહા..! આ વસ્તુ જો અંતરમાં સમજવામાં ન આવી, તો એના જન્મનો ક્યાંય પત્તો નહિ લાગે. આહાહા..!

અહીં પરમાત્મા કહેતા હતા એ 'કુંદકુંદાચાર્યે' તેમની ભાવના માટે બનાવ્યું. **'जीवादिबहिस्तत्त्वं'' 'જીવાદિ સાત તત્ત્વો..'** અહીં પુણ્ય-પાપને ભિન્ન નથી લીધા. શુભ-અશુભભાવને આસ્રવમાં ભેળવી (દીધા છે). જીવની વર્તમાન પર્યાય અને પુણ્ય-પાપ એ આસ્રવ, બે. અને સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. એ સાત તત્ત્વો થયા. એ સાત તત્ત્વનો સમૂહ પરદ્રવ્ય છે. આહાહા..! કેવળજ્ઞાનની પર્યાય સ્વદ્રવ્ય જે ભગવાન શુદ્ધભાવ ત્રિકાળ પરમાત્મસ્વરૂપ, પોતાનું પૂર્ણ ભગવત્ સ્વરૂપ. 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન. મતમદિરા કે પાન સો મતવાલા સમજે નહિ.' પોતાના અભિપ્રાયમાં દારૂ પીધેલા, આ સાત તત્ત્વો શું છે એ સમજતા નથી. આહાહા..!

અહીં તો કહે છે કે, આ સાત તત્ત્વમાં સંવર, નિર્જરા અને મોક્ષ પણ આવ્યા. જે 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં 'ટોડરમલજી'એ સંવરને ઉપાદેય કહ્યો છે, નિર્જરાને હિતનું કારણ કહે છે. મોક્ષ પરમહિત છે. એમ કહ્યું છે. એ જ્ઞાનની પ્રધાનતાથી કથન કર્યું છે. અહીં દૃષ્ટિપ્રધાન કથનમાં... આહાહા..! સમ્યગ્દર્શન જે અનંતકાળમાં એક સમયમાત્ર પણ ચીજ શું છે એણે યથાર્થ રુચિથી સાંભળી નથી. **'तत्प्रति प्रीतिचित्तेन येन वार्तापि हि श्रुता'** આહાહા..! ગાથા આવે ને? 'પદ્મનંદિ પંચવિંશતીઃ'ની છે. ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ જેમાં સંવર, નિર્જરા અને મોક્ષ એ પણ પર્યાય છે. તો પર્યાય એ વ્યવહારનો વિષય છે. તો વ્યવહારના વિષયને અહીં પરદ્રવ્ય કહ્યું છે.

પરદ્રવ્ય કેમ કહ્યું? કે જેમ પોતાના સિવાય પરદ્રવ્યમાંથી ધર્મની નવી પર્યાય ઉત્પન્ન

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નથી થતી, એમ સંવર-નિર્જરાની પર્યાયમાંથી ધર્મની શુદ્ધિની નવી પર્યાય ઉત્પન્ન નથી થતી. સૂક્ષ્મ છે, ભાઈ! ધર્મની પર્યાયની શુદ્ધિની વૃદ્ધિ એ પર્યાયમાંથી નથી આવતી. પર્યાયના આશ્રયે નથી આવતી, પર્યાયના લક્ષે નથી આવતી. એ પર્યાય સિવાય ત્રિકાળી ભગવાનઆત્મા, પૂર્ણાનંદનો નાથ પ્રભુ અનંતગુણનો સાગર (એના આશ્રયે શુદ્ધિની પર્યાય પ્રગટ થાય છે). આહાહા..!

અહીંયા તો હજી દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ હેય છે એ કબુલ કરવામાં પાણી ઉતરી જાય છે, પંડિતજી! દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, ભગવાનનો વિનય આદિ, એ બધા ભાવ હેય છે, રાગ છે. હજી એ રાગ હેય છે એ સમજવામાં કઠણ પડે છે. આહાહા..! અહીં તો પરમાત્મા ઇન્દ્રોની વચ્ચે સુધર્મ સ્વર્ગના ઇન્દ્ર એકાવતારી, એકભવતારી છે. શક્રેન્દ્ર ઇન્દ્ર છે. સુધર્મ દેવલોકમાં ૩૨ લાખ વિમાન છે. એક-એક વિમાનમાં ઘણાંમાં અસંખ્ય-અબજ દેવ છે. ૩૨ લાખ વિમાન. એક-એક વિમાનમાં અસંખ્ય-અસંખ્ય દેવ છે. સંખ્યાતા દેવવાળા થોડા છે. સંખ્યાત દેવવાળા છે પણ એ થોડા છે. અસંખ્ય દેવવાળા ઘણાં છે. એવા ૩૨ લાખ વિમાન, એનો સ્વામી, કરોડો અપ્સરાઓ (છે). આહાહા..! શક્રેન્દ્ર છે. સિદ્ધાંતમાં લેખ છે કે એ એકભવતારી છે. ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષે જવાના છે. અને એની એક પટરાણી, રાણી, દેવી છે. એ દેવી ઊપજે ત્યારે તો મિથ્યાત્વ (હોય). સ્ત્રીનું ઉત્પન્ન થવું મિથ્યાત્વથી જ ઉત્પન્ન થાય છે. જ્યાં જ્યાં સ્ત્રી ઉત્પન્ન થઈ એ મિથ્યાત્વ છે માટે સ્ત્રીપણે ઉત્પન્ન થાય છે. એ દેવી ઉત્પન્ન થઈ ત્યારે તો મિથ્યાત્વ હતું. પણ પછી એના સ્વામી ઇન્દ્ર એની સાથે ભગવાનનો જન્મ કલ્યાણક, ગર્ભ કલ્યાણક, કેવળ કલ્યાણક, દીક્ષા કલ્યાણકમાં સાથે જતા હતા, એમાં સાંભળવામાં આવ્યું અને સાંભળીને અંતરમાં ઉતરી ગઈ. દેવી. કરોડો દેવીમાં એની મુખ્ય અધિપતિ. આહાહા..! એ આ જે પર્યાય કહે છે તેની દૃષ્ટિ છોડીને દ્રવ્યદૃષ્ટિમાં ઉતરી ગઈ. અંતઃ અંતઃ આહાહા..!

લોકો કહે છે ને કે પાતાળમાં પાણી ઘણું છે. પાતાળ. પાતાળમાં બહુ પાણી નથી. કેમ કે પાતાળના પાણીમાં નીચે નરકના પાસડા આવે છે. ગમે તેટલા ઊંડા દરિયા-સમુદ્ર હોય, પણ નીચે એક હજાર યોજનનું પહેલી નરકના ઉપરના પાસડા છે. માટે પાતાળમાં પાણી જાઝું નથી. અથવા ચૌદ બ્રહ્માંડમાં પાણીનું ક્ષેત્ર થોડું છે અને જમીનનું ક્ષેત્ર વધારે છે. સમજાણું કાંઈ? આ તો એક વખત અંદર ઘણાં વિચાર આવતા આવતા થયું કે આખા બ્રહ્માંડનો તોલ શું હશે? આખા બ્રહ્માંડના ૩૪૩ રાજૂ, એનો તોલ શું હશે? તોલ એ તો ભગવાન જાણે. બાકી એનું તોલ નામ જ્ઞાનના પ્રમાણમાં એનું માપ આવી જાય છે. સમજાણું કાંઈ? મારે તો બીજું કહેવું છે. એ પાતાળની તો હદ છે. અને આ ભગવાન છે એની પર્યાયની પાછળ પાતાળ ભરેલું છે. ઝીણી વાત છે, પ્રભુ! આહાહા..!

તારી પ્રભુતાનો પાર નથી, પ્રભુ! એવી વાત છે. પણ આ બહારની ચીજોના પ્રપંચમાં,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



બહારના પ્રપંચમાં સુખબુદ્ધિથી તારી સ્વયંની સુખબુદ્ધિ ઉત્પન્ન થતી નથી. બાહ્ય આ પ્રપંચ શરીર, વાણી, દેખાવ, પૈસા, આબરૂ, મકાન એ બાહ્ય બધા પ્રપંચ અને સુખબુદ્ધિના કારણે ભગવાન અંદર શુદ્ધ અતીન્દ્રિય આનંદ સંપન્ન છે, એની સુખબુદ્ધિ થતી નથી. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો બીજુ કહેવું છે. કે એ પાતાળના પાણીની તો હદ છે. આ પાતાળ (ઉપર) આ પર્યાય છે, એને અહીં પરદ્રવ્ય કહ્યું. એ પરદ્રવ્યની નીચે આખો પાતાળ છે. આ શુદ્ધભાવ. આ સાત તત્ત્વ છે એ શુદ્ધભાવ નથી. સંવર-નિર્જરા, મોક્ષ પણ શુદ્ધભાવ નથી. એ પર્યાયનો શુદ્ધભાવ છે. એ શુદ્ધભાવની પર્યાયને તો અહીં પરદ્રવ્ય કહ્યું છે. આહાહા..! આકરી વાત છે, ભગવાન! અરે..! ક્યાં રહેવું? ક્યાં જાવું?

અનાદિઅનંત ભગવાનઆત્મા તો કહે છે કે, પ્રભુ! તારી ચીજ એવી છે કે જેમાં સંવર, નિર્જરા અને મોક્ષને પણ અમે તો પરદ્રવ્ય કહીએ છીએ. કેમ કે એના આશ્રયથી સમ્યગ્દર્શન નથી થતું. ઉત્પન્ન થયું સમ્યગ્દર્શન, પણ સમ્યગ્દર્શનની પર્યાયના આશ્રયથી કેવળજ્ઞાનની પર્યાય ઉત્પન્ન નથી થતી. આહાહા..! સંવરની પર્યાય શુદ્ધિ છે અને નિર્જરાની પર્યાય શુદ્ધિની વૃદ્ધિ છે અને મોક્ષની પર્યાય શુદ્ધિની પૂર્ણતા છે. પણ એ ત્રણે પર્યાય પર્યાયથી ઉત્પન્ન નથી થતી. આહાહા..! શેઠ! આ કદી સાંભળ્યું જ નથી. બહુ આકરી (વાત) ભગવાન! આહાહા..! બહારની પ્રવૃત્તિમાં આમ કર્યું.. આમ કર્યું... ગજરથ કાઢ્યો, રથયાત્રા કાઢી, ભગવાનની પ્રતિમા હજારો સ્થાપી તો જાણે થઈ ગયો ધર્મ. શુભભાવ થાય છે. જ્યાં સુધી વીતરાગતા ન થાય ત્યાં સુધી સમકિતીને પણ અશુભથી બચવા શુભભાવ થાય છે. પણ એ બંધનું કારણ છે.

અહીં તો એનાથી પણ આગળ જઈને... આહાહા..! પ્રભુ! દ્રવ્ય અને પર્યાય બે વસ્તુ છે. દ્રવ્ય એટલે ત્રિકાળી વસ્તુ એટલે આ શુદ્ધભાવ અને પર્યાય. બે ચીજમાં પર્યાયને વ્યવહારનય કહ્યું અને ત્રિકાળને નિશ્ચય કહ્યું. પર્યાયને વ્યવહારનય કહીને પરદ્રવ્ય કહ્યું. તો કહે છે, ટીકાકારે પરદ્રવ્ય ક્યાંથી કાઢ્યું? પાઠમાં તો એમ નથી. '**जीवादिबहिस्तत्त्वं**' એટલું છે. તો ૫૦મી ગાથામાં પરદ્રવ્ય 'કુંદકુંદાચાર્યે' કહ્યું છે. ૫૦મી ગાથામાં. એ ટીકાકાર પણ પોતાની શૈલી કરે છે. '**परदव्वं परसहावमिदि हेयं।**' એવા ત્રણ બોલ છે. ૫૦ ગાથા જુઓ. પર્યાય છે એ પરદ્રવ્ય છે, પરભાવ છે અને હેય છે. ત્રણ બોલ છે. સમજાણું કાંઈ? આહાહા..! સંસાર આડે એને નિવૃત્તિ મળે નહિ. એમાં પૈસા કાંઈક કરોડ, બે કરોડ, પાંચ કરોડ થાય તો આહાહા..! એમાં ઘૂંચવાઈ ગયો. પ્રભુ! એની સંખ્યા કરતા અનંતગુણા તારામાં ધર્મ, ગુણ છે. જેને અહીંયા શુદ્ધભાવ કહે છે એ દ્રવ્ય સ્વભાવ, એના ગુણની સંખ્યાનો પાર નથી. અંત નથી કે આ છેલ્લો અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત.. અનંત... તો એ અનંત અનંતના અનંતનો આ છેલ્લો ગુણ છે. એવી વાત આત્મામાં છે જ નહિ. સમજાણું કાંઈ? શું કીધું?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આત્મામાં ગુણની એટલી સંખ્યા છે. પર્યાયથી ભિન્ન દ્રવ્ય અંદર છે. પર્યાય અંતર્મુખ જોવે છે તો પાતાળ એના હાથમાં આવે છે. પણ એ પાતાળ પૂરું પાતાળ હોતું નથી. છતાં પત્તો લાગી જાય છે. શું કીધું? આહાહા..! સંવર-નિર્જરાની, મોક્ષમાર્ગની પોતાની પર્યાય જે છે, એ મોક્ષમાર્ગની પર્યાયને પણ અહીં પરદ્રવ્ય કીધી છે. આહાહા..! કેમ કે એ પર્યાય છે. એ પર્યાય છે તેની મુદ્દત એક સમયની છે અને ભગવાન અંદર ત્રિકાળી આનંદનો કંદ છે.

સિદ્ધાંતમાં તો એવો એક શબ્દ આવ્યો છે કે નિરંતર વર્તમાન. આહાહા..! ત્રિકાળી વસ્તુ નિરંતર વર્તમાન. ભવિષ્યમાં રહેશે એમ નહિ, અહીં તો નિરંતર વર્તમાન છે. પાછળ વિશેષ કથન કરે તો ત્રિકાળી પણ કહેવામાં આવે છે. આહાહા..! આ દેહમાં ભગવાનઆત્મા નિરંતર વર્તમાન, નિરંતર ધ્રુવ, નિરંતર વર્તમાન ધ્રુવ છે. આ શુદ્ધભાવ. એ વર્તમાનમાં શુદ્ધભાવ છે. ત્રિકાળ રહે છે માટે શુદ્ધભાવ છે એમ નહિ પણ અહીં તો વર્તમાન જ શુદ્ધભાવ છે, વર્તમાનમાં જ ધ્રુવ છે. આહાહા..! ઝીણી વાત છે.

અહીં કહે છે કે **'જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ...'** એના ઘરનું નથી કહ્યું. ૫૦મી ગાથામાં. અને 'સમયસાર'માં પણ આવે છે. 'સમયસાર'માં કળશમાં આવે છે. **'परद्रव्यम् समग्रं हेयम्'** એ બધી પર્યાયાદિ પરદ્રવ્ય છે. આહાહા..! એક કોર રામ અને એક કોર ગામ. એક સમયની પર્યાયને રામ કહીએ તો પ્રભુ ત્રિકાળીને આખું ગામ કહીએ. પૂર્ણાનંદનો નાથ, જેના ગુણની સંખ્યાનો પાર નથી. આહાહા..! અહીં તો અબજને અબજ કમાણો. એ તો હવે હમણાં અબજ સુધી કહે છે. અમારા વખતમાં તો અબજ પછી પણ લેતા. ખર્વ, નિખર્વ, મહાપદ્મ એવી સંખ્યા હતી. જેમ સો કરોડના અબજ, એવા સો અબજના ખર્વ, અને સો ખર્વના નિખર્વ. .... એવા અઢાર બોલ હતા. અમારા વખતમાં. અત્યારે તો અબજ સુધી છે. આ તો ૭૦ વર્ષ, ૮૦ વર્ષ પહેલાની વાત છે. ૯-૧૦ વર્ષની ઉંમરમાં ભણ્યા હતા. અત્યારે તો ૯૦ થયા. આહાહા..! તો એ સંખ્યાની પણ હદ છે. સમજાણું કાંઈ? અબજ પછી ખર્વ, નિખર્વ આદિ અઢાર છે. તો પણ એની મર્યાદા–હદ છે. આત્માના ગુણની જે સંખ્યા છે એની તો મર્યાદાની હદ જ નથી. આહા..! એટલી સંખ્યાનું પૂર, ચૈતન્યના નૂરના તેજનું પૂર, આ અતીન્દ્રિય આનંદના સાગરના જળથી ભર્યો પડ્યો, પ્રભુ! આહાહા..! એ શુદ્ધભાવની અપેક્ષાથી સંવર-નિર્જરા-મોક્ષને પણ પરદ્રવ્ય કહેવામાં આવે છે. આહાહા..!

અરે..રે..! સત્ય વાત કાને પડે નહિ, એ સત્ય વાત ક્યારે સમજે? અરે..! મનુષ્યપણું ચાલ્યું જાય છે, ભાઈ! સમય સમય, મિનિટ, દિવસ જાય છે. એ જે મૃત્યુનો સમય છે એ તો નક્કી છે. જેટલા દિવસ જાય છે એ મૃત્યુની સમીપ જાય છે. સમજાણું કાંઈ? દેહને છૂટવાનો નિશ્ચિત સમય છે. એમાં કાંઈ આગળ-પાછળ નથી થતું. તો એ સમયમાં જેટલા દિવસ જાય છે એ દેહ છૂટવાની સમીપમાં જાય છે. આહાહા..! એમાં જો આત્મા પરથી ભિન્ન છે એવું સમ્યગ્દર્શન ન કર્યું.... આહાહા..! તો પ્રભુ! તારા ભવનો અંત ક્યાંથી આવશે?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અને પહેલા તો હજી શ્રદ્ધાના ઠેકાણાં નથી. દયા, દાન, વ્રત, ભક્તિ કરતા-કરતા કલ્યાણ થશે. એ તો મિથ્યાત્વ છે.

અહીંયા તો પર્યાયના આશ્રયથી કલ્યાણ થશે એમ પણ નથી. સંવર-નિર્જરા પર્યાય છે તો કલ્યાણરૂપ. કલ્યાણરૂપ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ એ છે તો ત્રણે કલ્યાણરૂપ અને શ્રાવકને તો એ ત્રણે કહ્યા છે. સમ્યગ્દૃષ્ટિ શ્રાવક છે એને પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ કહ્યું છે. આ 'નિયમસાર'માં 'ભક્તિ અધિકાર'માં દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે કહ્યું છે. પણ એના પહેલા દર્શનશુદ્ધિ. પડિમાના અગિયાર બોલ છે ને? એમાં દર્શનશુદ્ધિ પહેલો બોલ. તો એ દર્શનશુદ્ધિ એ ચોથા ગુણસ્થાનની વાત નથી. પાંચમા ગુણસ્થાનની વાત છે. દર્શનશુદ્ધિ, વ્રત એવી અગિયાર પડિમા છે ને? તો એ દર્શનશુદ્ધિ ચોથા ગુણસ્થાનની વાત નથી. અગિયાર પડિમામાં પહેલી પડિમા છે. છે તો પંચમ ગુણસ્થાનની વાત પણ વ્રત નિરતિચાર નથી એ કારણે વ્રત પડિમા નથી કહ્યાં. મારે તો બીજું કહેવું છે, એ દર્શન પડિમાવાળાને પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે કહ્યું છે. આહાહા..! પાછળ અધિકાર છે ને? ભક્તિનો અધિકાર છે. ભક્તિ-ભક્તિ. આ લ્યો ભક્તિ અધિકાર આવ્યો, હોં! ભક્તિ. આ તો હિન્દી છે ને? અમારા ગુજરાતીમાં બધું લખ્યું છે. જુઓ! પહેલી ગાથા ૧૩૪માં છે. હિન્દી પ્રતમાં ૨૬૯ પાનું છે. જુઓ!

**'રત્નત્રયની ભક્તિ કરે છે. તે પરમ શ્રાવકો અને પરમ તપોધનોને જિનવરોએ કહેલી નિર્વાણભક્તિ—...'** એમાં ચારિત્ર લીધું છે. સમજાણું? શુદ્ધ રત્નત્રયની ભક્તિ કરે છે. એમાં છે? શુદ્ધ રત્નત્રય. પંચમ ગુણસ્થાનવાળાને રત્નત્રય કહ્યું. પહેલી ગાથા ૧૩૪. ટીકા છે. પાછળ ચારિત્ર કહ્યું છે. પણ એ અહીં નથી લીધું. આહાહા..! એ ચારિત્ર પંચમ ગુણસ્થાનમાં પણ કહ્યું છે. મારે એમ કહેવું છે. શું કહ્યું?

કોઈ એમ કહે કે શ્રાવકને ચારિત્ર નથી હોતું. શ્રાવકને માત્ર દર્શન અને જ્ઞાન જ હોય છે. સમ્યગ્દૃષ્ટિ શ્રાવક છે અને પંચમ ગુણસ્થાનમાં છે, તેને અહીંયા.. પાઠ જુઓ પાઠ. મૂળ પાઠ. **'कुणइ सावगो समणो।'** ગાથા છે ? **'सम्मत्तणाणचरणे जो भत्ति कुणइ सावगो समणो। तस्स दु णिव्वुदिभत्ती...'** શ્રાવક પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણની ભક્તિ એટલે પરિણમન કરે છે. ભક્તિ એટલે વિકલ્પ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ૧૩૪મી ગાથા છે. **'कुणइ सावगो समणो।' 'सम्मत्तणाणचरणे जो भत्ति कुणइ सावगो समणो।'** શ્રાવકને પણ સમ્યગ્દર્શ-જ્ઞાન-ચારિત્રની પરિણતિ છે, એ ભક્તિ છે. સિદ્ધની ભક્તિ કરવી એ તો વ્યવહારનયમાં ગયું. એ બીજી ગાથામાં છે. કેમ કે એ તો વિકલ્પ છે. આહાહા..! અહીં તો પંચમ ગુણસ્થાનને પણ દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે કહેવામાં આવ્યું છે. અહીં તો કહે છે કે નહિ, નહિ પંચમ ગુણસ્થાનમાં શુદ્ધોપયોગ નથી હોતો. શુદ્ધોપયોગ તો મુનિને જ હોય છે. પાઠમાં એમ છે. પણ એ તો મુનિનો શુદ્ધોપયોગ છે એ દશા જેવો શુદ્ધોપયોગ શ્રાવકને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નથી હોતો (એમ કહેવું છે). સમજાણું કાંઈ? શુદ્ધોપયોગ નથી હોતો એમ નહિ. કેમ કે સમ્યગ્દર્શન થાય છે એ શુદ્ધોપયોગની ભૂમિકામાં જ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

'દ્રવ્યસંગ્રહ' ની ૪૭ ગાથા છે. ૪૭. **'दुवहिं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा।'** એવો પાઠ છે. નિશ્ચયમોક્ષમાર્ગ અને વ્યવહારમોક્ષમાર્ગ **'दुवहिं पि मोक्खहेउं'** બે પ્રકારના મોક્ષનો હેતુ **'झाणे पाउणदि जं मुणी णियमा।'** ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. એમ કોઈ વિકલ્પની દશામાં અને આમ ને આમ મોક્ષમાર્ગ નથી થતો. આહાહા..! અંતરમાં સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે, એનું ધ્યાન લગાવી દીધું, ધ્યેય બનાવીને ધ્યાન લગાવ્યું, એ ધ્યાનમાં નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રાપ્ત થાય છે. અને સાથે જરી રાગ રહે છે, તેને વ્યવહાર મોક્ષમાર્ગનો આરોપ આપીને વ્યવહાર કહ્યો. છે તો રાગ. ''**दुवहिं पि**' છે ને? ''**दुवहिं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा।**'' ૪૭મી ગાથા છે. ૪૭ એટલે શું? ચાર અને સાત. હિન્દી ભાષા બધી નથી આવડતી. આહાહા..!

અહીં કહે છે કે શ્રાવકને પણ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે એ બહિરતત્ત્વ છે. આહાહા..! એણે તો સાંભળ્યું પણ ન હોય કે આ તે ચીજ શું છે. એ અહીં કહે છે. સાંભળ તો ખરો પ્રભુ! તારી અંદર એટલી મોટી ચીજ પડી છે કે એની મોટપ આગળ દુનિયામાં બીજી કોઈ મોટપ નથી. સિદ્ધની પર્યાયની પણ એની પાસે મોટપ નથી, મહિમા નથી. એવો ભગવાનઆત્મા, વર્તમાન-વર્તમાન ધ્રુવ નિત્યાનંદ, પ્રભુ! અનંતગુણના સમુદાયનો એક પિંડ, પ્રભુ! તેને અહીં દ્રવ્ય અથવા શુદ્ધભાવ કહે છે. એ દ્રવ્યની અપેક્ષાથી સંવર, નિર્જરા અને મોક્ષનો માર્ગ પણ પરદ્રવ્ય કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

ખુબી શું છે? કે પાઠમાં તો ટુંકા શબ્દ છે માટે હેય ઉપાદેય કહ્યું કે સાત તત્ત્વ છે એ હેય છે. સંવર-નિર્જરા અને મોક્ષ પણ હેય છે. સમજાણું કાંઈ? **'જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ...'** આવ્યું ને? **'પરદ્રવ્ય હોવાને લીધે...'** પાઠમાં હેય કહ્યું. ટીકાકાર એમ કહે છે કે **'ખરેખર ઉપાદેય નથી.'** એમ લીધું. પાઠમાં હેય છે એમ ન લેતા, સાત તત્ત્વ ઉપાદેય નથી એમ કહ્યું છે. સમજાણું કાંઈ? માર્ગ બાપા! પરમાત્મા જિનેશ્વરદેવનો માર્ગ કોઈ અલૌકિક છે. લોકો તો આ બહારમાં વ્રત લીધા, તપ કર્યું, જંગલમાં રહેવું, નગ્ન રહેવું, આવી ક્રિયા, આવા પરિષહ સહન કરવા એ બધો ધર્મ છે. એ ધર્મ-ફર્મ નથી. આહાહા..! લોકરંજનનો ધર્મ બતાવીને લોકોનું રંજન થઈ જાય છે. આ તો આકરી વાત છે.

અહીંયા તો **'જીવાદિ સાત તત્ત્વો...'** એટલે જીવની એક સમયની પર્યાય, અજીવનું જ્ઞાન. અજીવનું જ્ઞાન. અજીવ તો પર છે. આસ્રવ–પુણ્ય-પાપ, બંધ–રાગમાં રોકાઈ જવું, સંવર–શુદ્ધિની ઉત્પત્તિ, નિર્જરા–શુદ્ધિની વૃદ્ધિ, મોક્ષ–શુદ્ધિની પૂર્ણતા એ સાત તત્ત્વ છે. એ **'સાતેય તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે...'** આહાહા..! આત્મા સિવાય બીજા અનંત પરદ્રવ્ય છે એ તો હેય છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ત્રિલોકનાથ તીર્થંકરદેવ 'અષ્ટપાહુડ'માં 'મોક્ષપાહુડ'ની ૧૬મી ગાથામાં એમ ફરમાવે છે, કે **'परदव्वाओ दुग्गइ'** પ્રભુ એમ કહે છે કે અમારી બાજુ તારું લક્ષ થશે તો તને રાગ થશે. એ તારી દુર્ગતિ છે. એ ચૈતન્યની ગતિ નથી. આહાહા..! સમજાણું કાંઈ? 'અષ્ટ પાહુડ'માં 'મોક્ષપાહુડ'ની ૧૬મી ગાથા. ''**परदव्वाओ दुग्गइ**'' તીર્થંકર કહે છે કે અમે તો તારા દ્રવ્યથી પરદ્રવ્ય છીએ. તો પરદ્રવ્ય દુર્ગતિ છે. અમારી બાજુ તારું લક્ષ જશે તો તને રાગ જ ઉત્પન્ન થશે. રાગ એ ચૈતન્યની ગતિ નથી, એ તો દુર્ગતિ છે. અર..ર..! આહાહા..! 'ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં...' કરે એ તો રાગ છે.

અહીંયા તો સંવર અને નિર્જરા જે રાગરહિત દશા છે એ આત્મદ્રવ્યના આશ્રયે ઉત્પન્ન થઈ છે. સંવર-નિર્જરા અને મોક્ષ એ ત્રણ અને ચારને સાથે મેળવીને. જીવ, અજીવ, આસ્રવ, અને બંધ, એ ચારને મેળવીને અને સંવર-નિર્જરા, મોક્ષ ત્રણ એટલે સાત, એ સાતેયને મેળવીને પરદ્રવ્ય કહ્યું છે. સમજાણું કાંઈ? અંદર છે ને? આહાહા..! અહીં તો હજી લોકો આ દયા કરે, વ્રત કરે, અપવાસ કરે, મહિના-મહિના, પંદર-પંદર દિવસના પાણી વગરના અપવાસ કરે ત્યારે ઓહોહો..! ઘણી તપસ્યા કરી. અરે...! ધૂળેય નથી. લંઘન છે. તપ તો એને કહીએ કે જેને પોતાની શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિનો–સ્વદ્રવ્યનો અનુભવ થયો, પરદ્રવ્યને હેય જાણીને, પછી સ્વદ્રવ્યમાં લીનતા થવી એ ચારિત્ર છે. અને ચારિત્રમાં ઉગ્રતા પુરુષાર્થથી વિશેષ ઉગ્રતા થવી એ તપ છે. આહાહા..! વ્યાખ્યા પણ જુદી.

એ પણ અહીંયા તો કહે છે, કે ભાવતપ છે. શુદ્ધિની વૃદ્ધિ થાય છે એ પણ પરદ્રવ્ય છે. આહાહા..! **'પરદ્રવ્ય હોવાને લીધે...'** પાછું કારણ આપ્યું. એ ઉપાદેય કેમ નથી? આદરણીય કેમ નથી? કે એ પરદ્રવ્ય છે તેથી ઉપાદેય (નથી), **'ખરેખર ઉપાદેય નથી.'** ખરેખર તે. વાસ્તવ એટલે ખરેખર. સમજાણું કાંઈ? આહાહા..! **'जीवादिसप्ततत्त्वजातं परद्रव्यत्वान्न ह्युपादेयम्'** આહાહા..! ખરેખર ઉપાદેય નથી એમ આવ્યું ને? **'परद्रव्यत्वान्न ह्युपादेयम्'** આહાહા..! હજી તો પુણ્યના પરિણામ કરવામાંથી નિવૃત્તિ મળે નહિ. આહાહા..! સંસારના પાપ, આખો દિ' ધંધા-પાણી, બાયડી, છોકરા, આખો દિ' પાપ... આહાહા..! પરદ્રવ્યનીપ્રવૃત્તિમાં તો એકલું પાપ છે. હવે પાપમાંથી નિવૃત્તિ લઈને જેને પુણ્ય પણ નથી થતું એને તો આ વાત રુચતી નથી. અહીં તો પુણ્યમાંથી નીકળીને આત્માના આશ્રયથી શુદ્ધિનું, આનંદનું વેદન થયું, અતીન્દ્રિય આનંદનું વેદન થયું, અતીન્દ્રિય આનંદ મોક્ષમાર્ગનો અર્થ? અતીન્દ્રિય આનંદનું વેદન, તેનો મોક્ષમાર્ગ... છે. આહાહા..!

કેમ કે ભગવાન અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. આત્મા અતીન્દ્રિય આનંદથી ઠસોઠસ ભરેલો છે. આહાહા..! એ અતીન્દ્રિય આનંદનો આશ્રય કરીને, જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો એને પણ અહીંયા તો પરદ્રવ્ય કહ્યું છે. આહાહા..! પૂર્ણ નથી ને. એક સમયની પર્યાય છે. કેવળજ્ઞાન પણ એક સમયની પર્યાય છે. કેવળજ્ઞાન એ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સાદિ અનંતની પર્યાય નથી. રહે છે સાદિ અનંત. પણ એક સમયની પર્યાય છે. બીજા સમયે બીજું કેવળજ્ઞાન, ત્રીજા સમયે ત્રીજું કેવળજ્ઞાન. આહાહા..! કેવળજ્ઞાન પર્યાય છે, ગુણ નથી. આહાહા..!

ઓલામાં ગયા હતા ને શું કહેવાય? જાત્રાનું સ્થળ. 'મથુરા' 'મથુરા'માં બધા પંડિતો બેઠા હતા અને આ વ્યાખ્યા થઈ કે કેવળજ્ઞાન પણ પર્યાય છે, ગુણ નથી. ત્યાં તો ખળભળાટ થઈ ગયો. આ શું કહે છે? ભગવાનનું કેવળજ્ઞાન એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક દેખે એ પર્યાય? પર્યાય છે. પ્રગટ થઈ છે એ પર્યાય છે. ધ્રુવ-ધ્રુવ એ પ્રગટ થતું નથી અને ધ્રુવ આવરણમાં નથી આવતું. ત્રિકાળી ભગવાન ધ્રુવ પ્રગટ થતો નથી અને એને આવરણ નથી. સકળનિરાવરણ પરમાત્મા ત્રિકાળી આત્મા. આહાહા..! એ..! 'ડાહ્યાભાઈ'! આવી વાતું છે.

આવે છે ને ૩૨૦ ગાથા? પાછળથી લેશે કદાચ. ૩૨૦ કીધી છે. ત્યાં પાછળ આવ્યું છે. જે સકળનિરાવરણ. દ્રવ્ય સ્વભાવ છે એ તો સકળનિરાવરણ છે. અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય–પ્રત્યક્ષ થનાર, અવિનશ્વર શુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણ નિજપરમાત્મતત્ત્વ દ્રવ્ય, નિજ પરમાત્મ દ્રવ્ય, એ જ ઉપાદેય છે. આહાહા..! ધર્મી નિજ પરમાત્મ દ્રવ્યનું ધ્યાન કરે છે. ખંડ-ખંડ જ્ઞાનનું ધ્યાન નથી કરતો. ભાઈ! એમાં આવે છે. આમાં છે.

જે સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય છે. પર્યાય તેનું ધ્યાન કરે છે. પર્યાય એને માને છે. પર્યાય એમ માનતી નથી કે હું પર્યાય છું. પર્યાય એમ માને છે કે જે સકળનિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય, અવિનશ્વર શુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણ નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું. નિજપરમાત્મદ્રવ્ય તે હું છું. આહાહા..! સમજાણું કાંઈ? પર્યાય એમ જાણે છે કે જે સકળનિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય અવિનશ્વર શુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણ નિજપરમાત્મદ્રવ્ય તે હું છું. તે આ શુદ્ધભાવ. આહાહા..! આમાં એક કલાકમાં બધું શી રીતે યાદ રાખવું? ભગવાન! બાપુ! અલૌકિક માર્ગ છે આ તો. આવી ચીજ બીજે ક્યાંય નથી. કોઈ સંપ્રદાયમાં નથી. શ્વેતાંબરમાં નથી તો પછી બીજે તો ક્યાંથી હોય? આહાહા..! સાંભળવું મુશ્કેલ પડે.

કેવળજ્ઞાન પરદ્રવ્ય! કહે હા. કેમ કે એક સમય રહે છે અને પ્રભુ તો ત્રિકાળ છે. વર્તમાન... વર્તમાન.. વર્તમાન.. વર્તમાન... ત્રિકાળ ધ્રુવ છે. એ ત્રિકાળીને અહીંયા શુદ્ધભાવ કહ્યો છે. એ શુદ્ધભાવની અપેક્ષાથી વર્તમાન પર્યાય જે સાથે છે એ ઉપાદેય નથી. એ સંવર, નિર્જરા અને મોક્ષ ઉપાદેય નથી. આહાહા..! કેમ કે એના આશ્રયે તો વિકલ્પ ઉત્પન્ન થાય છે. અંતરના આશ્રયથી મોક્ષમાર્ગ ઉત્પન્ન થયો. પણ મોક્ષમાર્ગની પર્યાયનો આશ્રય કરે તો રાગ ઉત્પન્ન થાય છે. પર્યાયના આશ્રયથી તો રાગ થાય છે. ત્રિકાળી ભગવાન એક સમયમાં પૂર્ણાનંદનો નાથ... આહાહા..! સમજાણું કાંઈ?

ક્રમબદ્ધમાં આવ્યું છે ને? જે સમયે મોક્ષ થાય છે એ સમયે જ થાય છે. એકવાર

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અમારે એક પ્રશ્ન થયો હતો. આ તો 'રૂપચંદજી' લક્ષમાં આવ્યા. 'રૂપચંદજી'. ત્યાં 'ધ્યાનવિજય' છે ને? કયું ગામ કીધું? 'ગજપંથા'માં અમે ગયા હતા. ત્યાં શ્વેતાંબરના 'ધ્યાનવિજય' હતા ને? એણે અમારી વાત સાંભળીને શ્વેતાંબરપણું છોડી દીધું. 'ધ્યાનવિજય' હતા. સોની હતા. કેવા? પરાજીયા સોની. અહીંનું વાંચીને ઘણી વાત કરતા હતા. પછી અમે ત્યાં ગયા તો અમને ઉઠબેસ કરીને પગે લાગ્યા. મેં કીધું શું થયું? આ બોલો છો તો શું છે? તો બપોરે જવાનું હતું. અમે ત્યાં ગયા. ઓરડી બંધ હતી. ઓરડી ખોલી, અમારા દર્શન કર્યા પછી બેઠા. મેં પૂછ્યું. કીધું 'પ્રવચનસાર'માં એમ આવ્યું છે કે કાળે મોક્ષ અને અકાળે મોક્ષ એવો પાઠ આવ્યો છે. આમાં તમારું ક્રમબદ્ધ ક્યાં રહ્યું? ક્રમબદ્ધ એમ તો નહોતું પૂછ્યું. પણ કાળે મોક્ષ છે અને અકાળે મોક્ષ છે. તો કાળે મોક્ષ છે એ તો ૪૭ નય ના પાડે છે. 'રૂપચંદજી' સાથે હતા. ચાર-પાંચ જણા હતા. 'ગજપંથા'. 'નાસિક-નાસિક'?

ત્યાં એમ પાઠ કહ્યો છે કે જે સમયે મોક્ષ થશે એ કાળનય. અને બીજો અકાળનય પણ લીધો છે. તો એ કાળે મોક્ષ થાય છે એમ નહિ, અકાળે પણ મોક્ષ થાય છે. આ પાઠમાં લીધું છે તો એનો અર્થ શું? ૪૭ નય 'પ્રવચનસાર'. તો એ સમજી ગયા કે હું કહીશ તો મારી વાત (સાચી) નહિ પડે. કહ્યું, મેં વિચાર કર્યો નથી. એમ કહીને છોડી દીધું. મેં વિચાર કર્યો નથી.

એ કાળે મોક્ષ અને અકાળે મોક્ષ બન્ને એક સમયમાં છે. અકાળનો અર્થ કે સ્વભાવ, પુરુષાર્થ એ લેવાનું છે. કાળ તો એ જ સમય છે. પણ એ સમયમાં પુરુષાર્થ અને સ્વભાવ આદિ છે એને અકાળ કહેવામાં આવે છે. આહાહા..! કાળે મોક્ષ અને અકાળે મોક્ષ! પણ સમય તો એ જ છે. આહાહા..! માત્ર અકાળે કહેવાનો આશય એટલો કે કાળ સિવાય સ્વભાવ, પુરુષાર્થ, ભવિતવ્યતા, નિમિત્તનો અભાવ એ પાંચે સમવાય એક સાથે છે તેને અકાળ કહેવામાં આવ્યું છે. આહાહા..! પહેલી જાત્રા નીકળી હતી ને? (સંવત) ૨૦૧૩ની સાલની વાત છે. ૨૨ વર્ષ પહેલા. લોકો વિચાર કર્યા વગર આમ ને આમ ગાડા હાંક્યે રાખે. કાંઈ ખબર પણ નહિ.

અહીં કહે છે... આહાહા..! કાળે મોક્ષ થાય છે એ પર્યાયને પણ પરદ્રવ્ય કહેવામાં આવ્યું છે. એક ભગવાનઆત્મા એક સમયમાં (ત્રિકાળ છે). આ પર્યાય છે એ એક સમયની સ્થિતિ છે, અને આ એક સમયમાં ત્રિકાળ છે, ધ્રુવ છે. એક સમયમાં વર્તમાન ધ્રુવ છે. આહાહા..! એ જ ઉપાદેય છે. સમ્યગ્દષ્ટિને એ જ આદરણીય છે.

મુમુક્ષુ :– આશ્રય કરવાલાયક..

ઉત્તર :– આશ્રય કરવાલાયક છે. એ જ આદરણીય ઉપાદેય છે. અહીં ઉપાદેય શબ્દ લીધો છે. આશ્રય કરવાલાયક એટલે ઉપાદેય કરવાલાયક. સમજાણું કાંઈ?

**'જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે...'** પરદ્રવ્ય હોવાને લીધે. દલીલ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સહિત, ન્યાયસહિત (વાત છે). **'ખરેખર ઉપાદેય નથી.'** ખરેખર એ સાત તત્ત્વ છે... આહાહા..! એ આશ્રય કરવાલાયક નથી. ત્યાં લક્ષ કરવાલાયક નથી. જ્ઞાન થાય પણ આશ્રય કરવાથી લાભ થાય એમ નથી. આહાહા..! છે એનું જ્ઞાન કરવું. જ્ઞાનમાં જાણવામાં આવે છે. પણ એ આશ્રય કરવા લાયક ઉપાદેય નથી. આહાહા..! જો તમે સાત તત્ત્વને ઉપાદેય માનો તો ભગવાન ત્રિકાળ છે એને હેય માન્યો. અને પોતાના આત્માને... 'પરમાત્મપ્રકાશ'માં શબ્દ છે. રાગાદિને ઉપાદેય માન્યો તેને આત્મા હેય થઈ ગયો. અહીંયા કહે જે સાત તત્ત્વને ઉપાદેય માને, તો ત્રિકાળી દ્રવ્ય તો લક્ષમાં રહ્યું નહિ. દ્રવ્યનો દૃષ્ટિમાંથી અભાવ થઈ ગયો. આહાહા..! આવી વાત સાંભળવામાં મુશ્કેલ પડે. એવો માર્ગ છે પ્રભુનો. આહાહા..! ત્રણલોકના નાથ તીર્થંકરદેવ, જિનેશ્વર પરમાત્માનો આ હુકમ છે. એનો આ માર્ગ છે, પ્રભુ! આ કોઈ પક્ષ નથી, આ કોઈ વાડો નથી. આહાહા..! એ ઉપાદેય નથી. આહાહા..! ત્યારે ઉપાદેય કોણ છે? એ કહે છે.

**'સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો જે શિખામણી છે,...'** પોતે મુનિ કહે છે. મુનિપણું કેવું છે? **'સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો જે શિખામણી છે,..'** વૈરાગ્ય કોને કહે છે? દુકાન, ધંધો, વેપાર છોડી દીધો, બ્રહ્મચર્ય લઈ લીધું એટલે વૈરાગ્ય થઈ ગયો એમ નથી. વૈરાગ્ય કોને કહે છે? કે પોતાની પૂર્ણ વસ્તુની પ્રતીતિના અસ્તિત્વની શ્રદ્ધા અને પુણ્ય-પાપના ભાવથી વિરક્ત થવું એનું નામ વૈરાગ્ય છે. સમજાણું કાંઈ? એ 'સમયસાર'માં પુણ્ય-પાપ અધિકારમાં છે. પુણ્ય-પાપના શુભાશુભભાવ છે એ રાગ છે. એનાથી વિરક્ત થવું એ વૈરાગ્ય છે. પણ માત્ર વૈરાગ્ય નહિ, પોતાના શુદ્ધ પૂર્ણ તત્ત્વની પ્રતીતિ અને પુણ્ય-પાપથી હટીને વૈરાગ્ય, એ જ્ઞાન અને વૈરાગ્ય બે શક્તિ ધર્મીની સાથે છે. આહાહા..! સમજાણું કાંઈ?

ધર્મીની જ્ઞાન અને વૈરાગ્ય શક્તિ એક સમયમાં બન્ને સાથે છે. જ્ઞાન (એટલે) ત્રિકાળી ઉપાદેય છે એનું જ્ઞાન. આહાહા..! સમજાણું કાંઈ? અને પુણ્ય-પાપના વિકલ્પથી વિરક્ત, રક્ત છે, અનાદિથી જે રક્ત છે એ વિરક્ત (થાય) એ વૈરાગ્ય. એ મુનિ કહે છે. આહાહા..! ભાષા તો સરળ છે પણ, બાપુ! તત્ત્વ તો કાંઈક અલૌકિક છે. એમ ન સમજવું કે અમને ન સમજાય. પ્રભુ! આત્મા તો એક ક્ષણમાં કેવળજ્ઞાન લઈ શકે એટલી તાકાતવાળો છે. આહાહા..! એક સમયમાં કેવળજ્ઞાન લેવાની તાકાતવાળો કહે કે મને સમજાતું નથી, પ્રભુ! કલંક લાગે છે. સમજાતું નથી એમ ન કહેવું, પ્રભુ! આહાહા..! માર્ગ તે માર્ગ છે. આહાહા..!

**'સહજ વૈરાગ્યરૂપી...'** એમ ભાષા લીધી છે ને? સહજ વૈરાગ્યનો અર્થ કે સમ્યગ્દર્શન સહિત, પુણ્ય-પાપથી રહિત એ વૈરાગ્ય છે. આ તો આચાર્યના આવા શબ્દો છે. એવા દિગંબર સંતોના (જેવા) શબ્દો ક્યાંય નથી. અલૌકિક વાત છે, બાપુ! એ સમજવા થોડો વખત આપવો પડે. નિશાળના ભણતરમાં તો સાત-આઠ-દસ વર્ષ કાઢે છે. ભણતા-ભણતા.

અમારો એક મિત્ર હતો, અમે સાથે ભણતા હતા. પછી અમે તો અમારી દુકાનમાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જવા લાગ્યા. પછી 'ભાવનગર' રસ્તામાં મળ્યા હતા. કેમ? 'વેણીભાઈ'! શું કરો છો? હું ભણું છું. અરે..! ક્યાં સુધી? કે ૨૧ વર્ષ થયા ભણતા ભણતા. આહાહા..! મિત્ર હતા. 'સુરત'ના એક ડોક્ટર હતા, એનો દીકરો હતો, એ એનો મિત્ર હતો. અમે તો દુકાનમાં જવા લાગ્યા હતા. પછી પણ એ 'ભાવનગર' ભણતા હતા. મળ્યા તો કહ્યું કે અત્યાર સુધી શું કરો છો? કહે, હું ભણું છું. એના ઘરે ગયા હતા. કેટલા વર્ષથી (ભણે છે)? કેટલો મોટો અભ્યાસ હશે કોઈ. આપણને કાંઈ એલ.એલ.બી. કે એસ.એસ.સી. 'હિંમતભાઈ'ને શું કહેવાય? બી.એ. એને કાંઈક પદવી કહેતા હતા. ૨૧ વર્ષ. અમારી પછી પણ ભણતા ભણતા દસ-બાર વર્ષ થઈ ગયા. તો આના માટે થોડો વખત લેવો પડે ને, પ્રભુ! અનંતકાળથી સમજ્યો નથી. કલ્પનાથી માની લીધું છે કે અમે કાંઈક સમજીએ છીએ. પણ ત્રણલોકના નાથને, સર્વજ્ઞ પરમાત્માને કઈ રીત અને કઈ પદ્ધતિ કહેવી છે એ સમજવું અલૌકિક વાત છે, અલૌકિક પુરુષાર્થ છે.

**'સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો જે શિખામણિ છે,...'** છે? **'શિખામણિ = ટોચ ઉપરનું રત્ન; ચૂડામણિ; કલગીનું રત્ન.' 'પરદ્રવ્યથી જે પરાઙ્મુખ છે,...'** કોણ? મુનિ પોતાની વાત કરે છે. **'પરદ્રવ્યથી જે પરાઙ્મુખ છે,...'** સાત દ્રવ્યથી પરાઙ્મુખ છે. આહાહા..! સાત તત્ત્વ જે પરદ્રવ્ય છે, એનાથી પરાઙ્મુખ છે. આહાહા..! અને **'પાંચ ઇંદ્રિયોના ફેલાવ રહિત...'** પાંચ ઇન્દ્રિયના વિસ્તાર રહિત, એક દેહમાત્ર રહ્યો. નગ્ન મુનિ છે ને? મુનિપણું તો નગ્ન જ હોય છે. માત્ર નગ્ન નહિ. અંતરમાં નગ્નપણું–વિકલ્પથી રહિત, ત્રિકાળી દ્રવ્યના આનંદનું વેદન અને પછી સ્વરૂપમાં રમણતા થતાં તેને નગ્નપણું થઈ જાય છે. વસ્ત્ર રહે અને મુનિપણું હોય એમ નથી. અને વસ્ત્ર છુટી ગયું અને નગ્નપણું થઈ ગયું તો મુનિપણું છે એમ પણ નથી. આહાહા..! આવો માર્ગ છે. સમજવામાં આવે છે ને? ઘણાં દૂરથી આવ્યા છે ને? પોતાની સગવડતા છોડીને અહીં આવ્યા છે ને. આહાહા..! અહીં કાંઈ એટલી સગવડતા રસોડે ન હોય જેટલી તમારે ઘરે હોય તેટલી. તોપણ (સાંભળવા આવ્યા છે). આહાહા..!

કહે છે કે **'પાંચ ઇંદ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેને પરિગ્રહ છે, જે પરમ જિનયોગીશ્વર છે,...'** આહાહા..! આ મુનિની વાત કરી છે. **'પરમ જિનયોગીશ્વર...'** યોગીશ્વર તો અન્યમતમાં પણ કહે છે. પણ એ યોગી નહિ. અંતર પૂર્ણાનંદના નાથમાં જોડાણ થઈ ગયું હોય તેને યોગી કહે છે. અન્યમતિ આમ ધ્યાન કરે, કલ્પના કરે એ બધું અજ્ઞાન છે, એ તો મૂઢતા છે. એ યોગ નથી. આહાહા..! યોગની આગળ વ્યાખ્યા છે કે યોગ કોને કહે છે. 'નિયમસાર'માં. અંતરમાં સ્વરૂપની રમણતા પૂર્ણ, પૂર્ણાનંદના નાથમાં આનંદનું ભોજન, અતીન્દ્રિય આનંદનું ઉગ્ર ભોજન કરવું, તેને યોગ કહેવામાં આવે છે. તેણે પોતાની પર્યાયને દ્રવ્યમાં જોડી દીધી. પોતાની પર્યાયને દ્રવ્યમાં જોડી તેને યોગ કહે છે. આહાહા..!

**'જે પરમ જિનયોગીશ્વર છે, સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે—'** હવે એની વ્યાખ્યા કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## પ્રવચન નં. ૩૪, ગાથા-૩૮ શનિવાર અષાઢ વદ ૧૪, તા.૦૯-૦૮-૧૯૮૦

'નિયમસાર' શુદ્ધભાવ અધિકાર. ૩૮મી ગાથા ચાલે છે ને? પહેલા તો એમ કહ્યું કે આ શુદ્ધભાવ હું કહું છું. તો એ શુદ્ધભાવનો અર્થ? શુદ્ધોપયોગ કે શુદ્ધ પરિણતિ નહિ. શુદ્ધભાવ એ ત્રિકાળી જ્ઞાયકભાવ, સર્વજ્ઞસ્વભાવી પૂર્ણ. અહીં દ્રવ્ય સ્વભાવને શુદ્ધભાવ કહેવામાં આવ્યો છે. નહિ તો પુણ્ય અને શુભ-અશુભ રાગ, એ અશુદ્ધ રાગ છે, અશુદ્ધયોગ છે. અને શુભરાગ-અશુભરાગથી રહિત એ શુદ્ધયોગ છે. શુદ્ધયોગ. એ શુદ્ધયોગ પર્યાય છે. શુદ્ધયોગ કહો કે શુદ્ધોપયોગ કહો. એ તો પર્યાય છે. એ પર્યાય મોક્ષનું કારણ કહેવું એ પણ એક વ્યવહાર છે. મોક્ષનું કારણ સ્વદ્રવ્ય છે. આવ્યું?

**'આ, હેય અને ઉપાદેય તત્ત્વના સ્વરૂપનું કથન છે. જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય...'** આહાહા..! સંવર, નિર્જરા અને મોક્ષ એ પણ બહિરતત્ત્વ છે. પર્યાય છે ને? પર્યાય દ્રવ્યમાં પેસતી નથી, પ્રવેશ કરતી નથી. દ્રવ્ય ઉપર પર્યાય તરે છે. આહાહા..! એ અપેક્ષાથી પુણ્ય-પાપ ને આસ્રવ, બંધને તો બહિરતત્ત્વ કહ્યું, પણ પોતાનો ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ, એના આશ્રયથી જે મોક્ષમાર્ગ પ્રગટ થયો એ પણ બહિર્તત્ત્વ છે. આહાહા..! મોક્ષનો માર્ગ જે છે એ પણ બહિર્તત્ત્વ છે. કેમ કે સંવર, નિર્જરામાં એ આવી ગયો.

અહીંયા પાઠમાં તો હેય ઉપાદેય કહ્યું. અને ટીકાકારે જરા એમ શબ્દ લીધો કે **'જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે...'** પરદ્રવ્ય હોવાને લીધે. બહુ સૂક્ષ્મ વાત, ભગવાન! આહાહા..! પાઠમાં હેય છે પણ ટીકામાં ઉપાદેય નથી એમ કહ્યું. સમજાણું કાંઈ? પાઠમાં **'जीवादिबहित्तच्चं हेयम्'** છે. પણ અર્થકાર–ટીકાકાર કહે છે.. આહાહા..! કે પર્યાય જે બહિરતત્ત્વ છે એ ઉપાદેય નથી. આહાહા..! નિમિત્ત ઉપાદેય નથી, દયા-દાનનો વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ ઉપાદેય નથી, પણ મોક્ષના માર્ગની પર્યાય પણ ઉપાદેય નથી. આહાહા..! એમણે પરદ્રવ્ય કહ્યું તે ઘરનું નથી કહ્યું. કેમકે ૫૦મી ગાથામાં 'કુંદકુંદાચાર્યે' કહ્યું છે. કે જેટલી નિર્મળાદિ પર્યાય છે એ **'परद्रव्यम् परभावाः इति हेयाः'** એવા ત્રણ શબ્દો ૫૦મી ગાથામાં છે. ૫૦. પરદ્રવ્ય, પરભાવ. આહાહા..! અને એમાં 'સમયસાર'નો આધાર લીધો છે. સિદ્ધાંતની આ બાજુ. શ્લોક છે એની નીચે ચોથી લાઈનમાં પરદ્રવ્ય કહ્યું છે. એ 'સમયસાર'નો કળશ છે. એમાં પણ.. આહાહા..! ઝીણી વાત બહુ, પ્રભુ!

જેને સર્વજ્ઞપણું આત્માનો સ્વભાવ, એ નિરંતર વર્તમાન (વર્તી રહ્યો છે). આહાહા..! એ ત્રિકાળી વર્તમાન સર્વજ્ઞસ્વભાવ, એ અપેક્ષાથી મોક્ષના માર્ગની જે પર્યાય છે, એનો આશ્રય કરવાથી તો વિકલ્પ ઉત્પન્ન થાય છે. જેમ પરદ્રવ્યમાંથી પોતાની પર્યાય નથી આવતી, એમ પર્યાયમાંથી પર્યાય નથી આવતી. તેથી પર્યાયને પરદ્રવ્ય કહ્યું છે. શેઠ! આ તો કોઈ દિ'

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સાંભળ્યું નથી એવી વાત છે. ત્યાં પૈસા આડે ધૂળમાં (નવરાશ નથી). પણ પ્રેમ છે એટલે છોડીને અહીંયા આવ્યા છે. માર્ગ ઘણોં (સૂક્ષ્મ) છે, પ્રભુ! આહાહા..!

દેવ-ગુરુ-શાસ્ત્ર એમ કહે છે કે અમે તારા આદરણીય નથી, હોં! આહાહા..! સર્વજ્ઞ એમ કહે છે કે અમે તારા આદરણીય નથી. આહાહા..! એ તો 'મોક્ષપાહુડ'ની ૧૬મી ગાથામાં કહ્યું હતું ને. **'परदव्वाओ दुग्गइ'** સંત, આચાર્ય 'કુંદકુંદાચાર્ય' કહે છે, પ્રભુ! તારી પ્રભુતા આગળ, તારા સ્વદ્રવ્ય પાસે અમે પરદ્રવ્ય છીએ અને અમારા ઉપર લક્ષ કરીશ તો તારી દુર્ગતિ થશે. અરર...! આહાહા..! **'परदव्वादो दुग्गइ सद्दव्वादो सुग्गई'** 'મોક્ષપાહુડ'ની ૧૬મી ગાથામાં એવો પાઠ છે. ભગવાન! માર્ગ ઘણોં સૂક્ષ્મ છે. આહાહા..! અત્યારે તો એવી ગડબડ થઈ ગઈ છે કે આટલી મુશ્કેલી પછી કેટલાક ભાગ્યશાળી લોકોના કાને પડે છે. આહાહા..! આ તો અંતર ચૈતન્ય સર્વજ્ઞ પરમાત્માના ઘરની વાત છે. આહાહા..! કહે છે કે અમે સર્વજ્ઞદેવ અને અમારા સંત મોક્ષમાર્ગના સાધક અને અમારા શાસ્ત્ર એ ત્રણે પરદ્રવ્ય છે. એ પરદ્રવ્ય છે પણ અમને માનવા, પરદ્રવ્યને માનવું એ રાગ છે એ પરદ્રવ્ય છે. એ તો પરદ્રવ્ય છે. પણ રાગથી ભિન્ન થઈને પોતાના દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન, અનુભવ કર્યો, એ અનુભવની પર્યાય પણ પરદ્રવ્ય છે. આહાહા..! આમ બેસો, આમ બેસો, આ બાજુ જરા. આ બાજુ આવી જાવ. નજર પડે ત્યાં. 'હુકમચંદજી, જ્ઞાનચંદજી'નો પ્રભાવનામાં ઘણોં મોટો હાથ છે. અને આ 'બાબુભાઈ' ત્રીજા. અમારા ગુજરાતમાંથી આ 'બાબુભાઈ' અને હિન્દીમાંથી એ બે. આહાહા..! માર્ગ પ્રભુ...!

અહીંયા તો દેવ-ગુરુ-શાસ્ત્ર એમ કહે છે કે અમે તો તારા દ્રવ્યથી પરદ્રવ્ય તો છીએ જ અને અમારી ઉપર લક્ષ કરીશ તો અમે પરદ્રવ્ય છીએ તો તને વિકલ્પ થશે, પ્રભુ! એ તો થશે પણ તારા સ્વદ્રવ્યના આશ્રયથી જે કાંઈ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ઉત્પન્ન થયા, પ્રભુ! એને પણ અમે તો પરદ્રવ્ય કહીએ છીએ. 'જ્ઞાનચંદજી' વાત એવી છે, ભગવાન! ભાગ્ય હોય એને કાને પડે એવી વાત છે. લોકોને એકાંત લાગે છે. એકાંત છે, એકાંત છે. અરે..! પ્રભુ! સમ્યક્ એકાંત જ છે. આહાહા..!

અહીં તો કહ્યું કે સંવર, નિર્જરા જે ચારિત્ર સમ્યગ્દર્શન અનુભવ સહિત આત્મા અતીન્દ્રિય આનંદનો પૂર નામ પ્રવાહ. જેમ પાણીનો પ્રવાહ ચાલે છે એ આડો ચાલે છે. આ પૂર છે એ આમ ધ્રુવ ચાલે છે, ધ્રુવ. આહાહા..! ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનું પૂર, એ પૂર આમ પ્રવાહ ધ્રુવ તરીકે છે. જેને શાસ્ત્રમાં નિરંતર વર્તમાન કહ્યું છે. ત્રિકાળ રહેનારો એ અપેક્ષા છોડી દીધી. ત્રિકાળમાં ત્રિકાળનો ભેદ થઈ ગયો. શાસ્ત્રમાં પાઠ છે. નિરંતર વર્તમાન છે. જેમ વર્તમાન પર્યાય સંવર, નિર્જરા છે તો એને અમે પરદ્રવ્ય કહીએ છીએ. એ રીતે એનાથી ભિન્ન દ્રવ્ય પણ વર્તમાન છે. પૂર્ણાનંદનો નાથ... આહાહા..! વીતરાગમૂર્તિ અચળ અકંપ એવી ચીજ, એ ચીજની અપેક્ષાએ, એના આશ્રયથી સમ્યગ્દર્શન અનુભવ થયો,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો. ઓહોહો..! એ સ્વાદના ભાગમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ આવી જાય છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગ. જ્યાં ત્રણેને મોક્ષમાર્ગ એમ 'તત્ત્વાર્થસૂત્ર'માં કહ્યું. 'તત્ત્વાર્થસૂત્ર'માં 'ઉમાસ્વામી'એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગ કહ્યું. એ પર્યાયથી કહ્યું છે. સમજાણું કાંઈ? એ જ્ઞાનપ્રધાન કથનથી આખું 'તત્ત્વાર્થસૂત્ર' છે. આહાહા..! કેમ? કે એમાં મતિશ્રુતની વાત કરી છે તો મતિશ્રુત પરોક્ષ છે એમ કહ્યું છે અને મતિ છે એ ઇન્દ્રિય, મનથી ઉત્પન્ન થાય છે એમ કહ્યું. તો એ બધો વ્યવહાર છે. મતિજ્ઞાન જે છે એ ત્રિકાળી ચૈતન્ય ભગવાનના અવલંબનથી થાય છે એ મતિજ્ઞાન છે. ત્યાં પરોક્ષ કહીને પરની અપેક્ષાએ કહ્યું છે. એ પ્રશ્ન ઘણાં વર્ષ પહેલા 'મોરબી'માં ભાઈ હતા ને? શું નામ? દફતરી. 'મગનભાઈ દફતરી' મોટો હોશિયાર કહેવાતો હતો ને. 'મોરબી' ગવર્નર આવ્યા હતા ત્યારે એણે ભાષણ કર્યું હતું.

મુમુક્ષુ :– ગવર્નરે એને હોશિયાર કહ્યો હતો.

ઉત્તર :– એ જ કહું છું. ગવર્નર આવ્યા હતા. મારે એ જ કહેવું છે. ભાષણ કર્યું. એ 'મગનભાઈ' કરીને 'દફતરી' હતા. ગવર્નરે એના એવા વખાણ કર્યા કે આ તો ચીથરે વીંટ્યું રત્ન તમારા ગામમાં છે. એ એની સાથે ચર્ચા થઈ. લગભગ (સંવત) ૧૯૮૨ની સાલની વાત હતી. તો કહે આ શાસ્ત્રમાં મતિશ્રુતને પરોક્ષ કહ્યું છે. કીધું, ભાઈ! એ પરોક્ષ છે એ પરની અપેક્ષાથી છે. બાકી મતિ અને શ્રુતજ્ઞાન સ્વથી થાય છે એ તો પ્રત્યક્ષ થાય છે. ...... અનુભવ તો પ્રત્યક્ષ છે એવો શ્લોક આવે છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ઉદાહરણ છે ને, ખબર છે. અહીં તો કહે છે, શેઠ! ક્યારેય સાંભળ્યું નથી. ભગવાન!

મુમુક્ષુ :– સંભળાવનાર કોઈ નહોતું.

ઉત્તર :– એટલો આગ્રહ છોડીને અહીં આવ્યા. એ તો શેઠ છે. રાજકુમારના છોકરાની છોકરી એના ઘરમાં છે. બાપુ! એ બધી બહારની ચીજ છે. આહાહા..! બહારના પ્રપંચની વસ્તુમાં જેને અધિકતા ભાસે છે અને કાંઈ વિશિષ્ટતા લાગે છે, એ ચૈતન્યસ્વરૂપ ભગવાનનો અનાદર કરે છે. આહાહા..! એ બહારની ચીજ તો દૂર રહી. હવે અંતરની જે ચીજ છે સંવર અને નિર્જરા. આહાહા..! જે ત્રિકાળી આનંદનો નાથ '**भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो**' જે ત્રિકાળી આત્માના અવલંબનથી સમ્યગ્દર્શન થાય છે, એમ જે ૧૧મી ગાથામાં કહ્યું. 'દેવીલાલજી' ક્યાં ગયા? ત્યાં નય પણ કહ્યું છે અને સમ્યગ્દર્શન પણ કહ્યું છે. તમારો પ્રશ્ન હતો ને? ૧૧મી ગાથામાં ભૂતાર્થને નય પણ કહ્યું. બીજા પદમાં. વ્યવહાર અભૂતાર્થ છે, પર્યાય માત્ર અભૂતાર્થ છે. સંવર, નિર્જરા, મોક્ષની પર્યાય પણ અભૂતાર્થ છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહાહા..! પછી બીજા પદમાં કહ્યું. વ્યવહાર અભૂતાર્થ છે એ ગૌણ કરીને અભૂતાર્થ કહ્યું છે. પર્યાયનો અભાવ કરીને અભૂતાર્થ નથી કહ્યું. નહિ તો વેદાંત થઈ જાય છે. સમજાણું કાંઈ? પર્યાયને ગૌણ કરીને, નથી એમ કહ્યું. પર્યાયને અસત્ય કહ્યું એ તો ગૌણ કરીને અસત્ય કહ્યું. છે. આ કહ્યું ને? સાત તત્ત્વ છે. પર્યાયલક્ષે સાત તત્ત્વ છે. અસ્તિ છે. ત્યારે કહ્યું ને, '**જીવાદિ સાતતત્ત્વનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે...**' અસ્તિત્વ તો સિદ્ધ કર્યું. સમજાણું કાંઈ?

ખરેખર તો ભગવાન 'કુંદકુંદાચાર્યે' તો એમ કહ્યું, '**जीवादिबहिस्तच्चं हेयम्**' પાઠમાં એમ લીધું છે. પણ અર્થકાર–ટીકાકાર 'પદ્મપ્રભમલધારીદેવે' ઉપાદેય નથી એમ કહ્યું. મીઠી ભાષા. આહાહા..! પ્રભુ! પુણ્ય અને પાપનો ભાવ એ તો બંધ, કલુષિત અને દુઃખ છે, એ તો હેય છે જ. પણ અંદર સંવર, નિર્જરા અને મોક્ષપર્યાય પ્રગટ થઈ... આહાહા..! એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણે એવી પર્યાય પ્રગટ થઈ, અહીંયા સાધકજીવને તો પ્રગટ નથી. પણ સાધકને એ જે કેવળજ્ઞાન પર્યાય છે એ સદ્‌ભૂત વ્યવહારનયનો વિષય છે. નિશ્ચયનયનો વિષય નથી. કેમ કે કેવળજ્ઞાન છે એ ત્રિકાળી દ્રવ્યનો ભેદ, એક અંશ છે. એક અંશ છે, પણ એમાં છે તો સદભૂત વ્યવહારનયથી કહેવામાં આવે છે. આહાહા..! કેવળજ્ઞાન વ્યવહાર છે, સદ્‌ભૂત વ્યવહારનયથી છે. આહાહા..! અને પુણ્ય-પાપભાવ અસદ્‌ભૂત વ્યવહારનયથી છે.

અહીં તો સદ્‌ભૂત વ્યવહારનય અને અસદ્‌ભૂત વ્યવહારનય બન્નેને પરદ્રવ્ય છે એમ કહીને ઉપાદેય નથી એમ કહ્યું. પાઠમાં હેય છે. '**जीवादिबहिस्तच्चं हेयम्**' મીઠી ભાષા કરી. પ્રભુ! સાત તત્ત્વ ઉપાદેય નથી. એના ઉપર આશ્રય કરવા લાયક નથી. ભગવાન અંદર બિરાજે છે ને, પ્રભુ! પૂર્ણાનંદનો નાથ, એ જ ઉપાદેય છે, આ ઉપાદેય નથી. આહાહા..! 'જયચંદજી'! આ જય થવાની વાત છે અહીં. પરાજય થવાની વાત સંસારમાં છે. આહાહા..!

બાપુ! ભગવાન! આહાહા..! એક સમયનું કેવળજ્ઞાન અરે..! એક સમયના અનંત ચતુષ્ટય કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય, અનંતસત્તા તેને અનંત ચતુષ્ટય કહેવામાં આવે છે. પણ સાથે અનંતગુણની પૂર્ણ પર્યાય છે. જેટલા ગુણ છે એટલી પૂર્ણ પર્યાય બધી પૂર્ણ છે. અને જ્યારે શ્રદ્ધા આત્મામાં ઢળે છે તો માત્ર શ્રદ્ધા જ ઢળે છે એમ નહિ. એ તો શ્રદ્ધાથી કથન કર્યું છે. બાકી જેટલી પર્યાય છે એ બધી અંદર ઢળે છે. આહાહા..!

૧૧મી ગાથામાં તો ભાષા એમ આવી કે '**भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो**' પણ એકલું સમકિત થાય છે એટલું નહિ. એ બધી પર્યાય જેટલી છે એ બધી ભૂતાર્થને આશ્રયે થઈ. એ કારણે ત્યાં પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રનો અંશ પણ સાથે આવ્યો. અરે..! અનંતગુણનો એક અંશ વ્યક્ત અનંતા એકસાથે આવ્યા. સમજાણું કાંઈ? અનંતગુણ જેટલી સંખ્યામાં છે, એ બધા ગુણની શક્તિ અને સ્વભાવનું જે સામર્થ્ય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



હતું એ પર્યાયમાં વ્યક્તરૂપે એક અંશે બહાર આવ્યું. આહાહા..! એ 'રહસ્યપૂર્ણ ચીઠ્ઠી'માં છે, ભાઈ! 'લાલચંદજી'! ચીઠ્ઠીમાં જ્ઞાનાદિ એકદેશ ચોથે ગુણસ્થાને અને કેવળીને જ્ઞાનાદિ સર્વદેશ. 'શ્રીમદે' એનો અર્થ એમ કર્યો કે, 'સર્વગુણાંશ તે સમકિત'

સમકિત એટલે શું? આહાહા..! આત્મામાં જેટલા ગુણ છે એ બધાની સંખ્યામાંથી વ્યક્ત અનંતગુણનો અંશ પ્રગટ થાય છે. માત્ર સમકિત ઉત્પન્ન થયું એમ નથી. આહાહા..! અહીં મારે તો બીજું કહેવું છે. કે અનંતગુણનો અંશ જે પ્રગટ થયો, તેને પરદ્રવ્ય કહ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? એ (પરદ્રવ્ય) હોવાથી ખરેખર ઉપાદેય નથી. આહાહા..! અરે..! અનંત... અનંત... અનંતની કોઈ સંખ્યા નથી. અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત.. એમ ને એમ અનંત અનંત ચાલ્યા જાવ, તો પણ ગુણની સંખ્યામાં આ છેલ્લો અનંત છે, એમ નથી. છેલ્લો અંત તો નથી પણ એ છેલ્લો એક ભાગ, એ તો એમાં છે જ નહિ. આહાહા..! એટલો ભગવાન આનંદ-આનંદ આદિ સ્વભાવથી ભર્યો પડ્યો છે. મોક્ષમાર્ગમાં એક અંશ વ્યક્ત થયો.. આહાહા..! બધા ગુણનો. સર્વગુણાંશ તે સમકિત. તેને અહીં પરદ્રવ્ય કહ્યું. 'જ્ઞાનચંદજી'! આહાહા..! ક્યાં ગયા અમારા 'જતીશજી'! 'જતીશ'. બહાર બેઠા છે. ઠીક. 'જતીશ'તો અહીંયા બહુ રહેતા હતા ને? આહાહા..!

શું કીધું? **'જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ...'** સમૂહ લીધો ને? એક પર્યાય નથી. સાત છે માટે સમૂહ થયો. છતાં એ સમૂહ **'પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી.'** હેતુ શું? ઉપાદેય કેમ નથી? કે એ પરદ્રવ્ય હોવાને લીધે. આહાહા..! ગજબ વાત કરી.

હવે આત્મા અને ઉપાદેય એ લેવાનું છે. એમાં લાંબી વાત છે. **'સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો જે શિખામણિ..'** હવે મુનિ પોતાની વાત કરે છે. પોતાની વાત કરીને શ્રોતાઓને તત્ત્વ કેવું છે એ બતાવે છે. સ્થિતિ એવી છે. અમે એવા છીએ. કેવા? **'સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો જે શિખામણિ....'** તો શું કહ્યું? સહજ વૈરાગ્યનો અર્થ શું? કે સ્ત્રી, કુટુંબ છોડ્યા, દુકાન છોડી, ધંધા છોડ્યા એ વૈરાગ્ય છે, એ વૈરાગ્યની વ્યાખ્યા જ નથી. વૈરાગ્યની વ્યાખ્યા તો એ છે કે, અસ્તિ પોતાનો પૂર્ણ સ્વભાવ ભગવાન, એની શ્રદ્ધા અને જ્ઞાનની સાથે પુણ્ય-પાપના વિકલ્પથી વિરક્તપણું એ વૈરાગ્ય છે. આહાહા..!

ભગવાન એમ કહે કે અમારી ભક્તિનું પરિણામ, એનાથી વિરક્ત એ વૈરાગ્ય છે. એ નિર્જરા અધિકારમાં આવ્યું ને? જ્ઞાન અને વૈરાગ્ય બે શક્તિ. જ્ઞાન અસ્તિત્વની, સારા પૂર્ણની પ્રતીતિ એ જ્ઞાન અને વૈરાગ્ય, પુણ્ય-પાપના વિકલ્પથી રહિત, વિરક્ત, રક્ત અનાદિથી છે, એનાથી વિરક્ત એ અસ્તિનું જ્ઞાન (અને) રાગથી વિરક્ત, એ વૈરાગ્ય. આહાહા..! આવી વાત છે. હજારો રાણી છોડી દે, કરોડોની પેદાશ છોડી દે, માટે એ વૈરાગી છે. એમ નથી. આહાહા..!

વૈરાગ્ય તો એને કહીએ, સહજ વૈરાગ્ય, સહજ પોતાની ચીજ જે પૂર્ણાનંદનો નાથ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે, એની ઉપાદેયબુદ્ધિ થઈને જે નિર્મળ પ્રતીતિ સમ્યગ્દર્શન, પૂર્ણના અનુભવમાં પ્રતીતિ થઈ, એની સાથે શુભ-અશુભરાગથી હટીને વૈરાગ્ય–રક્તપણું હતું એને છોડીને વિરક્ત થવું એ અસ્તિથી જ્ઞાન, નાસ્તિથી વૈરાગ્ય. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! વીતરાગનો ધર્મ ઘણો સૂક્ષ્મ છે, પ્રભુ! ભગવાનનો વિરહ પડ્યો, પ્રભુ ત્યાં રહી ગયા. ભગવાનની આ વાણી છે પણ પ્રભુ ત્યાં રહી ગયા. આહાહા..! માર્ગ રહી ગયો બીજો. આહાહા..! અમે તો ત્યાં હતા ને. અમને તો વિરહ થઈ ગયો.

એ પ્રભુની વાણી એમ (કહે) છે... આહાહા..! ભગવંત! તારામાં અનંતા... અનંતા... અનંતા... અનંતા... અનંતા... આકાશના પ્રદેશથી અનંતગુણા ગુણ (ભર્યા છે). એ બધા ગુણનો એક અંશ વ્યક્ત પ્રગટ થાય તેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહેવામાં આવે છે. તેને અહીંયા પરદ્રવ્ય કહેવામાં આવ્યું છે. આહાહા..! પરદ્રવ્ય કેમ કહ્યું? કે જેમ પરદ્રવ્યમાંથી પોતાની શુદ્ધિની પર્યાય આવતી નથી, એમ પર્યાયના આશ્રયે શુદ્ધિની પર્યાય પ્રગટતી નથી. સમજાણું કાંઈ? ભાષા તો સાદી છે, પ્રભુ! માર્ગ તો જેવો છે એવો છે. આહાહા..! અરે..રે..! એ માર્ગને સમજ્યા વિના ચોરાશી લાખ યોની, એક-એકમાં અનંત અવતાર (કર્યા). આહાહા..!

કેવા મુનિ કોઢવાળા? 'વાદીરાજ મુનિ' ભગવાનની સ્તુતિ કરતા-કરતા... વિષપહાર સ્તુતિ કરી છે. વિષપહાર સ્તુતિ છે ને? એમાં એક શબ્દ લીધો, પ્રભુ! હું ભૂતકાળના દુઃખ યાદ કરું છું તો આયુધનો ઘા વાગતા હોય એવું લાગે છે એમ મુનિ કહે છે. આહાહા..! હું ભૂતકાળના દુઃખને યાદ કરું છું, એ નિગોદના, નરકના (દુઃખ)... આહાહા..! જેમ આયુધ શસ્ત્રનો ઘા વાગે એમ ઘા વાગે છે. અરે..! એ દુઃખ કેમ વેઠ્યા? આહાહા..!

જેના અંતર્મુહૂર્તના દુઃખ, નારકીના કરોડો ભવે અને કરોડો જીભે ન કહી શકે. આહાહા..! ત્યારે પ્રભુના ગુણ અનંત મુખ અને એક-એક મુખમાં અનંત જીભથી પણ કહી શકે નહિ. આહાહા..! એટલા ગુણની સંખ્યા (છે). મારે તો અહીં બીજું કહેવું છે. એનો એક અંશ સમ્યગ્દર્શનમાં પ્રગટ થયો, તો બધા ગુણનો અંશ પ્રગટ થયો છે. છતાં.. છતાંને શું કહે છે? એમ હોવા છતાં પણ એને પરદ્રવ્ય કહ્યું. કેમ કે પર્યાય ઉત્પન્ન થઈ (દ્રવ્યમાંથી). શુદ્ધિની નવી પર્યાય (પર્યાયમાંથી) ઉત્પન્ન નથી થતી. સંવર છે એ શુદ્ધિ છે, નિર્જરા એ શુદ્ધિની વૃદ્ધિ છે, મોક્ષ શુદ્ધિની પૂર્ણતા છે. તો કહે છે કે જે શુદ્ધ પર્યાય પ્રગટ થઈ એના આશ્રયથી શુદ્ધિ ઉત્પન્ન નથી થતી. શુદ્ધિની વૃદ્ધિ ઉત્પન્ન થાય તો ત્રિકાળ દ્રવ્યના આશ્રયે ઉત્પન્ન થાય છે. એ કારણથી જેમ પરદ્રવ્યમાંથી પોતાની પર્યાય ઉત્પન્ન નથી થતી. એમ પોતાની નિર્મળ પર્યાયમાંથી પણ નવી શુદ્ધ નિર્મળ પર્યાય નથી આવતી. એ કારણે અમે એને પરદ્રવ્ય કહીએ છીએ. સમજાણું કાંઈ? આહાહા..! અલૌકિક વાત છે.

આ મુનિ કહે છે, મને મારો આત્મા ઉપાદેય છે એમ કહીને જગતને સંભળાવે છે. સમજાણું કાંઈ? મારો આત્મા જ મને ઉપાદેય છે. હું કેવો છું? કે **'સહજ વૈરાગ્યરૂપી મહેલ..'**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



મોટો મહેલ, એનું શિખર, એનો શિખામણિ. **'ટોચ ઉપરનું રત્ન; ચૂડામણિ; કલગીનું રત્ન.'** એ શિખામણિ. હું એવો વૈરાગ્યસ્વરૂપી છું એમ કહે છે. **'પરદ્રવ્યથી જે પરાઙ્મુખ છે,...'** આહાહા..! એ પર્યાયાદિ પરદ્રવ્ય છે એનાથી હું પરાઙ્મુખ છું. આહાહા..! આ રીતે પોતાનું દૃષ્ટાંત આપીને શ્રોતાને સત્ય વાતની જાહેરાત કરે છે. સમજાણું કાંઈ? એકલી વાત નથી. કે વાતમાં આટલું જાણવાનું છે. વસ્તુ તત્ત્વ જાણવાનું છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, **'પરદ્રવ્યથી જે પરાઙ્મુખ છે, પાંચ ઈંદ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર...'** મુનિ છે ને મુનિ? તો પાંચ ઇન્દ્રિયનું લક્ષ પણ છૂટી ગયું છે. અનીન્દ્રિય ભગવાનઆત્માનો આશ્રય થઈ ગયો છે. આહાહા..! સમજાણું કાંઈ? **'પાંચ ઈંદ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેને પરિગ્રહ છે,...'** મુનિને તો એક દેહમાત્ર રહે છે. વસ્ત્ર-પાત્ર તો છે જ નહિ. આહાહા..! શ્વેતાંબરમાં તો ઘણું લીધું છે. વસ્ત્ર, પાત્ર, દસ-દસ રજોણા, દસ-દસ ગુચ્છા. ભિક્ષા માટે જાય અને મળે તો લઈ લેવું. એક પોતાની માટે રાખવું અને નવું આચાર્યને આપવું. અને એ પાત્રને આટલું રંગવું.

એ (સંવત) ૧૯૭૩ની વાત છે. ૧૯૭૩ની સાલમાં અમારા ગુરુ પાત્રા રંગતા હતા. તો બે-બે, ત્રણ કલાક રંગવા માટે જોઈએ. એ પાત્રા રંગતા હતા, અમે સ્વાધ્યાય કરતા હતા. ૧૯૭૩ની વાત છે. સંવત્ ૧૯૭૩. મારું ધ્યાન એ બાજુ નહોતું. મેં કીધું, મહારાજ! આ પાત્રા બે-બે કલાક રોજ રંગવા, એ શું છે? ગુરુએ એમ કહ્યું, ભદ્રિક હતા. તો પાત્રા વિનાના સાધુ ગોતી લાવજે. સમજાણું કાંઈ? પાત્રા હોય ને? સાધુ રાખે છે. એ પાત્રાને રંગે. તેમાં ભોજન લે. એ રંગતા હતા અને મેં કહ્યું, કે મહારાજ! આ શું કરો છો? તે દિ' મારી દીક્ષાને ચાર વર્ષ થયા હતા. ૧૯૭૩ની વાત છે. આ ઉપાધિ શું? ત્યારે મારા ગુરુએ એમ કહ્યું, કે પાત્રા વિનાના સાધુ ગોતી લાવ. પાત્રા વગરના સાધુ હોય? એ શોધી લીધા. આહાહા..! આ ૧૯૭૩ની સાલની વાત છે. કેટલા વર્ષ થયા? ૬૨ વર્ષ થયા. ૬૦ અને ૨. અમારા પંડિતજીનો તો જન્મ પણ નહોતો. એ કહે, પાત્રા વગરના સાધુ હોય? શોધી લાવજે. આ શોધી લીધા. 'કુંદકુંદાચાર્ય' પાત્રા વગરના મુનિ છે પાત્રા રાખે એ મુનિ નહિ. અને એકલા પાત્રા રાખે અને વસ્ત્ર છોડી દે તો પણ મુનિ નથી. અંદરમાં દયા, દાન, મહાવ્રતના પરિણામને પોતાના માને છે, આદરણીય માને છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! અહીંયા તો (કહે છે), સંવર, નિર્જરાને પણ આદરણીય માનવા નહિ. પ્રગટ થયા છે. હું તો એનાથી વિરુદ્ધ સ્વદ્રવ્યમાં તીક્ષ્ણ બુદ્ધિથી પડ્યો છું.

**'પરદ્રવ્યથી જે પરાઙ્મુખ...'** એમ લખ્યું છે ને? **'પરદ્રવ્યથી જે પરાઙ્મુખ છે, પાંચ ઈંદ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર પરિગ્રહ છે,...'** મુનિને તો દેહમાત્ર પરિગ્રહ છે. એક શરીર છોડ્યું છૂટે નહિ. આહાહા..! **'જે પરમ જિનયોગીશ્વર...'** પરમ જિનયોગીશ્વર છે. હું તો પરમ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જિનયોગીશ્વર છું. પરમ જિનયોગીશ્વર. એનો અર્થ, કે સમ્યગ્દર્શનમાં યોગ એટલે પોતાની પર્યાયને આત્મામાં જોડવી એ તો છે, પણ જઘન્યપણું છે. પોતાની નિર્મળ પર્યાયને દ્રવ્ય સાથે જોડવી, લીન થવું એ યોગ છે. એ યોગ છે. આ તો કહે છે કે અમે તો પરમ જિનયોગીશ્વર. પરમ જિન અને યોગીશ્વર. અમારા આનંદમાં અમે અમારી પર્યાયને ઘણી જોડી દીધી છે. આહાહા..! ત્રિકાળીમાં જે સંવર-નિર્જરાને પરદ્રવ્ય કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– .. મહિમા નથી આવતી.

ઉત્તર :– છે તો ખરી. વસ્તુ છે. જ્ઞાનમાં તો બરાબર જાણવું જોઈએ. આદરણીય એ નથી. જ્ઞાનમાં તો છે એમ ન જાણે તો તો વસ્તુ દૃષ્ટિ નથી. આહાહા..!

અહીં કહે છે **'પરમ જિનયોગીશ્વર છે, સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે–'** આહાહા..! જુઓ! સમકિતી અને મુનિ કેવા હોય છે? આહાહા..! **'સ્વદ્રવ્યમાં..'** આ મુનિની વાત છે ને? માટે **'જેની તીક્ષ્ણ બુદ્ધિ છે–'** સમ્યગ્દૃષ્ટિની સ્વદ્રવ્યમાં બુદ્ધિ છે, પણ મુનિ જેટલી તીક્ષ્ણબુદ્ધિ નથી. અંદર આનંદના નાથમાં તીક્ષ્ણબુદ્ધિ છે. અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો છે એમાં રમણતા કરે છે, એ અતીન્દ્રિય આનંદમાં રમણ કરે છે એ ચારિત્ર છે. ચારિત્ર એ કોઈ નગ્નપણું, પંચમહાવ્રત પરિણામ એ ચારિત્ર-ફારિત્ર નથી. શેઠ! એ દિગંબરના શેઠ છે. આ દિગંબર. આહાહા..!

કહે છે અમારા **'સ્વદ્રવ્યમાં...'** જુઓ! પરદ્રવ્યથી પરાઙ્મુખ, પરદ્રવ્ય અને સાત તત્ત્વ કહ્યા, એનાથી પરાઙ્મુખ. આહાહા..! ગજબ વાત છે. ટીકા કરનારે પણ ગજબ કરી છે ને! 'પદ્મપ્રભમલધારીદેવ' મુનિ, નગ્ન મુનિ, દિગંબર એમની ટીકા છે. આ 'કુંદકુંદાચાર્ય, 'અમૃતચંદ્રાચાર્યદેવ', 'પદ્મપ્રભમલધારીદેવ.' આહાહા..! વચ્ચે 'કુંદકુંદાચાર્ય' છે. એક બાજુ 'અમૃતચંદ્રાચાર્ય' આ બાજુ 'પદ્મપ્રભમલધારીદેવ' છે. એમની આ ટીકા છે. આહાહા..! કહે છે કે અમે મુનિ પરદ્રવ્યથી પરાઙ્મુખ, સહજ વૈરાગ્યના રત્ન ચુડામણિ, રાગના વિકલ્પમાત્રથીતો મારો વૈરાગ્ય છે. આહાહા..! જે ભાવથી તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ રાગ છે તો એ રાગથી પણ હું તો વિરક્ત છું. આહાહા..! સમજાણું કાંઈ? ભગવંત! વાત જરી ઝીણી છે. પણ વાત સત્ય છે. આહાહા..! સમજવું કઠણ પડે, એનો અભ્યાસ નથી અને એ જાતની ઉપદેશ પદ્ધતિ નથી. ઉપદેશ પદ્ધતિ જ ફરી ગઈ. બસ, વ્રત કરો, પડિમા લઈ લો, આ લઈ લો, આ લઈ લો. તો એ રાગની ક્રિયા કરવી એ તો મરવું છે. ભાઈએ લીધું નહિ. 'ન્યાલભાઈ'. 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ' પંડિતજી! 'ન્યાલભાઈ'નું 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' છે ને? એમાં લખ્યું છે કે રાગાદિ કરવું એ તો મરવું છે. દયા, દાન, મહાવ્રત આદિને હું કરું છું, એ તો સ્વભાવનું મરણ છે. ભગવાન જ્ઞાતાદૃષ્ટા છે એ રાગને કઈ રીતે કરે? ત્રિકાળમાં કોઈ એવો ગુણ નથી કે વિકાર કરે. તો પર્યાયમાં વિકાર થાય છે... આહાહા..! એ મારું કાર્ય નથી. આહાહા..! અને મારું કાર્ય એમ માને એ મિથ્યાદૃષ્ટિ છે, એ જૈન નથી. આહાહા..! સમજાણું કાંઈ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે–એવા આત્માને...'** આહાહા..! **'એવા આત્માને...'** એમ કહ્યું ને? કોણ? પરદ્રવ્યથી પરાङ્મુખ, સ્વદ્રવ્યમાં તીક્ષ્ણ બુદ્ધિ છે, સહજ વૈરાગ્યના શિખામણિ છે એવા આત્માને... એવા આત્માને... **''આત્મા' ખરેખર ઉપાદેય છે.'** એવા આત્માને ખરેખર આત્મા ઉપાદેય છે. આહાહા..! 'પ્રિયંકરજી'! આ શાસ્ત્ર. બાપુ! ભગવાન ત્રિલોકના નાથ, એનું સમ્યગ્દર્શન શું છે? અને એ સમ્યગ્દર્શનનો વિષય શું છે? સમ્યગ્દર્શનનો વિષય સમ્યગ્દર્શનની પર્યાય પણ નથી. આહાહા..! સમ્યગ્દર્શનનો વિષય સમ્યગ્દર્શનની પર્યાય પણ એનો વિષય નથી. આહાહા..! એ તો કહ્યું ને **'પરદ્રવ્યથી જે પરાङ્મુખ છે,...'** એ પરદ્રવ્ય થયું ને? સમ્યગ્દર્શન એ ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાથી પરદ્રવ્ય છે.

એક સમયની પર્યાય છે અને એક કોર ત્રિકાળી ધ્રુવ મહાપ્રભુ, અનંતગુણનો સાગર, અનંતગુણથી લહલહાટ ભરેલો આનંદનો નાથ.. આહાહા..! એ **'એ સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે–'** અને પરદ્રવ્યથી પરાङ્મુખ છે. એવા આત્માને. અજ્ઞાનીને તો એની ખબર નથી. એટલે એમ કહે છે કે **'આવા આત્માને આત્મા ખરેખર ઉપાદેય છે.'** ખરેખર જુઓ! પહેલામાં પણ લીધું હતું કે **'પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી.'** એમ કહ્યું હતું. આહાહા..! **'ખરેખર ઉપાદેય નથી.'** સંવર-નિર્જરાદિ. આ આત્માને ખરેખર આત્મા ઉપાદેય છે. આહાહા..! ત્રિલોકનાથની પ્રવચનધ્વનિ, દિવ્યધ્વનિ આ આવી છે. પણ બાપુ! એને સમજવું, પોતાનો આગ્રહ છોડીને. જે પક્ષને માને છે એને છોડીને આ સમજવું એ અલૌકિક વાત છે. આહાહા..! એ અનંત-અનંતકાળમાં... 'મુનિવ્રત ધાર અનંતબેર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' તો પંચમહાવ્રત એ દુઃખ છે એમ કહ્યું. અઠ્યાવીસ મુળ ગુણ અને પંચમહાવ્રત તો દુઃખ છે. આહાહા..! અને સંવર-નિર્જરા સુખ છે. તો પણ એને **'પરદ્રવ્યથી જે પરાङ્મુખ છે,...'** એમ કહે છે. આહાહા..! દુઃખથી તો પરાङ્મુખ છું. આહાહા..! પણ પોતાની પર્યાયમાં સંવર-નિર્જરાની આનંદની દશા ઉત્પન્ન થઈ છે, એ પણ પરદ્રવ્ય છે, મારા લક્ષથી એ પરાङ્મુખ છે. અને સ્વદ્રવ્ય ત્રિકાળી મારો નાથ પ્રભુ બિરાજે છે ત્યાં મારી દૃષ્ટિ છે. આહાહા..! કહો, પટેલ! આવું તમારે ત્યાં ક્યાંય જમીન-બમીનમાં છે? પટેલ છે. 'રાજકોટ'ના કરોડપતિ છે. કણબી. કણબી સમજો છો? મોટા કરોડપતિ ગૃહસ્થ. ૩૫ લાખનો ફ્લેટ છે. ત્યાં પગલા કરવા લઈ ગયા હતા. એ તો જમીન-બમીન બહારની વાતું થોથા છે. પૈસાની વાત તો પરદ્રવ્ય રહી એ તો પોતાની પર્યાય જ નથી. આહાહા..! અને દયા, દાન, વ્રતના પરિણામ એ પોતાની પર્યાય નથી, પણ સંવર-નિર્જરા, મોક્ષની પર્યાય એ તો પોતાની છે. છે એનાથી પણ પરાङ્મુખ છે. ગુલાંટ ખાઈ જાય, ગુલાંટ ખાઈ જાય. આમ દૃષ્ટિ પર્યાય ઉપર છે તો દ્રવ્ય ઉપર લઈ જા. આહાહા..! આવી વાત! આ લોકો બહારથી પ્રેમથી આવ્યા છે. પોતાના ઘરબાર છોડીને આવ્યા છે. સાંભળવા આવ્યા છે ને. આહાહા..! વાત તો આવી છે, પ્રભુ!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આત્મા. **'આવા આત્માને 'આત્મા' ખરેખર ઉપાદેય છે.'** આહાહા..! સમ્યગ્દષ્ટિને... આ તો મુનિ છે તો મુનિની વાત કરી છે. પણ સમ્યગ્દષ્ટિને, આવા આત્માને, પરદ્રવ્યથી પરાઙ્મુખ અને સ્વદ્રવ્ય ત્રિકાળ છે તે ઉપાદેય છે એવા આત્માને એ ઉપાદેય છે. આહાહા..! સમ્યગ્દષ્ટિને ચોથા ગુણસ્થાને...

મુમુક્ષુ :– ...

ઉત્તર :– સ્વર્ગમાં પણ આમ છે, નરકમાં પણ આમ છે. સાતમી નરકમાં સમકિત છે. આહાહા..! સાતમી નરકમાં જાય છે ત્યારે મિથ્યાત્વ છે. શું કહ્યું? સાતમી નરકમાં જાય છે ત્યારે મિથ્યાત્વ છે. પણ વચ્ચે સમકિત થાય છે, પાછા નીકળે છે ત્યારે મિથ્યાત્વ છે. સાતમી નરકમાં ઘણાં પાપ કરીને ગયા પછી સમકિત થાય છે. પછી નીકળતી વખતે મિથ્યાત્વ થઈ જાય છે. આહાહા..! એટલી પીડા અને એટલા પ્રતિકૂળ સંયોગ, છતાં અંદરમાં ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ ઉપાદેય છે. આહાહા..! સમજાણું કાંઈ? સમયગ્દષ્ટિને તો આવો પૂર્ણાનંદ પ્રભુ છે એ જ ઉપાદેય છે. આહાહા..! અહીં તો હજી દયા પાળો, વ્રત કરો, તપસ્યા કરો, એ ઉપાદેય છે અને આદરણીય છે, એ કરતા કરતા નિશ્ચય થઈ જશે. લસણ ખાતા ખાતા કસ્તુરીનો ઓડકાર આવી જશે.

અરે..! ભગવાન! તારી ચીજની તને ખબર નથી. તારી ચીજમાં તો વીતરાગની વાણી.. એક-એક ગુણ એક સમયમાં કહે તો અનંતકાળે પણ કહી શકે નહિ.. આહાહા..! શું કહ્યું? કેવળી એક ગુણને એક સમયે અને સાદિ અનંતકાળ છે તો પણ એના ગુણ અનંતસમયમાં ન કહી શકે એટલા ગુણ છે. સાદિ અનંતકાળ. કેવળજ્ઞાન થયું અને પછી અનંતકાળ રહેશે. તો એક સમયમાં એક ગુણ કહે, બીજા સમયે બીજો ગુણ કહે એમ સાદિ અનંત કહે તો પણ અનંતગુણ કહી શકે નહિ. એટલા ગુણનો ભંડાર પ્રભુ! તું મહારત્ન છે, ચૈતન્યરત્નાકર છો. ચૈતન્યરત્નનો દરિયો-સાગર ભર્યો છે. પંડિતજીને કહ્યું હતું ને સાગર. તમારો સાગર નહિ, આ સાગર. આહાહા..!

પ્રભુ! અહીંયા એમ કહે છે, **'આવા આત્માને 'આત્મા' ખરેખર ઉપાદેય છે.'** હવે જરી ઝીણી વાત છે. **'ઔદયિક આદિ ચાર ભાવાંતરોને અગોચર હોવાથી...'** શું કહે છે? કે દયા, દાનના જે વિકલ્પ ઉઠે છે એ ઉદયભાવ છે, એનાથી આત્મા જણાતો નથી. અગોચર છે. એનાથી અગોચર, એક વાત. ઉપશમભાવ. ઉપશમભાવના આશ્રયથી જણાતો નથી. ઉપશમભાવથી જણાય છે, પણ ઉપશમભાવના આશ્રયથી નથી જણાતો. સમજાણું કાંઈ? અહીં તો ચાર ભાવથી અગોચર છે એમ કહે છે. ઉદયભાવ, ઉપશમભાવ, ક્ષયોપશમભાવ અને ક્ષાયિકભાવ. ક્ષાયિકભાવથી પણ અગોચર છે. અગોચરનો અર્થ, ચાર ભાવાંતરો. ભાવાંતર એટલે પોતાનું જે સ્વરૂપ–ભાવ છે, પરમપારિણામિક જ્ઞાયકભાવ છે, એનાથી ભાવાંતર. એ ભાવથી ચાર અનેરા ભાવ. આહાહા..! સમજાણું કાંઈ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભાવાંતરનો અર્થ શું કર્યો? કે પોતાનો જે ત્રિકાળ સ્વભાવભાવ છે, એનાથી અન્યભાવ. એ અન્ય-બીજા છે. એને અહીંયા ચાર ભાવાંતર, પોતાના ભાવથી અનેરા ભાવ કહ્યા. એ ચાર ક્ષાયિકભાવ. ક્ષાયિક-સમકિત ચોથે ગુણસ્થાને હોય તો પણ અહીં તો કહે છે કે એ ક્ષાયિક સમકિતના આશ્રયથી અગમ્ય છે. ક્ષાયિક સમકિત, ક્ષાયિકભાવથી અગમ્ય છે એમ કહેવાનો અર્થ આ છે. ક્ષાયિકભાવથી અગમ્ય છે એમ કહેવાનો અર્થ આ, કે ક્ષાયિકભાવના આશ્રયથી આ ગમ્ય નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આવી વાતું! કહો, 'અભયકુમારજી'! આ અભયની વાત છે. આત્મા અભય છે.

કહે છે, એ ચાર ભાવથી અગોચર છે. એક બાજુ એમ કહે કે સમ્યગ્દૃષ્ટિને ગોચર છે, ગમ્ય છે. એ આગળ કહેશે. સમ્યગ્દૃષ્ટિને ગમ્ય છે કે આત્મા કેવો છે. અહીં કહે છે કે સમ્યગ્દૃષ્ટિની પર્યાય છે એ તો ક્ષયોપશમ, ક્ષાયિક આદિ છે. એનાથી અગોચર છે. એટલે કે એના આશ્રયથી ગમ્ય નથી. આશ્રય તો પરમ સ્વભાવનો આશ્રય કરવાથી ગમ્ય છે. આવી વાતું હવે. આવો ઉપદેશ. છે કે નહિ આ? અહીંનું પુસ્તક છે?

મુમુક્ષુઃ– પર્યાયનું સામર્થ્ય...

ઉત્તર :– પર્યાયનું સામર્થ્ય નથી? પર્યાયનું લક્ષ કરવાથી વિકલ્પ ઉત્પન્ન થાય છે. એ અપેક્ષાથી ચાર ભાવથી અગમ્ય છે. નહિતર ઉપશમભાવ, ક્ષયોપશમભાવ અને ક્ષાયિકભાવથી ગમ્ય છે. સમ્યગ્દર્શનથી તો ગમ્ય છે, તો સમ્યગ્દર્શન ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક છે. તેનાથી તો ગમ્ય છે. પણ અહીં કહેવાનો આશય એમ છે કે એ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકના આશ્રયથી ગમ્ય નથી. માટે ચાર ભાવથી અગોચર છે એમ કહેવામાં આવ્યું. સમજાણું કાંઈ? પુસ્તક છે કે નહિ? આહાહા..!

**'ઔદયિક આદિ ચાર ભાવાંતરોને...'** નીચે લખ્યું છે. **'ભાવાંતર = અન્યભાવો.'** ભાવાંતર છે ને? અન્ય ભાવ એટલે પોતાનો પારિણામિક ત્રિકાળી સ્વભાવ જ્ઞાયક, એનાથી ચાર અન્ય ભાવ છે. ચારે ભાવ અન્ય છે. જેમ સાત તત્ત્વને પરદ્રવ્ય કહ્યા, તેમ આ ચાર ભાવ પણ નિશ્ચયથી પરદ્રવ્ય છે. આહાહા..! એ સાત તત્ત્વમાં આવી ગયું. આહાહા..! **'ભાવાંતર = અન્ય ભાવો.'** પોતાનો ત્રિકાળી જ્ઞાયકભાવ, પ્રભુ! તેનાથી આ ચાર અન્ય ભાવ છે. એ ભાવાંતરની વ્યાખ્યા થઈ. **'[ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક – એ ચાર ભાવો પરમપારિણામિકભાવથી અન્ય હોવાને લીધે...'** પરમપારિણામિક જ્ઞાયકભાવ જે છે, એનાથી આ ચાર ભાવ અન્ય છે. આહાહા..! દ્રવ્ય સ્વભાવ જે શુદ્ધ ચિદાનંદ પ્રભુ છે એ ભાવથી પણ આ ક્ષાયિકભાવ અન્ય છે. આહાહા..! આવી વાત! વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માની આ વાણી છે. લોકોને એકાંત લાગે. લોકો કહે એ.. 'સોનગઢ'નું એકાંત છે. પ્રભુ! તારી ચીજની તને ખબર નથી, પ્રભુ! આહાહા..! એકાંત છે. વ્યવહારથી ના પાડે છે કે વ્યવહારથી થતું નથી. સિદ્ધાંતમાં લેખ છે કે વ્યવહાર સાધક છે અને નિશ્ચય સાધ્ય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. એ તો વ્યવહારનું જ્ઞાન કરાવ્યું છે, પ્રભુ! સાધક તો પોતાના રાગથી ભિન્ન થઈને અનુભવ થયો તે સાધક છે. એમાં રાગ બાકી છે એને ઉપચારથી સાધક કહીને કથન કર્યું છે. આહાહા..! 'જ્યાસેનાચાર્ય'ની ટીકામાં ઘણું આવે છે. 'સમયસાર'માં 'જયસેનાચાર્ય'ની ટીકા છે ને? વ્યવહાર સાધન-નિશ્ચય સાધ્ય એ ટીકામાં ઘણું આવે છે. એ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં લીધું છે. નિશ્ચયાભાસ. નિશ્ચય અને વ્યવહાર બે ભાવમાં. એને વ્યવહાર કેમ કહ્યો? કે જ્ઞાન કરાવવા માટે. જ્ઞાન કરાવવા માટે વ્યવહાર છે. છે તો હેય. પણ એનું જ્ઞાન કરવું છે કે નહિ? જાણવું તો છે કે નહિ? આહાહા..! ભલે રાગ હોય. પણ જાણવું તો જોઈએ કે નહિ આ જ્ઞાનથી ભિન્ન ચીજ છે. એવું જ્ઞાન કરવું છે કે નહિ? શ્રદ્ધાનો આશ્રય ભલે નથી. આહાહા..!

એ **'ચાર ભાવાંતરોને અગચોર...'** એટલે કે ચારભાવથી.. નીચે લખ્યું ને? **'તેમને ભાવાંતરો કહ્યા છે. પરમપારિણામિકભાવ જેનો સ્વભાવ છે એવો કારણપરમાત્મા આ ચાર ભાવાંતરોને અગોચર છે.'** કારણપ્રભુ, સમ્યગ્દર્શનનું કારણ ભગવાન એ ચાર ભાવના આશ્રયથી અગમ્ય છે. ચાર ભાવથી અગમ્ય છે એ શબ્દ લેવાનો અર્થ આ છે. ચાર ભાવના આશ્રયથી અગમ્ય છે. એ તો ત્રિકાળી સ્વભાવનો આશ્રય કરવાથી ગમ્ય છે. સમજાણું કાંઈ? આવી વાત છે. આહાહા..!

**'(કારણપરમાત્મા)...'** આહાહા..! અહીં ત્રિકાળી આત્માને કારણપરમાત્મા કહ્યો છે. કારણપરમાત્મા. કેમ કે એના આશ્રયથી કાર્ય થાય છે. સમજાણું કાંઈ? એ પણ પ્રશ્ન થયો હતો. 'વીરજીભાઈ'નો દીકરો છે ને? 'ત્રિભુવનભાઈ' 'રાજકોટ'. મહારાજ! આ કારણ પરમાત્મા.. કારણપરમાત્મા કહો છો તો કારણનું કાર્ય તો આવવું જોઈએ. એમ પ્રશ્ન થયો હતો. આત્માને કારણપરમાત્મા કહો છો પણ કાર્ય તો આવતું નથી તો કારણપરમાત્મા કઈ રીતે? પણ પ્રભુ! કારણપરમાત્મા છે, એ જેની પ્રતીતિમાં આવ્યું એને કારણપરમાત્મા છે. પ્રતીતિમાં આવ્યો નથી એને કારણપરમાત્મા ક્યાં છે? એ તો પર્યાય અને રાગ છે. પ્રતીતિમાં આવ્યું કે ભગવાન આવો છે એને કારણપરમાત્મા કહે છે. તો કારણપરમાત્મા પ્રતીતિમાં આવ્યો તો તેને સમ્યગ્દર્શન કાર્ય થયા વગર રહે નહિ. સમજાણું કાંઈ? એ ચાર ભાવથી અગમ્ય છે. એ કેવો છે એ વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## પ્રવચન નં. ૩૫, ગાથા-૩૮ રવિવાર અષાઢ વદ ૧૫, તા.૧૦-૦૮-૧૯૮૦

'નિયમસાર' ૩૮મી ગાથા. મુખ્ય વાત છે. એક કોર ભગવાનઆત્મા અને એક કોર પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞાન આદિ. એ પર્યાય ખરેખર આત્મા નથી. આહાહા..! જે આત્મા અહીંયા ઉપાદેય તરીકે કહેવામાં આવ્યો છે, એ આત્મા તો પર્યાય વિનાનો છે. એ આવ્યું ને? જુઓ! **'સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે–'** આહાહા..! જ્ઞાયકભાવ એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના સર્વાર્થસિદ્ધિની ગમે તે પર્યાય અંદર હોય, પણ દ્રવ્ય તો નિરાવરણ ત્રિકાળી શુદ્ધ છે. એ દ્રવ્યને અહીંયા સ્વદ્રવ્ય કહ્યું છે. અને **'સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે–એવા આત્માને 'આત્મા' ખરેખર ઉપાદેય છે.'** ઉપાદેય કરે છે પર્યાય, પણ ઉપાદેય છે તો દ્રવ્ય. સમજાણું કાંઈ? આહાહા..!

ફરીને. ત્રિકાળી સ્વભાવ જે ભગવાન પૂર્ણાનંદ પ્રભુ! એ ઉપાદેય આદરણીય સ્વીકાર કરવા લાયક છે. પણ સ્વીકાર કરે છે કોણ? પર્યાય. કેમ કે ધ્રુવમાં આદર કરવો કે સ્વીકાર કરવો કે પરિણમન કરવું એ એનો સ્વભાવ નથી. એ તો ત્રિકાળી ભગવાન ધ્રુવ છે. જેને પર તરફનું બધું લક્ષ છુટી ગયું છે અને માત્ર આત્મા જ જેને દૃષ્ટિમાં આવ્યો છે, એવા આત્માને એ આત્મા ઉપાદેય છે. આહાહા..! સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્ર પણ ઉપાદેય નથી. આહાહા..! સર્વજ્ઞ ભગવાન 'પ્રવચનસાર'ની ૮૦ ગાથામાં એમ કહે કે, **'जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं'** જે અરિહંતના દ્રવ્ય, ગુણ અને પર્યાય જાણે, **'सो जाणदि अप्पाणं'** એ તો નિમિત્તથી એક કથન છે. સમજાણું કાંઈ?

પરદ્રવ્યનું, દ્રવ્ય, ગુણ, પર્યાયનું જ્ઞાન એ તો પરલક્ષી રાગ છે. અરે..! 'નિયમસાર'માં આવશ્યક અધિકારમાં પણ એમ આવ્યું છે કે પોતાના દ્રવ્ય-ગુણ અને પર્યાય એ ત્રણના વિચાર કરે છે એ પણ પરાધિન છે. આહાહા..! ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાય જાણવા એ તો નિમિત્તથી વાત છે. એ તરફનું લક્ષ છોડીને... પાઠ તો એમ છે કે **'जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं। सो जाणदि अप्पाणं'** પણ એવો આત્મા લીધો છે કે અરિહંતનો, સર્વજ્ઞપણાનો જેને અંતરમાં પરલક્ષી જ્ઞાનમાં યથાર્થ નિર્ણય થયો... પરલક્ષી જ્ઞાન.. આહાહા..! એ પોતાનું સ્વલક્ષ કરવા માટે લીધું છે કે જેવા સર્વજ્ઞ છે એવો જ હું છું. મારો સ્વભાવ જ સર્વજ્ઞ સર્વ-જ્ઞ (છે). પોતાને અને પરને જાણવાનો મારો ત્રિકાળ સ્વભાવ છે. એ ત્રિકાળ સ્વભાવનું પણ 'નિયમસાર'માં (શુદ્ધ)ઉપયોગ અધિકારમાં કહ્યું છે, એ ત્રિકાળ સ્વભાવ પણ સ્વ-પરને પૂર્ણ જાણે છે. જાણવાનો અર્થ કે એની શક્તિ એવી છે. સમજાણું કાંઈ? જાણે છે એ તો પર્યાય છે. એ પર્યાયમાં જાણવાલાયક, આદરવાલાયક ચીજ શું છે? આત્મા જે ત્રિકાળી શુદ્ધ પ્રભુ... આહાહા..! પર્યાયને પૂર્ણ (સ્વભાવમાં) ઢાળવી, પૂર્ણ સ્વરૂપમાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પર્યાયને ઢાળવી એ આત્મા ઉપાદેય કહેવામાં આવ્યો છે. આહાહા..! હવે આવી વાતું લોકોને ... બાપુ! માર્ગ તો એવો છે, ભાઈ! આહાહા..!

**'એવા આત્માને 'આત્મા' ખરેખર ઉપાદેય છે.'** આહાહા..! જેનું બધું પરલક્ષ છૂટી ગયું, નિમિત્તનું તો છૂટી ગયું, રાગનું લક્ષ છુટી ગયું પણ પર્યાયનું લક્ષ પણ છુટી ગયું, એવી પર્યાયમાં ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદનું નિધાન ખાણ, એવો આત્મા ઉપાદેય છે. આહાહા..! એ આત્મા સમ્યગ્દર્શન જ્ઞાનમાં ઉપાદેય જાણ્યો, એ પણ પર્યાય છે, તેને પણ અહીંયા તો પરદ્રવ્ય કહેવામાં આવ્યું છે. ઝીણી વાત છે, ભાઈ! કેમ કે જેમ પરદ્રવ્યમાંથી નવી પર્યાય નથી આવતી, એ રીતે ત્રિકાળના આશ્રયથી સંવર, નિર્જરા મોક્ષનો માર્ગ ઉત્પન્ન થયો, પણ એમાંથી નવી શુદ્ધિની પર્યાય નથી આવતી, પર્યાયમાંથી શુદ્ધિની પર્યાય નથી આવતી. દ્રવ્યમાંથી આવે છે તો પર્યાયને પરદ્રવ્ય કહીને ત્રિકાળીને સ્વદ્રવ્ય કહ્યું. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ!

એ આત્મા **'ઔદયિક આદિ ચાર ભાવાંતરોને અગોચર હોવાથી...'** આહાહા..! પ્રભુ! એ ઉદયભાવ જે છે, દયા, દાન, વ્રત, ભક્તિ, વિનય આદિ વિકલ્પ જે છે, એ ઉદયભાવ છે, એ ઉદયભાવથી તો અગમ્ય છે. એના આશ્રયથી તો નહિ પણ એનાથી પણ આત્માનો ખ્યાલ નથી આવતો. હવે ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક રહ્યા, એ છે તો નિર્મળ પર્યાય, એના આશ્રયથી ખ્યાલમાં નથી આવતો. એ કારણે ચાર ભાવથી આત્મા અગમ્ય અને અગોચર કહેવામાં આવ્યો છે. છતાં સમ્યગ્દષ્ટિના ઉપશમભાવ અને ક્ષયોપશમભાવમાં ગોચર થાય છે. એ ચાર ભાવથી અગોચર કહ્યું, અગમ્ય કહ્યું.

મુમુક્ષુ :– આશ્રયની અપેક્ષાથી.

ઉત્તર :– આશ્રયની અપેક્ષાથી. આહાહા.. એ તો **'भूदत्थ मस्सिदो'** જે અગિયારમી ગાથા છે એનું વિશેષ સ્પષ્ટીકરણ છે. મૂળ ગાથા ૧૧મી છે એ આખા જૈનદર્શનનો પ્રાણ છે. આહાહા..! એક સમયમાં અનાદિઅનંત જે ભૂતાર્થ ચીજ છે એમ કહેવું પણ ઠીક છે. વર્તમાનમાં જે પૂર્ણ છે... આહાહા..! એ જ આત્મા ચાર ભાવથી અગમ્ય છે એટલે? ચાર ભાવના આશ્રયથી ગમ્ય નથી થતો. ક્ષાયિકભાવના આશ્રયથી ગમ્ય નથી થતો. આહાહા..! છતાં સમ્યગ્દષ્ટિને ગમ્ય છે. એનો અર્થ કે ત્રિકાળીનો આશ્રય લીધો છે. સમ્યગ્દર્શનની પર્યાયનો આશ્રય નથી લીધો. જે દષ્ટિએ ઉપાદેય તરીકે સ્વીકાર્યું છે એ દષ્ટિનો આશ્રય નથી લીધો. સમજાણું કાંઈ? આહાહા..!

જે ભગવાન પૂર્ણ પરમાત્મા... લ્યો! આ તમારા પરમાત્મા યાદ આવ્યા. આ લઈ ગયા ઇન્ટરવ્યુ. વાંચી ગયા છે. દસ પાના છે. વાંચ્યા છે. આ પરમાત્મસ્વરૂપ, એક સમયની પર્યાય એનો આદર કરે છે પણ એ પર્યાયનો આશ્રય કરવાલાયક નથી. આહાહા..! આવી વાત આકરી લાગે. વળી 'સોનગઢ'વાળાએ નવું કાઢ્યું એમ કહે છે. નવું નથી, પ્રભુ! આ તો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અનાદિનો માર્ગ છે. અનાદિના અનંત તીર્થંકરો, અનંત સર્વજ્ઞનો આ માર્ગ છે. ભરતક્ષેત્રમાં પ્રભુનો, તીર્થંકરનો, સર્વજ્ઞનો વિરહ પડ્યો. એમનો તો વિરહ પડ્યો પણ કેવળજ્ઞાનનો વિરહ પડી ગયો. વિરહનો અર્થ કે પોતામાં કેવળજ્ઞાન ઉત્પન્ન થાય એનો પણ વિરહ પડ્યો. આહાહા..! પોતામાં. ભગવાન તો ભલે ભગવાન પાસે રહ્યા. એમનો તો અહીંયા વિરહ છે પણ કેવળજ્ઞાન ઉત્પન્ન થવાનો વિરહ થઈ ગયો. પણ કેવળજ્ઞાનની પર્યાયથી પણ નજીકની સમ્યગ્દર્શનની પર્યાય, એમાં આત્મા ગમ્ય થઈ જાય છે. આહાહા..! અંદર ભગવાન પૂર્ણાનંદનો નાથ, એનો વિરહ નથી. સમજાણું કાંઈ?

અહીં તો એમ વાત લીધી છે. દિગંબર સંતો તો વાત કરે છે, કોઈ સમ્યક્‌થી ભ્રષ્ટ થાય છે, નવા કર્મ બાંધે એવી વાત કરે. છતાં મૂળ વાત તો એવી કહે છે કે જેણે આ ભગવાનઆત્મા વર્તમાન પર્યાયમાં અંદર ઢળીને જે અનુભવ કર્યો, એ અનુભવ સમ્યગ્દર્શન અને જ્ઞાન-દર્શન-ચારિત્ર ત્રણ સાથે છે. અનુભવ, લક્ષ, પ્રતીત. એવા ત્રણ બોલ ‘શ્રીમદ્’માં છે. ‘આત્મસિદ્ધિ’માં. સમજાણું કાંઈ? અનુભવ, લક્ષ, પ્રતીત. લક્ષ એ જ્ઞાન છે, પ્રતીત એ શ્રદ્ધા છે, અનુભવ એ આનંદનું આચરણ છે. છે ને? ‘આત્મસિદ્ધિ’માં છે. એમાં કેટલીક વાત તો ‘શ્રીમદે’ ઘણી ઊંચી કરી છે. ફક્ત એક શ્વેતાંબર અને દિગંબરની ભિન્નતા બહાર આવી નહિ. એમણે છેલ્લે છેલ્લે તો બહાર કરી નાખી. સત્‌શાસ્ત્રના નામે શ્વેતાંબરનું એક પણ શાસ્ત્ર નથી. પણ એના ભક્તોને છોડતા મુશ્કેલી પડે છે. શ્વેતાંબરનો આશ્રય (છોડી શકતા નથી). શ્વેતાંબર પણ છે. દિગંબર પણ છે અને શ્વેતાંબર, બે જૈન છે. એ વાત ખોટી છે. સમજાણું કાંઈ? અહીંયા તો દિગંબરમાં પણ જે વાત છે એ ત્રિકાળીના આશ્રયથી સમ્યગ્દર્શન થાય છે એમ ન માનતા દયા, દાન અને વ્યવહાર કરતા કરતા ધર્મ થશે એ પણ જૈન નથી. સમજાણું કાંઈ? આ તો વસ્તુનું સ્વરૂપ છે.

ભગવાનઆત્મા દેહ-દેવળમાં અમૃતના પૂર ભર્યા છે. અતીન્દ્રિય અમૃત મધુર સ્વાદથી ભરેલો છે. આહાહા..! પૂર્ણ સ્વરૂપ છે. જેમ કળશો હોય છે ને? શું કહે છે કળશાને? લોટા. લોટા-લોટા. બહારની ભાષા ભૂલી જવાય છે. લોટા-લોટા. લોટામાં પાણી ભર્યું છે એ પૂરેપૂરું ભર્યું છે. એમ આ લોટા જેવો દેહ છે. જુઓ! એ દેહમાં ભિન્ન ભગવાન અમૃતના પૂરથી પૂર્ણ ભરેલો છે. આ દેહ પણ કળશ જેવો છે ને? જુઓ! આ માથું ઉપરના લોટા જેવો ભાગ છે.

એકવાર શાસ્ત્રમાંથી કહ્યું હતું. ત્રણ પ્રકારના વિગ્રહ શરીર કહ્યા છે. ત્રણ પ્રકારના શરીર. એક ત્રિકાળી આનંદકંદ પ્રભુ, એ જ્ઞાનશરીર છે. સમજાણું કાંઈ? એક પુણ્ય-પાપના વિકલ્પનો સમૂહ એ વિકારશરીર છે. વિગ્રહં. એને વિગ્રહ કહ્યો છે. વિકારને વિગ્રહ કહ્યો છે. જ્ઞાનસ્વરૂપને વિગ્રહ કહ્યું છે અને આ શરીર તો વિગ્રહ છે જ. સમજાણું કાંઈ? શરીર વિગ્રહ છે એનાથી પણ રહિત છે. અને પુણ્ય-પાપના અસંખ્ય પ્રકારના વિકલ્પ થાય છે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ પણ વિગ્રહ છે. શરીર છે. વિકારરૂપ એક શરીર છે. સ્વરૂપ છે. એનાથી પણ ભગવાન જ્ઞાન-વિગ્રહં ભિન્ન છે. એ પૂર્ણ ભર્યો છે, એને ચાર ભાવથી અગમ્ય કહ્યો. અર્થાત્ ચાર ભાવના આશ્રયથી ઉત્પન્ન નથી થતું. આહાહા..! એ ત્રિકાળી નાથનો આશ્રય લેવાથી (ઉત્પન્ન થાય છે) પરમાત્મસ્વરૂપ ભગવાનઆત્મા છે, પણ વિશ્વાસ બેઠવો કઠણ પડે, ભાઈ! બે બીડી સરખી પીવે ત્યારે પાયખાને જંગલ ઉતરે. એટલા અપલખણ. હવે એને આમ કહેવું... આહાહા..!

ભગવાન તો એમ કહે છે કે જે છ આવશ્યક કરે છે ને? એ શુભભાવના આવશ્યક કરનાર પણ ધર્મ નથી. એ પરવશ છે, સ્વતંત્ર નથી. આહાહા..! છ આવશ્યક વ્યવહાર છે ને? એ આવશ્યકનું પરિણામ આવે છે. ભગવાનના શ્રીમુખેથી નીકળેલી વાત છે. એ મુખારવિંદથી છ આવશ્યકની વ્યાખ્યા આવે છે, એ આગમમાં રચના છે. પણ એ છ આવશ્યકનો વ્યવહાર ભાવ જે છે, એ પણ પરવશ છે. એ પ્રાણી પરવશ છે, પરાધિન છે, સ્વતંત્ર સ્વવશ નથી. આહાહા..! અહીંયા તો ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ, જ્ઞાનનો પૂંજ છે. એ પૂર્ણનો આશ્રય લેવાથી આવશ્યક નામ જે ક્રિયા આવશ્યક કરવા લાયક છે એ ક્રિયા એ છે, અવશ્ય કરવા લાયક તો એ છે. આહાહા..!

ત્યાં ('પ્રવચનસાર'ની) ૮૦મી ગાથામાં લીધું છે જેને અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન થાય છે તેને આત્માનું જ્ઞાન થાય છે એમ કહ્યું છે. એ નિમિત્તથી વ્યાખ્યા કરી છે. અહીંયા તો સ્વઆત્મા, એના ત્રણ ભાગનો વિચાર કરે કે આ દ્રવ્ય છે, આ ગુણ છે, પર્યાય છે. એ પણ વિકલ્પ અને રાગ અને પરવશ, પરાધિન દુઃખી છે. આહાહા..! આકરી વાત છે. ૮૦મી ગાથામાં તો પરદ્રવ્યની વાત કરી છે. અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે તે આત્માને જાણે. તો પરદ્રવ્યનું જ્ઞાન તો અનંતવાર કર્યું છે. સમજાણું કાંઈ? ભગવાનના સમવસરણમાં અનંતવાર ગયો છે અને સીધી દિવ્યધ્વનિ સાંભળી છે. મહાવિદેહમાં અનંતવાર જન્મ્યો. મહાવિદેહમાં તીર્થંકરનો વિરહ ક્યારેય હોતો નથી.

ત્રિકાળમાં ત્રિકાળને જાણનારનો વિરહ ક્યારેય હોતો નથી. શું કહ્યું? ત્રિકાળ જ્ઞેય છે તો ત્રિકાળમાં ત્રિકાળને જાણનારનો વિરહ ક્યારેય હોતો જ નથી. આહાહા..! જેમ ત્રિકાળ વસ્તુ છે એમ ત્રિકાળી જાણનાર પણ અનાદિથી છે. મનુષ્યક્ષેત્રમાં સર્વજ્ઞનો અભાવ કદી થતો નથી. આહાહા..! પણ એ સર્વજ્ઞનો વિરહ, દ્રવ્ય-ગુણ-પર્યાયનો નિર્ણય કર્યો, તો આત્માને જાણે છે એમ કહેવું એ પણ વ્યવહારથી કથન છે. આહાહા..! સમજાણું કાંઈ? પણ એ દ્રવ્ય-ગુણ અને પર્યાય જેવા ભગવાનને દેખે, એવી મારી ચીજ દ્રવ્ય પરિપૂર્ણ, ગુણ પરિપૂર્ણ છે, પર્યાયમાં અલ્પતા છે, એ પર્યાય દ્રવ્યનો આશ્રય કરે ત્યારે પર્યાય અને ગુણ અભેદ થઈને સમ્યગ્દર્શન થાય છે. ત્યારે અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન લક્ષમાં રહેતું નથી. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં એ કહે છે. કેમ? કે **'(કારણપરમાત્મા)...'** ભગવાનઆત્મા કારણપરમાત્મા.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહાહા..! કહ્યું હતું ને? હમણાં એક પ્રશ્ન આવ્યો હતો. 'વીરજીભાઈ'ના દિકરા આવ્યા હતા. 'વારિયા' ગુજરી ગયા. આ કાઠિયાવાડમાં દિગંબરનો અભ્યાસ પહેલો વહેલો 'વીરજીભાઈ'ને હતો. ઘણાં વર્ષ થયા. 'જામનગર'માં 'વીરજી વકીલ' હતા. એ તો ૯૦-૯૧ વર્ષની વયે ગુજરી ગયા. એમના એક દીકરા છે. 'ત્રિભુવનભાઈ'એ પ્રશ્ન કર્યો, મહારાજ! કારણપરમાત્મા કહો છો. કારણપરમાત્મા કહો છો, તો કારણ હોય તો કાર્ય તો હોવું જ જોઈએ. આ કારણપરમાત્મા છે ને?

કારણપરમાત્મા–ત્રિકાળી ભગવાનઆત્મા–એક સમયની પર્યાયથી ભિન્ન. આહાહા..! એવો કારણપરમાત્મા સ્વરૂપ ભગવાન! એને કારણ કહ્યું તો કાર્ય હોવું જોઈએ. પ્રભુ! કારણ પૂર્ણાનંદ છે એ પ્રતીતિ કોને આવી? જેને પ્રતીતિ આવી એને કારણપરમાત્મા છે. જેને પ્રતીતિ નથી થઈ એને તો વિકલ્પ અને પર્યાયની પ્રતીતિ છે ત્યાં કારણ વસ્તુ પૂર્ણાનંદના નાથની તો પ્રતીતિ નથી. સમજાણું કાંઈ? માર્ગ બહુ મુશ્કેલ છે, બાપુ! આહાહા..! પણ એની પોતાની વસ્તુ છે. સતત સુલભ છે, એમ પણ કહ્યું છે. નિરંતર સુલભ પ્રભુ અંદર છે. આહાહા..! ભગવાન બિરાજે છે. તારી નજર (ત્યાં નથી). અન્યમતમાં કહે છે. 'મારી નજરને આળસે... રે મેં નિરખ્યા ને નયણે હરિ' હરિ એટલે આત્મા. 'પંચાધ્યાયી'માં કહ્યું છે, હરતે ઇતિ હરિ. જે મિથ્યાત્વ અને દોષનો નાશ કરે એ હરિ, એ ભગવાનઆત્મા, એને અહીં હરિ કહે છે. એ હરિ 'નયનની આળસે રે..' નયનની આળસે. જ્ઞાનનેત્ર તો છે, પણ એ જ્ઞાનનેત્રે પર ઉપર લક્ષ કરીને જ્ઞાન કર્યું પરપ્રકાશક. તો એ પરપ્રકાશકજ્ઞાન પર્યાયનો સ્વભાવ નથી. સ્વભાવ તો સ્વપરપ્રકાશક છે. છતાં એકલું પરનું જ્ઞાન કર્યું, તેમાં સ્વ ભગવાન આવ્યો નહિ માટે એ પરપ્રકાશકજ્ઞાન મિથ્યા છે. સમજાણું કાંઈ? આહાહા..!

એ 'સમયસાર'ની ૧૭મી ગાથામાં કહ્યું છે ને? પહેલામાં પહેલું પ્રભુ! શું કરવું? તો 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે, પહેલામાં પહેલા આત્માને જાણવો. ત્યાં આગળ પહેલા વિકલ્પથી નિર્ણય કરવો, નય-નિક્ષેપથી નિર્ણય કરવો. જેમ ૧૩મી ગાથામાં આવ્યું છે, ૭૩મી ગાથામાં આવ્યું છે. નિર્ણય કરવો, પછી વિકલ્પ છોડીને અનુભવ કરવો. ત્યાં ૧૭મી ગાથામાં તો સીધી વાત કરી. પ્રથમ **'तावत्'** પહેલો આત્મા જાણવો. આહાહા..! આત્માને જાણવો એમ કહ્યું. ત્યાં એમ કહ્યું છે, કે પોતાના જ્ઞાનની પર્યાયમાં અનાદિથી આત્મા જણાઈ રહ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? કેમ કે જ્ઞાનની પર્યાયનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે. તો સ્વપ્રકાશક એની જ્ઞાન-પર્યાયમાં આવે તો છે, પણ એની નજર ત્યાં નથી. આહાહા..!

શું કહ્યું? ૧૭મી ગાથામાં. કે જ્ઞાનની જે પર્યાય છે, તો જ્ઞાનની પર્યાયમાં અજ્ઞાનીને પણ આત્મા જાણવામાં આવે છે. કેમ કે જ્ઞાનની પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક હોવાથી સ્વપ્રકાશક એમાં આવે છે. અનાદિ અજ્ઞાનીના જ્ઞાનમાં પણ સ્વપ્રકાશક જાણવામાં આવે છે. એમ કહે છે. આહાહા..! છતાં એની નજર પર્યાય અને રાગ ઉપર હોવાથી પર્યાયમાં જણાવા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છતાં જાણવામાં આવતો નથી. શું કીધું સમજાણું કાંઈ? પર્યાયનો ધર્મ, જ્ઞાનની પર્યાયનો સ્વભાવ છે. 'સ્વપરપ્રકાશક શક્તિ હમારી, તાતૈ વચન ભેદ ભ્રમ ભારી. જ્ઞેયશક્તિ દુવિધા પ્રકાશી નિજરૂપા પરરૂપા ભાસી.' નિજ અને પરને જાણવું એ જ્ઞાનની પર્યાયનું સ્વરૂપ જ એવું છે. અજ્ઞાનીની જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય આટલું છે. આહાહા..! પણ આવી જ્ઞાનની પર્યાયમાં આત્મા જાણવામાં આવે છે છતાં નજર એ બાજુ નથી. નજરમાં રાગ અને પર્યાયની નજરમાં પર્યાયમાં દ્રવ્ય જાણવામાં આવે છે એ બધું રોકાઈ ગયું. આહાહા..! શું કીધું, સમજાણું કાંઈ?

પર્યાયમાં રાગથી નહિ, રાગમાં નહિ. જ્ઞાનની પર્યાયમાં ભગવાન ત્રિલોકનાથ અહીં આત્મા જે કહે છે એ એનો સ્વભાવ છે માટે જ્ઞાનમાં તો આવે છે. આવે છે છતાં એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર નથી, તેની દૃષ્ટિ પર્યાય ઉપર હોવાથી પર્યાયને જ જાણે છે. પર્યાયમાં દ્રવ્ય જાણવામાં આવે છે એ વાત ભૂલી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ! વીતરાગ માર્ગ અલૌકિક છે. આ કાંઈ સાધરણ માણસનું કામ નથી. આહાહા..!

અહીં એ કહે છે. **'(કારણપરમાત્મા) દ્રવ્યકર્મ,...'** જડ. જ્ઞાનાવરણીય આદિ જડકર્મથી રહિત પ્રભુ છે. ભાવકર્મ અને દયા, દાનના વિકલ્પથી તો પ્રભુ ભિન્ન છે. આહાહા..! અંદરમાં ત્રિકાળી પ્રભુ ભિન્ન છે. દયા, દાન, ભગવાનની ભક્તિ, જે ભાવથી તીર્થંકરગોત્ર બંધાય, એ ભાવ ભાવકર્મ છે તેનાથી પણ પ્રભુ તો રહિત છે. આહાહા..! આવા પૂર્ણાનંદ આત્માની પ્રતીતિ અંદરમાં આવવી... આહાહા..! અને પ્રતીતિ થઈને અંદર અનુભવવામાં આવવું. આહાહા..! પ્રતીતિ વ્યવહાર કહ્યું. સમજાણું કાંઈ? એ દ્રવ્યકર્મથી રહિત છે, ભાવકર્મથી રહિત છે **'અને નોકર્મરૂપ ઉપાધિથી જનિત વિભાવગુણપર્યાયો વિનાનો છે,...'** આહાહા..!

ખરેખર તો રાગથી વિભાવથી તો રહિત છે પણ મતિ અજ્ઞાન આદિને પણ વિભાવગુણ પર્યાય કહી છે. અરે..! 'નિયમસાર'માં પહેલા શરૂઆતમાં ઉપયોગના અધિકારમાં તો સમ્યક્ મતિજ્ઞાનને પણ વિભાવગુણ પર્યાય કહ્યું છે. એનાથી પણ રહિત છે. જે મતિજ્ઞાનમાં... આહાહા..! સ્વ જાણવામાં આવ્યો પણ એ મતિજ્ઞાનથી પણ વસ્તુ રહિત છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત છે.

મતિજ્ઞાન એ સમ્યક્‌જ્ઞાનનો અંશ છે, કેવળજ્ઞાનનો એ અંશ છે. એકવાર એ પણ પ્રશ્ન થયો હતો કે કેવળજ્ઞાનનો અંશ ક્યાં છે? એ ખોટું છે. કેમ કે કેવળીને તો ચારઘાતિનો નાશ કરીને પૂર્ણ કેવળજ્ઞાન થાય છે. એનો અંશ નીચે હોતો નથી. મોટી ચર્ચા ચાલી હતી. ... કે તમે કેવળજ્ઞાનનો અંશ કેમ કહો છો? મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન સમ્યગ્જ્ઞાન છે, એ કેવળજ્ઞાનનો અંશ છે. તો કેવળજ્ઞાન તો ઘાતિકર્મનો નાશ કરીને પૂર્ણ થાય છે. તો શું આ પૂર્ણનો અંશ છે? હા. સમજાણું કાંઈ?

'જયધવલ'માં એક પાઠ આવ્યો છે, કે એક સ્તંભ છે, સ્તંભ. સ્તંભમાં હાસિયા હોય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે ને? એક હાસિયો જોવાથી આખો અવયવી છે એનો એ અવયવ છે. આખા સ્તંભનો એક હાસિયો જોવાથી, આખો સ્તંભ અવયવી છે. એની હાસ હોય છે ને? તમારે શું શબ્દ છે? ભાગ. એક ભાગ. એક ભાગ જોવે છે એ અવયવ છે. જે એને જોવે છે એ અવયવીને પણ જોવે છે. આહાહા..! એમ મતિજ્ઞાનને પણ યથાર્થ જોવે છે, તો એ મતિજ્ઞાન પણ કેવળજ્ઞાનનો અંશ છે, અવયવીનો અવયવ છે. તો મતિજ્ઞાનમાં પણ કેવળજ્ઞાનની યથાર્થ પ્રતીતિ થાય છે. આહાહા..! અને કેવળજ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય છે, એ સર્વજ્ઞ સ્વભાવમાંથી ઉત્પન્ન થાય છે. તો જેને મતિજ્ઞાનમાં યથાર્થ આવ્યું, તેને સર્વજ્ઞ સ્વભાવી આત્માની પણ પ્રતીતિ થઈ ગઈ. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત, બાપુ! આહાહા..! વીતરાગનો માર્ગ અલૌકિક છે. લોકોએ તો લૌકિક જેવો બનાવી દીધો છે. આ તો અલૌકિક વાતું છે. એ એમ કહે છે, જુઓ!

**'(કારણપરમાત્મા) દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મરૂપ ઉપાધિથી જનિત વિભાવગુણપર્યાયો...'** તો મતિજ્ઞાનને પણ વિભાવગુણપર્યાય કહ્યું છે. સમજાણું કાંઈ? રાગથી તો ભિન્ન છે પણ મતિજ્ઞાન વિભાવગુણપર્યાયથી પણ પ્રભુ તો ભિન્ન છે. આહાહા..! સમજાણું કાંઈ? **'ઉપાધિથી જનિત...'** આહાહા..! **'વિભાવગુણપર્યાયો વિનાનો છે.'** કેમ કે મતિજ્ઞાનમાં પણ હજી જ્ઞાનાવરણીયનું નિમિત્તપણું છે અને પોતામાં હિનપણું પોતાથી છે. આવી હિનદશા છે, તેને ત્યાં વિભાવગુણપર્યાય કહ્યું છે. એનાથી ભગવાન રહિત છે. આહાહા..!

જે જ્ઞાનમાં વસ્તુ જણાય, મતિજ્ઞાનમાં વસ્તુ જણાય, એ વસ્તુ વિભાવગુણપર્યાયથી રહિત છે. આગળ છે. મતિજ્ઞાન આદિ ચારને વિભાવગુણપર્યાય કહ્યું છે. ઉપયોગમાં આવી ગયું છે. ૧૦-૧૧ ગાથામાં. મતિજ્ઞાનને પણ વિભાવગુણપર્યાય કહી છે. હવે જાણવામાં મતિજ્ઞાનથી આવે છે. સમ્યક્ મતિજ્ઞાન જ્યાં અંતરમાં ઢળે છે.... આહાહા..! પૂર્ણાનંદનો નાથ પ્રભુ જ્યાં બિરાજે છે એના તળમાં જાય છે, એના પાતાળમાં જાય છે. આ પાતળનો તો અંત છે. કહ્યું હતું ને? અહીંયા પાણીના પાતાળનો અંત છે. કેમ કે પાણી ગમે તેટલું ઉંડું હોય. આ દરિયો છે ને? ત્યાં કહ્યું નહોતું ? કે દરિયો બહુ ઉંડો લાગે છે. બહુ ઉંડો સમુદ્ર. પણ એ સમુદ્રના તળિયે તો નારકીનો એક હજાર યોજનનો પાસડો છે. સમજાણું કાંઈ? એ હજાર યોજનની નીચે નારકી છે. એટલે પાણીનો દરિયો કોઈક કહેતું હતું ફલાણે ઠેકાણે બહુ ઊંડો. આપણામાંથી કોઈ કહેતું હતું.

મુમુક્ષુ :– પ્રશાંત મહાસાગર...

ઉત્તર :– હા. એ કહેતા હતા. 'અમેરિકા'નો મહાસાગર બહુ ઊંડો.. બહુ ઊંડો કહે છે. તો પણ એની નીચે નારકીનું સ્થળ છે. તો પાતાળનો તો અંત આવી ગયો. અહીં તો પાતાળનો અંત લેનારી જે ચીજ છે, એ ચીજ અંદરમાં નથી. આહાહા..! આ પાતાળમાં તો અનંત-અનંતગુણ છે ને? તો પાતાળનો છેલ્લો અંત તો એમાં નથી. અનંત... અનંત...

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અનંત... અનંત... અનંત... ગુણ અનંતવાર કરો. અનંત ને અનંતવાર... અનંતવાર... અનંતવાર ગુણો. એક અનંતને એક અનંતે ગુણતા જે આવે, એને પાછા બીજા અનંતગુણા એમ અનંતવાર ગુણો તો પણ છેલ્લે આત્માના ગુણની સંખ્યા આવતી નથી. આહાહા..! એવું ઊંડું પાતાળ-તળ છે. પોતાની એક સમયની પર્યાયમાં અંતર આત્મા અંતરમાં તળ છે. પર્યાય એનો પત્તો પણ લે છે પણ એ પર્યાય વિભાવગુણપર્યાય હોવાથી અંતરમાં નથી. આહાહા..! આવી વાતું છે. હવે ઓલા (કહે), વ્રત કરો, અપવાસ કરો સહેલું સટ (હતું). દેવ દર્શન કરવા, મંદિર કરવું, હંમેશા ભગવાનની સ્તુતિ કરવી, રાડ પાડી પાડીને સ્તુતિ કરે, એ ભાષા તો જડ છે. અને સ્તુતિ કરવાનો વિકલ્પ એ તો રાગ છે. આહાહા..! આત્મામાં એ રાગનો તો અભાવ છે પણ મતિજ્ઞાનમાં જે આત્મા ખ્યાલમાં આવ્યો એ મતિજ્ઞાન વિભાવગુણપર્યાય છે. આહા..! છે?

**‘ઉપાધિથી જનિત...’** કહ્યું છે. જનિતનો અર્થ નિમિત્ત. એટલું કર્મ હજી નિમિત્ત છે ને? આહાહા..! ચાર ભાવને પણ આવરણસહિત કહ્યા છે. આમાં ચાર ભાવને આવરણસહિત (કહ્યા છે). આવરણસહિતનો અર્થ? કે આવરણ ઉદયમાં નિમિત્ત છે અને ત્રણમાં આવરણનો અભાવ છે, એટલી અપેક્ષા આવી તો એને આવરણસહિત કહ્યા છે. અને ત્રિકાળી પરમાત્મસ્વરૂપ સકળ ત્રિકાળ નિરાવરણ છે. આહાહા..! આવી વાત ક્યાંથી આવે છે? આ તો આખો દિ’ ભગવાનના દર્શન કરવા અને અથડા અથડ કરે, શું કહેવાય એ? બખબખીયા વગાડે અને ભગવાનની સ્તુતિ કરી, ભગવાનનું મંદિર બનાવ્યું, પાંચ લાખ ખર્ચ્યા, પચ્ચીસ લાખ ખર્ચ્યા. લ્યો, ‘આફ્રિકા’માં વીસ લાખનું મંદિર બને છે. બે હજાર વર્ષમાં ક્યારેય દિગંબર મંદિર નથી બન્યું. તો એમને કહ્યું, કે જુઓ ભાઈ! મંદિર તો મંદિરથી બને છે. તમારો ભાવ એ તો શુભભાવ છે. ધર્મ-બર્મ નથી. એ વ્યાખ્યાનમાં આવ્યા હતા. એક ‘રાયચંદભાઈ’ છે. ક્યાં ગયા ‘રામજીભાઈ’? ‘રામજી...’ એના ભાણેજ છે. દીકરા-દીકરી નથી. મા છે. બે લાખ અને બે હજાર તો મંદિરમાં શું કહેવાય એ? શીલાન્યાસ. શીલાન્યાસ વખતે બે લાખ અને બે હજાર આપ્યા. ‘આફ્રિકા’ ‘નાઈરોબી’. ‘રામજીભાઈ’ છે. નથી આવ્યા? ઓલી કોર ઓ..હો.. ઠેઠ બેઠા. એમના બહેનના દીકરા છે. બાયડી-ભાયડો બે જ છે અને મા છે. બસ. બાકી દીકરા-દીકરી નથી. ઘણાં પૈસા હશે. તો મંદિરનું મુહૂર્ત કર્યું. ‘નાઈરોબી’માં દિગંબર મંદિર. એ લોકો શ્વેતાંબર હતા. આઠ ઘર તો કરોડપતિ છે. અને બીજા પંદર-વીસ-પચ્ચીસ લાખવાળાના ઘર. આ અમારા ‘કિશોરભાઈ’ના ભાઈ આવ્યા છે ને. એની પાસે પણ ઘણાં પૈસા છે. ઘણાં લાખ છે. પણ એ કાંઈ પૈસાથી ધર્મ થાય છે અને મંદિર બનાવવાથી ધર્મ થાય છે (એમ છે નહિ). આહાહા..!

અહીં તો પ્રભુ એમ કહે કે વિભાવ મતિજ્ઞાન છે એનો પણ તારામાં અભાવ છે. તારામાં અભાવ છે તો એના આશ્રયથી તને અનુભવ કેમ થશે? આહાહા..! જેનો તારામાં અભાવ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે, એના આશ્રયથી ભાવ જ્ઞાનમાં કઈ રીતે આવે? આહાહા..! 'કપૂરચંદજી'! આ કપૂરની સુંગધ અંદર આવી છે. આહાહા..! ભગવાન અંદર આનંદનો નાથ **'વિભાવગુણપર્યાયો વિનાનો છે, તથા અનાદિ-અનંત...'** આહાહા..! એ તો આદિ અને અંત વિનાની ચીજ છે.. છે.. છે.. છે. જેની શરૂઆત નથી, જે સત્ છે એની આદિ શું? છે એની શરૂઆત શું? છે એની શરૂઆત કે આ થયું એમ ક્યાં છે? સમજાણું કાંઈ? આહાહા..!

એ અમારે 'પાલેજ'માં ચર્ચા થઈ હતી. (સંવત) ૧૯૬૫-૬૬ની વાત છે. 'પાલેજ'માં દુકાન હતી ને ત્યાં એક મોટા વેદાંતી આવ્યા હતા અને એક કબીરના સાધુ આવ્યા હતા. ત્યાં દુકાનની પાછળ ધર્મશાળા છે. બે વચ્ચે મોટી ચર્ચા થઈ. અમે જૈન હતા તો ત્યાં ગયા હતા. નાની ઉંમર હતી. તે દિ' ૧૮-૧૯ વર્ષની ઉંમર હતી. બે વચ્ચે ચર્ચા ચાલતી હતી એ અમે સાંભળતા હતા. કબીર એમને પૂછતા હતા કે, આ જગત ઈશ્વરે બનાવ્યું ત્યારે ઈશ્વર ક્યાં ઊભા હતા? ઈશ્વર ક્યાં ઊભા હતા તો આ બનાવ્યું? ઊભા રહ્યા તો એ એક ચીજ થઈ ગઈ. એ કબીરે પ્રશ્ન કર્યો હતો. ઓલાને કહે મને જવાબ આપો. એ કહે મારો શિષ્ય થા તો જવાબ આપીશ. પણ પહેલા મને જવાબ તો દે. અમે જૈન લોકો જોવા ગયા હતા. કબીર સાધુએ અમારી તરફ નજર કરી ને કહે, કેમ ભાઈ? મેં કીધું વાત બરાબર છે. ઈશ્વરકર્તા હોય તો પહેલા તો ઈશ્વરને કોણે બનાવ્યા એ પછી વાત. પણ ઈશ્વર જ્યાં ઊભા છે, તો એને બનાવવાની સામગ્રી ક્યાંથી લાવ્યા? બનાવવાની સામગ્રી તો નહોતી. સમજાણું કાંઈ? પહેલેથી અમારે નાની ઉંમરમાં ચર્ચાઓ થતી હતી ને. ઘરની દુકાન હતી. મેં કીધું, તારી વાત સાચી, ભાઈ! ઈશ્વરકર્તા હોય તો...

'શ્રીમદ્દે' તો એમ કહ્યું, કે ઈશ્વરકર્તા હોય તો ઈશ્વર નથી (એમ કહેનારને) એણે જન્મ કેમ આપ્યો? સમજાણું કાંઈ? 'શ્રીમદ્દે' એમ કહ્યું, કે ઈશ્વર નથી, એમ કહેનારા જૈન છે, એને ઈશ્વરકર્તાએ જન્મ કેમ દીધો? 'શ્રીમદે' લખ્યું છે, 'મોક્ષમાળા'માં લખ્યું છે. પરમાત્મા જો કર્તા હોય તો પરમાત્મા ઈશ્વર જગતનો કર્તા નથી, એમ માનનારને જન્મ કેમ આપ્યો? તમારી બધી વાત ખોટી છે. અહીં શું કહ્યું? અનાદિઅનંત ઉપરથી આ વાત ચાલી.

**'અનાદિ-અનંત...'** છે. એ આદિ પણ નથી. છે એની શરૂઆત શું? અને છે એનો અંત કેવો? અને છે એને સ્વભાવથી રહિત કહ્યો. સમજાણું કાંઈ? ત્રણ બોલ કહ્યા. એ ત્રણ 'સમયસાર'ની ૭૬ ગાથામાં છે. છે એની શરૂઆત કેવી? અને છે એનો નાશ કઈ રીતે હોય? અને છે, ચીજ જે છે એ સ્વભાવથી ખાલી ક્યાં છે? આહાહા..! એ અનાદિઅનંત છે. હવે સ્વભાવ કહે છે. ઇ પહેલા કાળ કહ્યો.

**'અમૂર્ત અતીંદ્રિયસ્વભાવવાળો...'** જુઓ! કેમ કે છે એ સ્વભાવવાન છે, તો સ્વભાવવાન સ્વભાવ વિના રહે નહિ. સ્વભાવવાન આત્મા એ સ્વભાવ વગર રહે નહિ. કેવો સ્વભાવ? અતીન્દ્રિય અમૂર્ત. અતીન્દ્રિય સ્વભાવવાળો... આહાહા..! ભાઈ! થોડા શબ્દોમાં આ તો સંતોની

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વાણી છે. ઘણી ગૂઢ છે, ઘણી ગૂઢ છે. એક તો પ્રભુનો આદિ-અંત નથી. અને અતીન્દ્રિય સ્વભાવવાળો, અતીન્દ્રિય સ્વભાવ એનો છે. ઇન્દ્રિયથી તો પત્તો નથી લાગતો. આહાહા..! પણ પર્યાયથી કે પર્યાયના આશ્રયથી પણ પત્તો નથી લાગતો. એવો એનો અતીન્દ્રિય સ્વભાવ છે. આહાહા..! એ અતીન્દ્રિય સ્વભાવી વસ્તુનો અતીન્દ્રિય સ્વભાવથી પત્તો લાગે છે. એની પર્યાયમાં અતીન્દ્રિય સ્વભાવ પ્રગટ થાય, તેને અતીન્દ્રિય સ્વભાવનો અનુભવ થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! અતીન્દ્રિય આનંદથી તો પરિપૂર્ણ ભરેલો છે. આહાહા..! અતીન્દ્રિય આનંદ તો એનો સ્વભાવ છે. સ્વભાવ એટલે? સ્વ–ભાવ—પોતાનો ભાવ—ભાવવાનનો સ્વભાવ—સ્વભાવવાનનો સ્વભાવ. એવો **'અતીન્દ્રિયસ્વભાવવાળો શુદ્ધ–'** આહાહા..! પ્રભુ તો ત્રિકાળ શુદ્ધ છે. આહાહા..! પર્યાયમાં અશુદ્ધતા દેખાય છે, વસ્તુમાં અશુદ્ધતા નથી. આહાહા..!

**'સહજ–પરમ–પારિણામિકભાવ જેનો સ્વભાવ છે–'** આહાહા..! જુઓ! જેનો સ્વભાવ પરમપારિણામિકભાવ. માત્ર પારિણામિકભાવ નથી કહ્યો. કેમ કે પર્યાયને પણ પારિણામિક કહે છે. શું કહ્યું? 'જયધવલ'માં પર્યાયને પણ પારિણામિકભાવ કહી છે. અરે..! રાગને પારિણામિક કહ્યો છે. ઉદય, ઉપશમ, ક્ષયોપશમને પણ પારિણામિક કહ્યા છે. પર્યાય છે તેને પારિણામિક કહી. પણ પરમ–પારિણામિક નથી. સમજાણું કાંઈ? આહાહા..!

**'પરમ–પારિણામિકભાવ જેનો સ્વભાવ છે–'** આહાહા..! સહજ સ્વરૂપ ત્રિકાળ છે. પરમ-પારિણામિક એટલે સહજસ્વભાવ. જેને ૬ ગાથામાં જ્ઞાયક કહ્યો, ૧૧ મી ગાથામાં ભૂતાર્થ કહ્યો, એ આ પારિણામિકભાવ કહ્યો છે. ૬ ગાથામાં પ્રમત્ત-અપ્રમત્ત પર્યાયથી રહિત છે એમ કહ્યું. અને એ પ્રમત્ત-અપ્રમત્તથી રહિત ન હોય તો શુભ-અશુભભાવ સહિત હોય, તો શુભ-અશુભભાવ તો અચેતન–જડ છે. ભગવાન તો જ્ઞાનથી ભરેલો પરિપૂર્ણ ચૈતન્યરસકંદ છે. એ ચૈતન્યરસ ક્યારે પણ જડરૂપે થતો નથી. શુભ-અશુભભાવ એ જડ છે. આહાહા..! છે એમાં? 'સમયસાર' ૬ ગાથામાં છે. સમજાણું કાંઈ?

એ તો ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ, આહાહા..! પરમપારિણામિકભાવ. 'જયધવલ'માં તો રાગને પણ પારિણામિકભાવ કહ્યો છે. શુભ-અશુભભાવને પણ પારિણામિકભાવ કહ્યા છે. કેમ કે પારિણામિકભાવની પર્યાય છે માટે. અહીં તો કહે છે કે એ વસ્તુથી રહિત આ તો પરમ–પારિણામિકભાવ છે. કેવળજ્ઞાનની પર્યાયને પણ પારિણામિકભાવ કહી છે. એ છે વ્યવહારનય-સદ્‌ભૂત વ્યવહારનય. અંશ છે ને? આ તો પરમ-પારિણામિક પ્રભુ! ત્રિકાળી આનંદકંદ પ્રભુ! આહાહા..!

**'પરમ–પારિણામિકભાવ જેનો સ્વભાવ છે–એવો કારણપરમાત્મા...'** આહાહા..! એવો કારણપરમાત્મા. ત્રિકાળી વસ્તુને અહીં કારણપરમાત્મા કહ્યું છે. કારણપરમાત્મા કહો, કારણજીવ કહો, ધ્રુવ કહો, સામાન્ય કહો, ભૂતાર્થ કહો, જ્ઞાયક કહો, બધું એક જ છે. આહાહા..! આવી વાત અલૌકિક છે, બાપુ! અનંતકાળ થયો. દિગંબર સાધુ અનંતવાર થયો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પણ અંતર સ્પર્શ ન કર્યો. એ ક્રિયાકાંડમાં ધર્મ છે અને એનાથી લાભ થશે એમ માની એમાં ઘુસી ગયો. પંચમહાવ્રત અને અઠ્યાવીસમૂળગુણ એ રાગ, ઉદયભાવ છે. ઉદયભાવથી પારિણામિકભાવ પ્રગટ થશે (એમ માન્યું). આહાહા..! અહીં તો પરમપારિણામિક સ્વભાવ પ્રગટ જ છે.

૧૧મી ગાથામાં કહ્યું છે. જ્યાં '**भूदत्थमस्सिदो**' કહ્યું ને? ત્યાં એમ કહ્યું છે કે જ્ઞાયકભાવ આવિર્ભાવ થાય છે. એવી ટીકા છે. જ્ઞાયકભાવ આવિર્ભાવ થાય છે? પાઠ તો એમ છે. ૧૧મી ગાથામાં. '**भूदत्थमस्सिदो**'. અને જ્ઞાયકભાવ તિરોભૂત થાય છે. એમ કહ્યું છે. સંસ્કૃત ટીકા છે. ૧૧મી ગાથા. એનો અર્થ કે જેને પર્યાયમાં ખ્યાલમાં નથી આવ્યો, એને જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો છે. અને જ્ઞાયકભાવ પ્રગટ થયો, આવિર્ભાવ થયો. જ્ઞાયકભાવ તો પ્રગટ છે ઇ છે. પણ જેની પર્યાયમાં ખ્યાલમાં આવ્યો, એને જ્ઞાયકભાવ છે એમ પ્રગટ થયું. પ્રતીતમાં આવ્યું તો પ્રગટ થયો (એમ કહ્યું). છે એ પ્રગટ થયો. આહાહા..! અને ત્યાં તો એમ કહ્યું કે જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો છે. દ્રવ્ય કોઈ દિ' તિરોભૂત થાય છે? દ્રવ્ય કોઈ દિ' આવરણમાં આવે છે? દ્રવ્ય તો ત્રિકાળી નિરાવરણ છે. દ્રવ્યને ત્રિકાળ નિરાવરણ કહેવું અને વળી તિરોભૂત કહેવું! આહાહા..! એ તો પોતાની પર્યાયમાં પરલક્ષ છે તો જ્ઞાયક જે વસ્તુ છે એના ખ્યાલમાં આવી નથી તો પર્યાયવાળાને પર્યાયદષ્ટિવાળાને તિરોભૂત થઈ ગયો. એ તો છે ઇ છે. ત્યાં કોઈ તિરોભૂત અને આવિર્ભૂત થતું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

એ અહીં કહે છે. '**એવો કારણપરમાત્મા...**' આહાહા..! '**તે ખરેખર 'આત્મા' છે.**' જુઓ! પર્યાયને છોડીને માત્ર ત્રિકાળી સ્વભાવ એ જ ખરેખર આત્મા છે. આહાહા..! જે પર્યાયથી ખ્યાલમાં આવ્યો એ પર્યાય પણ આત્મા નથી. આહાહા..!

મુમુક્ષુ :– એનો વિષય આત્મા છે.

ઉત્તર :– એ તો એને વિષય કર્યો છે ને? વિષય થયો એ આત્મા... આહાહા..! જે ત્રિકાળી આત્મા એ નિશ્ચયઆત્મા છે. પર્યાય વગરનો ત્રિકાળી છે એ જ નિશ્ચયઆત્મા છે. આહાહા..! સવારમાં તો એમ આવ્યું હતું, કે જીવ પોતાના પરિણામથી પરિણમે તે જીવ જ છે. બાપુ! કયો અધિકાર ચાલે છે અને કઈ અપેક્ષાથી ચાલે છે એ વાત સમજવી જોઈએ. 'જ્યાં-જ્યાં જે યોગ્ય છે ત્યાં ત્યાં સમજવું તે' જ્યાં જ્યાં યોગ્ય છે તે પ્રમાણે સમજવું. સવારમાં એમ કહ્યું, જીવ તાવત્ ક્રમબદ્ધ પોતાના પરિણામથી ઉત્પન્ન થનાર જીવ જ છે. પરિણામથી ઉત્પન્ન થયેલ જીવ જ છે. અહીં કહે છે કે પરિણામ આત્મામાં છે જ નહિ.

મુમુક્ષુ :– સવારે આમ કહો છે, બપોરે આમ કહો છો...

ઉત્તર :– એમ કહે છે? એ અમારા 'ફાવાભાઈ' કહેતા હતા. અમારા 'ફાવાભાઈ' હતા ને? બુદ્ધિ થોડી અને અહીં સાંભળે. મહારાજ! તમે સવારમાં કાંઈક કહો છો અને બપોરે કાંઈક કહો છો. નિર્ણય કરવાની તાકાત ન હોય. 'ફાવાભાઈ' હતા ને? એના દીકરા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



'સુરત'માં છે ને. 'મનહરભાઈ' કરોડપતિ છે. એક કરોડ રૂપિયા. 'સુરત'માં છે. અહીંયા રહેતા હતા. ત્યાં અમારે 'પાલેજ'માં રહેતા હતા. અમારા સગા-સબંધી. દુકાન 'પાલેજ'માં છે. એ તો ૭૦ વર્ષ પહેલાની વાત છે. એની બુદ્ધિ સાધારણ. સવારમાં કાંઈક આવે અને બપોરે કાંઈક આવે. આમાં અમારે નિર્ણય શું કરવો?

ભાઈ! સવારે કઈ અપેક્ષાએ કહ્યું? સવારે તો એમ કહ્યું, કે પોતાના નિર્મળ પરિણામથી આત્મા ઉત્પન્ન થાય છે એને જીવ કહ્યો. એ નિર્મળ સ્વભાવ છે, નિર્મળ ગુણ છે એના આશ્રયથી નિર્મળ પર્યાય ઉત્પન્ન થઈ તો એ અપેક્ષાએ એને આત્મા કહ્યો. અહીંયા તો કહે છે કે નિર્મળ પરિણામ જે છે, એનાથી રહિત જે ત્રિકાળી છે એને અમે તો આત્મા કહીએ છીએ. આહાહા..! સમજાણું કાંઈ? છે?

**'શુદ્ધ-સહજ-પરમ-પારિણામિકભાવ જેનો સ્વભાવ છે–એવો કારણપરમાત્મા તે ખરેખર 'આત્મા' છે.'** તે ખરેખર આત્મા છે. પર્યાય પણ આત્મા તો છે પણ વ્યવહારનયથી છે. અભૂતાર્થ. આહાહા..! સાધારણ માણસને અભ્યાસ ન હોય એને એમ લાગે. બાપુ! અભ્યાસ કરવો પડશે. આવો વખત અને મનુષ્યપણું મળ્યું. મનષ્યપણું ચાલ્યું જશે. આહાહા..! અને ક્યાં જશે? ક્યાં અવતાર થશે? આહાહા..! શું કહેવાય ઉડે એને? વંટોળીયો ઉડે ને? શું કહે વંટોળીયાને? એનું તણખલું ક્યાં જઈને પડશે? વાયુ હોય છે ને? તણખલું આમ આમ થાય. એમ મિથ્યાત્વમાં પડેલા પ્રાણીનો અવતાર શું હશે? આહાહા..!

અહીં એ કહે છે. બીજી જગ્યાએ કહે, કે પર્યાય વિનાનો આત્મા હોતો નથી. ... 'પંચાસ્તિકાય'માં પાઠ છે. .... એ વાત બરાબર છે. પણ અહીં કહે છે કે જે ત્રિકાળી આત્મા છે એને જ અમે આત્મા કહીએ છીએ. પર્યાયને પણ અમે નિશ્ચયઆત્મા કહેતા નથી. નિર્મળ પર્યાયને પણ અમે નિશ્ચયઆત્મા નથી કહેતા. એ વ્યવહારઆત્મા છે. આહાહા..! અરે..! મોક્ષમાર્ગની પર્યાયને પણ વ્યવહારઆત્મા કહ્યો છે. અહીં તો પરદ્રવ્ય કહ્યું હતું ને? આહાહા..! આવી વાતું છે.

**'તે ખરેખર 'આત્મા' છે.'** આહાહા..! સ્વભાવભાવથી પરિપૂર્ણ પ્રભુ એકરૂપ, ક્યારેય હીણો થાય નહિ, ક્યારેય આવરણ નહિ, ક્યારેય વિપરીત નહિ. અવિપરીત આવરણ વિનાનું, પર્યાય વિનાનું પૂર્ણ સ્વરૂપ જે છે, એને અહીંયા ખરેખર આત્મા કહેવામાં આવ્યો છે. એ આત્મા ઉપાદેય છે. છે ને? આહાહા..! **'અતિ-આસન્ન ભવ્યજીવોને...'** આહાહા..! અતિ નિકટ જેનો સંસાર અલ્પ છે, એવા ભવ્યજીવોને એવા નિજપરમાત્મા સિવાય બીજું કાંઈ ઉપાદેય નથી. પછી વિશેષ વાત આવશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## પ્રવચન નં. ૩૬, શ્લોક-૫૪, ગાથા-૩૮ સોમવાર, શ્રાવણ સુદ ૧, તા.૧૧-૦૮-૧૯૮૦

'નિયમસાર' ગાથા-૩૮. અહીં સુધી આવ્યું છે. એક પંક્તિ બાકી છે. શું કહ્યું પહેલા? કે આ આત્મા જે ત્રિકાળી ચીજ છે, ધર્મીજીવને એ એક જ ઉપાદેય છે. એનો અનુભવ કરવો એ જ એનું કર્તવ્ય છે. એમાં સાત પર્યાય છે. અજીવનું જ્ઞાન, જીવની પર્યાય, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ, એ સાતેય પર્યાય પરદ્રવ્ય છે. સ્વદ્રવ્યનો એમાં અભાવ છે. તો સંવર અને નિર્જરા અને મોક્ષની પર્યાય પણ પરદ્રવ્ય છે. સૂક્ષ્મ વાત છે, ભાઈ! આહાહા..! એ પર્યાયનો આશ્રય કરવાથી તો વિકલ્પ અને રાગ ઉત્પન્ન થાય છે. ભલે મોક્ષનો માર્ગ હોય, એનો આશ્રય કરવાથી પણ વિકલ્પ અને રાગ ઉત્પન્ન થાય છે. એ મોક્ષના માર્ગને પણ અહીંયા પરદ્રવ્ય કહ્યું છે. સૂક્ષ્મ વાત છે, ભાઈ!

પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવની વાણીમાં–દિવ્યધ્વનિમાં–આવ્યું, એ સંતો આડતિયા થઈને જગતને જાહેર કરે છે. આહાહા..! કે સંવર, નિર્જરા અને મોક્ષ પણ પરદ્રવ્ય છે. કેમ કે એના આશ્રયથી તો રાગ ઉત્પન્ન થાય છે. આહાહા..! એક ત્રિકાળ, ચાર ભાવથી રહિત, ઉદયભાવ અને પુણ્ય-પાપ આદિ ક્ષયોપશમભાવ, ઉપશમભાવ અને ક્ષાયિકભાવ, એ ચાર ભાવથી રહિત... આહાહા..! અને ચાર ભાવથી અગોચર અથવા ચાર ભાવથી અગમ્ય અર્થાત્ ચાર ભાવના આશ્રયથી અગમ્ય... આહાહા..! આવી ચીજ છે. એ ચીજ અનાદિઅનંત પ્રભુ! અનાદિઅનંત છે. છે એની શરૂઆત કેવી અને છે એનો અંત કેવો? અને છે એ અતીન્દ્રિય સ્વભાવવાળો છે. છે એ સ્વભાવવાન હોય છે. સ્વભાવ વગરની ચીજ ક્યારેય રહેતી નથી.

એ **'અતીંદ્રિયસ્વભાવવાળો શુદ્ધ-સહજ-પરમ-પારિણામિકભાવ....'** શુદ્ધ એટલે કે સહજ એટલે પરમપારિણામિકભાવ. આહાહા..! એટલે જ્ઞાયકભાવ. પારિણામિકભાવ તો પરમાણુમાં પણ છે. આત્મા સિવાય પાંચ દ્રવ્યમાં દ્રવ્ય જે છે એ પારિણામિકભાવે જ છે. પણ અહીંયા પારિણામિકભાવ એ જ્ઞાયકભાવ, આનંદભાવ, ત્રિકાળી ભાવ, શુદ્ધભાવ... શુદ્ધભાવનો અધિકાર છે ને? તો એ પર્યાયના શુદ્ધભાવની વાત નથી. ત્રિકાળી ચીજ જે ભગવાન પૂર્ણાનંદ છે, એને અહીંયા શુદ્ધભાવ કહે છે. એ શુદ્ધભાવને અહીંયા પરમપારિણામિકભાવ કહ્યો છે. સમજાણું કાંઈ? ઉપર છે ને શુદ્ધભાવ અધિકાર? શુદ્ધભાવ કહો, જ્ઞાયકભાવ કહો, પરમપારિણામિકભાવ કહો, માત્ર પારિણામિક નહિ. કેમકે માત્ર પારિણામિક તો ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એ ચાર પર્યાયને પણ પારિણામિકભાવ કહેવામાં આવે છે, પણ એ પરદ્રવ્ય છે. આશ્રય કરવા લાયક નથી. આહાહા..!

ધર્મીજીવને **'પરમ-પારિણામિકભાવ જેનો સ્વભાવ છે–એવો કારણપરમાત્મા...'** આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'તે ખરેખર 'આત્મા' છે.'** ખરેખર આત્મા તો એને જ કહે છે. પર્યાય છે એ તો વ્યવહારઆત્મા છે. અને વ્યવહારને અભૂતાર્થ કહીને પર્યાયને ગૌણ કરીને, ત્રિકાળી પરમસ્વભાવભાવને મુખ્ય કરીને, એ જ કારણપરમાત્મા ઉપાદેય છે (એમ કહ્યું છે). આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના બધા ભાવ છે એ શું છે? એ તો ઉદયભાવ વિકાર છે. એ બંધનું કારણ છે. પણ જે ક્ષયોપશમ આદિ જે મોક્ષનું કારણ છે એને પણ પરદ્રવ્ય કહેવામાં આવ્યા છે. કેમ કે પર્યાયમાંથી નવી પર્યાય–શુદ્ધિ નથી આવતી. એ કારણે જેમ પરદ્રવ્યમાંથી પર્યાય નથી આવતી એમ સંવર, નિર્જરા અને મોક્ષમાર્ગની પર્યાયમાંથી નવી પર્યાય નથી આવતી. તો એ નવી પર્યાય જે આવનારી ચીજ છે એ તો ત્રિકાળી પરમપારિણામિકભાવ છે. આહાહા..! અરે..રે..! મનુષ્યપણામાં કરવાનું હોય તો આ કર્તવ્ય છે. બાકી બધું પ્રપંચ-જાળ છે. આહાહા..!

શુભભાવને પણ સંસાર અને પ્રપંચ ભાવ કહ્યો છે. આહાહા...! એ તો ઠીક પણ પોતાની ચીજ જે દ્રવ્ય, ગુણ અને પર્યાય છે, એ ત્રણનો જે વિચાર કરે છે એ પણ વિકલ્પ, રાગ અને પરાધીન છે. આહાહા..! અંતર એકરૂપ ચીજ આનંદ કારણપરમાત્મા વાસ્તવમાં આત્મા આ છે. ખરેખર આત્મા આને કહેવામાં આવે છે. આહાહા..! ભાષા તો સાદિ છે પણ ભાવ, બાપુ! આકરા છે. આહાહા..! એનું જાણપણું થઈ જાય એનાથી પણ કાંઈ લાભ નથી. આહાહા..! એનો આશ્રય થઈ જાય એ લાભનું કારણ છે. સમજાણું કાંઈ? ખરેખર તો આત્મા એ છે.

**'તે ખરેખર 'આત્મા' છે.'** તે ખરેખર આત્મા નિશ્ચય ત્રિકાળ સ્વભાવ, જેનો અનુભવ કરવાથી આનંદ આવે છે. આહાહા..! સમ્યગ્દર્શનમાં છે તો પર્યાય, પણ એમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. એ અતીન્દ્રિય આનંદના સ્વાદને પરદ્રવ્ય કહેવાય છે. આહાહા..! અતીન્દ્રિય આનંદનો સ્વાદ એ પર્યાય છે. ત્રિકાળી અતીન્દ્રિય આનંદની મૂર્તિ, પ્રભુ! આહાહા..! **'તે ખરેખર...,'** યથાર્થમાં એ જ આત્મા છે. આહાહા..! સાચા મોક્ષમાર્ગની પર્યાય, નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાય, એ પણ ખરેખર આત્મા નથી. ખરેખર એ આત્મા નથી, એ વ્યવહાર આત્મા છે. આહાહા..! ત્યાં સુધી તો આવ્યું છે.

હવે અહીંયા કહે છે, **'અતિ-આસન્ન ભવ્યજીવોને...'** આહાહા..! જેને અલ્પ ભવ રહ્યા છે, સંસારનો કિનારો આવી ગયો છે અને મોક્ષની પર્યાયની પ્રાપ્તિનો કાળ અલ્પ રહ્યો છે. આહાહા..! એવા **'અતિ-આસન્ન ભવ્યજીવોને...'** એકલું ભવ્યજીવ ન લીધું. આસન્ન. જેને મોક્ષ નજીક છે, સંસારનો કિનારો નજીક છે. આહાહા..! એકલું આસન્ન પણ નથી લીધું. **'અતિ-આસન્ન ભવ્યજીવો'** આહાહા..! ત્રિકાળી જ્ઞાયકભાવ જે નિશ્ચય આત્મા છે. એ **'અતિ-આસન્ન ભવ્યજીવોને...'** આહાહા..! **'એવા નિજ પરમાત્મા સિવાય (બીજું)...'** આવા ભવ્યજીવોને **'એવા નિજ પરમાત્મા...'** પરમાત્મા કહો, કારણપરમાત્મા કહો, નિજ પરમાત્મા કહો, પરમપારિણામિકભાવ કહો, ત્રિકાળી શુદ્ધભાવ કહો, બધી એક જ ચીજ છે. આ અધિકાર શુદ્ધભાવનો છે. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એવા **'અતિ-આસન્ન ભવ્યજીવોને...'** આહાહા..! **'એવા નિજ પરમાત્મા સિવાય...'** પૂર્ણાનંદનો નાથ, પ્રભુ! અનંત અનંત પૂર્ણ ગુણથી ભરેલો પ્રભુ! એવું પરમાત્મા પોતાનું નિજસ્વરૂપ એ **'સિવાય (બીજાું) કાંઈ ઉપાદેય નથી.'** નિમિત્ત તો ઉપાદેય નથી, રાગ પણ ઉપાદેય નથી, પણ સંવર-નિર્જરા આદિ પર્યાય પણ ઉપાદેય નથી. આહાહા..! માર્ગ બહુ ઝીણો, ભાઈ! આહાહા..! અહીં તો કહે, વ્રત કરો, પડિમા લઈ લો, આ લઈ લો, આમ કરો. પણ હજી તને સમ્યગ્દર્શન વિના પડિમા આવી ક્યાંથી? સમજાણું કાંઈ? અને સમ્યગ્દર્શન છે તો પર્યાય, પણ એ સમ્યગ્દર્શનનો વિષય પર્યાય નથી. આહાહા..! એ સમ્યગ્દર્શનનું ધ્યેય સમ્યગ્દર્શન નથી. સમ્યગ્દર્શનનું ધ્યેય પરમ પરમાત્મસ્વરૂપ જે ત્રિકાળી તે ધ્યેય છે. આહાહા..!

મુમુક્ષુ :– એની વિધિ શું?

ઉત્તર :– અંદરમાં જાવું એ વિધિ. બીજી કઈ? જે ત્રિકાળી ચીજ પાતાળમાં છે, એક સમયની પર્યાય પરદ્રવ્ય છે, એના પાતાળમાં નિજપરમાત્મા પડ્યો છે. એ બાજુ નજર કરવી એ એની વિધિ છે. બાકી બધી વાતું છે. આહાહા..!

મુમુક્ષુ :– તમારી પાસે તો આવી ગયા.

ઉત્તર :– આવી ગયા. આપ એટલે આ આત્મા. એ આપ એટલે અંદર આ આત્મા, એની પાસે જવું એ ચીજ છે. આહાહા..! એવા તો સમવસરણમાં અનંતવાર ગયા. પ્રભુ! મહાવિદેહમાં તો, કાલે એકવાર કહ્યું હતું ને? ત્રિકાળમાં ત્રિકાળ જાણનારનો વિરહ કદી હોતો નથી. શું કહ્યું? ત્રણકાળ, ત્રણલોકમાં. ત્રણકાળ અને ત્રણલોકને જાણનારનો ક્યારેય વિરહ નથી. સદા અનાદિઅનંત કેવળજ્ઞાની બિરાજમાન છે. આહાહા..! આવા મહાવિદેહમાં તો ભગવાન કેવળી કાયમ બિરાજે છે. અને મહાવિદેહમાં જન્મ લઈને અનંત પુદ્‌ગલ પરાવર્તન કર્યાં. અનંત પુદ્‌ગલ પરાવર્તન. એક પુદ્‌ગલ પરાવર્તનના અનંત ભાગમાં અનંતા ભવ થાય છે. આહાહા..! ઘણી મોટી વાત છે, પ્રભુ!

એક પુદ્‌ગલ પરાવર્તનના અનંતમાં ભાગમાં અનંતા ભવ થાય છે. એવો એક પુદ્‌ગલ પરાવર્તન એવા અનંત પુદ્‌ગલ પરાવર્તનમાં જન્મ લીધો. અને જ્યાં જન્મ લીધો તો અનંતવાર ત્રિલોકનાથ તીર્થંકરનું સમવસરણ તો કાયમ ત્યાં મહાવિદેહમાં છે. એ સમવસરણમાં ગયા. આહાહા..! વાત સાંભળી, પણ અંદરમાં આત્માનો સ્પર્શ કર્યો નહિ. એ સાંભળવાના વિકલ્પમાં સાંભળી કે આ ભગવાન આમ કહે છે. એવું જ્ઞાન પણ ખ્યાલમાં આવ્યું. પણ એ આત્મા જે ત્રિકાળી ભગવાન છે એની સમીપ ગયો નહિ. આહાહા..!

કહે છે કે, **'અતિ-આસન્ન ભવ્યજીવોને એવા નિજ પરમાત્મા...'** ભાષા છે? નિજપરમાત્મા. પરપરમાત્મા નહિ. પંચપરમેષ્ઠી અને અરિહંત તીર્થંકર પણ નહિ. આહાહા..! **'નિજ પરમાત્મા...'** આ આત્મા પરમાત્મા જ છે. 'ઘટ ઘટ અંતર જિન વસે.' ભગવાન વીતરાગમૂર્તિ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઘટ ઘટમાં બિરાજમાન છે. ચૈતન્યપ્રતિમા વીતરાગમૂર્તિ અંતરમાં બિરાજમાન છે. આહાહા..! ચૈતન્ય રત્નાકર છે. અનંત ચૈતન્યના રત્નથી ભરેલો ભગવાન સમુદ્ર છે. જેમાં પર્યાયનો પણ અભાવ છે. જે પર્યાય એનો વિષય કરે છે, એ પર્યાયનો પણ એ ચીજમાં અભાવ છે. અને એ પર્યાયમાં એ દ્રવ્યનો અભાવ છે. એમ હોવા છતાં વર્તમાન પર્યાય નિજપરમાત્મા તરફ જૂકે છે, તો પર્યાયમાં નિજપરમાત્માનું જ્ઞાન અને શ્રદ્ધા થાય છે. પણ પર્યાયમાં નિજ પરમાત્મા છે એ આવતો નથી. આહાહા..! **'અતિ-આસન્ન ભવ્યજીવોને...'** અલ્પકાળમાં જેને સંસારનો કિનારો આવી ગયો છે. આહાહા..! 'પ્રવચનસાર'માં 'કુંદકુંદચાર્ય' માટે કહ્યું છે. 'પ્રવચનસાર'ના પહેલા અધિકારની શરૂઆતમાં. સંસારનો કિનારો જેને નજીક આવી ગયો છે. એવા 'કુંદકુંદાચાર્ય'નું કહેલું આ 'પ્રવચનસાર' છે. આહાહા..!

અહીંયા તો એ કહ્યું, **'નિજ પરમાત્મા સિવાય...'** નિર્મળ પર્યાય પણ નિજ પરમાત્માથી અન્ય છે. રાગ તો અન્ય છે, દેવ-ગુરુ-શાસ્ત્ર તો અન્ય છે, અને દેવ-ગુરુ-શાસ્ત્રનું લક્ષ કરવાથી તો રાગ થાય છે, પણ પર્યાયનો આશ્રય કરવાથી પણ રાગ થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! શું કરવું? આ કરવું. જ્યાં પ્રભુ બિરાજે છે ત્યાં પર્યાયને લઈ જવી. આહાહા..! હજી તો પર્યાય શું, દ્રવ્ય શું એ સાંભળ્યું ન હોય. આહાહા..!

ભગવાન પૂર્ણાનંદનો નાથ. અહીંયા તો આચાર્ય ભગવાન કહીને બોલાવે છે. આહાહા..! એ તો ભગવાન સ્વરૂપે જ બિરાજમાન છે. ભગવાનસ્વરૂપ છે તો પર્યાયમાં ભગવાન પ્રગટ થાય છે. જો ભગવાનસ્વરૂપ ન હોય તો પર્યાયમાં ભગવાનસ્વરૂપ ક્યાંથી આવશે? પ્રાપ્તની પ્રાપ્તિ છે, છે એમાંથી આવે છે. નથી એમાંથી આવે છે? આહાહા..! એ પૂર્ણાનંદનો નાથ, અસ્તિ તત્ત્વ પ્રભુ મહા નિજપરમાત્મા, એ જ અતિ-આસન્ન ભવ્યજીવને આદરણીય સ્વીકાર અને એમાં શ્રદ્ધા-જ્ઞાન અને આચરણ કરવા લાયક છે. એમાં. આહાહા..! પર્યાયમાં નહિ. દ્રવ્યમાં. આહાહા..!

નિજ પરમાત્મ દ્રવ્યમાં એ **'સિવાય (બીજું) કાંઈ ઉપાદેય નથી.'** કાંઈ ઉપાદેય નથી. પંચ પરમેષ્ઠી તો ઉપાદેય નથી, પણ પંચપરમેષ્ઠીની ભક્તિનો રાગ એ પણ ઉપાદેય નથી, પણ મોક્ષનો માર્ગ ઉત્પન્ન થયો એ પણ ઉપાદેય નથી. આહાહા..! છે? **'કાંઈ ઉપાદેય નથી.'** કાંઈ અંગીકાર કરવા લાયક નથી. આહાહા..! જ્યાં ત્રણલોકનો નાથ અંદર બિરાજે છે. ત્રિકાળ જિનસ્વરૂપી પ્રભુ છે. એની સમીપ જા અને એનો સ્વીકાર કર એ જ તને આદરવા લાયક છે, બીજું કાંઈ આદરવા લાયક નથી. આહાહા..! એ **'કાંઈ..'** શબ્દ છે ને? **'न किंचिदुपादेयम'** સંસ્કૃતમાં છે ને? પંડિતજી! સંસ્કૃતમાં છે. **'न किंचिदुपादेयमस्तीति'** સંસ્કૃતમાં છેલ્લો શબ્દ છે. **'न किंचिदुपादेयमस्तीति'** આહાહા..! 'પદ્મપ્રભમલધારીદેવ'ના શબ્દો છે, એમની ટીકા છે ને? **'न किंचिदुपादेयमस्तीति'** આહાહા..! ત્રણલોકનો નાથ પૂર્ણાનંદ પ્રભુ બિરાજે છે. એ જ આત્માને, અતિ આસન્ન ભવ્યજીવને, જેની ભવ્યતા પાકી ગઈ છે... આહાહા..! લાયકાત

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થઈ ગઈ છે એવા જીવને પરમાત્મા નિજપ્રભુ જ ઉપાદેય છે. આહાહા..! અહીં તો કહે છે દયા, દાન, વ્રત, પડિમાના પરિણામ એ આદરણીય છે અને એ કરતા-કરતા નિશ્ચય થશે. આહાહા..! પ્રભુ! ઘણોં ફેર છે. સમજાણું કાંઈ?

**'[હવે ૩૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારીદેવ શ્લોક કહે છે.]'**

## શ્લોક–૫૪

(मालिनी)

**जयति समयसारः सर्वतत्त्वैकसारः**
**सकलविलयदूरः प्रास्तदुर्वारमारः।**
**दुरिततरुकुठारः शुद्धबोधावतारः**
**सुखजलनिधिपूरः क्लेशवाराशिपारः।।५४।।**

**[શ્લોકાર્થ :–] સર્વ તત્ત્વોમાં જે એક સાર છે, જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે, જેણે દુર્વાર કામને નષ્ટ કર્યો છે, જે પાપરૂપ વૃક્ષને છેદનાર કુહાડો છે, જે શુદ્ધ જ્ઞાનનો અવતાર છે, જે સુખસાગરનું પૂર છે અને જે કલેશોદધિનો કિનારો છે, તે સમયસાર (શુદ્ધ આત્મા) જયવંત વર્તે છે. ૫૪.**

## શ્લોક–૫૪ ઉપર પ્રવચન

આહાહા..! દરેક શબ્દની રચનામાં છેલ્લે **'रः'** (મુક્યો છે). વચમાં અને છેલ્લે **'रः'**. આહાહા..! આ 'પદ્મપ્રભમલધારીદેવ' છે.

**'સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...'** શું કહ્યું? તત્ત્વ સાત છે. પદાર્થ તરીકે નવતત્ત્વ છે. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. એ સર્વ તત્ત્વોમાં સાર ત્રિકાળી નિજ પરમાત્મા છે. સંવર, નિર્જરા અને મોક્ષ પણ સાર નથી. આહાહા..! કઠણ પડે. માર્ગ તો આ છે, ભાઈ! આહાહા..! સાંભળીને જ્ઞાનમાં ખ્યાલમાં આવ્યો એ કોઈ ચીજ નથી. જ્ઞાનમાં ખ્યાલ આવ્યો કે ભગવાન આમ કહે છે કે આ, એ પણ કોઈ ચીજ નથી. એ પરલક્ષી જ્ઞાન છે. પોતાનું લક્ષ જ્યારે ત્રિકાળ ઉપર જાય છે, તો એ વસ્તુ સાર

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. અહીં પર્યાયને પણ સાર નથી કહી. મોક્ષમાર્ગ પણ સાર નથી. આહાહા..!

'મોક્ષમાર્ગ પ્રકાશક'માં તો સંવરને ઉપાદેય કહ્યું છે. નિર્જરાને હિતકર કહ્યું છે, મોક્ષને પરમહિતકર કહ્યો છે. એ ઉત્પન્ન કરવાની અપેક્ષાથી કહ્યું છે. ઉત્પન્ન થાય છે કોના આશ્રયથી? આહાહા..! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શન અને તત્ત્વાર્થ એકવચન છે. તત્ત્વાર્થ શ્રદ્ધાનનું એકવચન છે. એકવચનમાં એ તત્ત્વ એકસ્વરૂપ ભગવાનઆત્મા, એનો આશ્રય કરવાથી, બીજી જે સાત પર્યાય છે એ એમાં નથી, એવું અંદરમાં જ્ઞાન થઈ જાય છે. સ્વ અસ્તિના જ્ઞાનમાં જેટલી પર પર્યાય છે, તે એમાં નથી એવું જ્ઞાન એમાં થઈ જાય છે. એ જ્ઞાનમાં પ્રતીતિ દ્રવ્યની થઈ. આહાહા..!

**'સર્વ તત્ત્વો...'** તત્ત્વો છે ખરા. **'સર્વે તત્ત્વો...'** કહ્યું ને? છે ખરા. વેદાંતની જેમ પર્યાય છે જ નહિ (એમ નથી). એ તો ત્યાં સુધી કહે છે કે આત્માનો અનુભવ કરવો? આત્મા અનુભવ કરે તો દ્વૈત થઈ જાય છે. એ નહિ. આત્મા, બસ. એમ એ લોકો કહે છે. એમ નથી. એ તો એકાંત મિથ્યાત્વ છે. અહીં સર્વ તત્ત્વોની અસ્તિ તો કહી. સંવર, નિર્જરા, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ છે ખરા. છે એનો નાશ કરવો, છે એનું લક્ષ છોડવું છે. નથી એનું લક્ષ છોડવાનું ક્યાંથી આવ્યું? આહાહા..!

**'સર્વ તત્ત્વો...'** કહેતાં અસ્તિ તો સિદ્ધ કરી. આસ્રવ છે, સંવર છે, નિર્જરા છે, બંધ છે, મોક્ષ છે... આહા..! અને જીવની એક સમયની પર્યાય પણ છે અને પર્યાયમાં અજીવનું જ્ઞાન થાય છે એ પણ છે. પર્યાયમાં અજીવ નથી આવતો. સાત તત્ત્વમાં જીવ-અજીવ કહ્યું ને? તો અજીવ કાંઈ અંદર આવી જતું નથી, પણ અજીવના જ્ઞાનને અહીંયા અજીવ કહ્યું. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાનઆત્માની એક સમયની પર્યાય, એમાં અજીવનું જ્ઞાન થયું, અને એ પર્યાયમાં સંવર, નિર્જરા, મોક્ષ પણ છે અને એ પર્યાયમાં આસ્રવ અને બંધ પણ થાય છે. તો એ પર્યાયથી સર્વ તત્ત્વો છે ખરા. પણ **'સર્વ તત્ત્વોમાં જે એક સાર...'** નિજપરમાત્મા છે. આહાહા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ છે ત્યાં નજર કરવાની છે. પર્યાયને અંદર પાતાળમાં લઈ જવાની છે. એક સમયની પર્યાય છે, એની પાસે આ બાજુ અંતરાત્મા પડ્યો છે. આ બાજુ દેખે તો રાગ અને પુણ્ય દેખાય છે. અને એ પર્યાય અંદરમાં જાય તો પરમાત્મા દેખાય છે. આહાહા..! એ કંઈ વાત નથી, બાપુ! આહાહા..! સમજાણું કાંઈ?

એક સમયની પર્યાય તે અંતર્મુખ-અંતર્મુખ. આ બાજુ પર્યાયની સમીપમાં ભગવાન બિરાજે છે. આ બાજુ પર્યાયની સમીપમાં રાગાદિ છે. આહાહા..! તો અહીં કહે છે **'સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...'** પાછી ભાષા એમ છે ને? તત્ત્વો બહુવચન લીધું. એની અસ્તિ કહી. એમાં એક સાર. આહાહા..! અંદર પરમાત્મા કેવો છે? **'જે એક સાર છે,...'** કે જે સમ્યગ્દર્શનનો વિષય છે અને જેના આશ્રયથી સમ્યગ્દર્શન થાય છે. એ સાર કેવો છે? આહાહા..!

**'જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે,...'** આહાહા..! શું કહે છે? એક સમયની

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પર્યાય સંવર, નિર્જરા અને મોક્ષની પર્યાય પણ એક સમયની છે. કેવળજ્ઞાન પણ એક સમયની પર્યાય છે. તો એ નાશ પામવા યોગ્ય ભાવ છે. આહાહા..! મોક્ષમાર્ગની પર્યાય પણ નાશ પામવા યોગ્ય છે. કેમ કે એક જ સમયની પર્યાય છે. **'જે સમસ્ત નાશ પામવાયોગ્ય...'** સમસ્ત કેમ કહ્યું? કે આસ્રવ તો નાશ પામવા યોગ્ય છે જ. રાગનો બંધ છે એ પણ નાશ પામવાયોગ્ય છે જ, પણ સંવર, નિર્જરા અને મોક્ષની પર્યાય પણ એક સમયની છે એ પણ નાશ પામવાયોગ્ય છે. આહાહા..! આવી વાત છે. કહો, 'ભભુતમલજી'! આ તમે આઠ લાખ નાખ્યા માટે ધર્મ થઈ ગયો એમ નથી, એમ કહે છે. મંદિર બનાવ્યું ને મંદિર? 'બેંગ્લોર'માં. આઠ લાખ એમણે આપ્યા છે. ચાર લાખ 'જુગરાજજી'એ આપ્યા. બાર લાખ. અત્યારે તો પંદર લાખનું થઈ ગયું છે. એ જડની પર્યાય જડથી થઈ છે. પણ તારા ભાવમાં એ તરફનું લક્ષ હતું એ શુભભાવ એ પણ નાશવાન છે. આહાહા..! અને શુભભાવને જાણવાની પર્યાય જે છે એ પણ નાશવાન છે. કેમ કે પર્યાયની મુદત એક સમયની છે. કેવળજ્ઞાન પણ એક સમય રહે છે. બીજે સમયે એવું પણ એ રહેતું નથી. શું કહ્યું? બીજા સમયે કેવળજ્ઞાન એ નથી રહેતું. એવું પણ બીજું. જેવું પહેલા સમયે છે એવું બીજા સમયે. પણ એ નથી. પહેલા સમયે જે પર્યાય હતી એ બીજા સમયમાં નથી. આહાહા..! આ શરીર, વાણી, મનને તો નાશવાન કહ્યું પણ અહીંયા તો કેવળજ્ઞાનની પર્યાયને નાશવાન કહી. આહાહા..!

મુમુક્ષુ :– એના જેવી છે પણ એ નથી.

ઉત્તર :– એવી જ છે. ભગવાનઆત્મા! એ એક સમયની પર્યાય છે પણ એ નાશવાન છે. અને ભગવાન જે છે વર્તમાન.. વર્તમાન.. વર્તમાન.. વર્તમાન... કાયમ વર્તમાન એકરૂપ રહે છે. કાયમ વર્તમાન એકરૂપ રહે છે. ત્રિકાળ રહે છે એ અપેક્ષાથી વર્તમાન એ વસ્તુ છે. જેમ પર્યાય વર્તમાન છે એમ આ વસ્તુ વર્તમાન છે. આહાહા..! જેમ પર્યાય વર્તમાન છે એમ વસ્તુ પણ વર્તમાન છે. પણ પર્યાય વર્તમાન છે એ નાશવાન છે અને આ વર્તમાન છે એ અવિનાશી છે. સમજાણું કાંઈ? આહાહા..! બન્નેને વર્તમાન તો કહ્યું. સમજાણું કાંઈ? ધ્રુવ કહ્યું. ત્યાં પાઠમાં એમ લીધું છે. નિરંતર વર્તમાન.. વર્તમાન.. વર્તમાન... વર્તમાન... વર્તમાન... વર્તમાન પર્યાય છે એ નહિ. વસ્તુ વર્તમાન ત્રિકાળ. આહાહા..!

પૂર્ણાનંદનો નાથ ત્રિકાળ વર્તમાન પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... એક સમયમાં વર્તમાનમાં પૂર્ણ છે. એ અવિનાશી છે અને પર્યાયમાત્ર નાશવાન છે. મોક્ષનો માર્ગ પણ નાશવાન છે. કેમ કે એક સમયની પર્યાય છે. વ્યવહારમોક્ષમાર્ગ તો સાચો છે જ નહિ. એ તો ઉપચારથી કહ્યું છે. એ નાશવાન છે. પણ નિશ્ચય મોક્ષમાર્ગ સ્વદ્રવ્યના આશ્રયથી, નિજપરમાત્માના આશ્રયે ઉત્પન્ન થયો, તે ઉત્પન્ન થયો ને? ઉત્પન્ન થયો તો વ્યય પણ થાય છે. આ ધ્રુવ છે એ ઉત્પન્ન પણ થતો નથી અને વ્યય પણ થતો નથી. આહાહા..!

જેને ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્ કહ્યું ને? સવારમાં કહ્યું હતું. ઉત્પાદ-વ્યય-ધ્રુવ એ પોતાનો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એક ગુણ છે. તો ગુણના કારણે અંદર ઉત્પાદ-વ્યય અને ધ્રુવપણું રહે છે. ઉત્પાદવ્યય અને ધ્રુવ ગુણ છે. એનો ગુણ છે. એ ગુણના કારણે ઉત્પાદ થાય છે, પૂર્વની પર્યાયનો વ્યય થાય છે છતાં નિશ્ચયમાં એ ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં ગુણ, એનો ઉત્પાદ થાય છે એ પણ નાશવાન છે. આહાહા..! સમજાણું કાંઈ? અરે..!

અરે..! ક્ષાયિક સમકિત લ્યો, તે પણ એક સમયની સ્થિતિ છે. 'શ્રેણિક'રાજા ક્ષાયિક સમકિતી. અને સમયે સમયે તીર્થંકરગોત્ર બાંધે છે. અત્યારે નરકમાં પણ સમયે સમયે તીર્થંકર ગોત્ર બાંધે છે. અત્યારે પહેલી નરકમાં ચોરાશી હજાર વર્ષની સ્થિતિમાં છે. ત્યાંથી નીકળીને પહેલા તીર્થંકર થવાના છે. આગામી ચોવીશીના પહેલા તીર્થંકર થવાના છે. એ માતાના પેટમાં આવશે તો પણ દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર છે. આહાહા..!

એક વાત તો એવી છે. ઘણાં વિચાર કર્યા છે ને? ત્યાં (માતાના ગર્ભમાં) શુદ્ધોપયોગ, ધ્યાતા-ધ્યાન-ધ્યેયનો વિકલ્પ છૂટી શુદ્ધોપયોગ થાય છે કે નહિ? એ બહુ લક્ષમાં ન આવ્યું. આમ તો લખ્યું છે ને? કે અનુભવ કેટલા કાળમાં થાય છે? 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં આવે છે. ચોથે ગુણસ્થાને અનુભવ થાય છે. ભલે કાળ અલ્પ હોય પણ અનુભવ ચોથા ગુણસ્થાને થાય છે. પણ અહીં તો કહેવું છે કે અનુભવની પર્યાય જે છે... આહાહા..! એ પણ એક સમયમાં ઉત્પન્ન થઈ છે. ઉત્પન્ન થઈ છે. ધ્રુવ વસ્તુ જે ત્રિકાળી પરમાત્મા ઉત્પન્ન થયો નથી. આહાહા..! એમાં એક લીધું છે. 'તત્ત્વાર્થ સૂત્ર'માં ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્ અને સત્દ્રવ્ય લક્ષણં એમ લીધું છે. શક્તિમાં પણ એમ લીધું છે. અનંત શક્તિ, ૪૭ શક્તિમાં એક ઉત્પાદવ્યયધ્રુવયુક્ત શક્તિ છે અને સદૃશ્ય વિસદૃશ્ય પરિણમનાર (શક્તિ લીધી છે). સદૃશ્યરૂપ નામ ત્રિકાળ અને પર્યાય વિસદૃશ્ય છે. વિસદૃશ્ય છે. ઉત્પાદ-વ્યય... ઉત્પાદ-વ્યય... ઉત્પાદવ્યય... ભાવ-અભાવ... ભાવ-અભાવ... અને ધ્રુવ સદૃશ્ય છે. એકરૂપ ત્રિકાળ રહેનારો છે. આહાહા..! એ જ આદરણીય છે અને એ સિવાય બધું (હેય છે). ઉત્પાદ–વ્યય-ધ્રુવયુક્તં સત્ એવો ગુણ છે અને એ ગુણના કારણે ઉત્પાદ પર્યાય થાય છે. આહાહા..! આત્મા ઉત્પાદ કરે તો ઉત્પન્ન થાય એમ નથી. એ આત્માનો ગુણ જે છે, એ ગુણને ધરનાર નિજ પરમાત્માની દૃષ્ટિ થઈ તો પર્યાયમાં ઉત્પન્ન થાય જ છે. આહાહા..! પણ જે પર્યાયમાં ઉત્પન્ન થાય છે એ પર્યાય નાશવાન છે. આહાહા..! ત્રિકાળી ગુણ અવિનાશી છે. એવા અનંતગુણનો એકરૂપ ભગવાન અવિનાશી છે. અને એના અવલંબનથી (પર્યાય) ઉત્પન્ન થઈ એમ કહો. ઉત્પન્ન થઈ એમ કહ્યું ને? છે? આહાહા..! નવી ઉત્પન્ન થાય છે ને? એટલે એનાથી ભિન્ન છે. સર્વ નાશ પામવા યોગ્ય ઉત્પન્ન થનાર છે એ વ્યય થવા યોગ્ય છે એમ કહે છે. જે ઉત્પન્ન થવાયોગ્ય છે, તે વ્યય થવાયોગ્ય છે. આહાહા..! ભગવાન ત્રિકાળી ચીજ ઉત્પન્ન થવા લાયક નથી અને નષ્ટ થવા લાયક નથી. આહાહા..! આવી વાત પ્રભુની ક્યાં છે? અલૌકિક વાત છે. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છતાં એ ક્ષાયિક સમકિતી ભગવાનની પ્રતિમાને વંદન કરે, ભક્તિ કરે, પૂજા કરે, હોં! પણ એ જાણે કે આ શુભભાવ છે. એ અનાદિનો વ્યવહાર છે. પણ એ શુભભાવને જાણે છે. હેય તરીકે છે તોપણ આવ્યા વગર રહેતો નથી. આહાહા..!

અહીંયા તો શુભભાવ તો હેય અને નાશવાન છે જ પણ શુદ્ધભાવના અવલંબનથી શુદ્ધ પર્યાય થઈ, ક્ષાયિક સમકિત, ક્ષાયિક યથાખ્યાત્ ચારિત્ર, ક્ષાયિક યથાખ્યાત ચારિત્ર, ક્ષાયિક કેવળજ્ઞાન, ક્ષાયિક કેવળદર્શન, ક્ષાયિક વીર્ય અને ક્ષાયિક આનંદ (પ્રગટ થયા), એ પણ પર્યાય છે તો નાશવાન છે.

એ **'સર્વ તત્ત્વોમાં જે એક સાર છે, જે સમસ્ત નાશ પામવા યોગ્ય ભાવોથી દૂર છે,...'** આવ્યું? એ સંવર, નિર્જરા અને મોક્ષની પર્યાય છે એનાથી તત્ત્વ દૂર છે. આહાહા..! ભારે વાત, ભાઈ! એક વાત સાંભળવા મળે નહિ. અને સાંભળવા મળે તો શું આશય કહે છે એ સમજવું કઠણ પડે. આહાહા..! અહીં કહે છે **'નાશ પામવા યોગ્ય ભાવોથી...'** ભાવ તો કહ્યું. ચીજ છે તો ખરી. પણ એ ઉત્પન્ન થઈ છે તો એ નાશ પામવા યોગ્ય છે. ભગવાન ત્રિકાળી ઉત્પન્ન થયો નથી તો એ નષ્ટ નહિ થાય. શાસ્ત્રમાં છે કે નહિ?

આ 'કુંદકુંદાચાર્ય'નું શાસ્ત્ર છે. અને 'કુંદકુંદાચાર્યે' એમ કહ્યું, કે મેં મારી ભાવના માટે બનાવ્યું છે. 'કુંદકુંદાચાર્ય' જેવા (એમ કહે છે). 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,...' ત્રીજા નંબરે 'મંગલં કુંદકુદાર્યો...' એ 'કુંદકુંદાચાર્ય' જે ત્રીજા નંબરે છે એ એમ કહે છે કે મેં મારી ભાવના માટે બનાવ્યું છે. છેલ્લી ગાથામાં છે. આહાહા..! અને એની ટીકા કરનાર 'પદ્મપ્રભમલધારીદેવે' પહેલા એમ કહ્યું છે, અરે...! ટીકા કરનાર અમે કોણ? એ ટીકા તો અનાદિથી થયેલી છે. શરૂઆતની ગાથામાં છે. શરૂઆતમાં છે ને? પહેલા શરૂઆતમાં. આહાહા..! ક્યાં છે? પહેલા છે ને? જુઓ!

**'ગુણના ધરનાર ગણધરોથી રચાયેલા અને શ્રુતધરોની પરંપરાથી સારી રીતે વ્યક્ત કરાયેલા આ પરમાગમના અર્થસમૂહનું કથન કરવાને અમે મંદબુદ્ધિ તે કોણ?'** આહાહા..! આવી ટીકા અમે નથી કરી, એ ટીકા તો અનાદિથી ચાલી આવે છે. સંતોથી ચાલી આવી છે. **'ગુણના ધરનાર ગણધરોથી રચાયેલા...'** ટીકા, હોં! **'અને શ્રુતધરોની પરંપરાથી સારી રીતે...'** ચાલી આવી છે. શ્રુતના ધરનારાથી પરંપરાથી આ ટીકા ચાલી આવે છે. મેં એકલાએ બનાવી એમ નથી, એમ કહે છે. આહાહા..! અને એ કઈ રીતે બની? કે **'હમણાં અમારું મન પરમાગમના સારની પુષ્ટ રુચિથી ફરીને અત્યંત પ્રેરિત થાય છે.'** વિકલ્પ આવ્યા કરતા'તા ને કે આની ટીકા થાય, એનો સાર કાઢીએ, એવો વિકલ્પ આવ્યા કરે છે માટે એ ટીકા બની છે. આહાહા..! બે વાત કરી. એક તો એ ટીકા ગણધરોથી અને શ્રતુધરોથી ચાલી આવી છે અને અહીંયા મેં બનાવી એનું કારણ કે મને મનમાં એવો વિકલ્પ આવ્યા કરતો હતો કે આ ભગવાન 'કુંદકુંદાચાર્યે' પોતાને માટે 'નિયમસાર' બનાવ્યું. તો એની ટીકા રચાય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તો ઠીક, એવો વિકલ્પ આવતો હતો માટે ટીકા બની ગઈ છે. આહાહા..! એ બે વાત.

**'જેણે દુર્વાર કામને નષ્ટ કર્યો છે,...'** કોણે? એક સારરૂપ જે તત્ત્વ ત્રિકાળી જ્ઞાયકભાવ, એણે **'દુર્વાર કામને નષ્ટ કર્યો છે,..'** એટલે કે કામની ઇચ્છા માત્ર વસ્તુમાં નથી. એ નાશ કરનારો છે તો પર્યાયમાં નાશ કરનારો થયો. પણ એનો અર્થ એ કે એમાં કામની ઇચ્છાનો અંતરમાં અભાવ છે. માટે એ બધા દુર્વાર કામને વારી ન શકાય. આહાહા..! મુનિ પણ કહે છે... અહીંયા આવ્યું છે. પછી શું હતું? આહાહા..! શું છે? સમાધિ. ભક્તિ ભક્તિ. એમાં એમ આવ્યું છે, ભાવલિંગી મુનિ એવા છે... આહાહા..! પણ પોતામાં કોઈ વિકલ્પ ઊઠે છે તેથી એમ કહે છે. આહાહા..! કે અમે અમારા મનમાં કોઈ વખતે કામના વિકલ્પ ઘા કરી જાય છે. તો જે કામરહિત મુનિ સંત છે એને મારા નમસ્કાર. એવું છે. એવું અંદર છે. આવશ્યક છે ને? પરમાવશ્યકમાં. ક્યાંક લખ્યું છે. છે એમાં? ૨૯૫. ઠીક આ પુસ્તક બીજું છે. શ્લોક ૨૫૦ છે.

**'કામદેવરૂપી ભીલના તીરથી ઘવાયેલા ચિત્તવાળાનું ભવરૂપી અરણ્યમાં શરણ છે.'** જુઓ! ભાષા. આ પુસ્તક બીજું છે. એમાં છે. મેં કીધું હાથ કેમ ન આવ્યું? જેણે સુવર્ણની અને સુંદર સ્ત્રીઓની સ્પૃહાને નષ્ટ કરી છે, એવા હે યોગીસમૂહમાં શ્રેષ્ઠ યોગી! તમે અમારા કામદેવરૂપી ભીલના તીરથી... આહાહા..! ઘાયલ ચિત્તવાળા અમે છીએ. અર..ર..! મુનિને પણ કોઈ વિકલ્પ આવી જાય તો કહે છે કે... આહાહા..! અમારું ચિત્ત ઘવાયું છે. સમજાણું કાંઈ? આ તો બીજું પુસ્તક છે. હું વાચું છું એમાં ચિહ્ન કર્યા છે. છે ને આમાં? એ ૨૯૫ છે ને? એ આમાં છે. એમાં છે. શ્લોક ૨૫૦ છે.

**'હે યોગીસમૂહમાં શ્રેષ્ઠ સ્વવશ યોગી!...'** યોગી પોતાના પૂર્ણાનંદમાં લીન છે. તો અમારું કામદેવરૂપી ભીલના તીરથી... આહાહા..! કાંઈ પણ બહારની સુંદર ચીજમાં વિકલ્પ આવે છે તો અમારું ચિત્ત ઘવાય છે. આહાહા..! મુનિ કહે છે. છે? **'અમારું કામદેવરૂપી ભીલના તીરથી ઘવાયેલા ચિત્તવાળાને ભવરૂપી અરણ્યમાં તમે શરણ છો.'** હે મુનિ! આહાહા..! છદ્મસ્થ છે. કોઈ સમયે કોઈ સુંદરતાના લક્ષે વિકલ્પ આવે તો એમ લાગે કે અમારું ચિત્ત ઘવાયું. આહાહા..! અને એક બાજુ એમ કહે છે, કે કેવળી અને મુનિઓમાં થોડો ફેર છે. બીજી બાજુ એમ કહે છે કે કેવળી અને મુનિમાં... ૨૫૩. કળશ?

**'સર્વજ્ઞ વીતરાગમાં અને આ સ્વવશ યોગીમાં...'** ૨૯૬ પાનું. ૨૯૫ પછી તરત. ૨૯૫ પછી તરત. ૨૫૩ કળશ. ઉપર છે. **'સર્વજ્ઞ-વીતરાગમાં અને સ્વવશ યોગીમાં ક્યારેય કાંઈપણ ભેદ નથી;...'** આહાહા..! ૨૫૩ શ્લોક છે. ૨૯૬ પાના ઉપર છે. આહાહા..! એ તો એને હાથ આવવું હોય ત્યારે આવે ને? એની પર્યાય થવાની હોય ત્યારે થાય ને. **'સર્વજ્ઞ-વીતરાગમાં અને આ સ્વવશ યોગીમાં ક્યારેય કાંઈ પણ ભેદ નથી;...'** ૨૫૩ શ્લોક. **'છતાં અરેરે! આપણે જડ છીએ...'** આહાહા..! ભાષા તો જુઓ! કેટલી નિર્માનતા! **'અરેરે!...'** ક્યાં સર્વજ્ઞ અને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



મુનિ! બંને સરખા છે. **'અરેરે! આપણે જડ છીએ કે તેમનામાં ભેદ ગણીએ છીએ.'** આહાહા..! એટલી નિર્માનતા... એટલી નિર્માનતા. આહાહા..! મળ્યું? માથે. પહેલો શ્લોક છે. ૨૫૩. એ પહેલા વાત આવી ગઈ છે. થોડો ફેર છે એવો શ્લોક આવી ગયો છે. એ ૨૮૮ પાને. ૨૮૮ છે ને? ૨૮૮. ૨૪૩ (કળશ). બસ એ.

**'જે જીવ અન્યવશ છે તે ભલે મુનિવેશધારી હોય તો પણ સંસારી છે,...'** ૨૪૩ કળશ. **'નિત્ય દુઃખનો ભોગવનાર છે; જે જીવ સ્વવશ છે તે જીવન્મુક્ત છે, જિનેશ્વરથી કિંચિત્ ન્યૂન...'** જિનેશ્વરથી કિંચિત્ ન્યૂન. ૨૪૩ કળશ. અહીં કહ્યું કે અમારામાં અને એનામાં કાંઈ ફેર નથી. અપેક્ષાથી (કથન) છે ને. આહાહા..! કેમ કે ભગવાનઆત્મા મુક્તસ્વરૂપ છે તો મુક્તસ્વરૂપની પર્યાયમાં જે દશા મુક્ત થઈ, તો અમે મુક્ત જ છીએ. આહાહા..! એ 'સમયસાર'ના કળશમાં આવે છે. મુક્ત જ છે. કેમ કે મુક્ત સ્વરૂપ ભગવાનઆત્મા નિરાવરણ ત્રિકાળી. સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય, અવિનશ્વર શુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણ નિજપરમાત્મ તત્ત્વ હું દ્રવ્ય છું. એ મુક્ત સ્વરૂપ છું. મુક્ત સ્વરૂપનો અનુભવ થયો, તો હું પર્યાયમાં પણ મુક્ત થઈ ગયો. આહાહા..! સમજાણું કાંઈ?

આપણે અહીંયા ૫૪ (કળશ). અહીંયા આવ્યું. **'દુર્વાર કામને નષ્ટ કર્યો છે,...'** એનો અર્થ એવો છે... આપણે ચાલતો કળશ. **'સર્વ તત્ત્વોમાં જે એક સાર છે, જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે,...'** દૂર છે. સંવર-નિર્જરા તત્ત્વથી દૂર છે. કેવળજ્ઞાનની પર્યાયથી તત્ત્વ દૂર છે. આહાહા..! દૂરનો અર્થ કે પર્યાયમાં એ નથી. અને એ પર્યાય આમાં નથી. આહાહા..! આ તો અલૌકિક માર્ગ! ત્રણલોકનો નાથ, એની દિવ્યધ્વનિ છે. સમજાણું કાંઈ?

અહીં તો એમ કહેવું છે, કે **'જેણે દુર્વાર કામને નષ્ટ કર્યો છે,...'** તો એ તો પર્યાય થઈ. પર્યાયમાં નાશ પામે છે. અહીં તો કહે છે કે જેમાં દુર્વાર કામ જ નથી. જે કામને વારી ન શકાય એવો નાશ કરનાર હું છું, એનો અર્થ કે મારામાં એ કામ છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? **'દુર્વાર કામને નષ્ટ કર્યો છે,..'** એટલે કે દુર્વાર કામ મારી વસ્તુમાં જ નથી. એક બાજુ કહ્યું કે, સંવર, નિર્જરા તત્ત્વ પણ સાર નથી, સાર તો આ તત્ત્વ છે, અને બીજી બાજુ એમ કહે કે એ આત્મા કામને નાશ કરનારો છે. આહાહા..! સમજાણું કાંઈ? પણ એના આશ્રયથી નાશ પામે છે, માટે એને કામનો નાશ કરનાર કહેવામાં આવ્યો છે. આહાહા..! છે? આહાહા..! **'દુર્વાર કામને નષ્ટ કર્યો છે,...'** આહાહા..! **'જે પાપરૂપ વૃક્ષને છેદનાર કુહાડો છે,...'** એ પણ નિમિત્તથી કથન છે. એટલે કે એમાં પાપ જ નથી. પાપરૂપી વૃક્ષ. પાપ તો બધા પુણ્ય અને પાપ બન્ને પાપ છે. આગળ લેશે. સમજાણું કાંઈ? એ બે પાપરૂપી વૃક્ષ. આહાહા..! **'છેદનાર કુહાડો છે,..'** કુહાડો. અર્થાત્ એના આશ્રયથી પાપરૂપી વૃક્ષ નાશ થાય છે. અર્થાત્ એ પાપરૂપી વૃક્ષ સ્વરૂપમાં જ નથી, એમ કહેવું છે. **'છેદનાર કુહાડો છે,..'** એ તો પર્યાય થઈ ગઈ. આ તો દ્રવ્યની વાત છે. સમજાણું કાંઈ? આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'જે પાપરૂપ વૃક્ષને છેદનાર કુહાડો છે,..'** એમાં પુણ્ય-પાપ જ નથી, એવી ચીજ હું છું. આહાહા..! ધર્મીજીવની દૃષ્ટિમાં આ આત્મા છે કે જેમાં કામની વાસનાનો ત્રિકાળ અભાવ છે અને પુણ્ય-પાપના ભાવનો પણ ત્રિકાળ અભાવ છે. એને અહીંયા વૃક્ષને છેદનાર કુહાડો કહ્યો. એના બે અર્થ છે. એક તો એમાં પુણ્ય-પાપ નથી અને બીજું એ પુણ્ય-પાપનો નાશ એના આશ્રયથી થાય છે, એ અપેક્ષાથી એને પુણ્ય-પાપનો નાશ કરનાર કુહાડો કહ્યો. ત્રીજો અર્થ તો એમ છે કે એ પુણ્ય અને પાપ એમાં છે જ નહિ, એમ એનો અર્થ છે. આહાહા..! હવે લખ્યું છે કાંઈક અને અર્થ કરવા કાંઈક.

**'પાપરૂપ વૃક્ષને છેદનાર કુહાડો છે, જે શુદ્ધ જ્ઞાનનો અવતાર છે,...'** એ વસ્તુ, હોં! પર્યાય પ્રગટ થઈ એ નહિ. **'જે શુદ્ધ જ્ઞાનનો અવતાર છે,...'** પૂર્ણાનંદનો નાથ પૂર્ણ જ્ઞાન સ્વરૂપનો જ અવતાર છે. અવતારમાં જન્મ લેવો પર્યાય, એ વાત અહીં નથી. એ વસ્તુ એવી છે. આહાહા..! **'જે શુદ્ધ જ્ઞાનનો અવતાર છે, જે સુખસાગરનું પૂર છે...'** વસ્તુ. સુખસાગરના જળથી ભરેલું પૂર છે. આહાહા..! નિત્યાનંદ નાથ, પર્યાયના નાશથી નાશ નથી થતી એવી ચીજ, સર્વ તત્ત્વમાં સાર એ **'સુખસાગરનું પૂર છે અને જે ક્લેશોદધિનો કિનારો છે,...'** ક્લેશરૂપી દરિયાનો કિનારો, એટલે કે ક્લેશ એમાં છે જ નહિ. તો આવો શબ્દ પણ કહેવામાં આવે છે. ક્લેશોદધિ = ક્લેશરૂપી સાગર, દરિયો એનો કિનારો. **'તે સમયસાર (શુદ્ધ આત્મા) જયવંત વર્તે છે.'** સદા વર્તમાન સદા જયવંત વર્તે છે. કોઈ સમયે નથી એમ નહિ. સદા જયવંત વર્તે છે. વિશેષ કહેશે.... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા–૩૯

**णो खलु सहावठाणा णो माणवमाणभावठाणा वा।**
**णो हरिसभावठाणा णो जीवस्साहरिस्सठाणा वा।।३९।।**

**न खलु स्वभावस्थानानि न मानापमानभावस्थानानि वा।**
**न हर्षभावस्थानानि न जीवस्याहर्षस्थानानि वा।।३९।।**

**निर्विकल्पतत्त्वस्वरूपाख्यानमेतत्।**

**त्रिकालनिरुपाधिस्वरूपस्य शुद्धजीवास्तिकायस्य न खलु विभावस्वभावस्थानानि। प्रशस्ताप्रशस्तसमस्तमोहरागद्वेषाभावान्न च मानापमानहेतुभूतकर्मोदयस्थानानि। न खलु शुभपरिणतेरभावाच्छुभकर्म, शुभकर्माभावान्न संसारसुखं, संसारसुखस्याभावान्न हर्षस्थानानि। न चाशुभपरिणतेरभावादशुभकर्म, अशुभकर्माभावान्न दुःखं, दुःखाभावान्न चाहर्षस्थानानि चेति।**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**જીવને ન સ્થાન સ્વભાવનાં, માનાપમાન તણાં નહીં;**
**જીવને ન સ્થાનો હર્ષનાં સ્થાનો અહર્ષ તણાં નહીં. ૩૯.**

**અન્વયાર્થ :– [ जीवस्य ] જીવને [ खलु ] ખરેખર [ न स्वभावस्थानानि ] સ્વભાવસ્થાનો (–વિભાવસ્વભાવનાં સ્થાનો) નથી, [ न मानापमानभावस्थानानि वा ] માનાપમાનભાવનાં સ્થાનો નથી, [ न हर्षभावस्थानानि ] હર્ષભાવનાં સ્થાનો નથી [ वा ] કે [ न अहर्षस्थानानि ] અહર્ષનાં સ્થાનો નથી.**

**ટીકા :– આ, નિર્વિકલ્પ તત્ત્વના સ્વરૂપનું કથન છે.**

**ત્રિકાળ-નિરુપાધિ જેનું સ્વરૂપ છે એવા શુદ્ધ જીવાસ્તિકાયને ખરેખર વિભાવ-સ્વભાવસ્થાનો (–વિભાવરૂપ સ્વભાવનાં સ્થાનો) નથી; (શુદ્ધ જીવાસ્તિકાયને) પ્રશસ્ત કે અપ્રશસ્ત સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ હોવાથી માન–અપમાનના હેતુભૂત કર્મોદયનાં સ્થાનો નથી; (શુદ્ધ જીવાસ્તિકાયને) શુભ પરિણતિનો અભાવ હોવાથી શુભ કર્મ નથી, શુભ કર્મનો અભાવ હોવાથી સંસારસુખ નથી, સંસારસુખનો અભાવ હોવાથી હર્ષસ્થાનો નથી; વળી (શુદ્ધ જીવાસ્તિકાયને) અશુભ પરિણતિનો અભાવ હોવાથી અશુભ કર્મ નથી, અશુભ કર્મનો અભાવ હોવાથી દુઃખ નથી, દુઃખનો અભાવ હોવાથી અહર્ષસ્થાનો નથી.**

---

**પ્રવચન નં. ૩૭, શ્લોક-૫૫, ગાથા-૩૯ મંગળવાર, શ્રાવણ સુદ ૨, તા.૧૨-૦૮-૧૯૮૦**

---

નિર્વિકલ્પ તત્ત્વનું સ્વરૂપ. આ આત્મા નિર્વકલ્પ શું છે? એ જ દૃષ્ટિ કરવા લાયક, આચરવા લાયક અને જ્ઞાન કરવા લાયક છે. નિર્વિકલ્પ વસ્તુ અંદર શું છે એની વાત છે.

**णो खलु सहावठाणा णो माणवमाणभावठाणा वा।**
**णो हरिसभावठाणा णो जीवस्साहरिस्सठाणा वा।।३९।।**

હરિગીત :

**જીવને ન સ્થાન સ્વભાવનાં, માનાપમાન તણાં નહીં;**
**જીવને ન સ્થાનો હર્ષનાં સ્થાનો અહર્ષ તણાં નહીં. ૩૯.**

'**ટીકા :– આ, નિર્વિકલ્પ તત્ત્વના સ્વરૂપનું કથન છે.**' એની ખૂબી શું છે? જુઓ! કે '**णो खलु सहावठाणा णो**' શબ્દ છે. પાઠ એવો છે કે જીવને સ્વભાવના સ્થાન નથી. પણ એ સ્વભાવનો અર્થ, વિકાર અને ઉદયભાવની વાત છે. સમજાણું કાંઈ? ભાષા સ્વભાવ લીધી છે. કોઈ તકરાર કરે કે વિકારને સ્વભાવ કેમ કહ્યો? એ મોટી ચર્ચા થઈ હતી. કર્મના નિમિત્તથી વિકાર થાય એને સ્વભાવ કેમ કહ્યો? પાઠ તો અહીંયા આ છે. '**णो खलु सहावठाणा**'

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શું કહે છે? ત્રિકાળ નિરૂપાધિ જેનું સ્વરૂપ છે. ભગવાનઆત્મા... આહાહા..! પૂર્ણાનંદ પ્રભુ! દૃષ્ટિમાં જે ઉપાદેય આદરવા લાયક છે, ત્યારે એને સમ્યગ્દર્શન થાય છે. આહાહા..! ધર્મની પહેલી સીઢી સમ્યગ્દર્શન. એ સમ્યગ્દર્શનનો વિષય શું? આશ્રય શું? કોના અવલંબનથી સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે? નિર્વિકલ્પતત્ત્વના અવલંબનથી થાય છે. તો નિર્વિકલ્પતત્ત્વ શું છે? ઝીણી વાત છે, ભાઈ!

**'ત્રિકાળ-નિરુપાધિ જેનું સ્વરૂપ છે...'** ભગવાન દ્રવ્ય સ્વભાવ તો **'ત્રિકાળી-નિરુપાધિ જેનું સ્વરૂપ છે...'** આહાહા..! જેમાં શરીર, વાણી, મકાન, પૈસા એ તો છે જ નહિ, જેમાં રાગ, દયા, દાનના વિકલ્પ છે એને અહીંયા **'सहावठाणा'** કહ્યું છે. છે વિભાવ, પણ પર્યાયનો સ્વભાવ છે. આહાહા..! એ (સંવત) ૨૦૧૩ની સાલમાં ઘણી મોટી ચર્ચા થઈ હતી. એમ કે વિકાર છે એ કર્મના નિમિત્તથી ઉત્પન્ન થાય છે એમ નહિ, નિમિત્તથી કહેવામાં આવે છે. એ તો પોતાથી ઉત્પન્ન થાય છે. તો કહે પોતાનાથી જો ઉત્પન્ન થાય તો એ તો સ્વભાવ થઈ જાય છે. પણ એ સ્વભાવ જ છે. પર્યાયનો વિકાર સ્વભાવ જ છે. એ અહીં કહે છે.

**'णो खलु सहावठाणा'** શુદ્ધ સ્વભાવની વાત નથી. છે? જુઓ! **'ત્રિકાળ-નિરુપાધિ જેનું સ્વરૂપ છે...'** ભગવાનઆત્મા... આહાહા..! ક્યારેય દૃષ્ટિ કરી નથી, ક્યારેય નજરમાં નિધાનને લીધું નથી. આહાહા..! અને ક્રિયાકાંડ કરીને જાણે કલ્યાણ થઈ જશે. વ્રત, નિયમ, એવા શુભયોગની ક્રિયાથી અંદરમાં કલ્યાણ થઈ જશે. તો અહીં એ કહે છે કે એ શુભયોગ વિકાર સ્વભાવ એ આત્મામાં છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? **'ત્રિકાળ-નિરુપાધિ...'** અહીં ત્રિકાળ શબ્દ લીધો છે, જુઓ! છે તો વર્તમાન ત્રિકાળ-નિરુપાધિ. પણ ત્રિકાળ રહેનારી ચીજ જે ભગવાનઆત્મા, શુદ્ધ આત્મા આનંદકંદ કારણપરમાત્મા, જ્ઞાયકભાવ કહો, પરમપારિણામિક સ્વભાવ કહો, દ્રવ્ય સ્વભાવ કહો, **'ત્રિકાળ-નિરુપાધિ જેનું સ્વરૂપ છે એવા શુદ્ધ જીવાસ્તિકાયને...'** જીવ શબ્દ ન લીધો. જીવાસ્તિકાય લીધો છે. કેમ કે અસંખ્ય પ્રદેશી છે. એ જૈન પરમેશ્વર સિવાય કોઈએ જોયો જ નથી. તો જીવાસ્તિકાય. આ એક શબ્દ. એક-એક આત્મા. જીવ, અસ્તિ, અસંખ્ય પ્રદેશી કાય એ જીવાસ્તિકાય. અસંખ્યપ્રદેશનો સમૂહ છે ને? સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા અંદરમાં રાગ-દ્વેષના બધા વિકલ્પ છે, એનાથી પ્રભુ તો અંદર ભિન્ન છે. અને એ રાગ-દ્વેષ, દયા, દાન, વ્રત, ભક્તિને અહીં સ્વભાવસ્થાન કહેવામાં આવ્યું છે. છે એનો વિભાવ. પણ એની પર્યાયમાં થાય છે અને એ જ પર્યાયનો સ્વભાવ છે, દ્રવ્યનો સ્વભાવ નથી. આહાહા..! **'એવા શુદ્ધ જીવાસ્તિકાય...'** એવો શુદ્ધ જીવ એમ ન લીધું. અધિકાર કયો ચાલે છે? શુદ્ધભાવ. તો શુદ્ધભાવ કહો, કે ત્રિકાળી નિરુપાધિ શુદ્ધ જીવાસ્તિકાય કહો. શું કહ્યું હતું? શુદ્ધભાવ કહો કે **'ત્રિકાળી-નિરુપાધિ જેનું સ્વરૂપ છે એવા શુદ્ધ જીવાસ્તિકાય...'**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કહો. આ શુદ્ધભાવ પર્યાયની વાત નથી. શુદ્ધભાવ અધિકાર છે એ શુદ્ધભાવ પર્યાયની વાત નથી. આહાહા..! અરે..! એને ક્યાં નજર (છે). આહાહા..!

જ્યાં ભગવાન પરિપૂર્ણ સ્વભાવ બિરાજે છે. **'ત્રિકાળી-નિરુપાધિ જેનું સ્વરૂપ છે એવા શુદ્ધ જીવાસ્તિકાયને...'** આહાહા..! શુદ્ધ જીવ અસ્તિ તો છે પણ સાથે કાય લગાવ્યું. કેમ કે અસંખ્ય પ્રદેશ છે. એ જીવાસ્તિકાય છે. એ જૈન પરમેશ્વર સિવાય બીજા કોઈએ જીવને અસંખ્યપ્રદેશી નથી કહ્યો. સમજાણું કાંઈ? આહાહા..! એ કારણે કહ્યું. 'શ્રીમદ્'માં પણ એક એવો શબ્દ લીધો છે. 'શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન' એ ત્રણ શબ્દ પડ્યા છે. તો શુદ્ધ છે એ ત્રિકાળ પવિત્ર છે, બુદ્ધ એ જ્ઞાનનો પિંડ છે અને ચૈતન્યઘન એ અસંખ્ય પ્રદેશ છે. સમજાણું કાંઈ? શુદ્ધ બુધ ચૈતન્યઘન. આહાહા..! મૂળ વાત પડી રહી. ઉપરથી બધું કરે. એ ભગવાનઆત્મા શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન. ચૈતન્યઘન એ અસંખ્યપ્રદેશ છે. આહાહા..! 'શ્રીમદ્'માં એવું લખાણ છે.

એ અહીં કહ્યું. શુદ્ધ જીવ એટલે આત્મા. કોઈ આત્માને જીવ ન કહે. જીવ બીજો અને આત્મા બીજો છે એમ કહે માટે જીવ શબ્દ વાપર્યો છે. આત્મા અને જીવ જુદી ચીજ નથી. વેદાંત કહે છે કે રાગ સહિત છે તેને જીવ કહેવો અને રાગ રહિત નિર્લેપ શુદ્ધ ચૈતન્ય છે તેને આત્મા કહેવો. સમજાણું કાંઈ? વેદાંત એમ કહે છે. પણ એમ નથી. એ માટે અહીંયા શુદ્ધ જીવાસ્તિકાય શબ્દ વાપર્યો છે. આહાહા..!

ભગવાનઆત્મા અંદરમાં શુદ્ધ પવિત્ર અને અસ્તિ એટલે છે અને કાય એટલે અસંખ્ય પ્રદેશ છે. સમજાણું કાંઈ? એવી ચીજ... અમે ઘણાં વર્ષ પહેલા 'વડોદરા' ગયા હતા. (સંવત) ૧૯૬૪ની સાલ હશે. ૧૮ વર્ષની ઉંમર. માલ લેવા ગયા હતા. દુકાનનો માલ લેવા ગયા હતા. તો માલ અમે લઈ લીધો પછી રાત્રે નવરાશ હતી તો અમે નાટક જોવા ગયા. ત્યાં આગળ અનસૂયાનું નાટક ચાલતું હતું. અનસૂયા કોણ હતી? 'ભરૂચ'ના કાંઠે 'નર્મદા'નદી છે. એ નર્મદા અને અનસૂયા બે બહેન હતી. અમને તો નાની ઉંમરમાં ઘણો અભ્યાસ હતો. શું કહેવું છે સાંભળો. એમાં માલ છે.

નાટકમાં અનસૂયા સ્ત્રી હતી. એ કુંવારી સ્વર્ગમાં જતી હતી. કુંવારી સમજો છો? લગ્ન કર્યા વિના. એ લોકોમાં એવું છે ને કે અપુત્ર ગતિ નાસ્તિ. જેને પુત્ર ન હોય એને ગતિ નહિ મળે. એવો અવાજ આવ્યો. અમે તે દિ' જોયું છે. આ તો ૧૮ વર્ષની ઉંમરની વાત છે. ઘણાં વર્ષ થઈ ગયા. ૭૧ વર્ષ પહેલાની વાત છે. તો એ સ્ત્રી જતી હતી તો કહ્યું કે અહીં સ્વર્ગ નહિ મળે. કેમ? કે પુત્ર નથી. પાછળ શ્રાદ્ધ નાખે છે ને શ્રાદ્ધ? શું કહે છે? શ્રાદ્ધને તમારા હિન્દીમાં શું કહે છે? મરી ગયા પછી શ્રાદ્ધ નાખે છે ને? કાગડાને ખીર. તો એનો બાપ ત્યાં કાગડો થઈને આવ્યો હશે?

એ અનસૂયાને ત્યાં સ્વર્ગમાંથી એમ કહ્યું કહે તને દીકરા વગર સ્વર્ગ નહિ મળે. હવે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શું કરવું? નીચે પડ. જે હોય તેને વર. નીચે એક આંધળો બ્રાહ્મણ હતો, એની સાથે લગ્ન કર્યા, એને એક પુત્ર થયો. એવું નાટકમાં બતાવતા હતા. પુત્રને ઝુલાવે. શું કહે તમારે? ઝુલાવે. ઝુલાવે. ઝુલાવતા-ઝુલાવતા એમ કહે છે, નિર્વિકલ્પોસિ બેટા! ઉદાસિનોસિ, શુદ્ધોસિ, બુદ્ધોસિ, નિર્વિકલ્પોસિ. એમ કહેતા હતા. 'ધન્નાલાલજી'! એવું નાટકમાં સાંભળ્યું. મેં કીધું આ શું કહે છે? ભાઈ! તમારું પુસ્તક લાવો. તમે બનાવ્યું એ પુસ્તક લાવો. ત્યારે બાર આનાની ટીકીટ હતી અને બાર આનાનું પુસ્તક લીધું હતું. તમે શું બોલો છો એ ખ્યાલમાં તો આવવું જોઈને. આમ ને આમ સાંભળી લઈએ એવા અમે નથી. પુસ્તકમાં એમ લખ્યું હતું. માટે એ સ્ત્રી એમ બોલતી હતી. બેટા! નિર્વિકલ્પોસિ. આપણે આમાં બંધ અધિકારમાં છેલ્લે છે. અને સર્વવિશુદ્ધ અધિકારમાં છેલ્લે, પરમાત્મપ્રકાશમાં પાછળ (આવે છે). એ શબ્દો ઘણી જગ્યાએ છે. પણ આ તો ચાર યાદ રહી ગયા છે.

શેઠ! નાટકમાં એવું સાંભળ્યું હતું. તમારા સંપ્રદાયમાં એવું કહેતા નથી. નાટકમાં એમ કહે છે કે બેટા! તું નિર્વિકલ્પ છે. આહાહા..! આ નિર્વિકલ્પ કહ્યું ને? એ ૧૯૬૪ની સાલમાં 'વડોદરા'માં નાટકમાં સાંભળ્યું હતું. શુદ્ધોસિ. બેટા! તું શુદ્ધ છો, પવિત્રતાનો પિંડ છે. નાટકમાં એમ કહેતા હતા. શુદ્ધોસિ, બુદ્ધોસિ અને ઉદાસિનોસિ. બેટા! તારું આસન તો રાગથી ભિન્ન ઉદાસિન થઈને ચૈતન્યમાં તારું આસન છે. તારી બેઠક તો ત્યાં છે. દયા, દાન, વ્રતાદિ વિકલ્પમાં તારી બેઠક એ તું નહિ. આહાહા..! 'કપૂરચંદજી'! એવું નાટકમાં કહેતા હતા. અહીંયા તો અત્યારના સંપ્રદાયમાં એકાંત છે... એકાંત છે... અરે..! સાંભળ તો ખરો, પ્રભુ!

મુમુક્ષુ :– નાટકમાં ક્યાંથી આવ્યું હશે?

ઉત્તર :– એવું નાટક બનાવ્યું હતું. પહેલાના નાટક તો વૈરાગ્યવાળા હતા. અત્યારે તો ફિલ્મ-બિલ્મ બધી વ્યભિચારી જેવી ભાષા. નાટક બતાવે આમ સ્ત્રીને હાથ નાખે. મોટા શહેરમાં ફોટા બતાવે છે ને? અનૈતિક. ૬૦ વર્ષ પહેલા નીતિ હતી. નાટકમાં પણ એવા કરતા હતા. આહાહા..! અમે તો ૧૮ વર્ષની ઉંમરે જ્યાં સાંભળ્યું કે આ શું કહે છે? બેટા! તું નિર્વિકલ્પ છો. આહાહા..! વિકલ્પ એટલે રાગની પર્યાય ને રાગાદિ. એ લોકો આટલું તો ન જાણે. પણ નિર્વિકલ્પ–વિકલ્પ એટલે રાગના ભેદ વિનાનો નિર્વિકલ્પ પ્રભુ તું છો. આહાહા..! શુદ્ધોસિ, બેટા! તું શુદ્ધ છો, બુદ્ધોસિ–જ્ઞાનનો પિંડ છો. તું તો જ્ઞાનના સ્વભાવનો રસ કંદ છો. માત્ર જ્ઞાનસ્વભાવ તારામાં ભર્યો છે. પરિપૂર્ણ જ્ઞાન છે. આહાહા..! અને ઉદાસિનોસિ. એટલા ચાર શબ્દો યાદ રહી ગયા છે. ઘણાં વર્ષ થઈ ગયા ને? ૭૧ વર્ષ. બેટા! તું ઉદાસિનોસિ– તારું આસન, તારી બેઠક, રાગ અને પુણ્ય અને નિમિત્તમાં તારી બેઠક નથી. એ તું નથી. આહાહા..! સમજાણું કાંઈ? સમજાણું કાંઈ?

અહીં નથી કહેતા? સાધરણમાં બેસવા જાય છે. સાધારણમાં બેસવા જેવું એ તારી યોગ્યતા નથી. મોટી સારી સભામાં જવું એ તારી યોગ્યતા છે. એમ અહીંયા કહે છે,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઉદાસિનોસિ. બેટા! એ રાગ, દયા, દાનના વિકલ્પમાં રહેવું એ તારું આસન નથી, એ તારી બેઠક નથી. બેઠક સમજો છો ને? આસન. ઉદાસિનો. ઉદ્-આસિન. આહાહા..! અહીં કહે છે. આ તો જ્ઞાની કહે છે. એ તો અજ્ઞાની પણ એક નાટકમાં એમ કહેતા હતા. આહાહા..! અહીંયા તો સંપ્રદાયમાં એમ કહેવામાં આવે કે નિર્વિકલ્પ ભગવાન શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. એ રાગનો કર્તા થાય તો મિથ્યાદષ્ટિ છે. આહાહા..! દયા, દાન, વિકલ્પાદિનો કર્તા થાય તો પવિત્ર પ્રભુ વિકારનો કર્તા હોય તો વિકારનો કર્તા એ મિથ્યાદષ્ટિ થઈ જાય છે. કેમ કે વિકાર એમાં નથી. આહાહા..! એનો કર્તા થઈને પોતાના આખા આત્માને વિકારી માન્યો છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! એ શુભભાવ વિકાર છે, એનો પોતાને કર્તા માને તો આખા આત્માને વિકારી માન્યો છે. આહાહા..!

ભગવાનઆત્મા '**શુદ્ધ જીવાસ્તિકાયને ખરેખર વિભાવસ્વભાવસ્થાનો...**' પાઠમાં સ્વભાવ છે. અર્થમાં વિભાવસ્વભાવ કહ્યું. આહાહા..! પ્રભુ! તું ક્યાં છો? આહાહા..! ઉપરનું શરીર, વાણી, દેહ દેખાય છે એ તો જડ છે, જડની પર્યાય છે. અંદરમાં પુણ્ય-પાપના ભાવ છે એ ઉપાધિનો, વિકારનો વિકાર ભાવ છે. એ અહીં કહે છે કે વિભાવસ્વભાવસ્થાન '**વિભાવસ્વભાવસ્થાનો નથી;...**' તારામાં એ છે જ નહિ. આહાહા..! કેમ બેસે? 'ચેતનજી' આવ્યા?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ તો નિર્ભેદનું પૂછવું હતું. એને સંસ્કૃત છે ને થોડું. એટલે. હમણાં કળશમાં આવશે. આહાહા..!

(અહીંયા) પાઠમાં છે કે '**णो खलु सहावठाणा**' ભગવાન પૂર્ણાનંદનો નાથ સમ્યગ્દર્શનનો જે વિષય છે. આહાહા..! જે સમ્યગ્દર્શનનું ધ્યેય છે, એ ચીજ જીવાસ્તિકાયમાં વિભાવસ્વભાવસ્થાન નથી. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય, એ પણ વિભાવસ્વભાવ છે એ પોતાના આત્મામાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ વિભાવરૂપ. '**(વિભાવ સ્વભાવનાં સ્થાનો)...**' કહ્યું ને? વિભાવરૂપ સ્વભાવના સ્થાન નથી. આહાહા..! એક વાત.

બીજી. '**णो माणवमाणभावठाणा**' એની વ્યાખ્યા. '**(શુદ્ધ જીવાસ્તિકાયને) પ્રશસ્ત કે અપ્રશસ્ત સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ હોવાથી...**' ભગવાનઆત્મા પ્રશસ્ત એટલે શુભરાગ અને અપ્રશસ્ત એટલે અશુભરાગ... આહાહા..! અને મોહ. પર તરફની સાવધાનીનો ભાવ, રાગ અને દ્વેષનો અભાવ હોવાથી. ભગવાનઆત્મામાં રાગ-દ્વેષનો ત્રિકાળ અભાવ છે. જે સમ્યગ્દર્શનનો વિષય છે, જેના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે એ જીવાસ્તિકાય મોહ અને રાગ-દ્વેષના ભાવથી રહિત છે. આહાહા..!

'**(શુદ્ધ જીવાસ્તિકાયને) પ્રશસ્ત કે અપ્રશસ્ત સમસ્ત મોહ–..**' શુભમોહ કે અશુભમોહ '**રાગ-દ્વેષનો અભાવ હોવાથી માન-અપમાનના હેતુભૂત...**' આહાહા..! '**કર્મોદયનાં સ્થાનો**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**નથી;...'** આહાહા..! સમજાણું કાંઈ? **'માન-અપમાનના હેતુભૂત કર્મોદયનાં સ્થાનો નથી;...'** છે જ નહિ. આહાહા..! કોઈ ચીજની અનુકૂળતા થઈ જવી કે હું શેઠીયો છું, હું પૈસાવાળો છું. એવું માન. તો કહે છે, એ 'માન' સ્વરૂપમાં છે જ નહિ, એ તો કૃત્રિમ ઊભું કરેલું છે. આહાહા..! જાણપણાનું માન. પ્રભુ! એ માન આત્મામાં નથી, ભાઈ! એકલો જ્ઞાનનો પિંડ પડ્યો છે. આહાહા..! આનંદનો સાગર છે. એમાં માન કેવું? એ માન–કર્મોદયજનિત માન એમાં નથી અને અપમાન પણ એમાં નથી. આહાહા..! માન-અપમાન નથી. છે ને?

હવે **'હરિસભાવ' 'શુભ પરિણતિનો અભાવ હોવાથી...'** શું કહે છે? ભગવાન પ્રભુ એકલો અતીન્દ્રિયનો સાગર, રત્નાકર પ્રભુમાં હરખ નથી. તો હરખ કેમ નથી? એનું કારણ કહે છે. કોઈ ચીજ જોઈને હરખ થાય ને? એ હરખ આત્મામાં નથી. એ તો કૃત્રિમ વિકાર છે. આહાહા..! તારી દૃષ્ટિ ત્યાં રહી ગઈ એ તો મિથ્યાદૃષ્ટિ છે, એમ કહે છે. ત્યાં આત્મા નથી. અને જ્યાં આત્મા છે... આહાહા..! ત્યાં શુભ પરિણામ નથી. એક વાત. શું કહે છે? જુઓ!

**'(શુદ્ધ જીવાસ્તિકાયને) શુભ પરિણતિનો અભાવ હોવાથી શુભ કર્મ નથી,...'** આહાહા..! શુભ પરિણતિનો અભાવ હોવાથી. ભગવાનઆત્મા શુદ્ધ સ્વરૂપ ભગવાન, એમાં શુભ પરિણતિની પર્યાયનો અભાવ હોવાથી. હર્ષ નથી એમ કહેવું છે. હર્ષ કેમ નથી ? કે એ **'શુભ પરિણતિનો અભાવ હોવાથી શુભ કર્મ નથી, શુભ કર્મનો અભાવ હોવાથી સંસારસુખ નથી,...'** સંસારનું સુખ પ્રભુમાં નથી. આહાહા..! વિષયમાં સુખ, ઇન્દ્રિયના વિષયમાં સુખ, એ કલ્પના સુખ એ સુખ વસ્તુમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? પૈસામાં સુખ, સ્ત્રીના શરીરના ભોગમાં સુખ. કહે છે, પ્રભુ! સાંભળ તો ખરો, તારામાં શુભ પરિણતિનો અભાવ છે. આહાહા..! અને તે કારણે તારા શુભકર્મ નથી, તો શુભકર્મના અભાવથી... આહાહા..! એ સંસારિક સુખ તારામાં (છે જ નહિ). આહાહા..! **'णो हरिसभावठाणा'** ની વ્યાખ્યા છે. **'णो हरिसभावठाणा'** છે ને? ત્રીજું પદ. હર્ષ નથી. કેમ? હર્ષ નથી. કેમ? કે શુભ વિકારી પરિણતિ પણ તારામાં નથી, તો એનાથી કર્મ બંધાય એ પણ તારા નથી. અને શુભકર્મથી મળતી સામગ્રીમાં હર્ષ થાય એ પણ તારામાં નથી. 'ભભુતમલજી'!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– સમજાતું નથી? આહાહા..!

ભગવાનઆત્મામાં હરખ નથી. હરખ એટલે સંસારસુખ નથી. સંસારસુખ કેમ નથી? કે એમાં શુભ પરિણતિનો અભાવ છે. શુભ પરિણતિનો અભાવ હોવાથી એમાં શુભકર્મ નથી. અને શુભકર્મનો અભાવ હોવાથી બાહ્ય સંસારનું સુખ એમાં નથી. એમ કહે છે. આહાહા..! શુભકર્મના અભાવથી લક્ષ્મી આદિ મળવી, કરોડો રૂપિયાના બંગલા મળવા. આહાહા..!

મુમુક્ષુ :– ... આનંદ આવે છે.

ઉત્તર :– ધૂળમાં પણ આનંદ નથી. એને માને છે એ દુઃખ છે, મૂંઢ છે. હમણાં 'અજમેર'માં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શિક્ષણ શિબિર થઈ, એ કરોડ રૂપિયાના બંગલામાં થઈ. એવું સાંભળ્યું છે. 'અજમેર'માં શિક્ષણ શિબિરમાં ગયા હતા કે નહિ?

મુમુક્ષુ :– હા, બંગલા ઉપર..

ઉત્તર :– બંગલા ઉપર એમ કહેતા હતા. પંદર કરોડનું લીધું હતું. ઓહો..! 'રતનલાલજી' 'કલકત્તા'વાળાએ કરોડ રૂપિયાનું લીધું છે. તેમાં શિબિરના માણસો આવતા હતા. પણ મકાન તો એ કહે છે કે એ મકાનથી મને સુખ છે, તો અમે કહીએ છીએ કે એ સુખનું કારણ શુભકર્મ. શુભકર્મનું કારણ શુભ પરિણતિ. એ શુભ પરિણતિ જ તારામાં નથી તો હરખ ક્યાંથી આવ્યો? ઝીણી વાત છે, ભાઈ! આ અધિકાર જ ઝીણો છે. શુદ્ધભાવ અધિકાર. શિક્ષણ શિબિરમાં આ લેવો એવો વિચાર આવ્યો હતો. અમારા પંડિતજી આવ્યા નથી, નહિતર પંડિતજીને જ પૂછવાનું હતું, ભાઈ! આ તમારે શિક્ષણ શિબિર ઘણી થાય છે તો એમાં શું લેવાનું? એક દિવસ મોડા આવ્યા. તમે તો બધે જાવ છો ને? શિક્ષણ શિબિર ચાલે છે તો આપણે અહીંયા શું લેવું? શુદ્ધભાવનો વિચાર થયો. 'રામજીભાઈ' કહે આ સારું છે. અને એમાં શુદ્ધ(ભાવ) અધિકાર લેવો છે. નહિતર 'સમયસાર'નો નિર્જરા અધિકાર ચાલતો હતો. અને બપોરે 'પ્રવચનસાર'નો અધિકાર ચાલતો હતો. પણ પ્રવચનસારનો જ્ઞેય અધિકાર સૂક્ષ્મ છે. લોકોને... આહાહા..!

આત્મામાં સંસારમાં સુખ છે એવી કલ્પના જે થાય છે, એ આત્મામાં કેમ નથી? કે આત્મામાં શુભ પરિણતિથી પુણ્ય બંધાય અને પુણ્યબંધથી સગવડતા મળે અને તેમાં સુખ માનવું, તો તારામાં શુભ પરિણતિનો જ અભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવનો તારા સ્વભાવમાં અભાવ છે. આહાહા..! આત્મા પર દૃષ્ટિ કરવી... આહાહા..! 'કૈલાસચંદજી'નો લેખ આવ્યો છે. કે જ્યાં હોય ત્યાં 'સમયસાર' 'સમયસાર' આખા હિંદુસ્તાનમાં. એનું કારણ 'કાનજીસ્વામી' છે એમ લખ્યું છે. 'સમયસાર'માં નિશ્ચયની વાત છે. પણ વ્યવહારને છોડી દેવો એમ કેમ બને? એમ કરીને થોડું લખ્યું છે. 'સન્મતિ સંદેશ' 'દિલ્હી' એમાં આવ્યું છે. 'હિતૈષી'.

અરે..! ભગવાન! અહીં તો શુભપરિણતિ તારામાં નથી, એવો પહેલા નિર્ણય થયા વિના, તને આત્માનો નિર્ણય નથી, તો તારી શુભ પરિણતિની કિંમત શું? આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! પ્રભુ આત્મા, એમાં હર્ષને સ્થાન નથી. અર્થાત્ અનુકૂળ સામગ્રીમાં હરખ આવે છે, રાજીપો થાય છે, પ્રમોદ આવે છે એ સંસારસુખનો વિકલ્પ છે. એ સુખ આત્મામાં નથી. કેમ નથી? એ સુખનું કારણ કર્મબંધન શુભ, અને શુભકર્મનું કારણ શુભપરિણતિ અને શુભપરિણતિનો તો આત્મામાં અભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? એવી વાત છે. શેઠ! પૈસાનું સુખ આત્મામાં નથી એમ કહે છે. 'રામજીભાઈ' દલીલ કરે છે કે અહીં તો એમ કહેવાય, ત્યાં ઘરે જઈને કેમ કહેવાય? ઘરે જઈને તો ઘર તો આત્માનું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઘર એ ઘર છે. એ સ્વમાં જવાનું છે. ત્યાં શુભપરિણતિનું કારણ શુભબંધન અને શુભબંધનું કારણ સંયોગ અને એમાં કલ્પના કરવી કે સ્ત્રીનું સુખ, સારી રૂપાળી સુંદર સ્ત્રી મળી અને પાંચ-પચ્ચીસ-પચાસ લાખ લઈને આવી. પિતાજી કરોડપતિ હતા. દીકરો નહોતો એકલી દીકરી જ હતી. આહાહા..! હમણાં એક છોકરી ગુજરી ગઈને? એના પિતાજીએ એના લગ્નમાં ૩૦-૪૦ હજાર ખર્ચ્યા હતા. એક જ દીકરી હતી. કોણ હમણાં (પરણ્યું)? એ આપણને કાંઈ બધું યાદ રહે છે? પણ હમણાં છાપામાં આવ્યું હતું. આપણા સંબંધમાં હતું. એ છોકરીના લગ્ન કર્યા અને એના પિતાજીને એક જ દીકરી હતી. તો લગ્નમાં ૪૦ હજાર ખર્ચ્યા હતા. પણ એકદમ કાંઈક કાંઈક થઈ ગયું અને દેહ છુટી ગયો.

મુમુક્ષુ :– વઢવાણવાળા ...જી.

ઉત્તર :– 'ચુડગર'. 'ચુડગર'ની દીકરી. એ 'ચુડગર'ની દીકરીના લગ્નમાં ચાલીસ હજાર ખર્ચ્યા હતા. દીકરો નહોતો. 'ચુડગર'. કોણે કહ્યું? 'ચુડગર' છે. એ બેરિસ્ટર હતા ને? ભાઈ! એ વ્યાખ્યાન સાંભળવા આવ્યા હતા. શું નામ કીધું?

મુમુક્ષુ :– પોપટલાલ

ઉત્તર :– 'પોપટલાલ' બેરિસ્ટર. મોટા બેરિસ્ટર હતા. અહીં વ્યાખ્યાન સાંભળવા આવ્યા હતા. (સંવત) ૧૯૯૩ ની સાલની વાત છે. વ્યાખ્યાન સાંભળવા આવ્યા હતા. ત્યારે આ મકાન નહોતું. આ સ્વાધ્યાય મંદિર નહોતું. ચારે બાજુ જંગલ હતું. ગુરુકુળ છે ને? ત્યાં વ્યાખ્યાનમાં આવતા હતા. ગુરુકુળ આર્ય સમાજમાં વ્યાખ્યાન ચાલતા હતા. બધા આવ્યા હતા. 'ભાવનગર' દરબારના દીવાન આવ્યા હતા. શું નામ? 'પ્રભાશંકર' દીવાન. એ પણ વ્યાખ્યાન સાંભળવા આવ્યા હતા. ૧૯૯૩ની સાલ. સાંભળીને એમ કહ્યું, કે અમે તો કર્મના તાબે પડ્યા છીએ. કોઈ જીવ સ્વભાવના સાધનવાળો છે, કોઈ કર્મના તાબે થયો છે. અરે..! કર્મના તાબે તું પડ્યો છો તો એ કર્મથી નથી. તારી ઉંધી દૃષ્ટિથી છે. મોટા દિવાન હતા. વ્યાખ્યાનમાં આવ્યા હતા. 'પ્રભાશંકર પટ્ટણી' આવતા. બધા દરબાર પણ આવતા. મોટા દરબાર પણ વ્યાખ્યાનમાં આવતા. 'લીંબડી'માં આવે છે, 'વઢવાણ'માં આવે છે. અહીં આવ્યા હતા. 'પાલિતાણા'ના દરબાર, 'ભાવનગર'ના દરબાર. નામ સાંભળીને બધા આવે. અને અંદર પુણ્યપ્રકૃતિ પણ છે ને? એ જોઈને આવે. પણ વસ્તુ ભાઈ! બીજી છે. એ પુણ્યપ્રકૃતિ શુભભાવથી બંધાય છે. અને પુણ્યપ્રકૃતિથી સંયોગ મળે એમાં સુખ માનવું એ મિથ્યાદૃષ્ટિ માને છે. આહાહા..! જૈનની એને ખબર નથી. જૈનપણું કોને કહેવું એની એને ખબર નથી. આહાહા..! 'કપૂરચંદજી'! એ પણ પૈસાવાળા છે. ઘણાં લાખોપતિ.

મુમુક્ષુ :– એ કે દિ' પૈસાવાળો હતો?

ઉત્તર :– પણ દુનિયાવાળા કહે છે ને કે 'કપૂરચંદ' ઘણાં પૈસાવાળા છે, ઘણાં લાખોપતિ છે. એમ કહે છે. આ અમારા 'ભભુતમલજી' અહીં રહ્યા. બે કરોડ રૂપિયા, આ અમારે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



'ઘીયાજી' કરોડો રૂપિયા. કરોડ ઉપર છે. એમાં શું છે? એ તો પૂર્વની ધૂળ છે. એ શુભભાવની ધૂળ છે. આ અમારે 'માણેકચંદજી' છે એની પાસે ઘણાં પૈસા છે. અમે એના ગામમાં ગયા હતા. એના મકાનની સામે જ ઉતર્યા હતા. એના પિતાજી છે. પ્રેમ છે, બન્નેને પ્રેમ છે, હોં! બાપુ! સાંભળવાની આ ચીજ છે. એ બાહ્યની ચીજ પ્રભુ! અબજો પૈસા હોય, પણ એમાં સુખ માનવું એ મિથ્યાદષ્ટિ છે. કેમ? કે એ સુખની કલ્પના સ્વરૂપમાં નથી.

ત્રિકાળી ભગવાન આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ અંદરમાં બિરાજમાન છે. એમાં હરખના સ્થાન કેમ નથી? જગતની અનુકૂળતાની પ્રપંચ સામગ્રીમાંથી હરખ એટલે રાજીપણું થવું, એ રાજીપણું આત્મામાં નથી. કેમ નથી? કારણ કે તેમાં શુભ પરિણતિ નથી. અને શુભ પરિણતિ પર્યાય નથી તો શુભબંધન પણ નથી. તો શુભબંધન નથી તો શુભથી અનુકૂળતા મળે છે એ પણ એમાં છે જ નહિ. અને અનુકૂળતા મળ્યા પછી હરખ થાય એ પણ વસ્તુમાં નથી. આહાહા..! ભારે કામ ભાઈ આવું! સમ્યગ્દર્શન. આહાહા..! એક વાત.

**'સંસારસુખનો અભાવ હોવાથી હર્ષસ્થાનો નથી,...'** એટલા બોલ લીધા. જુઓ! એક હર્ષસ્થાન નથી એમાં કેટલું લીધું! એક તો શુભપરિણતિ નથી, શુભવિકાર જે દયા, દાન, વ્રત એ આત્મામાં નથી. શુભપરિણતિ નથી તો શુભકર્મ નથી, શુભકર્મ નથી તો શુભસામગ્રી અનુકૂળ નથી. તો અનુકૂળ છે એમાં હરખ માનવો એ સંસારસુખ આત્મામાં નથી. છે? **'સંસાર સુખનો અભાવ હોવાથી હર્ષસ્થાનો નથી;...'** આહાહા..! કોઈપણ બાહ્ય ચીજમાં અનુકૂળતામાં કાંઈ પણ અંતરમાં વિસ્મયતા, અધિકતા, વિશેષતા, પોતાની ચીજથી પરમાં વિસ્મયતા ભાસે એ સ્વરૂપ આત્મામાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? પોતાની ચીજ જે **'णाणसहावाधियं'** આહાહા..! ('સમયસાર')૩૧મી ગાથામાં તો ત્યાં સુધી કહ્યું છે, ભગવાન ઇન્દ્રિય જીણીતા. એ તો ઇન્દ્રિયને જીતનારો છે. એનો અર્થ કે પાંચ ઇન્દ્રિય, પાંચ ઇન્દ્રિય જડ અને ક્ષયોપશમભાવ પાંચ ઇન્દ્રિય–બે અને ઇન્દ્રિયનો વિષય દેવ-ગુરુ-શાસ્ત્ર બધું ઇન્દ્રિય.

ત્રણલોકના નાથ કેવળજ્ઞાની સમવસરણમાં બિરાજે છે તેને અહીંયા ઇન્દ્રિય કહે છે. પોતાના અનીન્દ્રિય આત્માની અપેક્ષાથી તેને ઇન્દ્રિય કહ્યું. આહાહા..! તો એ ઇન્દ્રિયથી ભિન્ન. **'णाणसहावाधियं मुणदि आदं'** એ શબ્દ ૩૧માં છે. એ તો ભગવાનઆત્મા, ભગવાન અને ભગવાનની વાણીથી પણ ભિન્ન (છે). આહાહા..! ભગવાનની દિવ્યધ્વનિ અને ત્યાં તો ભગવાનને ઇન્દ્રિયમાં ગણવામાં આવ્યા છે. ભગવાનઆત્મા અનીન્દ્રિય છે. અને આ બધું ઇન્દ્રિય છે. જડઇન્દ્રિય, ભાવઇન્દ્રિય, ભાવેન્દ્રિય એક એક વિષયને જાણનાર ભાવઇન્દ્રિય અને એનો જે વિષય છે એ ત્રણેને ઇન્દ્રિય કહ્યું છે. આહાહા..!

પરમાગમ ભગવાનની (વાણી) સાંભળવી એને કહે છે કે એ તો ઇન્દ્રિય છે. આહાહા..! ગજબ વાત છે. એક કોર એમ કહે કે ભાગ્ય ઉદયથી ભગવાનની દિવ્યધ્વનિ આવે છે. આવે છે ને? 'ભવિજન ભાગ્ય ઉદયથી...' વાત સાચી છે. પુણ્ય હોય તો આવી વાણી (સાંભળવા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



મળે). પણ એ ચીજનું લક્ષ કરવું એ અનીન્દ્રિય સ્વભાવને ભૂલીને ઇન્દ્રિય (તરફ લક્ષ કરવાનું) છે. પોતાના અનીન્દ્રિય સ્વભાવમાં એ ચીજ નથી, તો એને ઇન્દ્રિય કહેવામાં આવે છે. આહાહા..! અહીં કહે છે એને સાંભળવાથી હરખ થાય એ આત્મામાં નથી. સાંભળવામાં જે હરખ–રાગ આવ્યો, રાગ, હોં! આહાહા..! આકરી વાત છે, પ્રભુ! એ હરખ આત્મામાં નથી. પછી દુઃખ.

**'(શુદ્ધ જીવાસ્તિકાયને) અશુભ પરિણતિનો અભાવ હોવાથી...'** ભગવાનમાં અશુભ પરિણામ નથી. પ્રભુ દ્રવ્યસ્વભાવ ત્રિકાળી ચૈતન્યજ્યોત પ્રભુ! જે સમ્યગ્દર્શનનો વિષય, જે સમ્યગ્દર્શનને આલંબન લેવાની ચીજ છે, એ જીવાસ્તિકાય જે શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ, એમાં અશુભ પરિણતિનો અભાવ. અને અશુભ પર્યાય જે વિકૃત અશુભ થાય છે, એનો એમાં અભાવ છે. આહાહા..! **'અશુભ કર્મનો અભાવ હોવાથી...'** અશુભ કર્મ નથી. અશુભ પરિણતિનો અભાવ હોવાથી અશુભકર્મનો બંધ આત્મામાં નથી. આહાહા..! ભારે આકરી વાત. અને **'અશુભ કર્મનો અભાવ હોવાથી દુઃખ નથી,...'** અશુભ પરિણતિ નહિ હોવાથી અશુભકર્મ નથી, અશુભકર્મ નહિ હોવાથી દુઃખ નથી. સંસારિક દુઃખ, પૂર્વના પાપને કારણે પ્રતિકૂળતા આવી જાય, પાપ બંધન હોય, પાપ થયું માટે પાપથી બંધન થયું અને બંધનથી પ્રતિકૂળતા થઈ. પણ અહીં તો કહે છે કે પાપ જ આત્મામાં નથી. તો પછી અહર્ષસ્થાનો–દુઃખ એ તો આત્મામાં છે જ નહિ. આહાહા..! આવી વાત છે.

મુમુક્ષુ :– બધા આત્માને દુઃખ તો જોવામાં આવે છે.

ઉત્તર :– એ દુઃખ તો દશામાં છે. વસ્તુમાં નથી. જેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે એ પોતામાં દુઃખ છે એમ માનતા જ નથી. આહાહા..! કહો, 'ડાહ્યાભાઈ'! આ તમારા જજમાં પણ આવા શબ્દ ત્યાં નહિ આવ્યા હોય. સરકારે ગપ માર્યા હોય એ જજમાં ચાલે. 'અમદાવાદ'માં મોટા જજ છે. હવે તો છોડી દીધું. નોકરી છોડી દીધી. આહાહા..! સરકાર જે કાયદા ઘડે એ પ્રમાણે કરે. આ તો વીતરાગના કાયદા છે. આ તો વીતરાગી કોલેજ છે. આહાહા..!

કહે છે કે આત્મામાં દુઃખ નથી. કેમ નથી? અશુભ પરિણતિ જ નથી તો દુઃખ ક્યાંથી આવ્યું? અને અશુભ પરિણતિ નથી માટે એને અશુભકર્મ પણ નથી. અશુભકર્મ નથી માટે પ્રતિકૂળ સંયોગો પણ એમાં નથી. પ્રતિકૂળ સંયોગ નથી તો પ્રતિકૂળ સંયોગમાં મને દુઃખ થાય છે, એ વસ્તુ એમાં નથી. આહાહા..! પહેલા હજી દૃષ્ટિના ઠેકાણા નથી. આહાહા..! એ પડિમા લઈ લીધી ને વ્રત કર્યા. અમારા 'રામજીભાઈ' તો કહે કે અગિયાર પડિમા શું સોળ હોય તો સોળ પડિમા લઈ લે. ભાન ક્યાં છે? આ તો અગિયાર છે વધારે હોય (તો એ લઈ લે). ભાન તો કાંઈ છે નહિ. આહાહા..!

**'અશુભ કર્મનો અભાવ હોવાથી દુઃખ નથી, દુઃખનો અભાવ હોવાથી અહર્ષસ્થાનો નથી.'** આહાહા..! હવે શ્લોક.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



[હવે ૩૯ મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

## શ્લોક–૫૫

(शार्दूलविक्रीडित)

प्रीत्यप्रीतिविमुक्तशाश्वतपदे निःशेषतोऽन्तर्मुख-
निर्भेदोदितशर्मनिर्मितवियाद्बिंबाकृतावात्मनि।
चैतन्यामृतपूरपूर्णवपुषे प्रेक्षावतां गोचरे
बुद्धिं किं न करोषि वाञ्छसि सुखं त्वं संसृतेर्दुष्कृतेः।।५५।।

[શ્લોકાર્થ :–] જે પ્રીતિ-અપ્રીતિ રહિત શાશ્વત પદ છે, જે નિઃશેષપણે અંતર્મુખ અને નિર્ભેદપણે પ્રકાશમાન એવા સુખનો બનેલો છે, જે નભમંડળ સમાન આકૃતિવાળો (અર્થાત્ નિરાકાર-અરૂપી) છે, ચૈતન્યામૃતના પૂરથી ભરેલું જેનું સ્વરૂપ છે, જે વિચારવંત ડાહ્યા પુરુષોને ગોચર છે–એવા આત્મામાં તું રુચિ કેમ કરતો નથી અને દુષ્કૃતરૂપ સંસારના સુખને કેમ વાંછે છે? ૫૫.

## શ્લોક–૫૫ ઉપર પ્રવચન

'(હવે ૩૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :)'

प्रीत्यप्रीतिविमुक्तशाश्वतपदे निःशेषतोऽन्तर्मुख-
निर्भेदोदितशर्मनिर्मितवियाद्बिंबाकृतावात्मनि।
चैतन्यामृतपूरपूर्णवपुषे प्रेक्षावतां गोचरे
बुद्धिं किं न करोषि वाञ्छसि सुखं त्वं संसृतेर्दुष्कृतेः।।५५।।

હવે શું આવ્યું? જુઓ! પ્રશ્ન એમ હતો કે એમાં નિર્ભેદ શબ્દ પડ્યો છે. બીજી લીટીમાં. નિર્ભેદનો અર્થ અહીં એમ કર્યો, કે ભેદરહિત. ભેદરહિત એટલે અભેદ. ભગવાન અભેદસ્વરૂપ છે. જેમાં પર્યાયનો ભેદ પણ એના સ્વરૂપમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ.. 'ચેતનજી'ને એ પૂછવું હતું કે આ નિર્ભેદનો અર્થ 'પ્રગટ' કર્યો છે એ શું છે? એ વ્યાકરણ જાણે છે. અમારે પંડિતજીને તો પહેલા પૂછ્યું હતું. પણ એ નિર્ભેદનો અર્થ એ. ભગવાનઆત્મામાં ભેદ નથી. અખંડાનંદ પ્રભુ ચૈતન્ય સમ્યગ્દર્શનનો વિષય જે આત્મા એ તો અભેદસ્વરૂપ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અખંડાનંદ છે. આહાહા..! એમાં તો પર્યાય પણ નથી એમ કહે છે. નિર્ભેદ કહેતાં, પર્યાય ભેદ છે. આહાહા..! ભગવાન અંદર બિરાજમાન પરમાત્મા, એમાં ભેદ જ નથી. નિર્ભેદ-અભેદ છે. આહાહા..! આચાર્ય કહે છે કે મેં મારા માટે બનાવ્યું છે. એમાં આ લેખ આવ્યો છે. આહાહા..! મારી ભાવના માટે મેં 'નિયમસાર' બનાવ્યું છે. છેલ્લી ગાથામાં છે ને? આહાહા..!

ભગવાનઆત્મામાં **'જે પ્રીતિ-અપ્રીતિ રહિત શાશ્વત પદ છે,..'** આહાહા..! પ્રીતિ-અપ્રીતિ તો ક્ષણિક વિકૃત દશા છે. ભગવાન તો શાશ્વત પદ છે. નિત્યાનંદ પ્રભુ ધ્રુવ છે. આહાહા..! ભારે કઠણ. **'પ્રીતિ-અપ્રીતિ રહિત શાશ્વત પદ છે, જે નિઃશેષપણે અંતર્મુખ...'** છે? **'निःशेषतोऽन्तर्मुख-'** એ સંસ્કૃતમાં લખ્યું છે. **'निःशेषतोऽन्तर्मुख-'** સર્વથા પ્રકારે અંતર્મુખ ચીજ છે. બહિર્મુખ વિકલ્પાદિમાં આત્મા નથી. આહાહા..! જ્ઞાનીને પણ શુભરાગ આવે છે પણ એ શુભરાગમાં હું છું એમ નથી માનતા. હું તો રાગરહિત છું. મારું જીવાસ્તિકાય શાશ્વત ટંકોત્કીર્ણ પદ છે. જેવો છે એવો અનાદિ ટંકોત્કીર્ણ શાશ્વત હું છું. મારી ચીજમાં અશાશ્વતપણું પણ નથી તો રાગ અને પુણ્ય-પાપની વાત જ ક્યાં છે? આહાહા..! આવી વ્યાખ્યા હવે.

સર્વથા અંતર્મુખ. છે? અંતર્મુખ વસ્તુ છે. બહિર્મુખ વિકલ્પ કે પર્યાય એમાં નથી. પ્રગટ પ્રકાશમાન એનો એટલો અર્થ કર્યો. નિર્ભેદનો અર્થ એ કર્યો. નિર્ભેદ અને ઉદિત બે શબ્દો પડ્યા છે. મેં અહીં પ્રશ્ન કર્યો કે નિર્ભેદનો અર્થ પ્રગટ કેમ કર્યો? પણ એનો અર્થ એ થયો, નિર્ભેદ એટલે અભેદ, અભેદ એટલે ત્રિકાળ પ્રગટ સ્વરૂપ અભેદ છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ છે. એને મૂળ સત્ય વાત તત્ત્વની (કાને પડી નથી). નવતત્ત્વ સ્વતંત્ર કઈ રીતે છે એની પણ ખબર નથી. એને ધર્મ કઈ રીતે થાય? આહાહા..!

અહીંયા તો કહે છે, પ્રગટ પ્રકાશમાન. નિર્ભેદ ઉદિત. અભેદરૂપે પ્રકાશમાન, પ્રગટ પ્રકાશમાન છે. ચૈતન્યસૂર્ય... આહા..! અને શીતળતાથી ભરેલો જેમ ચંદ્ર શીતળ છે એવો અનંત અનંત ચંદ્રની શીતળતાથી વિપરીત આ શીતળતા છે. આહાહા..! એવો શીતળતાનો પિંડ પ્રભુ પ્રગટ છે. વસ્તુ છે તે પ્રગટ છે. આહાહા..!

૪૯ ગાથામાં એમ કહ્યું કે પર્યાય વ્યક્ત છે અને આત્મા અવ્યક્ત છે. ૪૯ (ગાથામાં) અવ્યક્તના છ બોલ છે ને? એમાં એમ લીધું છે. આત્મા અવ્યક્ત છે. કેમ? એ તો પર્યાય પ્રગટ છે, એ અપેક્ષાએ અવ્યક્ત છે. પણ વસ્તુ અંતરમાં તો પ્રગટ છે. આહાહા..! છ બોલ છે ને? અવ્યક્તના છ બોલ છે.

છ દ્રવ્યનો સમૂહ. છ દ્રવ્યનો સમૂહ, તો છ દ્રવ્યમાં ભગવાન પણ આવી ગયા. પંચ પરમેષ્ઠી આવી ગયા. છ દ્રવ્યનો સમૂહ વ્યક્ત છે, એનાથી ભગવાન ભિન્ન છે માટે અવ્યક્ત છે. પહેલો બોલ છે. છ બોલમાં પહેલો બોલ છે. ત્યાં વ્યક્ત છે, બાહ્યની ચીજ વ્યક્ત છે, જ્ઞેય છે, એનાથી ભિન્ન જ્ઞાયક અભેદ છે અને અવ્યક્ત છે. આહાહા..! પણ એ અવ્યક્ત તો પર્યાયની પ્રગટતાની અપેક્ષાથી, પર્યાયમાં એ દ્રવ્યની પ્રગટતા નથી એ અપેક્ષાએ અવ્યક્ત

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કહ્યું છે. બાકી વસ્તુ તો વિદ્યમાન પ્રગટ છે. નિર્ભેદ ઉદિત. અભેદ પ્રકાશમાન ચૈતન્યસૂર્ય પ્રભુ બિરાજમાન છે. આહાહા..! તારી નજર, પર્યાયમાં એ તરફ ઢળી નથી. બાકી ક્રિયાકાંડ, વ્રત અને દિગંબરના મુનિપણા અનંતવાર લીધા. આહાહા..! પોતાનું સ્વરૂપ નિર્ભેદ પ્રગટ છે, એની દૃષ્ટિ કરી નથી, વિશ્વાસમાં આવ્યો નથી, રુચિમાં લીધો નથી. એ કારણે એનું ચાર ગતિમાં ભ્રમણ થઈ રહ્યું છે. આહાહા..!

બાહ્યની સામગ્રી છોડી દીધી અને દિગંબર નગ્ન મુનિ થયો, પણ હું બહારનું છોડું અને અંતરનો રાગ ગ્રહણ કરું, એ ગ્રહણ-ત્યાગ આત્મામાં છે જ નહિ. અમુક સામગ્રી છોડું અને અમુક સામગ્રી નગ્નપણા આદિ ગ્રહણ કરું એ આત્મામાં છે જ નહિ. પરના ત્યાગ-ગ્રહણથી આત્મા શૂન્ય છે. આહાહા..! ૪૭ શક્તિમાં ત્યાગ-ઉપાદાનશૂન્યત્વશક્તિ (છે). શરીરથી, કર્મથી ત્યાગ અને કર્મનું અને શરીરનું ગ્રહણ, એનાથી ભગવાન રહિત છે. આહાહા..! ત્રિકાળ રહિત છે. શરીર અને કર્મથી ત્રિકાળ ગ્રહણ-ત્યાગથી રહિત છે. એવો એનો સ્વભાવ છે. આહાહા..! અરે..! પણ તારી દૃષ્ટિ પર ઉપર છે. જાણનારને જાણ્યો નહિ, દેખનારને દેખ્યો નહિ અને આ પરને જાણવામાં અને જોવામાં રોકાઈ ગયો, એ મિથ્યાદૃષ્ટિ છે. આવી વાત છે. આહાહા..! જાણનાર અંદર... એ કહ્યું, જુઓ!

**'નિર્ભેદપણે પ્રકાશમાન એવા સુખનો બનેલો છે,...'** આત્મા અતીન્દ્રિય આનંદથી બનેલો છે. બન્યો એટલે છે. પાઠ તો એમ છે ને? સંસ્કૃતમાં **'निर्मित'** શબ્દ છેને? **'निर्भेदोदितशर्मनिर्मित'** **'शर्म'** એટલે સુખ. અને **'निर्मित'** એટલે છે. આહાહા..! **'સુખનો બનેલો છે,...'** અતીન્દ્રિય આનંદથી બનેલો ભગવાનઆત્મા છે. **'બનેલો છે,...'** એનો અર્થ? અતીન્દ્રિય સુખસ્વરૂપી જ છે. એને અતીન્દ્રિય સુખ બહારથી લાવવાનું છે એમ નથી. અતીન્દ્રિય સુખનો સાગર છે. આહાહા..! **'એવા સુખનો બનેલો છે,...'** ભાષા નિર્મિત છે ને? સુખથી નિર્મિત છે, આનંદથી નિર્મિત છે. પ્રભુ આત્મા અંદર આનંદ અતીન્દ્રિયથી નિર્મિત છે. એટલે અતીન્દ્રિય આનંદનો બનેલો છે.

મુમુક્ષુ :– પર્યાયમાં આવવો જોઈએ.

ઉત્તર :– પર્યાય-ફર્યાય નહિ, અહીં તો ત્રિકાળી ચીજ છે.

મુમુક્ષુ :– પર્યાયમાં આવવો જોઈએ.

ઉત્તર :– પર્યાય નહિ. જે પર્યાય દૃષ્ટિ કરે છે એમાં આ નથી. જે પર્યાય દૃષ્ટિ કરે છે એમાં એ પર્યાય જ નથી. આહાહા..! **'સુખનો બનેલો છે,...'** એટલે પર્યાયમાં સુખ આવ્યું એ વાત નથી. આહાહા..! પર્યાયમાં સુખ...

મુમુક્ષુ :– એનો બનેલો છે એટલે...

ઉત્તર :– એ બનેલાનો અર્થ કે એ તો સુખસ્વરૂપ જ છે. આહાહા..! એ તો ત્રિલોકમાં છ દ્રવ્યની રચના છે એમ કહેવામાં આવે છે. ત્રિલોક છ દ્રવ્યથી રચાયેલું છે એવું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



'પંચાસ્તિકાય'માં આવે છે. એનો અર્થ કે છ દ્રવ્યસ્વરૂપ જ લોક પડ્યો છે. અકૃત્રિમ–કોઈએ બનાવ્યો નથી. આહાહા..! કોઈ ઈશ્વરકર્તા નથી. દ્રવ્ય-ગુણ-પર્યાય સત્ છે એ પોતાથી છે. સત્ છે એ સ્વથી છે, પરથી નથી. એ બનેલો છે એમ ત્યાં પણ કહ્યું, એનો અર્થ એ કે છ દ્રવ્ય છે. છ દ્રવ્યથી બનેલો લોક છે. એનો અર્થ કે છ દ્રવ્યસ્વરૂપ છે. એમ અહીંયા કહે છે સુખસાગરથી બનેલો છે. આહાહા..! એનો અર્થ કે સુખસ્વરૂપ છે. આહાહા..!

**'નભમંડળસમાન આકૃતિવાળો છે,...'** શું કહે છે? આકાશ કોઈથી બનેલું નથી. આકાશ કોઈએ બનાવ્યું નથી. જેમ આકાશને કોઈએ બનાવ્યું નથી, એમ આત્માને પણ કોઈએ બનાવ્યો નથી. આત્મા અંતર્મુખ પ્રગટ અતીન્દ્રિય સુખનો પિંડ છે. સ્વયંસિદ્ધ શાશ્વત છે. એને કોઈ ઈશ્વરે બનાવ્યો છે? આહાહા..! છે એને બનાવે કોણ? ન હોય એને બનાવે કોણ? આહાહા..! પણ વિશ્વાસ આવવો... આહાહા..! પર્યાયને અંતરમાં ઢાળવી એ સાધારણ વાત નથી. અપૂર્વ પુરુષાર્થ છે. પર્યાયને અંતર્મુખ લઈ જવી, જ્યાં પૂર્ણ પ્રભુ છે, ત્યાં પર્યાયને લઈ જવી, પર્યાયને ઢાળવી... આહાહા..! તો કહે છે, પર્યાય જેમાં ઢળે છે એ વસ્તુ કેવી છે? આહાહા..!

**'નભમંડળસમાન આકૃતિવાળો છે,...'** જેમ આકાશને કોઈએ બનાવ્યું નથી. આકાશને કોણ બનાવે? સર્વ વ્યાપકને કોણ બનાવે? એમ ભગવાન **'નભમંડળસમાન આકૃતિવાળો છે,...'** આહાહા..! **'ચૈતન્યામૃતના પૂરથી ભરેલું જેનું સ્વરૂપ છે,...'** ચૈતન્યના અમૃતના પૂરથી... અમૃતનું પૂર. પાણીનો પ્રવાહ હોય છે ને? એમ ભગવાન અમૃતના પ્રવાહનું પૂર છે. આહાહા..! ધ્રુવ અમૃતનું પૂર. ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... પ્રવાહ અનાદિઅનંત ચાલે છે. આહાહા..! કહો, 'યશપાલજી'! આવી વાત છે. આહાહા..! છે?

**'ચૈતન્યામૃત...'** ચૈતન્યનું અમૃત. આહાહા..! અહીં તો કેરી હોય અને આમ હોય તો અમૃત સમાન છે એમ લોકો લગાવી લે છે. ધૂળમાં કાંઈ નથી. એ તો પુદ્ગલ છે. માટીની દશા છે. આ પણ માટી છે. આહાહા..! ચૂંક શરીરમાં વાગે છે ને? શરીરમાં લોખંડનો ખીલ્લો વાગે તો કહે કે મારી માટી પાકણી છે. માટે પાણી નહિ લગાવવું. કહે છે ને? મારી માટી, આ માટી પાકણી છે માટે પાણી ન લગાવવું. ચૂંક કે લોખંડનો કાટવાળો ખીલ્લો વાગ્યો હોય... કાટને શું કહે છે? જંક. લોખંડનો કાટવાળો ખીલ્લો વાગ્યો હોય તો કહે મારી માટી પાકણી છે માટે પાણી ન લગાવવું. માટી તો આ છે. વળી એક કોર માટી કહે અને એક કોર કહે, મારું શરીર છે. આહાહા..! એ શરીર તો નહિ પણ અકૃત્રિમ ચૈતન્યામૃતના પૂરથી ભરેલો.

**'ચૈતન્યામૃતના પૂરથી ભરેલું જેનું સ્વરૂપ છે, જે વિચારવંત ડાહ્યા પુરુષોને ગોચર છે...'** જુઓ! પહેલા એમ કહ્યું કે ચાર ભાવથી અગોચર છે. અહીં કહે છે, વિચારવંત પુરુષોથી ગોચર છે. એ તો ચાર ભાવના આશ્રયથી અગોચર છે. સમજાણું કાંઈ? **'વિચારવંત ડાહ્યા પુરુષોને...'** જુઓ! એને ચતુર કહે છે. જ્ઞાનીપુરુષને ચતુર કહે છે અને એ ચતુર પુરુષને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ગમ્ય છે. આહાહા..! બહારનું વકિલાત આદિનું જાણપણું, એ કોઈ ચતુરાઈ નથી. એ તો બધા કુજ્ઞાન છે. આહાહા..! ચતુરાઈ તો એને કહીએ, કહે છે... આહાહા..! '**વિચારવંત ડાહ્યા પુરુષોને...**' છે? '**પ્રેક્ષાવતાં**' છે ને? '**પ્રેક્ષાવતાં**' '**પ્રેક્ષાવતાં**' સંસ્કૃતમાં '**પ્રેક્ષાવતાં**' દેખનારના વિચારવંતવાળાના. આહાહા..! એમ પાઠમાં શબ્દ પડ્યો છે. આ તો પોતાની વાત પોતાથી થાય છે એની વાત છે. બીજા કોઈ વિકલ્પથી અને બહારથી થાય છે એમ વાત નથી. એવી વાત છે.

'**એવા આત્મામાં તું રુચિ કેમ કરતો નથી...**' એવા ભગવાનમાં તારું પોષણ કેમ નથી થતું? અને તું અજ્ઞાનને, રાગને મારા માનીને મિથ્યાત્વનું પોષણ કરે છે. આહાહા..! '**તું રુચિ કેમ કરતો નથી અને દુષ્કૃતરૂપ સંસારના સુખને કેમ વાંછે છે?**' એવો ઠપકો આપ્યો છે. જ્યાં અંતરનું સુખ પડ્યું છે ત્યાં રુચિ કેમ કરતો નથી? અને જેમાં સુખ નથી ત્યાં રુચિ કેમ કરે છે? એ તારું અજ્ઞાન છે એને છોડી દે, એમ કહે છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૩૮, શ્લોક-૫૫, ગાથા-૪૦ શુક્રવાર, ચૈત્ર સુદ ૧૧, તા.૧-૦૪-૧૯૬૬

---

'નિયમસાર' શુદ્ધભાવ અધિકાર. '**[હવે ૩૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]**'

**प्रीत्यप्रीतिविमुक्तशाश्वतपदे निःशेषतोऽन्तर्मुख-**
**निर्भेदोदितशर्मनिर्मितवियाद्बिंबाकृतावात्मनि।**
**चैतन्यामृतपूरपूर्णवपुषे प्रेक्षावतां गोचरे**
**बुद्धिं किं न करोषि वाञ्छसि सुखं त्वं संसृतेर्दुष्कृतेः।।५५।।**

પ્રગટ. નિર્ભેદ. નિર્ભેદનો અર્થ ક્યાં ગયો? નિર્ભેદ. નિર્ભેદ સ્વરૂપ પ્રગટ છે. '**निर्भेदोदित**'નો અર્થ પ્રગટ એટલું જ? નિર્ભેદનો અર્થ એમ છે. ભેદ રહિત ઉદયમાન સુખમય નિરાકાર પ્રકાશમાન છે.

શુદ્ધભાવ, શુદ્ધભાવ અધિકાર છે ને? શુદ્ધભાવ એટલે આત્મા. એક સમયમાં આત્મા ધ્રુવ સ્વભાવ, એને અહીંયાં શુદ્ધભાવ અથવા એને આત્મા કહે છે. એ આત્મા '**પ્રીતિ-અપ્રીતિ રહિત શાશ્વત પદ છે,...**' આત્મા શાશ્વત છે, ધ્રુવ છે. એમાં રાગ અને દ્વેષના સ્થાન અને પ્રકાર છે જ નહિ. સમજાણું કાંઈ? આત્મા.. એ પ્રીતિ-અપ્રીતિ રાગ એ તો આસ્રવ છે. એ સ્વરૂપમાં નથી. અત્યારે, હોં! એ પ્રીતિ-અપ્રીતિના વિકલ્પ છે. એ પર્યાયમાં, અંશમાં ભલે હો. વસ્તુમાં નથી. વસ્તુ જેને આત્મા, શુદ્ધભાવરૂપ આત્મા (કહીએ), એ તો પ્રીતિ-અપ્રીતિ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



રહિત છે. નાસ્તિથી વાત કરી. અસ્તિથી કહ્યું, શાશ્વત પદ છે.

એવું શાશ્વત પદ અંતર્મુખ દૃષ્ટિ કરવાનો જે વિષય છે, જેનાથી લક્ષ અને રુચિ કરતાં સમ્યગ્દર્શન થાય એવું શાશ્વત પદ ચૈતન્ય ધ્રુવ એ પ્રીતિ-અપ્રીતિના વિકલ્પથી રહિત નિર્વિકલ્પ તત્ત્વ છે. સમજાણું કાંઈ? શાશ્વત છે. શાશ્વત છે. તત્ત્વ છે અરૂપી, વિજ્ઞાનઘન શાશ્વત પદ છે, વસ્તુ. એની રુચિ કેમ કરતો નથી એમ કહે છે. સમજાણું કાંઈ? બીજી બધી રુચિ કરે છે પણ આવો ભગવાનઆત્મા એક સમયનો શાશ્વત સ્વરૂપ પ્રભુ, પુણ્ય-પાપના વિકલ્પ અને ભાવથી રહિત, એની રુચિ કેમ કરતો નથી? જે કરવાનું છે એ તો એ છે. ધર્મની સ્થિતિની શરૂઆતમાં ધર્મીને કરવાનું તો એ છે. સમજાય છે કાંઈ? શાશ્વત વસ્તુ સત્.. સત્.. સત્, એની રુચિ, પુણ્ય-પાપના વિકલ્પ વિનાના તત્ત્વની રુચિ કરવી એનું નામ સમ્યગ્દર્શન અને પ્રથમ ધર્મ છે. એ વિના એને એકેય ધર્મ સાચો હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

જે સર્વથા અંતર્મુખ. કેવો છે આત્મા વસ્તુ શુદ્ધભાવ? ધ્રુવ સ્વભાવ એટલે કે અશુદ્ધ ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક જે ચાર પર્યાયો છે એવી અપેક્ષાની પર્યાય વિનાનું તત્ત્વ છે એ સર્વથા અંતર્મુખ છે, સર્વથા અંતર્મુખ છે. સમજાણું કાંઈ? બહારની જે સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ પર્યાય કે ક્ષાયિકસમકિત, ચારિત્ર પર્યાય આદિ એથી આ સર્વથા અંતર્મુખ છે. ઓલી તો બહિર્ પર્યાય છે. સમજાણું કાંઈ? ધર્મની સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ પર્યાય, ચારિત્ર પર્યાય, ક્ષાયિકસમકિત આદિ પર્યાય એ અંતર્મુખ વસ્તુ નથી. એ તો બહિર્મુખનો પર્યાય પ્રગટ થયો છે. સ્વભાવના આશ્રયે પ્રગટ થયેલ તત્ત્વ બહિર્તત્ત્વ છે. સમજાણું?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– સર્વથા કીધું છે ને? કોઈ અપેક્ષાએ પણ એ બાહ્ય પર્યાયના અંશમાં એ તત્ત્વ આવતું જ નથી. સર્વથા (કહ્યું તો) અનેકાંત વીતરાગનો માર્ગ છે તો કથંચિત્ અંતર્મુખ અને કથંચિત્ બહિર્મુખ એમ હોવું જોઈએ કે નહિ? ભાઈ ! ધ્રુવ વસ્તુ જે છે ચૈતન્ય શુદ્ધભાવ એક સમયનો પરમાત્મા પોતે વર્તમાન, એ સર્વથા અંતર્મુખ તત્ત્વ ધ્રુવ છે. એક સમયની પર્યાયમાં એ ધ્રુવ આવે એવું એ તત્ત્વ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– કથંચિત્ શેનું આવ્યું? વસ્તુ છે સર્વથા અંતર્મુખ તત્ત્વ ચૈતન્યપિંડ, વિજ્ઞાનઘન, શુદ્ધ ધ્રુવ જે છે એ ઉત્પાદ-વ્યયની પર્યાયમાં ધ્રુવ સર્વથા આવતું નથી. ભારે, ભાઈ! સમજાણું કાંઈ? આહાહા..!

વસ્તુ છે ને વસ્તુ? એક સમયની પર્યાયના અંશનું લક્ષ ન લેતા વસ્તુ જે છે એક સમયનું ધ્રુવ વસ્તુ છે એ તો સર્વથા અંતર્મુખ જ તત્ત્વ છે. સમજાણું કાંઈ? અહીં કહે છે કે, અરે...! પ્રભુ! એની તું રુચિ કેમ કરતો નથી? સમજાણું કાંઈ? આ નિમિત્તની રુચિ,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



રાગની રુચિ, પુણ્યની રુચિ, પાપની રુચિ, આ દેહની ક્રિયા હું કરું એવી રુચિ, દયા, દાન, વ્રતના વિકલ્પ ઉઠે એ વિકલ્પ શુભરાગ (છે), એની રુચિ એ તો બધો મિથ્યાત્વભાવ છે. એની રુચિ એટલે આ હું એવો ભાવ તો મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? એ અંતર્મુખ તત્ત્વ સર્વથા છે એવા તત્ત્વને રુચિમાં ન લેતાં, બહિર્મુખનો વિકલ્પ એક સમયનો ક્ષયોપશમ જ્ઞાનનો પર્યાય વિકાસનો ઉઘાડ છે એટલો હું, એ તો બહિર્તત્ત્વ છે. એટલો હું, એ તો મિથ્યાદષ્ટિની શ્રદ્ધાનો એ ભાવ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ન્યાલ થઈ જવાની એ વાત.

ઉત્તર :– ન્યાલની જ વાત છે ને આ તો, ભાઈ! વસ્તુ અંતર્મુખ મહાનપદાર્થ છે. એની નજરું તેં કરી નથી. કહે છે, ભાઈ! એ બધી નજર તારી બહારમાં વર્તે છે. એક સમયનો પર્યાય કે રાગની મંદતાનો રાગ એના ઉપર તારી રુચિ અને એ અસ્તિત્વ ને સત્ત્વ હું છું, એવો જે ભાવ એ તો મિથ્યાભાવ છે, ભ્રમભાવ છે, એ ચાર ગતિમાં ઉત્પન્ન કરવાના બીજડાં છે. મોક્ષનું બીજ તો સર્વથા અંતર્મુખ તત્ત્વ એ છે. આહાહા..!

સર્વથા અંતર્મુખ. અંતર્મુખ. સર્વથા એક સમયની પર્યાયમાં બિલકુલ ન આવે એવું. એમ. અંતર્મુખ અંતર્મુખ. આખી ચીજ જ સ્વસન્મુખ પડી છે. એની રુચિ કર. સમજાણું કાંઈ? માણસ એમ કહે આવું સર્વથા આવું છે તો પછી એક સમયનો પર્યાય રાગાદિ છે કે નહિ એમાં? એમાં છે જ નહિ. એમાં છે નહિ ત્યારે સર્વથા અંતર્મુખ સ્થિતિનું સત્ત્વ સિદ્ધ થાય છે. સમજાણું? એમ કહે ને, ભાઈ! આ આખું દ્રવ્ય છે. આ જે આખું દ્રવ્ય અને એક સમયની પર્યાય એને લક્ષમાં લે ને. એ આખું દ્રવ્ય કહેવાય, એ પદાર્થ કહેવાય. (તો એમ કહે), એ નહિ, એ વસ્તુ નહિ. સમજાણું?

જેમાં એક સમયની દશા વિકાસ અને વિકાર. વિકાસ જ્ઞાન, દર્શન, વીર્યનો વિકાસ અને વિકાર. એ બધું અપૂર્ણ અને વિપરીત. એ તત્ત્વમાં અંતર્મુખ તત્ત્વ આવતું નથી. અંતર્મુખ તત્ત્વ જે સર્વથા તે પર્યાયમાં નથી અને એ પર્યાય અંતર્મુખ તત્ત્વમાં નથી. આહાહા..! માણસને ભારે ઝીણું પડે એટલે પછી આ રસ્તા એવા કરી નાખ્યા છે ને. લોકોને સારું પડે આ. ભક્તિ કરે, પૂજા કરે, દાન, દયા કરે. એમ કરતાં કરતાં ધર્મ થાય. આહાહા..! ભાઈ! એ ધર્મ નથી. સમજાણું કાંઈ?

વસ્તુસ્વભાવ જે સત્ત્વ છે, ચૈતન્યનું સત્ત્વ છે, તત્ત્વ છે, ભાવ છે, શુદ્ધ છે, એકરૂપ છે. એવો જે ભાવ તેને સર્વથા અંતર્મુખ વસ્તુ અને તે નિર્ભેદ (તત્ત્વ છે). નિર્ભેદ ઉપર લક્ષ ગયું એટલે પછી તમારું પ્રગટ ખટક્યું. ભાઈ! પ્રગટ ખટક્યું. કે એકરૂપ ઉદય છે, એમ. નિર્ભેદ ઉદય છે. એકરૂપ ઉદય છે. ઉદય એટલે એકરૂપ છે. એમ. એકરૂપ વસ્તુ પ્રકાશમાન છે. સમજાણું કાંઈ? પ્રગટ કહો તોપણ પ્રગટ છે એ બરાબર છે. વસ્તુ વસ્તુ છે. એક સમયનું ધ્રુવ અનંત સત્ત્વનું એક સત્ત્વસ્વરૂપ. એ પ્રગટ જ છે. વસ્તુ અપ્રગટ છે એ વસ્તુ છે ને?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. છે એ છે તે અસ્તિરૂપે પ્રગટ. પ્રગટ એટલે છે. એ પ્રકાશમાન છે. નિર્ભેદ પ્રકાશમાન છે. પ્રગટ પ્રકાશમાન વસ્તુ સ્વરૂપ ધ્રુવ, પારિણામિક ચૈતન્યભાવ, સ્વભાવભાવ એ વ્યક્ત. વસ્તુ તરીકે વ્યક્ત છે. વસ્તુ અવ્યક્ત છે? પર્યાયમાં વ્યક્ત પ્રગટ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

વસ્તુ તરીકે તો નિર્ભેદ, પ્રગટ, પ્રકાશમાન વસ્તુ અંતર્મુખ પ્રકાશમાન છે. અંતર્મુખ પ્રકાશમાન. એને અહીંયાં આત્મા કહેવામાં આવે છે. એવા આત્માને સર્વજ્ઞ પરમેશ્વરે આત્મા તરીકે કહ્યો અને એને શુદ્ધભાવ કહ્યો. એવા ભાવની અંતર રુચિ કરવી એનું નામ સમ્યગ્દર્શન-ધર્મની પહેલી સીઢી છે. આહાહા..! બાકી બધું થોથે થોથા છે. આહાહા..! સમજાણું કાંઈ? એય..! 'કાંતિભાઈ'! આ નિર્ભેદ. 'એક દેખીયે જાણીયે...' 'વીરજીભાઈ' બહુ કહેતા. આહાહા..! 'એક દેખીયે જાણીયે રમી રહીએ ઇક ઠોર, સમળ વિમળ ન વિચારીએ યહી સિદ્ધિ નહિ ઔર.' આ નિર્મળ પર્યાય અને આ સમળ, એવા બે ભેદ પણ નથી. નિર્ભેદ એકલું તત્ત્વ છે. એક સમયમાં આખો ભગવાન, મહા પરમાત્મા, મહા પરમાત્મા પોતે એક સમયમાં છે. એને અહીંયાં સર્વથા અંતર્મુખ પ્રગટ પ્રકાશમાન વસ્તુસ્વરૂપે એવો **'સુખનો બનેલો છે,..'** લ્યો! વળી બનેલો લખ્યું છે.

નિર્ભેદ **'शर्मनिर्मित'**, **'शर्मनिर्मित'**. **'शर्म'** એટલે આનંદ, અતીન્દ્રિય આનંદથી બનેલો. એટલે કે અતીન્દ્રિય આનંદ જેનું રૂપ જ એ છે. આહાહા..! સમજાણું કાંઈ? બનેલો એટલે? શાસ્ત્રમાં ભાષા તો એમ જ આવે. ત્રણલોક છ દ્રવ્યથી બન્યા છે, એમ આવે છે. 'પંચાસ્તિકાય'માં. છે એને બનેલો એ શબ્દથી કથન કરવું છે. બનેલો એટલે આત્મા અને અનંત આનંદ જે અતીન્દ્રિય આનંદ, બેહદ અતીન્દ્રિય અમૃતનો આનંદ, એ રૂપે જ આત્મા છે. એને અહીંયાં સુખનો બનેલો એમ કથન કરવામાં આવે છે. આહાહા..! અરે..! આત્મા શું પરમાત્મસ્વરૂપે એનું એણે કોઈ દિ' શ્રવણ કરવામાં એને આવ્યું નથી કે આ આવો છે. અને શ્રવણ કરવામાં આવે એને આનંદ બેસી ન જાય એમ બને નહિ, એમ અહીં કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એને શ્રવણ કર્યું કહેવાય. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો સમજાય છે કાંઈ, એટલે? દીકરીઓ છે, દીકરાઓ, છોકરાઓ હોય. બધા શરીરથી ઓળખાવાય છે. અંદરમાં એ કાંઈ છે જ નહિ એમ કહે છે. જે એક સમયની વસ્તુ છે એમાં આ કાંઈ શરીરનો આ અવયવ, રાગ ને કર્મ ને ભેદ ને વિકલ્પ ને નિર્મળ પર્યાય પ્રગટેલી એ પણ વસ્તુ ધ્રુવમાં તો છે જ નહિ. પછી કોને કહેવું આ અને કોને કહેવું આ નહિ. આ સ્ત્રી અને આ પુરુષ. પણ એ વસ્તુમાં જ નથી એમ અહીં તો કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? કહો, 'સુમેરચંદજી'! સમજાય છે કે નહિ? .. આપણે ત્યાં બરાબર. આહાહા..! ભારે ભાઈ! બહારમાં તકરાર કરી. અરે..! ભગવાન! બહારથી પ્રભુ એ નહિ મળે, ભાઈ!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ કેવળજ્ઞાનીએ જેને અનંતા આત્માઓ અને અનંત પરમાણુઓ એક સમયમાં જોયા. ભગવાન દિવ્યધ્વનિ દ્વારા ભાખે છે, ભાઈ! તું તો એવો અંતર્મુખ તત્ત્વ છો, સર્વથા, કે જે અનંત અતીન્દ્રિય બેહદ બેહદ અપરિમિત અચિંત્ય જેના સુખનો સ્વભાવ બેહદ છે. એવો આત્મા તે ધ્રુવ. એને આત્મા કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ દુઃખની વિકૃત અવસ્થાનો અંશ જે દેખાય, સંસારનો ઉદયભાવ દુઃખરૂપ દશા, એ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ... સમાતું નથી.

ઉત્તર :– સમાતું નથી એમ ઇ કહે છે. એથી અહીં સમાતું નથી.

વસ્તુ વસ્તુ અને વસ્તુનો સ્વભાવ. અહીં ભાવની વ્યાખ્યા છે ને? ભાવ, શુદ્ધભાવ. એ અનંત, બેહદ અતીન્દ્રિય એક આનંદ, એક આનંદ, અભેદ આનંદ, નિર્ભેદ પ્રગટ પ્રકાશમાન આનંદ. એવું સ્વરૂપ જ એનું છે. એથી બનેલો એટલે એમ છે એમ કહેવામાં આવે છે. અરે..! ભગવાન! કહે છે કે આવા આત્માની તું સન્મુખ થઈને રુચિ કેમ કરતો નથી? કરવાનું તો એ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભાવ એના ખ્યાલમાં આવે નહિ કે આ શું છે? ત્યાં સુધી એની સન્મુખતાની એને રુચિ કેમ થાય? સમજાણું આમાં?

**'સુખનો બનેલો છે,...'** ભારે ભાષા, ભાઈ! **'નિર્મિત'** શબ્દ પડ્યો છે ને? એ નિર્માયેલો જ છે. અતીન્દ્રિય આનંદથી જ નિર્માયેલો અનાદિથી નિર્મિત છે. એવો ભગવાનઆત્મા એમાં તારી નજર કરવા જેવી છે. બાકી બીજેથી નજર ઉઠાવવા જેવી છે. આહાહા..! આ તો વ્યવહાર ક્યાંય .... એમ માણસને લાગે. એ વ્યવહાર સાધ્ય ને... શું કહેવાય? વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય. એય..! 'પંચાસ્તિકાય' (એમ આવે). આહા..! અરે..! ભગવાન! ઓલા કહે, વ્યવહાર સાધક, નિશ્ચય સાધ્ય. વ્યવહાર પહેલો, નિશ્ચય પછી. સાંભળ, ભાઈ ! એ તો સાધન અપેક્ષાએ વિકલ્પની મંદતા (થઈ હોય) એને વ્યવહાર નિમિત્તની યોગ્યતા ગણીને સાધનનો ઉપચાર કર્યો છે.

ભગવાનઆત્મામાં એક સાધન નામનો જેમ અનંત અપરિમિત પ્રગટ નિર્ભેદ સુખસ્વભાવ છે એવો એ ભગવાનઆત્મામાં કરણ નામનો નિર્ભેદ, અભેદ, એકરૂપ પ્રગટ કરણ નામનો સ્વભાવ પડ્યો છે તેને શુદ્ધભાવ જીવ કહે છે. સમજાણું કાંઈ? અરે..! આવી તે કથા કઈ જાતની? બિચારા કેટલાક નવા આવે એને તો એવું લાગે. એય..! 'જયચંદભાઈ'! આ ... કાલે પૂછતા હતા ને? 'સુરેન્દ્રનગર'ના હતા. ક્ષત્રિય, બ્રહ્મક્ષત્રિય, લુહાણા હતા. આ બધી આત્માની વાત તમે એમ કે આત્મા વળી આત્મા. સેવા-બેવાનું કાંઈ ખરું કે નહિ? પણ આ બધી... આહાહા..! મોટા બંગલા, મોટા.. આ શું? કહે. આ શું કહેવાય તમારે? આડંબર-આડંબર. ભાઈ! ભગવાન! બાપુ! શાંત થા. એ ચીજો કોઈની કરી થતી નથી. એ એને કાળે થયેલો પર્યાય છે. ભાઈ! આ વાતું ગંભીર છે, કીધું. સમજાણું કાંઈ? આહાહા..! એ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પુદ્ગલના પરમાણુના પરિણમનના સમૂહના કાળે એનો પર્યાય રચાય અને તે કાળે ત્યાં થંભીને પડેલો છે. એનો આત્મા કર્તા છે નહિ. આહાહા..! આ વાત. વીતરાગ માર્ગને... સાંભળે નહિ.

એક કોર આત્માની વાત આવી કરો. એક કોર આવા બધા મંદિરો, હાથીના ઓલા મોટા... શું કહેવાય? મહોત્સવ. એય..! 'જ્ઞાનચંદજી'! પંચકલ્યાણક. 'મુંબઈ'માં જુઓ તો આમ હાથી. બે હાથી હતા. નહિ? બે હાથી હતા ને? બે હાથી હતા. તમે હતા? કો'કને શંકા પડી જાય તમે માસ્તર ખરાને. એટલે તમે આવો કે ન આવો. શું કહેવાય? દળ. હૈયુ હૈયુ ઓલું કહે છે ને શું કહેવાય? હૈયે હૈયુ દળાય એમ માણસ નથી કહેતા? હૈયે હૈયુ દળાય એટલે એટલું બધું માણસ. એમ. પણ એલા! તમે કહો છો કે ધર્મ તો આમ થાય. તો આ શું? એય..! ભાઈ! શાંત થા, બાપા! એ જગતના અજીવ તત્ત્વો છે. અને અજીવતત્ત્વનો પણ એના ક્રમસર થયેલો પર્યાય, એ પર્યાયનો કર્તા એ પરમાણુ છે. કોઈ જીવ કહે કે અમે મંદિર બનાવીએ છીએ એ ભ્રમ છે, અજ્ઞાનીનો ભ્રમ છે. આહાહા..! સમજાણું? એને શુભભાવ હોય. શુભભાવ હો. એ શુભભાવ તે પણ પુણ્યબંધનું કારણ છે. પણ પાપના ભાવથી બચવાને કાળે અથવા તે કાળે તે જ આવવાનો એને કાળ હોય છે. આહાહા..! એવો શુભભાવ હોય છે. ત્યારે એનું લક્ષ ત્યાં જાય. એટલી એની મર્યાદા છે. એથી આઘી મર્યાદા કરો કે કોઈએ રચ્યું છે અને શુભભાવ હતો તો આ બન્યું છે અને શુભભાવ હતો તો એનાથી આત્માનો ધર્મ થયો છે તો એ વાતની સત્યતા નથી. સમજાણું કાંઈ? આહાહા..!

અરે..! દાન, પૂજામાં કાંઈ સંવર-નિર્જરા તો કહો. ભાઈ! એ બહુ કરે છે, હો! .. ભગવાન! ભાઈ! તને ભગવાનના ભેટાની ખબર નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ પરમાત્મા પોતે એક સમયનો પ્રભુ. પરમેશ્વર દિવ્યધ્વનિ દ્વારા પોકાર કરે છે. ઇન્દ્રની મધ્યમાં, કરોડો મનુષ્યોના... ધ્વનિમાં એમ આવે, ભાઈ! તું તો અખંડ આનંદનો કંદ બનેલું તત્ત્વ છો ને! એવું જ તારું સ્વરૂપ છે ને, ભાઈ! એની ઉપર રુચિ કર. બાકી બધું આવે તે જાણવા જેવું છે. આદરવા જેવું નથી. આહાહા..! આ તે કાંઈ વાત! એને અનેકાંત ન કહેવાય, કહે. એકાંત કહેવાય. ભાઈ! ભાષામાં એમ આવે. વ્યવહાર ઉપાદેય છે, એમ આવે. પણ ખરેખર આત્માના સ્વભાવનો શુદ્ધ ધ્રુવના ઉપાદેય સિવાય એની પ્રગટેલી પર્યાય પણ જ્યાં પ્રગટવા યોગ્ય છે એ ઉપાદેય નથી. સમજાણું કાંઈ? એવો ભગવાન પ્રગટ નિર્ભેદ-ભેદ વિનાની ચીજ છે. આ ગુણી અને આ એનો સુખગુણ, એવું જેમાં નથી. વસ્તુ અને એનો આ ગુણ સુખ એવો જેમાં ભેદ નથી. ભાઈ! એ ઉપર જરી લક્ષ ગયું. '**निर्भेदोदित**' છે ને? એટલે નિર્ભેદ ઉદિત એવો સુખનો બનેલો. એટલે એક ગુણને જુદો પાડ્યો ને? આવો ગુણ. તો કહે છે કે બાપુ! એ ગુણ જે કીધો ને તો એ નિર્ભેદ એકરૂપ જ વસ્તુ છે. એમાં વળી આ આનંદગુણ છે અને એનો ધરનાર આ આત્મા છે એવો પણ ભેદ નથી. સમજાણું કાંઈ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એવા આત્માની, ભાઈ! તું રુચિ કેમ કરતો નથી? આહાહા..! એવા આત્મામાં તું રુચિ કેમ કરતો નથી? ભાઈ! એમાં રુચિ કરવા જેવી ચીજ તો પોષાણની ચીજ તો આ છે. પોષાણ સમજો છો? અમારી કાઠિયાવાડી ભાષા છે. વેપારીને માલ દેવો હોય તો પોષાણનો માલ કહેવાય. પોષાણનો એટલે? ચાર રૂપિયે મણ મેથી મળતી હોય. ઘઉં લ્યોને. ઘઉં તો અત્યારે ચાર રૂપિયે ક્યાં મળે? મેથી પણ નહિ મળતી હોય. આ તો પહેલાની વાત છે. વીસ રૂપિયે મણ લ્યો ને ભાઈ, તમારે જે હોય. ત્યાંથી વીસ રૂપિયે મળતા હોય. એક રૂપિયો ખર્ચ હોય અને પછી બાવીસ રૂપિયે વેચાતા હોય તો એ માલ વેપારીને પોસાય. વીસ રૂપિયે ત્યાં લે અને રૂપિયો ચડે અને અહીં વેચાય સાડા વીસ રૂપિયે. તો એ માલ પોસાય? એનું નામ અહીં પોસાય. એ અમારી કાઠિયાવાડી ભાષા છે. વાણિયાને પોસાય ત્યાંથી માલ લાવે. ઘઉં જ્યાં પાકતા હોય ત્યાંથી લાવે, મેથી જ્યાં પાકે ત્યાંથી લાવે. એય..! પીત્તળ જ્યાંથી થાતું હોય ત્યાંથી લાવતા હશે ને? ઠામડા, ઠીકરા, ફીકરા જ્યાં સોંઘું મળે ત્યાં. એ હોય .. ત્યાં જ હોય. અમુક ઠેકાણે મેથી પાકે, અમુક ઠેકાણે મરચા બહુ પાકે. આમ ઠગલાના ઠગલા. આ 'ઉગામેડી' લ્યોને. મરચા-મરચા. મરચા લેવા માટે બધા ત્યાં આવે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા, ત્યાં બહુ મરચા. એકલી મરચાની ગંધ મારે. 'ઉગામેડી'. ત્યાં મેથીનો પાક અમુક ઠેકાણે છે. એ અમારા બધા વેપારી જાણે. ઘઉં ફલાણે ઠેકાણેથી લાવવા, મગની દાળ ક્યાંકથી લાવવા એવું બધું જાણે. શું કહેવાય બીડીના? પત્તા. પાંદડા. એના બે પ્રકારના નામ આવે છે ને? એક ટીમરૂ અને એક આપટો. એ પછી ક્યાંક સોંઘો પાકતો હોય ત્યાં બધા જાય. એ પોસાય તો જાય નહિતર ન જાય. આહાહા..!

અહીં પોસાય એવું અહીં કહે છે, ભાઈ! આવો ભગવાનઆત્મા **'નભમંડળ સમાન આકૃતિવાળો (અર્થાત્ નિરાકાર–અરૂપી) છે,...'** જુઓ! દાખલો કેવો આપ્યો છે! આકાશનું મંડળ સર્વવ્યાપક એક છે ને. આકાશનું મંડળ સર્વવ્યાપક એક ચીજ. સર્વ વ્યાપક વ્યાપક. એની પેઠે ભગવાનઆત્મા અણકરેલું તત્ત્વ છે. નીચે છે? જુઓ! અકૃત–કોઈથી નહિ કરાયેલો. કોઈ એનો કર્તા-બર્તા ઈશ્વર નથી. એવું એ શુદ્ધ ધ્રુવતત્ત્વ છે. જ્ઞાયકભાવ એક સમયનો પરમાનંદમૂર્તિ. જેમ આકાશને કોઈએ બનાવ્યું નથી, તેમ આત્માને કોઈએ બનાવ્યો નથી. કોણ બનાવે? સત્ છે એને કોણ બનાવે? સત્ છે.

આત્મા અંતર્મુખ પ્રગટ અતીન્દ્રિય સુખનો પિંડ છે. આત્મા અંતર્મુખ અભેદ અતીન્દ્રિય સુખનો પિંડ છે. સ્વયંસિદ્ધ શાશ્વત છે. લ્યો! સ્વયંસિદ્ધ શાશ્વત છે. એના ભાવમાં, જ્ઞાનના ખ્યાલમાં આવું તત્ત્વ છે એવું પહેલું ખ્યાલમાં આવવું જોઈએ. આવીને પછી અંતર્મુખ રુચિ કરવા જેવું એ છે, એમ કહે છે. અકૃત છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'ચૈતન્યામૃતના પૂરથી ભરેલું જેનું સ્વરૂપ છે,...'** જેનું ચૈતન્યરૂપી અમૃત, ચૈતન્ય અમૃત. એનું પૂર છે. દળ છે ને? ચૈતન્ય અમૃતનું દળ છે. સ્વભાવ છે, સત્ત્વ છે, ભાવરૂપ, એકરૂપ સત્ત્વ સ્વભાવ છે. એથી ભરેલું એટલે ચૈતન્યામૃતના પૂરથી ભરેલું. વળી એક કોઈક વાસણ હોય અને એમાં દૂધ રહે એમ હશે આ? દૂધમાં જેમ સફેદાઈ ભરેલી છે એ અભેદ છે. સાકરમાં જેમ ગળપણ ભરેલું છે એ અભેદ એકરૂપ છે. એ સાકર અને ગળપણ કાંઈ બે જુદી ચીજ નથી. સાકર કેવી? કે ગળપણથી ભરેલી. ભરેલી એટલે કે અભેદ એકસ્વરૂપ જ છે. એમ ભગવાનઆત્મા ચૈતન્ય મહાપ્રભુ, શાશ્વત વસ્તુ એ સમ્યગ્દર્શનનો વિષય, જેની રુચિ કર્યે આત્માને આત્મ સાક્ષાત્કાર અને સમ્યગ્દર્શન થાય. સમજાણું કાંઈ?

**'ચૈતન્યામૃતના પૂરથી...'** એમને શબ્દો ઘણા થોડા પડે છે. **'ચૈતન્યામૃતના પૂરથી...'** દળ પડ્યું છે ને. જાગૃત પ્રકાશ ચૈતન્યજ્યોત, જાગૃત પ્રકાશનું સત્ત્વનું સત્ત્વ એથી ભરપૂર ભરેલું સ્વરૂપ છે. આ શુદ્ધભાવની વ્યાખ્યા ચાલે છે. એટલે અહીં કહે છે કે આત્મા. સમજાણું કાંઈ?

**'જે વિચારવંત ડાહ્યા પુરુષોને ગોચર (ગમ્ય) છે—'** જે વિચારવંત, ઇહા અવાય, નિર્ણય કરનારા જીવોને, એવા વિચારવંત ડાહ્યા પુરુષો. **'प्रेक्षावतां गोचरे'** એમ છે ને? **'प्रेक्षावतां गोचरे'** જેની વિચારધારા સ્વભાવસન્મુખ થાય છે. એવા વિચારવંત ડાહ્યા પુરુષોને ગમ્ય આત્મા આવો આત્મા છે. આ છે પર્યાય. અત્યાર સુધી જે કીધું એ કીધું એ શુદ્ધભાવ ધ્રુવ. અને વિચારવંત ડાહ્યાપુરુષોને ગમ્ય છે. પર્યાય વિચારવંત એ જ્ઞાનની દશા. આવો આત્મા છે. એવા વિચારવંતની નિર્મળપર્યાયને ગમ્ય છે. તેનાથી તે જાણી શકાય એવો છે. આહાહા..!

મુમુક્ષુ :– ડાહ્યો એટલે?

ઉત્તર :– ડાહ્યો એટલે વિચારવંત એ જ ડાહ્યો છે. વિચાર કરનારો ડાહ્યો છે. આ આત્મા. એને ડાહ્યો કહે છે. 'ડાહ્યા તારું ડહાપણ ક્યારે કહીએ?' આહાહા..! ઓલામાં નહોતું આવતું? 'વાંકાનેર'ના. હતો ને ઓલો? 'ડાહ્યાભાઈ ધોળશા'. એ બહુ માને છે. મરવા પડ્યો ત્યારે (બોલ્યો), ડાહ્યા! તારું ડહાપણ ક્યારે કહીએ? હવે મરવા ટાણે શાંતિ રાખ તું. અત્યાર સુધી બધા નાટક પાડ્યા ને. એક એક રાતના પંદરસો-પંદરસો. તે દિ' હોં! 'બાબુભાઈ'! ખબર છે ને? આપણે મીરાબાઈનું નાટક જોવા ગયા હતા. 'ભરૂચ'. મીરાબાઈનું નાટક એનું હતું. જોવા ગયા હતા. નહિ ઓલા 'મોહનલાલજી' આવ્યા હતા. 'ડાહ્યાભાઈ ધોળશા' એક રાતના પંદરસો. તે દિ' હોં! એ તો કઈ સાલ હશે. (સંવત) ૧૯૬૫-૬૬. ૧૯૬૫-૬૬ની સાલની વાત છે. ત્યારે શરીર જુવાન. એક એક રાત એમ અઠવાડિયાના ત્રણ પાડતા. સાડા ચાર પાંચ હજારની પેદાશ. તે દિ' હોં! ૬૫ની સાલમાં. અમને તો એમ લાગે કે ઓહો..હો..હો..! એક રાતના પંદરસો! એ મરવા ટાણે એને હેં..હેં.. થઈ ગયા એને. એલા ડાહ્યા! તેં આ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



બધું અત્યાર સુધી કર્યું ને! હવે મરવા ટાણે સમાધાન શી રીતે કરવું? એં...મેં... થાય. આમ આંતરડા, કફ ને આને આ. બધા વાટું જોવે ભાઈને કેમ છે? ભાઈને કેમ છે? ભાઈ ડાહ્યા થઈને પંકાણા હોય એ મરવા ટાણે હાય.. હાય (કરે). સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ડાહ્યો એટલે આત્માને સમજવાની વિચારધારામાં વર્તે તે ડાહ્યો. વિચાર અને ડાહ્યાભાઈને જુદા પાડતા હતા. ખબર છે, ખ્યાલ છે ને. સમજાણું કાંઈ? વિચારવંત ડાહ્યો. એમ. એમ છે. એ તો ખ્યાલ છે એટલે પહેલેથી ઉપાડ્યું. અમને ખબર નથી? એ વિચારવંત એ ડાહ્યો. એમ. કોનો વિચારવંત? આવો ધ્રુવસ્વરૂપ જે ભગવાનઆત્મા એનો વિચારવંત તે ડાહ્યો. સમજાણું કે નહિ? આહાહા..! ત્યાં બે ભેદ પાડવા છે. વિચારવંત.. ડાહ્યો. આહાહા..! ભાઈ! એ વિચારવંત તે ડાહ્યો. કોનો વિચારવંત? આવો આત્મા એક સમયમાં પરમાત્મસ્વરૂપ છે. એનો વિચારવંત ડાહ્યો. એવા પુરુષોને–એવા આત્માને ગમ્ય છે. પુરુષ શબ્દે એકલો કાંઈ આ પુરુષ વેદવાળો એમ કાંઈ નહિ. વિચારવંત ડાહ્યા આત્માને ગમ્ય છે. સમજાણું કાંઈ? આહાહા..! આઠ વર્ષની બાળિકા પણ આત્મજ્ઞાન કરે તો એને વિચારવંત ડાહ્યા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ પુરુષ એટલે આત્મા. સમજાણું કાંઈ? આ પુરુષ નહિ. આ તો એક ઓળખવાની ચીજ છે. આ તો જડની-માટીની ચીજ છે. આમાં પુરુષ કોને કહેવો? આ તો માટી-જડ રજકણ છે. અંદર પુરુષવેદનો ઉદય છે એ વિકાર છે. એમાં આત્મા ક્યાં આવ્યો? એ આત્મા નથી. આ પણ આત્મા નથી અને ઉદયનો વિકલ્પ થાય એ પણ આત્મા નથી. આહાહા..! સમજાણું કાંઈ? અને એ વિકલ્પને જાણતો પ્રગટ જ્ઞાનનો પર્યાય એ પણ આત્મા ધ્રુવ આ શુદ્ધ છે, એ નયથી. સમજાણું કાંઈ? નિરાલંબી માર્ગ બાપુ! સૂક્ષ્મ છે. એને અહીં વિચારવંત અને ડાહ્યા કહ્યા છે. બીજા વિચારી.. વિચારી... વિચારીને ઊંધા વિચાર કરીને બધે અવળાને પકડે. આ વિચારવંત ડાહ્યા એ આને પકડે તો એને વિચારવંત ડાહ્યો કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? દુનિયાના ડાહ્યા લેપાય છે. કર્મથી રખડે છે. એ ડાહ્યા કહેવામાં આવતા નથી. એ મોટા મૂરખ છે એમ કહે છે. આહાહા..! જેના પરિણામમાં નરકની ગતિ મળે, જેના પરિણામમાં માખી અને ગધેડા થાય, એ ડાહ્યા શેના? આહાહા..! સમજાણું કાંઈ?

આવો ભગવાનઆત્મા એના વિચારની મતિની ધારાએ ડાહ્યા પુરુષો એના તરફ વળ્યા છે, એને તે ગમ્ય છે. એટલે કે રાગને ગમ્ય નથી, પુણ્યને ગમ્ય નથી, વ્યવહારને ગમ્ય નથી, એમ અહીં કહ્યું. આહાહા..! સમજાણું કાંઈ? કોઈ કષાયની મંદતા કરી, રાગની મંદતા દયા, દાન, ભક્તિ, વ્રત ખૂબ કર્યાં માટે એનાથી આત્મા જણાય જાય. ના, બિલકુલ નહિ, જરીએ નહિ. આહાહા..! અરે..! એવો નમાલો શું કરવા તું માને છે? એવા રાગની મંદતાની

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સહાય હોય તો જ હું જણાઉં. એ તો તેં તારા આત્માને નમાલો કલ્પીને આ વાત લીધી છે. એ નમાલો એવો નથી. સમજાણું કાંઈ? આહાહા..!

**'વિચારવંત ડાહ્યા પુરુષોને ગોચર (ગમ્ય) છે-એવા આત્મામાં...'** આ વ્યાખ્યા પૂરી થઈ. **'એવા આત્મામાં તું રુચિ કેમ કરતો નથી...'** એટલે એમ કેમ કહ્યું? કે કોઈ કર્મ તને નડે છે માટે રુચિ કરતો નથી એમ નથી. આહાહા..! તેં રુચિ બીજે કરી છે. સમજાય છે કાંઈ? પુણ્યના પરિણામમાં, પાપના પરિણામમાં, ધૂળમાં ને ભોગમાં (રુચિ કરી છે). આહાહા..! એવા આત્મામાં તું રુચિ કેમ કરતો નથી? **'बुद्धिं किं न करोषि वाञ्छसि सुखं त्वं'** છે ને? તું નો અર્થ ... જુઓ! ભાઈ! તે રુચિનો તું જ કર્તા છો. ઊંધી રુચિનો કર્તા તું છો. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ઉભી કરી છે. પુણ્ય-પાપના વિકલ્પો હું કરું અને એ મારું કાર્ય. આનું આ કરું, ધૂળ કરું, દેશનું કરું, ગામનું કરું. ધૂળેય કરતો નથી, સાંભળને. વિકલ્પનો કર્તા એ પણ તેં ઉભું કરેલું ઊંધી દૃષ્ટિથી છે. આહાહા..! પહેલું માથે નિર્વિકલ્પ તત્ત્વ કહ્યું છે ને? ભાઈ! એવા નિર્વિકલ્પ તત્ત્વની રુચિ કેમ કરતો નથી? તારી કરી થાય છે. એ કંઈ કોઈ કરાવે તો થાય એવું નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

આવો માર્ગ. સ્વતંત્ર નિર્લેપ માર્ગ. એવો પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરનો કહેલો, અરે..! જગતને સાંભળવા મળે નહિ. અને સાંભળ્યા વિના એ શું છે એની ખબરું પડે નહિ. અને ખબરું પડ્યા વિના ક્યાં વળવું એની એને (ખબર નથી). વલણ કેમ વાળવું એની એને ખબર નથી. આહાહા..! સમજાણું કાંઈ?

અરે..! **'એવા આત્મામાં...'** આવો આત્મા. એમ. સમજાય છે. જે વિચારવંત ડાહ્યા પુરુષોને ગમ્ય છે અને માથે કહેલો એવો છે. માથે કહેલો એવો છે અને વિચારવંતને ગમ્ય છે. એમાં તું રુચિ કેમ કરતો નથી? હવે એમ કહે છે. એટલે તું વિચારવંત થઈને, ડાહ્યો થઈને તું કેમ રુચિ કરતો નથી? એમ થયું કે નહિ? આહાહા..! રુચિ... આહાહા..!

**'અને દુષ્કૃતરૂપ સંસારના સુખને કેમ વાંછે છે?'** અરે..! આ ભગવાનઆત્માની રુચિ કરતો નથી અને શુભ-અશુભ રાગ... એ છે ને માથે? પ્રીતિ-અપ્રીતિ. એવા દુષ્કૃતરૂપી સંસાર. એમ એ શુભ-અશુભભાવ બધું દુષ્કૃત છે. એનાથી હરખ-હરખ વિનાનો કીધો છે એને? એ શુભ-અશુભભાવ તો દુષ્કૃત છે. એવા સંસારના સુખને, જેના ફળ સંસારની અનુકૂળતા-પ્રતિકૂળતા મળે એવાને કેમ વાંછે છે? ભાઈ! એમાં ધૂળમાં ક્યાંય સુખ નથી. સમજાય છે? બેય કીધું. આને કરતો નથી અને દુષ્કૃત સંસારના સુખને કેમ વાંછે છે? એમ. આમ કરતો નથી અને આમ કેમ કરે છે? એ શ્લોક પૂરો થયો. હવે ૪૦.

મુમુક્ષુ :– ઇ કેમ કરતો નથી?

ઉત્તર :– કેમ કરતો હશે એટલે ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– ...

ઉત્તર :– આ ઉંધી માન્યતાને લઈને, અહીં કીધું શું? આ રુચિ કરતો નથી માટે. આમ રુચિ કરતો નથી માટે આમ રુચિ કરે છે. એ માટે. સીધી વાત છે. એક ને એક બે જેવી વાત છે. મીઠાશ ચડી ગઈ છે ને મીઠાશ, આમ બહારની એમ કહે છે. આ વસ્તુ આ કોણ છે એના ખ્યાલમાં મહત્તા ને મહાત્મ્ય જ આવતું નથી. બાહ્ય ક્રિયાકાંડી અનંત વાર સાધુ થયો. પંચમહાવ્રતનો પાળનાર, અઠ્ઠાવીશ મૂળગુણ (પાળનાર) દિગંબર સંત, હોં! દિગંબર દ્રવ્યલિંગી. આમ આ આવો આત્મા એવી રુચિ તું કરતો નથી, તેં કરી નથી. અને એવા શુભાદિ ભાવમાં રુચિમાં પડ્યો એ સંસારના સુખને કેમ વાંછે? ભાઈ! સમજાણું કાંઈ?

## ગાથા–૪૦

णो ठिदिबंधट्ठाणा पयडिट्ठाणा पदेसठाणा वा।।
णो अणुभागट्ठाणा जीवस्स ण उदयठाणा वा।।४०।।

न स्थितिबंधस्थानानि प्रकृतिस्थानानि प्रदेशस्थानानि वा।
नानुभागस्थानानि जीवस्य नोदयस्थानानि वा।।४०।।

अत्र प्रकृतिस्थित्यनुभागप्रदेशबन्धोदयस्थाननिचयो जीवस्य न समस्तीत्युत्कम्।

नित्यनिरुपरागस्वरूपस्य निरंजननिजपरमात्मतत्त्वस्य न खलु जघन्यमध्यमोत्कृष्टद्रव्यकर्मस्थितिबंधस्थानानि। ज्ञानावरणाघष्टविधकर्मणां तत्तद्योग्यपुद्‌गलद्रव्यस्वाकारः प्रकृतिबन्धः, तस्य स्थानानि न भवन्ति। अशुद्धान्तस्तत्त्वकर्मपुद्‌गलयोः परस्परप्रदेशानुप्रवेशः प्रदेशबन्धः, अस्य बंधस्य स्थानानि वा न भवन्ति। शुभाशुभकर्मणां निर्जरासमये सुखदुःखफलप्रदानशक्तियुक्तो ह्यनुभागबन्धः, अस्य स्थानानां वा न चावकाशः। न च द्रव्यभावकर्मोदयस्थानानामप्यवकाशोऽस्ति इति।

तथा चोक्तं श्रीअमृतचन्द्रसूरिभिः-

(मालिनी)

``न हि विदधति बद्धस्पृष्टभावादयोऽमी
स्फुटमुपरि तरन्तोऽप्येत्य यत्र प्रतिष्ठाम्।
अनुभवतु तमेव द्योतमानं समन्तात्
जगदपगतमोहीभूय सम्यक्स्वभावम्।।''

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**સ્થિતિબંધસ્થાનો, પ્રકૃતિસ્થાન, પ્રદેશનાં સ્થાનો નહીં;**
**અનુભાગનાં નહિ સ્થાન જીવને, ઉદયનાં સ્થાનો નહીં ૪૦.**

અન્વયાર્થ :– [ जीवस्य ] જીવને [ न स्थितिबंधस्थानानि ] સ્થિતિબંધસ્થાનો નથી, [ प्रकृतिस्थानानि ] પ્રકૃતિસ્થાનો નથી, [ प्रदेशस्थानानि वा ] પ્રદેશસ્થાનો નથી, [ न अनुभागस्थानानि ] અનુભાગસ્થાનો નથી [ वा ] કે [ न उदयस्थानानि ] ઉદયસ્થાનો નથી.

ટીકા :– અહીં (આ ગાથામાં) પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ અને પ્રદેશબંધનાં સ્થાનોનો તથા ઉદયનાં સ્થાનોનો સમૂહ જીવને નથી એમ કહ્યું છે.

સદા * નિરુપરાગ જેનું સ્વરૂપ છે એવા નિરંજન (નિર્દોષ) નિજ પરમાત્મતત્ત્વને ખરેખર દ્રવ્યકર્મના જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ સ્થિતિબંધનાં સ્થાનો નથી. જ્ઞાનાવરણાદિ અષ્ટવિધ કર્મોમાંના તે તે કર્મને યોગ્ય એવો જે પુદ્‌ગલદ્રવ્યનો સ્વ-આકાર તે પ્રકૃતિબંધ છે; તેનાં સ્થાનો (નિરંજન નિજ પરમાત્મતત્ત્વને) નથી. અશુદ્ધ અંતઃતત્ત્વના (-અશુદ્ધ આત્માના) અને કર્મપુદ્‌ગલના પ્રદેશોનો પરસ્પર પ્રવેશ તે પ્રદેશબંધ છે; આ બંધનાં સ્થાનો પણ (નિરંજન નિજ પરમાત્મતત્ત્વને) નથી. શુભાશુભ કર્મની નિર્જરાના સમયે સુખદુઃખરૂપ ફળ દેવાની શક્તિવાળો તે અનુભાગબંધ છે; આનાં સ્થાનોનો પણ અવકાશ (નિરંજન નિજ પરમાત્મતત્ત્વને વિષે) નથી. વળી દ્રવ્યકર્મ તથા ભાવકર્મના ઉદયનાં સ્થાનોનો પણ અવકાશ (નિરંજન નિજ પરમાત્મતત્ત્વને વિષે) નથી.

એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્‌ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની) આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૧ મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :–

‘‘[શ્લોકાર્થ :–] જગત મોહરહિત થઈને સર્વ તરફથી પ્રકાશમાન એવા તે સમ્યક્ સ્વભાવને જ અનુભવો કે જેમાં આ બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો ઉત્પન્ન થઈને સ્પષ્ટપણે ઉપર તરતા હોવા છતાં ખરેખર સ્થિતિ પામતા નથી.’’

---

* નિરુપરાગ – ઉપરાગ વિનાનું. (ઉપરાગ= કોઈ પદાર્થમાં, અન્ય ઉપાધિની સમીપતાના નિમિત્તે થતો ઉપાધિને અનુરૂપ વિકારી ભાવ; ઔપાધિક ભાવ; વિકાર; મલિનતા.)

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## ગાથા–૪૦ ઉપર પ્રવચન

૪૦. એ શુદ્ધભાવની વ્યાખ્યા છે આ. શુદ્ધભાવ કહો કે આત્મા વસ્તુ... વસ્તુ... વસ્તુ.. ધ્રુવ ઉત્પાદ-વ્યયની પર્યાય વિનાનું તત્ત્વ આખું. એ વસ્તુ શું છે એને અહીંયાં આત્માને શુદ્ધભાવ કહેવામાં આવે છે. અને એને આશ્રયે 'નિયમસાર' એટલે મોક્ષમાર્ગ પ્રગટે છે એમ અહીં કહેવું છે. આ 'નિયમસાર' છે ને? મોક્ષમાર્ગ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. એ આવા સ્વરૂપને આશ્રયે પ્રગટ થાય છે. બાકી ત્રણકાળમાં બીજો એનો પ્રકાર, પંથ અને રીત નથી. સમજાણું કાંઈ?

**णो ठिदिबंधट्ठाणा पयडिट्ठाणा पदेसठाणा वा।।**
**णो अणुभागट्ठाणा जीवस्स ण उदयठाणा वा।।४०।।**

પોકાર કરે છે. અરે..! પણ અત્યારે આ બધું છે ને? તમે અબદ્ધસ્પૃષ્ટ અત્યારે માનો છો? પણ આ અત્યારની વાત છે, વસ્તુ દૃષ્ટિની. ઓલા કહે કે એકાંત થઈ જાય છે. એકાંત થઈ જાય છે. પણ પર્યાયમાં છે, વસ્તુમાં નથી એ તો અહીં વાત ચાલે છે. અને પર્યાયમાં છે એ તો લક્ષ અને રુચિ તો અનાદિની છે. હવે તારે કરવું છે શું? એ તો ઓલા કહે, એય..? 'સોનગઢ'વાળા આમ કરે છે. એ તો પર્યાય ને અશુદ્ધતા માનતા નથી. ભગવાન! સાંભળ તો ખરો, ભાઈ! પર્યાયમાં તો આ બધું છે. ન હોય તો પછી આમાં નથી એમ ક્યાંથી આવ્યું? આમાં છે, આમાં નથી. એમાં હોય તો પછી તો એકમેક તત્ત્વ થઈ ગયું એ તો. રાગાદિનો અંશ કે પ્રકૃતિના સંબંધનો વિકાર વસ્તુમાં હોય તો આ બે તો રહ્યું નહિ. આહાહા..! પણ એમાં હોય શેનું? વસ્તુ છે આખી ચિદાનંદઘન, આનંદકંદ. એક સમયનો વિકૃતભાવ ઊભો કરેલો છે. છે ખરો. એ આમાં નથી. વ્યવહારનયનો વિષય, વ્યવહારનયનો વિષય એ પર્યાય છે ખરી. વેદાંતની પેઠે નથી કે કાંઈ નથી, એ ભ્રમ છે, ભ્રમણા છે. ભ્રમણા પણ છે કે નહિ? સમજાય છે? વેદાંત એમ કહે છે એમ નથી. આ તત્ત્વ વીતરાગનું કહેલું બીજું છે. વેદાંતવાળા તો કહે છે એકલો સર્વવ્યાપક આત્મા શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... બધું શુદ્ધ. એમ નથી. એને અજ્ઞાનમાં એકેય તત્ત્વની ખબર નથી. સમજાણું કાંઈ? આવી વાત સાંભળે એટલે જાણે.. વેદાંતની વાત આવે તો આવી આપણામાં પણ આવી વાત છે, એવી એ કહે છે. બીજામાં ધૂળમાંય નથી.

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ, જેણે એક સમયમાં છ દ્રવ્ય, નવ તત્ત્વ સમયમાં પ્રત્યક્ષ જાણ્યા, એણે પર્યાયમાં આવું જાણ્યું છે. પણ વસ્તુમાં નથી એમ દૃષ્ટિ કરાવવી છે. પર્યાય તો છે. છે નહિ તો પછી આ કોને કહે? આમાં નથી... આમાં નથી એની રુચિ કર. તો પછી એનો શું અર્થ? વિકાર નથી? કર્મનો નિમિત્તનિમિત્ત સંબંધ પણ નથી? જડ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે? અહીંયાં વિકારભાવ કરે એને વિકાર નૈમિતિક છે અને કર્મ નિમિત્ત છે. વ્યવહાર છે. વસ્તુમાં નથી. જેની રુચિ કરવી છે અને જેનાથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય એ ચીજમાં એ નથી. છૂટવાનો માર્ગ જેનાથી પ્રાપ્ત થાય એમાં બંધ અને બંધના ભાવ કેમ હોય? સમજાણું કાંઈ?

નીચે.

**સ્થિતિબંધસ્થાનો, પ્રકૃતિસ્થાન, પ્રદેશનાં સ્થાનો નહીં;**
**અનુભાગનાં નહિ સ્થાન જીવને, ઉદયનાં સ્થાનો નહીં. ૪૦.**

આ નથી-નથી કરીને એટલે ઓલા જાણે કે નથી. તો વ્યવહારનો લોપ થઈ જશે બધું. પણ સાંભળને. આ વ્યવહારના લોપની જ વાત છે. વ્યવહાર છે. એ છે એનો લોપ કે ન હોય એનો? સમજાણું કાંઈ?

**'અહીં (આ ગાથામાં) પ્રકૃતિબંધ, સ્થિતિબંધ,...'** જ્ઞાનાવરણી આદિ પ્રકૃતિ છે ને? એનો સ્વભાવ. સ્થિતિ એટલે એની મુદ્દત. **'અનુભાગબંધ...'** એટલે એનો પાક-રસ **'અને પ્રદેશબંધ...'** એટલે સંખ્યા. રજકણોની સંખ્યા. કર્મના ચાર પ્રકાર. એક પ્રકૃતિ કર્મનો સ્વભાવ, એક સ્થિતિ કર્મની મુદ્દત, પરમાણુની અંદર. એક અનુભાગમાં ફળ લાવવાની શક્તિ એનામાં, હોં! અને પ્રદેશ એટલે પરમાણુની સંખ્યા, ગણના. એને અહીંયાં પ્રદેશબંધ કહ્યો. એવા **'સ્થાનોનો...'** એના પ્રકારોનો. પાછા બધા પ્રકાર છે ને. પ્રકૃતિબંધના આઠ પ્રકાર છે. જ્ઞાનાવરણી, દર્શન આદિ, સ્થિતિબંધના ઘણા પ્રકાર, અનુભાગના (પ્રકાર).

એ **'સ્થાનોનો...'** સમજાણું? .. બીજો બોલ છે ને? **'ઉદયનાં સ્થાનોનો સમૂહ જીવને નથી...'** એ પ્રકૃતિ આદિના ચાર પ્રકાર આત્મામાં નથી અને એનાથી ઉદય થાય પાછો. ઉદય થાય અને આત્મામાં વિકાર થાય, એમાંથી આ થાય, એવો કોઈ પ્રકાર શુદ્ધ ધ્રુવ સ્વભાવમાં નથી. જેને શુદ્ધભાવ કહીએ, જેને આત્મા કહીએ, આત્મા ધ્રુવ કહીએ એમાં કર્મ અને પ્રકૃતિનો ઉદયધર્મ કાંઈ નથી. આહાહા..! આ 'ગોમટસાર' કેટલા ભર્યા છે, લ્યો! એ કહ્યું છે, ભાઈ! નિમિત્ત-નૈમિત્તિક સંબંધે વ્યવહારના કથનો છે બધા. વસ્તુ નથી કર્મ? કર્મની પ્રકૃતિ આદિ બધું છે. આત્મામાં તો નથી. પણ એના સંબંધે જોડાણ થાય છે, યોગ્યતા, એ પણ આત્માના દ્રવ્યમાં નથી. જડબંધ તો નથી પણ ભાવબંધની જે યોગ્યતા છે એ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? આહાહા..!

ચાર ભાવ લીધા છે ને અનુભાગના? 'जीवस्स ण उदयठाणा'. એનો પછી પાક થાય ને ઉદય થઈને આમ થાય, ઉદય થઈને આમ થાય, ઉદયનો આ પ્રકાર, જીવનો આવો પ્રકાર. એવું તત્ત્વ જે ચૈતન્ય ધ્રુવસ્વરૂપ ભગવાન, એનામાં એ અડ્યું પણ નથી. એને સ્પર્શ્યો પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ અત્યારે, હોં! અત્યારે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... એ આનંદ શાંતિ આદિ એ તત્ત્વમાં ચાર પ્રકારના એ કર્મપ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ, પ્રદેશ અને ઉદય... એ આત્માનો ઉદય આવ્યો. વિપાકો અનુભવઃ. 'તત્ત્વાર્થસૂત્ર'માં આવે છે કે નહિ? આવે છે કે નહિ? વિપાકો અનુભવઃ. એ વળી વિપાક એટલે કર્મનો વિપાક અને અનુભવે એ આત્મા. એમ તો નથી પણ કર્મનો વિપાક પણ આત્મામાં નથી અને એના સંબંધે જરી વિકાર થઈને વેદન કરે એવો વિપાક પણ જીવમાં નથી. એવો શુદ્ધભાવ, તેની રુચિ કરીને સમ્યગ્દર્શન કરવા જેવું છે. એમાં કરીને પછી ઠરવા જેવું છે એમ અહીં કહેવું છે. ઠરવું એટલે ચારિત્ર. પહેલા દર્શન અને જ્ઞાન ને પછી સ્થિરતા. અહીં તો ત્રણ લેવું છે ને? મોક્ષમાર્ગ.

**'સદા નિરુપરાગ જેનું સ્વરૂપ છે...'** લ્યો! ઠીક! ભગવાનઆત્મા વસ્તુ જે છે એ સદા નિરુપરાગ **'ઉપરાગ વિનાનું. [ઉપરાગ = કોઈ પદાર્થમાં, અન્ય ઉપાધિની સમીપતાના નિમિત્તે...]'** અન્ય ઉપાધિની નિમિત્તની સમીપતાને નિમિત્તે અથવા તો ઉપાધિને અનુરૂપ વિકાર. ઉપાધિ હોય એને અનુરૂપ વિકાર ભાવ. એને અહીંયાં **'ઔપાધિક ભાવ; વિકાર; મલિનતા.'** એ ઉપરાગની વ્યાખ્યા આટલી કરી. સમજ્યા ને? એ વિનાનું. ભગવાનઆત્મામાં કોઈ ઉપરાગ જ નથી. કર્મની ઉપાધિના નિમિત્તથી થતો ભાવ એ આત્મામાં નથી. સદા પાછું, હોં! ત્રણેકાળ. ભગવાનઆત્મા એક સમયનો ધ્રુવ, એ **'સદા નિરુપરાગ...'** મલિન, ઉપાધિભાવ અને વિકાર બિલકુલ નથી. પર્યાયમાં છે. અંશના વિકૃતરૂપે. ઉપરથી ઉત્પન્ન કરેલો ભાવ એ વસ્તુમાં નથી. વસ્તુ જે મહાનપદાર્થ ભગવાન એમાં નથી. એમાં તો શાંતિ અને આનંદ વસેલા છે. એમાં આ વિકાર, નિરુપાધિમાં આ ઉપાધિ ક્યાંથી અંદર હોય? સમજાણું કાંઈ?

**'એવા નિરંજન (નિર્દોષ) નિજ પરમાત્મતત્ત્વને...'** નિજ પરમાત્મતત્ત્વને, હોં! અહીંયાં પોતાના આત્માની વાત છે. **'ખરેખર દ્રવ્યકર્મના જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ સ્થિતિબંધના સ્થાનો નથી.'** લ્યો! આવું જે નિજ પરમાત્મતત્ત્વ, પ્રભુ! એને નિશ્ચયસ્વરૂપની દૃષ્ટિએ વસ્તુ જોતાં ખરેખર, નિજપ્રભુને ખરેખર દ્રવ્યકર્મ જઘન્ય. જઘન્ય એટલે થોડું, મધ્યમ અને ઉત્કૃષ્ટ એવી સ્થિતિ. સ્થિતિ થોડી, અંતર્મુહૂર્ત, કોઈ વિશેષ અને કોઈ પૂરી. એવી રીતે. એવા સ્થિતિબંધના સ્થાન, નિજ પ્રભુ આત્મા, શુદ્ધભાવરૂપી આત્મા એને અહીંયાં નિજપરમાત્મતત્ત્વ કહ્યું. એને શુદ્ધભાવ કહેવો, એને આત્મા કહેવો, એને શુદ્ધ જીવાસ્તિકાય કહેવું. એમાં આ નથી. એથી એવું નથી એની દૃષ્ટિ કરવી, એનું નામ સમ્યગ્દર્શન કહેવાય છે. વિશેષ લેશું...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## પ્રવચન નં. ૩૯, શ્લોક-૫૬, ગાથા-૪૦ શનિવાર, ચૈત્ર સુદ ૧૨, તા.૦૨-૦૪-૧૯૬૬

આ આત્મા, એને કર્મ જે સંયોગ છે ને? કર્મ જડ. ખરેખર એ કર્મનું બંધન અને એનો ભાવ જ આત્મામાં નથી. એટલે કે આ આત્મા જે છે એ શુદ્ધ ભાવ પૂર્ણાનંદ પ્રભુ આત્મા શુદ્ધ છે. એની અંદર આ શરીર, વાણી, મન તો નથી એનામાં. આ તો માટી પર છે. એમ કર્મ જે છે, કર્મ જડ, એ પણ જડકર્મ છે એ આત્માના સ્વરૂપમાં નથી. નથી સમજાતું? એય...! 'ભાઈલાલભાઈ'! આ બધા તમારા વતી બધી દલીલ કરે છે.

જેને પ્રથમ સમ્યગ્દર્શન, જેને પ્રથમ ધર્મ-સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય, પહેલામાં પહેલો ધર્મ. જે અનાદિથી દુઃખી, કર્મ મારા અને રાગ-દ્વેષ મારા, પરવસ્તુ મારી અને સ્વવસ્તુ શુદ્ધ ચૈતન્ય તે મારી નહિ, એવી માન્યતાથી, અનાદિકાળથી તે દુઃખી.. દુઃખી.. દુઃખી થઈ રહ્યો છે. સમજાણું કાંઈ? વસ્તુ ભગવાન એક સેકન્ડના અસંખ્ય ભાગમાં... શુદ્ધ(ભાવ) અધિકાર ચાલે છે. શુદ્ધ આનંદ અને જ્ઞાનની મૂર્તિ આત્મા અનંતગુણનો પિંડ પ્રભુ શુદ્ધ છે, એને પોતાનો ન માનતા, એ સ્વ છે, એને પોતાનો ન માનતા આ કર્મબંધન, શરીર, વાણી, મન અને કર્મના ભેદોના બધા પ્રકાર એ મારામાં છે એવી માન્યતા તે મિથ્યાદૃષ્ટિની દુઃખદાયક, પાપદૃષ્ટિ અનાદિની છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– કર્મ ક્યાં છે? અહીં તો ભાવ કીધો. એ દૃષ્ટિ અનાદિની વિપરીત છે. કર્મ પણ અનાદિનું ક્રમે ક્રમે એને કારણે ચાલ્યું આવે છે.

મુમુક્ષુ :– દુઃખી છે એટલે શું?

ઉત્તર :– આ દુઃખી એટલે આત્મા, આત્મા જે વસ્તુ છે એમાં અતીન્દ્રિય આનંદ છે. અતીન્દ્રિય આનંદનો જ્યાં અનુભવ નથી ત્યાં એને શરીર, વાણી, કર્મ, પુણ્ય, પાપ મારા એવી માન્યતા છે એ માન્યતા તે દુઃખરૂપ અને આકુળતા છે. એટલે એને આત્માના આનંદનું ભાન નથી પણ એ દુઃખ છે નહીં. દુઃખ સંયોગની અહીં વ્યાખ્યા નથી. પ્રતિકૂળ સંયોગ તે દુઃખ અને અનુકૂળ સંયોગ તે સુખ એ વસ્તુસ્વરૂપમાં છે જ નહિ. એ તો પરચીજ છે. પરમાં સુખ-દુઃખનું કારણ છે નહિ. પણ પોતે સિદ્ધ સમાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવે જે આત્મા અંતર જોયો, બધાનો, હોં! એ આત્મા તો શુદ્ધ ચૈતન્યઘન અનાકુળ આનંદકંદ આત્મા છે. જેને અહીં શુદ્ધભાવ તરીકે વર્ણવાય છે. એવા શુદ્ધભાવની અંતર દૃષ્ટિના અભાવને લઈને એ અનાદિકાળથી રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ મારા અને કર્મ મારા એમ પરવસ્તુને મારાપણાની માન્યતાએ મિથ્યાપણાના સેવનથી અનાદિથી દુઃખી, દુઃખી ને દુઃખી છે. 'પોપટભાઈ'!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– નવી વાત છે.

ઉત્તર :– અનાદિની છે પણ એને ખ્યાલમાં નથી ને. અરે..! આ તે હું કોણ છું? જે આત્મા એટલે કે અહીં શુદ્ધભાવ. જ્ઞાન, ચૈતન્યજ્યોત પૂર્ણાનંદનો નાથ, જેની એક અંતરદૃષ્ટિ કર્યે જેને શાંતિ અને આનંદ આવે એવો આત્મા (છે). એવા આત્માની અનાદિકાળથી અજ્ઞાનીને (ખબર નથી). ત્યાગી થયો... સમજાય છે કાંઈ? સાધુ નામ ધરાવ્યા, પંચમહાવ્રતની ક્રિયા પાળી એમ માન્યા પણ એ બધા મિથ્યાદૃષ્ટિ અનાદિથી દુઃખી છે. આહાહા..! આત્મા.. જુઓ!

કહે છે, **'સદા નિરુપરાગ જેનું સ્વરૂપ છે...'** જુઓ! પહેલી લીટી. ૪૦મી ગાથા. **'સદા નિરુપરાગ જેનું સ્વરૂપ...'** ભગવાનઆત્મા તો નિરુપરાગ એટલે મલિનતાનો વિકાર એ સ્વરૂપમાં છે જ નહિ. આહાહા..! એ નિરુપરાગ એટલે વિકારભાવ, મલિનતા, દુઃખરૂપ ભાવ, મિથ્યાત્વભાવ, આ શરીર મારું અને હું શુદ્ધભાવ એ નહિ. પુણ્ય-પાપના વિકલ્પ થાય, વિકારભાવ, શુભ-અશુભભાવ, દયા-દાન વૃત્તિના ભાવ, પુણ્ય-પાપના, દયા, દાન, વ્રત, તપનો વિકલ્પ રાગ ઉઠે એ પુણ્ય રાગ વિકાર (છે). હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસનાની વૃત્તિ ઊઠે એ પાપ (છે). એ બેય વિકાર તે હું છું અને વિકાર વિનાની નિરુપાધિ ચીજવાળો હું છું એ ભૂલી ગયો છે તેથી તેની દૃષ્ટિમાં મિથ્યાત્વનું દુઃખ વેદાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– દુઃખી હોય તો...

ઉત્તર :– દુઃખી શું? દેખાતા નથી? ક્યાં છે? આનંદ ક્યાં છે? લાવો. શું દુઃખી એટલે શું? રોટલા ન મળે માટે દુઃખી? નિર્ધનતા (માટે) દુઃખી? એને કહે છે કોણ? સમજાણું કાંઈ? અને સ્વર્ગના ઇન્દ્રો થયા માટે સુખી? કહે છે કોણ? ભગવાન ના પાડે છે કે એમ છે જ નહિ. સમજાય છે કાંઈ? સુખ તો એને કહીએ-સ્વાધીનતા. આત્મામાં અતીન્દ્રિય આનંદસ્વરૂપ શુદ્ધ આત્મા છે એની અંતરદૃષ્ટિ કરીને આસ્વાદ-અતીન્દ્રિય આનંદનું વેદન થાય એને ભગવાન સુખ કહે છે. એ સમ્યગ્દૃષ્ટિને સુખ હોય છે, અજ્ઞાનીને સુખ હોતું નથી. સમજાય છે કાંઈ?

**'સદા નિરુપરાગ જેનું સ્વરૂપ છે...'** ભગવાનઆત્મા એ તો સિદ્ધ સમાન પોતાનું સ્વરૂપ અંદર છે. એની એને ખબર નથી. **'એવા નિરંજન (નિર્દોષ)...'** ભગવાનઆત્મા પવિત્રનું ધામ નિજ પરમાત્મતત્ત્વ, એ પોતાનું પરમસ્વરૂપ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદનું તત્ત્વ આત્મા એને **'ખરેખર દ્રવ્યકર્મના જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ સ્થિતિબંધના...'** કર્મ જ જેને નથી પછી એના સ્થાન સ્થિતિબંધ ક્યાંથી આવ્યા? અરે..અરે..! ભારે વાત, ભાઈ! એ વર્તમાન અવસ્થાના લક્ષવાળા જીવને કર્મનો સંબંધ છે એ વ્યવહાર છે. પણ એ સંબંધ સ્વીકારવો અને સંબંધરહિત ત્રિકાળને ન સ્વીકારવો એનું નામ ભગવાન મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની, મિથ્યાત્વી દુઃખી કહે છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– ...

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– ... સંબંધ વિનાનો સ્વભાવ સંબંધવાળો, આનંદ સંબંધવાળો હું ...

હું આત્મા એટલે આનંદ અને જ્ઞાનની મૂર્તિ. ચૈતન્યસૂર્ય અને સુખના સાગરથી ભરેલો ભગવાન. સુખ ક્યું? આ ધૂળના સુખ માને ઇ તો મૂંઢ જીવ છે. સમજાણું કાંઈ? આ પુણ્યમાં સુખ, પૈસામાં સુખ, સ્ત્રીમાં સુખ, માંસ, હાડકાના ભોગવવામાં સુખ એ તો મૂંઢજીવ, મિથ્યાદષ્ટિની માન્યતા છે. એ સુખ નથી, એ માન્યતા દુઃખની છે. આહાહા..! સમજાણું કાંઈ?

સુખ એટલે કે જે આત્મામાં શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ભગવાનઆત્મા, એને આ બંધનના વિકારી ભાવ જે વર્તમાન સમયના સંબંધપણે વર્તે છે એની રુચિ, આશ્રય, અવલંબન છોડી, શુદ્ધભાવ ત્રિકાળ જ્ઞાનાનંદ આત્મા છું એનો અંતર આશ્રય કરીને જે સમ્યગ્દર્શન ધર્મની પહેલી સીઢી પ્રગટે ત્યારે તેને અતીન્દ્રિય આનંદનો અંશે સ્વાદ આવે. એ જીવને ધર્મી અને સુખી કહેવાય છે. સમજાણું કાંઈ?

અનંતકાળથી મૂળ વાત જ એણે લક્ષમાં લીધી નથી. એમ ને એમ મૂંઢપણે મરી ગયો. ચોરાશીના અવતારમાં, નરક અને નિગોદ, ભિખારીપણે દેવ અને રાજા, રંક બધા ભિખારી. ભગવાનઆત્મા બાદશાહ અનંતગુણનો પિંડ છે એની દૃષ્ટિ અને એની અધિકાઈ ન માનતા, પોતાના સ્વભાવની શુદ્ધતાથી પુણ્ય-પાપના રાગને અધિકપણે–વિશેષપણે એમાં પ્રસન્નતાપણે તેને અધિકપણે સ્વીકારે છે, એ મિથ્યાદષ્ટિ દુઃખી અને અજ્ઞાની છે. એ ચાર ગતિના રાહના ભાવ લઈને ફરે છે. સમજાણું કાંઈ? આહાહા..! એ ચાર ગતિમાં રખડવાનું ભાતુ લઈને ફરે છે. સમજાણું? રાહખર્ચ. રાહખર્ચ સમજાણું કે નહિ? આ રસ્તામાં જાય ત્યાં હાથમાં ખર્ચી-બર્ચી રાખે કે નહિ? ભાતુ-બાતુ રાખે કે નહિ? મેસુબ લઈ જાય, ગાંઠિયા લઈ જાય કાં ઢેબરા લઈ જાય. પંથે જાય ક્યાંક ત્યાં. એમ આ આત્મા કહે છે કે ચાર ગતિના રાહે પડેલો અનંતકાળથી નરક અને નિગોદ ને ચાર ગતિના પંથે પડેલો પોતાનો શુદ્ધ ચૈતન્યભાવ, સ્વભાવભાવ, પિંડભાવ એની દૃષ્ટિનો અનાદર કરી, એટલો એ હું, એમ અનાદર કરી અને પુણ્ય અને પાપ અને એના ફળ એ મારા, એ તે હું, એવી મિથ્યાદષ્ટિનો ભાવ એને ચાર ગતિના પંથનો રાહનો ખર્ચ લઈને ફરે છે. 'પોપટભાઈ'! આહાહા..! ભારે પણ વાત પણ સાંભળી ન હોય, હવે એને આ શું હશે? આ તે શું વીતરાગ ભગવાન કહેતા હશે? વીતરાગના વાડામાં આવું સાંભળવાનું મળે નહિ.

અહીં તો કહે છે, ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ, જેને એક સેકન્ડના અસંખ્યભાગમાં ત્રણકાળનું કેવળજ્ઞાન હતું. એ કેવળજ્ઞાની એમ ફરમાવે છે કે, ભાઈ! તારો ભાવ જે ત્રિકાળી નિત્યાનંદ અનાકુળ કંદ છે, એ સ્વરૂપે તું છો તે તારું જીવસ્વરૂપ છે. એ સિવાય જેટલા વિકૃતભાવ ઉત્પન્ન થાય કે એના સંબંધે કર્મ થાય કે એને સંબંધે આ ધૂળ આદિનો સંયોગ મળે એ બધી ચીજ પર છે. એ પરમાં હું છું અને મારામાં હું નથી.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એવી માન્યતા મિથ્યાત્વની, અજ્ઞાનની, ચાર ગતિના નિગોદની રાહની ગતિનો ભાવ છે. સમજાણું કાંઈ? અને મોક્ષના રાહનો પંથ ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય આનંદકંદ અનાકુળ છું. એવી અંતરમાં દૃષ્ટિમાં શુદ્ધ સ્વભાવનો અંતર્મુખ થઈ એનો સ્વીકાર (કરવો કે) તેટલો હું અને રાગાદિ હું નહિ, એવી દૃષ્ટિનો અનુભવ એ આત્માને મોક્ષના પંથે લઈ જવાનો માર્ગ છે. સમજાણું કાંઈ? અરે..રે...! ભારે વાતું આ.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ઇ ધર્મ એટલે આ ધર્મ. બીજો ક્યો ધર્મ? ધર્મ કરો... ધર્મ કરો... ક્યાં ધૂળમાં ધર્મ છે? પૈસામાં, શરીરમાં? આ તો માટી છે, ધૂળ છે. આ તો પુદ્ગલ માટી જડ છે. કો'કના રજકણ ક્યાંકથી આવીને અહીં આવ્યા છે. પાછા આવીને રાખ થઈ જશે. આ ક્યાં આત્મા હતો? સમજાણું કાંઈ? પૈસા ક્યાં આત્મા છે? એ તો ધૂળ છે, અજીવ પુદ્ગલ છે. એ વડે આત્માને ધર્મ થાય? એય..! ધૂળમાં પણ ન થાય. મરી ગયો માળો! મૂંઢ થઈને. સમજાણું કાંઈ? શરીર જ આ પિંડલા, માંસના લોચા, અરે..! ચૈતન્ય પવિત્રને આ અપિત્રના લોચા સાથે રાખવા, કહે છે કે માન્યતામાં તને કલંક છે, પ્રભુ! સમજાણું કાંઈ?

અહીં તો સદા નિરુપાધિ ભગવાનઆત્મા એને આત્મા કહીએ. પુણ્ય-પાપના ભાવ થાય એ તો આસ્રવતત્ત્વ છે. શુભ-અશુભ, દયા-દાન, વ્રત-ભક્તિના પરિણામ થાય એ પુણ્ય પરિણામ આસ્રવ છે. એ આત્મા નથી. અને એનાથી બંધન થાય એ કર્મ રજકણ અજીવતત્ત્વ છે. અને એનાથી બહારનો સંયોગ મળે એ પણ પરતત્ત્વ છે. એમાં આત્મા ક્યાં આવ્યો? સમજાણું કાંઈ?

**'એવા નિરંજન (નિર્દોષ) નિજ પરમાત્મતત્ત્વને ખરેખર દ્રવ્યકર્મના જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ સ્થિતિબંધનાં સ્થાનો નથી.'** કર્મ જ જેને નથી એને વળી મુદત ક્યાંથી આવી? આહાહા..! સમજાણું કાંઈ? એ **'જ્ઞાનાવરણાદિ અષ્ટવિધ કર્મોમાંના તે તે કર્મનો યોગ્ય એવો જે પુદ્ગલદ્રવ્યનો સ્વ-આકાર તે પ્રકૃતિબંધ છે. તેના સ્થાનો (નિરંજન નિજ પરમાત્મતત્ત્વને) નથી.'** એ શુદ્ધભાવમાં નથી. ઓલાએ વળી સ્વ-આકારનો અર્થ સ્વીકાર કર્યો છે. સ્વીકાર કરીને શું કર્યું છે? છે પાઠમાં સ્વ-આકાર. એણે સ્વીકાર લખ્યું છે. આત્મા...ભાઈ! એ આત્મા એટલે સ્ફટિક શુદ્ધ આનંદકંદનું ચૈતન્યરત્ન. આત્મા એટલે અતીન્દ્રિય આનંદનું અને જ્ઞાનના પ્રકાશના નૂરના તેજનું ચૈતન્ય સ્ફટિક રત્ન (છે). એને આત્મા ભગવાન સર્વજ્ઞ તીર્થંકરદેવ કહે છે. એ આત્મા સિવાય એને કર્મના સંબંધમાં કર્મની આકૃતિ-કર્મના રજકણની પ્રકૃતિ પડે એ આત્મામાં ક્યાં છે? વસ્તુમાં હોય તો છૂટા પડે નહિ. વસ્તુમાં નથી. એ તો એના ઘરે એના રજકણમાં રજકણ છે. ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યદળમાં તે કર્મનો સ્પર્શ નથી. આહાહા..! આ એને ગળે ઉતરવું (મુશ્કેલ પડે છે). કોઈ દિ' દરકાર જ કરી નથી. 'બાબુભાઈ'! સાંભળ્યું નથી. ત્યાં 'મુંબઈ'માં જ્યાં ત્યાં ગોળા(ગપ્પા) મારે, આડાઅવળા મારે, સાંભળે, જાવ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થઈ ગયો ધર્મ. એક તો રળવામાં આખો દિ' પાપ. પાછા સાંભળવામાં આમ કહે કે આ કરો અને આ કરો તો એમાં તમને ધર્મ થશે, એ પણ મિથ્યાદૃષ્ટિનું પાપ. એય..! આહાહા..!

અહીં ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ કહે છે, ભાઈ! તું શુદ્ધ જીવસ્વભાવ તારો ભાવ છે. તું કોઈ ચીજ છો કે નહિ? ચીજ છો કે અચીજ છો? વસ્તુ છે કે અવસ્તુ છે? પદાર્થ છે કે અપદાર્થ છે? ભલે અરૂપી છે, પણ અરૂપી આનંદકંદ અનાકુળ શાંત અને અનંતગુણનો રસ અરૂપી કંદ આત્મા છે. એવા આત્માની અંતરદૃષ્ટિ કરવામાં શુદ્ધ જીવ ભાવમાં આ કર્મનો કોઈ લેપ-બેપ એને છે નહિ. એવી અંતરદૃષ્ટિ કરવી એનું નામ આત્માનો સ્વીકાર, આત્માનો આસ્તિક અને એને સમ્યગ્દર્શનરૂપી ધર્મ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? અને આ સમ્યગ્દર્શનના આવા સ્વીકાર ધર્મ વિના વ્રત ને દયા, કામ, ક્રોધ, દાન, તપસ્યા કરીને મરી જાય. એ ચાર ગતિમાં રખડવાના એકડા વિનાના મીંડા છે. સમજાણું કાંઈ?

કહે છે, એ પુદ્‌ગલની જે આઠ(કર્મ)ની પ્રકૃતિ છે ને? કહે છે ને? જ્ઞાનાવરણીની પ્રકૃતિ, દર્શનાવરણીનો સ્વભાવ. કેવો? કે આત્માના જ્ઞાનને રોકે. કોણ? જ્ઞાનાવરણીનો સ્વભાવ છે. કહે છે કે પણ એ સ્વભાવ જે કહે છે એ તારા આત્મામાં નથી. સાંભળને હવે. આહાહા..! અનાદિથી હા–નાનો વેર થઈ ગયો છે. ભગવાન કહે છે કે તારામાં જે નથી એને તું માને છો. ના છે એની હા કરે છે. આ તારા મિથ્યાદૃષ્ટિનું વેર તેં ઊભું કર્યું છે. આહાહા..! ભારે વાતું, ભાઈ!

'શ્રીમદ્દે' એક પત્રમાં લખ્યું છે ને કે, પ્રભુમાં અનંતગુણ લક્ષણે. અનંતગુણ પ્રભુના. પૂરા ગુણે પ્રભુ (છે) પણ એના અપલક્ષણનો પણ પાર ન મળે. ત્યારે વળી ઓલા લોકો એમ કહે પ્રભુના અપલક્ષણ કહ્યા છે. અરે..! સાંભળ તો ખરો. પ્રભુ એટલે તું, એમ કહે છે. તું મોટો પ્રભુ છો, ભાઈ! એ સિદ્ધ ભગવાન થશે ક્યાંથી થશે? એ પદ બહારથી આવે એવું છે? કેવળજ્ઞાન, કેવળદર્શન, અરિહંતપદ અને સિદ્ધપદ થયા એ તો પર્યાય નિર્મળ થઈ. એ ક્યાંથી આવી? શરીરમાંથી આવી? દયા, દાનના વિકલ્પ રાગમાંથી આવી? સમજાણું કાંઈ? અંતર શક્તિનું આખું તત્ત્વ અનંતગુણનો રાશિ પિંડ, આખો ગુણનો ગાંઠડો એકલો ભગવાન છે. એના અંતરમાં એકાગ્ર થતાં પ્રથમ સમ્યગ્દર્શન થાય ત્યારે શક્તિનો વિકાસ અંશે થાય. એને ધર્મ કહેવામાં આવે છે. આહાહા..! ભારે વ્યાખ્યા, ભાઈ! આખી જિંદગી ભ્રમમાં ને ભ્રમમાં ગાળે. આખોં મીંચીને જાય ચોરાશીના અવતારમાં વેગે.

કહે છે, એવો ભગવાનઆત્મા જ્યાં તારી દૃષ્ટિ થંભે અને થંભવા લાયક એવું તત્ત્વ છે. એવા તત્ત્વમાં આ પુદ્‌ગલના જ્ઞાનાવરણી, દર્શનાવરણી (પ્રકૃતિનો અભાવ છે). કહે છે ને કે આ જ્ઞાનાવરણી પ્રકૃતિએ જ્ઞાનને રોક્યું, દર્શનાવરણીએ દર્શનને રોક્યું, અંતરાયે વીર્યને રોક્યું. હવે સાંભળને હવે, એ તો પર્યાય ઉપર એકત્વ તું થા છો. તેથી તારી દશા રોકાયેલી છે ત્યારે કર્મને નિમિત્ત તરીકે કહેવામાં આવે છે. પણ એ નિમિત્ત અને તેના તરફની રોકાયેલી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પર્યાયનો અંશ તે ત્રિકાળ વસ્તુમાં નથી. આહાહા..! ભારે કઠણ પણ વાત.

અહીં તો નિજ પરમાત્મતત્ત્વ કહ્યું છે ને? આહાહા..! ભાઈ! એ આઠ વર્ષની બાલિકા હોય તોપણ એનો આવો આત્મા છે. ઢેઢ-ભંગ્યાનું શરીર હોય, એનો આત્મા તો આવો જ છે. આહાહા..!

મુમુક્ષુ :– છકાય...

ઉત્તર :– છકાય ક્યાં? છકાય આત્મા જ નથી. ભગવાન ના પાડે છે. આત્મા તો જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ તે આત્મા છે. છકાયના શરીર તો જડ છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુના શરીર તો અજીવ જડ છે. એ ક્યાં આત્મા હતો. એય..! આહાહા..! આ આત્મા છે? આ તો માટી છે. અજીવતત્ત્વ જડ, પુદ્ગલની દશા છે માટી. દાળ, ભાત, રોટલામાંથી ઊભું થયેલું ઢીંગલું છે આ. આ આત્મા છે? આ તો જગતની માટી છે. અજીવ, પુદ્ગલ, માટી, ધૂળ તો જગતની ચીજ છે. ... છે?

એણે પોતાના ભાવની મહત્તા જ કોઈ દિ' લક્ષમાં લીધી નથી. એથી એણે પરને મહત્તા આપી અને જેને મહત્તા આપી એ એનાથી છૂટો કેમ પડે? સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા એક સમયમાં, આઠ વર્ષની બાલિકા સમ્યગ્દર્શન કરી શકે છે, હોં! અને દેડકો આવો મંડુક આવડો દેડકો ભગવાનના સમવસરણમાં છે એ આવું ભાન કરી શકે છે. એમ નહિ કે મોટા માણસ હોય, આવા ભણ્યા હોય અને આવું કર્યું હોય એવું કાંઈ છે નહિ. અક્ષરનું જ્ઞાન ન હોય ને આત્માનું ભાન કરી શકે છે. આહાહા..!

અહીં તો પરમેશ્વર ભગવાન તીર્થંકરદેવ એમ ફરમાવે છે એમ સંતો કહે છે કે, ભાઈ! કે તારો શુદ્ધભાવ છે ને અંદર? પવિત્રધામ, ધ્રુવધામ, ધ્રુવધામ, એ એકરૂપે ચિદાનંદ ભગવાન છે. એની દૃષ્ટિ તું કર. એ વિના આ બધી ચીજો તારામાં નથી. એમ માન્યતા કર્યા વિના તને સમ્યગ્દર્શનની, ધર્મની શરૂઆતનું પહેલું પગથિયું નિર્મળ નહિ થાય. આહાહા..! અને સમ્યગ્દર્શન વિના એ વ્રત ને તપ ને ક્રિયાકાંડ બધા રણમાં પોક મૂકવા જેવા છે. તારા આત્માને કાંઈ લાભદાયક છે નહિ. નુકસાનકારક છે. મિથ્યા મારા છે એ માન્યું. મિથ્યાત્વ જ છે. સમજાણું કાંઈ? 'પોપટભાઈ'! અરે..! આ તો માણસના ગર્વ ઉતરી જાય એવું છે.

મુમુક્ષુ :– સાચું-ખોટું ...

ઉત્તર :– ખોટાની જ વાત કહે છે ને.

**'તેનાં સ્થાનો (નિરંજન નિજ પરમાત્મતત્ત્વને) નથી.'** જુઓ! છે ને? એ કર્મના પ્રકારની પ્રકૃતિઓના ભેદો, એનું અસ્તિત્વ એનામાં છે. શુદ્ધભાવ ચૈતન્યના અસ્તિત્વમાં એ નથી. એમ શુદ્ધભાવની અંતર દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન ભગવાન (કહે છે). પહેલામાં પહેલી ધર્મની શરૂઆત ત્યાંથી થાય છે. આહાહા..! એક તો સાંભળવા મળે નહિ. હવે એ કે દિ' સાંભળે? એ કે દિ' વિચારે? અને કે દિ' પ્રયોગમાં મૂકે? આહાહા..! એમ ને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એમ બફમમાં ને બફમમાં, મૂંઢતામાં ને મૂંઢતામાં પાગલપણામાં જિંદગી ગઈ બધી. અનંતકાળથી જાય એવી અત્યાર સુધી જેને આ ભાન નથી એ બધા પાગલપણે જિંદગી ગાળે છે. 'પોપટભાઈ'! આ બધા ડાહ્યા હોય એ પણ? ક્યાં ગયા? ઓલા ગયા? 'નટુભાઈ' ગયા? ગઈ કાલ સુધી ન રહ્યા? કાલે આવશે. ઠીક. વકીલ છે ને.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ડાહ્યા કોણ કહે છે? એ માટે તો સંભાર્યા. વકીલ એટલે શું પણ હવે? પાંચ હજારનો પગાર લેતો હોય તો પણ મોટો મૂરખ છે, કહે છે. આત્મા પૂર્ણાનંદ પ્રભુને સ્વીકારતો નથી અને પુણ્યના ફળ મારા અને અમે રળીએ છીએ, અમારો જે વકીલાતનો ઉઘાડ છે એ અમારો છે, એ માન્યતા મિથ્યાદૃષ્ટિ પાખંડી અજ્ઞાનીની છે. એય..! 'કનુભાઈ'! આ જજ છે, લ્યોને આ. 'અમદાવાદ'. સમજાણું કાંઈ? એ ભાવ જે જ્ઞાનના ઉઘાડનો (છે), જે પરનો, વકીલાતનો, વેપારનો એ ઉઘાડભાવ છે બંધનું કારણ દુઃખદાયક છે. એ આત્માનો ભાવ જ નથી એમ અહીં ભગવાન કહે છે. આહાહા..! શું કીધું આ? એય..! તમારું આ શું કહેવાય? લાદી. 'બાબુભાઈ'! તમારે સોનાનું (કામ) છે? શું છે? લોઢાનું? લોઢાની કળાની ઓલી કળા, સોનાની કળા, આ વકીલાતની કળા, લાદીની કળા. ભગવાન કહે છે એ ઉઘાડ જે છે આમ.. આમ.. આમ.. કરે એ પરનું કરી તો શકતો નથી. પણ જે ઉઘાડ ભાવ પર સંબંધીનો છે એ દુઃખદાયક છે. એ મારો છે એ માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. આહાહા..!

મુમુક્ષુ :– વિકાર મારો નથી તો કોનો છે?

ઉત્તર :– એ તો જડનો છે. એમાં તને હવે તો શાંતિ મળવી જોઈએ ને? એ તો જડના ઉઘાડનું જાણવા મળ્યું. એમાં ચૈતન્યનો ઉઘાડ ક્યાં આવ્યો?

મુમુક્ષુ :- પર્યાય તો જ્ઞાનની છે ને.

ઉત્તર :- એ એની પર્યાય નથી. ખરેખર એની પર્યાય શાંતિ અને જ્ઞાનની છે. સ્વને પકડે તે પર્યાય તેની. આકરી વાત છે, ભાઈ! આ. સમજાણું કાંઈ? એવા તો અનંતવાર અગિયાર અંગના શાસ્ત્રના અગિયાર અંગના જાણપણા કર્યા. તોય કહે છે કે મિથ્યાદૃષ્ટિ મૂંઢ છો. વસ્તુ શુદ્ધ એક સમયમાં પૂર્ણાનંદ પ્રભુ આત્મા જેને અમે કહીએ છીએ, ભગવાન કહે છે, આત્મા જેને અમે કહીએ છીએ એ આત્મા શુદ્ધભાવથી ભરેલો આનંદકંદ છે. એની તને રુચિ અને સન્મુખની દૃષ્ટિ નથી. આમાં તે માની બેઠો છો એ મિથ્યાત્વનું દુઃખ વેદે છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– સ્વીકારે. શેના પણ સ્વીકારે? ત્યાં વિષ્ટાને સ્વીકારતા હશે ન્યાં? એય..! આહાહા..! ઓહો...!

અહીં તો જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ સ્વરૂપમાં નથી. એવા સ્વરૂપની દૃષ્ટિ કર્યા વિના તેની સત્યતાનો સ્વીકાર આવતો નથી. અને સત્યનો સ્વીકાર થયા વિના સમ્યગ્દર્શન

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આવતું નથી. આહાહા..! અને સમ્યગ્દર્શન વિના સમ્યગ્જ્ઞાન હોય નહિ. અને સમ્યગ્જ્ઞાન વિના ચારિત્ર હોય નહિ. આહાહા..! ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર અનંત તીર્થંકરો થયા તેણે કહ્યું. અત્યારે ભગવાન બિરાજે છે તે એમ કહે છે. મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકરદેવ બિરાજે છે. સીમંધર ભગવાન બિરાજે છે. વીસ તીર્થંકર અને લાખો કેવળીઓ (બિરાજે છે). અનંત તીર્થંકરો થશે તે એક જ અવાજે આ વાત કરે છે. સમજાણું કાંઈ? આવું પણ માણસને કઠણ લાગે એવું ને. ઉપર ચડી ગયો હોય એને નીચે ઉતરવું (કઠણ પડે એવું છે).

એને જાણે ક્યાંય પાસ થઈ ગયો. સાતમી ચોપડીમાં પાસ થઈ ગયો. ઓલો સારો (શિક્ષક) પરીક્ષા લેવા આવે (ઇ કહે), એલા! હેઠે ઉતર હેઠે, એકડિયામાં. ક્યાં ગયો અહીં? તને ચડાવ્યો કોણે? ચડાવો કોણે કર્યા? ભાઈ શેઠિયાના દિકરા એટલે ચડાવો કર્યા. નહોતા? ‘તલકચંદભાઈ’ કહે છે આપણે. ભણવામાં બહુ ધ્યાન નહિ. ‘નારણશેઠ’ના દિકરાના દિકરા એટલે ચડાવા કરીને માથે ચડાવી દે. ‘લાઠી’. એલા! પણ છઠ્ઠી ચોપડીનું કાંઈ આવડતું નથી, આ ચોથી ચોપડીનું આવડતું નથી ને છઠ્ઠી ચોપડીમાં ક્યાંથી બેઠા? શેઠિયાના દિકરા ચડાવો કરીને ચડી ગયા.

એમ આ શ્રદ્ધાનું ભાન ન મળે. અજ્ઞાની આવીને ચડાવા કરીને (કહે), તમે તો ધર્મી છો, તમારું કલ્યાણ થઈ જશે. જ્યાં સાચો ડિપોટીને પરીક્ષા લેવા ગયા તો કહે આ તો મૂંઢ છે. આને કાંઈ ભાન ક્યાં છે? નીચે ઉતરી જા. તને ધર્મમાં કોણે ચડાવ્યો? પાંચે કાઢી નાખે. આંકડો લાવ, જવાબ તો લાવ. છઠી ચોપડીમાં બેઠો છો તો છઠ્ઠી ચોપડીનો જવાબ લાવ. અમને ચડાવે ચડાવ્યો. ચડાવે ચડાવ્યો તો રહી શકે. નીચે ઉતરી જા.

એમ સર્વજ્ઞ પરમેશ્વરની પરીક્ષામાં વીતરાગ ડિપોટી અહીં તો સર્વજ્ઞ ત્રિલોકનાથ છે. સમજાય છે કાંઈ? એની પરીક્ષા... એવું આવે છે, હોં! જ્ઞાનાવરણમાં ઘણું આવે છે. પરીક્ષા કર્યા વિના માને એ બધા મૂંઢ છે, કહે છે. એવું આવે છે. અને હું તો પહેલા કહેતો. ‘સૂયગડાંગ’નું સાતમું અધ્યયન છે ને? ... એ શબ્દ પહેલા આવતો. છે ને? પરીક્ષા કર્યા વિના માન્યું છે તેમાં આત્માને કાંઈ સિદ્ધિ નથી. પરીક્ષા નથી કે આત્મા કોણ છે? આ વિકાર ઊઠે ઇ શું છે? આ જડ તે શું છે? સાત તત્ત્વમાં સાત તત્ત્વના ભિન્નના વિવેકના ભેદજ્ઞાનની ખબર નથી. શરીર, વાણી, મન અને પૈસા એ તો માટી, ધૂળ, અજીવ છે. એ તું છો? કર્મ એ જડ છે, એ તું છો?

મુમુક્ષુ :-

ઉત્તર :- કોણ પણ? ત્રણકાળમાં પરવસ્તુ લાભદાયક હોય? એ તો સવારે ઘણું આવ્યું હતું. એય...! ‘પોપટભાઈ’! ધન અને બાયડી-છોકરા સારાથી આત્માને લાભ થાય એમ માનનારા મૂંઢ જીવ છે. આ તો પરમેશ્વર છે, સર્વજ્ઞદેવ. જેના સેવકો ઇન્દ્રો. ૩૨ લાખ વિમાનના લાડા શક્રેન્દ્ર, ઇશાનઇન્દ્ર, ગણધરો એવું જે ચક્રવર્તી જ્ઞાની સમકિતીનું રાજ. આ તો કેવળીનું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



રાજ છે. સર્વજ્ઞ પરમેશ્વરનું શાસન રાજ. એ શાસનમાં કહે છે, જેણે ભગવાનઆત્માને આવા કર્મના સંબંધવાળો પર્યાયમાં સ્વીકાર્યો, અંશમાં સ્વીકાયો, એ અંશને આત્મા માન્યો એણે ત્રિકાળ શુદ્ધભાવને આત્મા માન્યો નથી. એ મિથ્યાદષ્ટિ અજ્ઞાની છે. એના ખ્યાલની ખબરું તો કરે. ખબરું વિના રુચિ કેની કોર કરશે? અંતર્મુખ ભગવાન મહાપ્રભુ પોતે બિરાજે છે. આહાહા..! એ વાત કરી. પ્રકૃતિની કરી.

હવે પ્રદેશની કરે છે. **'અશુદ્ધ અંતઃતત્ત્વ...'** આત્માની જે મલિન પર્યાય છે ને? મલિન. મલિન સાથે સંબંધ છે ને? સ્વભાવ સાથે ક્યાં સંબંધ છે? ભગવાનઆત્મા શુદ્ધસ્વરૂપે પરમાત્મા પોતે નિજ આનંદકંદ છે. એની વર્તમાનમાં પુણ્ય-પાપની ભ્રમણાની જે પર્યાય છે એ પર્યાયની સાથે કર્મ પુદ્‌ગલનો સંબંધ છે. સમજાણું કાંઈ? એ **'(-અશુદ્ધ આત્માના) અને કર્મપુદ્‌ગલના પ્રદેશોનો પરસ્પર પ્રવેશ...'** અશુદ્ધ પર્યાય વિકારી અને કર્મના પરમાણુ. બે એક જગ્યાએ ભેગા થાય છે. એવો તે પ્રદેશબંધ. **'આ બંધના સ્થાનો પણ (નિરંજન નિજ પરમાત્મતત્ત્વને) નથી.'** આહાહા..! અશુદ્ધતા જ જ્યાં નથી, અશુદ્ધતાની પર્યાય સાથે કર્મના પ્રદેશનો સંબંધ હતો. આત્મા સાથે કાંઈ છે નહિ. સાચી વાતનો સ્વીકાર (કરવો કઠણ પડે). નિજપરમાત્મા જે છે નિરંજન નિજસ્વરૂપ ભગવાનઆત્મા, એમાં આ અશુદ્ધતાના પ્રદેશનો સંબંધ છે નહિ.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– થાય ક્યાં? જોડે હોય છે. અહીં અશુદ્ધતા હોય ત્યાં રજકણ હોય છે. આ છે ને આ? આત્મા અંદર અસંખ્યપ્રદેશી છે કે નહિ? જ્યાં અશુદ્ધતા સમય સમયની જે દશા છે એની સાથે ઓલા રજકણો જોડે છે. રજકણ પરમાણુ અંદર છે ને? એ કાંઈ બહાર ઉપર અધ્ધર નથી. જોડે છે. એનો પ્રવેશ કહ્યો છે. આ માટી છે એ તો જુદું તત્ત્વ છે. પણ ઓલા કર્મના ઝીણા, મૂર્ત, ધૂળ રજકણ છે ને? એ અરૂપી ભગવાનઆત્માની જોડે રહેલા છે. એ અશુદ્ધતા અને એને સંબંધ છે. એવો પ્રવેશ કીધો. એ વસ્તુના સ્વભાવમાં છે નહિ. એ પણ ક્યાં વિચાર્યું હશે કે અંદર શું હશે? આહા..! સમજાણું કાંઈ?

આત્માની દશાનો એક સમયની મલિતનો અંશ અને કર્મના પ્રદેશો, રજકણની સંખ્યા છે પરમાણુની, ભગવાને જેને પ્રદેશબંધ કીધો, એ બેનો સંબંધ એ સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ? માણસને એમ (થાય), આવું તત્ત્વ શું હશે આ? આ તે કાંઈ વીતરાગમાર્ગનું તત્ત્વ હશે આવું? ઓલામાં તો આવે, એકેન્દ્રિયા, બેઇન્દ્રિયા, ત્રિઇન્દ્રિયા, ચૌઇન્દ્રિયા, પંચેન્દ્રિયા... તસ્સ મિચ્છામી દુક્કડમ્. લ્યો એમાં કાંઈ સમજવાનું? એય..! 'મોહનભાઈ'! આ તો કહે છે કે એ તો શુભ વિકલ્પની વાત છે. આ તો શુભ વિકલ્પ પણ તારા સ્વરૂપમાં નથી. એવા તત્ત્વની વાત છે. આહાહા..! ઓહોહો..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ .. શુભરાગ, અશુભથી ટળીને એ વખતે શુભનો વિકલ્પ ન હોય. પણ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ ક્યાં (ધર્મ છે), એ તો પરલક્ષી વિકાર છે. એ ક્યાં સ્વરૂપમાં છે? સમજાણું કાંઈ? ગોખી જાય એમ ને એમ. ...અપ્પાણં વોસરે. આત્માને આખો વોસરી દો. પણ આત્માને તું વોસરાવે છે એ ક્યો આત્મા વોસરાવે છે અને ક્યો આત્મા અંગીકાર કરે છે? છે કાંઈ ખબર? અપ્પાણં વોસરામી. ઇ કહે છે અહીંયા. ભાઈ! તું અપ્પાણંને આત્મા કહે અને શુદ્ધભાવની તો તને ખબર નથી. અને રાગાદિ વિકલ્પ થાય એને તું આત્મા માને છે એને વોસરાવું છું. પણ શું વોસરાવું? પણ આની કોર સમજ્યા વિના વોસરે ક્યાંથી ટળે? 'શ્રીમદ્દે' ટીકા કરી છે કે અપ્પાણં વોસરાવે એમાં અજ્ઞાની આખો આત્મા વોસરાવી દે. આત્માની જેને ખબર નથી. 'જ્ઞાનચંદજી'!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હમણા ખબર પડી. ૫૦ વર્ષે. કેટલા વર્ષ થયા? બાવન. તો બાવન વર્ષ મુંડાવ્યું ત્યારે ખબર પડી, કહે છે. પણ અત્યાર સુધી લુગડું આમ અડધું રાખીને ફરતા અને આમ કરીને ફરતા. બધા ભાષણો આપતા. ઇ કહે, એ બરાબર છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– બસ એ લેવું, આ કરવું. થઈ રહ્યું. અરે..! ભાઈ! બાપા! ધર્મ એટલે એક સમયનો ધર્મ અપૂર્વ મોક્ષની શરૂઆત કરાવી દે. એક સમયનો ધર્મ અનંતા જન્મ-મરણનો અંત લાવી દે. આહાહા..! એવો ભગવાનઆત્મા જેમાં જન્મ-મરણ અને જન્મ-મરણના ભાવ જ જેમાં નથી. એવા ભાવની દૃષ્ટિ અંતરમાં થતા ભવ ક્યાં અને ભવનો ભાવ ક્યાં? સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– કોણે ના પાડી? આહાહા..!

એ વસ્તુનું શું સ્વરૂપ છે, વિકાર શું છે? અને સંયોગ એ કર્મ શું અને ફળ શું? એનો જ્યાં સુધી ભાવમાં ખ્યાલ ન આવે ત્યાં સુધી એનાથી જુદો પડીને સ્વભાવની પ્રતીતિ કરી શકે નહિ. સમજાય છે કાંઈ? એ બંધના સ્થાનો નથી. લ્યો!

**'શુભાશુભ કર્મની નિર્જરાના સમયે સુખદુઃખરૂપ ફળ દેવાની શક્તિવાળો કે અનુભાગબંધ છે;...'** કર્મમાં, હોં! **'કર્મની નિર્જરાના સમયે...'** જોયું? **'શુભાશુભ કર્મની નિર્જરા...'** રજકણમાં થાય ને? એ **'સમયે સુખદુઃખરૂપ ફળ દેવાની શક્તિ...'** ઓલા કર્મમાં, હોં! આ તો સુખદુઃખરૂપ ફળ દેવાની શક્તિ જડમાં છે. **'તે અનુભાગબંધ છે;...'** જડમાં (છે), એ આત્માને નથી. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાન તો આનંદના અનુભાગરસથી પડેલો છે. જેના અતીન્દ્રિય આનંદના એક સમયના સ્વાદમાં ઇન્દ્રના ઇન્દ્રાસનો સડેલાં તરણાં, ઉકરડા જેવા લાગે, ઇન્દ્રના ઇન્દ્રાસનો સડેલાં ઉકરડાના તરણાં જેવા લાગે. એવો ભગવાન સમ્યગ્દર્શનમાં ભાન થતા, સુખનો સ્વાદ આવતા, એ ચીજનું ભાન થતાં દુનિયા ત્રણલોક અને ત્રણકાળ સડેલાં તરણાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જેવી લાગે. સમજાણું કાંઈ? ચૈતન્યની કિંમત આગળ પરની કિંમત કાંઈ રહે નહિ. અને જેને ચૈતન્ય ભગવાનની કિંમત નથી. એણે પરની કિંમતું અને મહત્તા આપી છે એણે ભગવાનઆત્માનો અનાદર કરીને મિથ્યાત્વભાવને સેવ્યો છે. સમજાણું કાંઈ?

**'આનાં સ્થાનોનો પણ અવકાશ (નિરંજન નિજ પરમાત્મતત્ત્વને વિષે) નથી.'** આત્મા... વસ્તુ... વસ્તુ (છે). એમાં હોય તો જુદા પડે ક્યાંથી? અને જુદા પડે તે એનામાં નથી. સમજાણું કાંઈ? ઓલી બાઈડ્યું રોવે ને જ્યારે બહુ વ્હાલો મરી ગયો હોય. બાયડું પછી એને વાળે વાળવું હોય તો. ભાઈ! આપણા હોય તો શું કરવા જાય? એવી વાતું કરે. ખોટા ઢોંગે ઢોગ. એને અને ઓલા રોતા હોય એને ભાન ક્યાં છે? ઓલી ડોશી હોય ને? પાછળથી રોવેને જરી?

મુમુક્ષુ :– ..

ઉત્તર :– ... શું છે? ઢોંગે ઢોંગ અંદર બધાને. શું છે? કોઈકને લાગ્યો હોય તો રાગ-દ્વેષ લાગે. એ પણ ઢોંગ છે ને પણ? એક જુવાન છોકરો મરી ગયો છે. ત્યાં બોલવામાં હાથ ઉપડતો નહોતો. બાયને અને એની માને. હાય.. હાય. નજરે જોયેલા, હોં! નજરે જોયેલા. નજરે જોયેલા બધા. આ તમારા સગાના સંબંધની વાત. સાધુ થયા પછી. સારું ઘર ને છોકરો એકનો એક મરી ગયો. માણસ ઘણું આવે, પણ હાથ ઉપડતો નહોતો. એ તો અંદર શોકમાં મૂંઢતામાં મુંઝાઈ ગઈ છે. કોના છોકરા? કોના બાપા તારા? કો'કની ચીજ ક્યાંક આવી હતી થોડી? અને શરીર રજકણ એ આત્મા જુદો, એના રજકણ જુદા. એની મુદતે આવ્યા અને મુદતે ચાલ્યા ગયા. તારામાં ક્યાં ગરી ગયા? છોકરો ક્યાં તારો હતો? આહાહા..! નવ મહિના પેટમાં રહે અને બહારમાં આવે ત્યારે.. આહાહા..! અમારો દિકરો. પણ તારો હોય એ જુદો પડે કેમ? જુદો હોય શેનો? સાંભળને. એય..! અરે..રે..! ભારે વાત, ભાઈ!

સમ્યગ્દષ્ટિ જીવ જ્યાં રાગના શુભ પરિણામ પણ મારા માનતો નથી ત્યાં બાયડી-છોકરામાં પડ્યો પણ એ મારું માનતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ નિરંજન નિજ ભગવાનઆત્મામાં આ વસ્તુ છે જ નહિ. **'વળી દ્રવ્યકર્મ...'** આ સામાન્ય જડ રજકણો બધા. **'તથા ભાવકર્મ...'** વિકાર. એના **'ઉદયનાં સ્થાનો...'** જોયું? બેય લીધું. વિકારના સ્થાન. શુભ-અશુભ, પુણ્ય-પાપના ભેદ પડે ને? દયા, દાન, શુભભાવના, હિંસા, જૂઠાના અશુભભાવના. એ શુભઅશુભભાવના જેટલા અસંખ્ય પ્રકાર પડે એ વસ્તુમાં નથી. એ વિકારી ભાવ, શુભાશુભભાવ છે, આત્મામાં નથી. એ તો આસ્રવતત્ત્વ થયું. દ્રવ્યકર્મ તો અજીવતત્ત્વ થયું. નવ તત્ત્વ છે કે નહિ? જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. હવે નવ તત્ત્વમાં આ પુણ્યના પરિણામ થાય એ ક્યું તત્ત્વ? એ તો આસ્રવ તત્ત્વ છે. પુણ્યાસ્રવ જેનાથી આવે. હિંસા, જૂઠાના પરિણામ પાપતત્ત્વ, એનાથી પાપ રજકણો આવે. રજકણો એ અજીવ છે. એ દ્રવ્યકર્મ છે. અને પુણ્ય, પાપના ભાવ થાય, દયા, દાન, વ્રતના, ભક્તિના,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દાનના, એ બધું ભાવકર્મ વિકારી પરિણામ છે. એ આત્મામાં છે નહિ. એને પોતાના માને તે મૂઢ અને મિથ્યાદૃષ્ટિ છે, એમ કહે છે. જે તત્ત્વ એનું નથી તેને તેનું માનવું, જે તત્ત્વ તેનું છે તેનું તેને ન માનવું (એ મિથ્યાત્વ છે). પરસેવો ઉતરી જાય એવું છે જરી. આહાહા..!

ભગવાન પરમેશ્વર ત્રણલોકના નાથ! એ સમવસરણની સભામાં મહાવિદેહક્ષેત્રમાં એમ વર્ણવી રહ્યા છે. પરમેશ્વરના મુખમાંથી આ વાણી આવેલી છે. 'કુંદકુંદાચાર્ય' ત્યાં ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા. પછી આવીને આ શાસ્ત્ર બનાવ્યું. સંવત ૪૯. સમજાણું? અને ત્યાં ન ગયા હોય અને બીજા જ્ઞાનીએ બનાવ્યું હોય તોપણ ભગવાન પાસે ગયેલા જ એને સમજવા અને એ કહે છે. પોતે આત્મા ભગવાન છે ને? આહાહા..! કહો, 'મોહનભાઈ'! આ સુખ-દુઃખનું ને બધું શું કરવું હવે આમાં? પહોળો થઈને ફર્યો, કહે છે એ બધું તારું નહિ. પહોળો થઈને ફર્યો કે પુણ્ય પરિણામ મારા, પાપ પરિણામ મારા, કર્મ મારું, અમે બાંધ્યા, એના ફળ આ, આ છોકરા મારા, આ બાયડી અમારી, આ ધૂળ મારી, આ પૈસા મારા. પણ તારા હોય નહિ ત્રણકાળમાં. સાંભળને. જુદા પડે એ તારા હોય? પુણ્ય-પાપના પરિણામ પણ છૂટા પડી જાય છે. સિદ્ધમાં રહે છે?

મુમુક્ષુ :– વર્તમાનમાં?

ઉત્તર :– વર્તમાનમાં પણ છૂટા છે. એ માટે તો અહીં કહે છે. સિદ્ધમાં નથી માટે તારામાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ દ્રવ્યકર્મ, આઠ કર્મ સામાન્ય. ભાવકર્મના ઉદયના સ્થાનો. પછી એમાં તો બધું જ્ઞાનની હિનતા આદિના પ્રકાર છે ને? દર્શનની હિનતા, વીર્યની હિનતા, રાગ-દ્વેષના પરિણામ. એ બધાનો અવકાશ નિરંજન નિજ પરમાત્મતત્ત્વને નથી.

મુમુક્ષુ :– આવી સારી લાભની વાત હોવા છતાં...

ઉત્તર :– એણે સાંભળી નથી. એને આ બહારનું ગોઠ્યું છે. અનાદિથી સાધુ થયો ને સાધુ? નામધારી. દિગંબર થયો, હોં! હજારો રાણીઓને છોડીને જંગલમાં ગયો. પણ આ અંતરતત્ત્વ પૂર્ણાનંદનો નાથ છે એની એને રુચિની ખબર પડી નહિ. આ ક્રિયા કરીએ છીએ, આ કરીએ છીએ, આ કરીએ એ અમારું સાધુપણું. આનાથી આપણું કલ્યાણ થઈ જશે. એવી અનાદિકાળની દશા સેવતો આવે છે એટલે આ વાત એને સાંભળવી આકરી લાગે. આહાહા..! આ તો ભારે આકરો ધર્મ, કહે છે. વીતરાગમાર્ગ ભારે આકરો. બાપુ! વીતરાગમાર્ગ જ આ છે. બીજો માર્ગ છે જ નહિ. સમજાણું કાંઈ?

**'એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૧માં શ્લોક દ્વારા) કહ્યું છે કે :–'**

**न हि विदधति बद्धस्पृष्टभावादयोऽमी**
**स्फुटमुपरि तरन्तोऽप्येत्य यत्र प्रतिष्ठाम्।**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**अनुभवतु तमेव द्योतमानं समन्तात्**
**जगदपगतमोहीभूय सम्यक्स्वभावम्।।**

જુઓ! આ સ્વભાવ આવ્યો ને એ. એ સમ્યક્ સ્વભાવનો એ શુદ્ધભાવ છે. આહાહા..! ભગવાન કહે છે, હે જગત! હે જગત! જગત એટલે કે જગતમાં રહેલા જીવો. એમ. કાઠિયાવાડી એમ કહે ને? કાઠિયાવાડી આવ્યા. કાઠિયાવાડ આવ્યું એમ કહે ને? કાઠિયાવાડ આવતું હશે? કાઠિયાવાડના માણસો આવ્યા. દક્ષિણ આવ્યું, આ પંજાબ આવ્યું એમ કહે ને? એમ હે જગત એટલે હે જગતના જીવો! એમ. સમજાણું કાંઈ?

હે જગતના જીવો! **'મોહરહિત થઈને...'** ભગવાન! એકવાર તો પરની સાવધાનીના વિકલ્પ એ સ્વરૂપમાં નથી. એવો નિર્ણય કરીને એકવાર મિથ્યાત્વભાવને છોડી, એકવાર ભગવાનઆત્માના સાવધાન સ્વભાવ તરફ જોડાય અને પર તરફના સાવધાનીના વિકલ્પની એકતા તોડી **'સર્વ તરફથી પ્રકાશમાન...'** ભગવાનઆત્મા ચારે બાજુથી પ્રકાશમાન. અસંખ્યપ્રદેશે ચૈતન્યના તેજના નૂરનું પૂર. આહાહા..! આ આત્મા.

એ અંસખ્ય પ્રદેશે... એ અસંખ્યપ્રદેશ સર્વજ્ઞમાં, વીતરાગમાં જ હોય. અન્યમતમાં એ હોય નહિ. વીતરાગ સિવાય અન્યમતમાં એકેય વાત સાચી હોય જ નહિ. જેટલા ગપ્પા મારતા હોય એ બધા આત્માની વાતું ઘણા કરે ને? એ બધી ગપે ગપ. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે કહેલા તત્ત્વો સિવાય કોઈ તત્ત્વમાં સાચી ગંધ એકેય છે નહિ. પણ એ વીતરાગનું તત્ત્વ આવું છે, ભાઈ! એક એક આત્મા તારો મોહરહિત થઈને, ભાઈ! એકવાર પરની કિંમતની મહત્તા ઘટાડી દે. એકવાર પુણ્ય-પાપના વિકલ્પો શરીર, કર્મ, ફળાદિ બધાના.. મહત્તા, અધિકતા, વિશેષતા એવો જે માનેલો મોહભાવ, એને છોડીને **'સર્વ તરફથી પ્રકાશમાન...'** ભગવાન ચૈતન્યના નૂર છે. પરમાત્મસ્વરૂપ અંદર તારું છે, ભાઈ!

**'એવા તે સમ્યક્ સ્વભાવ...'** આ શુદ્ધભાવ કહ્યોને? શુદ્ધભાવ અધિકાર ચાલે છે એ સમ્યક્ સ્વભાવ. ત્રિકાળ ધ્રુવ શુદ્ધભાવ એકરૂપ પરમ સ્વભાવભાવ, એવો જે જીવ શુદ્ધભાવ, શુદ્ધ જીવાસ્તિકાય, એવો સમ્યક્ સ્વભાવ, સત્યસ્વભાવ. એટલે? કે પુણ્યપાપનો ભાવ એ પણ સમ્યક્ સ્વભાવ નહિ. શુભ-અશુભભાવ એ સમ્યક્ સ્વભાવ નહિ. કર્મ અને શરીર અને બાહ્ય ચીજો, ભગવાન! એ સમ્યક્ સ્વભાવ નહીં. એ તો બધો વિપરીત ભાવવાળું તત્ત્વ છે.

કહે છે કે **'તે સમ્યક્ સ્વભાવને જ...'** એમ કીધું છે ને? મિશ્ર ન કર હવે કહે છે. એકલો ભગવાનઆત્મા ચૈતન્યના પ્રકાશનું તત્ત્વ જે એકલું. ચારે બાજુ જેમાં પ્રકાશ ચૈતન્ય... ચૈતન્ય.. ચૈતન્યપ્રકાશના તેજ છે એને અનુભવો, એની દૃષ્ટિ કરો અને એનો અનુભવ કરો. એ ધર્મ છે. 'અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસ કૂંપ, અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.' આ અનુભવ એ ધર્મ છે. અનંત તીર્થંકરો, અનંત સંતો આ અનુભવ કરીને પરમાત્મપદને પામ્યા છે. સિદ્ધ પણ એ જ અનુભવનું આચરણ સેવી રહ્યા છે. આવે છે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ને, ભાઈ? 'અનુભવપ્રકાશ'માં આવે છે. અરિહંત, સિદ્ધ એવો શબ્દ છે. અનુષ્ઠાન. આચરણ સેવી રહ્યા છે સિદ્ધ પણ. પોતાના શુદ્ધના અનુસરણ... સમજાણું કાંઈ? અરે..! આ આચરણ કઈ જાતનું? ભાઈ! આ બહારની ક્રિયાઓ આ કરવું, તે કરવું (તે આચરણ અમે તો સમજ્યા છીએ).

ભાઈ! એ આંગળી આમ ચાલે એ બાપુ! તારા કર્તવ્ય નથી, પ્રભુ! એ તો પક્ષઘાત થાય તો ઇચ્છા હોય તોપણ ક્યાં હલાવી શકે છે? ઉં... ઉં... ઉં... કરે, તોતડાઈ કરે. ભાષામાં તોતડાઈ, ગળામાં તોતડાઈ, હાથમાં તોતડાઈ. તોતડાઈ એટલે .. બધી. કેમ 'જેચંદભાઈ'! એ તો સ્વયં છે ને, જડને, તમારે નહિ. એ સ્વયં હજી થઈ રહ્યું છે. એ જડને એમ છે એમ કહે છે. પણ આ માને કે મને (છે). પણ એ તો જડને છે. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– શેના આંસુડા આવે છે? એ શેના આવે છે? કે એ શરીરમાં કાંઈક થતાં મને થાય એવી માન્યતાનું દુઃખ થાય છે એને. શરીરનું બિલકુલ નહિ. ભગવાન ના પાડે છે. જડને લઈને આત્માને દુઃખ ત્રણકાળ, ત્રણલોકમાં હોઈ શકે નહિ. અને પરને લઈને સુખ, જગતનું સુખ, હોં! જગતનું માનેલું, એ પરને લઈને નહિ. તારી કલ્પનામાં ઊભો કરેલો રાગ એને સુખ-દુઃખની કલ્પનાથી માની રહ્યો છે. સમજાણું કાંઈ? અરે..! આ તે કોઈ એલ.એલ.બી.ની વાત એટલે મોક્ષની વાતું હશે! આ પહેલા ધર્મની શરૂઆતની આ વાત છે. આ તો હજી સમ્યગ્દર્શનની વાત છે. પહેલું ચોથું ગુણસ્થાન જેને સમ્યગ્દર્શન કહીએ. પછી પાંચમું આવે અને પછી છઠ્ઠું આવે. ચોથા વિના પાંચમા-છઠા ક્યાંથી આવી ગયા અદ્ધરથી એકદમ? ચોથાના ઠેકાણા ન મળે. ચારિત્રવંત થઈ ગયા અને વ્રતધારી થઈ ગયા. ધૂળેય નથી વ્રતધારી. સાંભળને.

કહે છે, અરે..! જગતના જીવો મોહરહિત થઈને. અપગતમોહમ છે ને? ભગવાન ચૈતન્ય તો પ્રકાશવંત છે ને, પ્રભુ! એ વિકલ્પ ઊઠે છે એ તો અચેતન અંધારા છે. એ દયા, દાનનો વિકલ્પ ઉઠે છે એ અંધારા, અચેતન વિકાર છે. ભગવાન ચૈતન્ય પ્રકાશનું નૂર (છે), ભાઈ! તને ખબર નથી. આહાહા..! એને **'અનુભવો કે જેમાં આ બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો...'** આ કર્મથી બંધાયેલો, સ્પર્શવાળો, ભેદવાળો, રાગવાળો એ ભાવો **'ઉત્પન્ન થઈને સ્પષ્ટપણે ઉપર તરતા હોવા છતાં...'** ઉપર તરે છે ઉપર. **'ખરેખર સ્થિતિ પામતા નથી.'** એ અંદર ભગવાન સ્વરૂપમાં છે નહિ. ઉપર ને ઉપર તરે છે. વસ્તુ ચૈતન્યગોળો, સિદ્ધભાવ, શુદ્ધભાવનો ગોળો (એનાથી) ઉપર ઉપર લટકે છે બધું. અંદરમાં પ્રવેશ નથી. ૧૪મી ગાથાનો આ શ્લોક છે. ૧૪મી ગાથા છે ને?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ગમે તેવો આત્મા હોય, આત્મા સમજી શકે. નરકનો નારકીનો આત્મા પણ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સમજી શકે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :–

ઉત્તર :– આત્મા જોઈએ, જડ હોય તો ન સમજે. આ તો માટી છે. 'શ્રેણિક' રાજા. સાંભળ્યું છે કે નહિ? ભગવાનના ભક્ત ક્ષાયિક સમકિતી હતા. તેમણે તીર્થંકરગોત્ર બાંધ્યું છે. એ અત્યારે પહેલી નરકમાં છે. ચોરાશી હજાર વર્ષ સ્થિતિમાં.

મુમુક્ષુ :- ત્યાં શું કરે છે?

ઉત્તર :- એ આ આત્માના આનંદને અનુભવે છે. અમે આત્મા શુદ્ધ છીએ. અમે નરકમાં નથી, અમે રાગમાં નથી, અમે દુઃખમાં નથી. એ નરકમાં આમ અનુભવે છે. ભવિષ્યમાં આવતી ચોવીશીમાં પહેલા તીર્થંકર થવાના છે. અમે અબદ્ધસ્પૃષ્ટ ચૈતન્યમૂર્તિ (છીએ). એ બધું ઉપર તરે છે. જાણવા લાયક છે, આદરવા લાયક નથી.

**'ઉપર તરતાં હોવા છતાં...'** એટલે ઉપર છે માટે. એમ. ખરેખર અંતર શુદ્ધ ધ્રુવ સ્વભાવ, જે શુદ્ધભાવ અથવા સમ્યક્ સ્વભાવ જે માથે કહ્યો એમાં એનો પ્રવેશ નથી. પુણ્ય-પાપનો નથી, ભેદોનો એમાં પ્રવેશ નથી, કર્મનો નથી. એવું એ તત્ત્વ છે. એને ભાઈ! તમે દૃષ્ટિ કરો, અનુભવ કરો. એ અનુભવ થવાને લાયક જ આત્મા છે. સમજાય છે કાંઈ? એ કરી શકવાને લાયક એ છે. વિકાર કરવાને ખરેખર લાયક છે જ નહિ. એ તો નવું ઊભું કર્યું. આહાહા..! આવાને અનુભવો કે જેથી તમને આનંદ થાય અને જન્મ-મરણથી મુક્ત થવાય.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૩૮, શ્લોક-૫૬, ગાથા-૪૦ બુધવાર, શ્રાવણ સુદ ૩, તા.૧૩-૦૮-૧૯૮૦

---

'નિયમસાર' ૪૦મી ગાથા પછી કળશ છે. એક કળશમાં આવશે. કોઈનું લખાણ છે કે એ ન વાંચવો. જાણવાની ચીજ છે. એ કળશમાં આવશે. જુઓ! કળશ છે ને?

(**मालिनी**)

**``न हि विदधति बद्धस्पृष्टभावादयोऽमी**
**स्फुटमुपरि तरन्तोऽप्येत्य यत्र प्रतिष्ठाम्।**
**अनुभवतु तमेव द्योतमानं समन्तात्**
**जगदपगतमोहीभूय सम्यक्स्वभावम्।।''**

આ અબદ્ધસ્પૃષ્ટની વાત ચાલતી હતી ને? પછી ૧૪મી ગાથા વાંચવી. કોઈએ કહ્યું હતું કે ૧૪, ૩૮, ૭૩ વાંચવી. આ ૧૪નો સાર આવી ગયો. આ કળશ ૧૪માંનો છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'જગત...'** એટલે કે જગતમાં રહેનારા જીવો. જગત શબ્દ છે. જગતમાં રહેનારા જીવો એમ અર્થ છે. સંસારમાં પણ એમ કહે છે ને કે માણસ આવ્યા હોય તો માળવ દેશ આવ્યો, કાઠિયાવાડ આવ્યું. કાઠિયાવાડ આવે છે? માળવ દેશ આવે છે? ત્યાંના રહેનારા આવે છે. એમ અહીંયા જગત કહેતા જગતમાં રહેનારા જીવોને સંબોધે છે. સમજાણું કાંઈ?

**'મોહરહિત થઈને સર્વ તરફથી પ્રકાશમાન...'** આહાહા..! 'સમયસાર'માં એમ આવ્યું છે કે જ્યાં સુધી અજ્ઞાની (છે) ત્યાં સુધી જૈન હોય તો પણ પુણ્ય-પાપનો કર્તા છે એમ માનવું. અન્યમતિની જેમ ન માનવું. 'સમયસાર'માં એ શ્લોક છે. પુણ્ય અને પાપનો ભાવ, જ્યાં સુધી સ્વરૂપનું ભાન નથી ત્યાં સુધી અજ્ઞાનથી અજ્ઞાની કર્તા થાય છે. કર્મથી વિકાર થાય છે એમ નથી. સમજાણું કાંઈ? પહેલા શ્લોક છે, કે જ્યાં સુધી અરિહંતને માનનારા અન્યમતિ જેમ માને છે કે વિકાર પોતાનો છે જ નહિ અને પોતાથી થયો જ નથી, એમ ન માનો. જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી રાગ-દ્વેષનો કર્તા આત્મા છે. પર્યાયમાં અશુદ્ધતાનો (કર્તા છે). અજ્ઞાની મિથ્યાત્વ જ્યાં સુધી છે... આહાહા..! સ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન આનંદનો અનુભવ નથી, ત્યાં સુધી જૈન લોકો પણ અરિહંતને માનનારા, રાગ-દ્વેષનો કર્તા અશુદ્ધતાની પર્યાય મારી છે, હું કર્તા છું (એમ માનો). ઝીણી વાત છે, ભગવાન! આહાહા..! ભેદજ્ઞાન થયા પછી રાગ-દ્વેષનો કર્તા હું નથી. તો રાગ-દ્વેષનો કર્તા કર્મ છે એમ પણ નથી. રાગ-દ્વેષ થાય છે તો પોતાની પર્યાયમાં પોતાની કમજોરીથી, પણ જ્યારે સ્વરૂપનું જ્ઞાન થયું કે હું જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ પ્રભુ છું, તો એવી દૃષ્ટિમાં રાગ આવે છે તો રાગને જાણનારો રહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ શ્લોક છે. ભેદજ્ઞાન થયા પહેલા અરિહંતને માનનાર રાગ-દ્વેષ, પુણ્ય-પાપનો કર્તા આત્મા છે એમ માનો.

અહીંયા તો વાસ્તવિક દૃષ્ટિનો વિષય જ્યાં બતાવવો છે. ક્રમબદ્ધમાં પણ એ બતાવવું છે–અકર્તા. એ અકર્તા ક્યારે ? કે રાગની એક્તા તૂટીને સમ્યગ્દર્શન થયું ત્યાં સુધી રાગનો કર્તા આત્મા નથી. પણ અજ્ઞાનમાં પણ રાગનો કર્તા આત્મા નથી અને કર્મ રાગનો કર્તા છે એમ પણ નથી. સમજાણું કાંઈ ? ઘડીકમાં કર્તા, ઘડીકમાં અકર્તા. ભગવાનનો સ્યાદ્વાદ માર્ગ છે. પર્યાયમાં પુણ્ય-પાપના મલિન ભાવ થાય છે તો જ્યાં સુધી ભેદજ્ઞાન નથી... એવો 'સમયસાર'માં શ્લોક છે, ત્યાં સુધી અરિહંતને માનનારની પર્યાયનો વિકાર થાય છે શુભ, દયા, દાન, કામ, ક્રોધ. એ પર્યાયનો અપરાધ છે અને હું જ કર્તા છું એમ માનવું. સમજાણું કાંઈ? અને ભેદજ્ઞાન થયા પછી.. આ અભેદજ્ઞાનની વાત છે. આહાહા..!

**'જગત મોહરહિત થઈને..'** એવો શબ્દ પડ્યો છે ને ? એ પુણ્ય-પાપનો ભાવ વિકૃતભાવ છે એ પર્યાયબુદ્ધિમાં હું કર્તા હતો. પણ મારી ચીજ જે છે એ આનંદનો નાથ પ્રભુ છે, એની દૃષ્ટિ થતાં સમ્યગ્જ્ઞાન થયું તો એ રાગનો કર્તા હું નથી, હું મોહરહિત છું. આહાહા..! સમજાણું કાંઈ? **'મોહરહિત થઈને...'** એનો અર્થ કે પહેલા મોહસહિત હતો. સમજાણું કાંઈ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહાહા..! વીતરાગ માર્ગ અલૌકિક છે, ભાઈ! **'મોહરહિત થઈને...'** એનો અર્થ કે પહેલા મોહસહિત હતો. એમ માનતો હતો અને એમ હતો. આહાહા..! બિલકુલ મારામાં રાગ નથી અને અજ્ઞાનભાવમાં રાગનો કર્તા કર્મ છે એમ ન માનો. 'સમયસાર'માં એવો કળશ છે. 'ડાહ્યાભાઈ'! આહાહા..! અત્યાર સુધી આ વાત કરી અને હવે આ વાત! એમ વાત છે, પ્રભુ! સ્વચ્છંદ ન થાય કે અમે તો સમ્યગ્દષ્ટિ છીએ પછી અમારે ગમે તેવા વિકાર હોય, એ તો અમારો નથી, અમે ભોગ કરીએ છીએ એ પણ અમારો નથી, એવો સ્વચ્છંદ ન થઈ જાય. આહાહા..! જ્યાં સુધી, જૈનમાં રહ્યો, જૈન પક્ષમાં આવ્યો, જૈનવાડામાં આવ્યો, જૈનનું સાંભળ્યું, પણ જ્યાં સુધી રાગથી ભિન્ન પોતાની ચીજ જાણવામાં ન આવે ત્યાં સુધી તો જૈન અને અજ્ઞાનભાવથી રાગભાવનો કર્તા હું છું એમ માનો, એમ આચાર્યદેવનો હુકમ છે. આહાહા..! 'ડાહ્યાભાઈ'!

પણ જ્યારે મહોરહિત દૃષ્ટિ થઈ... આહાહા..! કે વિકારનો જે દયા, દાનનો વિકલ્પ એનાથી પણ મારી ચીજ તો ભિન્ન છે. એવી ચીજવાળાને જગતના પ્રાણીને સંબોધન કરતા આચાર્યદેવ કહે છે, કે **'મોહરહિત થઈને સર્વપ્રકારે પ્રકાશમાન...'** એવો ભગવાન અંદર ચૈતન્યમૂર્તિ રાગથી ભિન્ન થઈને, મોહથી રહિત થઈને... આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! પ્રભુનો માર્ગ (આવો છે).

કોઈ એવો પ્રશ્ન કરે કે, ભાઈ! ત્યાગનું શું આમાં? ત્યાગ તો આવતો નથી. એવો પ્રશ્ન 'અજમેર'થી આવ્યો હતો. પ્રભુ! પરનો ત્યાગગ્રહણ તો આત્મામાં છે જ નહિ. આત્માનો સ્વભાવ જ ત્યાગગ્રહણરહિત છે. આહાહા..! એ ૪૭ શક્તિમાં છે. પ્રભુ! પરના ત્યાગ અને પરના ગ્રહણથી તો પ્રભુ શૂન્ય છે. માત્ર અજ્ઞાનભાવે રાગ અને દ્વેષનો હું કર્તા છું એમ ગ્રહણ કર્યું એ અજ્ઞાનભાવે છે. પરના ત્યાગગ્રહણ તો છે જ નહિ. અને મિથ્યાત્વનો ત્યાગ એ પણ નિમિત્તથી કથન છે. પોતાની ચીજ જે મોહરહિત છે... આહાહા..! એમ અનુભવ કરો.

જે પ્રકાશમાન એ સમ્યક્ સ્વભાવનો અનુભવ કરવો જોઈએ. આહાહા..! એ રાગની રુચિ છોડીને, રાગની એક્તાબુદ્ધિ છોડીને મોહરહિત નામ રાગરહિત મારી ચીજ છે, એવી દૃષ્ટિ કરીને, હે જગતના પ્રાણીઓ! સંતો, દિગંબર સંતો પોકાર કરીને, કરુણા કરીને જગતને કહે છે. આહાહા..! આ ભગવાન અંદર ચૈતન્ય પ્રકાશમૂર્તિ, એવો એ સમ્યક્ સ્વભાવનો... સમ્યક્ સ્વભાવ, રાગાદિ, પુણ્યાદિ એનો મૂળ સ્વભાવ નથી, એ તો ઉપાધિ છે. જ્યાં સુધી રાગનો કર્તા થાય છે ત્યાં સુધી તો અજ્ઞાની છે. આહાહા..! પણ અહીંયા તો કહે છે, કે એકવાર પ્રભુ! તું મોહરહિત થઈ જા. આહાહા..! તારી ચીજમાં એ રાગ અને વિકલ્પ છે જ નહિ. ૪૦માં એ કહેવું હતું. એનો સાર અહીં આ કળશમાં કહ્યો. 'સમયસાર'ની ૧૪મી ગાથાનો આધાર આપ્યો કે અનુભવ કરવો જોઈએ. શું?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'જેથી અબદ્ધસ્પૃષ્ટ આદિ ભાવ...'** આહાહા..! શું કહે છે? આ ૧૪મી ગાથાનો સાર છે કે કર્મનો સંબંધ મારામાં છે એનાથી રહિત હું છું. બદ્ધથી રહિત છું. આહાહા..! અને સ્પૃષ્ટ નામ વિસ્રસા પુદ્ગલ જે છે, એના સ્પર્શથી રહિત હું છું. બદ્ધસ્પૃષ્ટ રહિત. આહાહા..! અને અનન્ય. નરકગતિ, મનુષ્યગતિ, દેવગતિ આદિ હું નહિ. એ અન્ય અન્ય છે. હું અનન્ય છું. એ ચાર ગતિથી ભિન્ન હું અનન્ય છું. આહાહા..! અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયદં. પર્યાયમાં અનેક પ્રકારની હિનાધિકતાની દશા ઉત્પન્ન થાય છે એ અનિયત છે. હું તો નિયત છું. આહાહા..! હું તો નિશ્ચયસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદમાં કોઈ વધઘટ થતી નથી. અને પર્યાય આવે છે અને જાય છે એ મારી ચીજમાં નથી. આહાહા..! આવી વાત છે. છે?

જેમાં બદ્ધસ્પૃષ્ટ. બદ્ધસ્પૃષ્ટ તો નથી, અનેરી-અનેરી ગતિ એ પણ હું નહિ અને અનિયત નામ પર્યાયમાં હિનાધિકતા થાય છે એ પણ હું નથી અને દર્શન-જ્ઞાન અને ચારિત્ર જે વિશેષ દેખાય છે એ વિશેષ પણ હું નથી. હું તો સામાન્ય એકરૂપ ચૈતન્ય છું. આહાહા..! ૪૦ ગાથામાં એ કહેવું છે. એનો સાર આ છે. આહાહા..! સમજાણું કાંઈ? હું અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય અને અનિયત... આહાહા..! એ નહિ નિયત છું. નિશ્ચય મારી વસ્તુ એકરૂપ છે. અને અવિશેષ–હું અવિશેષ છું. વિશેષ નથી. શું? દર્શન-જ્ઞાન અને ચારિત્ર એવા ભેદ પણ મારી ચીજમાં નથી. આહાહા..! હું તો વિશેષરહિત સામાન્ય છું. રાગરહિત તો છું પણ વિશેષરહિત હું છું. આહાહા..! પ્રભુ! મારગડા જુદા, ભાઈ! આ દુનિયામાં પૈસામાં ઘૂસી જાય અને મજા માને. .... નથી સૂઝતું. 'બેંગલોર' બે કરોડ રૂપિયા. ધૂળ-ધૂળ. આહાહા..!

મુમુક્ષુ :– ચાર ખૂણામાં...

ઉત્તર :– ચાર ખૂણામાં આ કહી શકે, બહાર નહિ. આહાહા..!

અહીં તો પરમાત્મા જિનેશ્વરદેવે કહ્યું એમ દિગંબર સંતો આડતિયા થઈને જગતને ભગવાનનો માલ બતાવે છે. પસંદ પડે તો લ્યો, ન પસંદ પડે તો તમારી મરજી. આહાહા..! કહે છે કે હું વિશેષ પણ નથી. રાગનો સંબંધ તો નથી, કર્મનો સંબંધ તો નથી... આહાહા..! આ અબદ્ધસ્પૃષ્ટમાં આવે છે. આ વ્યાખ્યા બદ્ધસ્પૃષ્ટની છે. છે?

**'બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો ઉત્પન્ન થઈને સ્પષ્ટપણે ઉપર તરતા હોવા છતાં...'** આહાહા..! એ વિશેષભાવ અને કર્મનો સંબંધભાવ અને અસંયુક્ત. રાગથી સંયુક્ત–સહિત નથી. રાગથી સંયુક્તપણું (નથી). એ રાગ, દયા, દાન, વ્રતાદિનો વિકલ્પ ઉપર તરે છે. મારી ચીજમાં એનો પ્રવેશ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ પાંચ ભાવ આવ્યા. બદ્ધસ્પૃષ્ટ રહિત, અનન્ય નામ ગતિ અનેરી અનેરી થાય એનાથી રહિત અને પર્યાયમાં અનેકતા-વિવિધતા ઓછી-વત્તી થાય છે એ પણ નહિ. અને વિશેષ દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદ પણ હું નથી. અને અસંયુક્ત રાગથી સંયુક્ત પણ નથી. આહાહા..! એવા આ પાંચ **'બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો ઉત્પન્ન થઈને સ્પષ્ટપણે ઉપર તરતા હોવા છતાં...'** આહાહા..! આ માર્ગ. ૪૦મી ગાથામાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates


આ કેમ નાખ્યું? સમજાણું કાંઈ? એ ઉપર તરે છે, મારી ચીજમાં નથી.

જેમ પાણી છે ને પાણી? મણ, બે મણ પાણી, એમાં તેલ તેલ (નાખો) તો તેલ અંદર પ્રવેશ કરતું નથી. તેલની ચિકાશ. તેલ સમજો છો ને? એ ચિકાશ ઉપર રહે છે. અંદર પ્રવેશ નથી કરતી. જળનું દળ છે–પાણીનું દળ છે... આહાહા..! એમાં તેલના બિંદુ ઉપર તરે છે, અંતરમાં પ્રવેશ નથી કરતા.

એમ અહીંયા કહે છે, કે હે જગતના જીવો! પ્રભુ! તારો સ્વભાવ અંદર એવો છે. એ બદ્ધસ્પૃષ્ટ રાગાદિ ભાવ ઉપર તરે છે, અંદર દ્રવ્યમાં પ્રવેશ નથી કરતા. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! કહો, હવે આવી વાત! હજી તો આ શુદ્ધનયના વિષયની વાત છે. ૧૪મી ગાથામાં શુદ્ધનયના વિષયની અર્થાત્ સમ્યગ્દર્શનની વાત છે. ૧૫મી ગાથામાં સમ્યગ્જ્ઞાનની વાત છે. અહીંયા સમ્યગ્દર્શનની વાત છે. છતાં સમ્યગ્દર્શનમાં પણ શુદ્ધનયનો એ વિષય લીધો છે. નય તો જ્ઞાન છે. એ શુદ્ધનય જે પવિત્ર દૃષ્ટિ પર્યાય, એનો એ વિષય છે. આહાહા..! હળવે હળવે હવે તો ભણવું પડશે ને એને? આહાહા..! બાપુ! ક્યાંથી આવ્યા છે? જુઓ ક્યાં ક્યાંથી આવ્યા છે? પોતાની સગવડતા છોડીને. ત્યાંના જેવી સગવડતા અહીં નથી મળતી. પણ શું ચીજ છે, પ્રભુ! આહાહા..!

અહીં તો કહે છે, કે એક રાગ-દ્વેષ, કર્મ, પર્યાયની અનેકતા, ગતિની અનેકતા, ભેદનો વિશેષભાવ અને રાગભાવ એ આત્મ દ્રવ્યની ઉપર તરે છે, દ્રવ્યમાં પ્રવેશ નથી કરતા. આહાહા..! આ ૧૪મી ગાથા. છે નયનો અધિકાર પણ એ દર્શનનો અધિકાર છે. ૧૫મી ગાથામાં જ્ઞાનનો અધિકાર છે. કે બદ્ધસ્પૃષ્ટ રહિત પોતાના આત્માને અનુભવે એ આખા જૈનશાસનનો અનુભવ થયો. જૈનશાસનમાં એ કહેવું છે. '**अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं**' જેણે ભગવાનઆત્મામાં... આહાહા..! વિશેષ અને રાગ-દ્વેષથી રહિત ભિન્ન આત્મા જોયો અને અનુભવ થયો એ '**अपदेससंतमज्झं**' સિદ્ધાંતમાં પણ એમ કહ્યું છે અને અનુભવ એ જૈનશાસન છે. એ જોનારે આખું જૈનશાસન જોયું. આહાહા..!

આ ગાથાના અર્થમાં... ગાથા છે ને? એનો કળશ છે. એના અર્થમાં અને ભાવાર્થમાં તો એમ લીધું છે. ભાઈ! આ અબદ્ધસ્પૃષ્ટ એમ કહ્યું, પણ પર્યાયમાં મલિનતા છે, પર્યાયમાં રાગ છે, એવું જ્ઞાન લક્ષમાં રાખીને અબદ્ધસ્પૃષ્ટની દૃષ્ટિ કરવી. ટીકામાં છે. 'સમયસાર'ની ૧૪ મી ગાથામાં 'જયચંદ્ર પંડિતે' આ ટીકાનો અર્થ લખ્યો છે. આહાહા..! પર્યાયમાં રાગ-દ્વેષ છે, એમ જ્ઞાનમાં લક્ષમાં રાખવું. બિલકુલ જ્ઞાનનું લક્ષ છોડી દે તો એકાંત થઈ જાય. એ જ્ઞાનમાં લક્ષમાં રાખીને એનાથી રહિત હું ચૈતન્ય છું, એમ દૃષ્ટિનો વિષય બનાવી લે, તારા ભવનો અંત થઈ જશે. આહાહા..! આ નરક અને નિગોદ, ભાઈ! આહાહા..!

'વાદીરાજ' તો કહે છે, 'વાદીરાજ'નું બનાવેલ 'વિષપહાર સ્તોત્ર' છે ને? સ્તુતિ. એ સ્તુતિમાં કહે છે, કે હે નાથ! હું ગયા કાળના દુઃખ યાદ કરું છું તો મને આયુધના ઘા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વાગતા હોય એવું લાગે છે, મુનિ કહે છે. મારી પૂર્વની નરક અને નિગોદની પર્યાયમાં દુઃખ (ભોગવ્યા), એ દુઃખને હું યાદ કરું છું. મુનિરાજ કહે છે. 'વિષપહાર'માં ભગવાનની સ્તુતિ કરે છે. હે નાથ! તમે કહ્યું એમ શરણ કર્યું નહિ અને અમે દુઃખી થયા. એવા દુઃખી કે એ દુઃખની સ્મૃતિ જ્યાં કરીએ છીએ, નરક અને નિગોદના દુઃખ... આહાહા..! અંતર્મૂહુર્તનું દુઃખ. કરોડ ભવે અને કરોડ જીભે ન કહી શકે, પ્રભુ! એવી દુઃખદશા છે. તું ભૂલી ગયો. ભૂલી ગયો છે માટે નથી એમ કેમ કહેવાય? સમજાણું કાંઈ?

પોતાના જીવનમાં પહેલા બાર માસમાં જન્મ્યા પછી શું થયું ? માતાએ શું કર્યું એ ખબર છે? જંગલ જતી વખતે તો માતાએ પગ લાંબા કરીને પગ ઉપર બેસાડીને જંગલ કરાવ્યું છે. બાળક છે એને હવે જંગલ ક્યાં લાવવા. તો પગ લાંબા કરીને બે પગ વચ્ચે બાળકને બેસાડે. જોયું છે કે નહિ? આહાહા..! એ મા છે. એના જંગલ જવાની તૈયારી થઈ ગઈ. અહીં બેઠો હતો તો થોડો બગડ્યો. હવે એને જંગલ કેમ કરાવે? ત્યાં ચૂલામાં બેસાડે? બહાર બેસાડે? ક્યાં બેસાડે? તો માતા પગ લાંબા કરીને પગ ઉપર બેસાડે. પગ વચ્ચે ખાલી હોય ત્યાં જંગલ જાય. આહાહા..! પંડિતજી! આ તો બધું જોયું છે ને. માતાએ એવું કર્યું છે. પ્રભુ! તને યાદ નથી. યાદ નથી માટે નથી એમ કેમ કહે? આહાહા..!

એમ અનંતભવમાં કેટલા દુઃખ ભોગવ્યા? એ દુઃખ તને યાદ નથી માટે દુઃખ નહોતું એમ કોણ કહે? 'કપૂરચંદજી'! એવી વાતું છે. એવી વાતું છે એ ગુજરાતી ભાષા. ઐસી બાત હૈ, એ હિન્દી ભાષા.

**'બદ્ધસ્પૃષ્ટઆદિ ભાવો...'** ભાવ તો કહ્યું. કોઈ અભાવ શૂન્ય છે એમ નથી. રાગાદિ, વિશેષાદિ, બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવ તો છે. આહાહા..! પણ એ સ્પષ્ટરૂપે.. આહાહા..! ભગવાન ચૈતન્યપ્રકાશની મૂર્તિ, એના સ્પષ્ટરૂપથી અર્થાત્ પ્રત્યક્ષરૂપથી... આહાહા..! જ્યાં એ જ્ઞાન અને આનંદનો સમ્યગ્દર્શનમાં પ્રતીતિ અનુભવ થયો... આહાહા..! એ અનુભવ થઈને પ્રતીતિ થઈ, તો એમાં સ્પષ્ટપણે **'ઉપર તરતા હોવા છતાં...'** આહાહા..! પોતાની ચીજમાં **'ઉપર તરતા હોવા છતાં..'** પ્રત્યક્ષ આત્માને તરતો જોયો. આહાહા..! સમજાણું કાંઈ? પ્રભુ! આ તો ધર્મકથા છે. આ ત્રણલોકના નાથની કથા છે. આ કોઈ વાર્તા નથી. બાળપણમાં વાર્તા આવતી ને, ચકલી લાવી ચોખાનો દાણો, ચકલો લાવ્યો મગનો દાણો અને પછી બનાવી ખીચડી. એ બાળપણમાં વાર્તા આવતી. એ ખીચડી કુંભારને આપી, કુંભારે ઘડો દીધો, ઘડામાં ખજૂર દીધો. આહાહા..! એવી વાત નથી, પ્રભુ! આ તો સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માની વાત છે. આહાહા..!

કહે છે, કે **'બદ્ધસ્પૃષ્ટત્વ આદિ...'** એટલે એ પાંચ ભાવ. **'સ્પષ્ટપણે ઉપર તરતા હોવા છતાં...'** આહાહા..! એ દયા, દાન, વ્રતના વિકલ્પ પણ ઉપર તરે છે. આહાહા..! બહારની ચીજ તો અંતરમાં છે જ નહિ, તેના ત્યાગગ્રહણ તો છે જ નહિ, પણ રાગાદિ ભાવ ઉપર

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તરે છે. આહાહા..! તો દ્રવ્ય ઉપર જ્યાં દૃષ્ટિ થાય છે તો દૃષ્ટિમાં તેનો તો અભાવ થઈ જાય છે. દૃષ્ટિમાં તેનો અભાવ થઈ જાય છે. પર્યાયમાં ભલે હોય. એ જ્ઞાન કરવામાં રહે. પણ બદ્ધસ્પૃષ્ટ, અન્ય અન્ય આદિ ભાવ જે છે, એનાથી રહિત જે ભગવાનને જોયો અને આત્માનો અનુભવ થયો, ચૈતન્યનો, આનંદનો સ્વાદ આવ્યો, તો સ્પષ્ટરૂપથી પ્રત્યક્ષ જ્ઞાનથી આત્માને જોયો અને આનંદનો પણ પ્રત્યક્ષરૂપે સ્વાદ આવ્યો. આહાહા..!

**'ઉપર તરતા હોવા છતાં ખરેખર સ્થિતિ પામતા નથી.'** પર્યાયમાં ઉપર રહેવા છતાં તેને દ્રવ્યમાં આધાર મળતો નથી, પ્રતિષ્ઠા મળતી નથી. આહાહા..! 'ધન્નાલાલજી'! શું કહે છે? દર્શન-જ્ઞાન અને ચારિત્ર એવા ભેદ ઉપર તરે છે એ વિશેષને આ દ્રવ્યમાં આધાર મળતો નથી. આહાહા..! આ ૪૦મી ગાથાનો સાર છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– દૃષ્ટાંત તો બરાબર બેસી જાય છે.

ઉત્તર :– દૃષ્ટાંત દૃષ્ટાંતના કારણે છે કે દૃષ્ટાંત સિદ્ધાંતના કારણે છે? આહાહા..! પહેલા અમારે પટારા હતા. પટારા સમજો છો? ઘરમાં માલ રાખવાના પટારા. પટારાને શું કહે છે? મોટી પેટી. પહેલા પટારા રાખતા ને. લગનમાં પણ આપતા. તો પટારા ઉપર ગેલેરી હોય એમાં થાળી હોય. ઉપર અભેરાઈ ભરી હોય. તો બાળકને ઉપર બેસાડે. નીચે તો આદમી અને બાઈ ન ચડે એટલે બાળકને ઉપર બેસાડે. બાળકને ઉપર બેસાડે તો બાળકને ત્યાં બેસવા માટે બેસાડે છે કે બાળકને લાંબા હાથ કરીને થાળી લેવા માટે બેસાડે? થાળી સમજો છો? ઉપર વાસણ રાખે છે ને? પટારા હોય છે એની ઉપર વાસણ રાખે છે. અમારા ઘરમાં એ બધું હતું માટે જોયેલું છે. અહીં તો બીજું કહેવું છે. કે મહેમાન આવ્યા હોય અને પાંચ-દસ થાળી જોઈતી હોય, ઘરમાં દસ માણસ હોય તો દસ થાળી નીચે હોય. બીજા દસ મહેમાન આવે તો બીજી દસ થાળી ઉપરથી ઉતારવા માટે બાળકને પટારા ઉપર ચડાવે. બાળકને કહે, અહીં ચડી જા. તો બાળકને ત્યાં બેસવા માટે કહ્યું છે? ચડીને તે થાળી ઉતારી લે. એમ દૃષ્ટાંતને દૃષ્ટાંત સુધી રાખવું છે? દૃષ્ટાંતને સિદ્ધાંત તરફ લઈ જવું છે. આહાહા..! અમે તો આખા સંસારનો અનુભવ...

નાટકમાં જતા એ કહ્યું ને. તો નાટકમાં જાતા હતા તો અમે એનું કાંઈ સાંભળતા નહોતા. જે તમારે બોલવાનું છે એ ચોપડી લાવો. તમે શું બોલો છે એ સમજ્યા વગર અમે નહિ બેસીએ. બાર આનાની ચોપડી. ટીકીટ બાર આનાની, ચોપડી બાર આનાની. અમે તો બધું જોયેલું છે. ઘરની દુકાન હતી તો માલ લેવા જતા હતા. નાની ઉંમરની વાત છે. ૧૮-૧૯ વર્ષની વાત છે. ૭૦ વર્ષ પહેલાની વાત છે. આહાહા..! તમે શું બોલો છો એ તમે ધીમે ધીમે બોલો. હજારો માણસ છે. અમને ખ્યાલ તો આવવો જોઈએ કે શું બોલે છે. આહાહા..!

નાટકમાં પહેલા નારદ આવે છે. નારદ આવે છે. નાટકના પુસ્તકમાં એમ લખ્યું છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



'બ્રહ્મા સૂત છું. બ્રહ્મા સૂત નારદ કહાઉ, જ્યાં જાઉં ત્યાં કલહ કરાવું.' બ્રહ્મા સૂત હું, નારદ કહાઉં, જ્યાં ક્લેશ ન હોય ત્યાં ક્લેશ કરાવું. રામ! મોક્ષ પધારનારા 'રામચંદ્રજી' મહાપુરુષ. એની પણ તેના દીકરા સાથે લડાઈ થઈ. લવ અને કુશ. લવ અને કુશ ત્યાં જન્મ્યા નહોતા. સીતાજીને લઈ ગયા હતા. તેનો જન્મ બીજી જગ્યાએ થયો હતો. તો છોકરાને લોકોએ કહ્યું કે આ તારા પિતાજી છે. પણ પહેલા મારાથી જીતે છે કે નહિ? પિતાજી મારાથી જીતે છે કે નહિ? પહેલા હું લડાઈ કરીશ. એ નારદે કહ્યું. અમે બધું નાટકમાં જોયું છે. ત્યારે નિવૃત્તિ હતી ને. આહાહા..!

પછી લવ-કુશ સાથે લડાઈ કરતા... કરતા.. કરતા... રામચંદ્રજી સાથે એટલી લડાઈ થઈ તો પહેલા લવ-કુશને ખબર નહિ કે આ મારા પિતા છે. પછી 'રામચંદ્રજી-લક્ષ્મણજી'નો હારવાનો વખત આવ્યો. અરે..! કોણ આ બીજો વાસુદેવ પાક્યો? લક્ષ્મણ કહે, હું વાસુદેવ છું. રામચંદ્રજી મહાપુરુષ બળદેવ છે. આ કોણ પાક્યા છે કે અમને પણ હરાવે છે? પછી નારદ વચમાં પડી ગયા. નારદ કહે, એ તમારા દીકરા છે હેં? તમે એના પિતા છો. તો એ છોકરાઓ હથિયાર છોડીને પિતાજીના પગમાં પડી ગયા. પિતાજી! મને ખબર નહિ. તમે મારા પિતાજી છે. અમે તો વનમાં જન્મ્યા. અમને ખબર નથી. પિતાજી! આ લડાઈ નારદે કરાવી. અને નારદે છેલ્લે લડાઈમાં થયા. રામચંદ્રજી હારી ગયા.

રામચંદ્રજી મહાપુરુષ. પુરુષોત્તમ પુરુષ, છેલ્લું શરીર, મોક્ષ જનારા છે. આહાહા..! વાસુદેવ લક્ષ્મણ તો નરકમાં જવાના છે. એને પણ એમ થયું કે કોણ છે આ? મારી હાર થઈ અને એની જીત! આ વાસુદેવ છે કે કોણ છે આ? નારદ વચ્ચે આવ્યા અને કહ્યું આ તમારા પુત્રો છે. આ સિતાજીના દીકરા છે. તમારા ગામમાં આવતા પહેલા આવી પરીક્ષા કરીને આવશે. તો ત્યાં એવું લખ્યું હતું. લડાઈ કરવી, આમ કરવું, તેમ કરવું.

અહીં તો કહે, પ્રભુ! એકવાર.. 'સમયસાર' નાટક છે કે નહિ? 'સમયસાર'ને નાટકનું રૂપ દીધું છે. આહાહા..! જ્યાં અંતરમાં આનંદનો વેષ લઈને પરમાત્મા પ્રવેશ કરે છે... આહાહા..! મોક્ષ પણ એક વેષ છે. મોક્ષ એનું કાયમી સ્વરૂપ નથી. ભેખ છે. પર્યાય છે ને? સંવર-નિર્જરા પણ એક ભેખ છે. કાયમની ચીજ નથી. આહાહા..! દૃષ્ટિનો જે વિષય છે, એમાં સ્પષ્ટપણે ઉપર ભિન્ન તરે છે, એ દૃષ્ટિના વિષયમાં તો એ ઉપર તરે છે, અંતરમાં નથી. આહાહા..! એવી દૃષ્ટિ થતાં રાગાદિ દેખાય છે પણ એ મારા નથી. જાણવામાં આવે છે. મારા જ્ઞાનનું જ્ઞેય પર તરીકે જ્ઞેય છે. સ્વ તરીકે જ્ઞેય તો હું જ્ઞાતા છું, એ સ્વ તરીકે મારું જ્ઞેય છે. આહાહા..! સમજાણું કાંઈ? એ આ ગાથામાં કહ્યું છે. જુઓ!

**'ઉપર તરતા હોવા છતાં ખરેખર સ્થિતિ પામતા નથી.'** દ્રવ્યમાં પ્રવેશ નથી પામતા. આહાહા..! છે? કળશ છે કે નહિ? શેઠ! શેઠને મળ્યું? આ તો ક્યાંય જુદી જાતની વાત છે, પ્રભુ! એ શ્લોક. **'ખરેખર સ્થિતિ...'** સ્થિતિ નામ પ્રતિષ્ઠા. સમજાણું કાંઈ? **'तरन्तोऽप्येत्य**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**यत्र प्रतिष्ठाम्।'** પાઠ છે. કળશના બીજા પદનો છેલ્લો શબ્દ. પ્રતિષ્ઠા નથી મળતી. એ **'ઉપર તરતા હોવા છતાં ખરેખર દ્રવ્યમાં સ્થિતિ પામતા નથી.'** અંદરમાં પ્રવેશ નથી કરી શકતા. આહાહા..! પર્યાયમાત્ર દ્રવ્યથી ઉપર તરે છે. આહાહા..! તો રાગાદિની વાત શું અને સ્ત્રી, કુટુંબ, પરિવાર મારા એ ક્યાંય રહી ગયા. પ્રભુ! આહાહા..! દ્રવ્યમાં પર્યાય પ્રવેશ કરતી નથી, પર્યાય ઉપર તરે છે. આહાહા..! સમજાણું કાંઈ? ભાષા તો સાદી છે, પ્રભુ!

મુમુક્ષુ :– ભાવ ગંભીર છે.

ઉત્તર :– ભાવ ગંભીર છે. આહાહા..! એ ગાથા.

**'વળી (૪૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે) :–'**

## શ્લોક–૫૬

(अनुष्टुभ्)

**नित्यशुद्धचिदानन्दसंपदामाकरं परम्।**
**विपदामिदमेवोच्चैरपदं चेतये पदम्।।५६।।**

**[શ્લોકાર્થ :–] જે નિત્ય-શુદ્ધ ચિદાનંદરૂપી સંપદાઓની ઉત્કૃષ્ટ ખાણ છે અને જે વિપદાઓનું અત્યંતપણે અપદ છે (અર્થાત્ જ્યાં વિપદા બિલકુલ નથી) એવા આ જ પદને હું અનુભવું છું. ૫૬.**

## શ્લોક–૫૬ ઉપર પ્રવચન

હવે પોતે ટીકાકાર બે શ્લોક કહે છે.

**नित्यशुद्धचिदानन्दसंपदामाकरं परम्।**
**विपदामिदमेवोच्चैरपदं चेतये पदम्।।५६।।**

**'જે નિત્ય-શુદ્ધ ચિદાનંદરૂપી સંપદાઓની ઉત્કૃષ્ટ ખાણ છે...'** આહાહા..! ભગવાનઆત્મા નિત્ય ધ્રુવ શુદ્ધ પવિત્ર જ્ઞાનાનંદ ચિદાનંદ જ્ઞાનરૂપી સંપદા. આ સંપદા. આ ધૂળની સંપદા એ તો વિપદા છે. આહાહા..! કહો. **'ચિદાનંદરૂપી સંપદાઓની ઉત્કૃષ્ટ ખાણ છે...'** ખાણ. આહાહા..! ભગવાનઆત્મા અંદરમાં નિત્ય અને શુદ્ધ એવા ચિદાનંદ–જ્ઞાન અને આનંદ બે મુખ્ય લેવાના છે. જ્ઞાનાનંદરૂપી **'સંપદાઓની ઉત્કૃષ્ટ ખાણ છે...'** ખાણમાંથી જેટલું કાઢો એટલું નીકળશે એ ખાલી નહિ થાય. આહાહા..!

ભગવાનઆત્મા સમ્યગ્દર્શનનો વિષય સમ્યક્ શુદ્ધનયનો વિષય એ જ આદરણીય છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ આદરણીય ચીજ છે કેવી? એ નિત્ય રહેનારી ચીજ છે. નિત્ય તો પરમાણુ પણ રહે છે. પણ શુદ્ધ છે. આહાહા..! ભગવાનઆત્મા નિત્ય શુદ્ધ છે. પવિત્રતાનો પિંડ પ્રભુ અંદર છે. '**નિત્ય-શુદ્ધ ચિદાનંદરૂપી સંપદા...**' જ્ઞાનાનંદરૂપી પોતાની સંપદા, એની '**ઉત્કૃષ્ટ ખાણ છે.**' આહાહા..!

તથા '**વિપદાઓનું અત્યંતપણે અપદ છે...**' રાગાદિ પર્યાય એ અપદ છે, એ વિપદા છે. આહાહા..! રાગ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ એ વિપદાનું સ્થાન '**અત્યંતપણે અપદ છે...**' આહાહા..! ભગવાન નિત્યાનંદ ઉત્કૃષ્ટ ચિદાનંદરૂપી ગુણની ખાણ છે, તો પુણ્ય અને પાપ છે એ '**વિપદાઓનું અત્યંતપણે અપદ છે...**' એ તો વિપદારૂપે અપદ છે, પોતાનું પદ નથી. આહાહા..! આવી વાત! પછી લોકો તો કહે ને? 'સોનગઢ'વાળા એકાંત છે.. એકાંત છે. અરે..! ભાઈ! બાપા! ભાઈ! તારી ચીજની મહત્તાની ખબર નથી. તો તને વ્યવહાર દયા, દાનની મહત્તા આવે છે. જેની મહત્તા છોડવાની છે એની મહત્તા આવે છે અને જેની મહત્તા કરવાની છે એની મહત્તા આવતી નથી. આહાહા..!

જેનો અંદરમાં પ્રવેશ નથી એવા દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ. તેને તો અહીં '**વિપદાઓનું અત્યંતપણે અપદ છે...**' (એમ કહે છે). એ તારું સ્થાન નથી, પ્રભુ! તારું ધામ નથી. એ તારું ધામ નથી, ચૈતન્યનું એ ધામ નથી. એ રાગની આપદાઓનું ધામ છે. આહાહા..! આવી વાત સાંભળતા માણસને એકાંત લાગે. પ્રભુ! આ સમ્યક્ એકાંતની વાત છે. સમ્યગ્દર્શન આ રીતે પ્રાપ્ત થાય છે. જ્યારે હું ચિદાનંરૂપી નિત્ય શુદ્ધની ખાણ છું. મારી ચીજમાં રાગનો પ્રવેશ નથી. ઓહોહો..! રાગ પણ મારી વસ્તુથી ઉપર તરે છે. આહાહા..! છે ખરા. રાગાદિ છે ખરા, પણ ઉપર તરે છે, અંદરમાં પ્રવેશ નથી કરતા. આહાહા..! આ ઓજલ હોય છે ને? ઓજલ. ઓજલ કહે છે ને? રાણી. પડદા હોય. પડદાની ઓજલમાં રાણી કેવા હશે એમ લાગે.

એકવાર અમે 'વડિયા' ગયા હતા. 'જુનાગઢ' પાસે 'વડિયા' ગામ છે. 'રામજીભાઈ' હતા, 'આણંદભાઈ' હતા બધા ઘણાં હતા. રાજા પોતે વ્યાખ્યાનમાં આવ્યા. દરબાર. તો એણે કહ્યું, મહારાજ! અમારા ઘરે રાણીને દર્શન કરવા છે. લોકોને એમ કે રાણી કેવા હશે! ઓહોહો..! પડદામાં રહે ને? બહાર રહે નહિ. મહારાજ! અમારે રસોડે બ્રાહ્મણનું રસોડું છે. નિર્દોષ આહાર (લ્યો). અમારું રસોડું જુદું (કર્યું). બ્રાહ્મણના રસોડે પધારો અને અમારા રાણીને દર્શન દ્યો. તો લોકોને એમ કે રાણી કેવા હશે. જ્યાં અંદર ગયા. આમ મોઢું જાડું અને લોહી નહિ. .... રાણી કેવી હશે જાણે? આ એવું નથી. રાગથી રહિત ભગવાન પડદામાં બિરાજે છે એ એવો નથી. આહાહા..! સમજાણું કાંઈ? શું કહ્યું?

એ 'વડિયા' છે 'જુનાગઢ' પાસે. 'વડિયા' દરબાર છે. ત્યાં અમે ગયા હતા. તો લોકો તો બધા આવે. દરબાર પણ વ્યાખ્યાનમાં આવતા. અને એ દરબાર એટલા હોશિયાર હતા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કે બીજા દરબારો રાજ્ય કેમ ચલાવવું એ શીખવા આવતા. એ દરબાર એવા હતા. ભૂલી ગયા નામ. (સંવત) ૧૯૯૫ની સાલમાં. ૧૯૯૫માં 'રાજકોટ' ચોમાસુ હતું ને? ૧૯૯૬ની સાલમાં. ૧૯૯૬ની સાલમાં ત્યાં ગયા હતા. 'જૂનાગઢ' દર્શન કરવા ગયા હતા પછી વળતા ત્યાં ઉતર્યા હતા. તો એ રાજા એવો હતો કે તેની પાસે આજુબાજુના રાજકુમારો શીખવા આવતા. વ્યાખ્યાનમાં બધા આવ્યા. એ રાજકુમારો આવ્યા હતા એ બધા આવ્યા હતા. ૧૯૯૬ની સાલની વાત છે. કેટલા વર્ષ થયા? ૩૯ વર્ષ. અંદર જ્યાં ગયા તો રાણીમાં કાંઈ ઠેકાણા નહિ. અર..ર..! દુનિયાને એમ કે રાણી કેવા હશે?

અહીંયા કહે છે, કે રાગથી રહિત, પડદાથી રહિત ભગવાન અંદર કેવો છે એ તો અલૌકિક વાત છે. રાગનો પડદો તોડીને અંદરમાં જાવું. આહાહા..! એ બાદશાહ, ચૈતન્યબાદશાહના તને દર્શન થશે. આહાહા..! એવી સંપદા ક્યાંય નથી, એવી સંપદાની ખાણ તું છો પ્રભુ! એની મહિમા ન આવે અને બહારની મહિમા આવે! મિથ્યાદષ્ટિ છો. એ દયા, દાન, વ્રત અને ભક્તિના પરિણામની મહિમા આવે છે એ મહિમા મિથ્યાદષ્ટિ છે. પોતાની ચીજની મહિમાની ખબર નથી અને આ પરની ચીજની મહિમા! આહાહા..!

એ અહીંયા કહે છે, **'એ વિપદાઓનું અત્યંતપણે અપદ છે...'** જુઓ! અત્યંતપણે. સાધારણ નહિ. એ પદ પણ નહિ. પોતાનું પદ જ નહિ, પોતાનું સ્વરૂપ જ નથી. આહાહા..! **'(અર્થાત્ જ્યાં વિપદા બિલકુલ નથી) એવા આ જ પદને હું અનુભવું છું.'** આહાહા..! એ આત્મા ભગવાન ત્રિલોકનાથ, રાગનો પડદો તોડીને હું અંદરમાં જાઉં છું તો મને મારો અનુભવ થાય છે. એ ચીજ છે, એ સમ્યગ્દષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ? બાકી માની લે કે અમે જૈનમાં જન્મ્યા એટલે સમકિતી છીએ, નવતત્ત્વ અને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા છે, એ કાંઈ નથી, ભાઈ! આહાહા..!

**'આ જ પદને હું અનુભવું છું.'** કેવા? આહાહા..! કે **'નિત્ય-શુદ્ધ ચિદાનંદરૂપી સંપદાઓની ઉત્કૃષ્ટ ખાણ છે...' 'આ જ પદને હું અનુભવું છું.'** રાગને નહિ, રાગ નહિ. એ તો પર છે. આહાહા..! ત્રીજો શ્લોક. ૫૭ છે ને?

## શ્લોક–૫૭

(वसन्ततिलका)

**यः सर्वकर्मविषभूरुहसंभवानि**
**मुक्त्वा फलानि निजरूपविलक्षणानि।**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



मुंक्तेऽधुना सहजचिन्मयमात्मतत्त्वं
प्राप्नोति मुक्तिमचिरादिति संशयः कः।।५७।।

**[શ્લોકાર્થ :–] (અશુભ તેમ જ શુભ) સર્વ કર્મરૂપી વિષવૃક્ષોથી ઉત્પન્ન થતાં, નિજરૂપથી વિલક્ષણ એવાં ફળોને છોડીને જે જીવ હમણાં સહજચૈતન્યમય આત્મતત્ત્વને ભોગવે છે, તે જીવ અલ્પકાળમાં મુક્તિને પામે છે–એમાં શો સંશય છે ? ૫૭.**

## શ્લોક–૫૭ ઉપર પ્રવચન

यः सर्वकर्मविषभूरुहसंभवानि
मुक्त्वा फलानि निजरूपविलक्षणानि।
मुंक्तेऽधुना सहजचिन्मयमात्मतत्त्वं
प्राप्नोति मुक्तिमचिरादिति संशयः कः।।५७।।

આહાહા..! **'(અશુભ તેમ જ શુભ) સર્વ કર્મરૂપી વિષવૃક્ષોથી...'** એ તો ઝેરના ઝાડ છે. આહાહા..! શુભકર્મ અને અશુભકર્મ જડ, એ ઝેરના ઝાડ છે. આહાહા..! તીર્થંકર પ્રકૃતિ બાંધી હોય... 'સમયસાર'માં કહ્યું છે, ૧૪૮ પ્રકૃતિ ઝેરનું ઝાડ છે. અમુક પ્રકૃતિમાં તીર્થંકર પ્રકૃતિ પણ આવી ગઈ અને આહારક, અંગોપાંગ... મુનિને આહારક શરીર હોય છે ને? ભગવાનને પ્રશ્ન પૂછવા જાય, એ બધા ઝેરના ઝાડ છે. પ્રકૃતિ ઝેરના ઝાડ છે. ભગવાનઆત્મા અમૃતનું ઝાડ. અમૃતનું ચિંતામણિ મહાવૃક્ષ. આહાહા..! રાગાદિ ભાવ, એની જે પ્રકૃતિ છે... આહાહા..! **'સર્વ કર્મરૂપી...'** એમ લીધું છે ને? સર્વ કર્મમાં કોઈ તીર્થંકરપ્રકૃતિ બાદ રાખી છે એમ નથી. પ્રકૃતિ ભલે પડી હો, પણ એ તો કર્મ જડ છે. આહાહા..! ૧૪૮ પ્રકૃતિ છે એ બધી જડ છે. આહાહા..!

એ **'સર્વ કર્મરૂપી વિષવૃક્ષોથી...'** ઝેરના ઝાડથી. **'ઉત્પન્ન થતાં, નિજરૂપથી વિલક્ષણ...'** મારા સ્વરૂપથી વિલક્ષણ એટલે વિપરીત લક્ષણવાળા. પુણ્ય અને પાપ મારા સ્વરૂપથી વિપરીત લક્ષણવાળા છે. આહાહા..! જુઓ! આ સમ્યગ્દર્શનની ચીજ! એને એ સમ્યગ્દર્શનનું હજી ભાન નથી અને એને ત્યાગ થઈ જાય. ત્યાગ કરો, બાયડી, છોકરાનો ત્યાગ કર્યો, એ બધું મિથ્યાત્વ છે. પરનો ત્યાગ મેં કર્યો એ મિથ્યાત્વભાવ છે. પરના ગ્રહણત્યાગ આત્મામાં છે જ નહિ, એ તો ભિન્ન ચીજ છે. કદી અડ્યો નથી તો ત્યાગ કરવાનું ક્યાં આવ્યું? આહાહા..! ભારે કામ ભાઈ આકરું! દુનિયા બાહ્ય ત્યાગને દેખીને લાગે ત્યાગી છે.. ત્યાગી છે. ધર્મના ત્યાગી છે. એ અંદર આવે છે. 'નિયમસાર'માં ભાઈ આવે છે. 'નિયમસાર'માં આવે છે, ખૂણામાં આવે છે. સ્વધર્મત્યાગ એવો મોહ. આવે છે આ બાજુ આવે છે. એ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



બધું કાંઈ યાદ રહે છે? સ્વધર્મનો ત્યાગ એવો મોહ. ક્યાંક છે ખરું. ૨૫૭? ૨૫૭ પાનું ને? ૨૧૦ કળશ. જુઓ!

**'સ્વધર્મ ત્યાગરૂપ..'** છે? ત્યાગ કર્યો એણે. શું ત્યાગ કર્યું? સ્વધર્મનો ત્યાગ કર્યો. **'સ્વધર્મત્યાગરૂપ (મોહરૂપ)...'** છે? બાહ્યના ત્યાગમાં તો સ્વધર્મનો ત્યાગ–મોહ છે. ગજબ વાત છે, બાપુ! સ્વધર્મ, છે? **'સ્વધર્મત્યાગરૂપ (મોહરૂપ) અતિપ્રબળ તિમિરસમૂહને દૂર કર્યો છે અને જે પેલી અઘસેનાની ધજાને હરી લે છે.'** આહાહા..! મોહની વ્યાખ્યા કરી કે સ્વધર્મના ત્યાગરૂપ મોહ. આહાહા..! હું પરનો ત્યાગ કરું, પરને છોડું એ તો મોહભાવ છે. અરે..! રાગનો ત્યાગ કરવો એ પણ નામમાત્ર આત્મામાં છે. 'સમયસાર'ની ૩૪મી ગાથામાં આવે છે. રાગનો ત્યાગ પણ નામમાત્ર આત્મામાં છે. પરમાર્થે રાગનો ત્યાગ પણ આત્મામાં નથી. કેમ કે આત્મા રાગરૂપ થયો નથી. એવા સ્વભાવની દૃષ્ટિ અને અનુભવ થયો તો રાગનો ત્યાગ એણે કર્યો, એ નામમાત્ર કથન છે. પરમાર્થે રાગનો ત્યાગ પણ આત્મામાં નથી. આહાહા..! લોકો બહારના ત્યાગ, બાયડી-છોકરા છોડે, લુગડા ફેરવી નાખે, એક કપડું ઓઢે, પહેરે ત્યાં થઈ ગયો ત્યાગી.

અહીં એમ કહે છે, જુઓ! આ 'પદ્મપ્રભમલધારીદેવ'નો શ્લોક છે, હોં! મુનિરાજનો શ્લોક છે. આહા..! **'સદા શુદ્ધ-શુદ્ધ એવું આ (પ્રત્યક્ષ) ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વ જગતમાં નિત્ય જયવંત છે–કે જેણે પ્રગટ થયેલા સહજ તેજ-પુંજ વડે સ્વધર્મત્યાગરૂપ (મોહરૂપ) અતિપ્રબળ તિમિરસમૂહને દૂર કર્યો છે...'** આહાહા..! સ્વધર્મનો ત્યાગ એવો જે મોહ, એને દૂર કર્યો છે. ઝીણી વાત છે, ભાઈ! આ તો અનંત અનંતકાળનો અંત લાવીને ભવનો અંત લાવવાની વાત છે. ભવના અંત નહિ થાય તો નરક અને નિગોદ મળશે, બાપા! આહાહા..! અબજોપતિ મરીને પશુમાં જાય. આહાહા..! ખિસકોલી. ખિસકોલીને શું કહે છે? ગિલહરી. એમાં જાય. ઢેઢગરોળી થાય છે, એમાં જન્મે. આહાહા..! બાપુ! અનંતવાર એવા ભવ કર્યા છે, ભાઈ! તારી ચીજની ખબર નથી. અને તિર્યંચગતિમાં જાય છે. કેમ? 'ગોમ્મટસાર'માં લખ્યું છે કે કેમ (તિર્યંચ થાય છે)? કે સ્વરૂપથી એણે વિપરીતતા આડોડાઈ ઘણી કરી. આડોડાઈ એટલે વિપરીતતા ઘણી કરી. તો એ વિપરીતતાના કારણે એનું શરીર પણ તિર્યંચમાં આડું થઈ ગયું. મનુષ્યમાં આમ (સીધું શરીર) થયું તો હાથી, ઘોડા, ખિસકોલીના આડા શરીર છે. શરીર આડું થઈ ગયું. આડોડાઈ બહુ કરી તો આડુ શરીર થઈ ગયું. આત્મામાં તો આડોડાઈ થઈ. આહાહા..! એવી વાત છે, ભાઈ! ક્યો અધિકાર છે? સમાધિ અધિકારમાં એ ગાથા છે.

અહીં એ કહ્યું. **'જે વિપદાઓનું અત્યંતપણે અપદ છે.'** જ્યાં વિપદા બિલકુલ નથી. ભગવાન શુદ્ધ ચિદાનંદમૂર્તિમાં રાગની આપદા બિલકુલ નથી. વિપદા એમાં છે જ નહિ. વિપદા–રાગ એ વિપદા છે, આકુળતા છે, દુઃખ છે. આહાહા..! અંદર આત્મામાં એ બિલકુલ નથી.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહાહા..! **'એવા આ જ પદને હું અનુભવું છું.'** હવે **'(અશુભ તેમ જ શુભ) સર્વ કર્મરૂપી વિષવૃક્ષોથી ઉત્પન્ન થતાં,...'** આહાહા..! શુભ-અશુભ જે કર્મ છે, એ ઝેરના ઝાડથી ઉત્પન્ન થતાં, **'નિજરૂપથી વિલક્ષણ એવાં ફળોને છોડીને...'** વિષવૃક્ષ જે ઝેર પુણ્ય-પાપના પરમાણુ પડ્યા છે, એના કારણથી આ લક્ષ્મી, પૈસા, મકાન કરોડો આદિ મળે, એ વિષવૃક્ષના ફળ છે. ઝેરના ફળ છે. સમજાણું કાંઈ? આહાહા..! આ તો સંતો એમ કહે છે. લોકોને બેસે કે ન બેસે.

કોઈ અબજોપતિ થાય તો કહે છે કે એ તો વિષવૃક્ષના ઝેરના ફળ છે. કહો, 'પોપટભાઈ'! 'પોપટભાઈ'ના સાળા હતા ને. બે અબજ ચાલીસ કરોડ. 'ગોવા'. ગુજરી ગયા. પૈસા છે હજી. બે છોકરા છે. એક છોકરો ખ્રિસ્તીને પરણ્યો છે. પૈસા ઘણાં, બે અબજ ચાલીસ કરોડ. અઢી અબજ. અને એક વર્ષમાં ઘણાં કરોડની પેદાશ. એના સાળા છે. એ તો ગુજરી ગયા. ભાઈ બેઠા છે ને? એના સાળા. એ તો ગુજરી ગયા. એના છોકારા છે. અઢી અબજ પૈસા. ૨૫૦ કરોડ. ધૂળમાં શું છે?

એ કહે છે, એ કર્મરૂપી ઝેરના ફળ છે. એ નિજરૂપથી વિલક્ષણ છે. પોતાના આનંદસ્વરૂપ ભગવાન એનાથી લક્ષ્મી આદિ, સ્ત્રી આદિ અનુકૂળ, છોકરા અનુકૂળ, આબરૂ અનુકૂળ એ ઝેરના ફળ છે. આહાહા..! એની મીઠાશ છૂટે... આહાહા..! ત્યારે પ્રભુની મીઠાશ આવે. બહારની મીઠાશ અંદરથી છૂટે. બિલકુલ ઝેરના ઝાડ, ઝેર-ફળ છે. અબજો રૂપિયા હોય અને દસ-બાર છોકરા હોય. એક-એક છોકરાની પાંચ-પાંચ, દસ-દસ લાખની ઉપજ હોય, બધા ઝેરના ઝાડ છે.

મુમુક્ષુ :– ઝેરના ઝાડ.... કે ઇત્યાદિ માટે?

ઉત્તર :– આ તો બધાને માટે છે. અંદર છે કે નહિ? આહાહા..!

**'વિષવૃક્ષોથી ઉત્પન્ન થતાં, નિજરૂપથી વિલક્ષણ એવાં ફળોને છોડીને જે જીવ હમણાં...'** આ સમયમાં **'સહજચૈતન્યમય આત્મતત્ત્વને ભોગવે છે,...'** રાગને નહિ ભોગવતો, પરને નહિ ભોગવતો અને પોતાને ભોગવે છે **'તે જીવ અલ્પકાળમાં મુક્તિને પામે છે–એમાં શો સંશય છે?'** પોતાના આત્માનો અનુભવ કરે છે એ અલ્પકાળમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરે એમાં સંશય શો છે? (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# ગાથા-૪૧

**णो खइयभावठाणा णो खयउवसमसहावठाणा वा।**
**ओदइयभावठाणा णो उवसमणे सहावठाणा वा।।४१।।**

न क्षायिकभावस्थानानि न क्षयोपशमस्वभावस्थानानि वा।
औदयिकभावस्थानानि नोपशमस्वभावस्थानानि वा।।४१।।

चतुर्णां विभावस्वभावानां स्वरूपकथनद्वारेण पंचमभावस्वरूपाख्यानमेतत्।

कर्मणां क्षये भवः क्षायिकभावः। कर्मणां क्षयोपशमे भवः क्षायोपशमिकभावः। कर्मणामुदये भवः औदयिकभावः। कर्मणामुपशमे भवः औपशमिक भावः। सकलकर्मोपाधिविनिर्मुक्तः परिणामे भवः पारिणामिकभावः। एषु पंचसु तावदौपशमिकभावो द्विविधः, क्षायिकभावश्च नवविधः, क्षायोपशमिकभावोऽष्टादशभेदः, औदयिकभाव एकविंशतिभेदः, पारिणामिकभावस्त्रिभेदः। अथौपशमिकभावस्य उपशमसम्यक्त्वम् उपशमचारित्रम् च। क्षायिकभावस्य क्षायिकसम्यक्त्वं, यथाख्यातचारित्रं, केवलज्ञानं केवलदर्शनं च, अन्तरायकर्मक्षयसमुपजनितदानलाभभोगपभोगवीर्याणि चेति। क्षायोपशमिकभावस्य मतिश्रुतावधिमनःपर्ययज्ञानानि चत्वारि, कुमतिकुश्रुतविभंगभेदादज्ञानानि त्रीणि, चक्षुरचक्षुरवधिदर्शनभेदाद्दर्शनानि त्रीणि, कालकरणोपदेशोपशमप्रायोग्यताभेदाल्लब्धयः पञ्च, वेदकसम्यक्त्वं, वेदकचारित्रं, संयमासंयमपरिणतिश्चेति। औदयिकभावस्य नारकतिर्यङ्मनुष्यदेवभेदाद् गतयश्चतस्त्रः, क्रोधमानमायालोभभेदात् कषायाश्चत्वारः स्त्रीपुंनपुंसकभेदाल्लिङ्गानि त्रीणि, सामान्यसंग्रहनयापेक्षया मिथ्यादर्शनमेकम्, अज्ञानं चैकम्, असंयमता चैका, असिद्धत्वं चैकम्, शुक्लपद्मपीतकापोतनीलकृष्णभेदालेश्याः षट् च भवन्ति। पारिणामिकस्य जीवत्वपारिणामिकः, भव्यत्वपारिणामिकः अभव्यत्वपारिणामिकः, इति त्रिभेदाः। अथायं जीवत्वपारिणामिकभावो भव्याभव्यानां सदृशः, भव्यत्वपारिणामिकभावो भव्यानामेव भवति, अभव्यत्वपारिणामिक-भावोऽभव्यानामेव भवति। इति पंचभावप्रपंच।

पंचानां भावानां मध्ये क्षायिकभावः कार्यसमयसारस्वरूपः स त्रैलोक्यप्रक्षोभहेतुभूत-तीर्थकरत्वोपार्जितसकलविमलकेवलावबोधसनाथतीर्थनाथस्य भगवतः सिद्धस्य वा भवति। औदयिकौपशमिकक्षायोपशमिकभावाः संसारिणामेव भवन्ति, न मुक्तानाम्। पूर्वोक्तभावचतुष्टय-भावरणसंयुक्तत्वात् न मुक्तिकारणम्। त्रिकालनिरूपाधिस्वरूपनिरंजननिजपरमपंचमभावभावनया पंचमगतिं मुमुक्षवो यान्ति गताश्चेति।

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સ્થાનો ન ક્ષાયિકભાવનાં, ક્ષાયોપશમિક તણાં નહીં;
સ્થાનો ન ઉપશમભાવનાં કે ઉદયભાવ તણાં નહીં. ૪૧.

અન્વયાર્થ :– [ व क्षायिकभावस्थानानि ] જીવને ક્ષાયિકભાવનાં સ્થાનો નથી, [ न क्षयोपशमस्वभावस्थानानि वा ] ક્ષયોપશમસ્વભાવનાં સ્થાનો નથી, [ औदयिकभावस्थानानि ] ઔદયિકભાવનાં સ્થાનો નથી [ वा ] કે [ न उपशमस्वभावस्थानानि ] ઉપશમભાવનાં સ્થાનો નથી.

ટીકા :– ચાર વિભાવસ્વભાવોના સ્વરૂપકથન દ્વારા પંચમભાવના સ્વરૂપનું આ કથન છે.

*કર્મોના ક્ષયે જે ભાવ હોય તે ક્ષાયિકભાવ છે. કર્મોના ક્ષયોપશમે જે ભાવ હોય તે ક્ષાયોપશમિકભાવ છે. કર્મોના ઉદયે જે ભાવ હો તે ઔદયિકભાવ છે. કર્મોના ઉપશમે જે ભાવ હોય તે ઔપશમિકભાવ છે. સકળ કર્મોપાધિથી વિમુક્ત એવો, પરિણામે જે ભાવ હોય તે પારિણામિકભાવ છે.

આ પાંચ ભાવોમાં, ઔપશમિકભાવના બે ભેદ છે, ક્ષાયિકભાવ નવ ભેદ છે, ક્ષાયોપશમિકભાવના અઢાર ભેદ છે, ઔદયિકભાવના એકવીશ ભેદ છે, પારિણામિકભાવના ત્રણ ભેદ છે.

હવે, ઔપશમિકભાવના બે ભેદ આ પ્રમાણે છે : ઉપશમસમ્યક્ત્વ અને ઉપશમચારિત્ર.

ક્ષાયિકભાવના નવ ભેદ આ પ્રમાણે છે : ક્ષાયિકસમ્યક્ત્વ, યથાખ્યાતચારિત્ર, કેવળજ્ઞાન ને કેવળદર્શન, તથા અંતરાયકર્મના ક્ષયજનિત દાન, લાભ, ભોગ, ઉપભોગ ને વીર્ય.

ક્ષાયોપશમિકભાવના અઢાર ભેદ આ પ્રમાણે છે : મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન ને મનઃપર્યયજ્ઞાન એમ જ્ઞાન ચાર; કુમતિજ્ઞાન, કુશ્રુતજ્ઞાન ને વિભંગજ્ઞાન એવા ભેદને લીધે અજ્ઞાન ત્રણ; ચક્ષુદર્શન, અચક્ષુદર્શન ને અવધિદર્શન એવા ભેદને લીધે દર્શન ત્રણ; કાળલબ્ધિ, કરણલબ્ધિ, ઉપદેશલબ્ધિ, ઉપશમલબ્ધિ ને પ્રાયોગ્યતાલબ્ધિ એવા ભેદને લીધે લબ્ધિ પાંચ; વેદકસમ્યક્ત્વ; વેદકચારિત્ર અને સંયમાસંયમપરિણતિ.

ઔદયિકભાવના એકવીશ ભેદ આ પ્રમાણે છે : નારકગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ ને દેવગતિ એવા ભેદને લીધે ગતિ ચાર; ક્રોધકષાય, માનકષાય, માયાકષાય ને લોભકષાય એવા ભેદને લીધે કષાય ચાર; સ્ત્રીલિંગ, પુલિંગ અને નપુંસકલિંગ એવા ભેદને લીધે લિંગ ત્રણ; સામાન્યસંગ્રહનયની અપેક્ષાએ મિથ્યાદર્શન એક, અજ્ઞાન એક ને અસંયમતા એક; અસિદ્ધત્વ એક; શુક્લલેશ્યા, પદ્મલેશ્યા, પીતલેશ્યા, કાપોતલેશ્યા, નીલલેશ્યા ને કૃષ્ણલેશ્યા

* કર્મોના ક્ષયે = કર્મોના ક્ષયમાં; કર્મોના ક્ષયના સદ્‌ભાવમાં. [વ્યવહારે કર્મોના ક્ષયની અપેક્ષા જીવના જે ભાવમાં આવે તે ક્ષાયિકભાવ છે.]

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**એવા ભેદને લીધે લેશ્યા છે.**

**પારિણામિકભાવના ત્રણ ભેદ આ પ્રમાણે છે. જીવત્વપારિણામિક, ભવ્યત્વપારિણામિક અને અભવ્યત્વપારિણામિક. આ જીવત્વપારિણામિકભાવ ભવ્યોને તેમ જ અભવ્યોને સમાન હોય છે; ભવ્યત્વપારિણામિકભાવ ભવ્યોને જ હોય છે; અભવ્યત્વપારિણામિકભાવ અભવ્યોને જ હોય છે.**

**આ રીતે પાંચ ભાવોનું કથન કર્યું.**

**પાંચ ભાવો મધ્યે ક્ષાયિકભાવ કાર્યસમયસારસ્વરૂપ છે; તે (ક્ષાયિકભાવ) ત્રિલોકમાં *પ્રક્ષોભના હેતુભૂત તીર્થંકરપણા વડે પ્રાપ્ત થતા સકળ-વિમળ કેવળજ્ઞાનથી યુક્ત તીર્થનાથને (તેમ જ ઉપલક્ષણથી સામાન્ય કેવળીને) અથવા સિદ્ધભગવાનને હોય છે. ઔદયિક, ઔપશમિક અને ક્ષાયોપશમિક ભાવો સંસારીઓને જ હોય છે, મુક્ત જીવોને નહિ.**

**પૂર્વોક્ત ચાર ભાવો આવરણસંયુક્ત હોવાથી મુક્તિનું કારણ નથી. ત્રિકાળ નિરૂપાધિ જેનું સ્વરૂપ છે એવા નિરંજન નિજ પરમ પંચમભાવની (–પારિણામિકભાવની) ભાવનાથી પંચમગતિએ મુમુક્ષુઓ (વર્તમાનકાળે) જાય છે, (ભવિષ્યકાળે) જશે અને (ભૂતકાળે) જતા.**

---

**પ્રવચન નં. ૩૯, શ્લોક-૫૮-૫૯, ગાથા-૪૧ ગુરુવાર, શ્રાવણ સુદ ૪, તા.૧૪-૦૮-૮૦**

---

'નિયમસાર' ગાથા ૪૧.

**णो खइयभावठाणा णो खयउवसमसहावठाणा वा।**
**ओदइयभावठाणा णो उवसमणे सहावठाणा वा।।४१।।**

**સ્થાનો ન ક્ષાયિકભાવનાં, ક્ષાયોપશમિક તણાં નહીં;**
**સ્થાનો ન ઉપશમભાવનાં કે ઉદયભાવ તણાં નહીં. ૪૧.**

ગાથા સૂક્ષ્મ છે. શુદ્ધભાવનો અધિકાર છે. શુદ્ધભાવ, જે સમ્યગ્દર્શનનો વિષય ત્રિકાળ, એમાં આ ચાર ભાવ પણ નથી. આહાહા..! વસ્તુ જે વસ્તુ છે એ પંચમપારિણામિક જ્ઞાયકભાવ સ્વરૂપ. એમાં ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ચાર ભાવનો પણ અંતરમાં અભાવ છે. આહાહા..! એ કહે છે.

**ટીકા :- 'ચાર વિભાવસ્વભાવોના સ્વરૂપકથન દ્વારા....'** આહાહા..! કેવળજ્ઞાન અને કેવળદર્શન એ ક્ષાયિકભાવ. એને અહીંયા વિભાવસ્વભાવ (કહ્યું છે). આહાહા..! વિભાવ એટલા

---

*** પ્રક્ષોભ = ખળભળાટ [તીર્થંકરના જન્મકલ્યાણાદિ પ્રસંગે ત્રણે લોકમાં આનંદમય ખળભળાટ થાય છે.]**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



માટે કે એક સમયની પર્યાય છે. એ વિશેષભાવ છે, માટે તેને વિભાવ કહ્યો છે. એનાથી પણ ભગવાન તો ભિન્ન છે. સૂક્ષ્મ વાત છે, ભાઈ! સમ્યગ્દર્શનનો વિષય પંચમપારિણામિક સ્વભાવભાવ, એવી વસ્તુમાં **'ચાર વિભાવસ્વભાવોના સ્વરૂપકથન દ્વારા...'** ચાર વિભાવસ્વભાવ. આહાહા..! પુણ્ય-પાપના ભાવ તો વિભાવ છે, પણ અહીં તો ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકને પણ વિભાવ કહ્યો. વિ-ભાવ નામ વિશેષભાવ. આહાહા..! એ વિશેષભાવનો પણ ત્રિકાળી જે સમ્યગ્દર્શનનો વિષય છે, એ ચીજમાં આ ચાર ભાવનો અભાવ છે. આહાહા..! આવી ઝીણી વાત છે.

અહીં તો વૈરાગ્યની એકલી વાતું કરે, પણ વૈરાગ્ય-વૈરાગ્ય ક્યારે થાય છે? આહાહા..! એક સ્વરૂપ એક સમયમાં શુદ્ધઘન આનંદકંદ પ્રભુ! શુદ્ધભાવ, એમાં ચાર ભાવનો અભાવ છે, એવી દૃષ્ટિ થાય ત્યારે સમ્યગ્દર્શન થાય છે. આહાહા..! અને સમ્યગ્દર્શન થાય છે, ત્યારે પુણ્ય અને પાપના ઉદયભાવથી વિરક્ત (થાય છે). મારામાં તો નથી. એ તો પહેલા આવ્યું. પણ ભાવથી પણ વિરક્ત થયો. વર્તમાન દશા નહિ. શું કહ્યું ? ઉદયભાવ જે છે... એમાં આવશે. રાગ-દ્વેષ આદિ ચાર ગતિ, એ આત્મામાં નથી. એ એક વાત. પણ જે આત્મામાં નથી એવી ચીજની દૃષ્ટિ થઈ ત્યારે પર્યાયમાં પણ પુણ્ય-પાપના વિકલ્પથી વિરક્તપણું થાય છે. આહાહા..! એનું નામ વૈરાગ્ય કહે છે. વ્યાખ્યા આકરી બહુ, બાપુ! આહા..!

આમ વૈરાગ્ય (કરે કે) આ કુટુંબ આમ છે ને તેમ છે. એ તો સ્મશાન વૈરાગ્ય છે. આહાહા..! સ્મશાન વૈરાગ્ય એટલે સમજો છો ? આ મડદા મરી જાય ત્યારે અહીં તો પ્રભુ! એક સમયમાં વર્તમાન પૂર્ણાનંદનો નાથ જ્ઞાયકભાવ, જેમાં પંચમપારિણામિકભાવનો ભેદ પણ જેમાં નથી. ભવી અને અભવી પંચમપારિણામિકનો ભાવ છે, એ પણ જેમાં નથી. આહાહા..! જેમાં ભવ્ય અને અભવ્યતાની યોગ્યતા એમ પણ અંતરમાં નથી. આહાહા..!

**'ચાર વિભાવસ્વભાવ...'** આહાહા..! એના **'સ્વરૂપકથન દ્વારા...'** કહેવું છે શું? હેતુ શું છે ? એનું તાત્પર્ય શું છે? કે **'પંચમભાવના સ્વરૂપનું આ કથન છે.'** આહાહા..! જેમાં–ભગવાનઆત્મામાં શરીર, સ્ત્રી, કુટુંબ, પરિવાર, કર્મ, જડ આદિ પદાર્થનો તો ત્રિકાળ અભાવ છે. પણ અહીંયા તો વર્તમાન ક્ષાયિક આદિ ભાવ પ્રગટ થયા હોય... આહાહા..! એનો પણ દ્રવ્યસ્વભાવમાં અભાવ છે. આહાહા..! જે સમ્યગ્દર્શનનો વિષય પ્રભુ આત્મા છે. સમ્યગ્દર્શન પર્યાય છે, પણ એનો વિષય જે પંચમ સ્વભાવભાવ ધ્રુવ છે, એમાં સમ્યગ્દર્શનની પર્યાયનો પણ અભાવ છે. અરે..! ક્ષાયિકભાવનો પણ અભાવ છે. આહાહા..! અરે..રે..!

એ **'ચાર વિભાવસ્વભાવોના સ્વરૂપકથન દ્વારા...'** બહુ સૂક્ષ્મ ગાથા છે, ભાઈ! **'પંચમભાવના સ્વરૂપનું આ કથન છે.'** હવે ચાર ભાવની વ્યાખ્યા (કરે છે). **'કર્મોના ક્ષયે જે ભાવ હોય તે ક્ષાયિકભાવ છે.'** નીચે અર્થ છે. **'કર્મોના ક્ષયે = કર્મોના ક્ષયમાં;...'** કર્મનો ક્ષય તો કર્મના કારણે થાય છે. એ તો સવારમાં આવી ગયું. પર નિરપેક્ષ પોતાની પર્યાય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પ્રગટ થાય છે. આહાહા..! એ કર્મનો ક્ષય થાય તો કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે, એવી અપેક્ષા નથી. આહાહા..! ફક્ત નિમિત્તનું કથન છે, જૂઠી વ્યવહારનયનું કથન છે. 'કળશટીકા'માં લીધું છે. આ 'કળશટીકા' છે ને ? એમાં જૂઠો વ્યવહારનય એવો શબ્દ લીધો છે. આહાહા..! આખી વાત જ ગજબ છે, બાપુ!

કહે છે, કે **'કર્મોના ક્ષયે...'** સવારે કહ્યું હતું, કે પોતાની પર્યાયમાં પરનું નિમિત્ત અને નિમિત્તના અભાવની પણ અપેક્ષા નથી. સ્વદ્રવ્યની પર્યાય ઉત્પન્ન થાય છે, તે દ્રવ્યના અવલંબને થાય છે. એમાં પર ચીજની અપેક્ષા જ નથી. આહાહા..! પણ એ પરની અપેક્ષામાં પણ અહીંયા ક્ષાયિકભાવની પણ એમાં અપેક્ષા નથી. અને ક્ષાયિકભાવના આશ્રયથી પંચમભાવની પ્રાપ્તિ થાય છે, એમ પણ નથી. આહાહા..! અરે..રે..! અહીંયા તો હજી દયા, દાન, વ્રત, ભક્તિ, પડિક્કમણા, પૂજા કરો તો આગળ વધાશે. એ તો બહુ વિપરીત દૃષ્ટિ છે. અરે..રે..! સમજાણું કાંઈ?

એ ઉદયભાવ છે એ તો વિકૃત ભાવ છે. એનો તો પોતામાં અભાવ જ છે, પણ અહીં તો ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક જે નિર્મળ પરિણામ છે, જે મોક્ષનો માર્ગ છે અને મોક્ષની પર્યાય છે. મોક્ષના માર્ગની પર્યાય છે એ ઉપશમ, ક્ષયોપશમ. અને મોક્ષની પર્યાય છે એ ક્ષાયિક. મોક્ષના માર્ગની પર્યાય અને ક્ષાયિક મોક્ષની પર્યાયનો આત્મામાં અભાવ છે. આહાહા..!

મુમુક્ષુ :– પુદ્‌ગલમાં સદ્‌ભાવ છે? આત્મામાં નથી તો પુદ્‌ગલમાં સદ્‌ભાવ છે?

ઉત્તર :– એ વાત અહીં નથી. પરની અપેક્ષા રાખ્યા વિના પર્યાય છે તો પોતામાં, પણ એ પર્યાય દ્રવ્યમાં નથી.

મુમુક્ષુ :– પર્યાય પર્યાયમાં છે?

ઉત્તર :– પર્યાય પર્યાયમાં છે. અને પર્યાય પર્યાયમાં તો છે, પણ સમ્યગ્દર્શનનો વિષય શું છે એ બતાવવું છે. સમ્યગ્દર્શન પ્રગટે છે... આહાહા..! ધર્મની પહેલી સીડી. ધર્મનું પહેલું સોપાન. એ સમ્યગ્દર્શનની પર્યાયનો વિષય ધ્રુવ ત્રિકાળ પંચમ સ્વભાવભાવ જે છે, એમાં સમ્યગ્દર્શનની પર્યાયનો પણ અભાવ છે અને ક્ષાયિકભાવનો પણ એમાં અભાવ છે. આહાહા..! અંદર છે? લોકોએ સત્ય સાંભળ્યું નથી. આ ક્રિયા કરો, વ્રત કરો, તપ કરો, બાહ્ય ત્યાગ કરો. આહાહા..! હું પરનો ત્યાગ કરું છું એ માન્યતા જ મિથ્યાત્વ છે. કેમ કે પરનો ત્યાગગ્રહણ આત્મામાં છે જ નહિ. ત્યાગઉપાદાનશૂન્યત્વશક્તિ. ભગવાનઆત્મામાં એક ગુણ એવો છે કે ત્યાગઉપાદાનશૂન્યત્વ(શક્તિ છે). પરનું ગ્રહણ અને પરના ત્યાગ રહિત પોતાનું સ્વરૂપ જ એવું છે. આહાહા..! એને ઠેકાણે એવી દૃષ્ટિ થઈ કે બાહ્યનો થોડો ત્યાગ કરે તો ધર્મ થાય. બાયડી છોડે, કુટુંબ છોડે, બ્રહ્મચર્ય પાળે. થઈ ગયો ધર્મ. ધૂળમાં પણ નથી.

મુમુક્ષુ :– પડિમા તો લે છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– એ પડિમા આદિ વિકલ્પ છે, પુણ્યબંધ છે અને માને ધર્મ એ તો મિથ્યાત્વની પુષ્ટિ છે.

મુમુક્ષુ :– મિથ્યાત્વ...

ઉત્તર :– મિથ્યાત્વનું પાપ છે. મહાપાપ મિથ્યાત્વ છે. એ પડિમાનો વિકલ્પ છે એ પણ પોતાના સ્વરૂપમાં નથી. અને પડિમાનો... તો સવારમાં આવી ગયું, કે રાગ જે પડિમાનો વિકલ્પ રાગ છે, એ સમ્યગ્દર્શનની પર્યાયમાં એની અપેક્ષા જ નથી. સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ કરવામાં સ્વદ્રવ્યની અપેક્ષા છે. એ રાગની અપેક્ષા નથી. રાગના અભાવની પણ અપેક્ષા નથી. આહાહા..! આવી વાત છે. બહુ સૂક્ષ્મ વાત, ભાઈ! ભગવાન સર્વજ્ઞ પરમાત્મા એ જે ભાવમાંથી પ્રગટ થયા એ ભાવ અંદર શુદ્ધભાવ-શુદ્ધ(માંથી પ્રગટ થયા). આ પર્યાયની વાત નથી. આ શુદ્ધભાવ જે માથે અધિકાર લીધો, એ ત્રિકાળી ચૈતન્યપ્રભુ પરમપારિણામિકસ્વભાવ, પંચમ સ્વભાવભાવ પારિણામિકભાવ તેને અહીંયા શુદ્ધભાવ કહેવામાં આવ્યો છે. એવો પંચમ સ્વભાવ એવો શુદ્ધભાવ, એમાં આ ચાર વિભાવસ્વભાવ(નો અભાવ છે). આહાહા..!

રાગ-દ્વેષને વિભાવ કહે, ઉપશમને વિભાવ કહે, ક્ષયોપશમને વિભાવ કહે, અહીં તો ક્ષાયિકને વિભાવ કહ્યો. આહાહા..! વિભાવનો અર્થ વિશેષ અવસ્થા છે. વિશેષ અવસ્થા દ્રવ્યમાં સામાન્યમાં નથી. આહાહા..! એ સમ્યગ્દર્શનનો વિષય છે. પ્રથમમાં પ્રથમ સમ્યગ્દર્શન આત્માનો અનુભવ, એ સ્વદ્રવ્યની દૃષ્ટિથી અને સ્વદ્રવ્યના સ્વીકારથી થાય છે. એ કોઈ વર્તમાન રાગથી કે ઉદય ઉપશમથી ઉત્પન્ન થાય, સમકિત થાય (એમ નથી). એના આશ્રયથી પણ શુદ્ધિની વૃદ્ધિ નથી થતી. આહાહા..! અરે..! ક્ષાયિક સમકિત થયું હોય તો એના આશ્રયથી પણ શુદ્ધિની વૃદ્ધિ નથી થતી. આહાહા..! શુદ્ધિની વૃદ્ધિ તો ત્રિકાળી પંચમભાવ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એના અવલંબનથી અને એના આશ્રયથી શુદ્ધિની ઉત્પત્તિ અને શુદ્ધિની વૃદ્ધિ અને શુદ્ધિની પૂર્ણતા (થાય છે). શુદ્ધિની ઉત્પત્તિ એ સંવર-નિર્જરા. સમજાણું કાંઈ ? સંવર એ શુદ્ધિની ઉત્પત્તિ, નિર્જરા એ શુદ્ધિની વૃદ્ધિ, મોક્ષ એ શુદ્ધિની પૂર્ણતા, એ ત્રણનો દ્રવ્ય સ્વભાવમાં અભાવ છે. અર..ર..! હવે એમાં તો હજી સ્ત્રી મારી, પૈસા મારા, કુટુંબ મારું, ક્યાંય ધૂળ રહી ગઈ બહાર. આહાહા..! એ તો મિથ્યાત્વના પોષણ છે. આહાહા..!

મુમુક્ષુ :– ફસાઈ ગયા એનું કરવું શું ?

ઉત્તર :– ફસાઈ ગયા એ તો માન્યતામાં ફસાણા છે. માન્યતામાં બધા ફસાણા છે. જે વસ્તુ એમાં નથી.. અહીંયા તો (કહે છે), ક્ષાયિકભાવ એમાં નથી. આહાહા..! એ (સ્ત્રી, પુત્ર) તો પરદ્રવ્ય છે. આ તો પોતાની જે પર્યાય ક્ષાયિક... આહાહા..! એ પણ પોતાના સ્વભાવમાં નથી. જ્યાં દૃષ્ટિનો વિષય બનાવવો છે ત્યાં તો ક્ષાયિકભાવ પણ નથી. આવી વાત છે, પ્રભુ! આકરી વાત છે, ભાઈ! આહાહા..! બસ, વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા સમ્યગ્દર્શન સરાગ છે એમ નથી. સમ્યગ્દર્શન વીતરાગી પર્યાય છે. એ પણ વીતરાગી પર્યાય ક્ષાયિકભાવથી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઉત્પન્ન થઈ, તો પણ એ વીતરાગી પર્યાય ત્રિકાળી વીતરાગી સ્વભાવમાં નથી. આહાહા..! ક્યારેય સાંભળ્યું નથી, શેઠ! શેઠને પ્રેમ છે. છોડીને આવ્યા છે. વાત બહુ આકરી છે, બાપા! પ્રભુ! શું કરીએ?

અહીંયા તો ચાર વિભાવસ્વભાવમાં **'કર્મોના ક્ષયે...'** હવે અહીંયા કહે છે કે તમે તો કહેતા હતા કે પોતાની પર્યાયમાં, કોઈપણ દ્રવ્યની પર્યાયમાં પરની પર્યાયના અભાવની અને ભાવની અપેક્ષા નથી. અહીં તો કર્મના ક્ષયની અપેક્ષા છે. એ તો બતાવવું છે. અંદર જે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે, એ કર્મનો ક્ષય–નાશ થઈને, એ કર્મનો ક્ષય થઈને અકર્મ પર્યાય થાય છે. કર્મનો ક્ષય થતાં કેવળજ્ઞાન થાય છે એમ નથી. શું કહ્યું ? કેવળજ્ઞાનાવરણીય એક જડ પ્રકૃતિ છે, એનો નાશ.. નાશનો અર્થ? એ કર્મની પર્યાય છે, તો કર્મની પર્યાયનો વ્યય થાય છે અને અકર્મની પર્યાય ઉત્પન્ન થાય છે, એનું નામ ચાર ઘાતિકર્મનો નાશ કહેવામાં આવે છે. આહાહા..! આવો માર્ગ હવે!

અહીં તો હજી દયા, વ્રત પાળે, ભક્તિ કરે, પૂજા કરે, પડિમા લઈ લ્યો, .... મૂળ ચીજના... આહાહા..! એકડાના ઠેકાણા નથી અને મીંડા. કોરે કાગળે મીંડા લાખ, કરોડ મીંડા ચડાવે એની સંખ્યામાં ગણતરી નથી થતી. કોરે કાગળે લાખ મીંડા કરે એ એક કહેવાય? એ એકડા વિનાના મીંડા છે. એમ પોતાનો શુદ્ધ ચૈતન્ય પ્રભુ! જેમાં ચાર ભાવનો પણ અભાવ છે, એનો અનુભવ થતાં જે સમ્યગ્દર્શન થાય છે એ વિના બધું થોથા છે. આહાહા..! આવી વાત છે, પ્રભુ! આહાહા..!

'સમયસાર' ૭૨ ગાથામાં તો આચાર્યોએ ભગવાન કહીને બોલાવ્યા છે. પ્રભુ! તારી પર્યાયમાં જે શુભ અને અશુભ દયા, દાન, વ્રત, ભક્તિ આદિ પૂજાના ભાવ આવે છે એ અશુચિ છે, મેલ છે. આહાહા..! ભગવાન અંદરમાં અતિ નિર્મળાનંદ છે. ભગવાનઆત્મા કહીને બોલાવ્યા છે. આહાહા..!

એકવાર તો નહોતું કહ્યું? નાટકમાં એવું કહ્યું હતું. (સંવત) ૧૯૬૪-૬૫ની સાલમાં. નાટક એવું હતું. અત્યારે તો નાટકમાં પણ ફેરફાર થઈ ગયા. લૌકિક નૈતિક જીવન (રહ્યા નહિ). આહાહા..! નાટકમાં એવું આવ્યું હતું. પુત્રને (માતા) ઝુલાવતી હતી. 'વડોદરા' રાત્રે નાટક જોવા ગયા હતા. બેટા! નિર્વિકલ્પો. એ આપણે 'સમયસાર'માં છે. 'સમયસાર' છે ને? 'જયસેનાચાર્ય'ની ટીકા. 'જયસેનાચાર્ય'ની ટીકામાં છે કે બંધના નાશનો ઉપાય શું? એમ કહ્યું હતું. સમજાણું કાંઈ? 'સમયસાર' પણ નથી? 'સમયસાર' પણ નથી. છે? ક્યાં છે? 'સમયસાર'. મળ્યું? બંધ અધિકાર છે ને? એમાં આવ્યું છે. પુસ્તકમાં ચિહ્ન કર્યા છે. આવ્યું જુઓ!

**'बंधो भणितः स च हेयस्याशेषस्य नरकादिदु:खस्य कारणत्वद्धेयः। तस्य बंधस्य विनाशार्थं'** તે બંધના નાશને માટે. સંસ્કૃત છે. વિશેષ ભાવના આ. **'सहजशुद्धज्ञानानंदैकस्वभावोऽहं'**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ત્રણ જગ્યાએ છે. અહીંયા બંધ અધિકારમાં છે, સર્વવિશુદ્ધ અધિકારમાં છેલ્લે છે અને 'પરમાત્મપ્રકાશ'માં છેલ્લે છે. સમ્યગ્દષ્ટિની કેવી ભાવના છે? આહાહા..! સહજ સ્વભાવિક ત્રિકાળ. શુદ્ધ જ્ઞાનાનંદ એક સ્વભાવ. પર્યાય પણ નહિ. આહાહા..! બાર ભાવનામાં પણ આ ભાવના કરવી. આહાહા..! સહજ, શુદ્ધ, જ્ઞાનાનંદ એક સ્વભાવ. ભેદ પણ નહિ. આહાહા..! જેમાં ક્ષાયિક, ઉપશમ આદિની પર્યાય પણ નથી. એક કહ્યું ને? એક સ્વભાવ. '**निर्विकल्पोहं**' એ તો નાટકમાં પણ કહ્યું હતું. ચાર બોલ યાદ રહ્યા. ચોપડી પણ લીધી હતી. પણ ઘણાં વર્ષ થઈ ગયા. (સંવત) ૧૯૬૪-૬૫. ૭૦ વર્ષ પહેલાની વાત છે. તમારે ત્યાં શું કહે? સત્તર. દુકાનનો માલ લેવા 'વડોદરા' ગયા હતા, તો રાત્રે નાટક જોવા ગયા હતા. ત્યાં એક સ્ત્રી આ બોલતી હતી. નિર્વિકલ્પો બેટા! આહાહા..! અહીંયા આ શબ્દ પડ્યો છે. તે દિ' તો આ ક્યાં જોયું હતું.

'**निर्विकल्पोहं**' સમ્યગ્દષ્ટિજીવ પોતાના આત્માને '**निर्विकल्पोहं**' (એમ ભાવે છે). હું તો અભેદ છું. વિકલ્પ પણ નહિ, ભેદ નહિ. '**उदासीनोहं**' '**उदासीनोहं**'. મારું આસન તો પર્યાય અને રાગથી ભિન્ન દ્રવ્યમાં છે. પરથી ઉદાસીન છું. પર્યાયથી ઉદાસીન છું. આહાહા..! સમજાણું કાંઈ? મારો દ્રવ્યસ્વભાવ છે એ ઉદાસીન-ઉદાસ આસન. પર્યાયમાં એનાથી ઉદાસીન થઈ દ્રવ્યમાં આસન એ મારું આસન છે. સૂક્ષ્મ વાત છે, ભગવાન! છે?

'**निरंजननिजशुद्धात्म**' નિરંજન–મારામાં અંજન નથી. '**निजशुद्धात्मसम्यक्श्रद्धान-ज्ञानानुष्ठानरूपनिश्चयरत्नत्रयात्मक**' નિશ્ચયરત્નત્રયસ્વરૂપ. 'निर्विकल्पसमाधिसंजात' એવી નિર્વિકલ્પ સમાધિથી ભગવાનઆત્માના દર્શન થાય છે. સમ્યગ્દર્શન એનાથી થાય છે. આહાહા..! '**वीतरागसहजानंदरूपसुखानुभूतिमात्रलक्षणेन**' આહાહા..! એ દયા, દાન, વ્રત, ભક્તિથી આત્માનો પત્તો નથી લાગતો.

અહીં તો કહે છે, '**वीतरागसहजानंदरूपसुखानुभूति**' –સુખનો આનંદનો અનુભવ. એ '**मात्रलक्षणेन स्वसंवेदनज्ञानेन संवेद्यो गम्यः**' હું તો સ્વસંવેદનજ્ઞાનથી સ્વ સંવેદ્ય છું. એના સ્વ–પોતાનો પોતાથી અનુભવ થાય, એ સ્વસંવેદન પ્રત્યક્ષથી હું અનુભવગમ્ય છું. એમાં હું ગમ્ય છું. બીજી રીતે ગમ્ય નથી થતો. આહાહા..! સંસ્કૃત છે. અહીં તો હજારો શ્લોકો, કરોડો શ્લોકો પહેલા જોયા છે. દુકાનમાં પણ સેંકડો જોયા હતા. સાંભળવાથી જે જ્ઞાન થાય એનાથી પણ હું ગમ્ય નથી થતો. આહાહા..! પ્રભુ! તારી મહિમા તો જો, તારી મોટપ તો જો. આહાહા..! એ રાગથી ગમ્ય નથી, પર્યાયથી ગમ્ય નથી. પર્યાયના લક્ષથી અને આશ્રયથી ગમ્ય નથી. આહાહા..! બે ઠેકાણે છે. 'જયસેનાચાર્ય'ની ટીકા સંસ્કૃત ટીકા છે.

'**संवेद्यो गम्यः प्राप्यः**' એ સ્વસંવેદનથી હું પ્રાપ્ત છું. ત્રણકાળ, ત્રણલોકમાં બીજા કોઈ ઉપાયથી હું પ્રાપ્ત થતો નથી. આહાહા..! '**भरितावस्थोऽहं**' શું કહે છે? ભરિત અવસ્થા શબ્દ પડ્યો છે. ત્યાં અવસ્થા પર્યાય ન લેવી. ભરિત અવસ્થ–નિશ્ચયથી ભરેલો. પૂર્ણ અવસ્થાથી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભરેલો હું છું. દ્રવ્યસ્વભાવ. શબ્દ એમ છે–**'भरितावस्थोऽहं'**. ભરિત અવસ્થા એટલે પર્યાય ન લેવી. અવસ્થ–નિશ્ચય ભરિત પૂર્ણ ભરેલો એ હું છું. આહાહા..! ત્રણ ઠેકાણે આ ટીકા આવે છે. અમે તો ઘણીવાર જોયું છે ને. (સંવત) ૧૯૭૮ની સાલમાં 'સમયસાર' મળ્યું. ૧૯૮૨માં તો 'મોક્ષમાર્ગ પ્રકાશક' (મળ્યું). સંપ્રદાયમાં વ્યાખ્યાન વાંચતા હતા. લોકો સાંભળતા હતા. અમારી પ્રસિદ્ધિ ઘણી હતી ને! બધા સાંભળતા હતા. કોઈ એમ ન કહી શકે કે શ્વેતાંબરમાં.... સત્ય છે એની વાત મૂકે. હજારો માણસ (આવતા). આહાહા..!

'રાજકોટ'માં ત્રણ-ત્રણ હજાર માણસ. (સંવત) ૧૯૮૯ની સાલ. કેટલા વર્ષ થયા? ૧૧ ને ૩૫. ૪૬ વર્ષ પહેલા વ્યાખ્યાન વાંચતા હતા. 'રાજકોટ'માં બે-અઢી હજાર સ્થાનકવાસીના ઘરની વસ્તી છે. એમાં અમે વ્યાખ્યાન વાંચતા હતા ત્યારે ત્રણ-ત્રણ હજાર માણસ આવતા. ૧૯૮૯ની સાલ. એક કલાક, દોઢ કલાક ચાલે તો મોટર અને ગાડીના ઠાઠ જામી જાય. 'રાય...' વાંચતા હતા. પરદેશી રાજાનો ... અજ્ઞાની. પછી આત્મજ્ઞાન થયું એની વાત બહુ લાંબી છે. ત્રણ હજાર માણસ, બે હજાર ઘર. બહુ માણસો. અમે તો ત્યાં પણ આ કહેતા હતા. પણ થોડું. .... શ્વેતાંબરના શાસ્ત્ર કલ્પિત છે એમ.

અહીં (કહે છે), **'भरितावस्थोऽहं'**. રાગ, દ્વેષ, મોહ, ક્રોધ, માન, માયા, લોભ, પંચેન્દ્રિય વિષયના વ્યાપાર, એનાથી હું રહિત છું. **'मनोवचनकायव्यापार---भावकर्म-द्रव्यकर्म-नोकर्म--ख्याति-पूजा-लाभ'** એનાથી રહિત છું. **'दृष्टश्रुतानुभूतभोगाकांक्षारूप'** દેખેલા, સાંભળેલા, અનુભવેલા ભોગની આકાંક્ષારૂપ. **'निदानमायामिथ्याशल्यत्रयादिसर्वविभावपरिणामरहितः शून्योऽहं'** આહાહા..! 'जगत्रये' ત્રણલોકમાં હું આવો છું. આહાહા..! જ્યાં જ્યાં હું છું 'जगत्रये' શબ્દ પડ્યો છે. ત્રણલોકમાં અને **'कालत्रये'** ત્રણકાળમાં. ત્રણલોકમાં અને ત્રણકાળમાં. **'मनोवचनकायैः कृतकारितानुमतैश्च शुद्धनिश्चयेन'** હું આવો છું. **'तथा सर्वे जीवाः इति'** સર્વ જીવ એવા છે. આહાહા..!

સમ્યગ્દૃષ્ટિ પોતાની આવી ભાવના કરે છે એ સમયે પણ સર્વ જીવ આવા છે એમ જાણે છે. ભગવાન બધા આત્મા (આવા છે). પાઠ છે, જુઓ! **'सर्वे जीवाः इति निरंतर भावना कर्तव्या।'** તો પછી ખાવું, પીવું ક્યારે? આહાહા..! નિરંતર ભાવના (ભાવવી). 'સમયસાર'ની 'જયસેનાચાર્ય'ની ટીકા છે. લાલ પૂંઠાવાળું 'જયસેનાચાર્ય'ની ટીકાવાળું. 'જયસેનાચાર્ય'ની ટીકામાં છે. બે જગ્યાએ છે. ત્રણકાળ, ત્રણલોકમાં મન, વચન, કાયા કૃત, કારિત, અનુમોદનથી રહિત હું તો ત્રિકાળ શુદ્ધ ચિદાનંદ આત્મા છું. આહાહા..!

એ અહીં કહ્યું. **'કર્મોના ક્ષયે જે ભાવ હોય તે...'** ભાવ છે તો ખરો. કેવળજ્ઞાન, કેવળદર્શન આદિ ક્ષયથી હોય ખરા, પણ ક્ષયની અપેક્ષાનું નિમિત્તથી કથન છે. બાકી ઉત્પન્ન થવામાં કોઈ પરની અપેક્ષા નથી. પણ લોકોને ટૂંકામાં સમજાય માટે કહે કે કર્મના ક્ષયથી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'કર્મોના ક્ષયોપશમે જે ભાવ હોય તે ક્ષાયોપશમિકભાવ છે. કર્મોના ઉદયે જે ભાવ હોય તે ઔદયિકભાવ છે. કર્મોના ઉપશમે જે ભાવ હોય તે ઔપશમિકભાવ છે. સકળ કર્મોપાધિથી વિમુક્ત એવો, પરિણામે જે ભાવ હોય તે...'** આહાહા..! સકળ પરિણામથી રહિત હોય તે પારિણામિકભાવ હું છું. આહાહા..! હજી પારિણામિકભાવ સાંભળ્યો ન હોય. અહીંયા પારિણામિકભાવ લેવો છે. બાકી તો પારિણામિકભાવ પાંચે દ્રવ્યમાં છે. પારિણામિકભાવ આત્મા સિવાય પાંચે દ્રવ્યમાં છે. પણ અહીંયા પારિણામિકભાવનો અર્થ કહીને જ્ઞાયકભાવ જે છઠ્ઠી ગાથામાં લીધો. **'ण वि होदि अप्पमत्तो ण पमत्तो'** પહેલા ગુણસ્થાનથી છઠ્ઠા ગુણસ્થાન સુધી પ્રમત્ત અને સાતમાથી તેરમા ગુણસ્થાન સુધી અપ્રમત્ત, એ બન્ને હું નથી. આહાહા..! પ્રમત્ત-અપ્રમત્ત અવસ્થા મારામાં નથી. એ પ્રમત્ત-અપ્રમત્ત અવસ્થાથી ભિન્ન મારી ચીજ જ્ઞાયકભાવ છે. જે અહીંયા પારિણામિક કહ્યો એ. આહાહા..! આવી વાત! લોકોને મૂળ ચીજ ઉપર લક્ષ જ ગયું નથી. ઉપર ઉપરથી બધું (કર્યું). આહાહા..!

**'એવો, પરિણામે જે ભાવ હોય...'** ચાર ભાવથી રહિત **'જે ભાવ હોય તે પારિણામિકભાવ છે.'** પારિણામિક એવો શબ્દ લીધો છે. સંસ્કૃતમાં 'જયસેનાચાર્યે' પરિણામ લખ્યું છે. પરિણામ. 'પંચાસ્તિકાય'ની ૫૬ ગાથામાં ચાર ભાવનો અર્થ કરતાં, પારિણામિકનો પરિણામ શબ્દ લીધો છે. પરિણામ એટલું લીધું છે. એ પરિણામનો અર્થ આ–પારિણામિકભાવ. સહજ સ્વભાવ. આહાહા..! જેની શરૂઆત નથી, જેનો અંત નથી, જેમાં આદિ-અંતવાળી પર્યાયનો અભાવ છે. કેવળજ્ઞાન પણ સાદિઅનંત છે. આહાહા..! ક્ષાયિકસમકિત પણ સાદિઅનંત છે. એ પર્યાયનો પણ ત્રિકાળમાં અભાવ છે. આહાહા..! ગજબ વાત છે. અરે..! દુનિયા ક્યાં પડી છે અને પ્રભુનો માર્ગ ક્યાં છે. આહાહા..! અને જેમાં ભવનો અંત ન આવે પ્રભુ! એમાં ભવ મળે એ ક્યાં મળશે? ક્યાં જશે? ચોરાશી લાખ યોની પડી છે. આહાહા..!

અહીંયા કહે છે કે પ્રભુ! તારો સ્વભાવ એવો છે, કે જેમાં આ ચાર ભાવનો પણ અભાવ છે. છે? **'આ પાંચ ભાવોમાં,...'** હવે ખુલાસો કરે છે. **'ઔપશમિકભાવના બે ભેદ છે, ક્ષાયિકભાવના નવ ભેદ છે, ક્ષાયોપશમિકભાવના અઢાર ભેદ છે, ઔદયિકભાવના એકવીશ ભેદ છે, પારિણામિકભાવના ત્રણ ભેદ છે. હવે, ઔપશમિકભાવના બે ભેદ આ પ્રમાણે છે : ઉપશમસમ્યક્ત્વ અને ઉપશમચારિત્ર.'** આહાહા..! પ્રથમ સમ્યકત્વ ઉત્પન્ન થાય છે એ ઉપશમ. પ્રથમ સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે એ ઉપશમ. પછી ક્ષયોપશમ થઈને ક્ષાયિક થઈ જાય છે. સમજાણું કાંઈ? પણ કહે છે, કે ઉપશમ સમકિત જે છે, એ ઉપશમભાવ છે, એ મારા ત્રિકાળમાં નથી. જે ઉપશમભાવથી પત્તો લાગ્યો, ઉપશમભાવથી ભગવાન અંદર કેવો છે એનો પત્તો લાગ્યો, એ ઉપશમભાવથી પત્તો લાગ્યો એ એની ચીજમાં નથી. આવી વાત છે, પ્રભુ! આહાહા..!

૭૨ ગાથામાં ભગવાન તરીકે બોલાવ્યો છે ને? ત્રણ વાર ભગવાન કહ્યું છે. પ્રભુ! ભગવંત!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પુણ્ય-પાપ મલિન ભાવ છે, એનાથી તું ભિન્ન નિર્મળાનંદ ભગવાન છે ને? પ્રભુ! તારી દૃષ્ટિ ક્યાં છે? આહાહા..! શુભઅશુભાવ પ્રભુ! જડ છે ને. એમ ૭૨ ગાથામાં કહ્યું. જડ છે ને? તું તો ચૈતન્ય છો ને નાથ! એનાથી ભિન્ન તારી ચીજ અંદર છે. ભગવાન! એમ કહ્યું છે. ત્રણ વાર ભગવાન કહ્યું છે. અશુચિથી ભિન્ન ભગવાન, જડથી ભિન્ન ભગવાન અને પુણ્ય-પાપના ભાવ દુઃખરૂપ છે, એનાથી રહિત ભગવાનઆત્મા છે, એમ લીધું છે. સમજાણું કાંઈ?

'સમયસાર'ના વ્યાખ્યાનની શરૂઆત સંપ્રદાયમાં કરી હતી. (સંવત) ૧૯૯૦નું ચોમાસું 'રાજકોટ'માં હતું ને? પહેલા ૧૯૮૯ ની સાલ. ત્રણ-ત્રણ હજાર. શું કહેવાય એ? સદરમાં ચોમાસુ હતું. ૧૯૯૦ની સાલ. કેટલા વર્ષ થયા? ૧૦ અને ૩૫. ૪૫. ત્યાં એ 'સમયસાર' બપોરે વ્યાખ્યાનમાં વાંચ્યું હતું. અમારી ઉપર લોકોને પ્રેમ ઘણો હતો ને! નાની ઉંમર, દીક્ષા લીધી, શરીરમાં પણ સુંદરતા દેખાય. આ તો ૯૦ વર્ષ થયા. આહાહા..! દીક્ષા લીધી ત્યારે સાડી ત્રેવીસ વર્ષની ઉંમર હતી. અમને જોઈને કહે, આ દીક્ષા લે છે, અર..ર..! પરિષહ કેમ સહન કરશે. રાજકુમાર જેવું શરીર છે. ખાનગીમાં કહેતા હતા. અમારે તો ભાઈ દીક્ષા લેવી છે. 'સમયસાર' સંપ્રદાયમાં જ વાંચ્યું હતું. ૧૯૯૦ની સાલ હતી. 'રામજીભાઈ' હતા. પછી 'જામનગર' વાંચ્યું હતું. એ સાચી વાત. ૯૯ ગાથા સુધી પહેલા સંપ્રદાયમાં વાંચ્યું. સ્થાનકવાસી સંપ્રદાયના અપાશ્રયમાં. અને પછી ૧૦૦ ગાથાથી 'જામનગર'માં વાંચ્યું.

'જામનગર'માં એક છ લાખનું સોલેરિયમ છે. એના ડોક્ટર હતા એ સાંભળવા આવતા હતા. 'પ્રાણભાઈ'. માસિક અઢી હજારનો પગાર. તે દિ' હોં! માસિક અઢી હજારનો પગાર. સાંભળવા આવતા. (એક દિવસ કહ્યું), મહારાજ! અહીંયા પધારજોને. સોલેરિયમ છે. છ લાખ રૂપિયાનો એક સંચો. એ આખા સંચાને ચલાવે. એના છોકરાને ગુમડું થાય ને? ગુમડુ કહેવાય ને? શું કહે ? ગુમડા ઉપર સૂર્યના કિરણ મુકે. તો જે બાજુ કીરણ નમે એ બાજુ આખો સંચો ફેરવે. છ લાખનો સંચો. એ વખતના છ લાખ. આહાહા..! ૧૯૯૦ની સાલ. સંચાની કિંમત પણ વધી ગઈ. (એ કહે), તમારે ન્યાય માટે કામ આવશે. સૂર્યના કિરણ લગાવતા હતા તો એનું ગુમડું.. ગુમડાને શું કહ્યું? ફોડા. ગુમડું મટી જાતું હતું. બાળક ઉપર સૂર્ય કિરણ સીધા મુકતા હતા. અહીંયા કહે છે, કે સીધા કિરણ તારી ક્ષાયિકભાવ આદિ સ્વભાવની પર્યાય, એ કિરણ છોડી દે એમાં. આહાહા..! બધું જોયું હતું ત્યાં. ડોક્ટર બતાવવા આવ્યા હતા. ડૉક્ટર સ્થાનકવાસી હતા. અમારી ઉપર તો બધાને પ્રેમ હતો ને. આહાહા..!

કહે છે, કે ઉપશમભાવરૂપી જે સમ્યગ્દર્શનનું કિરણ પ્રગટ્યું એ ઉપશમભાવ પોતાના દ્રવ્યમાં નથી. આહાહા..! આવો છે પ્રભુ! અને ઉપશમચારિત્ર. અગિયારમાં ગુણસ્થાન સુધી ઉપશમચારિત્ર હોય છે. કષાયનો ઉદય બિલકુલ ન રહે. અગિયારમાં ગુણસ્થાને ઉપશમચારિત્ર હોય છે. પૂર્ણ ચારિત્રની શાંતિ. એ ઉપશમચારિત્ર પણ ત્રિકાળ દ્રવ્યમાં નથી. આહાહા..! 'શાંતિભાઈ'! આ તમારા બધા ઝવેરાતમાં અને હીરામાં ક્યાં છે? કોઈ હમણાં આવ્યું હતું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કે અમે 'શાંતિભાઈ'ને ત્યાં કામ કરીએ છીએ. કોણ હતું? કો'ક કામ કરતું હતું ને? આપણો માણસ. તમારો દીકરો, નહિ? આવ્યો હતો ને? 'પરમાત્મપ્રકાશ' એ કહેતો હતો કે હું 'શાંતિભાઈ'ને ત્યાં કામ કરું છું. 'પરમાત્મપ્રકાશ' પહેલા આવ્યો હતો. એણે કહ્યું હું 'શાંતિભાઈ'ને ત્યાં કામ કરું છું. 'શાંતિભાઈ' મોટા ગૃહસ્થ છે. ૨૫-૩૦ માણસ તો હીરા ઘસવા આવે છે. એક-એક માણસને પાંચસો-પાંચસો તો મળતા હશે કે વધારે મળતા હોય, આપણને કાંઈ ખબર નથી. અમે દુકાનમાં થોડી વાર ગયા ત્યારે બધા આવ્યા હતા. વીસ-પચીસ માણસ. એક એકને મહિનાના પાંચસો, એવા પચીસ માણસો હતા. એ બધી ધૂળ છે. એ પુદ્‌ગલનો તો પ્રભુ! તારામાં અભાવ છે. અરે..! પુદ્‌ગલનો તો અભાવ છે પણ અહીં તો ઉપશમભાવનો પણ તારામાં અભાવ છે. આહા..! તારે કોને માનવું છે? નાથ! પ્રભુ! તું કોણ છો? આહાહા..!

કહે છે, કે ઉપશમભાવ પણ એમાં નથી. પછી ક્ષાયિકભાવના બે ભેદ. ક્ષાયિકસમકિત. છે? ક્ષાયિકસમકિત જે તીર્થંકરગોત્ર બંધાય છે. શ્રેણિકરાજા. શ્રેણિકરાજા ક્ષાયિકસમકિતી હતા. એના છોકરાએ ભલે જેલમાં નાખ્યા હતા. અને જેલમાં નાખ્યા પછી જેલ તોડવા આવ્યો. એની મા પાસે ગયો અને કહ્યું, મેં આમ કર્યું. અર..ર..! તેં શું કર્યું? બેટા! તારો જન્મ થયો ત્યારે મેં તો ફેંકી દીધો હતો. મારા સ્વપ્નમાં આવ્યું કે આ છોકરો શ્રેણિકરાજાનું કાળજુ ખાય છે. એટલે તું જન્મ્યો ત્યારે ઉકરડા... ઉકરડાને શું કહે છે? કૂડા. ત્યાં નાખી દીધો હતો. ત્યાં કૂકડા... કૂકડા કહે ને? મરઘા-મરઘા. તો મરઘાએ... રાજકુમાર, જન્મનો પહેલો દિવસ. રાણીએ નાખી દીધો. એ કૂકડા ચાંચ મારે અને પરુ નીકળે ને રાડે રાડ પાડીને રોવે. હજી એક દિવસનું બાળક. શ્રેણિકરાજા. ચેલણા પાસે અરે..! શું થયું? બાળકને ફેંકી દીધું. અરે..! કેમ? સ્વપ્નમાં એમ આવ્યું હતું, કે તમારું કાળજું ખાય છે. અરર..! એમ ન કરવું જોઈએ. ક્યાં નાખ્યો છે? શ્રેણિક ત્યાં ગયા. આહાહા..! એને પીડા થતી હતી ને? બે દિવસનું બાળક હતું. અરે..! તારા પિતાએ તો આમ કર્યું. તેં આ શું કર્યું? આહાહા..! આ બન્યું છે કે નહિ? ત્યાં ગયા. કોણિક ત્યાં (જેલમાં) ગયો. હથિયાર લઈને તોડવા ગયો. પણ એણે (શ્રેણીકરાજાએ) એમ જોયું અને ખ્યાલ આવ્યો કે આ મારવા આવ્યો છે. એ જ્ઞાનની ભૂલ કોઈ અજ્ઞાન નથી. સમજાણું કાંઈ? અંદરમાં ભેદજ્ઞાન છે એમાં ખ્યાલ આવ્યો કે આ મારવા આવ્યો. મારવા નહોતો આવતો. ... ખ્યાલમાં એમ આવ્યું તો એ ખ્યાલ અજ્ઞાન નથી. એ જ્ઞાનની ક્ષયોપશમની ભૂલ છે, એ તો થાય છે. આહાહા..! છતાં ક્ષાયિક સમકિતમાં જરીયે ફેર નથી. આહાહા..! જે ક્ષાયિક મળ્યું છે એ કેવળજ્ઞાન લઈને સિદ્ધમાં પણ એ જ ક્ષાયિક સમકિત રહેશે. આહાહા..! અત્યારે નરકમાં છે. આગામી ચોવીશીમાં પહેલા તીર્થંકર થશે. આગામી ચોવીશીમાં. પછી મોક્ષ થઈ જશે. ત્રણ જ્ઞાન અને ક્ષાયિકસમકિત લઈને માતાના પેટમાં આવશે. પછી જન્મ થશે, પછી દીક્ષા લેશે અને તીર્થંકર થશે. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એની આવી ભૂલી થઈ. એ મારવા આવે છે. મને જેલમાં નાખ્યો છે. જેલમાં નાખી દીધો છે તો મને મારવા આવે છે. હીરો ચૂસી લીધો. આંગળીમાં મોટો હીરો પહેરેલો. મોટું રાજ હતું ને? દેહ છૂટી ગયો. હીરો ચૂસી લીધો, આપઘાત થયો તો પણ ક્ષાયિક સમકિતમાં દોષ નથી. શેઠ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એની માટે તો કહેવાય છે. આહાહા..! ક્ષાયિક સમકિતનો દોષ નથી એ ચારિત્રનો દોષ છે. બીજા ગુણનો દોષ બીજા ગુણને નુકસાન કરે એમ હોતું નથી. આહાહા..! એ ચારિત્રદોષ છે. ક્ષાયિક સમકિતને બિલકુલ ભેદ નથી. આહાહા..!

અહીં કહે છે એ ક્ષાયિક સમકિત પણ આત્મામાં નથી. છે? ક્ષાયિકભાવના બે ભેદ : એક ક્ષાયિક સમકિત. એ આત્મામાં નથી, દ્રવ્યમાં નથી. જ્યાં દૃષ્ટિ લગાવવી છે.. આહાહા..! અને જેની દૃષ્ટિથી સમ્યગ્દર્શન થાય છે એ ચીજમાં તો ક્ષાયિક સમકિત પણ નથી. અરે..! પ્રભુ! આહાહા..! એવી ચીજ અંદર ચૈતન્ય હીરલો. જેમ હીરામાં પાસા ઘણાં હોય છે એમ અનંતગુણના પાસા અંદર ભર્યા છે. પૂર્ણાનંદ પ્રભુ!

ક્ષાયિક સમકિત છે. ક્ષાયિકનો એક ભેદ એ પણ એમાં નથી. વસ્તુ દ્રવ્યમાં પર્યાય નથી. આહાહા..! ઉપર તરે છે, સવારે આવ્યું હતું. પર્યાય દ્રવ્યમાં ઉપર તરે છે. ચાહે તો ક્ષાયિકભાવ હોય તો પણ એ પર્યાય દ્રવ્યની ઉપર તરે છે. આહાહા..! દ્રવ્યમાં પ્રવેશ નથી કરતી, પ્રભુ! તું એટલો મોટો છે, તારી એટલી મોટપ છે કે ક્ષાયિક પર્યાય અને કેવળજ્ઞાનની પર્યાય પણ તારી અંદર પ્રવેશ નથી કરતી, ઉપર ઉપર તરે છે. અરે..! આવું પરમાત્માનું સત્! ત્રિલોકનાથ તીર્થંકર એવું દિવ્યધ્વનિ દ્વારા સભામાં સંભળાવ્યું છે, એ આ 'કુંદકુંદાચાર્ય' લઈને આવ્યા છે. આ પુસ્તક માટે તો એમ કહ્યું, કે મેં મારી ભાવના માટે બનાવ્યું છે. છેલ્લી ગાથા છે. છેલ્લી ગાથા છે ને? ૧૮૭.

**'णियभावणाणिमित्तं'** છેલ્લી ૧૮૭ ગાથા. પાનું ૩૭૧. છે? **'णियभावणाणिमित्तं'** **'णियभावणाणिमित्तं'** મારી ભાવનાને કારણે. લોકો સમજે કે ન સમજે એ કારણે નહિ. આહાહા..! **'णियभावणाणिमित्तं'** આહાહા..! **'मए कदं'** આ 'સમયસાર', 'પ્રવચનસાર', 'પંચાસ્તિકાય', 'અષ્ટપાહુડ'માં પણ મેં આ કર્યું એવો શબ્દ ક્યાંય નહિ હોય. **'वोच्छामि'** કહું છું. મારે માટે કર્યું છે એવું ક્યાંય નથી. આ તો મારે માટે બનાવ્યું છે. આહાહા..! છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ભાવલિંગી સંત. આહાહા..! એકાદ ભવ કરીને કેવળજ્ઞાન પામી મોક્ષે જવાના છે. અત્યારે વૈમાનિકમાં સ્વર્ગમાં ગયા છે. ત્યાંથી નીકળીને મનુષ્ય થઈને કેવળજ્ઞાન પામી મોક્ષે જવાના છે. એ કહે છે કે, આ 'નિયમસાર' મારી ભાવના માટે મેં બનાવ્યું છે. આહાહા..! એ ભાવનામાં એમ કહે છે ને? **'णियभावणाणिमित्तं मए कदं'** મેં કર્યું. **'णियमसारणामसुदं णच्चा जिणोवदेसं'** જિનનો ઉપદેશ બરાબર સમજીને. મેં આ કહ્યું છે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પણ જિનના ઉપદેશને બરાબર સમજીને. છે? **'णच्चा जिणोवदेसं पुव्वावरदोसणिम्मुक्कं'** પૂર્વાપર દોષથી રહિત છે. પહેલા કંઈક કહ્યું અને પછી કંઈક કહે એવો વિરોધ અહીં નથી. આહાહા..!

**'ક્ષાયિકસમ્યક્ત્વ, યથાખ્યાતચારિત્ર...'** આહાહા..! અગિયારમે અને બારમે ગુણસ્થાને યથાખ્યાત. યથાખ્યાતનો અર્થ? યથા પ્રસિદ્ધ. જેવા સ્વરૂપની રમણતા જેવી ચારિત્રની શક્તિ છે, એવી પર્યાયમાં યથાખ્યાત્–જેવું ચારિત્ર સ્વભાવમાં છે એવું પર્યાયમાં પ્રગટ થઈ ગયું. આહાહા..! યથાખ્યાત્. જેવું છે એવી પ્રસિદ્ધિ પર્યાયમાં ચારિત્ર–અંતરની અકષાયભાવની રમણતા પૂરી થઈ ગઈ. યથાખ્યાત્ચારિત્ર એ પણ આત્મામાં દ્રવ્યમાં નથી. આહાહા..! અરે..રે..! હજી તો અહીં આ શરીર મારું નહિ એ કહેવામાં પરસેવા ઉતરે. આહાહા..! દયા, દાનનો રાગ મારો નથી. અરે..રે..! આ કોનું છે? જડનું છે. પ્રભુ! સાંભળ તો ખરો. એ પણ વિકાર છે. વિકારની તો ગંધ પણ અંદરમાં નથી. પણ નિર્વિકારી પર્યાય ક્ષાયિક ચારિત્ર અને ક્ષાયિક સમકિત, એની પણ અંદર ગંધ નથી. આહાહા..! એ તો પંચમભાવ આનંદનો નાથ પ્રભુ! અનંતગુણનો સંગ્રહાલય. મોટું ગોદામ હોય છે ને? ગોદામ. અમે તો બધું જોયું છે ને.

માલ લેવા 'મુંબઈ' જતા હતા. તો એક ગોદામ જોયું હતું, જેમાં કેસરના ડબ્બા, હજારો ડબ્બા (હતા). મોટો વેપાર હતો. (સંવત) ૧૯૬૫-૬૬માં માલ લેવા જતા હતા. કેસરના ડબ્બા. એ વખતે તો એક રૂપિયો .. હતો. અત્યારે તો મોંઘુ થઈ ગયું છે એમ કહે છે. અમારે વેપાર હતો ત્યારે કેસરના ડબ્બા લાવતા. ડબ્બો લેવા ગયા હતા. ઘણું મોટું ગોદામ. કેસરના ડબ્બા ભર્યા હતા. એમ આ ભગવાન આહાહા..! પૂર્ણ ગુણનું મોટું ગોદામ છે. પૂર્ણ ગુણનું ગોદામ છે. આહાહા..! ત્રણ બોલ. ઘણીવાર કહે છે ને? અનંતગુણનું ગોદામ છે. અનંત શક્તિનું સંગ્રહાલય છે. અનંતશક્તિનું સંગ્રહનો આલય–સ્થાન છે અને અનંતસ્વભાવનો સાગર છે. તમારો સાગર છે. આહાહા..!

એવા ભગવાનમાં યથાખ્યાતચારિત્રનો અભાવ છે. અરે..! કેવળજ્ઞાનનો અભાવ છે. છે? ક્ષાયિકભાવનું કેવળજ્ઞાન. આહાહા..! ભગવાન પૂર્ણાનંદ સહજાત્મ સ્વરૂપ. સહજ સ્વરૂપ પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પ્રભુ! એમાં કેવળજ્ઞાનની પર્યાયનો પણ અભાવ છે. કેમકે એ પર્યાય છે. એ દ્રવ્ય ઉપર તરે છે. કેવળજ્ઞાનનો પણ દ્રવ્યમાં પ્રવેશ નથી. આહાહા..! અહીં તો હજી પુણ્યના પરિણામ દયા-દાનથી ધર્મ થાય છે, વ્યવહાર કરતા-કરતા ધર્મ થાય છે (એમ માને). અરે..! પ્રભુ! આત્માને ઘણું કલંક લગાવે છે. આહાહા..!

અહીંયા તો કહે છે, કે કેવળજ્ઞાન ક્ષાયિકભાવ અને કેવળદર્શન ક્ષાયિકભાવ **'તથા અંતરાયકર્મના ક્ષયજનિત..'** નિમિત્તથી કથન છે. **'દાન,...'** પોતાના પૂર્ણ સ્વરૂપનું દાન પોતાને દીધું. **'લાભ,...'** પૂર્ણ સ્વરૂપનો લાભ થયો. પૂર્ણ સ્વરૂપનો ભોગ થયો. પૂર્ણ સ્વરૂપને વારંવાર ભોગવવું. અને પૂર્ણ વીર્ય. ક્ષાયિકભાવ એ દાન, ક્ષાયિકભાવ એ લાભ, ક્ષાયિકભાવ એ ભોગ, ક્ષાયિકભાવ એ ઉપભોગ અને ક્ષાયિકભાવ એ વીર્ય. આહાહા..! અનંત ચતુષ્ટય જે ભગવાનને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પ્રગટ થાય છે, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ અને અનંતવીર્ય. એ પર્યાયનો પણ ત્રિકાળી દ્રવ્યમાં અભાવ છે. આ તો લોકોને સાંભળવા પણ નથી મળતું. આહાહા..! દુનિયાના ભાગ્ય છે કે આવી ચીજ રહી ગઈ છે. આહાહા..! ત્રણલોકના નાથ સીમંધર ભગવાન સમવસરણમાં બિરાજે છે એમની આ વાણી છે. 'કુંદકુંદાચાર્ય' તો આડતિયા થઈને દુનિયાને જાહેર કરે છે. કે પ્રભુ આમ કહે છે, ભાઈ! આહાહા..!

તારી પ્રભુતાની મોટપમાં નાથ! કેવળજ્ઞાનનો પણ અભાવ છે, એવી તારી મોટપ છે. તારી મહિમાનો પાર નથી, પ્રભુ! આહા..! તું ક્યાં જાય છે? આહાહા..! થોડી લક્ષ્મી મળે, આબરૂ મળે, વિષય ભોગમાં અનુકૂળતા મળે, પ્રભુ! તારી મોટપનો પાર નથી. જેમાં કેવળજ્ઞાન, કેવળદર્શન પણ નથી. અને આ ચાર **'દાન, લાભ...'** પણ નહિ. પોતાના સ્વરૂપનું પૂર્ણ દાન અંદર આવી ગયું. પૂર્ણ સ્વરૂપનું સંપ્રદાન દાન, પર્યાયમાં પૂર્ણ સ્વરૂપનું દાન, પોતાનું દાન. પરના દાન-ફાનની વાત નથી. એ દાન અને પૂર્ણ સ્વરૂપનો પર્યાયમાં લાભ થયો–ક્ષાયિક લાભ. પૂર્ણ સ્વરૂપનો **'ભોગ,..'** વારંવાર ભોગવવો. એકવાર ભોગવવો એ ભોગ અને વારંવાર ભોગવવો એ **'ઉપભોગ'** એ ક્ષાયિકભાવ પ્રગટ્યો. અને **'વીર્ય,...'** પુરુષાર્થ ક્ષાયિકભાવ પ્રગટ થયો. એ ક્ષાયિકભાવ પ્રગટ થયો પણ એ ક્ષાયિકભાવ દ્રવ્યમાં નથી. આહાહા..! એવી દૃષ્ટિ કરાવવા સહજાત્મ સ્વરૂપ પ્રભુ, એની દૃષ્ટિ કરાવવા, સમ્યગ્દર્શન કરાવવા આ વાત કરી છે. અને એ સમ્યગ્દર્શન વિના બધા થોથા છે. એ અપવાસ કરે, લાખ કરોડ કરે અને અબજોના દાન કરે અને લાખો મંદિર બનાવે, એમાં સંસારનો અંત નથી આવતો. આહાહા..! વિશેષ કહેશે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૪૦, ગાથા-૪૧ શુક્રવાર, શ્રાવણ સુદ ૫, તા.૧૫-૦૮-૧૯૮૦

---

'નિયમસાર' ૪૧ ગાથા. બહુ સૂક્ષ્મ વાત છે. 'કુંદકુંદાચાર્ય' એમ કહે છે, કે મારી ભાવના માટે મેં તો બનાવ્યું છે. તમે સાંભળો અને સમજો એ તમારી સ્વતંત્રતા છે. મેં તો મારી ભાવના માટે બનાવ્યું છે. આહાહા..! કહે છે, કે ભગવાનઆત્મા ચૈતન્યસ્વરૂપ ચૈતન્યરત્નાકર દ્રવ્યસ્વભાવ. અહીં શુદ્ધભાવ અધિકાર છે ને? શુદ્ધભાવ એટલે ત્રિકાળી શુદ્ધ પવિત્ર પરમાનંદનો સાગર, અમૃતનો પિંડ એ દ્રવ્યસ્વભાવ, એમાં ચાર ભાવનો અભાવ (છે). આહાહા..!

શરીર, વાણી, મન તો બીજી ચીજી રહી. એ રોગ અને નીરોગ તો ક્યાંય જડમાં રહી ગયા. આહાહા..! સમજાણું કાંઈ? પોતાની પર્યાયમાં... ચાર ભાવ જે પોતાની પર્યાયમાં પોતાથી સ્વતંત્રપણે થાય છે, એ પર્યાય પણ, જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું છે, ધર્મની પહેલી સીઢી.. આહાહા..! એણે આ ચાર ભાવનું લક્ષ છોડી દેવું. આહાહા..! સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેશ, મકાન એ બધા પરનું લક્ષ છોડી દેવું એ ચીજ તો દૂર રહી ગઈ. આ તો એની

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પર્યાયમાં છે. ચાર ભાવ એની પર્યાયમાં છે. પંચમભાવ દ્રવ્યભાવ છે. આહાહા..! અરે..રે..! એ ભાવમાં ઉપશમ અને ક્ષયોપશમ બેની વાત આવી ગઈ.

ઉપશમ બે પ્રકારના : સમકિત અને ચારિત્ર આત્મામાં નથી. એ તો પર્યાયમાં છે. આહાહા..! તો પર્યાયદૃષ્ટિથી જાણવા લાયક છે પણ આદરવા લાયક નથી. આહાહા..! આકરું કામ. એમ ક્ષાયિક. કેવળજ્ઞાન, કેવળદર્શન એ 'છે' એમ જાણવાલાયક છે, પણ એ ભાવ દ્રવ્યમાં નથી માટે આદરણીય નથી. આહાહા..! સાધકને પોતાને કેવળજ્ઞાન તો છે નહિ પણ બીજાનું કેવળજ્ઞાન પણ પોતાને આદરણીય નથી. અને પોતાની પર્યાયમાં કેવળજ્ઞાન થશે, બે ત્રણ ભવ પછી થશે એ પણ આદરણીય નથી, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ બે વાત થઈ ગઈ છે.

આજે **'ક્ષાયોપશમિકભાવના અઢાર ભેદ આ પ્રમાણે છે : મતિજ્ઞાન,...'** સમ્યક્ મતિજ્ઞાન. છે? **'ક્ષાયોપશમિકભાવના અઢાર ભેદ.'** મતિજ્ઞાન. શેઠને હાથ નથી આવ્યું. ૪૧ ગાથા. જે પોતામાં નથી. **'મતિજ્ઞાન,...'** જે ગણધરદેવ મતિજ્ઞાનથી અને મતિપૂર્વક શ્રુતજ્ઞાનથી બાર અંગની રચના કરે. આહાહા..! એ મતિજ્ઞાન પણ પોતાના દ્રવ્યસ્વભાવમાં નથી. અને મતિજ્ઞાનનો આશ્રય કરવા લાયક નથી. અર..ર..! સમજાણું કાંઈ?

**'શ્રુતજ્ઞાન,...'** પર્યાયમાં બાર અંગનું શ્રુતજ્ઞાન હોય... આહાહા..! પણ એ આશ્રય કરવા લાયક નથી. એ શ્રુતજ્ઞાનની પર્યાય દ્રવ્યસ્વભાવમાં નથી. પાણીના દળમાં જેમ તેલના ટીપા, તેલની ચીકાશ ઉપર-ઉપર તરે છે, એમ ભગવાન ચિદાનંદનો સાગર અમૃતનું પૂર પ્રભુ! એમાં આ શ્રુતજ્ઞાનની પર્યાય ઉપર ઉપર તરે છે. આહાહા..! સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ! એ શ્રુતજ્ઞાનની પર્યાય પણ અંદર સમ્યગ્દર્શનનો વિષય જે દ્રવ્ય સ્વભાવ છે, શુદ્ધભાવ છે ને? એ સમ્યગ્દર્શનનો વિષય છે. એમાં શ્રુતજ્ઞાનનો અભાવ છે. ભાવશ્રુતજ્ઞાન, હોં! દ્રવ્યશ્રુતજ્ઞાન તો વાણી છે. એ તો વાણી છે, એ તો જડમાં જાય છે. આહાહા..! શાસ્ત્રની આ રચના જે છે એ તો જડની પર્યાય છે. એની તો અહીંયા વાત જ નથી.

પોતામાં પોતાના આનંદ સ્વભાવનું ભાન ભાવશ્રુતમાં વિકલ્પથી રહિત નિર્વિકલ્પપણે (થયું).. ૧૪૪ ગાથામાં આવ્યું છે. શ્રુતજ્ઞાનનો વિકલ્પ પણ છોડી દે. આહાહા..! મને શ્રુતજ્ઞાન આટલું પ્રગટ થયું છે એનું લક્ષ છોડી દે, એનો આશ્રય છોડી દે. આહાહા..! તારી ચીજ પૂર્ણાનંદથી ભરેલી છે, એનો જો આશ્રય કરવો હોય, સમ્યગ્દર્શન ધર્મની પહેલી સીઢી, પહેલું સોપાન જો તારે પ્રગટ કરવું હોય, તો એ મતિ-શ્રુતજ્ઞાનનો પણ દ્રવ્યમાં અભાવ છે. આહાહા..! છે?

**'અવધિજ્ઞાન...'** (નો) દ્રવ્યમાં અભાવ છે. પર્યાયમાં રૂપીને જાણનારુ અવધિજ્ઞાન હોય. વસ્તુમાં નથી. વસ્તુ તો પંચમપારિણામિક જ્ઞાયકભાવ, પરમપરમેશ્વરસ્વરૂપ (છે). આહાહા..! પરમપરમેશ્વર. પર્યાયમાં પરમેશ્વર કેવળજ્ઞાન થાય છે, આ તો પરમપરમેશ્વર. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એવો જે ભગવાનઆત્મા, એમાં અવધિજ્ઞાનનો પણ અભાવ છે. પર્યાયમાં હો, છે એટલું જાણવાલાયક છે. આદરવા લાયક નથી, ઉપાદેય નથી. આહાહા..! અવધિજ્ઞાન ઉપાદેય નથી. અરે..! પ્રભુ! તો પછી દયા, દાન અને વ્રતના વિકલ્પ ઉપાદેય (કહે), પ્રભુ! ઘણોં ફેર છે. આહાહા..! વીતરાગમાર્ગ પ્રભુ ઘણોં ફેર છે. આહાહા..! એ **'અવધિજ્ઞાન...'**

**'મનઃપર્યયજ્ઞાન...'** નહિ. અહીંયા ક્ષયોપશમની વાત છે ને? ક્ષાયિકમાં તો કેવળજ્ઞાન આવી ગયું. મનઃપર્યયજ્ઞાન. સામાના મનના ભાવ પણ જાણી શકે એવું મનઃપર્યયજ્ઞાન એ પર્યાયમાં છે, વસ્તુમાં નથી. અને એનો આશ્રય કરવા લાયક નથી. આહાહા..! એક બાજુ આમ કહે અને એક બાજુ ભગવાનની પ્રતિમાની પૂજાના ભાવની વાત કરે. આહાહા..! ભગવાન! સ્યાદ્વાદની શૈલી કોઈ અલૌકિક છે. એ અંતરમાં સમજવું એ ચીજ કોઈ અલૌકિક છે. આહાહા..! શું કહ્યું? આહાહા..! બહુ માર્ગ જુદો છે, બાપા! 'કેશુભાઈ' છે ને? એ તો છે ને? જાણીએ છીએ. એના મકાનમાં રહ્યા હતા ને.

અહીં પરમાત્મા એમ કહે છે, ત્રિલોકનાથ જિનેશ્વરદેવ, એની વાણીમાં આવ્યું અને અનુભવમાં મુનિને આવ્યું એ મુનિ એમ કહે છે, કે મનઃપર્યય એ ચાર જ્ઞાન. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન એ ચાર જ્ઞાન આત્મામાં નથી. આહાહા..! એ દ્રવ્ય–વસ્તુ જે સમ્યગ્દર્શનનો વિષય છે, જેને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે, એ ચીજમાં આ ચાર જ્ઞાનનો અભાવ છે. અરે..રે..! સાંભળવું મળે નહિ બિચારાને, શું કરે? બંધાયને... આહાહા..!

એ પરમાત્મા 'કુંદકુંદાચાર્ય' ભગવાન પાસે ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યું. આહાહા..! અત્યારે કેવળજ્ઞાની ભગવાન તો મહાવિદેહમાં બિરાજે છે. તો કહે છે, કે ચાર જ્ઞાનની પર્યાય જે સમ્યક્ છે એ પણ આશ્રય કરવા લાયક નથી. એ ચાર જ્ઞાનની પર્યાય દ્રવ્યમાં નથી. શુદ્ધ દ્રવ્ય જે સમ્યગ્દર્શનનું ધ્યેય છે, જેના આશ્રયથી સમ્યગ્દર્શન થાય છે, એમાં ચાર જ્ઞાનનો પણ અભાવ છે. આહાહા..! તો દયા, દાન, વ્રત, ભક્તિ, તપના પરિણામ તો શુભરાગ ઝેર જેવા છે, એ તો ક્યાંય દૂર રહી ગયા. આહાહા..! આકરી વાત, પ્રભુ! વીતરાગમાર્ગ કોઈ (જુદો છે).

અનંતકાળમાં, અનંતભવ કર્યા. દિગંબર સાધુ અનંતવાર થયો. આહાહા..! શ્વેતાંબર સાધુ તો સાધુ જ નથી. જૈનદર્શનમાં એ વાત કબુલ નથી કરી. પણ દિગંબર સાધુ અનંતવાર થયો. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો. પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' મુનિવ્રત ધારણ કર્યા, પંચમહાવ્રત લીધા, અઠ્ઠાવીશ મૂળગુણ પાળ્યા, નગ્નપણું લીધું. પંચમહાવ્રત નિરતિચાર પાળ્યા. પણ એ તો રાગ છે. ભગવંત! મહાવ્રત એ રાગ છે, દુઃખ છે, આસ્રવ છે. આહાહા..! એનો તો આશ્રય કરવા લાયક છે જ નહિ, પણ ચાર જ્ઞાનની ઉત્પત્તિ થઈ હોય એનો આશ્રય કરવા લાયક નથી. છે?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'કુમતિજ્ઞાન, કુશ્રુતજ્ઞાન ને વિભંગજ્ઞાન એવા ભેદને લીધે અજ્ઞાન ત્રણ;...'** એ આત્મામાં નથી. કુશ્રુત, કુમતિ અને વિભંગ. વિભંગમાં સાત દ્વિપ સમુદ્ર દેખાય છે. મિથ્યાદૃષ્ટિને એવો ક્ષયોપશમ થાય છે, કે સાત દ્વિપ અને સાત સમુદ્ર દેખે. એ વિભંગજ્ઞાન પણ પર્યાયમાં છે, દ્રવ્યમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? વાતું બાપુ! દુનિયાથી બહુ જુદી ચીજ છે. અત્યારે તો એટલી ગડબડી થઈ ગઈ છે, કે આખુ મિથ્યાત્વનું પોષણ ચાલે છે. આહાહા..!

અહીં તો કહે છે કે, ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન એ પણ આશ્રય કરવા લાયક નથી. પહેલા તો એ આવી ગયું કે કેવળજ્ઞાનની પર્યાય પણ આશ્રય કરવા લાયક નથી. કેમ કે એક સમયની પર્યાય નાશવાન છે. પ્રભુ અંદર દ્રવ્યસ્વભાવ અવિનાશી ત્રિકાળ છે. આહાહા..! અનાદિ અનંત આનંદનો કંદ પ્રભુ, અમૃતનું પૂર અને જ્ઞાનના નૂરના તેજનો સાગર... આહાહા..! એમાં તો ચાર જ્ઞાનનો પણ અભાવ છે અને ત્રણ અજ્ઞાનનો પણ અભાવ છે. આહાહા..! છે?

દર્શન. **'ચક્ષુદર્શન, અચક્ષુદર્શન ને અવધિદર્શન એવા ભેદને લીધે દર્શન ત્રણ;...'** છે. આ ત્રણનો પણ દ્રવ્યમાં અભાવ છે. સમ્યગ્દર્શનનો વિષય જે અંતર ધ્રુવ ત્રિકાળી પરમાત્મા એની દૃષ્ટિથી, લક્ષથી સમ્યગ્દર્શન થાય છે. હજી તો ધર્મની પહેલી સીઢી, ધર્મનું પહેલું સોપાન, એમાં તો ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાનનો પણ અંતરમાં અભાવ છે. એના ઉપર દૃષ્ટિ કરવાથી (સમ્યગ્દર્શન થાય છે). સમજાણું કાંઈ? આ તમારા સંસારના ચોપડા નથી. આ બીજી જાતના ચોપડા છે. 'ધન્નાલાલજી'! આહાહા..!

એ ત્રણ દર્શનની પર્યાય અંદર ઉત્પન્ન થઈ. ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, પર્યાયમાં છે. પણ એ પર્યાય જેમ પાણીનું દળ હોય, મણ બે મણ પાણી (હોય) એમાં તેલનું બિંદુ હોય. એ તેલના બિંદુનો પાણીમાં પ્રવેશ નથી. એમ ભગવાનઆત્મા એક સમયમાં નિત્યાનંદ, સચ્ચિદાનંદ પ્રભુ, એમાં આ ચાર જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન ઉપર-ઉપર તરે છે. પાણીના દળમાં જેમ તેલનું ટીપુ ઉપર તરે છે, એમ દ્રવ્ય ઉપર પર્યાય તરે છે. એ પર્યાયનો અંદરમાં પ્રવેશ નથી. આહાહા..! અરે..! આવી વાત! સમ્યગ્દર્શનની પહેલી દશા. હજી તો ચોથું ગુણસ્થાન. શ્રાવક તો ક્યાંય રહી ગયા, બાપુ! એ તો છે ક્યાં અત્યારે? પાંચમું ગુણસ્થાન અને મુનિપણું એ ચીજ તો લોકોએ સાંભળી નથી. અહીં તો હજી સમ્યગ્દર્શનની પર્યાય એ જેના આશ્રયથી અને ધ્યેયથી ઉત્પન્ન થાય છે, એમાં આ ત્રણ દર્શન અને ચાર જ્ઞાન અને કેવળજ્ઞાનનો પણ અભાવ છે. આહાહા..! આવી વાત છે. પાછળ.

હવે આ એક નવી વાત આવી. **'કાળલબ્ધિ,...'** જુઓ! છે? કાળલબ્ધિ એટલે? પાંચના નામ આવડે છે? ક્ષયોપશમલબ્ધિ, કરણલબ્ધિ, દેશનાલબ્ધિ, વિશુદ્ધિલબ્ધિ, (પ્રાયોગ્યલબ્ધિ) એ પાંચ બોલ છે. સમકિત પામવા પહેલા પાંચ બોલ આવે છે. પણ એ બોલનો આશ્રય કરવાથી નહિ. આહાહા..! એમાં એક ક્ષયોપશમ લબ્ધિ આવે છે. સમ્યગ્દર્શન થયા પહેલા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ક્ષયોપશમ લબ્ધિ હોય છે, તેને અહીં કાળલબ્ધિ કહી. આહાહા..! ક્ષયોપશમ કોને કહેવો? ને કાળલબ્ધિ કોને કહેવી? અરે..! ભગવાન! અનાદિથી ભ્રમણામાં ભૂલો પડ્યો. આહાહા..! ક્યાંય વાત રહી ગઈ. આહાહા..! અને ચાર ગતિ ચોરાશીમાં નરક અને નિગોદ. વંટોળિયામાં જેમ તણખલું ઉડે છે એમ મિથ્યાશ્રદ્ધાથી ચોરાશી લાખના ભવમાં તણખલાની જેમ ઉડે છે. પર્યાયના આશ્રયથી પણ વિકલ્પ ઉઠે છે. તો અહીં તો હજી દયા, દાન અને વ્રત, તપ અને ભક્તિથી ધર્મ થાય છે (એમ માનવું એ તો) મોટું મિથ્યાત્વ છે. આહાહા..! સમજાણું કાંઈ? આ વાત તો એવી છે. ભગવાનના ઘરની વાત તો એવી છે, ભાઈ! દુનિયાને તો સાંભળવા મળવી મુશ્કેલ પડે એવી છે. દુનિયાની ખબર છે. આહાહા..!

અહીં શરીરને તો ૯૦ વર્ષ થયા. ૬૮ વર્ષ તો દુકાન છોડ્યાને થયા છે. ૬૮ વર્ષ. આનો અભ્યાસ તો દુકાન ઉપરથી હતો. મોટી દુકાન છે અત્યારે. 'પાલેજ' છે ને? 'પાલેજ'. 'ભરૂચ' અને 'વડોદરા' વચ્ચે અત્યારે પણ મોટી દુકાન છે. ૪૦ લાખ રૂપિયા છે. ૪૦ લાખની દુકાન, એક વર્ષની ૪ લાખની ઉપજ. 'ભરૂચ' (અને 'વડોદરા' વચ્ચે) 'પાલેજ' છે. તો દુકાન ઉપર મેં પણ પાંચ વર્ષ ધંધો કર્યો હતો. ૧૭ વર્ષની ઉંમરથી લઈને ૨૨ વર્ષની ઉંમર સુધી. ૨૨ વર્ષે મેં છોડી દીધું. મેં તો કીધું ભાઈ આ તો એકલું પાપ છે. આમાં કોઈ ધર્મ તો નથી પણ પુણ્ય પણ નથી. એકલું પાપ. આખો દિ' ધંધો કરવો, આમ કરવું.. આમ કરવું.. ધંધાનો વેપાર, એકલું પાપ. અને થોડો વખત મળે એમાં ૬-૭ કલાક ઉંઘમાં જાય, એ પણ પાપ. થોડો વખત મળે એ બાયડી, છોકરાને રાજી કરવામાં ભોગમાં જાય. અર..ર..! પાપ. ધર્મ તો ક્યાંય નથી પણ પુણ્યના પણ ઠેકાણા નથી. આહાહા..!

અહીં તો પરમાત્મા કહે છે, કે પુણ્યભાવ, શુભભાવ છે, દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, એ શુભભાવનો તો દ્રવ્યમાં અભાવ છે. અને એ શુભભાવ કર્મના નિમિત્તથી ઉત્પન્ન થયો એમ પણ નથી. આહાહા..! અરે..રે..! આ ક્યાં સાંભળવું? બાપુ!

અહીં કાળલબ્ધિ કહે છે. પંડિતજી! મુનિનું એટલું જોર છે કે કાળલબ્ધિથી થાય છે એનું લક્ષ છોડાવી દે એવું છે. આહાહા..! થાય છે તો કાળલબ્ધિથી પણ કહે છે કે એનું લક્ષ છોડી દે. નહિતર એને તો ક્ષયોપશમભાવ કહ્યો હતો. સિદ્ધાંતમાં બીજે ઠેકાણે ક્ષયોપશમભાવ કહે છે. ક્ષયોપશમ અવસ્થા. આ ક્ષયોપશમની વાત ચાલે છે. એમાં કાળલબ્ધિને ક્ષયોપશમ કહ્યું. એ કાળલબ્ધિનો પણ સ્વરૂપમાં તો અભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

અમે તો પહેલેથી કહીએ છીએ કે કાળલબ્ધિનું જ્ઞાન ક્યારે થાય છે? કે સ્વરૂપ ચિદાનંદ ભગવાન પૂર્ણાનંદનો અનુભવ થાય ત્યારે કાળલબ્ધિનું સાચું જ્ઞાન થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? અહીંયા તો (સંવત) ૧૯૭૨ની સાલથી અમે કહીએ છીએ. ૧૯૭૨ની સાલથી. ૬૩ વર્ષ થયા, ૬૩. આહાહા..! કાળલબ્ધિનો અર્થ જો કોઈ એમ કહે કે થવાનું હશે ત્યારે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થશે, આપણે કાંઈ કરવાનું નથી. સ્વભાવનો પુરુષાર્થ કરવો નહિ. એ કાળલબ્ધિ ધારણામાં લીધી તો એનાથી શું થયું? પણ એ કાળલબ્ધિ... મુનિરાજને બહુ તીવ્ર પુરુષાર્થ છે. 'પદ્મપ્રભમલધારીદેવ' મુનિ. ઘણોં પુરુષાર્થ. કાળલબ્ધિ તારા સ્વરૂપમાં નથી. આહાહા..!

તારું સ્વરૂપ તો દૃષ્ટિ કરવાથી સમ્યક્ અનુભવ થાય છે, જ્યારે સમકિત થાય છે ત્યારે અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. ચોથે ગુણસ્થાને સમકિત. હજી પાંચમું, છઠ્ઠું ગુણસ્થાન તો ક્યાં રહ્યું, બાપુ! એ તો બહુ આઘી વાત છે. હજી અહીં તો ચોથા ગુણસ્થાનમાં કાળલબ્ધિનું લક્ષ છોડીને, મારી ચીજ અંદર પૂર્ણાનંદ છે, એનો આશ્રય કરવાથી જે સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે, એમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. એમ ને એમ સમકિત માની લે કે આ સમકિત છે એવી વાત નથી. અતીન્દ્રિય આનંદ ભગવાનઆત્મામાં પૂર્ણાનંદ પડ્યો છે. અતીન્દ્રિય અમૃતનો રસ પડ્યો છે, પ્રભુ! એના સ્વાદનો અંશ કાળલબ્ધિનું લક્ષ છોડીને, દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરે (ત્યારે આવે છે). આહાહા..!

અંતર ભગવાન પૂર્ણાનંદનો નાથ, સર્વજ્ઞ પર્યાય જે પરમાત્માને પ્રગટ થઈ, તો એ સર્વજ્ઞ સ્વભાવમાંથી થઈ છે. આત્મામાં સર્વજ્ઞસ્વભાવ પડ્યો છે. અરે..રે..! ક્યાં માને? ક્યાં સાંભળે? આત્મામાં સર્વજ્ઞ સ્વભાવ પડ્યો છે. એ સ્વભાવનું લક્ષ કરવાથી કાળલબ્ધિનું પણ લક્ષ છૂટી જાય છે. 'ગોમ્મટસાર'માં કાળલબ્ધિને ક્ષયોપશમ કહ્યું છે. કાળલબ્ધિને ક્ષયોપશમલબ્ધિ કહી છે. ક્ષયોપશમ, એનો પણ દ્રવ્યમાં તો અભાવ છે. આહાહા..! અહીં આચાર્યની તો તીવ્ર પુરુષાર્થ જાગૃતિ છે, તો કાળલબ્ધિ પણ સ્વરૂપમાં નથી. તારે કાળલબ્ધિ ઉપર લક્ષ કરવું નહિ. આહાહા..! આકરી વાત છે, બાપુ! વીતરાગ માર્ગ... પરમેશ્વર જૈનેશ્વર એની વાત કોઈ અલૌકિક છે. અત્યારે સંપ્રદાયમાં તો એ વાત જ નથી. વ્રત કરો, અપવાસ કરો, તપસ્યા કરો, આ ત્યાગ કરો અને આ ત્યાગ કરો. પરનો ત્યાગ અને પરનું ગ્રહણ, એ તો મિથ્યાત્વનું પોષણ છે. ઝીણી વાત છે, પ્રભુ! આકરી વાત છે. આહાહા..!

અહીં તો કાળલબ્ધિ ઉપર જરી વજન છે. કાળલબ્ધિ 'કળશટીકા'માં બહુ આવે છે. અને પાંચ સમવાયમાં કાળલબ્ધિ છે પણ ખરી. પાંચ સમવાય છે ને? પાંચ સમવાયની પણ ખબર ન મળે. પાંચ સમવાય શું છે? આહાહા..! કાળ, નિયતિ, ભવિતવ્યતા એ બધું નિયતિમાં જાય છે અને પુરુષાર્થ, સ્વભાવ અને નિમિત્તનો અભાવ એવા એક સમયમાં પાંચ કારણ છે. આહાહા..! તો એ પાંચ કારણમાં કાળલબ્ધિનું પણ લક્ષ છોડી દે એમ કહે છે. ઝીણી વાત છે, ભાઈ! દુનિયાને તો જાણીએ છીએ. આખી દુનિયા શું છે (ખબર છે). અહીં તો ૯૦ વર્ષ થયા. ૬૭ વર્ષ તો દુકાન છોડી ને દીક્ષા લીધી એને થયા. ૬૦ અને ૭. આ તો એક જ ધંધો છે.

અહીં પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરદેવ એમ કહે છે, કે કાળલબ્ધિ તારી ચીજમાં નથી. આહાહા..! મુનિરાજની દશા તો જુઓ! મુનિ હોય છે એ તો નગ્ન હોય છે અને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અંતરમાં નિર્વિકલ્પ આનંદની દશાનું ઉગ્ર સંવેદન મુનિને હોય છે. એને અહીં જૈનદર્શનમાં મુનિ કહે છે. અંતરમાં સ્વસંવેદનમાં અતીન્દ્રિય આનંદ. સમ્યગ્દષ્ટિ થઈ, ધર્મની પહેલી દષ્ટિ, એમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. સાચો શ્રાવક પાંચમે ગુણસ્થાને જાય છે... આ વાડાના શ્રાવક એ શ્રાવક-બાવક નથી. પાંચમા ગુણસ્થાને જાય છે...એય..! 'ધન્નાલાલજી'! આહાહા..! ભાઈ 'રતનલાલજી' આવવાના છે કહે છે. 'રતનલાલજી' છે ને? એ આવવાના છે. એની પાસે પાંચ-છ કરોડ રૂપિયા છે. પાંચ-છ કરોડ ધૂળ છે. એ ધૂળને પોતાની માને એ તો મિથ્યાદષ્ટિ મૂંઢ છે. પૈસા મારા છે અને લક્ષ્મી મારી છે, એ તો મિથ્યાદષ્ટિ જૈન જ નથી, અજૈન છે. આહાહા..! આકરી વાત છે, બાપુ!

અહીં તો પ્રભુ એમ કહે છે, કે કાળલબ્ધિ જે સમયે થશે તે થશે. સમ્યગ્દર્શન પણ જે સમયે થવાનું હશે તે કાળલબ્ધિથી થશે. આહાહા..! પણ કહે છે, પ્રભુ! તારી પ્રભુતા ઉપર દૃષ્ટિ દે, એ પર્યાય કાળલબ્ધિ ઉપરથી લક્ષ છોડી દે. આહાહા..! સમજાણું કાંઈ? એય...! 'ભભૂતમલજી'! આ બધા કરોડપતિ બેઠા છે. ૨-૨ કરોડ, ૫૦ લાખ અને ધૂળ લાખ બધા પૈસાવાળા છે. આહાહા..! ધૂળ પૈસાવાળા છે? અહીં તો કહે છે, કે કાળલબ્ધિવાળો પણ આત્મા નથી. આહાહા..! અરે..! પ્રભુ! સમ્યગ્દર્શન કોઈ વીતરાગનો...

ધર્મની પહેલી સીઢી સમ્યગ્દર્શન, સમકિત. આહાહા..! એ સમકિતનો વિષય જે ત્રિકાળી શુદ્ધભાવ છે ને? ઉપર લખ્યું છે. શુદ્ધભાવ કહો કે દ્રવ્ય સ્વભાવ કહો કે ત્રિકાળી આનંદનો નાથ, મહા અખંડાનંદ નાથ પરમસ્વભાવ પરમપારિણામિકભાવ એ સમ્યગ્દર્શનનો વિષય છે. તો એ સમ્યગ્દર્શનના વિષયમાં કાળલબ્ધિનો અભાવ છે. આહાહા..! અમે તો ઘણાં વર્ષથી કહીએ છીએ, કે ભાઈ! કાળલબ્ધિ.. કાળલબ્ધિ.. કહો છો તો તમારે શું ધારણા કરવી છે? આ કાળે થયું તો એ કાળલબ્ધિનું જ્ઞાન ક્યારે થાય? કે સ્વદ્રવ્યના આશ્રયથી જ્ઞાન થાય તો કાળલબ્ધિનું જ્ઞાન થાય છે. 'લાલચંદભાઈ'! આહાહા..! માણસો બહુ કહે છે. કોઈ એમ કહે છે. સાંભળો, પ્રભુ! થાય છે તો કાળલબ્ધિથી, જે સમયે થવાનું છે ત્યારે થશે. આગળ-પાછળ નહિ થાય. પણ એ કાળલબ્ધિનું લક્ષ છોડીને દ્રવ્ય સ્વભાવનું જ્ઞાન થાય છે, ત્યારે જે સમયે થવાનું એનું જ્ઞાન થાય છે. અરે..રે..! આવી વાત! પ્રભુની ક્યાં કરવી?

જિનેશ્વરદેવ ત્રિલોકનાથ સીમંધર પરમાત્મા તો બિરાજે છે. પાંચસો ધનુષ(નો દેહ છે), કરોડ પૂર્વનું આયુષ્ય છે. 'કુંદકુંદાચાર્યદેવ' બે હજાર વર્ષ પહેલા ત્યાં ગયા હતા. બે હજાર વર્ષ પહેલા. સંવત ૪૯. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યું છે. સમજાણું કાંઈ? શ્વેતાંબરના શાસ્ત્ર તો કલ્પિત છે. સ્થાનકવાસી અને દેરાવાસીના જે શાસ્ત્રો છે એ તો કલ્પિત બનાવ્યા છે. ભગવાનના નથી, સમકિતીના નથી. અરે..રે..! જગતને આ કઠણ પડે. એય..! 'ભભૂતમલજી'! એને નાત બહાર કરતા હતા. એની પાસે બે કરોડ રૂપિયા હતા. આ બાજુ આવ્યા ને તો નાત બહાર કરતા હતા. ૪૦ હજાર દઈને રાખ્યા. પણ પ્રેમ તો અહીં રહી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ગયો. ૪૦ હજાર દઈને નાતમાં રહ્યા. ધૂળમાં નથી. ભાઈ! તને ખબર નથી, નાથ! અહીં તો કાળલબ્ધિ બહુ અલૌકિક વાત છે.

'ગોમ્મટસાર'માં અને બીજા શાસ્ત્રોમાં તેને ક્ષયોપશમ લબ્ધિ કહી છે. પંડિતજી! અહીં એને કાળલબ્ધિ કહી છે. આહાહા..! જે સમયે જે સમ્યગ્દર્શન થવાનું છે તે થશે. પણ એની પર્યાયનું જ્ઞાન ક્યારે થાય છે? કે ત્રિકાળી દ્રવ્ય ભગવાન પૂર્ણાનંદના નાથનો અનુભવ થાય, ત્યારે પર્યાયનું જ્ઞાન સાચું થાય છે. આહાહા..! કહો, 'કપૂરચંદજી'! આવી વાત ક્યાંય સાંભળી પણ નથી. અલૌકિક. પૈસા તો ઘણાં છે. ૪૦-૪૦, ૫૦-૫૦ લાખવાળા બધા છે. ધૂળ-ધૂળ, પુદ્ગલ, માટી. આહાહા..! આ માટી છે તો એ માટી તો શું?

અરે..! પ્રભુ! શાસ્ત્રમાં તો ભગવાન એમ કહે છે, કે પુણ્યના પરિણામ એ... આહાહા..! ક્લેશનું શરીર છે. અર..ર..! આવી વાત ક્યાં સાંભળે બાપા? એ દયા, દાન, વ્રત અને અપવાસ હું કરું એવો જે ભાવ છે, એ ક્લેશનું શરીર છે. ક્લેશરૂપ શરીર છે. ભગવાન અંદર જ્ઞાનસ્વરૂપ શરીર છે. અંદર આ, હોં! અરે..રે..! ક્યાં બેસે?

એકવાર કહ્યું હતું, કે ચાર પ્રકારના (શરીર છે). એક આ શરીર છે ઔદારિક, એક અંદર તૈજસ શરીર છે, એમાં એક કાર્મણ શરીર–કર્મ પરમાણુ ત્રણ. આહારક શરીર છે. તેજસ, ઔદારિક, દેવને વૈક્રિયક શરીર છે. પાંચ શરીર છે. એ પાંચ શરીરનો આત્મામાં અભાવ છે. આહાહા..! શરીર તો જડ છે. જડની પર્યાયનો સ્વરૂપમાં તો અભાવ છે. એક આંગળીમાં, બીજી આંગળીનો અભાવ છે. એમ એક ચીજમાં બીજી ચીજનો અભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે, આહાહા..! એ શરીર તો એમાં નથી. હવે પુણ્ય અને પાપના ભાવ એ ક્લેશરૂપ શરીર છે. શાસ્ત્રમાં વિગ્રહમાં એવો પાઠ છે. કે પુણ્ય અને પાપનો ભાવ વિગ્રહ શરીર છે, વિકારી શરીર છે. એનો અભાવ (છે). આહાહા..! અને ભગવાનઆત્મા જ્ઞાનશરીર છે. અંદર ચૈતન્ય, ચૈતન્ય પ્રકાશનો પુંજ, ચૈતન્ય પ્રકાશનો ચંદ્ર જેમ, ચંદ્ર જેમ પ્રકાશમય શીતળ, એનાથી અનંતગુણી શીતળતાથી ભરેલો પ્રભુ આ આત્મા છે. અરે..રે..! ક્યાં જાય? ક્યાં જોવો? એને જ્ઞાનવિગ્રહ કહ્યો છે. આત્માના સ્વભાવને વિગ્રહનું શરીર કહ્યું છે. એ ચૈતન્યશરીર છે. પુણ્ય-પાપ વિગ્રહ ઝેર શરીર છે, રાગ શરીર છે. આ પરમઔદારિક આદિ પુદ્ગલ શરીર છે. એ ત્રણે શરીરનો, રાગનો, પરનો અને પાંચ શરીરનો આત્મામાં અભાવ છે. આહાહા..! કહો, 'પન્નાલાલજી'!

હસ્તિનાપુર ગયા હતા ને? નામ આવ્યા હતા નામ. 'પન્નાલાલજી' અહીં આવ્યા હતા. આહાહા..! ત્યાં તો 'જ્ઞાનમતિ' બધા ગપ મારે છે. વ્યવહારથી લાભ થાય છે. 'દિલ્હી'માં ૨૫ લાખનો જંબુદ્વિપ કરે છે. અર્જિકા છે. ૨૫ લાખનું ત્યાં બનાવ્યું છે. ત્યાં માનસ્તંભ બનાવ્યો છે. ૮૦ ફૂટ લાંબો. ૮૫ ફૂટ હસ્તિનાપુરમાં. આપણે અહીં ૬૩ ફૂટ માનસ્તંભ છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



૬૩ ફૂટ છે. અત્યારે ૮૫ ફૂટનો બનાવ્યો છે. વાત (એમ કરે), એનાથી ધર્મ થાય અને એનાથી લાભ થાય. ધૂળમાં પણ ધર્મ નથી. આહાહા..!

અહીં તો કાળલબ્ધિ આત્મામાં નથી. ગજબ વાત કરે છે. આહાહા..! શું થાય? બાપુ! પ્રભુ! તારી ચીજ કોઈ બીજી છે. આ શરીર તો માટી ધૂળ છે. જ્યારે લોઢાનો ખીલો કે ચૂંક વાગે તો એમ કહે કે મારી માટી પાકણી છે. માટે પાણી ન અડાડવું. ત્યારે એમ કહે મારી માટી પાકણી છે. એને માટી કહે અને આમ કહે કે એ શરીર મારું છે. અરે..રે..! મૂર્ખ છો. પૈસા મારા છે એ માન્યતા તો મિથ્યાત્વ છે. મિથ્યાદૃષ્ટિ છે, એ જૈન નથી. પૈસા મારા છે એ જડને પોતાના માનવા, જીવમાં જડને પોતાના માનવા એ તો મિથ્યાદૃષ્ટિ જૈન નથી.

મુમુક્ષુ :– વ્યવહારથી તો નથી.

ઉત્તર :– વ્યવહારથી તો કહેવામાં આવે છે. ભાષા કહો. અમે 'રાજકોટ'ના રહેવાસી છીએ એમ કહે તો શું 'રાજકોટ' એનું થઈ ગયું? સમજાણું કાંઈ?

અહીં તો પરમાત્મા... આહાહા..! કાળલબ્ધિ. આ જરી સૂક્ષ્મ વાત હતી ને, બાપુ! એટલે સ્પષ્ટીકરણ કર્યું. એ તો આચાર્યે જ આમાં નાખ્યું છે. બીજે એક ઠેકાણે આગળ છે. વાદવિવાદ નહિ કરવા, ત્યાં પણ છે. અહીંયા 'નિયમસાર'માં છે. વાદવિવાદ ન કરવો એ શ્લોકમાં આ પાંચ નામ છે. પરની સાથે વાદવિવાદ ન કરવો. જૈન હો કે અન્ય હો. કારણ કે ચીજ કોઈ અલૌકિક છે. એ ચીજ લોકોને સાંભળવા મળી નથી. તો તમે કોની સાથે વાદ કરશો? છે? પાછળ છે. કઈ ગાથા છે? .. છે ને કાંઈક? એવો પાઠ છે. ૧૫૬? ગાથા. જુઓ!

**'णाणाजीवा णाणाकम्मं णाण विह'** છે? એમાં આ વાત છે. સમજાણું કાંઈ? **'કાળ કરણ, ઉપદેશ, ઉપશમ અને પ્રાયોગ્યતારૂપ...'** છેલ્લી લીટી છે. એમાં આ પાંચ સ્વરૂપ પડ્યા છે. છે? શું છે? **'પ્રાપ્તિરૂપ લબ્ધિ કાળલબ્ધિ, કરણલબ્ધિ, ઉપદેશલબ્ધિ, ઉપશમલબ્ધિ અને પ્રાયોગ્યતારૂપ...'** જે શબ્દો અહીંયા છે એ જ ત્યાં છે. તો કહે છે, કે જીવ અનેક પ્રકારના છે, પ્રભુ! તું કોની સાથે વાદ કરીશ? લોકોની સંપદા, પોતાના પૈસા, જ્યાં ત્યાં પડ્યા એ માને છે. તું કોની સાથે આ વાદ કરીશ? કેમ કે કાળલબ્ધિ ભિન્ન છે, એની કરણલબ્ધિ ભિન્ન છે, ક્ષયોપશમ ભિન્ન છે, આહાહા..! એની દેશનાલબ્ધિ ભિન્ન છે, વિશુદ્ધિ ભિન્ન છે. આહાહા..! અરે..રે..! પ્રભુ શું કરે?

વાદવિવાદ ન કરવો એમાં આ આવ્યું છે. કોની સાથે કરે તું? આ વાત કોને બેસશે? કોને બેસે આ વાત? અજ્ઞાની આખો દિ' પાપ કરે છે. હજી ધર્મના તો ઠેકાણા નથી, પુણ્યના ઠેકાણા નથી. આહાહા..! એને તું આ કહે કે તારામાં ક્ષયોપશમ જ્ઞાનની પર્યાય અને કેવળજ્ઞાનની પર્યાય દ્રવ્યમાં નથી. એનું માપ ક્યાંથી કરશે એ? સમજાણું કાંઈ? આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



માપ કરવાની ચીજ જ જુદી છે. એકવાર દૃષ્ટાંત આપ્યું હતું. રવિવારનો દિવસ હતો. એના પિતાજી ૫૦ હાથ કાપડ લઈ આવ્યા. આલપાક આવે છે ને? આલપાક. ૫૦ હાથ. છોકરો આઠ વર્ષનો હતો. એને કહ્યું, બેટા! ૫૦ હાથ કાપડ લઈ આવ્યો છું. એણે પોતાના હાથથી માપ્યું તો ૧૦૦ હાથ થયા. પિતાજી! તમે ૫૦ હાથ કહો છે એ ખોટી વાત છે. આ તો સો હાથ છે. બેટા! તારો હાથ કામ ન આવે. તારું માપ અમારા માપમાં કામ ન આવે. અમારા હાથથી માપે એ માપ સાચું છે. એમ ભગવાન કહે છે, કે તારી દુનિયાની કલ્પનાથી તું માપ કાઢે એ માપ કામ નહિ આવે. 'કપૂરચંદજી'! સારું આવી ગયા. આહાહા..! પ્રભુ! અંતરની વસ્તુનું માપ કાઢવું એ કોઈ અલૌકિક વસ્તુ છે, બાપુ! હજી સમ્યગ્દર્શન, હોં! ચોથું ગુણસ્થાન. પાંચમું ગુણસ્થાન અને મુનિપણું તો હિન્દુસ્તાનમાં અત્યારે ક્યાં છે? બાપુ! આહાહા..! ઝીણી વાત બહુ. આહાહા..!

અહીં કહે કે કાળલબ્ધિ નહિ. '**કરણલબ્ધિ,...**' કરણલબ્ધિ છે? અધઃકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ એટલા પરિણામના ત્રણ ભેદ છે. સમકિતદર્શન થયા પહેલા આ કરણલબ્ધિ (થાય છે). સિદ્ધાંતમાં લેખ છે. એ કરણલબ્ધિ પણ સ્વરૂપમાં નથી. હવે ઓલો તમારો 'કાંતિલાલ' કહે છે, કે પહેલા સમકિત નથી અને કરણલબ્ધિથી સમકિત થાય છે તો શુભભાવથી થાય છે. 'કાંતિલાલ' છે ને?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– શુભભાવ તો છે પણ એનો તો અહીં અભાવ છે. જેમાં અભાવ છે એનો આશ્રય કરવાનો છે? કરણલબ્ધિથી સમકિત થાય છે? આહાહા..! મોટી ચર્ચા છે. 'કાંતિલાલ ઈશ્વર' છે. ગુજરાતી. ઘણાં પુસ્તકો બનાવે છે, માસિક બનાવે છે. અમારી પાસે આવે છે. અહીંયા પણ આવે છે.

એ કરણલબ્ધિ. સમકિત પામ્યા પહેલા ત્રણ પ્રકારના પરિણામ છે. અધઃકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ. એ ત્રણ પ્રકારના કરણ એટલે પરિણામની જાત છે. સમકિત થયા પહેલા. એ કરણનો પણ પોતાના દ્રવ્યમાં અભાવ છે. આહાહા..! સૂક્ષ્મ વાત છે, ભાઈ! પૈસા આડે નવરાશ ક્યાં છે? 'ધન્નાલાલજી'! થોડી આ ધૂળ મળે. એમાં વળી 'રતનલાલજી' પાસે પાંચ-છ કરોડ પૈસા. એટલે જાણે આપણે તો મોટા ભાઈ છે અને એની પાસે ઘણાં પૈસા છે ને આપણી પાસે થોડા છે. પણ થોડા ઘણાં ધૂળ છે. આહાહા..!

અહીંયા તો કહે છે, કે કરણલબ્ધિનો અભાવ છે. આહાહા..! કરણલબ્ધિ ઝીણી વાત છે. સિદ્ધાંતમાં સમ્યગ્દર્શન થયા પહેલા આ કરણ પરિણામ આવે છે. પણ એ પરિણામનો દ્રવ્યમાં અભાવ છે. આહાહા..! જેમાં દૃષ્ટિ દેવાની છે, એમાં કરણ પરિણામનો અભાવ છે. આહાહા..! ગજબ વાત છે. ત્રણલોકના નાથ, વીતરાગ જિનેશ્વરદેવની વાતું કોઈ અલૌકિક છે, બાપુ! આવી વાત જૈન સિવાય ક્યાંય છે નહિ. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'ઉપદેશલબ્ધિ,...'** ઉપદેશલબ્ધિ છે ને? એટલે દેશનાલબ્ધિ. ઉપદેશલબ્ધિનો અર્થ દેશનાલબ્ધિ. પાંચમાં દેશનાલબ્ધિ આવે છે ને? સાચા ગુરુની વાણી સાંભળે તો સમકિત થાય છે. એવી વાત છે. અજ્ઞાનીની વાણી સાંભળે તો ત્રણકાળમાં સમકિત થતું નથી. આહાહા..! એ દેશનાલબ્ધિ પણ આત્મામાં–દ્રવ્યમાં નથી. આહાહા..! વીતરાગ અને સંત, સાચા મુનિ સમકિતી, અંતર સ્વસંવેદન, આનંદનું વેદન, અતીન્દ્રિય આનંદનું પ્રચુર વેદન (થયું છે), એને મુનિ કહે છે. એ મુનિની વાણી સાંભળવી એ દેશના છે. દેશનાલબ્ધિ આવ્યા વગર સમકિત થતું નથી. પણ એ દેશનાલબ્ધિથી સમકિત થતું નથી. આહાહા..! 'બાબુભાઈ'! આવી વાતું છે. ઝીણી વાત છે, બાપુ!

અહીં તો દેશનાલબ્ધિનું સ્વરૂપ ભગવાન, દ્રવ્ય ધ્રુવ... ધ્રુવ.. ધ્રુવ... પ્રભુ! નિત્યાનંદ પ્રભુ, આ ઉત્પાદ-વ્યયની પર્યાય છે એ તો એક સમયની દશા છે. ઉત્પાદ-વ્યયની પર્યાય જે કેવળજ્ઞાનાદિ છે એ તો એક સમયની દશા છે. અને વસ્તુ જે છે એ તો ત્રિકાળ ધ્રુવ છે. ધ્રુવ નિત્યાનંદ પ્રભુ છે. ભગવાને જે વસ્તુ જોઈ છે એ નિત્યાનંદ સ્વરૂપ છે. પર્યાય એમાં છે જ નહિ. આહાહા..! એ દેશનાલબ્ધિ એમાં નથી.

**'ઉપશમલબ્ધિ...'** એને પાંચ લબ્ધિમાં વિશુદ્ધિલબ્ધિ કહી છે. પાંચ લબ્ધિ છે ને? એમાં વિશુદ્ધિલબ્ધિ કહી છે. તેને અહીંયા ઉપશમલબ્ધિ કહી. 'ગોમ્મટસાર' આદિ બીજા શાસ્ત્રમાં વિશુદ્ધિલબ્ધિ કહી છે. અહીંયા તેને ઉપશમલબ્ધિ કહી છે. છે? એ આત્મામાં નથી. આહાહા..! જે સમ્યગ્દર્શનનો વિષય આત્મા છે, એમાં દેશનાલબ્ધિ અને વિશુદ્ધિલબ્ધિનો અભાવ છે. એમાંથી 'કાંતિલાલ' એમ કહે છે, કે વિશુદ્ધિ ભાવથી સમકિત થાય છે. અરે..! પ્રભુ! વિશુદ્ધિના તો ઘણાં પ્રકાર છે. શુભભાવને પણ વિશુદ્ધિ કહે છે. શુદ્ધ આત્માના અવલંબનથી પવિત્રતા સમ્યગ્દર્શન પ્રગટ્યું તેને વિશુદ્ધ કહે છે. આહાહા..! અરે..! ભાઈ! એ ચીજ કોઈ અલૌકિક છે, પ્રભુ! શું કહે? કોને કહે? આચાર્ય કહે છે, કોની પાસે આ વાત કરું? કોણ સાંભળે? આહાહા..!

'શ્રીમદ્' પણ એકવાર કહી ગયા, અરે..! આ વાત ક્યાં કરું? આ તત્ત્વની, સમ્યગ્દર્શનની વાત કોણ સાંભળશે? એમ કહી ગયા. સમ્યગ્દષ્ટિ હતા. 'શ્રીમદ્ રાજચંદ્ર' ગૃહસ્થાશ્રમમાં હતા, આત્મ અનુભવી હતા, સમ્યગ્દર્શન પ્રગટ થયું હતું. ભવનો અંત થઈ ગયો છે. એકાદ ભવમાં મોક્ષ જવાના છે. વર્તમાનમાં સ્વર્ગમાં વૈમાનમાં છે. ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષે જવાના છે. એ પણ એકવાર કહેતા હતા કે, અરે..રે..! અમારા તત્ત્વની વાત કોણ સાંભળશે? કે રાગથી પણ ધર્મ નથી અને અંદર જ્ઞાનની પર્યાય પ્રગટ થઈ એના આશ્રયથી પણ ધર્મ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ઉપશમલબ્ધિ એટલે વિશુદ્ધિ, કષાયની મંદતા. ત્યાં 'ગોમ્મટસાર'ના પાંચ બોલમાં વિશુદ્ધિ લીધી છે. તો વિશુદ્ધિનો દ્રવ્યમાં તો અભાવ છે. કેવળજ્ઞાનનો અભાવ છે તો પછી વિશુદ્ધિભાવની

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વાત શું કરવી? શેઠ! ત્યાં કદી સાંભળ્યું નથી. આ તો અગ્રેસર છે. 'જયચંદજી' 'હૈદ્રાબાદ' મોટા અગ્રેસર છે. 'હુકમચંદજી' છે ને? વીસ કરોડ. રાજકુમાર, એના દીકારાની દીકરી આના દીકરા વેરે છે. 'ઇન્દોર'. વીસ કરોડ રૂપિયા. એનો દીકરો રાજકુમાર છે. એની દીકરી ત્યાં છે. ઘર તો મોટું છે. પણ અંદરનું ઘર મોટું છે. આહાહા..!

અંદરમાં ભગવાન આહાહા..! એ પાંચ પ્રકારની લબ્ધિનો પણ એમાં અભાવ છે. હવે એ પાંચ પ્રકારની લબ્ધિથી સમ્યગ્દર્શન થાય છે એવો જગતનો પોકાર છે. 'જ્ઞાનચંદજી'! છે? અહીં તો કહે છે, કે પણ એ પર્યાયનો દ્રવ્યમાં અભાવ છે. અભાવ છે એનાથી થાય છે? કે જે અંદર ચિદાનંદ પ્રભુ આનંદ સહજાનંદની મૂર્તિ. ઓલા સ્વામિનારાયણ સહજાનંદ કહે એ નહિ, હોં ! સ્વામિનારાયણને તો ખબર પણ નથી. આ તો સહજાનંદ સ્વરૂપ અંદર સ્વાભાવિક અતીન્દ્રિય આનંદનો પિંડ, એવો દ્રવ્યસ્વભાવ, ધ્રુવ સ્વભાવ, શુદ્ધ સ્વભાવમાં આ પાંચ લબ્ધિનો અભાવ છે. વિશુદ્ધિનો એમાં અભાવ છે. વિશુદ્ધિનો અભાવ છે તો વિશુદ્ધિથી સમ્યગ્દર્શન થાય એમ વાત નથી. વાત જરી ઝીણી આવી છે, ભાઈ! ગાથા એક આવી છે. ૪૧મી ગાથા બહુ ઝીણી છે. 'નિયમસાર' 'કુંદકુંદાચાર્ય' કહે છે કે મારી ભાવના માટે મેં બનાવ્યું છે. ભગવાન પાસે ગયા હતા અને આઠ દિવસ રહ્યા હતા. ત્રિલોકનાથ. સમજાણું કાંઈ? આહાહા..!

એ એમ કહે છે કે, પાંચ લબ્ધિનો સ્વરૂપમાં અભાવ છે. **'એવા ભેદને લીધે લબ્ધિ પાંચ; વેદકસમ્યક્ત્વ;...'** એ ક્ષયોપશમ સમકિત સાચું, એ દ્રવ્યમાં નથી. આત્માનો અનુભવ થઈને સમકિત થયું. ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદના નાથનો અનુભવ થઈને આનંદનો સ્વાદ આવ્યો અને એ વેદકસમકિત, ક્ષયોપશમ સમકિત છે. પણ એ પર્યાયમાં છે, દ્રવ્યમાં નથી. આહાહા..! 'ધન્નાલાલજી'! પહેલા બહુ ઝોલા આવતા હતા. બપોરે એ વખતે બહુ ઝોલા આવતા હતા. આજ તો થોડા આવ્યા હતા. આ તો પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગની વાણી છે, પ્રભુ! શું કહીએ? આહાહા..!

અહીં કહે છે, કે એમાં વેદકસમકિતનો અભાવ છે. વેદકચારિત્રનો અભાવ છે. આહાહા..! વેદકચારિત્ર એટલે ક્ષયોપશમ. ક્ષયોપશમ ચારિત્ર છે સમ્યક્ અનુભવ સહિત. આત્મા આનંદસ્વરૂપનો આનંદનો સ્વાદ આવ્યો અને સ્વરૂપમાં રમણતા થઈ, એનું નામ ચારિત્ર. તો એ ચારિત્રની પર્યાયનો પણ દ્રવ્યમાં અભાવ છે. આહાહા..! આવી વાત છે. અંદર છે કે નહિ? **'વેદકચારિત્ર અને સંયમાસંયમપરિણતિ.'** જુઓ! શું કહે છે? સંયમાસંયમ શ્રાવકની પંચમ ગુણસ્થાનની દશા. એ પર્યાયમાં સ્વરૂપનો અનુભવ છે, આનંદનો અનુભવ છે અને થોડો અસંયમ રાગ પણ છે. જેટલો અનુભવ છે એટલો સંયમ છે અને જેટલો રાગ છે એટલો અસંયમ છે. તો સંયમાસંયમ પંચમગુણસ્થાન શ્રાવક, પણ એ પંચમગુણસ્થાનની દશાનો પણ દ્રવ્યમાં અભાવ છે. છે? એ ક્ષયોપશમભાવ છે ને? છે?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'સંયમાસંયમપરિણતિ.'** સંયમાસંયમપરિણતિ. પંચમગુણસ્થાને જે સાચો શ્રાવક છે. અત્યારે તો વાડામાં છે એ કોઈ શ્રાવક નથી, આ બધા સાવજ છે. આહાહા..! પોતાનું સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્ય અખંડાનંદ પ્રભુ, એમાં અનુભવ આનંદનો સ્વાદ આવ્યો અને આનંદમાં વિશેષ લીનતા થઈ તો પંચમગુણસ્થાન થયું. ત્યારે શ્રાવક થયો. એ શ્રાવક જેટલો આનંદમાં લીન થયો, એટલો સંયમ થયો અને એ સિવાય રાગ આવ્યો એટલો અસંયમ. તો એ સંયમાસંયમ કહેવામાં આવે છે. સંયમાસંયમની અવસ્થા પર્યાયમાં છે, દ્રવ્યમાં નથી. આહાહા..! એય..! આવી વાત છે.

પર્યાયમાં નિર્મળતા સમ્યગ્દર્શનની થઈ. સમકિતમાં ચોથા ગુણસ્થાને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો. પંચમગુણસ્થાનમાં અતીન્દ્રિય આનંદનો વિશેષ સ્વાદ આવ્યો. અને મુનિને તો અતીન્દ્રિય આનંદનો પ્રચુર આનંદ આવ્યો. પ્રચુર સ્વસંવેદન 'સમયસાર'ની પાંચમી ગાથામાં છે. પ્રચુર સ્વસંવેદન. અતીન્દ્રિય આનંદનો ઉભરો. આહાહા..! જેમ દરિયામાં ભરતી આવે છે. પાણીની ભરતી, એમ મુનિને પર્યાયમાં અતીન્દ્રિય આનંદની ભરતી આવે છે. ત્યારે એને જૈન મુનિ કહે છે. નહિતર જૈનના મુનિ નથી. સમજાણું કાંઈ? આકરી વાત છે, ભાઈ! એ કહે છે, કે સંયમાસંયમ પરિણતિ દ્રવ્યમાં નથી. સમજાણું કાંઈ? એ ક્ષયોપશમની વાત છે. એ ક્ષયોપશમના અઢાર ભેદ છે. અઢાર ભેદની વ્યાખ્યા થઈ. એ અઢાર ભેદ પર્યાયમાં છે, દ્રવ્યમાં નથી. આહાહા..!

હવે ઉદયભાવ કહે છે. **'ઔદયિકભાવના એકવીશ ભેદ આ પ્રમાણે છે : નારકગતિ,...'** નીચે નરકગતિ છે ને? એ વસ્તુમાં નરકગતિ નથી. નરકગતિનો અર્થ નારકીનું શરીર નહિ. એ પર્યાયમાં નરકગતિનું જે વેદન છે. એ નરકગતિ. આહાહા..! એ નરકગતિનો દ્રવ્યસ્વભાવમાં અભાવ છે. ભગવાન પૂર્ણાનંદનો નાથ પરમેશ્વર જિનેશ્વર ત્રિલોકનાથે જોયો એવો જે આત્મા... આહાહા..! એમાં નરકગતિનો અભાવ છે. શ્રેણિકરાજા અત્યારે નરકમાં છે. ક્ષાયિક સમકિતી છે અને તીર્થંકરગોત્ર બાંધે છે. આવતી ચોવીશીમાં પહેલા તીર્થંકર થશે. જેમ મહાવીર પ્રભુ હતા એમ શ્રેણિકરાજા પહેલી નરકમાં ચોરાશી હજાર વર્ષની સ્થિતિમાં અત્યારે છે. પણ સમકિત છે અને સમયે સમયે તીર્થંકરગોત્ર બાંધે છે. છતાં કહે છે કે એ સમકિતી છે, તો સમજે છે કે આ નરકગતિ મારા દ્રવ્યમાં નથી. આહાહા..! પહેલી નરકમાં ચોરાશી હજાર વર્ષની સ્થિતિમાં શ્રેણિકરાજા છે. અઢી હજાર વર્ષ ગયા, સાડી એક્યાશી વર્ષ રહ્યા. ત્યાંથી નીકળીને આવતી ચોવશીમાં પહેલા તીર્થંકર થશે. આહાહા..! તો કહે છે કે નરકમાં છે છતાં સમકિતી એમ માને છે, કે આ નરકગતિ મારા દ્રવ્યમાં નથી. આહાહા..!

**'તિર્યંચગતિ,...'** નરકમાં તો માંસ, દારૂ પીવે એ નરકમાં જાય છે. અને તિર્યંચગતિમાં તિરછાભાવ. તિરછા એટલે કષાયભાવ. માંસ, દારૂ, ઈંડા ન ખાતા હોય પણ ક્રોધ, માન, માયા, લોભ (કર્યા હોય) આડોડાઈ ઘણી. અંદરમાં આડોડાઈ. આડોડાઈ સમજો છો? ટેઢાપના.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જેને કષાયમાં આડોડાઈ ઘણી છે, એ તિર્યંચ થાય છે. મનુષ્યો ઊભા છે. ગાય, ભેંસ, ખિસકોલી આડા છે. આડા કેમ છે? કેમ કે પૂર્વે આડોડાઈ ઘણી કરી છે. પોતાના આત્માની આડોડાઈ તો પર્યાયમાં છે જ પણ શરીર આડું થઈ ગયું છે. છતાં અહીં તો કહે છે, કે એ તિર્યંચગતિ અને તિર્યંચ શરીર આત્મામાં નથી. આહાહા..! 'જયચંદજી'! 'હૈદ્રાબાદ'માં કદી સાંભળ્યું નથી. ભાગ્યશાળી કહેવાય. એવા શેઠિયા સંપ્રદાયનું લક્ષ મૂકીને આવે. મોટા અગ્રેસર કહેવાય. આહા..! બાપુ! મારગડા જુદા, બાપુ! આહાહા..!

તિર્યંચગતિનો અભાવ છે. અરે..! મનુષ્યગતિનો આત્મામાં અભાવ છે. છે? મનુષ્યગતિ, આ શરીરને મનુષ્યગતિ નથી કહેતા. આ તો જડ છે, માટી છે. આ કાંઈ મનુષ્યગતિ નથી. આ તો શરીર છે, માટી છે. અંદરમાં મનુષ્યગતિની જે યોગ્યતા છે, મનુષ્યગતિની યોગ્યતા ઉદયભાવ, એ મનુષ્યગતિ આત્મામાં નથી. અરે..! મનુષ્યગતિ કોને કહેવી? મનુષ્ય શરીર કોને કહેવું? અને મનુષ્યગતિનો અભાવ કોને કહેવો એની કાંઈ ખબર ન મળે અને સમ્યગ્દષ્ટિ ધર્મી થઈ ગયા. આહાહા..! સમજાણું કાંઈ? મનુષ્યગતિ આ શરીર નહિ, આ તો માટી છે. આ તો મનુષ્યનું શરીર છે. મનુષ્યગતિ તો અંદરમાં એવી યોગ્યતાથી મનુષ્યગતિનો ઉદયભાવ છે, જે દુઃખદાયક ગતિ છે. ગતિ દુઃખદાયક છે. આહાહા..! હવે લોકો એમ કહે છે કે મનુષ્યગતિ હોય તો કેવળજ્ઞાન થાય. કોઈ નરકમાં, તિર્યંચમાં કેવળજ્ઞાન છે નહિ. 'ડાહ્યાભાઈ'!

મુમુક્ષુ :– વાતે વાતે ફેર છે.

ઉત્તર :– વાતે વાતે ફેર છે. 'આનંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર, એક લાખે તો ન મળે અને એક ત્રાંબિયા તેર..' એમ ભગવાન કહે છે કે વાતે વાતે તારે ને મારે ફેર છે. તારે ને મારે ક્યાંય મેળ નથી. તેં કદી મેળ કર્યો જ નથી. સમજાણું કાંઈ?

એ અહીં કહ્યું. પોતામાં મનુષ્યગતિ નથી. આહાહા..! એક પંડિત આવ્યા હતા. ક્યાંના? કુચામણના? એક પંડિત આવ્યા હતા. મનુષ્યગતિ વગર કેવળજ્ઞાન થાય છે? માટે મનુષ્યગતિ કેવળજ્ઞાનનું કારણ છે. હવે સાંભળ તો ખરો. તું મોટો પંડિત છે તો. નામ ભૂલી ગયા. 'કાશીલાલજી'! લ્યો. 'કાશીલાલજી' પંડિત છે ને. અહીં તો બધા પંડિત પણ આવે અને બીજા ઘણાં આવે છે. એ કહે, મનુષ્યગતિથી કેવળજ્ઞાન થાય માટે મનુષ્યગતિ કારણ છે. અને વજ્રનારાચ સંઘયણ હોય એને કેવળજ્ઞાન થાય છે તો સંઘયણ કારણ છે. કીધું, બિલકુલ ખોટી વાત છે.

મુમુક્ષુ :– વજ્રનારાચ સંહનનવાળા સાતમી નરકે જાય છે.

ઉત્તર :– હા. એ વખતે સાતમી નરકે ગયા. બ્રહ્મદત્ત ચક્રવર્તી. છન્નુ હજાર સ્ત્રી, છન્નુ કરોડ પાયદળ, સોળ હજાર દેવ સેવા કરે, એ મરીને અત્યારે સાતમી નરકે છે. બ્રહ્મદત્ત ચક્રવર્તી અત્યારે સાતમી નરકમાં છે. ૮૫ હજાર વર્ષ નરકમાં ગયા. હજી તો અસંખ્ય અબજો વર્ષ ત્યાં રહેવાનું છે. છેલ્લા ચક્રવર્તી બ્રહ્મદત્ત. સમ્યગ્દર્શન તો નહિ પણ મિથ્યાદર્શનમાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પણ મહા.. માંસ, દારૂ, મહાપાપ. સ્ત્રી... સ્ત્રી...સ્ત્રી... સ્ત્રી... કુરુમતિ એક સ્ત્રી હતી. છન્નુ હજાર સ્ત્રીમાં એક સ્ત્રી મુખ્ય હોય છે. તો એ સ્ત્રીનો એટલો પ્રેમ કે.. મરતાં કુરુમતિ... કુરુમતિ (કરતો) મરીને સાતમી નરકે ગયો. અત્યારે સાતમી નરકમાં છે. પણ એ ગતિ પણ પર્યાયમાં છે, વસ્તુમાં નથી. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૪૧, ગાથા-૪૧ શનિવાર શ્રાવણ સુદ ૬, તા.૧૬-૦૮-૧૯૮૦

'નિયમસાર' ૪૧ મી ગાથા. અહીં વાત તો સામાન્ય એ છે કે આત્મા જે છે એ પરમેશ્વરસ્વરૂપ જ છે. આહાહા..! પરમાત્મસ્વરૂપ જ આત્મા છે. એવા પરમાત્મસ્વરૂપમાં ચાર ભાવ નથી. એ દૃષ્ટિનો વિષય બતાવવા ચાર ભાવ નથી એમ કહ્યું. પણ ચાર ભાવ, ચાર ભાવમાં નથી એમ નથી. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ચાર ભાવ છે, એની વાત ચાલે છે ને? તો એ વ્યવહારનયનો વિષય છે. છે એનો અહીંયા નિષેધ છે. સમજાણું કાંઈ? અન્ય કેટલાક તો એમ કહે છે કે બસ, એક આત્મા સર્વવ્યાપક છે. આહાહા..! 'કબીર'ની વાતમાં પણ નિશ્ચયની ઘણી વાતો આવે છે. પણ એ એકાંત છે. એ તો અમે દુકાન ઉપર પણ 'વાડીલાલ મોતિલાલ' જૈન સમાચાર હતું. 'અમદાવાદ' (સંવત) ૧૯૬૫-૬૬ની સાલની વાત છે. અમે તો દુકાન ઉપર જૈન સમાચાર પત્ર મંગાવતા હતા. એમાં કબીરનું પુસ્તક ભેટમાં આવ્યું હતું. કારણ કે એ તો સ્થાનકવાસી હતા ને? માટે એ કબીરને માને. પણ એ એકાંત છે. એમાં એમ આવ્યું છે... ૧૯૬૫ની સાલમાં એ દુકાન ઉપર વાંચ્યું હતું. 'પથ્થર પૂજે હરિ મીલે તો મેં પૂજુ બડા પહાડ.' આહાહા..! એકાંત છે. ભગવાનની પ્રતિમાની પૂજા છે એ ધર્મ નથી. પણ શુભભાવ થાય છે અને એ પ્રતિમા અનાદિથી છે. સમજાણું કાંઈ? અનાદિથી તીર્થંકરની પ્રતિમા શાશ્વત અસંખ્ય મંદિર, નંદિશ્વર દ્વિપમાં મંદિર બાવન જિનાલય આદિ, અસંખ્ય વ્યંતરના મકાનમાં મંદિર છે. ભવનપતિના (ભવનમાં) જૈનમંદિર છે. આહાહા..! પણ એ શુભભાવનું નિમિત્ત છે. એ શુભભાવ એનાથી થાય છે એમ નથી. નિમિત્તનો નિષેધ કરવો એ નિમિત્તથી થતું નથી એ અપેક્ષાએ પણ નિમિત્ત ચીજ જ નથી (એમ નથી). સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! નિમિત્ત ચીજ જ નથી અને શુભભાવ થાય છે એ નિમિત્તથી પરથી ભગવાનના દર્શનથી થાય એમ પણ નથી. અને શુભભાવ થયો તો એ ધર્મનું કારણ છે અને ધર્મ છે એમ પણ નથી. અરે..! આવી વાત!

અહીંયા કહે છે કે એ ચાર ભાવ નથી. આપણે અહીંયા મનુષ્યગતિ સુધી આવ્યું છે, કે આત્મામાં મનુષ્યગતિ જ નથી. પણ ગતિ ગતિમાં નથી એમ નથી. પર્યાયમાં મનુષ્યગતિ છે. વ્યવહારનયનો વિષય છે. નય છે ને? તો નયનો વિષય છે. નય છે એ વિષયી છે,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નય છે એ વિષયી છે. તો એનો વિષય છે. આહાહા..! કેટલાક એમ કહે છે, કે મનુષ્યગતિથી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. એ ખોટું છે. અને મનુષ્યગતિ ન મળે તો મોક્ષ ન મળે એ પણ ખોટું છે. જ્યારે કેવળજ્ઞાનની પ્રાપ્તિની દશા પોતામાં થાય છે ત્યારે મનુષ્યગતિ હો, વજ્રનારાચસંઘેયણ પણ હો. અનંત અનંત અમૃતના સાગરથી ભર્યો પ્રભુ છે. સુખ છે, સુખ. આત્મામાં અતીન્દ્રિય આનંદ છે. એ અતીન્દ્રિય આનંદનું અનંતગુણમાં રૂપ છે. આહાહા..! એવો ભગવાન અંદર બિરાજે છે.

પરમાત્મા શક્તિરૂપે, સ્વભાવરૂપે તો મુક્ત જ છે. આ તો પર્યાયમાં મુક્ત કઈ રીતે થાય છે એના ઉપાયની આ વાત ચાલે છે. સમજાણું કાંઈ? તો કહે છે, કે મનુષ્યગતિ ગતિમાં છે. આ શરીર નહિ, હોં! આ મનુષ્યગતિ નહિ. આ તો શરીર જડ, માટી, ધૂળ છે, આ તો પુદ્ગલ છે. અંદરમાં નામકર્મના ઉદયથી, એ ગતિમાં રોકાવું એ પર્યાયને મનુષ્યગતિ કહે છે. આ શરીર મનુષ્યગતિ નથી. આ તો માટી–ધૂળ છે. ગતિ ક્યાં છે? મનુષ્યગતિ તો જીવની વિકારી પર્યાય છે. આ શરીર છે એ તો જડ માટીની પર્યાય છે. એ મનુષ્યભવ આ અને આને મનુષ્યગતિ કહેવી એમ છે નહિ. આહાહા..! કહે છે, કે મનુષ્યગતિની અંદર યોગ્યતા છે તે પણ આત્મામાં નથી.

દેવગતિ છે. દેવ ગતિ છે. અને દેવગતિ શુભભાવથી મળે છે. પણ એ શુભભાવ અને દેવગતિ એ આત્માના સ્વભાવમાં નથી. આહાહા..! વીતરાગની આવી વાત! અનેકાંત. દેવગતિ છે. પંચમકાળના સાચા સંત એ પણ કાંઈ કેવળજ્ઞાન પામતા નથી. એ સ્વર્ગમાં જ જાય છે. 'કુંદકુંદાચાર્ય' જેવા સંત પણ સ્વર્ગમાં છે. કેમ કે કેવળજ્ઞાનની પ્રાપ્તિનો અભાવ છે. તો ત્યાં ભાવ તો હતો. સ્વર્ગની ગતિ મળે એવો શુભભાવ તો હતો. પણ એ શુભભાવ અને ગતિ આત્માના દ્રવ્યસ્વભાવમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

એ 'મોક્ષમાર્ગ પ્રકાશક'ના સાતમાં અધ્યાયમાં લખ્યું છે, કે વ્યવહારનય નથી એવી વાત કરે છે, પણ વ્યવહારનયનો બિલકુલ વિષય નથી. તો એનું જ્ઞાન કરવું એ રહ્યું નહિ. દેવગતિ છે. સર્વાર્થસિદ્ધમાં સ્વર્ગમાં (જાય છે). આહાહા..! પાંચ પાંડવો શેંત્રુજયમાં ધ્યાનમાં હતા. એમાં દુર્યોધનના ભાણેજે આવીને લોઢાના દાગીના બનાવ્યા. લોઢાના ધગધગતા. ગળામાં, માથામાં (પહેરાવ્યા). પંચમહાવ્રતનો વિકલ્પ પહેલા હતો. પણ જ્યારે એ ઉપસર્ગ આવ્યો તો અંતરમાં ઉતરી ગયા. આહાહા..! અંતરમાં આનંદકંદ પ્રભુ, અમૃતનો સાગર, સરોવર, સાગર છે એવા પરમેશ્વરમાં દૃષ્ટિ તો હતી પણ સ્થિરતા જામી ગઈ. સ્થિરતા જામીને ત્રણને કેવળજ્ઞાન થયું. ધર્મરાજા, ભીમ અને અર્જુન. અને સહદેવ અને નકુલ બે સાથે હતા. પણ એવો એક વિકલ્પ આવ્યો કે અરે..! ભાઈને કેમ હશે? મોટાભાઈને કેમ હશે? એટલો વિકલ્પ આવ્યો તો... વિકલ્પ છે ખરો. એનાથી સર્વાર્થસિદ્ધની ગતિનો પણ બંધ પડી ગયો. સમજાણું કાંઈ? પણ એ વિકલ્પ અને ગતિ દ્રવ્ય સ્વભાવમાં નથી. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દ્રવ્ય વસ્તુ જે પરમાત્મસ્વરૂપ.. આહાહા..! જે સમ્યગ્દર્શનનો વિષય, સમ્યગ્દર્શન જેને ધ્યેય બનાવીને સમ્યગ્દર્શન થાય છે એ ધ્યેય ચીજ તો પૂર્ણાનંદનો નાથ જેમાં પર્યાયનો પણ અભાવ છે. આહાહા..! તો દેવગતિ અને દેવગતિના કારણરૂપ ભાવ, બન્નેનો દ્રવ્યસ્વભાવમાં અભાવ છે. પણ પર્યાયમાં છે. એનો નિષેધ ન કરવો કે નથી. જાણવા લાયક છે. વ્યવહારનયનો વિષય છે જ નહિ, એમ ન જાણવું. નહિતર એકાંત મિથ્યાત્વ થશે. આહાહા..! એ ચાર ગતિ.

આત્મા વસ્તુ પરમેશ્વરસ્વરૂપ... આહાહા..! પૂર્ણ વીતરાગ શક્તિએ મુક્તસ્વરૂપ જ આત્મા છે. એવા સ્વરૂપમાં આ ચાર ગતિ નથી. અને ક્રોધ, માન, માયા, લોભ ચાર કષાય નથી. કષાયની પર્યાયમાં કષાય છે. ન હોય તો સમકિતી વીતરાગ થઈ જાય અને કેવળજ્ઞાની થઈ જાય. સમ્યગ્દષ્ટિને પણ કષાય તો આવે છે. આહાહા..! ભગવાનની પૂજાનો, દયાનો, દાનનો ભાવ આવે છે. આહાહા..! પણ એ ભાવ.. આહાહા..! કષાય છે. એ કષાયભાવ ત્રિકાળી ભગવાનઆત્મામાં નથી.

પરમાત્મા પોતાના સ્વરૂપમાં દૃષ્ટિ કરવાથી પરમેશ્વરની પ્રાપ્તિ થાય છે. આહાહા..! સમ્યગ્દર્શનમાં પરમેશ્વર–આત્માની પ્રાપ્તિ થાય છે. અરે..! પ્રભુ! આહાહા..! જેના ગુણનો પાર નહિ, જેના આનંદનો પાર નહિ એ જે અતીન્દ્રિય આનંદ છે, એ પણ અસ્તિત્વનો આનંદ, વસ્તુત્વનો આનંદ, જ્ઞાનનો આનંદ, દર્શનનો આનંદ એવી અનંત શક્તિઓના આનંદથી ભરેલો પ્રભુ આત્મા છે. આહાહા..! એ ચીજમાં ચાર કષાય નથી. કષાયની પર્યાયમાં કષાય છે. એ જાણવાલાયક છે. વીતરાગ થયા પછી કષાય ન હોય. પણ નીચે સમકિતીને જ્ઞાનીને, અરે..! ક્ષાયિક સમકિત હો. શ્રેણિકરાજાને એવો રાગ થયો. માથુ ફૂટીને દેહ છૂટી ગયો. પણ એ રાગ ચારિત્રદોષ છે. અંતરમાં આ મારામાં છે એમ એ માનતા નથી. આહાહા..! હેયબુદ્ધિથી આવે છે. એમ દયા, દાન, ભક્તિના પરિણામ હેયબુદ્ધિથી આવે છે. પણ એ ચીજ અંતર વસ્તુમાં નથી.

દ્રવ્યસ્વભાવ જે ચિદાનંદ પરમાત્મા... આહાહા..! એ વાત અહીંયા ચાલે છે. એ ઉદયભાવ કષાય આત્મામાં નથી. એ સ્ત્રીલિંગ, પુલિંગ અને નપુંસકલિંગ. શરીરના લિંગ નહિ, હોં! અંતરના ભાવ-લિંગની વાત છે. શરીર જે આ પુરુષનું છે, સ્ત્રીનું છે એ તો જડની પર્યાય છે. આ તો અંદર સ્ત્રીલિંગની વાસનાનો વિકલ્પ, સ્ત્રીલિંગ, પુરુષલિંગ, નપુંસકલિંગ એ પર્યાયમાં છે ખરા. નારકી જીવ, શ્રેણિકરાજા અત્યારે નરકમાં છે. ૮૪ હજાર વર્ષ(ની સ્થિતિ છે). ક્ષાયિક સમકિત, પણ છે નપુંસક. આહાહા..! નારકી બધા નપુસંક છે. સ્ત્રી, પુરુષ વેદ ત્યાં નથી. આહાહા..!

અસંયમના પ્રકાર ઘણાં છે. ઇન્દ્રિયનું અસંયમ, મનનું અસંયમ, રાગનું અસંયમ, કષાયનું અસંયમ એ બધા અસંયમ સામાન્યપણે એક છે. પેટા ભેદે ઘણાં છે. એ બધા, આત્મદ્રવ્ય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે ભગવાન પરમાત્મા, એમાં તો એનો સ્પર્શ નથી. આહાહા..! પોતાના આનંદસ્વરૂપનો જ્યાં સ્પર્શ કરે છે. સમ્યગ્દૃષ્ટિ પોતાનું સ્વરૂપ અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ, એનો સ્પર્શ કરે છે. 'નિયમસાર'ના એક કળશમાં પાઠ છે. સ્પર્શ, સ્વરૂપનો સ્પર્શ. સ્પર્શનો અર્થ સ્વરૂપનો અનુભવ. આહાહા..!

ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો કંદમૂળ... આહાહા..! કંદનું મૂળ સ્વરૂપ છે. એ કંદમૂળ એટલે એમ નહિ. અતીન્દ્રિય આનંદનો કંદ એવું મૂળ એ છે. એનો સ્પર્શ કરવો, એનો સ્પર્શ-વેદન (કરવું), સમ્યગ્દર્શનથી સ્પર્શ કરવો એ સમ્યગ્દર્શનની પર્યાય પણ જેને સ્પર્શ કરે એ ચીજમાં નથી. આહાહા..! આવી વાત ક્યાં છે? કબીર અને કેટલાક અન્યમતીએ નિશ્ચયની ઘણી વાતો કરી છે. એ દુકાન ઉપર વાંચી હતી. એ વસ્તુ નહિ. આજે ભાઈ લાવ્યા હતા. 'હસમુખ'નો છોકરો 'રાજુ' છે ને? એ ટૂકડો લાવ્યો હતો. 'કહત કબીરા સુનો ભાઈ સાધુ...' એમ લખ્યું હતું. પણ એ પુસ્તક તો અમે (સંવત) ૧૯૬૫-૬૬ની સાલમાં દુકાન ઉપર વાંચ્યું હતું. આખું વાંચ્યું હતું. કબીરનું ઘણું મોટું પુસ્તક છે. એ નહિ. એ માર્ગ નહિ. આહાહા..!

અહીંયા તો પર્યાયમાં વેદ છે, કષાય છે. છે છતાં દ્રવ્યસ્વભાવમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? એકલો આત્મા પવિત્ર જ છે અને પર્યાયમાં અપવિત્રતા છે જ નહિ, એમ નથી. શુભ અશુભ પરિણામ એ સંસાર અપવિત્રતા છે. એ પર્યાયમાં અપવિત્રતા છે. પણ ત્રિકાળી દ્રવ્યસ્વભાવમાં એનો પ્રવેશ નથી. આહાહા..! જે સમ્યગ્દર્શનનો વિષય ધ્યેય છે, સમ્યગ્દર્શન દ્રવ્યને કબૂલે છે. આહાહા..! સવારે છેલ્લે આવશે. આવે છે ને સવારે? એમાં આગળ આવશે. સકળ નિરાવરણ. પ્રભુ તો સકળ નિરાવરણ અંદર છે. દ્રવ્ય સત્ત્વ ભગવાન પરમાત્મા પવિત્રનો પિંડ પ્રભુ, એને કોઈ આવરણ નથી. એ એક સમયની પર્યાયમાં રાગ અને કર્મના નિમિત્તનું આવરણ જણાય છે. વસ્તુમાં નથી. આહાહા..! સકળ નિરાવરણ. અહીં તો કહે આઠ કર્મથી આત્મા રોકાયો છે. એ તો પર્યાયની વાત છે, પ્રભુ! વસ્તુ છે એ તો ત્રિકાળી આનંદનો નાથ તત્ત્વસ્વરૂપ, એ તો સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય, અવિનશ્વર શુદ્ધ પારિણામિકભાવ પરમભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્ય તે હું. પર્યાયમાત્ર હું નહિ. આહાહા..! એ તો દૃષ્ટિની અપેક્ષાએ વાત છે. દૃષ્ટિના ધ્યેયની અપેક્ષાએ વાત છે. પણ પર્યાયમાં છે જ નહિ (એમ માને), નથી તો નિષેધ કોનો? ગધેડાને શીંગડા નથી હોતા તો નિષેધ કોનો? આકાશના ફૂલ નથી, તો નિષેધ કોનો? સમજાણું કાંઈ? એમ પર્યાયમાં આ વાત જ નથી તો નિષેધ કોનો? 'પન્નાલાલજી'! બહુ ઝીણી વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના એ ઝીણીનો અર્થ અપૂર્વ છે. ઝીણીની વ્યાખ્યા અપૂર્વ છે. અપૂર્વ કહેતાં એના ધ્યાનમાં બરાબર બહુ લક્ષ હોય તો આ વાત સમજાય. આહાહા..! અનંતવાર અગિયાર

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અંગ ભણ્યો, એ પણ પરજ્ઞેયનિષ્ઠ છે. આહાહા..! સ્વજ્ઞેય પરમાત્મા, એમાં તો કેવળજ્ઞાનની પર્યાયનો અભાવ છે તો વળી શાસ્ત્રજ્ઞાનનો તો એમાં અભાવ છે જ. આહાહા..! કહો, 'જ્ઞાનચંદજી'!

**'અસિદ્ધત્વ એક;...'** અસિદ્ધત્વ. ચૌદમા ગુણસ્થાન સુધી અસિદ્ધત્વ છે. આહાહા..! ચૌદમું ગુણસ્થાન પંચ અક્ષર રહે ત્યાં તરત મુક્તિ થાય છે. પણ જ્યાં સુધી ચૌદમું ગુણસ્થાન પાંચ અક્ષર છે ત્યાં સુધી અસિદ્ધ છે. આહાહા..! એ સિદ્ધ નહિ. કેવળજ્ઞાની પરમાત્માને તેરમે ગુણસ્થાને કંપન છે. એ કંપન છૂટીને ચૌદમા ગુણસ્થાને અકંપન થયું. પણ હજી ચાર ગુણ જે છે એની વિપરીત પર્યાય ત્યાં ચૌદમે છે. આહાહા..! અઘાતિની ચાર પર્યાય છે એની વિપરીતતા ત્યાં ચૌદમામાં છે. એ અપેક્ષાએ ત્યાં અસિદ્ધપણું છે. આહાહા..!

મિથ્યાદૃષ્ટિ અસિદ્ધ છે. પર્યાયમાં, હોં! સમકિતી પણ અસિદ્ધ છે. તેરમે ગુણસ્થાને કેવળી પણ અસિદ્ધ છે. અરે..! જે કંપન છૂટીને ચૌદમા ગુણસ્થાનમાં ગયા તો પણ અસિદ્ધ છે. આ તો સમય સમયનો વિવેક-વિચાર છે. એ અસિદ્ધત્વ છે પણ એ દ્રવ્યમાં નથી. પર્યાયમાં તો ચૌદમા ગુણસ્થાન સુધી છે. આહાહા..! 'ડાહ્યાભાઈ'! આહાહા..! એ કેવળી કોઈનો વિનય કરે, એ વસ્તુમાં નથી. કંપન છે. કોઈનો વિનય કરે એ તો વિકલ્પ છે. એ તો કેવળીને હોય જ નહિ. સર્વજ્ઞમાં અસિદ્ધત્વ છે, પણ કોઈનો વિનય કરે એવું અસિદ્ધત્વ એમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમાત્મા કેવળી ગુરુનો વિનય કરે એ છે જ નહિ. આહાહા..!

અહીંયા અસિદ્ધત્વ. પહેલા ગુણસ્થાનથી ચૌદમા (ગુણસ્થાન) સુધી અસિદ્ધત્વ (છે). આહાહા..! છતાં એ અસિદ્ધત્વની પર્યાય, સિદ્ધત્વની પર્યાય થઈ નથી. તો એ અસિદ્ધત્વ સ્વરૂપમાં નથી. ખરેખર તો સિદ્ધની પર્યાય છે એ પર્યાય પણ દ્રવ્યમાં નથી. ગજબ વાત છે. અહીં તો ઉદયભાવની વ્યાખ્યા કરવી છે એટલે સિદ્ધ ન લીધું. એ સિદ્ધ ક્ષાયિકભાવમાં ગયું. આહાહા..! કેવળજ્ઞાનની સિદ્ધની પર્યાય ક્ષાયિકભાવ પણ દ્રવ્ય વસ્તુમાં નથી. એ તો એક સમયની પર્યાય છે. ઊપજે એ પર્યાય છે. દ્રવ્ય-ગુણ કાંઈ ઉપજતા નથી. દ્રવ્ય અને ગુણ તો શાશ્વત અંદર પરમાત્મસ્વરૂપે બિરાજમાન છે. આહાહા..! સમજાણું કાંઈ? આવા સિદ્ધાંત છે. આકરા બહુ.

**'અસિદ્ધત્વ એક;...'** એક લીધું છે. છે તો અસિદ્ધત્વનો પ્રકાર. કેમ કે ચાર અઘાતિના કારણે ચાર વિપરીતતા છે. એ ચારેયની વિપરીતતા છે. પણ અસિદ્ધપણા તરીકે, ભેદ તરીકે ચાર. આહાહા..! ભગવાનઆત્મા સમ્યગ્દર્શનનો વિષય પૂર્ણાનંદસ્વરૂપ પ્રભુ, એમાં અસિદ્ધત્વનો અભાવ છે. આહાહા..! અરે..! જડ, શરીર, વાણી, મનનો તો અભાવ, દયા, દાનના વિકલ્પનો પણ અભાવ (છે), અસિદ્ધપણું જે ચૌદમા ગુણસ્થાને છે એનો પણ દ્રવ્યમાં અભાવ છે. પણ દ્રવ્યમાં અભાવ છે તો પર્યાયમાં અસિદ્ધપણું નથી એમ નથી. આહાહા..! આકરું કામ છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પાછળ.

**'શુક્લલેશ્યા,...'** પહેલી કૃષ્ણ, નીલ, કાપોત (લેશ્યા) ન લીધી. કેમ કે મુનિ ટીકા કરનાર છે. તો મુનિને શુક્લ આદિ લેશ્યા. નહિતર પહેલા કૃષ્ણ, નીલ કાપોત, તેજો એમ લેવું જોઈએ. આહાહા..! ગજબ વાત છે. કહે છે કે, અમારામાં શુક્લલેશ્યા હોય છે. મુનિ છે. એ શુક્લલેશ્યાથી અમે કહીએ છીએ કે શુક્લ, પદ્મ અને તેજો એ શુભભાવ છે, એ અમારી વસ્તુમાં નથી. પર્યાયમાં છે. શુક્લલેશ્યા છે તો શુક્લલેશ્યા આત્મજ્ઞાન સહિત મુનિપણું હોય તો શુક્લલેશ્યામાં દેહ છૂટે તો એ છઠ્ઠા દેવલોકમાં જાય છે. છઠ્ઠાથી નવમી ગ્રૈવેયક સુધી જાય છે. શુક્લલેશ્યાના એટલા પ્રકાર છે. પાંચમો બ્રહ્મદેવલોક, છઠ્ઠો વાંતક મરતા શુક્લલેશ્યા હોય એ મરીને છઠ્ઠેથી નવમી ગ્રૈવેયકે જાય છે. મિથ્યાદૃષ્ટિ, હોં! અને સમ્યગ્દૃષ્ટિની શુક્લલેશ્યા હોય તો એ છઠ્ઠેથી સર્વાર્થસિદ્ધ સુધી જાય છે. કેમ કે સર્વાર્થમાં એ શુક્લલેશ્યા છે. અપરાજિત આદિ પાંચ છે ને? શુક્લલેશ્યાવાળા ત્યાં જાય છે. આહાહા..! આ ત્રણ સર્વાર્થસિદ્ધમાં ગયા. બે પાંડવ. સહદેવ અને નકુલ શેત્રુંજય ઉપર દેહ છૂટી ગયો પણ ત્યાં વિકલ્પ રહી ગયો. ત્યાં મુનિઓને લોઢાના ધગધગતા (દાગીના) પહેરાવ્યા. પોતાને પણ પહેરાવ્યા. પણ ઓલા વડીલ છે, એક માતાના પુત્ર છે અને પાછા સાધર્મી મુનિ છે. એક જરી વિકલ્પ આવ્યો ત્યાં આયુષ્ય બંધાઈ ગયું. સર્વાર્થસિદ્ધનું આયુષ્ય બંધાયુ. પણ કહે છે કે એ શુક્લલેશ્યા અને સર્વાર્થસિદ્ધનું બંધન–ભાવબંધ દ્રવ્યમાં નથી. આહાહા..! સમ્યગ્દૃષ્ટિની તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે. પર્યાયનું જ્ઞાન કરે છે પણ દૃષ્ટિનો વિષય પર્યાય નથી. આહાહા..! આવો વીતરાગનો માર્ગ!

એ **'શુક્લલેશ્યા, પદ્મલેશ્યા,...'** એ છે હલકી. તેજોલેશ્યા **'પીતલેશ્યા,...'** તેજો કહો કે પીત કહો એ હલકી. **'કાપોતલેશ્યા,..'** તે અશુદ્ધ છે. **'નીલલેશ્યા ને કૃષ્ણલેશ્યા...'** પછી ત્રણ લીધી. પહેલા શુભ લીધી અને પછી અશુભ લીધી. કેમ કે મુનિરાજને તો તેજો, પદ્મ, શુક્લલેશ્યા હોય છે. સાચા સંતની વાત છે, હોં! સમ્યગ્દર્શન સહિત પ્રભુના દર્શન થયા છે. પરમાત્મસ્વરૂપનો અંદર સાક્ષાત્કાર થયો છે. અને એ ઉપરાંત સ્વરૂપમાં અતીન્દ્રિય સ્વાદ લેવામાં લીનતા થઈ છે. પ્રચુર આનંદનું વેદન છે. એને પણ તેજો આદિ લેશ્યાના પરિણામ થાય છે. નીચેની ત્રણ લેશ્યા એને નથી હોતી. મુનિઓને કૃષ્ણ, નીલ, કાપોત લેશ્યા નથી હોતી. એને તેજો, પદ્મ અને શુક્લ લેશ્યા હોય છે. તેજો એટલે પીત. તો કહે છે કે, પીતલેશ્યા છે એ મારા દ્રવ્યમાં નથી. પર્યાયમાં છે એમ જાણે છે. આહાહા..!

**'કાપોતલેશ્યા, નીલલેશ્યા ને કૃષ્ણલેશ્યા એવા ભેદને લીધે લેશ્યા છ.'** એ ઉદયભાવનું વર્ણન કર્યું. એ ઉદયભાવ જીવદ્રવ્યમાં નથી. પરમપારિણામિક પ્રભુ, પારિણામિક એટલે, સહજપણે વસ્તુ, જેમાં કર્મના નિમિત્ત અને નિમિત્તના અભાવની કોઈ અપેક્ષા નથી, એવો સહજાત્મ સ્વરૂપ પ્રભુ, એવા પંચમભાવમાં આ ઉદયભાવ, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નથી. અહીં તો હજી શરીર હું નથી, આ બાયડી મારી નથી એ કરવું મુશ્કેલ પડી જાય. અર..ર..! એ સ્ત્રીના વિષયની રમતમાં રાગમાં એકાકાર થઈ જાય કે આમાંથી મને આનંદ આવ્યો, બહુ આનંદ થયો. અરે..! પ્રભુ શું કહે છે તું? ભાઈ! આહાહા..!

અહીંયા તો કહે છે, કે લિંગ જે પુરુષ વેદે છે. ભાવલિંગ, હોં! જડની અહીં વાત નથી. એ તારામાં નથી. તો એનાથી તને આનંદ કઈ રીતે આવશે? વેદનો વિકલ્પ ઉઠે એ તો દુઃખ છે. આહાહા..! પરમાત્મા આનંદમૂર્તિ પ્રભુ! એમાં દુઃખનો અત્યંત અભાવ છે. આહાહા..! જગતથી નિરાળો પોતાનો આત્મા માનવો એ અલૌકિક વાત છે. આહાહા..!

હવે **'પારિણામિકભાવના ત્રણ ભેદ આ પ્રમાણે છે.'** હવે પારિણામિકભાવના પાછા ત્રણ ભેદ. **'જીવત્વપારિણામિક,...'** જીવપણું પારિણામિકભાવ સહજ ત્રિકાળી છે. **'ભવ્યત્વપારિણામિક અને અભવ્યત્વપારિણામિક.'** ભવ્ય જીવ–અલ્પકાળમાં એની મુક્તિ થાય છે. કોઈને નથી થતી પણ મુક્તિને લાયક છે એને ભવ્યત્વ કહે છે. ભવ્યજીવ પણ નિગોદમાં અનંતા પડ્યા છે જે ક્યારેય ત્રસપણું પણ નથી પામવાના. આહાહા..! નિગોદમાં એવા અનંત ભવ્યજીવ પડ્યા છે કે નિગોદમાંથી કદી ઇયળ થયા નથી અને થશે પણ નહિ. આહાહા..! પણ એને ભવ્યત્વ કહેવામાં આવે છે. મોક્ષને લાયક એમ કહેવામાં આવે છે. લાયકાત પ્રગટ કરે નહિ એ બીજી વાત છે. આહાહા..! પણ એ ભવ્યત્વપણું પણ જીવદ્રવ્યમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? અભવ્યત્વ એમાં નથી.

**'આ જીવત્વપારિણામિકભાવ ભવ્યોને તેમજ અભવ્યોને સમાન હોય છે.'** એ શું કહે છે? ભવ્યજીવ અને અભવ્ય બેમાં જીવત્વશક્તિ સમાન છે. એ પરમ પારિણામિકભાવે બન્નેમાં સમાન શક્તિ છે. અભવીની પારિણામિકભાવ શક્તિ ઓછી છે અને ભવીની પારિણામિક શક્તિ વિશેષ છે એવો કોઈ ફેર નથી. સમજાણું કાંઈ? આહાહા..!

એ પ્રશ્ન એકવાર (સંવત) ૧૯૮૫ની સાલમાં સંપ્રદાયમાં બહુ થયો હતો. એક 'મોહનલાલજી' હતા એણે પુસ્તક બનાવ્યું હતું. 'મોહનલાલજી'. એમાં એમ નાખ્યું હતું, ભવી જીવને સમકિતી છે એને પણ હજી ત્રણ ભાવ હોય છે. મિથ્યાત્વ, મિશ્ર અને સમકિત. પણ અનાદિનો અભવ્ય છે એને બે જ ભાવ છે. મિથ્યાત્વ અને મિશ્ર. સમકિતમોહનીય નથી હોતા. અભવીને એકલું મિથ્યાત્વ છે. 'મોહનમાળા' (નામનું) પુસ્તક બનાવ્યું હતું. ૧૯૮૦ની વાત છે. અમને મોકલ્યું હતું. એની દીક્ષાને તો ઘણાં વરસ થયા. કીધું, તમારી આ વાત ખોટી છે.

અભવી અને ભવી બેને મિથ્યાત્વનો એક જ પ્રકાર છે. મિશ્ર અને સમકિત મોહનીય તો સમ્યગ્દર્શન થયા પછી હોય છે. ભવી જીવ મોક્ષ જવાને લાયક છે માટે તેને સમકિત મોહનીય છે, મિશ્ર છે, એમ તમે લખ્યું છે એ વાત ખોટી છે, કીધું. 'મોહનલાલજી'. ૫૦-૫૦ વર્ષની દીક્ષા. તે દિ' મારી દીક્ષા નાની. પણ મારી સામે બોલી શકે નહિ. દબાણ થઈ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જાય બધાને કે એમનું માનશે, તારું નહિ માને. 'કાનજીસ્વામી'ની એવી પ્રતિષ્ઠા છે. થોડું થોડું બોલવા લાગ્યા. 'મણિલાલજી' હતા. મહારાજ! સાંભળો. 'કાનજીમુનિ'. કહે ઇ સાંભળો. સામે ના ન પાડો. આ તો ૧૯૮૫ની વાત છે. પંદર વર્ષની દીક્ષા.

બાપુ! આત્મામાં અનાદિથી અભવીજીવને ૨૫ પ્રકૃતિ અને ૨૬ પ્રકૃતિ છે. મોહનીયની ૨૬ પ્રકૃતિ છે. ત્યારે એણે લખ્યું કે ૨૭ છે. કેમ કે ભવી છે માટે. અને અભવી (મોક્ષ) નહિ પામે માટે એકલું મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? એમ છે નહિ.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– અનાદિથી મિથ્યાત્વ એક જ છે. ભવ્ય હોય કે અભવ્ય હોય. આત્મજ્ઞાન થયા પછી મિથ્યાત્વના ત્રણ ટૂકડા થાય છે. મિથ્યાત્વ, મિશ્ર અને સમકિત મોહની. જરા સૂક્ષ્મ વાત છે, ભાઈ! અમારે તો ઘણાં સાથે ચર્ચા થતી હોય ને. અહીં તો અમે સત્યના અભિલાષી છીએ. અમે એવી કોઈ કલ્પનાથી તમે કહો એ વાત અમે નહિ માનીએ. આહાહા..!

અહીંયા કહે છે. '**ભવ્યત્વપારિણામિકભાવ ભવ્યોને જ હોય છે;...**' જીવત્વશક્તિ બન્નેને સમાન છે. શું કહ્યું એ? ભવી કે અભવી. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' બન્ને સિદ્ધ સમાન છે. અભવી પણ અંદર સિદ્ધ સમાન છે. આહાહા..! એ તો પર્યાયમાં ઉલટો પુરુષાર્થ છે. બાકી સ્વભાવ તો અભવીનો પણ (સિદ્ધ સમાન જ છે). એક પ્રશ્ન બહુ ચાલ્યો હતો. કે અભવીને મતિજ્ઞાનાવરણી, શ્રુતજ્ઞાનાવરણી અને અવધિજ્ઞાનાવરણી ત્રણ પ્રકૃતિ છે. પાંચ નથી. તો મિશ્રમોહનીયનો પ્રશ્ન ઉઠ્યો. ૧૯૮૫ની સાલની વાત છે. અભવીને ત્રણ આવરણ છે. મતિ આવરણ, શ્રુત આવરણ, અવધિ આવરણ, મનઃપર્યય અને કેવળ બે આવરણ નથી. એમ એણે 'મોહનમાળા' પુસ્તકમાં લખ્યું. મેં કીધું, ખોટી વાત છે. અભવીને પણ કેવળજ્ઞાનાવરણી છે. એને કેવળ પ્રગટ નથી થતું માટે કેવળજ્ઞાનાવરણી નથી. (એમ નથી.)

એ અહીં કહે છે, કે અભવી અને ભવી બન્નેને જીવત્વશક્તિ પારિણામિકભાવે પૂર્ણ છે. સમજાણું કાંઈ? એમાં તો આવરણ છે જ નહિ. આહાહા..! અને આવરણ છે તો પર્યાયમાં પાંચ આવરણ છે. અભવીને ત્રણ આવરણ અને ભવીને પાંચ આવરણ (એમ નથી). કેમ કે અભવી મોક્ષ નથી જતા માટે ત્રણ આવરણ છે. ભવી મોક્ષે જાય છે તો પાંચ આવરણ છે. તો પાંચને ટાળીને જાય (એમ નથી).

એ અહીં કહે છે. '**જીવત્વપારિણામિકભાવ ભવ્યોને તેમ જ અભવ્યોને સમાન હોય છે;...**' છે? ભવી અને અભવીને જીવત્વપારિણામિક સ્વભાવભાવ છે એ સરખા છે. ભવ્યને આવરણ ઓછા અને અભવીને વિશેષ આવરણ છે એ તો પર્યાયની અપેક્ષાએ છે. વસ્તુમાં નથી. ભવી અને અભવી બન્ને સરખા છે. આહાહા..! એ અભવીનો જીવ પણ પરમ પારિણામિકભાવે પૂર્ણ આનંદનો કંદ છે. આ જીવત્વશક્તિ એટલે પૂર્ણ ત્રિકાળી ભાવ લીધો. ત્રિકાળી ભાવ પૂર્ણ પરમાત્મા છે. એ તો પ્રગટ થતો નથી. એ તો પુરુષાર્થની ઉલટી દશા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. સમજાણું કાંઈ? આહાહા..! એ કહે છે કે **'ભવ્યોને તેમ જ અભવ્યોને સમાન હોય છે;...'**

**'ભવ્યત્વપારિણામિકભાવ ભવ્યોને જ હોય છે;...'** અને એ ભવ્યત્વપારિણામિક સિદ્ધમાં નથી. શું કીધું? ભવીજીવ સિદ્ધપદને પ્રાપ્ત કરે છે. એ ભવી. સિદ્ધપદ પ્રાપ્ત થયું ત્યાં ભવીપણું રહ્યું નહિ. જરી સૂક્ષ્મ વાત છે. આમ પારિણામિકભાવ કહ્યો તો કોઈ કહે કાયમ રહે એમ વાત નથી. સિદ્ધ થયા તો ભવ્યત્વપારિણામિકભાવ રહેતો નથી. સિદ્ધમાં ભવ્ય–અભવ્ય નથી. આહાહા..! અમારે તો લોકો સાથે ઘણી ચર્ચા ચાલતી હતી.

અહીં તો કહે છે, કે **'ભવ્યત્વપારિણામિકભાવ ભવ્યોને જ હોય છે;...'** જ્યાં સુધી સિદ્ધ નથી ત્યાં સુધી. જ્યારે એ ભવ્યજીવ આત્માનો અનુભવ કરીને મુક્તિ પામે છે, તો સિદ્ધમાં ભવી અભવી તો નહિ પણ ભવ્યપણું નથી. ભવ્યતાનો અર્થ યોગ્યતા અને લાયકાત છે. તો લાયકાત પૂર્ણ થઈ ગઈ. આહાહા..! આવી વાતું હવે. આ સમજ્યા વિના આમ ને આમ ક્રિયાકાંડ કરે, દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો. કર્તાબુદ્ધિ છે, મિથ્યાત્વ છે. છતાં એ દ્રવ્યસ્વભાવમાં નથી, પર્યાયમાં છે. આહાહા..! **'અભવ્યત્વપારિણામિકભાવ અભવ્યોને જ હોય છે. આ રીતે પાંચ ભાવોનું કથન કર્યું.'**

હવે ક્ષાયિકભાવ જે કહ્યો એ આત્મામાં ભલે નથી. પણ છે કોને? ક્ષાયિકભાવ છે, પણ આત્મામાં નથી. પણ ક્ષાયિકભાવની પર્યાય કોને હોય છે? **'પાંચ ભાવો મધ્યે ક્ષાયિકભાવ કાર્યસમયસારસ્વરૂપ છે;...'** શું કહ્યું? **'પાંચ ભાવો મધ્યે ક્ષાયિકભાવ કાર્યસમયસારસ્વરૂપ છે;...'** ભગવાનઆત્મા ત્રિકાળી કારણસમયસાર છે. વસ્તુ છે એ તો કારણસમયસાર છે. એ પારિણામિકભાવે છે. પણ ક્ષાયિકભાવનું કેવળજ્ઞાન થયું એ પારિણામિકભાવ એ કાર્યસમયસાર. એને પારિણામિક કહીએ, પરમપારિણામિક નહિ. પરમપારિણામિક તો દ્રવ્ય છે. 'જય ધવલ'માં પર્યાયને પારિણામિક કહી છે.

અહીંયા કહે છે, કે **'કાર્યસમયસારસ્વરૂપ છે; તે (ક્ષાયિકભાવ) ત્રિલોકમાં પ્રક્ષોભના હેતુભૂત...'** આહાહા..! કોને હોય છે, એમ કહે છે. **'ખળભળાટ [તીર્થંકરના જન્મકલ્યાણાદિ પ્રસંગે ત્રણે લોકમાં આનંદમય ખળભળાટ થાય છે.]'** આહાહા..! તેને ક્ષાયિકભાવ છે એમ કહે છે. છે? **'પ્રક્ષોભના હેતુભૂત તીર્થંકરપણા વડે પ્રાપ્ત થતા...'** અહીં તો તીર્થંકર લીધા છે. કેવળી સામાન્ય નથી લીધા. **'તીર્થંકરપણા વડે પ્રાપ્ત થતા સકળ-વિમળ કેવળજ્ઞાનથી યુક્ત...'** ભગવાનઆત્મા સકળ-વિમળ કેવળજ્ઞાનથી યુક્ત પર્યાય છે. જેવો સકળ-વિમળ દ્રવ્યસ્વભાવ છે, એવો પર્યાયમાં સકળ-વિમળ જ્ઞાનસ્વભાવ પ્રગટ થઈ ગયો. આહાહા..!

**'સકળ-વિમળ કેવળજ્ઞાનથી યુક્ત તીર્થંકરનાથને...'** પછી તીર્થંકરનાથ. નામ મુખ્યપણે આપ્યા. **'(તેમ જ ઉપલક્ષણથી સામાન્ય કેવળીને)...'** આમ તો તીર્થંકર નામ આપ્યું છે. વાંચતા હતા ત્યારે વિકલ્પ આવ્યો હતો, કે કદાચ આ 'પદ્મપ્રભમલધારીદેવ' ભવિષ્યમાં તીર્થંકર થશે કે નહિ? આ નાખ્યું છે. એ તો પહેલા વાંચ્યું હતું ત્યારે ખ્યાલ આવ્યો હતો. આ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તીર્થંકરપ્રકૃતિ એકલી ક્ષાયિકમાં કેમ નાખી? ગૌણપણે કેવળજ્ઞાન લીધું. મુખ્યપણે આ લીધું. એ 'પદ્મપ્રભમલધારીદેવ' સ્વર્ગમાં ગયા છે. ત્યાંથી (નીકળીને) કદાચિત્ તીર્થંકર થઈને મોક્ષ જવાના હોય. આહાહા..! એવું અંદરથી આવ્યું હતું. સમજાણું કાંઈ? પણ પછી અમારું પણ એમ જ છે. અહીંયા પણ તીર્થંકર થઈને મોક્ષે જવાના છીએ. સામાન્ય કેવળી નથી. પ્રભુ! વાત કંઈક સૂક્ષ્મ છે, પ્રભુ! આ તો અંતરની વાત છે. સમજાણું કાંઈ? 'પદ્મપ્રભમલધારીદેવ' માટે આવું આવી ગયું. આ વાત છે. આહાહા..!

કહે છે, કે **'સકળ-વિમળ કેવળજ્ઞાનથી યુક્ત તીર્થંકરનાથને અથવા સિદ્ધભગવાનને હોય છે.'** કેવળજ્ઞાન તીર્થંનાથને હોય છે, સામાન્યકેવળીને હોય છે અને સિદ્ધને હોય છે. **'ઔદયિક, ઔપશમિક અને ક્ષાયોપશમિક ભાવો સંસારીઓને જ હોય છે,...'** ઉદય, ઉપશમ, ક્ષયોપશમ. ક્ષાયિક છે એ તીર્થંકરને, કેવળીને અને સિદ્ધને હોય છે. અને આ અસ્તિ પાછી સિદ્ધ કરવી છે. નિષેધ કર્યો પણ છે કોને? આહાહા..! એ ઔદયિક નામ આ ભેદ લીધા ને? ઉદયના ભેદ લીધા ને? ઉદયભાવના ૨૧ ભેદ વાંચી ગયા ને? અને ક્ષયોપશમના ૧૮ ભેદ, ઉપશમના બે ભેદ. આહાહા..! એ **'ઔદયિક, ઔપશમિક અને ક્ષાયોપશમિક ભાવો સંસારીઓને જ હોય છે,...'** આહાહા..! ક્ષયોપશમ સમકિત હોય, ઉપશમ સમકિત હોય તો પણ સંસારી છે. અસિદ્ધ છે ને? પર્યાયમાં અસિદ્ધ છે ને? આહાહા..!

હવે જરી ઝીણી વાત આવે છે. **'પૂર્વોક્ત ચાર ભાવો આવરણસંયુક્ત હોવાથી મુક્તિનું કારણ નથી.'** આહાહા..! ચાર ભાવ આવરણસંયુક્ત. એનો અર્થ, કે આવરણનું નિમિત્ત હતું અને એનો અભાવ થયો એટલી અપેક્ષા કરીને, **'ચાર ભાવો આવરણસંયુક્ત હોવાથી મુક્તિનું કારણ નથી.'** આહાહા..! એ ક્ષાયિકભાવ પણ આવરણસંયુક્ત છે. આવરણસંયુક્તનો અર્થ? આવરણ હતું એનો અભાવ થયો એટલી અપેક્ષા રહી. આહાહા..! આવરણનું સંયુક્તપણું કહ્યું. ભગવાનને તો ચાર ઘાતિનું આવરણ નથી. આહાહા..! સિદ્ધને પણ નથી.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પણ આવરણ પહેલા હતું, એનો અભાવ થયો એ પર્યાયની અપેક્ષાથી વાત છે. દ્રવ્યમાં તો કોઈ આવરણ જ નથી. એ તો ત્રિકાળી નિરાવરણ છે. એ અપેક્ષાથી લીધું છે. વસ્તુ ત્રિકાળી નિરાવરણ છે, તો ક્ષાયિકભાવ આવરણવાળાનો અભાવ થયો એટલી અપેક્ષાથી આવરણવાળા કહેવામાં આવ્યું છે. આવી વાત છે. વીતરાગ માર્ગ ગંભીર ઘણો, ભાઈ! આહાહા..!

એ **'મુક્તિનું કારણ નથી.'** આહાહા..! **'ત્રિકાળ નિરુપાધિ જેનું સ્વરૂપ છે...'** આહાહા..! ભગવાનઆત્મા ક્ષાયિકભાવથી રહિત ત્રિકાળી નિરુપાધિ.. આહાહા..! **'જેનું સ્વરૂપ છે એવા નિરંજન નિજ પરમ પંચમભાવની...'** નિરંજન–મેલ નહિ, આવરણ નહિ, આવરણના અભાવની અપેક્ષા નહિ. **'નિજ પરમ પંચમભાવની (–પારિણામિક ભાવની) ભાવનાથી...'** એ પારિણામિકભાવની

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભાવનાથી. એ ભાવનામાં ક્ષાયિકભાવ આદિ આવ્યા. પણ ક્ષાયિકભાવની ભાવનાથી એમ નહિ. સૂક્ષ્મ વાત છે, ભાઈ! આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ, જેને એક સમયમાં એક પર્યાયમાં જ્ઞાનમાં ત્રણકાળ, ત્રણલોક (જણાય), ભાઈ! એ માર્ગ કોઈ અલૌકિક છે. એને સમજવો અને પછી દ્રવ્ય આત્માનો અનુભવ (થવો) એ અલૌકિક વાત છે. આહાહા..!

અહીં કહે છે, કે ક્ષાયિકભાવ છે એ પણ છે તો મુક્તિ. કેવળી છે તો ભાવમુક્તિ છે. પછી ચાર કર્મનો અભાવ થશે તો દ્રવ્યમુક્તિ થશે. છતાં કહે છે કે એ તો પર્યાયની વાત છે. એ પર્યાયના આશ્રયે મુક્તિ નથી થતી. એથી મુક્તિનું કારણ નથી. **‘ત્રિકાળ નિરુપાધિ જેનું સ્વરૂપ છે...’** ત્રિકાળ નિરુપાધિ ભગવાન, જેમાં પર્યાયનો પણ અભાવ છે. ક્ષાયિકભાવમાં જે આવરણનો અભાવ થઈને ક્ષાયિક પર્યાય થઈ, એ અપેક્ષાએ આવરણવાળું કહીને ત્રિકાળી વસ્તુ નિરાવરણ ભગવાન અંદર છે, જે સમ્યગ્દર્શનનું ધ્યેય ત્યાં છે (એમ કહ્યું). આહાહા..! આવો માર્ગ!

**‘ત્રિકાળી નિરુપાધિ જેનું સ્વરૂપ છે એવા નિરંજન નિજ પરમ પંચમભાવની...’** સમજાણું કાંઈ? **‘ત્રિકાળી નિરુપાધિ જેનું સ્વરૂપ છે...’** ઉપાધિ છે કે નથી એની અપેક્ષા નથી. **‘ત્રિકાળી નિરુપાધિ જેનું સ્વરૂપ છે એવા નિરંજન નિજ પરમ પંચમભાવ...’** પાછા શબ્દો શું લીધા છે? **‘નિજ પરમ પંચમભાવ...’** ભગવાનને પંચમભાવ છે તો ભલે હો. આ નિજ પરમ પંચમભાવ. આહાહા..! **‘નિજ પરમ પંચમભાવ...’** પરમ કેમ કહ્યું? કે ઉદય, ક્ષાયિકને ‘જય ધવલ’માં પારિણામિકભાવ કહ્યા છે. તો ત્રિકાળી પારિણામિકભાવની પર્યાય છે ને? શું કીધું? ‘જય ધવલ’ ગ્રંથ-શાસ્ત્ર છે, તેમાં ચાર ભાવને પારિણામિક કહ્યા છે અને ત્રિકાળીને પરમપારિણામિક કહ્યું છે. રાગને પારિણામિક કહ્યો, મિથ્યાત્વને પારિણામિક કહ્યું. એ ત્રિકાળી પારિણામિકભાવની પર્યાય ગણીને પારિણામિકભાવ કહ્યું. અહીં તો એ નહિ. અહીં તો પરમ પારિણામિકભાવ. છે? આહાહા..! એની ભાવના. ભાવના શબ્દે એના તરફની એકાગ્રતા. એ ભાવનામાં તો ક્ષયોપશમ, ઉપશમ, ક્ષાયિકભાવ થાય છે. ભાવના એ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવ છે. ક્ષાયિકભાવની, ક્ષયોપશમભાવની... આહાહા..! એની ભાવનામાં પંચમભાવની ભાવના છે. એ ક્ષાયિકભાવની ભાવના નથી. સમજાણું કાંઈ? આહાહા..! **‘ભાવનાથી પંચમગતિએ મુમુક્ષુઓ...’** શું કીધું? **‘પરમ પંચમભાવની ભાવનાથી પંચમગતિએ મુમુક્ષુઓ (વર્તમાનકાળે) જાય છે,...’** આહાહા..! મહાવિદેહક્ષેત્રમાં. **‘(ભવિષ્યકાળે) જશે...’** કઈ રીતે? પણ પરમ પંચમભાવની એકાગ્રતારૂપ ભાવના. ક્ષાયિક અને ઉપશમની ભાવના નહિ, છે ખરી. પંચમભાવની ભાવનામાં ક્ષાયિકભાવ છે, પણ એની ભાવના નથી. ભાવના પંચમભાવની છે. આહાહા..!

મુમુક્ષુ :– ભાવનાનો અર્થ?

ઉત્તર :– ભાવના એટલે એકાગ્રતા. દ્રવ્ય તરફની એકાગ્રતા. પણ એ એકાગ્રતા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પંચમભાવમાં છે. એકાગ્રતા છે એ ઉત્કૃષ્ટ ક્ષાયિકભાવ છે. એકાગ્રતા ક્ષયોપશમભાવ પણ છે. પણ એ એકાગ્રતા દ્રવ્યમાં છે. એ પર્યાયમાં એકાગ્રતા નથી. વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૪૨, શ્લોક-૫૮-૫૯, ગાથા-૪૧-૪૨ રવિવાર, શ્રાવણ સુદ ૭, તા.૧૭-૮-૧૯૮૦

---

'નિયમસાર' છેલ્લો પેરેગ્રાફ છે ને? ફરીથી લઈએ.

**'પૂર્વોક્ત ચાર ભાવો આવરણસંયુક્ત હોવાથી...'** આહાહા..! 'કુંદકુંદાચાર્યે' પોતાની ભાવનામાં દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ કરી છે તો દૃષ્ટિ કરવાનું કહ્યું છે. એ વિના બધી પર્યાય.. અહીં તો ચાર ભાવ આવરણસંયુક્ત (કહ્યું છે). આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ તો ઉદયભાવ છે, વિકાર છે, ભોગીના ભોગનું મૂળ છે. ઇ હવે આવશે. આહાહા..! એ કોઈ ધર્મ નથી. તેમ એના આશ્રયથી-કારણથી શુભ કરતા-કરતા ધર્મ થશે એમ નથી. પણ ત્રણ ભાવ જે ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક છે એ પર્યાય છે. પર્યાયમાં નિમિત્તની અપેક્ષા અને નિરપેક્ષતા આવે છે. તો એટલી અપેક્ષા છે તો ચાર ભાવને આવરણસંયુક્ત કહ્યા. અથવા ક્ષાયિકભાવની પર્યાય-દશા હોય પણ એનો આશ્રય કરવા લાયક નથી. આવી વાત છે, ભાઈ! આહાહા..! શરીરની ક્રિયા તો ક્યાંય રહી ગઈ. અંદર વ્રત, તપ, ભક્તિના પરિણામ તો ક્યાંય રહી ગયા. ઝીણી વાત છે, ભાઈ! મૂળ વાત જૈનદર્શનની કોઈ અલૌકિક છે. આહાહા..!

અહીં કહે છે કે ચાર ભાવ એટલે ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક. આ ક્ષાયિકમાં તો કેવળજ્ઞાન આદિ નવ લબ્ધિ. નવ લબ્ધિ (આવી ગઈ). આહાહા..! એ પણ પર્યાય છે. દૃષ્ટિ જેને કરવી એણે પર્યાય ઉપર લક્ષ કરવું નહિ. આહાહા..! જેને સમ્યગ્દર્શન-ધર્મની પહેલી શરૂઆત કરવી હોય, એને તો ચાર ભાવથી રહિત અંદર જ્ઞાયકભાવ પૂર્ણાનંદ પ્રભુ, એનો આશ્રય કરવાથી દૃષ્ટિ થાય છે. આહાહા..! આકરી વાત છે.

સાધારણ પ્રાણી ભલે છ ખંડના રાજમાં હોય. પણ એ સમકિતી છે તો એ સમકિતની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે. એ અખંડને સાધે છે. આહાહા..! બાહ્ય છ ખંડને તો સાધતા નથી, પણ પર્યાય ખંડ છે અને ભેદ છે તેને પણ સાધતા નથી. આહાહા..! સમજાણું કાંઈ? ચાર ભાવનું લક્ષ છોડવું. કારણ કે એ મુક્તિનું કારણ નથી. આહાહા..!

'કુંદકુંદાચાર્ય' કહે છે કે મેં તો મારી ભાવના માટે (આ શાસ્ત્ર) બનાવ્યું છે. તમે સાંભળો, તમને યોગ્ય લાગે તો ગ્રહણ કરો. આહાહા..! આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથનો કહેલો માર્ગ મારામાં છે. પણ મારી ભાવના દ્રવ્ય સ્વભાવ ઉપર છે. આહાહા..! બીજી ચીજ પર્યાય થાય છે, રાગ થાય છે, રાગનું નિમિત્ત પણ હોય, અંદરમાં કર્મ નિમિત્ત હોય, બહારમાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભગવાનની પ્રતિમા આદિ હો, પણ એ કોઈ આશ્રય કરવા લાયક નથી. આહાહા..! છે, પણ આશ્રય કરવા લાયક તો ત્રિકાળી ભગવાન ચૈતન્યનો વિલાસ, સહજાત્મસ્વરૂપનો વિલાસ જે આત્મા, સહજ ચૈતન્યનો વિલાસ પ્રભુ (છે). આહાહા..!

ત્રિકાળી દ્રવ્ય જે છે એ સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ, ચૈતન્યના આનંદસ્વરૂપ ભગવાનઆત્મા પૂર્ણ છે. એનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. ચારિત્ર તો હજી પછી છે, બાપુ! સમ્યગ્દર્શન... આહાહા..! પોતાના દ્રવ્યનો આશ્રય કરીને પ્રથમ સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે. પછી દ્રવ્યનો વિશેષ આશ્રય કરવાથી ચારિત્ર ઉત્પન્ન થાય છે. સમ્યગ્દર્શનની પર્યાયના આશ્રયથી ચારિત્ર નથી થતું. આહાહા..! સમજાણું કાંઈ? એ કારણે આ ચાર ભાવને આવરણસહિત કહ્યા છે. આશ્રય કરવા લાયક નથી એ કારણે.

**'ત્રિકાળ નિરુપાધિ જેનું સ્વરૂપ છે...'** આહાહા..! ભગવાન દ્રવ્ય વસ્તુ અંદર છે. એ ત્રિકાળ નિરુપાધિ છે. જેમાં ઉપાધિ, કર્મના નિમિત્ત અને રાગની ઉપાધિ અંદર છે જ નહિ. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, તપના પરિણામ એ ઉપાધિ છે, એ વસ્તુમાં નથી. આહાહા..! નિરુપાધિ ભગવાનઆત્મા, જેનું સ્વરૂપ જ નિરુપાધિ છે. **'એવા નિરંજન...'** જેમાં અંજન એટલે મેલ રાગાદિનો પણ અભાવ છે. **'નિજ પરમ પંચમભાવ...'** આહાહા..! સવારમાં આવ્યું હતું ને? કે મોક્ષની પર્યાયને પણ દ્રવ્ય કરતું નથી. આહાહા..! ગજબ વાત! દયા, દાન, રાગનો કર્તા તો આત્મા નથી, અને જે કર્તા માને એ આત્મા નથી, એ તો અનાત્મા છે. આહાહા..! વાત આકરી લાગે, ભાઈ!

અહીંયા કહે છે, **'નિરંજન નિજ પરમ પંચમભાવ...'** ત્રિકાળી નિરંજન. એમ તો શુદ્ધાત્માની વાત તો વેદાંત પણ ઘણી કરે છે. કબીરમાં પણ ઘણી વાત આવે છે. પણ આ વાત નહિ. આવી નહિ. બધી એકાંતની વાત છે. આહાહા..! આ તો પરમાત્મા એક સમયમાં સેકન્ડના અસંખ્ય ભાગમાં પારિણામિક સ્વભાવભાવ વર્તમાનમાં પૂર્ણ છે. ત્રિકાળીની અપેક્ષાએ તો પછી. વર્તમાનમાં જ પૂર્ણ છે. પરમાત્મા અનંતગુણનો કંદ, ખાણ, વર્તમાનમાં જ પરમ પારિણામિકભાવ પૂર્ણ છે. એવા પારિણામિકભાવની... જુઓ! આહાહા..! **'ભાવનાથી...'** ક્ષાયિકભાવની ભાવનાથી અને ઉદયભાવની ભાવનાથી નહિ. દયા, દાન, વ્રતની ભાવનાથી આત્માનું સમ્યગ્દર્શન થાય છે... આહાહા..! કે ચારિત્ર થાય છે એમ નથી. ચાહે તો પંચમહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ પાળે, પણ એ બધો રાગ છે. આહાહા..! એના આશ્રયથી ભાવના નથી થતી. આહાહા..!

ભાવના તો ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક પર્યાય છે. પણ એ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક પર્યાયના આશ્રયથી એ ભાવના નથી થતી. આવી વાત હવે ક્યાં લોકોને... પંચમ પારિણામિક સ્વભાવ ભગવાનઆત્મા, એની ભાવનાથી. ભાવના શબ્દે ચિંતન અને કલ્પના એ નહિ. પરમભાવ પરમાત્મા દ્રવ્યસ્વભાવ, એની એકાગ્રતા, એને ધ્યેય બનાવીને... આહાહા..! વસ્તુના

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સ્વભાવને ધ્યેય બનાવીને અંતરમાં એકાગ્ર થવું એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય, એ દ્રવ્યમાં એકાગ્ર થવાથી થાય છે. આહાહા..! અરે..! માણસને નવરાશ ક્યાં? અંદર આ મૂળ ચીજ.

આમ તો 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો.' 'છ ઢાળા'માં આવે છે. 'છ ઢાળા' 'મુનિવ્રત ધાર...' અઠ્યાવીસ મૂળગુણ, પંચમહાવ્રત એના માટે ચોકા કરીને આહાર (બનાવ્યો હોય તો) ત્રણકાળમાં લે નહિ. પ્રાણ જાય તો પણ એક પાણીનું બિંદુ એના માટે બનાવ્યું હોય તો લે નહિ એવી તો જેની ક્રિયા (હતી). અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો. સમજાણું કાંઈ? આહાહા..! ત્યાં આ પંચમહાવ્રત નિરતિચાર (પાળ્યા). પણ એ બધો રાગ છે. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ...' આત્મજ્ઞાન રાગથી ભિન્ન ભગવાન, એવો ત્રિકાળી આત્મા, આત્મજ્ઞાનનો અર્થ, ગુણનું જ્ઞાન, પર્યાયનું જ્ઞાન એમ નહિ. નિમિત્તનું જ્ઞાન, રાગનું જ્ઞાન એ તો નહિ પણ પર્યાયનું જ્ઞાન અને ગુણભેદનું જ્ઞાન એ પણ નહિ. આહાહા..! આવી વાત છે. 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એ 'છ ઢાળા'માં આવે છે ને? 'આતમજ્ઞાન બિન...' આત્મા જે ચિદાનંદ પ્રભુ છે, તેને સ્પર્શ કરવો... આહાહા..! એનો અનુભવ કરવો. આવી ચીજ ભાવસ્વરૂપ જે ત્રિકાળ છે, એમાં એકાગ્રતારૂપી ભાવના કરવી. આવી વાત છે.

એ **'ભાવનાથી પંચમગતિએ...'** મોક્ષમાં આ ભાવનાથી **'મુમુક્ષુઓ (વર્તમાન કાળે) જાય છે,...'** આહાહા..! મહાવિદેહક્ષેત્રમાં ભગવાન બિરાજે છે. ત્રિલોકનાથ પરમાત્મા. એની ઉપસ્થિતિમાં સંતો, આત્મધ્યાની, જ્ઞાની અંતર પંચમભાવની ભાવનાથી અત્યારે પણ મોક્ષ એટલે કેળજ્ઞાન પ્રાપ્ત કરે છે. પણ એ ભાવ આ. વ્યવહાર કરતા-કરતા સમ્યગ્દર્શન થાય છે અને મોક્ષ થાય છે કે પર્યાયના આશ્રયથી સમ્યગ્દર્શન અને જ્ઞાન થાય છે એમ નથી. અરે..! આ સમજવાની દરકાર પણ નથી. અંદર છે?

**'પંચમભાવની ભાવનાથી પંચમગતિ...'** આહાહા..! પંચમગતિ એટલે સિદ્ધ-મોક્ષ. **'મુમુક્ષુઓ (વર્તમાન કાળે)...'** મુમુક્ષુ એને કહીએ, જેને પરમાનંદ સ્વરૂપ ભગવાનઆત્માની ભાવના કરીને પરમ આનંદ સ્વભાવથી પ્રગટ થયો છે અને એ ઉપાદેય ત્રિકાળ આત્માને માને છે. પર્યાયને પણ ઉપાદેય નથી માનતા, હેય માને છે. આહાહા..! સમજાણું કાંઈ? એ તો પહેલા આવી ગયું. સમકિતી સંવર, નિર્જરા અને મોક્ષ પર્યાયને પરદ્રવ્ય માને છે. શરીર, વાણી, મન, પૈસા અને ધૂળ તો ક્યાંય પરદ્રવ્ય રહી ગયા. એની સાથે આત્માને કોઈ સંબંધ નથી. પણ અંદરમાં રાગ આવ્યો એની સાથે પણ આત્માને સંબંધ નથી. પણ અંદરમાં ભાવના થઈ, શુદ્ધ પરમપારિણામિકસ્વભાવની ભાવના થઈ, તો એ સંવર અને નિર્જરા છે. એ (ભાવનાથી) મુમુક્ષુઓ મોક્ષ જાય છે. છે?

**'મુમુક્ષુઓ (વર્તમાનકાળે) જાય છે,...'** આહાહા..! પણ છતાં એ પર્યાયના આશ્રયે નહિ.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એને (–રાગને તો) અહીં પરદ્રવ્ય કહ્યો છે. આહાહા..! અર..ર..! પૈસા, શરીર, ધૂળ તો પરદ્રવ્ય છે, એની સાથે તારો કોઈ સંબંધ નથી. આહાહા..! પણ તારી પર્યાયમાં પંચમભાવની ભાવનાથી અંતરમાં સંવર અને નિર્જરા શુદ્ધ આનંદનો સ્વાદ આવ્યો, અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો, એને પણ પરદ્રવ્ય કહેવામાં આવ્યું છે. છે? એ વાત તો પહેલા ચાલી ગઈ. પહેલી જ ૩૮ ગાથામાં. સાત તત્ત્વ પરદ્રવ્ય છે. આહાહા..! સવારમાં પણ આવ્યું હતું. દ્રવ્યસ્વભાવ વસ્તુની દ્રવ્યદૃષ્ટિ કરાવવાની વાત છે. લાખ વાર, કરોડ વાર ક્રિયાકાંડ કરે, એની સાથે ધર્મને કોઈ સંબંધ નથી. આહાહા..!

આ એક જ પરમાત્મા પૂર્ણસ્વરૂપે અંદર બિરાજમાન છે. એની ભાવના એટલે અંતરની એકાગ્રતા, એનો આશ્રય કરવાથી, જે કાંઈ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર થયું એ પણ પરદ્રવ્ય છે. આહાહા..! એ પરદ્રવ્યનો આશ્રય કરવા લાયક નથી. અને પરદ્રવ્યના આશ્રયથી મુક્તિ નથી થતી. સ્વદ્રવ્ય પંચમભાવની ભાવનાથી મુમુક્ષુને મુક્તિ થાય છે. આહાહા..! એથી ચાર ભાવ નથી એમ નથી. આવા ધર્મીને પોતાની પર્યાયમાં નબળાઈથી રાગ આવે છે, (નથી આવતો) એમ નથી. રાગ થાય છે પણ એ રાગ બંધનું કારણ છે. અને જે સમ્યગ્દર્શન ઉત્પન્ન થયું, એ સંવર-નિર્જરાના આશ્રયથી વિકલ્પ ઉત્પન્ન થાય છે, રાગ ઉત્પન્ન થાય છે. ત્રિકાળી ભગવાન જ્ઞાનાનંદ સહજાત્મસ્વરૂપ પ્રભુ! આહાહા..! એનો આશ્રય કરવાથી નિર્વિકલ્પતા ઉત્પન્ન થાય છે અને એની ભાવના–એકાગ્રતા કરવાથી પંચમગતિએ-મોક્ષે મુમુક્ષુઓ જાય છે. એ આવ્યું ને? પંચમગતિ એટલે મુક્તિ. પંચમભાવની ભાવનાથી પંચમગતિને (પામે છે). ભાષા તો સાદી છે. ભાવ તો બહુ ગંભીર, ભાઈ! અરે..રે..! જિંદગી ચાલી જાય છે. એમાં આ વાત અંતરમાં દૃષ્ટિ નથી કરી, (તો) એ ચોરાશીના અવતારમાં રખડી મરશે. નરક અને નિગોદમાં જશે. આહાહા..! સમજાણું કાંઈ?

વર્તમાનકાળમાં પંચમગતિએ મુમુક્ષુઓ જાય છે. ભલે અહીંયા નથી (જતા) પણ મહાવિદેહમાં વર્તમાનમાં પંચમભાવની ભાવનાથી, ત્રિકાળ પંચમભાવ, એની ભાવના વર્તમાન એકાગ્રતા, એનાથી મુમુક્ષુજીવ મોક્ષે જાય છે. આહાહા..! **'(ભવિષ્ય કાળે) જશે...'** ભવિષ્ય, જે વર્તમાનથી અનંતકાળ છે, તો એ બધે એક જ સિદ્ધાંત છે. પંચમભાવ ભગવાન પૂર્ણાનંદને પકડીને એકાગ્રતા થવાથી ભવિષ્યમાં પંચમગતિને પ્રાપ્ત કરશે. આહાહા..! **'અને (ભૂત કાળે) જતા.'** અનંતકાળ ગયો એમાં પણ જે મોક્ષે ગયા, એ અંતર સ્વભાવ જે પૂર્ણાનંદ પ્રભુ! એમાં એકાગ્ર થઈને (એને) ધ્યેય બનાવીને લીન થાય છે, ભૂતકાળમાં પણ **'પંચમભાવની ભાવનાથી પંચમગતિએ મુમુક્ષુઓ જાય છે,...'** આહાહા..! કેવો માર્ગ આ! એક કોર મંદિર બનાવવા, રથયાત્રા કાઢવી. કોણ કાઢે? સાંભળ તો ખરો. એ તો બધી જડની ક્રિયા થવાની છે તે થાય છે. શું આત્મા કાઢી શકે છે? આહાહા..! શું આત્મા મંદિર બનાવી શકે છે? આત્મા રાગ બનાવે (કરે) છે એમ માનવું એ પણ મિથ્યાદૃષ્ટિનું કર્તવ્ય છે. તો પરને હું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કરું છું, મંદિર હું બનાવું છું, એ તો મહામિથ્યાદષ્ટિ છે. ગૃહિત મિથ્યાદષ્ટિ. પેલું અગ્રહિત છે. આહાહા..! આવી વાત છે.

ભગવાન 'કુંદકુંદાચાર્ય'ની ગાથામાં આ લીધું છે. તેનો અર્થ ટીકાકાર 'પદ્મપ્રભમલધારીદેવ' મુનિ કરે છે. **'(ભવિષ્યકાળે) જશે અને (ભૂતકાળે) જતા.'** એ પંચમભાવની ભાવનાથી મોક્ષે ગયા છે. અનંતા તીર્થંકરો, અનંતા કેવળીઓ જે મોક્ષે ગયા એ બધા પરમાત્મસ્વરૂપ ત્રિકાળ. 'ઘટ ઘટ અંતર જિન વસે.' એ પરમાત્મસ્વરૂપ, જિન વીતરાગસ્વરૂપી પ્રભુ આત્મા છે. એ પરમાત્માનો આશ્રય કરવાથી, એકાગ્ર થવાથી ભૂતકાળમાં પણ મોક્ષે ગયા છે, વર્તમાનમાં પણ જાય છે અને ભવિષ્યમાં પણ જશે. આહાહા..!

એક માર્ગ છે. 'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ.' બે નહિ. આ એક જ પંથ છે. 'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ.' એ 'શ્રીમદ્'ની 'આત્મસિદ્ધિ' માં આવે છે. આહાહા..! અરે..! સાંભળવા મળે નહિ. અને આ જગતના રસમાં ઘૂસી ગયો. આહાહા..! પૈસા.. પૈસા... પૈસા... નહોતું કહ્યું? બે અબજ અને ચાલીસ કરોડ. 'મુંબઈ'માં એક શેઠ આવ્યા હતા. 'ચીમનભાઈ'. વૈષ્ણવ છે. પચાસ કરોડ રૂપિયા. વ્યાખ્યાનમાં આવ્યા હતા. મોટું નામ સાંભળીને આવે. પણ કાંઈ બેસે નહિ. પચાસ કરોડ. શું નામ એનું? 'રામદાસ'.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– શેઠ ન કહેવું મહારાજની પાસે એમકે લોકો શેઠ કહે છે. એમ કહે 'રામદાસ શેઠ' મને ન કહેવું. મહારાજ! તમારી પાસે અમે શેઠ ક્યાં છીએ? ઘરની બધી સ્ત્રીઓ જૈન શ્વેતાંબર. ઘરમાં બધી સ્ત્રી, દીકરાની વહુ બધી શ્વેતાબંર જૈન અને દીકરા અને એ બધા વૈષ્ણવ. પચાસ કરોડ. અને બે-ચાર-પાંચ, ઘણાં કરોડની તો પેદાશ છે. એક તો પણ આપણા અહીંયા છે ને 'જામનગર'માં? 'જામનગર'માં એક છે ને? આપણા 'રામજીભાઈ'નો દીકરો નોકર છે. વ્યાખ્યાનમાં આવ્યા હતા. શું નામ એનું? નામ ભૂલી ગયા. સાડા ત્રણ કરોડની એક વર્ષની પેદાશ. ધૂળ. પેદાશ, હોં! હજી વધારવાનો છે. એક વર્ષની પાંચ કરોડની પેદાશનો વેપાર વધારવાના છે. ધૂળમાં પણ નથી. આહાહા..!

અહીંયા તો કહે છે, તને ક્ષયોપશમ, સંવર-નિર્જરા થઈ, એનો આશ્રય કરવાથી વિકલ્પ ઉત્પન્ન થાય છે. કેમ કે એ પર્યાય છે. આકરી વાત, બાપુ! જૈનધર્મમાં અત્યારે તો ગડબડ. બસ આ કરો... આ કરો.. આ કરો... આ કરો.. વ્રત કરો, તપ કરો, અપવાસ કરો... કરવું... કરવું... કરવું... એ કરવું એ મરવું છે. હું કરું, રાગનો કર્તા થાય છે, એ તો સ્વરૂપનું મૃત્યુ કરે છે. આહાહા..! સ્વરૂપ તો જ્ઞાતા-દષ્ટા પંચમપારિણામિક સ્વભાવ છે, તેને રાગનું કર્તાપણું સોંપવું એ આખા ચૈતન્યને વિકારી બનાવવા જેવું છે. વિકારી બનાવવો છે. આહાહા..! સૂક્ષ્મ ભાવ છે, પ્રભુ! આ તો ત્રણલોકના નાથ સર્વજ્ઞની વાણી સાક્ષાત પરમાત્મા મહાવિદેહમાં કરે છે. મહાવિદેહમાં કરે છે એ વાણી આ આવી છે. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



'[હવે ૪૧ મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે :]'

## શ્લોક–૫૮

(आर्या)

**अंचितपंचमगतये पंचमभावं स्मरन्ति विद्वान्सः।**
**संचितपंचाचाराः किंचनभावप्रपंचपरिहीणाः।।५८।।**

**[શ્લોકાર્થ :–] (જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્યરૂપ) પાંચ આચારોથી યુક્ત અને કાંઈપણ પરિગ્રહપ્રપંચથી સર્વથા રહિત એવા વિદ્વાનો પૂજનીય પંચમગતિને પ્રાપ્ત કરવા માટે પંચમભાવને સ્મરે છે. ૫૮.**

## શ્લોક–૫૮ ઉપર પ્રવચન

હવે ટીકાકારના બે શ્લોક. ૫૮મો શ્લોક.

**अंचितपंचमगतये पंचमभावं स्मरन्ति विद्वान्सः।**
**संचितपंचाचाराः किंचनभावप्रपंचपरिहीणाः।।५८।।**

**શ્લોકાર્થ :– '(જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્યરૂપ)'** શુદ્ધ ચૈતન્યની પર્યાય, નિર્મળ વીતરાગી પર્યાય. **'પાંચ આચારોથી...'** પાંચ વીતરાગી પર્યાયના આચરણથી **'યુક્ત અને કંઈ પણ પરિગ્રહપ્રપંચથી સર્વથા રહિત...'** આહાહા..! વિકલ્પનો પણ પરિગ્રહ નથી. શરીરનો તો નથી. આહાહા..! **'એવા વિદ્વાન...'** એને વિદ્વાન કહીએ, કહે છે. આહાહા..! બાકી બધા ભણ્યા-ગણ્યા... આહાહા..! એક વિદ્વાન 'સમયસાર'માં આવે છે કે વિદ્વાન નિશ્ચયને, ભૂતાર્થને છોડીને વ્યવહારનો આશ્રય કરે છે એ મિથ્યાદષ્ટિ વિદ્વાન છે. આવ્યું છે ને? શ્લોક છે ને?

મુમુક્ષુ :– ભૂતાર્થ તજીને

ઉત્તર :– વિદ્વાન કીધા ને. વિદ્વાન થઈને નિશ્ચયના આશ્રયની વાત છોડીને વ્યવહારના કર્તવ્યમાં પડ્યો છે એ મૂંઢ મિથ્યાદષ્ટિ સંસારમાં રખડનારો છે. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હતી એ કાળે હશે. ભગવાન વખતે. 'કુંદકુદાચાર્ય' વખતે. ત્યારે તો આમાં લખાયું છે. હવે આ આચાર્ય મહારાજ આ કહે છે. આ આચાર્ય નથી પણ મુનિ છે. ટીકાકાર

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



'પદ્મપ્રભમલધારી' મુનિ. તો કહે છે, કે વિદ્વાન તેને કહીએ... આહાહા..! કે **'પૂજનીય પંચમગતિને પ્રાપ્ત કરવા માટે...'** આહાહા..! સિદ્ધગતિ પંચમ છે. આ ચાર ગતિ નરક, તિર્યંચ, મનુષ્ય, દેવથી ભિન્ન સિદ્ધગતિને પ્રાપ્ત કરવા... આહાહા..! **'પંચમભાવને સ્મરે છે.'** ભગવાનનું સ્મરણ કરે છે એમ ન લીધું. ભગવાનનું સ્મરણ કરે તો એ વિકલ્પ ને બંધનો રાગ છે, સંસાર ઝેર છે. આહાહા..! (સમયસાર) મોક્ષ અધિકારમાં લીધું છે. એ શુભભાવ જે આવે છે એ ઝેરનો ઘડો છે. ગજબ વાત છે, ભાઈ!

મુમુક્ષુ :– શાસ્ત્રમાં એવું આવે છે કે શુભથી શુદ્ધ થાય.

ઉત્તર :– બિલકુલ નથી આવતું. એ તો વ્યવહારનું કથન છે. સાધનથી સાધ્ય એવું કથન છે. વ્યવહારનયનું કથન છે. કથન જેમ ઘીનો ઘડો કહેવામાં કથન છે. આહાહા..! એમ એ તો કથન બતાવવાની વાત છે. વસ્તુ એવી નથી. આહાહા..!

મુમુક્ષુ :– તો એ કથનને માનવું કે ન માનવું?

ઉત્તર :– સમજાવવામાં કથનભેદ આવ્યા વગર રહે નહિ. ગમે તેટલા અધિક બુદ્ધિવાળા હોય. ૮મી ગાથામાં આવે છે ને? આત્માને સમજાવવું છે, તો જ્ઞાન, દર્શન, ચારિત્ર જે વીતરાગી પર્યાયને પ્રાપ્ત એ આત્મા. તો એ ભેદ થયો એ પણ વ્યવહાર થયો. 'સમયસાર'ની ૮મી ગાથા. સમજાણું કાંઈ? એ ભેદ પણ નહિ. એ તો સમજાવવા માટે ભેદથી કથન છે. આહાહા..! માર્ગ બહુ આકરા, ભાઈ!

અરે..! અનાદિકાળથી રખડી મરે છે. નરક ને નિગોદ. નિગોદના દુઃખનું, નરકના દુઃખનું વર્ણન પ્રભુ કરે છે. પ્રભુ! તારા નરકના એક ક્ષણના દુઃખ, કરોડ ભવે અને કરોડ જીભે ન કહી શકાય, પ્રભુ! તેં એવા દુઃખ વેઠ્યા છે. એક આ મિથ્યાશ્રદ્ધાને કારણે. શ્રદ્ધા સુધારી નહિ. બાકી વર્તન એટલા કર્યા, મહાવ્રત અને અણુવ્રત ને આમ, તેમ, એટલા દાન (દીધા), એટલી દયા, વ્રત (કર્યા), બાર બાર મહિનાના અપવાસ.. આહાહા..! એ બધામાં ધર્મ માન્યો (એ તો) મિથ્યાત્વનું પોષણ છે. સમજાણું કાંઈ? એ બધું નરક-નિગોદનું કારણ છે. એ હમણાં કળશમાં આવશે.

**'પરિગ્રહપ્રપંચથી સર્વથા રહિત એવા વિદ્વાનો પૂજનીય પંચમગતિ...'** અહીં મુનિ લીધા છે. મુનિ છે એ તો સર્વથા પરિગ્રહરહિત છે. અંદર વિકલ્પનો પણ પરિગ્રહ નથી. રાગના પરિગ્રહની પક્કડ નથી. પક્કડ તો જ્ઞાયક સ્વભાવની પક્કડ છે. આહાહા..! ત્રિકાળી જ્ઞાયકભાવના અનુભવથી મોક્ષને પ્રાપ્ત થાય છે. **'પૂજનીય પંચમગતિને પ્રાપ્ત કરવા માટે પંચમભાવને સ્મરે છે.'** વિદ્વાન. આહાહા..! ભગવાનનું સ્મરણ કરવાનું તો છોડી દીધું. એ તો રાગ છે, પણ રાગનું સ્મરણ કરવું એ પણ રાગ છે માટે છોડી દીધું. અને પર્યાયનું સ્મરણ કરતા એમાં પણ રાગ થાય છે માટે એ પણ છોડી દે. આહાહા..!ત્રિકાળી દ્રવ્યનું સ્મરણ કરવાથી પંચમગતિનું કારણ ઉત્પન્ન થાય છે. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દર્શનશુદ્ધિ બહુ અલૌકિક વાત છે. એ વિના બધી વાતું ગમે તેટલા આચરણની અને ક્રિયાની કરે એ બધા એકડા વિનાના મીંડા છે. આહાહા..! એકડા વિનાના શૂન્ય. લાખ કરોડ શૂન્ય કરે પણ એ એક વિના સંખ્યામાં ન ગણાય. એમ પંચમહાવ્રત અને સંસાર, ઘોર નગ્નપણું અને વનવાસમાં રહેવું. એ શ્લોક આવે છે. એ બધો સંસાર છે. આહાહા..! પોતાનો આત્મા અંદર રાગથી રહિત અને પર્યાયથી રહિત છે, એવી ચીજનું અવલંબન ન લીધું અને એનો આશ્રય ન કર્યો તો બધું ફોગટ છે. આહાહા..!

એ કહે છે, **'પંચમભાવને સ્મરે છે.'** પ્રભુનુ સ્મરણ ન કરવું? પ્રભુ તું છો. 'મોક્ષપાહુડ'માં 'કુંદકુંદાચાર્ય' તો એમ કહે છે, કે 'કુંદકુંદાચાર્ય' 'મોક્ષપાહુડ'ની ૧૬મી ગાથા. **'परदव्वादो दुग्गई'** પ્રભુ! તું અમારું સ્મરણ કરીશ તો તને રાગ અને દુર્ગતિ થશે. તને ચૈતન્યની ગતિ નહિ મળે. આહાહા..! એ સંતોને જગતની ક્યાં પડી છે. નાગા બાદશાહથી આઘા. સમાજ, સમતોલ રહેશે નહિ. કાંઈ નથી પડી. સમાજ નિંદા અને વિરોધ કરશે કે નહિ, એની કાંઈ પડી નથી. આહાહા..! **'परदव्वादो दुग्गई'** 'અષ્ટપાહુડ'ની સોળમી ગાથા છે. છે ને? આ 'કુંદકુંદાચાર્ય'નું 'અષ્ટપાહુડ' છે. મોક્ષપાહુડ, હોં! એમાં ૧૬મી ગાથા. લ્યો, એ જ આવ્યું પાનું ફેરવ્યું ત્યાં. **'परदव्वादो दुग्गई'** ત્યાં ચિહ્ન કર્યું છે. **'परदव्वादो दुग्गई'** પરદ્રવ્યથી દુર્ગતિ થાય છે. ભગવાન કહે છે, કે તારું લક્ષ જો અમારી ઉપર જશે તો તને રાગ થશે. એ ચૈતન્યની ગતિ નથી. એ તો દુર્ગતિ છે. ગજબ વાત છે. આહાહા..!

**'सद्दव्वादो हु सुग्गई'** પંચમ પારિણામિકભાવ જે સ્વદ્રવ્ય છે, એના આશ્રયથી તને સુગતિ એટલે મુક્તિ મળશે. છે? **'इय णाऊण'** પરદ્રવ્યથી દુર્ગતિ. પરનું લક્ષ કરે, ચાહે તો ત્રણલોકના નાથની પ્રતિમા અને ભગવાન સાક્ષાત હો, પણ એનું લક્ષ કરીશ તો તને પરદ્રવ્ય છે તો રાગ જ થશે. એ ચૈતન્ય જ્ઞાતા-દૃષ્ટાની અપેક્ષાથી રાગ એની ગતિ નથી એ તો દુર્ગતિ છે. અર..ર..! ૧૬મી ગાથા છે. **'इय णाऊण सदव्वे कुणह रई'** સ્વદ્રવ્યમાં પ્રેમ કર, અંદર આનંદના નાથમાં જા. આહાહા..! **'विरइ इयरम्मि।'** ઇતર એટલે બીજા દ્રવ્યો અને પર્યાયથી વિરતી કર, વિરામ પામ. આહાહા..! માલ આવ્યો છે, ભાઈ! ૧૬મી ગાથા છે.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– આ આવ્યું ને સ્મરણ કરવું. ભગવાનનો આશ્રય, પરદ્રવ્યનો આશ્રય કરવાથી રાગ થાય છે. પંડિતજીને વાંચવા દ્યો. આ ૧૬.

મુમુક્ષુ :– પરદ્રવ્યસે દુર્ગતિ હોતી હૈ ઔર સ્વદ્રવ્યસે સુગતિ હોતી હૈ યહ સ્પષ્ટ (–પ્રગટ) જાનો, ઇસલિયે હે ભવ્યજીવો! તુમ ઇસ પ્રકાર જાનકર સ્વદ્રવ્યમેં રતિ કરો ઔર અન્ય જો પરદ્રવ્ય ઉનસે વિરતિ કરો.

ઉત્તર :– વિરતિ કરો. મોક્ષપાહુડની ૧૬મી ગાથા છે. અહીં તો હજારો શાસ્ત્રો જોયા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે ને, કરોડો શ્લોકો જોયા છે. આહા..! શ્વેતાંબરના કરોડો શ્લોક જોયા છે. પહેલા દુકાન ઉપર પણ વાંચતા હતા. નાની ઉંમર. ૧૯ વર્ષની ઉંમરથી. ૭૦ વર્ષ થયા. 'પાલેજ'માં પિતાજીની ઘરની દુકાન છે ને. 'ભરૂચ' અને 'વડોદરા' વચ્ચે 'પાલેજ'માં દુકાન છે. અત્યારે પણ દુકાન છે. ૪૦ લાખ રૂપિયા છે. ચાર લાખની ઉપજ છે. 'પાલેજ'માં દુકાન ચાલે છે. અમારા ભાગીદારના દીકરા છે. ફઈના દીકરા ભાગીદાર છે. એનો દીકરો છે. ઘણોં પ્રેમ. આઠ દિવસ રહ્યા. સાંભળ્યું. અને જ્યારે જવાનું નક્કી થયું, કાલે તો મહારાજ જવાના,.. બધા રોવા મંડ્યા. ત્રણે છોકરા રોવા મંડ્યા. અરે..રે..! અમને સાંભળવાનું ક્યાં મળશે.. ક્યાં મળશે... બાપુ! એ ધૂળમાં કાંઈ છે નહિ. આહાહા..!

અહીં કહે છે, કે વર્તમાન પંચમભાવનું સ્મરણ કરવું. આહાહા..! વર્તમાનમાં બિરાજમાન ભગવાન અંદર પૂર્ણ છે. આહાહા..! જેમાં મોક્ષની પર્યાયનો પણ અભાવ, જેમાં સંવર-નિર્જરા ધર્મની પર્યાયનો પણ અભાવ છે, એવું ધર્મી દ્રવ્ય જે તત્ત્વ છે, એનું સ્મરણ કરવું એટલે એકાગ્રતા કરવી, એ જ ધર્મ અને મોક્ષનું કારણ છે. આહાહા..!

## શ્લોક–૫૯

(मालिनी)

सुकृतमपि समस्तं भोगिनां भोगमूलं
त्यजतु परमतत्त्वाभ्यासनिष्णातचित्तः।
उभयसमयसारं सारतत्त्वस्वरूपं
भजतु भवविमुक्त्यै कोऽत्र दोषो मुनीशः।।५९।।

**[શ્લોકાર્થ :–] સઘળુંય સુકૃત (શુભ કર્મ) ભોગીઓના ભોગનું મૂળ છે; પરમ તત્ત્વના અભ્યાસમાં નિષ્ણાત ચિત્તવાળા મુનીશ્વર ભવથી વિમુક્ત થવા અર્થે તે સઘળાય શુભકર્મને છોડો અને *સારતત્ત્વસ્વરૂપ એવા ઉભય સમયસારને ભજો. એમાં શો દોષ છે ? ૫૯.**

### શ્લોક–૩૯ ઉપર પ્રવચન

૫૯ મો શ્લોક. ૫૯ છે ને?

सुकृतमपि समस्तं भोगिनां भोगमूलं
त्यजतु परमतत्त्वाभ्यासनिष्णातचित्तः।

*** સમયસાર સારભૂત તત્ત્વ છે.**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**उभयसमयसारं सारतत्त्वस्वरूपं**
**भजतु भवविमुक्त्यै कौऽत्र दोषो मुनीशः ।।५९।।**

**શ્લોકાર્થ :– ‘સઘળુંય સુકૃત (શુભ કર્મ)...’** દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા એ શુભભાવ. આહાહા..! એ **‘સઘળુંય સુકૃત (શુભકર્મ) ભોગીઓના ભોગનું મૂળ છે;...’** એમાંથી તો ભોગ મળશે. આહાહા..! એ શુભભાવથી તો ભોગ અને બહારની સામગ્રી મળશે. પૈસા, લક્ષ્મી, અબજોપતિ, ધૂળપતિ, લક્ષ્મીપતિ એમ કહે છે ને? નરપતિ. પતિ કોનો? તું પરનો પતિ ક્યાંથી થયો? આહાહા..!

મુમુક્ષુ :– તો કરવું શું?

ઉત્તર :– આ કરવું. અંતર ભગવાન છે એની ઉપર દૃષ્ટિ કરવી, એ કરવાનું છે. બાકી બધા થોથા છે. આહાહા..! આકરી વાત છે, ભાઈ! પરમેશ્વર જિનેશ્વરદેવનું આ ફરમાન છે, કે સુકૃત જે શુભભાવ. સુકૃત લીધું છે ને? શુભભાવ. દયા, દાન, વ્રત, તપ, અપવાસ, પૂજા, ભક્તિ, રથયાત્રા, લાખો-કરોડોનું દાન, એમાં જે રાગની મંદતા થાય તો શુભભાવ છે. એ શુભભાવ ભોગીઓના ભોગનું મૂળ છે. એમાં તો ભોગ મળશે. ભોગીઓના ભોગનું મૂળ છે. આહાહા..! એમાં આત્માના આનંદનો અનુભવ નહિ મળે.

મુમુક્ષુ :– દયા, દાનમાં પૈસા દેવા કે ન દેવા?

ઉત્તર :– કોણ દે છે?

મુમુક્ષુ :– શેઠિયાઓ.

ઉત્તર :– શેઠિયા કોણ આપે? ધૂળેય નથી આપતા. એ તો રાગની મંદતાનો ભાવ કરે. લક્ષ્મી જાય છે એ તો જવાની જડની ક્રિયા છે. શું એ પરને આપી શકે? અન્યદ્રવ્ય અન્ય દ્રવ્યની પર્યાય ત્રણકાળમાં કરી શકતું નથી. એ તો આવી ગયું છે. સમજાણું કાંઈ? આહાહા..! આ હાથ આમ થાય છે એ આત્માથી નથી થતો. આંગળીથી નોટ પકડવી અને એને આપવી એ ક્રિયા આત્માની નથી. આહાહા..! સમજાણું કાંઈ? અમને હીરો બતાવ્યો હતો. ‘વજુભાઈ’ છે ને? બહેનને આ શ્રાવણ વદ ૨, ૬૬ વર્ષ બેસે છે ને? ‘વજુભાઈ’ છે, એ દસ હજારનો હીરો લાવ્યા. વધાવશે, બેનને વધાવશે. ‘વજુભાઈ’ છે. આ બેઠા છે. મને હીરો બતાવ્યો હતો. ૬૬ નાના નાના હીરા છે. એની દસ હજારની કિંમત છે. બહેનને વધાવશે. જન્મ દિન. શ્રાવણ વદ ૨, ગુરુવાર. બહેનને તો કાંઈ નથી એ તો મડદા જેવા ઊભા રહેશે. દસ હજારના હીરાએ વધાવશે. એ તો શુભભાવ છે. શુભભાવ છે, એ ધર્મ નથી. ચાર જણા વધાવવાના છે. એટલી વાત કાને પડી છે.

મુમુક્ષુ :– રાગ ઓછો કરે એટલો તો ધર્મ થાય ને?

ઉત્તર :– રાગ ઓછો કરે એટલું પુણ્ય છે, નિશ્ચયથી એ પાપ છે. ‘પાપ પાપ કો સબ કહે, પણ અનુભવીજન પુણ્યકો પાપ કહે.’ ‘યોગીન્દ્રદેવ’માં આવે છે. આવે છે?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



'યોગીન્દ્રદેવ' નો શ્લોક છે. મુનિરાજ દિગંબર સંત. 'પાપ પાપકો તો સબ કહે, પણ અનુભવીજન સમ્યગ્દષ્ટિ તો પુણ્યકો પાપ કહે.' દુનિયા માને ન માને એને ઘરે રહી. દુનિયાની કાંઈ પડી નથી કે દુનિયા માને અને દુનિયા રાજી થાય. એ રાજી ક્યાંથી થશે? અનાદિથી મૂર્ખાઈ સેવી છે. આહાહા..! અને વર્તમાનમાં પણ રાગથી લાભ થાય છે એમ માને તો મૂર્ખાઈને સેવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'સઘળુંય...'** સઘળું શબ્દ પડ્યો છે. એકલા શુભભાવનો એક પ્રકાર નથી. શુભભાવના અસંખ્ય પ્રકાર છે. દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, નામસ્મરણ, ગુણસ્મરણ, પ્રભુતા, પોતાના ગુણ-ગુણી ભેદનું સ્મરણ, પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદના વિકલ્પ, એ પણ શુભભાવ છે. આહાહા..! અરે..! દુનિયાને ક્યાં જાવું? અરે..! એને ચીજ જ્યાં પ્રભુ અંદર બિરાજે છે. 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન. મત મદિરા કે પાન સો મતવાલા સમજે ન.' પોતાના મતના મદિરા પીધેલા છે, પોતાની માન્યતાનો દારૂ પીધો છે. તો 'મતમદિરા કે પાનસો મતવાલા સમજે ન...' અંદર વસ્તુ ભગવાન પૂર્ણાનંદથી ભરી પડી છે, એનો આશ્રય કરવો એ અજ્ઞાની-મૂર્ખ નહિ સમજે. આહાહા..!

'બનારસીદાસ'. 'બનારસીદાસ' પહેલા વ્યભિચારી આદિ હતા. પછી સમ્યગ્દર્શન પામ્યા છે. આહાહા..! એ એમ કહે છે. 'ઘટ ઘટ અંતર જિન વસે..' ઘટ ઘટ અંતર વીતરાગ આત્મા વસે છે. વીતરાગમૂર્તિ મુક્ત સ્વરૂપ જ અંદર છે. રાગ અને કર્મનો સંબંધ માનવો એ તો વ્યવહાર છે. પરમાત્મા તો અંદર રાગ અને કર્મથી રહિત ભિન્ન, મુક્તસ્વરૂપ બિરાજમાન છે. અબદ્ધ કહો કે મુક્તસ્વરૂપ કહો. આહાહા..! જે કોઈ અબદ્ધસ્વરૂપ ભગવાનને જાણે, અનુભવે એને ૧૪-૧૫મી ગાથામાં કહ્યું છે કે એ જૈનશાસનનો અનુભવ છે. બાકી રાગનો અનુભવ એ અન્યમતનો અનુભવ છે, એ જૈનશાસનનો અનુભવ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'સઘળુંય...'** સઘળુંય શબ્દ પડ્યો છે ને? અસંખ્ય પ્રકારના શુભભાવ. આહાહા..! હું ગુણી. મારામાં ગુણ ભર્યા છે એવો વિકલ્પ ઉઠાવવો એ પણ શુભભાવ છે. આહાહા..! શુભભાવના અસંખ્ય પ્રકારમાં આ પણ એક શુભભાવ છે. ગજબ વાત છે, પ્રભુ! આહાહા..! તારી પ્રભુતાની.. આહાહા..! એ તો ભજન આવી ગયું. 'હિંમતભાઈ'એ યાદ કર્યું હતું.

'પ્રભુ મેરે તુમ સબ બાતે પૂરા, પ્રભુ મેરે તુમ સબ બાતે પૂરા, પર કી આશ કહાં કરે પ્રિતમ,..' હે વ્હાલા નાથ! તું પરની આશા શું કામ કરે છે? આહાહા..! 'પ્રભુ મેરે સબ બાતે તુમ પૂરા, પરકી આશ કહાં કરે પ્રિતમ. કઈ વાતે તુમ અધુરા.' પ્રભુ! તું કઈ વાતે અધુરો છો કે પરની અને રાગની ને પુણ્યની આશા કરે છે? આહાહા..! એ ભજન છે. સમજાણું કાંઈ? 'પ્રભુ મેરે તુમ સબ બાતે પૂરા' બધી વાતે પૂરો. આનંદમાં પૂર્ણ, જ્ઞાનમાં પૂર્ણ, શાંતિમાં પૂર્ણ, વીતરાગભાવથી પૂર્ણ, સ્વચ્છતાથી પૂર્ણ... આહાહા..! 'પરકી આશ કહાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કરે પ્રિતમ, તું કઈ વાતે અધુરા' પ્રભુ! તું કઈ વાતે અધુરો છો કે તું પરની આશા કરે છો? આહાહા..! 'કપૂરચંદજી'! આવી વાત છે.

એ અહીં કહે છે, **'સઘળુંય સુકૃત (શુભ કર્મ)...'** ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આયરિયાણં એમ કરવું એ પણ શુભ વિકલ્પ રાગ છે. આહાહા..! પ્રભુ! વીતરાગમાર્ગ કોઈ જુદી ચીજ છે. અરે..! દુનિયાને સાંભળવા મળે નહિ. અને બહારના આચરણ અને આ ક્રિયા કરી, આ ક્રિયા કરી, આ ક્રિયા કરી. આહાહા..!

ક્ષણ ક્ષણ ભાવમરણે. 'શ્રીમદ્ રાજચંદ્ર' કહે છે. ૩૩ વર્ષે દેહ છૂટી ગયો. 'શ્રીમદ્ રાજચંદ્ર.' ૧૬ વર્ષે મોક્ષમાળા બનાવી. ૧૬ વર્ષ દેહની ઉંમર, હોં! આત્માની તો ઉંમર છે નહિ, આત્મા તો અનાદિઅનંત છે. ૧૬ વર્ષની ઉંમરમાં એમ કહ્યું... આહાહા..! 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો?' પ્રભુ! રાગ અને પુણ્યના પરિણામ મારા અને એ મારું કર્તવ્ય છે એ (માન્યતામાં) 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે...' પ્રભુ! તારું ક્ષણે ક્ષણે ભાવમરણ થાય છે. જ્ઞાતા-દૃષ્ટાનો ભાવ છોડીને એ રાગનો કર્તા થાય છે, નાથ! તારા જીવનનું મૃત્યુ થાય છે. ડોક્ટર! આવી વાત છે. આહાહા..! ૧૬ વર્ષે. 'બહુ પુણ્ય કેરા પુંજથી...' છે ને? એ ૧૬ વર્ષની ઉંમરે બનાવ્યું.

'બહુ પુણ્ય કેરા પુંજથી  શુભ દેહ માનવનો મળ્યો.
તોયે અરે ભવચક્રનો આંટો નહિ એકેય ટળ્યો.'

પ્રભુ! મનુષ્યભવ મળ્યો અને ભવરહિત તારી દૃષ્ટિ ન થઈ. પ્રભુ! તેં જીવનમાં શું કર્યું? આહાહા..!

'બહુ પુણ્ય કેરા પુંજથી તે શુભ દેહ માનવનો મળ્યો.
તોયે અરે ભવચક્રનો આંટો નહિ એકે ટળ્યો.'

એ શું કહે છે? એમાં ગંભીરતા છે. ૧૬ વર્ષે ઘણો ક્ષયોપશમ હતો. હિન્દુસ્તાનમાં ધર્મીના નામે આવા ક્ષયોપશમવાળું કોઈ નહોતું, એવો ક્ષયોપશમ. 'ભવચક્રનો આંટો નહિ એકે ટળ્યો...' એ શું કહે છે? પ્રભુ! તેં રાગની, પ્રેમની, પ્રીતિમાં, રાગની એકાગ્રતામાં આંટા માર્યા, તો એ આંટામાં ઉભો રહીશ તો પડી જઈશ. ચક્રવાત આમ આંટો મારે ને? ચક્રવાતમાં આમ જ ઉભો રહીશ તો પડી જઈશ. પણ ચક્કરમાં આમ એક ઉંધો આંટો મારી દે, ગુલાંટ મારી દે, તો ઊભો રહી જઈશ. શું કીધું સમજાણું?

૧૬ વર્ષે કહે છે, 'ભવચક્રનો એક આંટો ન ટળ્યો.' રાગની એકાગ્રતા અને રાગથી ધર્મ થશે અને પર્યાયના આશ્રયથી ધર્મ થશે એ મિથ્યાત્વ છે. સંસારચક્રનો એક આંટો તેં (ન) ટાળ્યો. ગુંલાટ ખાઈ જા એકવાર. આહાહા..! એ પર્યાયબુદ્ધિ અને રાગબુદ્ધિ છોડ અને ત્રિકાળી દ્રવ્યબુદ્ધિ કર, તો એક આંટે તારા ભવનો અંત આવી જશે. અરે..! પ્રભુ! શું થાય?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અત્યારે અબજોપતિ માણસો ઘણાં છે. 'અમેરિકા'માં તો અબજોપતિના ઢગલા છે. બધા અશાંતિ. અત્યારે કહે કે, અરે..! આમાં કાંઈ શાંતિ નથી. હવે શું કરવું? પછી 'મુંબઈ'માં કેટલાક બાવા થાય છે. હરે કૃષ્ણ... હરે કૃષ્ણ (કરતા હોય). 'મુંબઈ' જઈએ ત્યારે ઘણાં બાવા હરે કૃષ્ણ.. હરે કૃષ્ણ... (કરતા હોય છે). એની એ દશા છે. હરે કૃષ્ણ... હરે કૃષ્ણ.. કરે એ વિકલ્પ અને રાગ છે. આહાહા..!

કર્મ કૃશે સો કૃષ્ણ કહીએ. ભગવાનઆત્મા કૃષ્ણ એને કહે છે, કે જે અજ્ઞાનનો કૃશ એટલે ખેદ કરીને નાશ કરી દે. આહાહા..! 'કર્મ કૃશે સો કૃષ્ણ કહીએ, નિજપદ રમે સો રામ કહીએ.' પોતાના નિજ આનંદસ્વરૂપમાં રમે એ રામ છે અને રાગમાં રમે એ હરામ છે. 'આનંદઘનજી'માં આવે છે. શ્વેતાંબરમાં 'આનંદઘનજી' થયા. એમનો શ્લોક છે. અહીં તો બધું જોયું છે. હજારો શ્લોક શ્વેતાંબરના, દિગંબરના જોયા છે. એમાં આ આવ્યું છે, 'કર્મ કૃશે સો કૃષ્ણ કહીએ.' રાગનો નાશ કરે અને પોતાના સ્વભાવની પ્રતીતિ કરી અને અનુભવ કરે અને દશાશુદ્ધિ કરે એ કૃષ્ણ છે. આહાહા..!

'નિજપદ રમે સો રામ કહીએ.' રામચંદ્રજી મોક્ષ પધાર્યા છે. તો તું પણ રામ છો. પણ રામ કેવા? નિજપદ આનંદના નાથમાં અંદર રમે. એ 'નિજપદ રમે સો રામ કહીએ, રાગમે રમે સો હરામી કહીએ.' આવી વાત છે, 'મણિભાઈ'! સાંભળવી મુશ્કેલ પડે, બાપુ! બધી ખબર છે. દુનિયાની ખબર નથી?

અહીં તો મુનિરાજ કહે છે, દિગંબર સંત 'પદ્મપ્રભમલધારી'દેવ મુનિ. આહાહા..! **'સઘળુંય સુકૃત (શુભકર્મ) ભોગીઓના ભોગનું મૂળ છે;...'** આહાહા..! ધર્મીના ધર્મનું એ મૂળ નથી. આહાહા..! શુભભાવના કર્તા થવું અને શુભભાવ આવવો, એનું ફળ તો ભોગીઓના ભોગ છે. એમાં કોઈ આત્મા-બાત્મા નહિ મળે. બહારથી ધૂળ મળશે. પાંચ-પચાસ કરોડ ધૂળ. એ ભોગીઓના ભોગનું મૂળ શુભભાવ છે. ધર્મીના ધર્મનું મૂળ શુભભાવ નથી. એમાં આવ્યું ને? આહાહા..! દિગંબર સંતોને જગતની કાંઈ પડી નથી. સમાજ સમતોલ રહેશે કે નહિ, એ માને કે ન માને, એ એના ઘરે રહ્યા. માર્ગ આ છે. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' એ જાહેર કરે છે. સમાજમાં માનો, ન માનો. બહુ માણસો હોય તો સત્ છે. અને થોડા માને તો સત્ય નથી. એમ નથી. સત્‌ને માનનારાને સંખ્યાની જરૂર નથી. આહાહા..!

**'સુકૃત...'** આહાહા..! મુનિરાજને દુનિયાની દરકાર છે? **'સુકૃત (શુભ કર્મ) ભોગીઓના ભોગનું મૂળ છે;...'** એમાં તો પાપ ને લક્ષ્મી અને ધૂળ મળશે. આહાહા..! અને એ તરફ વાસનામાં તારું લક્ષ જશે તે એકલું પાપ છે. લક્ષ્મી મારી છે એવી માન્યતા તો મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. જીવનો અજીવ છે? અજીવનો અજીવ છે એ જીવનો અજીવ થઈ ગયો? આહાહા..! અને એ અજીવ મળ્યું છે એ શુભભાવથી મળ્યું છે, એમ કહે છે. એ ચીજ ભોગીઓના ભોગનું મૂળ છે. 'ધન્નાલાલજી'! તમારા 'રતનચંદજી' ક્યારે આવશે? આવવાના છે ખરા.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પાંચ-છ કરોડ રૂપિયા. 'રતનલાલ' 'કલકત્તા'. એમના ભાઈ છે ને? કાકાના દિકરા. કાકા-દાદાના દીકરા કહેવાય. આહાહા..!

અહીં કહે છે, સાંભળ તો ખરો, પ્રભુ! એ **'શુભકર્મ ભોગીઓના ભોગનું મૂળ છે,...'** એ ભોગ તો ધર્મનો નાશ કરનારું છે. એ શુભભાવ પરમાત્મા 'કુંદકુંદાચાર્ય' 'સમયસાર'માં મોક્ષ અધિકારમાં કહે છે, એ શુભભાવ ઝેરનો ઘડો છે. પ્રભુ! અમૃતનો દરિયો છે. પ્રભુ અમૃતનો દરિયો આત્મા છે. આહાહા..! અમૃતથી છલોછલ ભરેલો છે. આહાહા..! આવી વાત કઠણ પડે. માને ન માને જગત સ્વતંત્ર છે. પરમાત્માનો માર્ગ તો આ છે. આહાહા..!

**'પરમતત્ત્વના અભ્યાસમાં નિષ્ણાત ચિત્તવાળા મુનીશ્વર...'** પરમતત્ત્વ ભગવાનઆત્મા પરમતત્ત્વ. સંવર-નિર્જરાથી પણ પાર તત્ત્વ. એવા **'પરમતત્ત્વના અભ્યાસમાં...'** પરમતત્ત્વના અભ્યાસમાં. આહાહા..! **'નિષ્ણાત ચિત્તવાળા...'** નિષ્ણાંત એટલે જાણનારા–પ્રવિણ. **'પરમતત્ત્વના અભ્યાસમાં નિષ્ણાત ચિત્તવાળા મુનીશ્વર ભવથી વિમુક્ત થવા અર્થે...'** ભવથી વિમુક્ત થવા અર્થે **'તે સઘળાય શુભ કર્મને છોડો...'** આહાહા..! પહેલા દૃષ્ટિમાંથી છોડો, રુચિ છોડો. પછી સ્થિરતા કરીને અસ્થિરતાને છોડો. છોડવાના બે પ્રકાર છે. દૃષ્ટિમાંથી શુભભાવની રુચિ છોડો. આહાહા..!

**'શુભ કર્મને છોડો અને સારતત્ત્વસ્વરૂપ એવા ઉભય સમયસારને ભજો.'** 'સમયસાર' આત્મા એ સારભૂત તત્ત્વ છે. ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ પૂર્ણ એ સારતત્ત્વ છે. ઉભય સમયસાર. કારણપરમાત્મા ત્રિકાળ અને કાર્યપરમાત્મા, સર્વજ્ઞ પરમાત્મા–બેને ભજો. આહાહા..! વિશેષ કહેશે.... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા–૪૨

चउगइभवसंभमणं जाइजरामरणरोगसोगा य।
कुलजोणिजीवमग्गणठाणा जीवस्स णो संति।।४२।।

चतुर्गतिभवसंभ्रमणं जातिजरामरणरोगशोकाश्च।
कुलयोनिजीवमार्गणस्थानानि जीवस्य नो सन्ति।।४२।।

इह हि शुद्धनिश्चयनयेन शुद्धजीवस्य समस्तसंसारविकारसमुदयो न समस्तीत्युक्तम्।

द्रव्यभावकर्मस्वीकाराभावाच्चतसृणां नारकतिर्यङ्मनुष्यदेवत्वलक्षणानां गतीनां परिभ्रमणं न भवति। नित्यशुद्धचिदानन्दरूपस्य कारणपरमात्मस्वरूपस्य द्रव्यभावकर्मग्रहणयोग्यविभाव-परिणतेरभावान्न जातिजरामरणरोगशोकाश्च। चतुर्गतिजीवानां कुलयोनिविकल्प इह नास्ति

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



इत्युच्यते। तद्यथा-पृथ्वीकायिकजीवानां द्वाविंशतिलक्षकोटिकुलानि, अप्कायिकजीवानां सप्तलक्षकोटिकुलानि, तेजस्कायिकजीवानां त्रिलक्षकोटिकुलानि, वायुकायिकजीवानां सप्तलक्षकोटिकुलानि, वनस्पतिकायिकजीवानाम् अष्टोत्तरविंशतिलक्षकोटिकुलानि, द्वीन्द्रियजीवानां सप्तलक्षकोटिकुलानि, त्रीन्द्रियजीवानाम् अष्टलक्षकोटिकुलानि, चतुरिन्द्रियजीवानां नवलक्षकोटिकुलानि, पंचेन्द्रियेषु जलचराणां सार्धद्वादशलक्षकोटिकुलानि, आकाशचरजीवानां द्वादशलक्षकोटिकुलानि, चतुष्पदजीवानां दशलक्षकोटिकुलानि, सरीसृपानां नवलक्षकोटिकुलानि, नारकाणां पंचविंशतिलक्षकोटिकुलानि, मनुष्याणां द्वादशलक्षकोटिकुलानि, देवानां षड्विंशतिलक्षकोटिकुलानि। सर्वाणि सार्धसप्तनवत्यग्रशतकोटिलक्षाणि १९७५०००००००००००।

पृथ्वीकायिकजीवानां सप्तलक्षयोनिसुखानि, अप्कायिकजीवानां सप्तलक्षयोनिमुखानि, तेजस्कायिकजीवानां सप्तलक्षयोनिमुखानि, वायुकायिकजीवानां सप्तलक्षयोनिमुखानि, नित्यनिगोदिजीवानां सप्तलक्षयोनिमुखानि, चतुर्गतिनिगोदिजीवानां सप्तलक्षयोनिमुखानि, वनस्पतिकायिकजीवानां दशलक्षयोनिमुखानि, द्वीन्द्रियजीवानां द्विलक्षयोनिमुखानि, त्रीन्द्रियजीवानां द्विलक्षयोनिमुखानि, चतुरिन्द्रियजीवानां द्विलक्षयोनिमुखानि, देवानां चतुर्लक्षयोनिमुखानि, नारकाणां चतुर्लक्षयोनिमुखानि, तिर्यग्जीवानां चतुर्लक्षयोनिमुखानि, मनुष्याणां चतुर्दशलक्षयोनिमुखानि।

स्थुलसूक्ष्मैकेन्द्रियसंज्ञयसंज्ञिपंचेन्द्रियद्वीन्द्रियत्रींद्रियचतुरिन्द्रियपर्याप्तापर्याप्तकभेदसनाथ-चतुर्दशजीवस्थानानि। गतीन्द्रियकाययोगवेदकषायज्ञानसंयमदर्शनलेश्याभव्यसम्यक्त्व-संज्ञ्याहारविकल्पलक्षणानि मार्गणास्थानानि। एतानि सर्वाणि च तस्य भगवतः परमात्मनः शुद्धनिश्चयनयबलेन न सन्तीति भगवंता सूत्रकृतामभिप्रायः।

तथा चोक्तं श्रीमदमृतचंद्रसूरिभिः -

(मालिनी)

``सकलमपि विहायाह्नाय चिच्छक्तिरिक्तं<br>
स्फुटतरमवगाह्य स्वं च चिच्छक्तिमात्रम्।<br>
इममुपरि चरंतं चारु विश्वस्य साक्षात्<br>
कलयतु परमात्मात्मानमात्मन्यनन्तम्।।''

(अनुष्टुभ्)

``चिच्छक्तिव्याप्तसर्वस्वसारो जीव इयानयम्।<br>
अतोऽतिरिक्ताःसर्वेऽपि भावाः पौद्गलिका अभी।।''

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ચઉગતિભ્રમણ નહિ, જન્મ મરણ ન, રોગ શોક જરા નહીં,
કુળ, યોનિ કે જીવસ્થાન માર્ગણસ્થાન જીવને છે નહીં. ૪૦.

અન્વયાર્થ :– [ जीवस्य ] જીવને [ चतुर्गतिभवसंभ्रमणं ] ચાર ગતિના ભવોમાં પરિભ્રમણ [ जातिजरामरणरोगशोकाः ] જન્મ, જરા, મરણ, રોગ, શોક, [ कुलयोनिजीवमार्गणस्थानानि च ] કુળ, યોનિ, જીવસ્થાનો અને માર્ગણાસ્થાનો [ नो सन्ति ] નથી.

ટીકા :– શુદ્ધ નિશ્ચયનયે શુદ્ધ જીવને સમસ્ત સંસારવિકારોનો સમુદાય નથી એમ અહીં (આ ગાથામાં) કહ્યું છે.

દ્રવ્યકર્મ તથા ભાવકર્મનો સ્વીકાર નહિ હોવાથી જીવને નારકત્વ, તિર્યંચત્વ, મનુષ્યત્વ અને દેવત્વસ્વરૂપ ચાર ગતિઓનું પરિભ્રમણ નથી.

નિત્ય-શુદ્ધ ચિદાનંદરૂપ કારણપરમાત્મસ્વરૂપ જીવને દ્રવ્યકર્મ તથા ભાવકર્મના ગ્રહણને યોગ્ય વિભાવપરિણતિનો અભાવ હોવાથી જન્મ, જરા, મરણ, રોગ અને શોક નથી.

ચતુર્ગતિ (ચાર ગતિના) જીવોનાં કુળ તથા યોનિના ભેદ જીવમાં નથી એમ (હવે) કહેવામાં આવે છે. તે આ પ્રમાણે :

પૃથ્વીકાયિક જીવોનાં બાવીશ લાખ કરોડ કુળ છે : અપ્કાયિક જીવોનાં સાત લાખ કરોડ કુળ છે; તેજકાયિક જીવોનાં ત્રણ લાખ કરોડ કુળ છે; વાયુકાયિક જીવોનાં સાત લાખ કરોડ કુળ છે; વનસ્પતિકાયિક જીવોનાં અઠ્યાવીશ લાખ કરોડ કુળ છે; દ્વીંદ્રિય જીવોનાં સાત લાખ કરોડ કુળ છે; ત્રીંદ્રિય જીવોનાં આઠ લાખ કરોડ કુળ છે; ચતુરિંદ્રિય જીવોનાં નવ લાખ કરોડ કુળ છે; પંચેન્દ્રિય જીવોને વિષે જળચર જીવોનાં સાડા બાર લાખ કરોડ કુળ છે; ખેચર જીવોનાં બાર લાખ કરોડ કુળ છે; ચાર પગવાળા જીવોનાં દશ લાખ કરોડ કુળ છે; સર્પાદિક પેટે ચાલનારા જીવોનાં નવ લાખ કરોડ કુળ છે; નારકોનાં પચીશ લાખ કરોડ કુળ છે; મનુષ્યોનાં બાર લાખ કરોડ કુળ છે અને દેવોનાં છવ્વીશ લાખ કરોડ કુળ છે. બધા થઈને એક સો સાડી સત્તાણું લાખ કરોડ (૧૯૭૫૦૦૦૦૦૦૦૦૦૦) કુળ છે.

પૃથ્વીકાયિક જીવોનાં સાત લાખ યોનિમુખ છે; અપ્કાયિક જીવોનાં સાત લાખ યોનિમુખ છે; તેજકાયિક જીવોનાં સાત લાખ યોનિમુખ છે; વાયુકાયિક જીવોનાં સાત લાખ યોનિમુખ છે; નિત્ય નિગોદી જીવોનાં સાત લાખ યોનિમુખ છે; ચતુર્ગતિ (ચારગતિમાં પરિભ્રમણ કરનારા અર્થાત્ ઇતર) નિગોદી જીવોનાં સાત લાખ યોનિમુખ છે; વનસ્પતિકાયિક જીવોનાં દશ લાખ યોનિમુખ છે; દ્વીંદ્રિય જીવોના બે લાખ યોનિમુખ છે; ત્રીંદ્રિય જીવોનાં બે લાખ યોનિમુખ છે; ચતુરિંદ્રિય જીવોનાં બે લાખ યોનિમુખ છે; દેવોનાં ચાર લાખ યોનિમુખ છે; નારકોનાં ચાર લાખ યોનિમુખ છે; તિર્યંચ જીવોનાં ચાર લાખ યોનિમુખ છે; મનુષ્યોનાં ચૌદ લાખ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**યોનિમુખ છે. (બધાં થઈને ૮૪૦૦૦૦૦ યોનિમુખ છે.)**

**સૂક્ષ્મ એકેંદ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત, સ્થૂલ એકેંદ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત, દ્વીંદ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત, ત્રીંદ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત, ચતુરિંદ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત, અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત, સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત—એવા ભેદોવાળાં ચૌદ જીવસ્થાનો છે.**

**ગતિ, ઇંદ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, દર્શન, લેશ્યા, ભવ્યત્વ, સમ્યક્ત્વ, સંજ્ઞિત્વ અને આહાર–એવા ભેદસ્વરૂપ (ચૌદ) માર્ગણાસ્થાનો છે.**

**આ બધાં, તે ભગવાન પરમાત્માને શુદ્ધનિશ્ચયનયના બળે (–શુદ્ધનિશ્ચયનયે) નથી–એમ ભગવાન સૂત્રકર્તાનો (શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવનો) અભિપ્રાય છે.**

**એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમસયારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૩૫-૩૬મા બે શ્લોકો દ્વારા) કહ્યું છે કે :–**

**‘‘[શ્લોકાર્થ :–] ચિત્શક્તિથી રહિત અન્ય સકળ ભાવોને મૂળથી છોડીને અને ચિત્શક્તિમાત્ર એવા નિજ આત્માનું અતિ સ્ફુટપણે અવગાહન કરીને, આત્મા સમસ્ત વિશ્વના ઉપર સુંદર રીતે પ્રવર્તતા એવા આ કેવળ (એક) અવિનાશી આત્માને આત્મામાં સાક્ષાત્ અનુભવો.’’**

**‘‘[શ્લોકાર્થ :–] ચૈતન્યશક્તિથી વ્યાપ્ત જેનો સર્વસ્વ-સાર છે એવો આ જીવ એટલો જ માત્ર છે; આ ચિત્શક્તિથી શૂન્ય જે આ ભાવો છે તે બધાય પૌદ્ગલિક છે.’’**

---

**પ્રવચન નં. ૪૩, ગાથા-૪૨ સોમવાર, શ્રાવણ સુદ ૭, તા.૧૮-૦૮-૧૯૮૦**

---

‘નિયમસાર’ ગાથા ૪૨.

**ટીકા :– ‘શુદ્ધ નિશ્ચયનયે શુદ્ધ જીવને સમસ્ત સંસારવિકારોનો સમુદાય નથી એમ અહીં (આ ગાથામાં) કહ્યું છે.’** આહાહા..! જે સમ્યગ્દર્શનનો વિષય, સમ્યગ્દર્શનનું ધ્યેય, જે જીવ–ભગવાન–એમાં કોઈ પ્રકારનો ભેદ, વિકાર કે કોઈ પ્રકારનો પર્યાયનો ભેદ પણ એમાં નથી. એવો શુદ્ધ ચૈતન્ય અખંડ અભેદ પૂર્ણાનંદનો નાથ, એ દૃષ્ટિનો વિષય છે. દૃષ્ટિ ત્યાં જામે છે. દૃષ્ટિમાં આશ્રય, આદર દ્રવ્યનો હોય છે. એ વાત કરે છે.

**‘દ્રવ્યકર્મ અને ભાવકર્મનો સ્વીકાર નહિ હોવાથી...’** શું કહે છે? જીવપ્રભુ શુદ્ધજીવ, એમાં **‘દ્રવ્યકર્મ અને ભાવકર્મનો સ્વીકાર નહિ હોવાથી જીવને નારકત્વ, તિર્યંચત્વ, મનુષ્યત્વ અને દેવત્વસ્વરૂપ ચાર ગતિઓનું પરિભ્રમણ નથી.’** આહાહા..! વસ્તુસ્વરૂપ જે અંદર છે, ચૈતન્યસત્તાવલંબી, એમાં આ ચાર ગતિનું પરિભ્રમણ નથી. આહાહા..! **‘નિત્ય–શુદ્ધ ચિદાનંદરૂપ કારણ પરમાત્મસ્વરૂપ જીવને...’** નિત્ય શુદ્ધ, કાયમ શુદ્ધ, ત્રિકાળી શુદ્ધ, **‘ચિદાનંદરૂપ**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates


**કારણપરમાત્મસ્વરૂપ જીવને દ્રવ્યકર્મ તથા ભાવકર્મના ગ્રહણને યોગ્ય વિભાવપરિણતિનો અભાવ હોવાથી જન્મ, જરા, મરણ, રોગ અને શોક (કાંઈ) નથી.**' આહાહા..!

સ્વરૂપ ચૈતન્યજ્યોત અંદર ત્રિકાળી નિરાવરણ દ્રવ્ય અંદર બિરાજે છે. ત્રિકાળી. નિગોદમાં હોય કે સિદ્ધમાં હોય, દ્રવ્ય તો ત્રિકાળી નિરાવરણ જ છે. એમાં અંતરદષ્ટિ કરવાથી આ બધા ભેદભાવ ગૌણ થઈ જાય છે. એનો અહીંયા અભાવ કહ્યો છે. એ ભાવ છે ખરો, વ્યવહારનયનો વિષય છે ખરો. છે એનો નિષેધ છે ને? ન હોય એનો નિષેધ કેવો? છે ખરો. પણ દૃષ્ટિમાં અંતર અનુભવ આનંદકંદ પ્રભુમાં જતાં એનો નિષેધ થઈ જાય છે. જે છે એનો નિષેધ થાય છે.

'**ચતુર્ગતિ (ચાર ગતિના) જીવોના કુળ તથા યોનિના ભેદ જીવમાં નથી...**' કુળના ભેદ અને યોનિના ભેદ. ચોરાશી લાખ યોનિના ભેદ અને કુળ તો ઘણાં છે. એ બધા જીવમાં નથી. દ્રવ્યસ્વરૂપ ભગવાનઆત્મામાં એ નથી. એ બોલ છે એ વાંચી લેવા. પછી '**પૃથ્વીકાયિક જીવોનાં સાત લાખ યોનિમુખ છે;...**' એ ચોરાશી લાખ ... એ ચોરાશી લાખ યોનિ આત્મામાં નથી. સમુચ્ચય સમજી લેવું. છેલ્લે. '**(બધા થઈને ૮૪૦૦૦૦૦ યોનિમુખ છે)**' જીવને ઉત્પત્તિનું સ્થાન. સંસારની દશામાં ચોરાશી લાખ યોનિમુખ જીવદ્રવ્યમાં નથી. પછી.

'**સૂક્ષ્મ એકેંદ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત,...**' જીવભેદ કહે છે. જીવના ચૌદ ભેદ જીવમાં નથી. આહાહા..! પર્યાય છે ને? જીવની પર્યાય જીવના દ્રવ્યમાં નથી. દ્રવ્ય તો ત્રિકાળી આનંદ નાથ ચૈતન્ય અખંડાનંદ પ્રભુ, પૂર્ણાનંદ સદા ત્રિકાળ એકરૂપ અવિનાશી બિરાજમાન છે. એ સમ્યગ્દર્શનનો વિષય છે. આહાહા..! બાકી ચીજ બધી છે. એક સિવાય આખી દુનિયા લોકાલોક છે ખરા પણ એ બધો વ્યવહાર છે. એક સિવાય પર્યાય આદિથી માંડીને આખી દુનિયા વ્યવહાર છે. નિશ્ચયમાં તો એક આત્મા અખંડાનંદ પ્રભુ, જેમાં પર્યાયનો પણ અભાવ છે, એવા જીવદ્રવ્યને સમકિતરૂપી પર્યાયનો વિષય કહેવામાં આવ્યો છે. આહાહા..!

સવારમાં પણ ઝીણું હતું. સવારમાં તો બહુ સરસ હતું. ઓહોહો..! સવારે મૂળ ઉત્પત્તિના સ્થાનની વાત હતી. આ જીવદ્રવ્યમાં આ નથી, તો ત્યાંથી લક્ષ છોડી દે અને ત્રિકાળી જ્ઞાયકભાવ જેમાં આ નથી, ત્યાં લક્ષ લગાવી દે. એ માટે આ કહ્યું કે જીવના ચૌદ ભેદ '**પર્યાપ્ત ને અપર્યાપ્ત, સ્થૂલ એકેન્દ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત, દ્વીદ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત, ત્રીંદ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત, ચતુરિંદ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત, અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત, સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત–એવા ભેદોવાળાં...**' જીવસ્થાન, જીવમાં જીવસ્થાન નથી. આહાહા..! જીવમાં જીવસ્થાન નથી. એ ચૌદ ભેદ છે. આહાહા..! જીવમાં ચૌદ ભેદ–સ્થાન જે છે એ અંતરમાં નથી. સમ્યગ્દર્શનના વિષયમાં એ ચીજ નથી. આહાહા..! મૂળ ચીજ તો સમ્યગ્દર્શન છે. ત્યાંથી વાત શરૂ થાય છે. એ વિના બધી વાતું, જાણપણું ને આચરણ ને ક્રિયાકાંડ બધું સંસાર છે. ભગવાનઆત્મા જીવને ચૌદ સ્થાન પણ નથી. પછી માર્ગણા.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વસ્તુ છે, માર્ગણા વસ્તુ છે, જીવદ્રવ્યની દૃષ્ટિમાં નથી.

**'ગતિ,..'** ચાર. એ જીવદ્રવ્યમાં નથી. પાંચ **'ઇંદ્રિય,..'** જીવમાં નથી. **'કાય,..'** મન, વચન અને કાયા આદિ કાયનો એક ભેદ છે. એ પણ આત્મામાં નથી. **'યોગ,...'** પંદર યોગ જે કહેવામાં આવે છે. ચાર મન, ચાર વચન, ચાર કાયા એ બધું આત્મામાં નથી. આહાહા..! પર્યાયદૃષ્ટિથી જાણવામાં આવનારી વસ્તુ ચીજ છે, પણ દ્રવ્યદૃષ્ટિથી જોવામાં આવે તો એ ચીજ લક્ષમાં નથી આવતી. આ કારણે એ ચીજ વસ્તુમાં નથી. આહાહા..! આવું છે, પ્રભુ! જીવનો સ્વભાવ, એ જીવની વાત બહુ ઘટી ગઈ, પ્રભુ! મૂળ ચીજ પરમાત્મા પોતે... આહાહા..! એની મૂળ વાત ઘટી ગઈ. અને પ્રવૃત્તિની આ ક્રિયા કરો... આ ક્રિયા કરો.. આ ક્રિયા કરો.. આ છોડો. આ છોડો અને આ ગ્રહો. અરે..! ભગવાન! જે ચીજમાં જેની અવસ્થા પણ જેમાં નથી, જેમાં અવસ્થા પણ નથી એમાં બાહ્ય ગ્રહણ-ત્યાગ ક્યાંથી આવ્યો? આહાહા..! સમજાણું કાંઈ? શું કીધું?

**'યોગ,...'** નથી. **'વેદ,...'** નથી. સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ, અરે..! અવેદ, એ ચારે નથી. આહાહા..! યોગમાં પણ યોગ અને અયોગ બન્ને નથી. વેદમાં પણ ત્રણ વેદ અને વેદરહિત અવેદ પણ એમાં નથી. એ તો પર્યાય છે. આહાહા..! **'કષાય,...'** ક્રોધ, માન, માયા, લોભ. ભગવાન અકષાય શાંતસ્વરૂપ, શાંતિનો દરિયો, શાંતિનો સમુદ્ર, શાંતિનો એકલો ગોદામ છે. પ્રભુ આત્મા તો શાંતિનું ગોદામ છે. એમાંથી તો શાંતિ જ પ્રગટ થાય છે. આહાહા..! ગોદામ જોયા છે ને? અમે તો 'મુંબઈ' માલ લેવા જતા. એ કેસરના ડબ્બા આવતા. ત્યારે તો બહુ કિંમત ઓછી હતી. એકરૂપિયાની રૂપિયાભાર હતી. અમે બધો વેપાર કરતા હતા. કેસર લેવા ગયા તો વખાર-વખાર જોઈ હોય... ઓહોહો..! અનેક હજાર ડબ્બા કેસરના. કેસરના ડબ્બા અનેક હજાર. આહાહા..! એ ગોદામ કરતા આ ગોદામમાં અનંતા કેસર, સ્વભાવ અંદર ભર્યા છે. એ મોટો ગોદામ પ્રભુ છે. આહાહા..! શું કહ્યું?

**'કષાય, જ્ઞાન,...'** મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવળ. પાંચ જ્ઞાન પણ દ્રવ્યમાં નથી. આહાહા..! પાંચે જ્ઞાન તો પર્યાય છે. વ્યવહારનયનો વિષય છે. છે ખરો. આદરણીય નથી. અંતરદૃષ્ટિ કરતાં, જ્ઞાનનો ભેદ દૃષ્ટિના વિષયમાં આવતો નથી. આહાહા..! આ કારણે જ્ઞાનના પાંચ ભેદ વસ્તુમાં નથી. પર્યાયમાં હો, પણ દૃષ્ટિ જ્યાં પર્યાયથી છૂટીને, પર્યાય દ્રવ્ય પ્રભુ ઉપર ગઈ... આહાહા..! તો ત્યાં તો જ્ઞાનના ભેદ પણ નથી. આહાહા..! આ બધું જાણપણું અને બધી વાતો મોટી ગમે તેવી કરો. પ્રભુ! એ જ્ઞાનસ્વરૂપ અંદર ચૈતન્યમૂર્તિમાં એ ભેદ નથી. આહાહા..!

**'સંયમ,...'** સંયમ અને અસંયમ ને સંયમાસંયમ એમ લેવું. એક શબ્દમાં ત્રણે લેવા. એ ત્રણે નથી. આત્મામાં સંયમ પણ નથી, અસંયમ પણ નથી, સંયમાસંયમ પણ નથી. **'દર્શન,...'** આ દર્શન, ચક્ષુદર્શન છે. સમકિતની વાત પછી. આ દર્શન, ચક્ષુદર્શન, અચક્ષુદર્શન,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અવધિદર્શન અને કેવળદર્શન એ ચારે આત્મામાં નથી. આહાહા..! કેવળદર્શન તો પર્યાય છે, એક સમયની દશા છે. સત્તા ચૈતન્યની સત્તા, મહાપ્રભુની સત્તા, એમાં કેવળજ્ઞાનનો પણ અભાવ છે. આહાહા..! અહીં સાધારણ મતિશ્રુત જ્ઞાન (હોય), અનુભવ વિના એનું અભિમાન થાય. આહાહા..! અરે..રે..! અંતરના આનંદનો અનુભવ વિના, અંતરના આત્માનો સ્પર્શ કર્યા વિના બહારની વાતમાં અભિમાન થાય, પ્રભુ! એ તો અનંતવાર કર્યું છે. આહાહા..! એ આત્માના ત્રિકાળી દ્રવ્યદૃષ્ટિ દર્શન કરતા એ નથી. પર્યાયમાં છે, જાણવામાં છે. વસ્તુની દૃષ્ટિ દર્શનના વિષયમાં નથી. આહાહા..!

**'લેશ્યા,...'** છ લેશ્યા અને અલેશ્યા. એ સાતે આત્મામાં નથી. આહાહા..! છ લેશ્યા વિકારી પર્યાય છે, અલેશ્યા નિર્વિકારી પર્યાય છે. પણ એ પર્યાય છે. ભગવાન દ્રવ્યમાં એ નથી. અલેશ્યાપણું પણ ભગવાનમાં નથી. આહાહા..! જેનું લક્ષ છુટી જાય છે એ ચીજ એમાં નથી. આહાહા..! અંતર અનુભવ કરવામાં ચૈતન્યતત્ત્વની પ્રાપ્તિ, સમ્યક્‌માં પ્રાપ્ત કરવામાં બધાનું લક્ષ છૂટી જાય છે, એ ચીજ એમાં નથી એમ કહે છે. આહાહા..! વસ્તુ નથી એમ નહિ, વસ્તુ તો છે. લોકાલોક બધું છે.

એક ભગવાન સ્વતંત્ર આત્મા સિવાય અનંત સિદ્ધ ભગવાન પણ ભલે હોય, પણ એ બધા પર છે. અનંત સિદ્ધો પણ પર છે. આચાર્ય કહે છે, કે સ્વદ્રવ્ય સિવાય પરદ્રવ્ય ઉપર લક્ષ જશે તો તને રાગ થશે. પરદ્રવ્યનું લક્ષ થવાથી રાગ થશે. પણ કોને? રાગીને રાગ થશે. રાગી નથી એને લક્ષ જવાથી રાગ નહિ થાય. આહાહા..! જેને હજી રાગ પડ્યો છે એને પર તરફ લક્ષ જતાં રાગ ઉત્પન્ન થશે. એ પર લક્ષ (રાગની) ઉત્પત્તિનું કારણ નથી. પણ રાગ છે, એ કારણે રાગ ઉત્પન્ન થાય છે. પરલક્ષથી રાગ ઉત્પન્ન થાય તો કેવળી તો ત્રણકાળ, ત્રણલોક દેખે છે. આહાહા..! ગજબ વાત છે, પ્રભુ!

**'લેશ્યા,...'** અલેશ્યા, એ પણ આત્મામાં નથી. **'ભવ્યત્વ,...'** અભવ્યત્વ આત્મામાં નથી. આહાહા..! એ ભવ્યત્વ અને અભવ્યત્વ આત્મામાં નથી. 'ગોપાલદાસ' શું કહેવાય એ? બરૈયા. એમણે લખ્યું છે કે ભવી એ ગુણ છે. ગુણની વ્યાખ્યામાં ભવી લીધું છે. એ તો લોકોને સમજાવવા માટે. ગુણ તો ત્રિકાળ રહેનાર છે. ભવ્ય, અભવ્ય જો ગુણ હોય તો અહીંયા તો નકાર કરે છે. ભવ્ય તો પર્યાય છે. સમજાણું કાંઈ? એનો ખુલાસો 'તત્ત્વાર્થસાર'માં 'અમૃતચંદ્રાચાર્યે' 'તત્ત્વાર્થસાર'માં લીધું છે, એનો અર્થ... એક 'બંસીધરજી' છે ને? 'ખુબચંદજી'ના ભાઈ. 'શોલાપુર'વાળા. એણે અર્થ કર્યો છે. એ તો આવ્યા હતા, અમારી પાસે આવ્યા હતા.

ભવ્ય અને અભવ્ય પર્યાયમાં છે, દ્રવ્યમાં નથી. સિદ્ધમાં ભવ્યત્વ નથી. જો ગુણ કહો તો ત્રિકાળ રહે. આહાહા..! આ તો પર્યાય છે. ભવ્ય અને અભવ્યની પર્યાય છે. બન્નેની પર્યાય ભગવાન અતીન્દ્રિય આનંદસ્વરૂપ, પ્રભુ! એમાં યોગ્યતા અને અયોગ્યતા બેમાંથી એકપણ નથી. યોગ્યતા તો બધી પ્રગટ થઈ ગઈ છે પછી યોગ્યતા શું? યોગ્યતા અંદર

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પ્રગટ છે. ભવીની યોગ્યતા એમાં નથી. પ્રગટ થઈ એ ભલે ન હોય પર્યાયમાં, પણ દ્રવ્ય તો યોગ્યતા છે. એ ભવ્યત્વપણું પણ એમાં નથી. એ પ્રગટ પ્રગટ વસ્તુ પડી છે. આહાહા..!

પરમ સિદ્ધાંત, પરમ સત્ સિદ્ધાંત, એનો જે સિદ્ધાંતસાર, જે તત્ત્વ ભગવાન દેહમાં પ્રત્યક્ષ બિરાજમાન છે. એમાં ભવી-અભવીપણું નથી. ઘણાં પ્રશ્ન કરે છે, કે મહારાજ! અમે ભવી છીએ કે અભવી? પ્રભુ! એ પ્રશ્ન મૂકી દો. ભવી-અભવી આત્મામાં છે જ નહિ. એક અર્જિકા છે, 'જ્ઞાનમતિ'. એણે વળી એમ લખ્યું છે, કે આપણે ભવી છીએ કે અભવી એ આપણે જાણી ન શકીએ, કેવળી જાણી શકે. અરેરે..! પ્રભુ! શું છે? અહીં તો ભવી-અભવી આત્મામાં છે જ નહિ. આહાહા..! આકરી વાતું છે, ભાઈ! મૂળ વાતને પકડવી... આહાહા..! ઝાડના પાંદડા ને ડાળાડાખળા પકડવા અને ઝાડના ફળ-ફૂલ પકડવા, એ કરતા ઝાડનું મૂળ પકડવું. એમ ભગવાન અંદર મૂળ છે. પર્યાય તો પછી ડાળા-ડાખળા છે. આહાહા..! પર્યાય, હોં! એ ફળ-ફૂલ છે. ભવી-અભવી નથી.

**'સમ્યક્ત્વ,...'** સમકિત પણ નથી. ત્યાં એકલા સમકિતની વાત નથી. સમ્યક્, સમકિત મોહનીય, મિથ્યાત્વ, મિશ્ર એ બધું આત્મામાં નથી. અહીં તો સમકિત આત્મામાં નથી. ક્ષાયિક સમકિત આત્મામાં નથી. આહાહા..! ક્ષાયિક સમકિત પણ પર્યાય છે ને, પ્રભુ! એક સમયની પર્યાય છે. પલટે છે. ભલે કાયમ રહેનારી છે પણ પલટે છે. ભગવાન જે ત્રિકાળી સત્તા સત્. સચ્ચિદાનંદ પ્રભુ એકરૂપ બિરાજમાન છે. દૃષ્ટિનો વિષય એ છે. આહાહા..! દૃષ્ટિનું ધ્યેય એકલો પરમાત્મા, જેમાં પર્યાયનો ભેદ નથી. દૃષ્ટિ પોતે પર્યાય છે. સમકિત કહ્યું ને? એમાં નથી એમ કહ્યું. સમ્યક્ત્વ નથી. એ તો પર્યાય છે. ક્ષાયિકસમકિત પણ એમાં નથી. એનો વિષય દ્રવ્ય છે. પણ ક્ષાયિકસમકિત એ વિષયમાં નથી. સમકિતીને ક્ષાયિકસમકિત પણ વિષય નથી. આહાહા..! આકરી વાત છે, પ્રભુ!

અંદર ચૈતન્ય હીરલો, ચમત્કારીક શક્તિઓનો ભંડાર, શક્તિઓનો સાગર, સ્વભાવનો સાગર, એ ચીજ શું છે? એ ચીજમાં સમ્યક્, ક્ષાયિક સમકિતનો પણ અભાવ છે. આહાહા..! સમકિત નથી એમ નથી. પર્યાયમાં છે. છે એટલે શું? ભલે હોય. આહાહા..! એ ચીજ અંદરમાં નથી. જેનો વિષય છે, સમ્યક્ના વિષયમાં સમકિત નથી. તેમ સમકિતનો વિષય સમકિત નથી. આહાહા..! આવી વાત, પ્રભુ! અંતર ઘરની વાતું. આહાહા..! સવારમાં તો ઘણું આવ્યું હતું. બેન આવ્યા? સવારમાં તો ઘણું આવ્યું હતું. સવારમાં અંતર ચક્ષુમાં ઘણું આવ્યું હતું. આહાહા..!

**'સંજ્ઞિત્વ...'** સંજ્ઞિપણું–મનપણું અને અસંજ્ઞિપણું એ બેય આત્મામાં નથી. **'અને આહાર...'** અને નિહાર અને અનાહાર એ બન્ને આત્મામાં નથી. આહાર અને અનાહાર, બે પર્યાય છે. આત્મામાં નથી. **'એવા ભેદસ્વરૂપ (ચૌદ) માર્ગણાસ્થાનો છે.'** છે? માર્ગણાસ્થાન છે ખરા. અંતરમાં નથી. વેદાંત કહે છે, કે આત્મા સર્વવ્યાપક એક જ છે. કોઈ ગુણભેદ નથી, પર્યાય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભેદ નથી, અનંત આત્મા નથી. એ તો મિથ્યાત્વ છે. એવી વાત અહીંયા નથી. આ તો અનંત છે. એક આત્મામાં અનંતગુણ છે, અનંતપર્યાય છે. માર્ગણાસ્થાન પણ છે. પણ આદરણીય નથી. ત્યાંથી દૃષ્ટિ હટાવી લે. જાણીને એમાંથી દૃષ્ટિ હટાવી લે. આહાહા..!

**'આ બધાં, તે ભગવાન પરમાત્માને...'** આહાહા..! ભગવાન પરમાત્મા એટલે કોણ? આ આત્મા, હોં! આહાહા..! **'બધા, તે ભગવાન પરમાત્માને શુદ્ધનિશ્ચયનયના બળે (-શુદ્ધનિશ્ચયનયે)...'** અર્થાત્ શુદ્ધનિશ્ચયથી અંતરમાં નથી. **'એમ ભગવાન સૂત્રકર્તાનો અભિપ્રાય છે.'** આહાહા..! ભગવાન 'કુંદકુંદાચાર્ય' જે ત્રીજા નંબરે આવ્યા. 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં.' એ 'કુંદકુંદાચાર્ય'. કહે છે, કે 'કુંદકુંદાચાર્ય' ભગવાન સૂત્રકર્તા. આ સૂત્રના કર્તા એ છે. મૂળ ગાથાના.

**'ભગવાન સૂત્રકર્તાનો...'** આહાહા..! **'(શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવનો) અભિપ્રાય છે.'** આ અભિપ્રાય છે. માર્ગણાના ભેદ મતિ, શ્રુત, અવધિ, મનઃ, કેવળ પણ નથી, એવો અભિપ્રાય ભગવાન 'કુંદકુંદાચાર્ય'નો છે. આહાહા..! એ તો દૃષ્ટિના વિષયમાં પૂર્ણતા આવવાની છે. એમાં અપૂર્ણતા જ નથી. પર્યાય છે જ નહિ. પર્યાય તો એનો વિષય કરે છે. (જેને) વિષય કરે છે એમાં પર્યાય નથી. આહાહા..! અને પર્યાય વિનાનું દ્રવ્ય નથી. કોઈ સમયે પણ પર્યાય વિનાનું દ્રવ્ય હોય, તો સામાન્ય એકલું રહે. દ્રવ્ય તો સામાન્ય વિશેષાત્મક બન્ને છે. રાત્રે કહ્યું હતું, નહિ પંડિતજી? વિશેષ વિના તો ગધેડાના શીંગડા જેવું (થાય). દ્રવ્યમાં પર્યાય વિશેષ ન હોય, પ્રગટ પર્યાય, હોં! એ તો ગધેડાના શીંગડા જેવું છે. સામાન્ય વિશેષ સ્વરૂપ ત્રિકાળ દ્રવ્ય છે. ત્રિકાળી દ્રવ્ય સામાન્ય ને વિશેષ સ્વરૂપ છે.

એમાં અહીંયા કહે છે, કે વિશેષ છે એ સામાન્યમાં નથી. વિશેષ–વિશેષ નથી એમ નથી. પદાર્થ સામાન્ય વિશેષ પદાર્થ છે. પદાર્થ સામાન્ય વિશેષ જ છે. બૌદ્ધ એકલા વિશેષ માને છે, વેદાંત એકલું દ્રવ્ય માને છે. એકાંત ધ્રુવ ધ્રુવ જ માને છે. બૌદ્ધ એકલું વિશેષ માને છે. બન્ને મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..!

અહીં તો સામાન્ય વિશેષમાં એકલી પર્યાયને માને એ પણ મિથ્યાદૃષ્ટિ છે. પર્યાયનો વિષય દ્રવ્ય માને એ સમ્યગ્દર્શન છે. આહાહા..! આવી ચીજ ભગવાનના ઘરની છે, પ્રભુ! આવી વાત રહી ગઈ. આહાહા..! દિગંબર સંતો કેવળીના કેડાયતો (છે). કેવળીએ કહી એ વાત રહી ગઈ છે. અને 'કુંદકુંદાચાર્ય' તો સાક્ષાત્ ભગવાન પાસે ગયા હતા. સમવસરણમાં સાક્ષાત આઠ દિવસ સાંભળ્યું અને કેટલીક વાત શ્રુતકેવળી પાસેથી સાંભળી. ભગવાનની દિવ્યધ્વનિ આઠ દિવસ સાંભળી અને વચ્ચે સમય મળે તો શ્રુતકેવળી જે હતા, એની સાથે ચર્ચા કરી, ઘણો નિર્ણય કર્યો. ઓહોહો..! એ ભગવાન સૂત્રકર્તાનો અભિપ્રાય આ છે. અહીં કોઈના અભિપ્રાયમાં કોઈનો અભિપ્રાય ચાલે નહિ. આહાહા..!

માર્ગણાસ્થાનો છે. સામાન્ય વિશેષ છે. વિશેષ વિના સામાન્ય રહેતા નથી. સમજાણું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કાંઈ? કેમ કે વિશેષ છે એ જાણવા લાયક તો વિશેષ છે. ધ્રુવ જાણવા લાયક (-જાણતો) નથી. જાણવામાં આવે છે પણ જાણવાની ક્રિયા ધ્રુવમાં નથી. જાણનસ્વરૂપ છે, પણ જાણતો નથી. જાણવું એ તો ક્રિયા છે. એ ક્રિયા વિશેષમાં હોય છે. જાણવાની ક્રિયા કોઈ સામાન્યમાં નથી થતી. આહાહા..! પ્રભુનો માર્ગ ત્રણકાળમાં બીજે ક્યાંય નથી. આહાહા..! લોકોને પણ એકાંત લાગે. એકાંત છે, એકાંત છે. પ્રભુ! એકાંત છે તો ખરું, પણ સમ્યક્ એકાંત છે. એકાંત છે, પ્રભુ! તમે એકાંત કહો છો એવું એકાંત નથી.

પર્યાય છે એમ કહ્યું ને. પર્યાય નથી? અહીં શું કહ્યું? માર્ગણાસ્થાન છે, બધા ભેદ છે. હો આખી દુનિયા હો, લોકાલોક હો અને પોતાની પર્યાય પણ હો, પણ એ લોકાલોક અને પર્યાય દ્રવ્યમાં નથી. આહાહા..! લોકમાં તો પરમાત્મા પંચપરમેષ્ઠી અનંત ત્રિકાળ આવી ગયા. ત્રિકાળી પરમેશ્વર (આવી ગયા).

'ષટ્ખંડાગમ'માં તો એમ લીધું છે, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં. એમ લીધું છે. એવો પાઠ છે. ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી... આહાહા..! ત્રિકાળવર્તી.. પ્રભુ! ત્રિકાળવર્તી શબ્દ સહેલો છે. પણ ત્રિકાળ જેનો અંત નથી, જેની શરૂઆત નથી. ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં. ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સિદ્ધાણં. આહાહા..! અહીં તો બીજું કહેવું છે, કે આ પાંચ પર્યાયમાં ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી કહ્યું છે, પણ એ પર્યાય દ્રવ્યમાં નથી. આહાહા..! એવો ભગવાન સૂત્રકારનો અભિપ્રાય છે. ઝીણી વાત છે, ભાઈ! એવી ચીજ જ છે ને, નાથ! ઝીણી કહો કે જાડી કહો જે કહો તે, પણ એ ચીજ જ એવી છે. આહાહા..!

એ તરફની દૃષ્ટિ નથી, એ તરફનો અનુભવ નથી અને પર્યાય અને રાગની મંદતામાં બધું અનાદિકાળથી માની લીધું. અનંતવાર નવમી ગ્રૈવેયકે ગયો, પર્યાય અને રાગબુદ્ધિથી ગયો. આહાહા..! અનંતકાળમાં એક વાર પણ સમ્યગ્દર્શનસહિત... 'પ્રવચનસાર'માં તો 'કુંદકુંદાચાર્ય' એમ પણ કહે છે, કદાચિત્ કોઈ સાચા મુનિ છે, ભવનપતિમાં જાય છે એવો પાઠ છે. છઠ્ઠી ગાથામાં. ભવનપતિમાં જાય છે એ શું? એવો કોઈ મિથ્યાત્વનો બંધ થઈ ગયો, પણ છે સાચા મુનિ. મિથ્યાત્વ થઈ ગયું તો ત્યાં ગયા. સમજાણું કાંઈ? શું કીધું? અહીં 'પ્રવચનસાર' છે? ભવનપતિ આદિમાં ભાવલિંગી મુનિ જાય છે અને ત્યાંથી નીકળીને મુક્તિ પામે છે એવો પાઠ છે. 'પ્રવચનસાર' છે અહીંયા? આહાહા..! મુનિરાજ આત્મજ્ઞાની, આત્મધ્યાની (એમ કહે છે),

**संपज्जदि णिव्वाणं देवासुरमणुयरायविहवेहिं।**
**जीवस्स चरित्तादो दंसणणाणप्पहाणादो ।।६।।**

છઠ્ઠી ગાથા છે. આહાહા..! અસુરમાં પણ જાય છે. અસુરની પર્યાય અંદર આવી ગઈ,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



બંધ થયો. બાકી દશા તો અંદરમાં એવી છે કે અસુરમાંથી નીકળીને **'संपज्जदि णिव्वाणं'** આહાહા..! છઠ્ઠી ગાથા. **'संपज्जदि णिव्वाणं देवासुरमणुयरायविहवेहिं।'** દેવ ને અસુર ને મનુષ્યના રાજના વૈભવમાંથી નીકળીને નિર્વાણ પ્રાપ્ત કરશે. કોઈ એવી ભૂલ સહેજ રહી ગઈ હશે તો છૂટી જશે. આહાહા..! એક બાજુ કહે ભવનપતિ અને વ્યંતર, જ્યોતિષમાં સમકિતી જાય નહિ, સ્ત્રીમાં જાય નહિ. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષમાં જાય નહિ, નારકી, તિર્યંચમાં જાય નહિ. આહાહા..! છે કે નહિ એવું? અહીં તો કહે, મુનિ અસુરમાં જાય છે. પાઠ છે. અને તે **'संपज्जदि णिव्वाणं'** ત્યાંથી નીકળીને તો નિર્વાણ પ્રાપ્ત કરશે. આહાહા..! ગજબ વાત છે. એ અંતરની દૃષ્ટિ ઉઘડી ગઈ છે અને ધ્યાન અને આનંદ ઘણોં છે, એમાં કોઈ એવું સહેજ આવી ગયું, તો અસુરનું આયુષ્ય બંધાઈ ગયું. આહાહા..! આ 'પ્રવચનસાર' છે. દિવ્યધ્વનિનો સાર છે. આહાહા..! એમાં એમ કહ્યું, **'संपज्जदि णिव्वाणं'**.

**સુર-અસુર-મનુજેન્દ્રો તણા વિભવો સહિત નિર્વાણની,**
**પ્રાપ્તિ કરે ચારિત્રથી જીવ જ્ઞાનદર્શનમુખ્યથી. ૬.**

ચારિત્રથી (ચ્યુત થઈને) ચાહે કોઈ કદાચિત્ અસુરમાં ગયા હોય... આહાહા..! ચારિત્રથી ન જાય પણ ભૂલ થઈ ગઈ, સહેજ ભૂલ થઈ, અંદર છદ્મસ્થ છે. અંદરમાં ઉગ્રતા ઘણી છે. આહાહા..! અહીં તો ભગવાને એમ કહ્યું, કે અસુર દેવલોકમાંથી નિર્વાણ પ્રાપ્ત કરશે. એ મુનિ અસુરમાંથી નીકળીને મુક્તિને પ્રાપ્ત કરશે. **'संपज्जदि णिव्वाणं'** આહાહા..! આ ભગવાન સૂત્રકર્તા (કહે છે).

એક બાજુ એમ કહે કે સમકિતી ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ, સ્ત્રી, તિર્યંચમાં, નરકમાં ન જાય. મનુષ્ય હોય તે. આહાહા..! નારકી જે સમકિતી હોય તે મનુષ્યમાં જાય. તિર્યંચ જે સમકિતી હોય એ મનુષ્યમાં પણ જાય અને સ્વર્ગમાં પણ જાય. નારકી તો સ્વર્ગમાં જાય નહિ. આહાહા..! સમકિતી છે તો મનુષ્યમાં આવે છે. અને તિર્યંચમાં સમકિતી હોય એ કોઈ મનુષ્યમાં નથી આવતા. એ તો સ્વર્ગમાં વૈમાનિકમાં જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આમાંથી કોઈ અસુરકુમારમાં ગયા સાચા મુનિ, આત્મધ્યાની, જ્ઞાની અંદર (છે), પણ છદ્મસ્થ છે સહેજ કોઈ ભૂલ રહી ગઈ, એ નીકળી જશે. આહાહા..! અને અલ્પકાળમાં મુક્તિ થશે. એવો પાઠ છે. **'संपज्जदि णिव्वाणं'** નિર્વાણને પ્રાપ્ત કરશે. આહાહા..! જોર સમ્યગ્દર્શન અને ચારિત્રનું છે. આહાહા..! કોઈને વિરુદ્ધ પણ લાગે.

એક બાજુ એમ કહે કે સમકિતી ભવનપતિમાં ન જાય. અને અહીં મુનિ ભવનપતિમાં જાય એમ લખ્યું છે. પાઠમાં લખ્યું છે. ભગવાન! છદ્મસ્થની વાત છે. અંદરમાં આત્માનું ભાન હોવા છતાં, સહેજ કોઈ કાળ એવો આવી ગયો અને અસુરની ગતિ બંધાણી, ત્યાં જશે અને ત્યાંથી નીકળીને મોક્ષ થઈ થશે. આહાહા..! એ બધું અંતરમાં દૃષ્ટિ અને ચારિત્રનું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જોર છે. આહાહા..! આમાંથી એમ કાઢે, કોઈ ઠેકાણે આમ કહ્યું, એના આચાર્ય એ એમ કહે, કે વ્યંતરમાં, ભવનપતિમાં તો મિથ્યાદૃષ્ટિ જાય, સમકિતી જાય નહિ. અહીં મુનિ જાય એમ કહ્યું. આહાહા..! ભાઈ! એમનો અભિપ્રાય એવો છે, કે અંતરના દર્શનનું જોર તો ઘણું છે, ચારિત્રનું પણ જોર છે, પણ સહેજ અંદર કોઈ વખતે છદ્મસ્થ છે, એવી કોઈ ભૂલ મગજમાં આવી ગઈ, તો અસુરકુમારનું આયુષ્ય બંધાઈ ગયું. પણ અસુરકુમારમાં ગયા અને મુનિ 'કુંદકુંદાચાર્ય' આદિ તો વૈમાનિકમાં ગયા, પણ બન્ને ત્યાંથી નીકળીને મુક્તિમાં જશે. આહાહા..! એ અંતરના દર્શનનું જોર છે. આત્મદર્શન, આત્મદર્શન. આહાહા..! એના જોરમાં ભવનપતિમાંથી નીકળીને મોક્ષ જશે એમ 'કુંદકુંદાચાર્યે' 'પ્રવચનસાર'માં લખ્યું. આહાહા..!

અહીં કહે છે, કે **'આ બધા, તે ભગવાન પરમાત્માને શુદ્ધનિશ્ચયનયના બળે નથી...'** આ બધા ભેદ નથી. આહાહા..! ભવનપતિની પર્યાયની તો વાતે ક્યાં છે? આહાહા..! દ્રવ્યદૃષ્ટિમાં તો આ કોઈ છે જ નહિ. આહાહા..! પણ પર્યાયમાં સહેજ ભૂલમાં આવી જાય... આહાહા..! તોપણ એની મુક્તિ દૂર નથી થતી. આહાહા..! અંતરના દર્શન અને જ્ઞાનનું જોર અંદર છે. થોડી ભૂલ રહી ગઈ. આહાહા..! એ અહીંયા કહે છે, **'એમ ભગવાન સૂત્રકર્તાનો અભિપ્રાય છે.'** એમાં એમ પણ આવ્યું છે. માર્ગણામાં એ પણ આવ્યું છે. કોઈ મુનિ ભવનપતિમાં પણ જાય. આહાહા..!

**'એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૩૫-૩૬માં બે શ્લોકો દ્વારા) કહ્યું છે કે :–'** આહાહા..!

**सकलमपि विहायाह्नाय चिच्छक्तिरिक्तं**
**स्फुटतरमवगाह्य स्वं च चिच्छक्तिमात्रम्।**
**इममुपरि चरंतं चारु विश्वस्य साक्षात्**
**कलयतु परमात्मात्मानमात्मन्यनन्तम्।।**

ભાઈ નથી આવ્યા? 'હિંમતભાઈ'. તાવ આવ્યો છે? આ બધા અર્થ એણે બનાવ્યા છે. ટીકામાંથી અર્થ એમણે કર્યા.

**શ્લોકાર્થ :– 'ચિત્શક્તિથી રહિત...'** ચિત્શક્તિ એટલે સામર્થ્ય. ચૈતન્યના સામર્થ્ય સિવાય **'અન્ય સકળ ભાવોને મૂળથી છોડીને...'** આહાહા..! **'ચિત્શક્તિથી રહિત...'** જેમાં જ્ઞાન સામર્થ્ય ભર્યાં છે, એવી શક્તિથી રહિત **'અન્ય સકળ ભાવોને મૂળથી છોડીને...'** પર્યાય પણ આવી ગઈ. ચિત્શક્તિ લીધી છે ને? ગુણ લીધો છે ને? સ્વભાવ સામર્થ્ય લીધું છે ને? આહાહા..! આ 'સમયસાર'નો કળશ છે. **'ચિત્શક્તિથી રહિત અન્ય સકળ ભાવોને મૂળથી છોડીને અને ચિત્શક્તિમાત્ર એવા નિજ આત્માનું...'** આહાહા..! બીજી કોઈ ઉપાધિ નહિ, કહે છે. પર્યાય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પણ લક્ષમાં નહિ. કામ–કાર્ય કરે પર્યાય. કોઈપણ દ્રવ્ય નકામું નથી. નકામું નથી એનો અર્થ, કાર્ય વિનાનું નહિ. કાર્ય વિનાનો અર્થ પર્યાય વિનાનું નહિ. એવું લખ્યું છે? પર્યાયને કાર્ય કીધું છે ને? પર્યાયને કાર્ય કીધું છે, દ્રવ્યને કારણ કહ્યું છે. આહાહા..! કાર્ય પણ કારણમાં નથી. આહાહા..!

**'ચિત્શક્તિમાત્ર...'** માત્ર શબ્દ છે ને? **'ચિત્શક્તિમાત્ર...'** એકલો જ્ઞાનસ્વભાવમાત્ર. પર્યાય પણ જેમાં નથી. વિષય કરે પર્યાય, પણ જેનો વિષય કરે એમાં પર્યાય નથી. આહાહા..! **'ચિત્શક્તિમાત્ર...'** આ 'અમૃતચંદ્રાચાર્ય' (કહે છે). **'એવા નિજ આત્માનું...'** આહાહા..! એકલો જ્ઞાનસ્વરૂપ પ્રભુ ધ્રુવ, સત્.. સત્... સત્... સત્ત્વ... સત્ત્વ...સત્ત્વ... ઇ શું કહ્યું? સત્ વસ્તુનું સત્ત્વ એટલે શક્તિ–ગુણ એકરૂપ ત્રિકાળ જે છે... આહાહા..! એનાથી રહિત **'સકળ ભાવોને મૂળથી છોડીને...'** આહાહા..!

**'ચિત્શક્તિમાત્ર એવા નિજ આત્માનું...'** ચિત્શક્તિમાત્ર નિજ આત્મા. આહાહા..! એ નિર્ણય, અનુભવ પર્યાયમાં છે. આ અનુભવ પર્યાયમાં છે. પણ ચિત્શક્તિમાત્રમાં એ નથી. આહાહા..! **'ચિત્શક્તિમાત્ર એવા નિજ આત્માનું અતિ સ્ફુટપણે અવગાહન કરીને,...'** એ પર્યાય. આહાહા..! ભગવાન પૂર્ણાનંદ જ્ઞાનનો સાગર ભર્યો છે, એમાં અવગાહન કર, પ્રભુ! **'સ્ફુટપણે અવગાહન કરીને,...'** અતિ સ્ફુટપણે એવી ભાષા છે. અતિ પ્રગટપણે. આહાહા..! એકલો જ્ઞાનમાત્ર એકલો પિંડ પ્રભુ, જેમાં લોકાલોક અને એક સમયની પર્યાયથી માંડી બધું છોડી દે. દૃષ્ટિમાંથી એને છોડી દે. વસ્તુ છે. આહાહા..!

**'એવા નિજ આત્માનું અતિ સ્ફુટપણે...'** એમ ને એમ નહિ, અંદર પ્રગટરૂપે **'અવગાહન કરીને,...'** અનુભવ કરીને. જ્ઞાનસ્વભાવ ભગવાન ત્રિકાળ, એનો અનુભવ એ પર્યાય છે. વસ્તુ છે એ ત્રિકાળી ધ્રુવ છે, એનો અનુભવ એ પર્યાય છે. એ પર્યાય સ્ફુટપણે, અતિ સ્ફુટપણે અવગાહન કરીને. જેમ પાણીમાં અવગાહન કરે છે, એમ ચૈતન્યશક્તિમાત્ર ભગવાનઆત્મા, એમાં અતિ સ્ફુટપણે અવગાહન કરીને... આહાહા..! **'આત્મા સમસ્ત વિશ્વના ઉપર...'** આત્મા સમસ્ત વિશ્વના ઉપર. વિશ્વ લીધું. આત્મા સિવાય વિશ્વ લીધું. આહાહા..!

**'આત્મા સમસ્ત વિશ્વના ઉપર...'** જગતના સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાય, પરમાત્મા પણ અને પોતાની પર્યાય... આહાહા..! **'વિશ્વના ઉપર સુંદર રીતે પ્રવર્તતા એવા આ કેવળ (એક) અવિનાશી આત્માને...'** કેવળ એક. કેવળનો અર્થ એક. એકસ્વરૂપ ભગવાનઆત્મા, જેમાં દ્વૈત નથી. આ શક્તિ અને શક્તિવાન, એવો પણ જેમાં ભેદ નથી. આહાહા..! એમ **'અવગાહન કરીને, આત્મા સમસ્ત વિશ્વના ઉપર સુંદર રીતે પ્રવર્તતા...'** આહાહા..! બન્ને સિદ્ધ કર્યું. આત્મા સિવાય વિશ્વ પણ છે એ સિદ્ધ કર્યું. વિશ્વમાં આત્માની પર્યાયથી માંડી લોકાલોક (છે એમ સિદ્ધ કર્યું). સમજાણું કાંઈ? ભગવાનઆત્મા ચિત્શક્તિનો પિંડ પ્રભુ, એનાથી ભિન્ન પોતાની પર્યાયથી માંડીને લોકાલોક. આહાહા..! **'અવગાહન કરીને, આત્મા સમસ્ત વિશ્વના**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**ઉપર સુંદર રીતે પ્રવર્તતા એવા આ કેવળ (એક) અવિનાશી આત્માને...**' એકલા ત્રિકાળી આત્માને. પરિણમન ઉપરથી લક્ષ છોડી દે. પરિણમન ત્યાં લઈ જા. આહાહા..! ધ્રુવમાં પરિણમન લઈ જા. પરિણમનમાં પરિણમન ન રાખ. આહાહા..! આવી વાત છે, પ્રભુ! એકાંત જેવું લાગે, પ્રભુ! શું થાય? માર્ગ તો આ છે. અનંત તીર્થંકરોમાં આ એક એક પ્રકાર આવે છે. એક તીર્થંકર કંઈક કહે અને બીજા તીર્થંકર કંઈક કહે એમ હોય નહિ. આહાહા..!

'**અવિનાશી આત્માને આત્મામાં...**' ભાષા જુઓ! '**આત્માને આત્મામાં...**' સમસ્ત વિશ્વ ઉપર તરતો. '**આત્માને આત્મામાં...**' આનંદ જ્ઞાનમાં. આહાહા..! આત્માને પોતાના જ્ઞાન-આનંદમાં '**સાક્ષાત્ અનુભવો.**' આહાહા..! સાક્ષાત્ અનુભવો. એ મોક્ષનો માર્ગ છે. 'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ.' આહાહા..! એક શ્લોકમાં તો કેટલું ભર્યું છે! ઓહોહો..! '**આત્મામાં સાક્ષાત્ અનુભવો.**' બીજો શ્લોક.

**શ્લોકાર્થ :– 'ચૈતન્યશક્તિથી વ્યાપ્ત જેનો સર્વસ્વ-સાર છે...**' આહાહા..! જ્ઞાનશક્તિના સામર્થ્ય સહિત વ્યાપ્ત '**જેનો સર્વસ્વસાર છે...**' આત્મ આનંદ. જ્ઞાનસ્વરૂપ પિંડ એકલો પર્યાય વિનાનો. '**ચૈતન્યશક્તિથી વ્યાપ્ત જેનો સર્વસ્વ-સાર છે એવો આ જીવ...**' એવો આ જીવ. આહાહા..! '**એટલો જ માત્ર છે;...**' '**ચૈતન્યશક્તિથી વ્યાપ્ત જેનો સર્વસ્વ-સાર છે એવો આ જીવ એટલો જ માત્ર છે;...**' આહાહા..! પર્યાય ન લીધી. નિર્ણય પર્યાયમાં થાય છે, અનુભવ પર્યાયમાં થાય છે, પણ પર્યાય એમ કહે છે, કે આ ચિત્શક્તિમાં મારી પર્યાયનો પણ અભાવ છે. આહાહા..!

'**જેનો સર્વસ્વ-સાર છે એવો આ જીવ એટલો જ માત્ર છે; આ ચિત્શક્તિથી શૂન્ય જે આ ભાવો છે તે બધાય પૌદ્ગલિક છે.**' આહાહા..! વાણી આકરી ઘણી. ધ્રુવ સ્વભાવ સિવાય બધું પુદ્ગલ છે. પર્યાયને પુદ્ગલ કહી દીધી. આહાહા..! પોતાની ચીજમાં અંદર નથી. વિશ્વથી ઉપર રહેનારો અર્થાત્ આખી દુનિયા અને પર્યાયથી પણ ભિન્ન રહેનારો... આહાહા..! એ સિવાય બધાય ભાવો પૌદ્ગલિક છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક–૬૦

(मालिनी)

अनवरतमखण्डज्ञानसद्भावनात्मा
व्रजति न च विकल्पं संसृतेर्घोररूपम्।

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**अतुलमनधमात्मा निर्विकल्पः समाधिः**
**परपरिणतिदूरं याति चिन्मात्रमेषः।।६०।।**

**વળી (૪૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે) :–**

**[શ્લોકાર્થ :–] સતતપણે અખંડ જ્ઞાનની સદ્‌ભાવનાવાળો આત્મા (અર્થાત્ 'હું અખંડ જ્ઞાન છું' એવી સાચી ભાવના જેને નિરંતર વર્તે છે તે આત્મા) સંસારના ઘોર વિકલ્પને પામતો નથી, પરંતુ નિર્વિકલ્પ સમાધિને પ્રાપ્ત કરતો થકો પરપરિણતિથી દૂર, અનુપમ, [1]અનઘ ચિન્માત્રને (ચૈતન્યમાત્ર આત્માને) પામે છે. ૬૦.**

---

**પ્રવચન નં. ૪૪, શ્લોક-૬૦-૬૧, ગાથા-૪૩, મંગળવાર, શ્રાવણ સુદ ૮, તા.૧૯-૦૮-૧૯૮૦**

---

'નિયમસાર' '**વળી (૪૨ મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે) :–**' ૬૦મો શ્લોક.

**अनवरतमखण्डज्ञानसद्भावनात्मा**
**व्रजति न च विकल्पं संसृतेर्घोररूपम्।**
**अतुलमनधमात्मा निर्विकल्पः समाधिः**
**परपरिणतिदूरं याति चिन्मात्रमेषः।।६०।।**

આહાહા..! '**સતતપણે અખંડ જ્ઞાનની સદ્‌ભાવનાવાળો...**' કરવાલાયક તો પ્રભુ અંદર ચૈતન્ય આનંદનો કંદ પ્રભુ (છે), એનો અનુભવ કરવો એ વસ્તુ છે. બાકી તો બધું બંધનું કારણ સંસાર છે. આહાહા..! એ સમ્યક્ અનુભવ થયા પછી પંચમહાવ્રત આદિનો વિકલ્પ આવે છે, પણ છે તો બંધનું કારણ. આ ચીજ... આહાહા..! જેણે પાતાળમાં આત્મા ભગવાન, એક સમયની પર્યાયની પાતાળમાં અંદર '**સતતપણે અખંડ જ્ઞાનની સદ્‌ભાવના...**' આહાહા..! જેને નિરંતર અખંડ જ્ઞાનની, આત્માની, આનંદની, શાંતિની, વીતરાગ સ્વભાવની સદ્‌ભાવનાવાળો આત્મા. એવી સ્થિતિવાળો આત્મા. '**હું તો અખંડ જ્ઞાન છું...**' હું તો અખંડ જ્ઞાન, આનંદ છું. રાગ, દયા, દાન, ક્રિયાકાંડ તો નહિ, પણ પર્યાયભેદ પણ મારામાં નથી. પ્રભુ! સૂક્ષ્મ વાત છે, પ્રભુ! આહાહા..! મૂળ વાત ઘણી સૂક્ષ્મ છે.

'પદ્મનંદિપંચવિંશતિ'માં 'પદ્મનંદિ આચાર્યે' બ્રહ્મચર્યની એક વ્યાખ્યા કરી. અધિકાર તો ૨૬ છે પણ 'પદ્મનંદિપંચવિંશતિ' કહેવાય છે. પણ ૨૬મો બ્રહ્મચર્યનો અધિકાર લીધો છે. અતીન્દ્રિય આનંદનો નાથ, એમાં રમવું એ બ્રહ્મચર્ય છે. શરીરથી બ્રહ્મચર્ય (પાળે), બાળ

---

**૧. અનઘ = દોષ રહિત; નિષ્પાપ; મળ રહિત.**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



બ્રહ્મચારી હોય એ કોઈ ધર્મ નથી, પ્રભુ! આહાહા..! એ તો કાયાની ક્રિયા રોકાય છે. આહાહા..! પોતાનો આત્મા નિર્વિકલ્પમાં ન આવ્યો. એવી ઘણી વાત કરી. પછી એમ કહ્યું. પ્રભુ! મારી ઝીણી વાત, સૂક્ષ્મ વાત, તમ વિદ્વાનો, યુવાનોને ઠીક ન પડે તો પ્રભુ! માફ કરજો. બીજું શું કહીએ? અમારી પાસે હોય એ આપીએ. આહાહા..! મુનિરાજ એમ કહે છે. 'પદ્મનંદિ' મુનિ. ૨૬મો અધિકાર છે.

બ્રહ્મચર્યનો અધિકાર બહુ ઝીણો લીધો. કાયાથી, મનથી, વચનથી બ્રહ્મચર્ય નહિ. અંદર આનંદના નાથને સ્પર્શીને અતીન્દ્રિય આનંદનું વેદન (થાય) એનું નામ બ્રહ્મચર્ય. એમ કહ્યા પછી કહ્યું, હે યુવાનો! પ્રભુ! તમને મારી વાત ઝીણી લાગે, પણ સત્ય તો પ્રભુ આ છે. ઠીક ન લાગે તો માફ કરજો. હું મુનિ છું. મારી પાસે બીજી શી આશા રાખશો? આહાહા..! 'પદ્મનંદિ' જેવા સંત, એ પણ આવી સૂક્ષ્મ વાત કરીને માફી માગે છે. તો પ્રભુ! આ તો સૂક્ષ્મ વાત છે. અત્યારે તો ક્રિયાકાંડ આગળ, જ્યાં હોય ત્યાં ક્રિયાકાંડમાં જ ચડી ગયું છે. પુણ્યબંધની ક્રિયામાં ધર્મ માનીને ચડી ગયા છે. આહાહા..!

અતીન્દ્રિય આનંદનો નાથ પરમાત્મા, એની સતત ભાવના... આહાહા..! નિરંતર પ્રભુ, તારી અખંડજ્ઞાનની સતતપણે, નિરંતર અને અખંડ જ્ઞાન. નિરંતર પણ કોની ભાવના? અખંડજ્ઞાન. ત્રિકાળીજ્ઞાન, ધ્રુવજ્ઞાન, સામાન્યજ્ઞાન, જેમાં જ્ઞાનના પાંચ ભેદ પણ નહિ. આહાહા..! એવા જ્ઞાનને સ્પર્શીને–અખંડાનંદના નાથને અડીને, સ્પર્શીને. આહાહા..! ઝીણું પડે પ્રભુ! એકદમ કહી શકાતું ન હોય અને અભ્યાસ પણ નથી. સાંભળવા મળવું મુશ્કેલ પડે. એથી કોઈને આકરું લાગે તો પ્રભુ! બીજું શું થાય? માર્ગ તો આ છે. અંતર ચૈતન્યના અતીન્દ્રિય આનંદના સતત અખંડ જ્ઞાનની સદ્ભાવના સિવાય કોઈ ચીજ ધર્મ-બર્મ નથી. આહાહા..!

મુનિ મહારાજ જગતને જાહેર કરે છે. પ્રભુ! **'સતતપણે અખંડ જ્ઞાનની સદ્ભાવના..'** સદ્ભાવનાવાળો–સાચી ભાવનાવાળો. ત્રિકાળી જ્ઞાયક આનંદકંદ પ્રભુ, શુદ્ધ બ્રહ્મ. આ શુદ્ધનો અધિકાર છે ને? એ શુદ્ધ કહો કે ધ્રુવ કહો. આ શુદ્ધભાવ પર્યાયની વાત નથી. અધિકારનું નામ શુદ્ધભાવ છે, એ શુદ્ધપર્યાયનો અધિકાર નથી. શુદ્ધભાવ ધ્રુવનો અધિકાર છે. અખંડાનંદ સત્તા, સ્વસત્તાએ બિરાજમાન, અણકરાયેલ, અણવિનાશી, પૂર્ણ સ્વભાવથી ભરેલો ભગવાન, એવા ભગવાનની સતત, અખંડ... આહાહા..! **'જ્ઞાનની સદ્ભાવના..'** સ્વરૂપ તો ચૈતન્ય છે. એ ચૈતન્ય સ્વરૂપની ભાવના, એટલે અંદર એકાગ્રતા. વિકલ્પ નહિ. ચિંતવનમાં ચિંતાના વિકલ્પ નહિ. આહાહા..!

**'સદ્ભાવનાવાળો આત્મા (અર્થાત્ 'હું અખંડ જ્ઞાન છું' એવી સાચી ભાવના જેને નિરંતર વર્તે છે...'** આહાહા..! ઝીણી વાત તો ખૂબ કરી. હું અખંડ ત્રિકાળી આનંદકંદ પ્રભુ સચ્ચિદાનંદ સ્વરૂપ અભેદ, જેમાં પર્યાયનો ભેદ પણ નથી. કેમ કે પર્યાય એને વિષય કરે છે, પણ પર્યાય એમાં નથી. એવી સદ્ભાવનાવાળો જીવ, **'સાચી ભાવના જેને નિરંતર વર્તે છે...'** એવી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates


સાચી ભાવના એટલે વીતરાગી નિર્મળ પર્યાય. આહાહા..! ભગવંત! આ તો તારી પર્યાયની વાત ચાલે છે. પ્રભુ! તારું દ્રવ્ય તો અખંડ જ્ઞાન છે. અખંડ આનંદકંદ પૂર્ણાનંદ નાથ. આહાહા..! સાધારણ અને ક્રિયાકાંડના રુચિવાળાને, વ્યવહારના રસવાળાને ઠીક ન પડે. માર્ગ તો પ્રભુ આ છે. જ્યારે કરવું પડશે ત્યારે આ કર્યે છૂટકો છે જગતને. આહાહા..!

અખંડજ્ઞાનમાં તો એકરૂપ વસ્તુ, પરમાત્મસ્વરૂપ જ હું છું. એવી નિર્વિકલ્પ દશા, એ સદ્‌ભાવના, એનું નામ ભાવના. એ છે પર્યાય. પણ પર્યાયનું ધ્યેય છે અખંડજ્ઞાન, આનંદકંદ ઉપર. એ **'જેને નિરંતર વર્તે છે...'** આહાહા..! ભગવાનઆત્મા પૂર્ણાનંદના નાથ ઉપર જેની નિરંતર ભાવના (વર્તી રહી છે). વિકલ્પથી રહિત, ક્રિયાકાંડના વિકલ્પને સ્પર્શ્યા વિના, અખંડાનંદના નાથને સ્પર્શીને... આહાહા..! **'(જેને નિરંતર વર્તે છે તે આત્મા)...'** આ આત્મા. અંદર છે ને? આહાહા..! વ્યવહાર છે. અંતર અનુભવ થયા પછી વ્યવહાર રાગ આવે છે. પણ એ પુણ્યબંધનું કારણ છે, એ કોઈ ધર્મ નથી. અનુભવ થયા પછી આગળ વધતા પંચમહાવ્રતાદિ પરિણામ, અઠ્યાવીસ મૂળગુણ આદિના વિકલ્પ આવે છે, પણ છે એ બંધનું કારણ, પ્રભુ! પણ સાથે નિશ્ચય છે તો એને વ્યવહાર કહેવામાં આવે છે. પણ છે તો બંધનું કારણ. આહાહા..!

પ્રભુ! તારી મોટપની તને ખબર નથી. તારી મહત્તાનો પાર નથી, નાથ! અહીં તો કહ્યું **''હું અખંડ જ્ઞાન છું'...'** આહાહા..! **'એવી સાચી ભાવના...'** ધારણા નહિ, એમ કહે છે. આહાહા..! વાંચીને ધારી લીધું, એવું તો અનંતવાર થઈ ગયું, પ્રભુ! એમાં કોઈ જન્મ-મરણની ગાંઠ નહિ ગળે. આહાહા..! **'એવી સાચી ભાવના જેને નિરંતર વર્તે છે...'** આહાહા..! એનો અર્થ સમ્યક્ અનુભવ થયો, એ તો નિરંતર વર્તે છે. ભેદજ્ઞાન થયું, વિકલ્પથી પ્રભુ જુદો પડ્યો, એ તો નિરંતર વર્તે છે. પછી ભેદજ્ઞાન કરવું પડતું નથી. અંદરથી સહેજે થઈ જાય છે. રાગથી ભિન્ન પુરુષાર્થથી પર્યાયનું દ્રવ્ય ઉપર ઢળવું થાય છે. આહાહા..!

શરૂઆતમાં જ આ ગાથા આકરી આવી. માણસ કહે ત્યારે અમારે કરવું શું? અમે અહીંયા પહોંચી શકીએ નહિ. પ્રભુ! પણ ન પહોંચી શકાય કેમ? ચીજ છે ને? અનંત જીવ પહોંચી ગયા ને, પ્રભુ! આહાહા..! નારકીમાં પણ જ્યાં સમ્યગ્દર્શન પામે છે. આહાહા..! જ્યાં દુઃખના ડુંગરા પડ્યા છે, એકલા દુઃખના, જેના દુઃખ સાંભળતા આચાર્ય મહારાજ કહે છે કે ઘા વાગે છે, એવા દુઃખ છે, પ્રભુ! એમાં પણ સમ્યગ્દષ્ટિ જીવો છે. આહાહા..! સાતમી નરકમાં પણ આ નિર્વિકલ્પ આત્માનો અનુભવ કરનારા સમ્યગ્દષ્ટિ જીવ છે.

અહીં પહેલા તો એ કહ્યું, અખંડ જ્ઞાન છું એવી સત્તાનો સ્વીકાર કર્યો. સત્તા કેવી છે? કે અખંડ જ્ઞાન, અખંડ આનંદ, અખંડ શાંતિ, અખંડ વીતરાગતા, એ એની સત્તા છે. એના સત્‌નું સત્ત્વ છે. પ્રભુનું સત્ત્વ આ છે, નાથ! તારી ચીજ તો અંદર આ છે, પ્રભુ! આહાહા..! સંતો પ્રભુ! કહીને પોકારે છે. શિષ્યને ભગવાન તરીકે બોલાવીને (પોકાર કરે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે),... આહાહા..! ભગવાન! સાંભળને પ્રભુ! આહાહા..! તારી ચીજ અંદરમાં અખંડ આનંદ અને અખંડ શાંતિથી વર્તે છે. એવી સાચી ભાવના એ પર્યાય છે. અખંડજ્ઞાન એ દ્રવ્ય છે. સાચી ભાવના એ નિર્વિકલ્પ વીતરાગદશા છે. આહાહા..! અખંડજ્ઞાન એ વીતરાગી સ્વરૂપી ધ્રુવ છે અને આ ભાવના એ વીતરાગી નિર્મળ-નિર્વિકલ્પ પર્યાય છે. ચોથા ગુણસ્થાને, પાંચમે, છઠ્ઠે (ગુણસ્થાને). **'જેને નિરંતર વર્તે છે.'** આહાહા..! ગજબ કર્યો છે ને.

કેવો? કે પ્રભુ નિરંતર અખંડ છે. આત્મા નિરંતર અખંડ અનાદિઅનંત છે. એના તરફ ઢળીને ભાવના ઉત્પન્ન થઈ, એ નિરંતર વર્તે છે. નિરંતર રહેનાર ભગવાન, એની ભાવના પણ નિરંતર વર્તે છે. આહાહા..! **'(નિરંતર વર્તે છે તે આત્મા) સંસારના ઘોર વિકલ્પને પામતો નથી,..'** આહાહા..! ભાષા તો જુઓ! એ શુભરાગ પણ ઘોર સંસાર. આહાહા..! પ્રભુ એનાથી નિરાળો અંદર છે. એ સતત નિરંતર ભાવનાવાળો આત્મા ઘોર વિકલ્પ... આહાહા..! ચાહે તો શુભરાગ હો. ઘોર સંસાર કહ્યો છે. દુઃખ છે, સંસાર છે, રાગ છે, વિકલ્પ છે, આકુળતા છે, અશાંતિ છે. આહાહા..! પંચમહાવ્રતના પરિણામ પણ અનાકુળ નહિ, આનંદ નહિ. આકુળતા છે, અશાંતિ છે, અસ્વચ્છતા છે, ઉદયભાવ છે, વિકાર ભાવ છે, મલિન ભાવ છે, દુઃખરૂપ ભાવ છે. પ્રભુ એનાથી ભિન્ન આનંદરૂપ ત્રિકાળ છે. આહાહા..! **'ઘોર વિકલ્પને પામતો નથી,...'** આ બાજુ અખંડ આનંદનો નાથ, એની નિરંતર–સતત ભાવના, એ જ કર્તવ્ય છે. રાગના, વિકલ્પનો કર્તા થાય એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! આવી વાત (છે). **'ઘોર વિકલ્પને પામતો નથી,...'** ઓહોહો..!

**'પરંતુ નિર્વિકલ્પ સમાધિને પ્રાપ્ત કરતો થકો...'** આહાહા..! છે તો પર્યાય. ત્રિકાળી નાથને નિરંતર અનુભવતા જે શાંતિ આવે એને અહીંયા સમાધિ કહી છે. સમાધિ કોઈ બીજા અન્યમતિ જે બાવા, બાવા કરે છે એ નહિ. વીતરાગપણાનો ભાવ, વીતરાગીસ્વરૂપ પ્રભુ! એની ભાવના વીતરાગભાવ, એને **'નિર્વિકલ્પ સમાધિને પ્રાપ્ત કરતો થકો...'** આહાહા..!

અંતરમાં પ્રભુ છે મહા ભગવાન, જેને વિકલ્પનો સ્પર્શ નથી, જેને તીર્થંકરગોત્ર બાંધે એવા વિકલ્પનો પણ સ્પર્શ નથી. એવો એ પરમાત્મા છે, પ્રભુ! તું પરમાત્મા છો, નાથ! આહાહા..! એની નિરંતર ભાવના, નિરંતર દ્રવ્યની નિરંતર ભાવના. નિત્ય દ્રવ્યની નિરંતર ભાવના, એને નિર્વિકલ્પ સમાધિ હોય છે, શાંતિ હોય છે. એને વિકલ્પ ઉત્પન્ન નથી થતા. આહાહા..! એક શ્લોકમાં ગજબ કામ છે. મુનિરાજ દિગંબર સંત કેવળીઓના કેડાયતો છે. આહાહા..! એ તો વળી વિકલ્પ આવી ગયો. નહિતર તો 'સમાધિશતક'માં કહે છે, અરે..રે..! સમજાવવાનો વિકલ્પ પાગલપણું છે. 'સમાધિશતક'. આહાહા..! કારણ કે એ રાગ છે, દુઃખ છે, આકુળતા છે, શાંતિના સાગરથી વિરૂદ્ધ ભાવ છે. આહાહા..!

આવો **'ઘોર વિકલ્પને પામતો નથી, પરંતુ નિર્વિકલ્પ સમાધિને પ્રાપ્ત કરતો થકો...'** આહાહા..! આ પંચમઆરાના મુનિ. પંચમાઆરાના શ્રોતાને કહે છે. કોઈ એમ કહે કે આ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વાત તો ચોથા આરાને (માટે છે). એમ નથી, પ્રભુ! આત્માને આરો-ફારો લાગુ પડતો નથી. એને ચોથો આરો, પહેલો આરો, બીજો આરો, નારકી-ફારકી એવું કાંઈ લાગુ પડતું નથી. એ તો ચિદાનંદનો નાથ, નિર્મળાનંદના અનંત આનંદનો કંદ પ્રભુ અનાદિઅનંત એકરૂપે બિરાજમાન છે. આહાહા..! તેને **'નિર્વિકલ્પ સમાધિને પ્રાપ્ત કરતો થકો પરપરિણતિથી દૂર,...'** શબ્દમાં ફેર પડ્યો. રદ્દુ એ શબ્દ અહીં છપાયો છે. પણ મૂળ શબ્દ તો દૂર છે. આમાં ફેર પડી ગયો. **'પરપરિણતિથી દૂર, અનુપમ,...'** આહાહા..! એ નિર્વિકલ્પ સમાધિ ધર્મ છે એ પણ નિરુપમ (છે).

એ તો પહેલી ગાથામાં કહ્યું. **'ध्रुवमचलमणोवमं'** આહાહા..! 'સમયસાર'ની પહેલી ગાથામાં ભગવાને કહ્યું. **'ध्रुवमचलमणोवमं गदिं पत्ते'** અનુપમ – ઉપમા નથી એવી સિદ્ધગતિને પ્રાપ્ત, એને હું નમસ્કાર કરું છું. આહાહા..! નમસ્કાર કરું છું એનો અર્થ એમ લીધો. **'वंदित्तु'**નો અર્થ એવો કહ્યો. અનંતા સિદ્ધને, પ્રભુ! હું આ 'સમયસાર' શરૂ કરું છું. તો મારી પર્યાયમાં સ્થાપન કરું છું અને શ્રોતાના હૃદયમાં સ્થાપું છું. આહાહા..! પહેલી ગાથા. તેની વ્યાખ્યા. **'वंदित्तु सव्वसिद्धे'** એટલે શું? સિદ્ધને વંદન કરવા એટલે શું? આહાહા..! અંતરમાં... આહાહા..! અનુપમ ચીજ. ઉપમા વિનાની નિર્વિકલ્પ સમાધિ, એ અનંતા સિદ્ધને પોતાના આત્મામાં સ્થાપન કરે છે, પર્યાયમાં અનંતા સિદ્ધ સ્થાપે છે ત્યાં દૃષ્ટિ દ્રવ્ય ઉપર ચાલી જાય છે. પર્યાયમાં અનંતા સિદ્ધને સ્થાપે. આહાહા..! પહેલી ગાથા ગજબની ગાથા છે. કોઈપણ ગાથા એવી છે. અનંત સિદ્ધને મારી પર્યાયમાં સ્થાપું છું. એનો અર્થ કે મારું ધ્યાન ધ્યેય ઉપર જ છે. શ્રોતાની પર્યાયમાં પણ હું અનંતા સિદ્ધને સ્થાપું છું. આહાહા..! ભગવાન! અનંતા ભગવાનને તમારી પર્યાયમાં બોલાવું છું. તમે એક છો, પ્રભુ! પણ તારી એક પર્યાયમાં અનંતા ભગવાનને પધરાવું છું. આહાહા..! **'वंदित्तु'**નો એવો અર્થ કર્યો. એવો અર્થ છે. આહાહા..! પછી હું આ 'સમયસાર' કહીશ. તારું લક્ષ આત્મા ઉપર હશે તો આ શું કહે છે એ તને ખ્યાલમાં આવશે. નહિતર તને ખ્યાલમાં પણ નહિ આવે. આહાહા..!

અહીં કહે છે, **'પરપરિણતિથી દૂર, અનુપમ,...'** આહાહા..! જે ત્યાં કીધું એ. **'ध्रुवमचलमणोवमं'** પહેલી ગાથામાં. એ પરિણતિની ઉપમા શું કહેવી! ધર્મની પરિણતિ, પરિણામની પરિણતિ, પરિણામી ભાવ જે ભગવાન, પંચમભાવ જે ભગવાનસ્વરૂપ, એના ધ્યાનની ભાવનાની પરિણતિ, એનું શું કહેવું? આહાહા..! એને કોની ઉપમા આપવી? **'પરપરિણતિથી દૂર, અનુપમ,..'** આહાહા..! આ ધર્મ. એ ધર્મ અનુપમ છે. ધર્મની કોઈ ઉપમા નથી. આહાહા..! એમાં શબ્દ છે? આમાં થોડો ફેર છે. દૂર છે ને? ફેર છે. રદ્દૂ છપાઈ ગયું છે. **'પરપરિણતિથી રદ્દુ...'** એમ છાપફેર થયું. **'પરપરિણતિથી દૂર, અનુપમ,...'** આહાહા..! એની ઉપમાં એને આપે. એની ઉપમા એને દે. એની ઉપમા બીજા કોણ આપી શકે?

એ સમ્યગ્દર્શન નિર્વિકલ્પ સમાધિ... આહાહા..! એની ઉપમા એને આપે. કોની સાથે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



મેળવણી કરવી? આહાહા..! **'અનઘ = દોષ રહિત; નિષ્પાપ...'** નિર્દોષ. **'ચિન્માત્રને...'** આહાહા..! એવો ચિદાનંદ પ્રભુ ત્રિકાળ, એની ભાવના કરનાર, નિરંતર ચીજનો નિરંતર ભાવ કરનાર, નિર્દોષ ચિન્માત્રને, નિર્દોષ જ્ઞાનસ્વભાવમાત્ર, જ્ઞાનસ્વભાવ જ્ઞાતામાત્ર જ આત્મા છે. એ જ્ઞાનસ્વભાવમાત્રને **'પામે છે.'** આહાહા..! અંતર આનંદના નાથને પામે છે, એમ કહે છે. અતીન્દ્રિય આનંદનો નાથ, એને જ્ઞાન શબ્દે આત્મા કહ્યો છે. એ **'ચિન્માત્રને (ચૈતન્યમાત્ર આત્માને)...'** એમ. ચૈતન્યમાત્ર આત્મા, જ્ઞાનમાત્ર આત્મા, વિકલ્પમાત્રથી રહિત. આહાહા..! ક્રિયાકાંડના, રાગના વિકલ્પથી પ્રભુ રહિત છે. આહાહા..! એને **'પામે છે.'** આહાહા..!

કળશ બહુ ઊંચો આવ્યો. અડધો કલાક ચાલ્યો. ઓહોહો..! એની વાત શી કરવી? પ્રભુ! એ શબ્દોથી પાર છે. શબ્દોને ખબર નથી કે એ ચીજ શું છે? અને શબ્દો નીકળે છે. આહાહા..! શબ્દોને ખબર નથી કે આ ચીજ શું છે? શબ્દ તો જડ અચેતન છે અને વાણી ભગવાન ચૈતન્યની વાત કરે છે. આહાહા..! ચૈતન્યમાં સ્વપરપ્રકાશક સ્વભાવ છે. વાણીમાં સ્વપર કહેવાની તાકાત છે. જાણવાની તાકાત નથી. વાણીમાં સ્વપર કહેવાની તાકાત છે. આહાહા..! એ વાણી ચિદ્‌ને, આત્માને સ્પર્શતી નથી. એ વાણી સ્વપર પ્રકાશે એવી એનામાં શક્તિ છે. આહાહા..! એ વાણીથી આ નીકળ્યું છે. એ પ્રાપ્ત થાય છે. એ ૬૦મો શ્લોક થયો. બીજો ૬૧મો શ્લોક.

## શ્લોક–૬૧

(स्त्रग्धरा)

इत्थं बुद्ध्वोपदेशं जननमृतिहरं यं जरानाशहेतुं
भक्तिप्रह्वामरेन्द्रप्रकटमुकुटसद्रत्नमालार्चितांध्रेः ।
चीरात्तीर्थाधिनाथाद्दुरितमलकुलध्वांतविध्वंसदक्षं
एते संतो भवाब्धेरपरतटममी यांति सूच्छीलपीताः ।।६१।।

**[શ્લોકાર્થ :–] ભક્તિથી નમેલા દેવેંદ્રો મુગટની સુંદર રત્નમાળા વડે જેમનાં ચરણોને પ્રગટ રીતે પૂજે છે એવા મહાવીર તીર્થાધિનાથ દ્વારા આ સંતો જન્મ-જરા-મૃત્યુનો નાશક અને દુષ્ટ મળસમૂહરૂપી અંધકારનો ધ્વંસ કરવામાં ચતુર એવો આ પ્રકારનો (પૂર્વોક્ત) ઉપદેશ સમજીને, સત્શીલરૂપી નૌકા વડે ભવાબ્ધિના સામા કિનારે પહોંચી જાય છે. ૬૧.**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્લોક–૬૧ ઉપર પ્રવચન

इत्थं बुद्ध्वोपदेशं जननमृतिहरं यं जरानाशहेतुं
भक्तिप्रह्वामरेन्द्रप्रकटमुकुटसद्रत्नमालार्चितांध्रेः ।
चीरात्तीर्थाधिनाथाद्दुरितमलकुलध्वांतविध्वंसदक्षं
एते संतो भवाब्धेरपरतटममी यांति सूच्छीलपीताः ।।६१।।

આહાહા..! દિગંબર સંતોના એક-એક પદ તો જુઓ! ચાર લીટી હતી. ૬૦ (શ્લોકની ચાર હતી. આહાહા..! હવે આ એક, બે, ત્રણ આ પણ ચાર છે.

**‘ભક્તિથી નમેલા...’** આહાહા..! **‘દેવેંદ્રો મુગટની સુંદર રત્નમાળા વડે જેમનાં ચરણોને પ્રગટ રીતે પૂજે છે...’** આહાહા..! એવા ભગવાન. **‘ભક્તિથી...’** એકલા નમેલા એમ નહિ. એકલું નમવું નથી. આહાહા..! અંદર ભક્તિથી નમન. આહાહા..! ભગવાનને ઇંદ્રો ભક્તિથી નમન કરે છે. એકાવતારી ઇંદ્ર પ્રથમ દેવલોકના શક્રેન્દ્ર અને એની મુખ્ય રાણી, બન્ને એકભવતારી છે. ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષે જવાના છે. એવો સિદ્ધાંતમાં લેખ છે. આહાહા..! એ દેવ ભગવાનને વંદન કરે છે. આહાહા..!

કહે છે, **‘ભક્તિથી નમેલા...’** શું નમેલા? **‘દેવેંદ્રો મુગટની સુંદર રત્નમાળા...’** આહાહા..! ભગવાનને નમન કરતાં સુંદર રત્નમાળા આમ નમી ગઈ છે. **‘ભક્તિથી નમેલા દેવેંદ્રો મુગટની સુંદર રત્નમાળા વડે જેમનાં ચરણોને પ્રગટ રીતે પૂજે છે...’** આહાહા..! **‘એવા મહાવીર તીર્થાધિનાથ દ્વારા...’** એવા મહાવીર તીર્થાધિનાથ દ્વારા **‘આ સંતો જન્મ-જરા-મૃત્યુનો નાશક...’** આહાહા..! ભગવાને આ કહ્યું. શું? જન્મ-જરા અને મૃત્યુનો નાશ કરનારી.. જન્મ કરવો, ભવ-અવતાર કરવો એ નહિ.

‘યોગીન્દ્રદેવ’ તો દોહરામાં કહે છે, કે ભવ પ્રભુ! કલંક છે. આત્મામાં ભવ એ કલંક છે. અખંડાનંદનો નાથ એને આ ભવ શું? આ ભવ શું? આ ભ્રમણ શું? આ શું છે? કહે. કલંક છે. અરે..! એને એના ઘરની વાતની ખબર નથી. ઘરમાં શું રતન પડ્યા છે એની એને ખબર નથી. આહાહા..! અને બહારની વાત બધી માંડી. એની પ્રશંસા અને એમાં... આહાહા..! અહીં કહે છે, **‘એવા મહાવીર તીર્થાધિનાથ દ્વારા આ સંતો જન્મ-જરા-મૃત્યુનો નાશક અને દુષ્ટ મળસમૂહરૂપી અંધકારનો ધ્વંસ કરવામાં ચતુર...’** આહાહા..! શ્લોક પણ એવો આવ્યો છે ને. જગતના ભાગ્ય છે. આહાહા..!

**‘દુષ્ટ મળસમૂહરૂપી અંધકારનો ધ્વંસ કરવામાં ચતુર એવો આ પ્રકારનો (પૂર્વોક્ત) ઉપદેશ...’** ભગવાનનો હતો. એમ કહે છે. ભગવાનનો ઉપદેશ ભવ થાય અને પુણ્ય કરો, એ નહોતો. આહાહા..! જેને ઇંદ્રોની રત્નમાળા નમે છે એવો ભગવાનનો ઉપદેશ. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એવો ઉપદેશ કે **'મળસમૂહરૂપી અંધકારનો ધ્વંસ કરવામાં ચતુર એવો આ પ્રકારનો ઉપદેશ...'** હતો. ભગવાનનો ઉપદેશ પાપ અને પુણ્યના નાશ કરવાનો હતો. પાપ શબ્દે પુણ્ય અને પાપ બન્ને પાપ છે.

'યોગીન્દ્રદેવ' કહે છે, 'પાપને પાપ તો સૌ કહે, પણ પુણ્યને અનુભવી જન પાપ કહે.' 'યોગીન્દ્રદેવ'ના દોહરામાં છે. 'પાપ પાપકો તો સૌ કહે, પણ અનુભવીજીવ પુણ્યને પાપ કહે.' આહાહા..! કેમ કે બન્ને બંધનું કારણ અને આકુળતા અને દુઃખ છે. પુણ્ય અને પાપ બન્ને આકુળતા અને દુઃખના કારણ છે. કહો, 'હસમુખભાઈ'! પૈસા-બૈસામાં 'રજનીભાઈ'! એમાં સુખ નથી એમ કહે છે. ધૂળમાં સુખ નથી. આહાહા..! એ તરફ લક્ષ કરવાથી સુખ નથી. પૈસામાં તો સુખ નથી પણ એ બાજુ લક્ષ કરવાથી સુખ નથી. પર પદાર્થ ઉપર લક્ષ કરવાથી પ્રભુ આકુળતા થશે. આહાહા..! ચાહે તો ત્રિલોકના નાથ તીર્થંકર ઉપર લક્ષ જશે તો પણ રાગ અને આકુળતા ઉત્પન્ન થશે. એવી વસ્તુ છે, પ્રભુ! આહાહા..!

અહીં કહે છે, **'ધ્વંસ કરવામાં ચતુર એવો આ પ્રકારનો ઉપદેશ સમજીને, સત્શીલરૂપી નૌકા વડે...'** ધર્માત્મા, સંતો સત્શીલરૂપી. સત્‌સ્વરૂપનું શીલ આચરણ. આહાહા..! અંતર ભગવાન આનંદસ્વરૂપના સત્‌નું આચરણ, **'સત્શીલરૂપી નૌકા વડે ભવાબ્ધિના સામા કિનારે પહોંચી જાય છે.'** આહાહા..! વાત તો બહુ મીઠી છે, પ્રભુ! આકરી લાગે કે આ જ માર્ગ હશે? કોઈ બીજો વ્યવહાર માર્ગ નહિ હોય? એમ સામે અવાજ આવે. માર્ગ બીજો નથી, પ્રભુ! માર્ગ તો આ એક જ છે. આહાહા..! વચમાં પછી આવે. પૂર્ણ વીતરાગ ન હોય તો એ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ, વંદન, ભક્તિ આદિનો રાગ આવે, પણ એ બધુ બંધનું કારણ છે. એ કોઈ મુક્તિ અને નિર્જરાનું કારણ નથી. આહાહા..!

અહીં કહે છે, **'સત્શીલરૂપી નૌકા...'** સત્ શુદ્ધ ચૈતન્યમૂર્તિ નિર્વિકલ્પ સમાધિ, એ સત્શીલરૂપી નૌકા. આહાહા..! નાવડી. નાવડી કહે ને? એ **'નૌકા વડે ભવાબ્ધિના...'** ભવનરૂપી સમુદ્ર, અબ્ધિ એટલે સમુદ્ર, ભવરૂપી દરિયો, એના સામા કિનારે પહોંચી જાય છે. ભવનો અંત આવે છે. એટલે ભગવાને ઉપદેશ કર્યો, એ ચૈતન્યની ભાવના જેને થઈ, અંતરના આનંદની, શાંતિ અને વીતરાગતાની ભાવના થઈ, એને ભવાબ્ધિનો–ભવના અબ્ધિનો અંત આવી જાય છે. આહાહા..!

આ કાંઈ અત્યારનું છે? આ તો હજારો વર્ષ પહેલાનું છે. ભગવાનની વાણી તો બે હજાર વર્ષ પહેલાની છે. આ ટીકા નવસો વર્ષ પહેલાની છે. 'પદ્મપ્રભમલધારીદેવ'. પંચમઆરાના સંતો પંચમઆરાના જીવને આવી વાત કરે છે. એને તું ન પહોંચી શકે માટે આમ કરજે.. આમ કરજે... આમ કરજે... એમ ન કહ્યું. આહાહા..! આ કરજે. પ્રભુ! એવું અનંતા કરીને મોક્ષે ગયા. આહાહા..! પંચમઆરામાં પણ આત્મજ્ઞાન પામીને ઘણાં એકાવતારી થયા.

એવી **'સત્શીલરૂપી...'** જે ક્રિયા કહી. ક્રિયા આ–સત્શીલ. ત્રિકાળી આનંદનો નાથ સત્,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એના શીલનો સ્વભાવ, એ રૂપી નૌકા. એ નાવડી. એ '**વડે ભવાબ્ધિના સામા કિનારે પહોંચી જાય છે.**' ભવાબ્ધિના સામે કિનારે એટલે મોક્ષ. આહાહા..! 'ધન્નાલાલજી'! આ ગાથા આવી છે. લોકોને એવું લાગે, એકાંત છે. વ્યવહારની તો વાત આવતી નથી. વ્યવહાર આવે ત્યારે બંધનું કારણ છે એમ કહે છે. નિશ્ચય આવે ત્યારે એના વખાણ કરે છે. પ્રભુ! નિશ્ચય એટલે સત્ય, વ્યવહાર એટલે તો ઉપચારિક-આરોપિત કથન છે. આહાહા..!

અહીંયા અંતરમાં શીલ, સત્‌નું શીલ. સત્ જે સ્વરૂપ ભગવાન, એનું શીલ એટલે સ્વભાવ, એ દ્વારા '**નૌકા વડે ભવાબ્ધિના સામા કિનારે પહોંચી જાય છે.**' મોક્ષે પહોંચી ગયો. આ પંચમઆરાના સંત શ્રોતાને પંચમઆરામાં કહે છે, કે જે મોક્ષે ગયા છે તે આ પ્રમાણે ગયા છે. આહાહા..! એમ નહિ કે આ હલકો પંચમઆરો છે માટે એને કાંઈક બીજી હલકી વાત કહેવી કે બીજી વાત કહેવી, એમ નથી કાંઈ. આહાહા..! આ વાત છે, પ્રભુ! માર્ગ તો આ એક છે. 'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ.' એ ચિદાનંદનો અનુભવ–વેદન, શાંતિવેદન આનંદનો સ્વાદ... આહાહા..! એ એક જ મોક્ષનો માર્ગ છે. બીજો કોઈ મોક્ષનો માર્ગ નથી. એ ૪૨ ગાથા પૂરી થઈ. ૪૩ ગાથા.

# ગાથા–૪૩

**णिद्दंडो णिद्दंदो णिम्ममो णिक्कलो णिरालंबो।**
**णीरागो णिद्दोसो णिम्मूढो णिब्भयो अप्पा।।४३।।**

**निर्दण्डः निर्द्वन्द्वः निर्ममः निःकलः निरालंबः।**
**नीरागः निर्दोषः निर्मूढः निर्भयः आत्मा।।४३।।**

**इह हि शुद्धात्मनः समस्तविभावाभावत्वमुक्तम्।**

**मनोदण्डो वचनदण्डः कायदण्डश्चेत्येतेषां योग्यद्रव्यभावकर्मणामभावान्निर्दण्डः। निश्चयेन परमपदार्थव्यतिरिक्तपदार्थसार्थाभावान्निर्द्वन्द्वः। प्रशस्ताप्रशस्तसमस्तमोहरागद्वेषाभावान्निर्ममः। निश्चयेनौदारिकवैक्रियिकाहारकतैजसकार्मणाभिधानपंचशरीरप्रपंचाभावान्निःकलः। निश्चयेन परमात्मनः परद्रव्यनिरवलम्बत्वावान्निरालम्बः। मिथ्यात्ववेदरागद्वेषहास्यरत्यरतिशोकभय-जुगुप्साक्रोधमानमायालोभाभिधानाभ्यन्तरचतुर्दशपरिग्रहाभावान्नीरागः। निश्चयेन निखिलदुरितमलकलंकपंकनिर्न्निक्तसमर्थसहजपरमवीतरागसुखसमुद्रमध्यनिर्मग्नस्फुटितसहजा-वस्थात्मसहजज्ञानगात्रपवित्रत्वान्निर्दोषः। सहजनिश्चयनयबलेन सहजज्ञानसहजदर्शनसहजचारित्र-सहजपरमवीतरागसुखाद्यनेकपरमधर्माधारनिजपरमतत्त्वपरिच्छेदनसमर्थत्वान्निर्मूढः, अथवा**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



साद्यनिधनामूर्तातीन्द्रियस्वभावशुद्धसद्भूतव्यवहारनयबलेन त्रिकालत्रिलोकवर्तिस्थावरजंगमात्मकनिखिलद्रव्यगुणपर्यायैकसमयपरिच्छित्तिसमर्थसकलविमलकेवलज्ञानावस्थत्वान्निर्मूढश्च। निखिल दुरितवीरवैरिवाहिनीदुःप्रवेशनिजशुद्धान्तस्तत्त्वमहादुर्गनिलयत्वान्निर्भयः अयमात्मा ह्युपादेयः इति।

तथा चोक्तममृताशीतौ -

(मालिनी)

``स्वरनिकरविसर्गव्यंजनाद्यक्षरैर्यद्
रहितमहितहीनं शाश्वतं मुक्तसंख्यम्।
अरसतिमिररूपस्पर्शगंधाम्बुवायु:
क्षितिपवनसखाणुस्थूलदिक्चक्रवालयम्।।''

---

નિર્દંડ ને નિર્દ્વંદ્વ, નિર્મમ, નિઃશરીર, નીરાગ છે,
નિર્દોષ, નિર્ભય, નિરવલંબન, આતમા નિર્મૂઢ છે. ૪૩.

અન્વયાર્થ :– [ आत्मा ] આત્મા [ निर्दण्डः ] [1]નિર્દંડ, [ निर्द्वन्द्वः] નિર્દ્વંદ્વ, [ निर्ममः ] નિર્મમ, [ निःकलः ] નિઃશરીર, [ निरालंबः ] નિરાલંબ, [ नीरागः ] નીરાગ, [ निर्दोषः ] નિર્દોષ, [ निर्मूढः ] નિર્મૂઢ અને [ निर्भयः ] નિર્ભય છે.

ટીકા :– અહીં (આ ગાથામાં) ખરેખર શુદ્ધ આત્માને સમસ્ત વિભાવનો અભાવ છે એમ કહ્યું છે.

મનદંડ, વચનદંડ અને કાયદંડને યોગ્ય દ્રવ્યકર્મો તથા ભાવકર્મોનો અભાવ હોવાથી આત્મા નિર્દંડ છે. નિશ્ચયથી પરમ પદાર્થ સિવાયના સમસ્ત પદાર્થસમૂહનો (આત્મામાં) અભાવ હોવાથી આત્મા નિર્દ્વંદ્વ (દ્વૈત રહિત) છે. પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ હોવાથી આત્મા નિર્મમ (મમતા રહિત) છે. નિશ્ચયથી ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ અને કાર્મણ નામનાં પાંચ શરીરોના સમૂહનો અભાવ હોવાથી આત્મા નિઃશરીર છે. નિશ્ચયથી પરમાત્માને પરદ્રવ્યનું અવલંબન નહિ હોવાથી આત્મા નિરાલંબ છે. મિથ્યાત્વ, વેદ, રાગ, દ્વેષ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, ક્રોધ, માન, માયા અને લોભ નામનાં ચૌદ અભ્યંતર પરિગ્રહોનો અભાવ હોવાથી આત્મા નીરાગ છે. નિશ્ચયથી સમસ્ત પાપમળકલંકરૂપી કાદવને ધોઈ નાખવામાં સમર્થ, સહજ-પરમવીતરાગ-સુખસમુદ્રમાં મગ્ન (ડૂબેલી, લીન) પ્રગટ સહજાવસ્થાસ્વરૂપ જે સહજજ્ઞાનશરીર તેના વડે પવિત્ર હોવાને લીધે આત્મા નિર્દોષ છે. સહજ

---

૧. નિર્દંડ = દંડ રહિત. (જે મનવચનકાયાશ્રિત પ્રવર્તનથી આત્મા દંડાય છે તે પ્રવર્તનને દંડ કહેવામાં આવે છે.)

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**નિશ્ચયનયથી સહજ જ્ઞાન, સહજ દર્શન, સહજ ચારિત્ર, સહજ પરમવીતરાગ સુખ વગેરે અનેક પરમ ધર્મોના આધારભૂત નિજ પરમતત્ત્વને જાણવામાં સમર્થ હોવાથી આત્મા નિર્મૂઢ (મૂઢતા રહિત) છે; અથવા, સાદિ-અનંત અમૂર્ત અતીંદ્રિયસ્વભાવવાળા શુદ્ધસદ્ભૂત વ્યવહારનયથી ત્રણકાળના અને ત્રણલોકના સ્થાવર-જંગમસ્વરૂપસમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાયોને એક સમયે જાણવામાં સમર્થ સકળ-વિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાનરૂપે અવસ્થિત થવાથી આત્મા નિર્મૂઢ છે. સમસ્ત પાપરૂપી શૂરવીર શત્રુઓની સેના જેમાં પ્રવેશી શકતી નથી એવા નિજ શુદ્ધ અંતઃતત્ત્વરૂપ મહા દુર્ગમાં (કિલ્લામાં) વસતો હોવાથી આત્મા નિર્ભય છે. આવો આ આત્મા ખરેખર ઉપાદેય છે.**

**એવી રીતે (શ્રી યોગીંદ્રદેવકૃત) અમૃતાશીતિમાં (૫૭મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :–**

**"[શ્લોકાર્થ :-] આત્મતત્ત્વ સ્વરસમૂહ, વિસર્ગ ને વ્યંજનાદિ અક્ષરો રહિત તથા સંખ્યા રહિત છે (અર્થાત્ અક્ષર અને અંકનો આત્મતત્ત્વમાં પ્રવેશ નથી), અહિત વિનાનું છે, શાશ્વત છે, અંધકાર તેમ જ સ્પર્શ, રસ, ગંધ અને રૂપ વિનાનું છે, પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુના અણુઓ રહિત છે તથા સ્થૂલ દિક્ચક્ર (દિશાઓના સમૂહ) રહિત છે."**

---

## ગાથા–૪૩ ઉપર પ્રવચન

---

**णिद्दंडो णिद्दंदो णिम्ममो णिक्कलो णिरालंबो।**
**णीरागो णिद्दोसो णिम्मूढो णिब्भयो अप्पा।।४३।।**

આત્મા આવો હોય. આ શુદ્ધ અધિકાર છે ને? શુદ્ધ કહો કે, ધ્રુવ કહો, કે આત્મા કહો. નીચે હરિગીત.

**નિર્દંડ ને નિર્દ્વંદ્વ, નિર્મમ, નિઃશરીર, નીરાગ છે,**
**નિર્દોષ, નિર્ભય, નિરવલંબન, આતમા નિર્મૂઢ છે. ૪૩.**

આ આત્મા આવો છે એમ કહે છે. અહીં તો આત્માના ગાણાં છે. પુણ્યના ગાણાં અહીંયા નથી. 'પદ્મપ્રભમલધારીદેવ' તો આગળ કહે છે, કે શુભભાવ તો ઘોર સંસાર છે. આહાહા..! રાગ છે, આકુળતા છે, વિકાર છે. પૂર્ણ વીતરાગ ન થાય ત્યારે શુભરાગ, પંચમહાવ્રતાદિ રાગ આવે છે. પણ છે દુઃખ, છે આકુળતા. આહાહા..! ૪૩ ગાથા.

**ટીકા :– 'અહીં (આ ગાથામાં) ખરેખર શુદ્ધ આત્માને સમસ્ત વિભાવનો અભાવ છે એમ કહ્યું છે.'** આહાહા..! **'(આ ગાથામાં) ખરેખર શુદ્ધ આત્માને...'** ત્રિકાળ ભગવાન શુદ્ધ ધ્રુવ સ્વરૂપ પ્રભુને સમસ્ત વિભાવ–કોઈ પ્રકારનો વિભાવ, મહાવ્રતાદિનો વિભાવ પણ જેમાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નથી. આહાહા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ પણ વિભાવ અને અધર્મ છે. આહાહા..! ધર્મથી બંધ થતો જ નથી. એ ભાવ પણ આત્મામાં નથી. છે? '**શુદ્ધ આત્માને સમસ્ત વિભાવનો અભાવ છે એમ કહ્યું છે.**'

હવે નિર્દંડની વ્યાખ્યા કરે છે. '**મનદંડ,..**' મનનો વિકલ્પ ઉઠે એ મનદંડ. આહાહા..! '**વચનદંડ અને કાયદંડને યોગ્ય દ્રવ્યકર્મો તથા ભાવકર્મોનો અભાવ હોવાથી...**' આહાહા..! ભગવાનઆત્મા પ્રભુ જેને નવતત્ત્વમાં આત્મા કહીએ, એમાં કહે છે, કે જે '**મનદંડ, વચનદંડ અને કાયદંડને યોગ્ય દ્રવ્યકર્મો તથા ભાવકર્મોનો..**' એટલે વિકાર-વિકલ્પ. એનો '**અભાવ હોવાથી આત્મા નિર્દંડ છે.**' આહાહા..! એમાં દંડ જ નથી. ત્રિકાળી ભગવાન સમ્યગ્દર્શનનો વિષય, સમ્યગ્દર્શનનું ધ્યેય, સમ્યગ્દર્શન, જેમાં ભગવાનનો ભેટો થાય છે, એ તો નિર્દંડ છે–દંડ વિનાની ચીજ છે. આહાહા..! મનનો વિકલ્પ પણ દંડ છે. એ એમાં નથી. આહાહા..! એનું કારણ કહ્યું ને? કે '**કાયદંડને યોગ્ય દ્રવ્યકર્મો તથા ભાવકર્મોના...**' બેનો '**અભાવ હોવાથી...**' ભગવાનઆત્મામાં તો બન્ને કર્મ–દ્રવ્યકર્મ અને ભાવકર્મ. દ્રવ્યકર્મ જડ છે, ભાવકર્મ વિકલ્પ છે (એનો અભાવ છે). આહાહા..! આ તો બારમો દિ' છે. હવે આઠ દિ' રહ્યા. આ વાત ઝીણી તો પડે, પ્રભુ! પણ કાને તો પડે. અરે..! ક્યારે કરશે? પ્રભુ! આ ભવ ગયો પછી આ ભાવ કયા ભવે કરશે? આહાહા..!

મુમુક્ષુ :– શિક્ષણ શિબિરમાં આ ભાવ ચલાવ્યો એ મોટી કૃપા કરી.

આહા..! એ નિર્દંડ છે. ભગવાન અંદર નિર્દંડ છે. મન-વચન-કાયાના કારણરૂપ દ્રવ્યકર્મ અને ભાવકર્મ. એટલે મનનો વિકલ્પ, વચનનો વિકલ્પ અને કાયાનો વિકલ્પ એ ભાવકર્મ, એવા દંડથી રહિત પ્રભુ છે. એમાં દંડ થાય છે. ભાવકર્મનો વિકલ્પ મનથી ઉત્પન્ન થાય, તો આત્મામાં દંડ થાય છે, નુકસાન થાય છે. આહાહા..! એ દંડથી રહિત છે. આહાહા..! સામે સંભળાતું હશે? ઝાડ નીચે બેઠા છે. સામે બેઠા છે.

બીજો બોલ. '**નિશ્ચયથી...**' ખરેખર '**પરમ પદાર્થ સિવાયના...**' પરમ પદાર્થ પ્રભુ, ધ્રુવ અને આનંદનો નાથ, અતીન્દ્રિય આનંદના રસનો સાગર, એમાં '**સમસ્ત પદાર્થસમૂહનો (આત્મામાં) અભાવ હોવાથી...**' પરમપદાર્થથી અતિરિક્ત. પોતાના પરમપદાર્થથી ભિન્ન, પોતાનો પરમપદાર્થ પ્રભુ, એનાથી અતિરિક્ત એટલે ભિન્ન. '**સમસ્ત પદાર્થસમૂહ...**' ચાહે તો પંચ પરમેષ્ઠી હો. આહાહા..! એ વીતરાગ કહે. આહાહા..! વીતરાગ એમ કહે કે અમે પણ તારાથી પરપદાર્થ છીએ. અમને યાદ કરીશ તો, પ્રભુ! તને રાગ થશે. મોક્ષ અધિકારમાં લીધું છે. '**परदव्वादो दुग्गई**' અમે પરદ્રવ્ય છીએ. અમારા તરફ લક્ષ જશે તો તને રાગ-દંડ થશે. આહાહા..! ગજબ વાત છે. સાંભળવી જ આકરી પડે. આહાહા..! સત્ય તો આ છે. પરમસત્ય આ છે, પ્રભુ! કોઈને રુચે, ન રુચે એ સ્વતંત્ર વસ્તુ છે. આહાહા..!

'**પરમ પદાર્થ સિવાયના...**' ભગવાન ધ્રુવ આત્મા, એનાથી રહિત '**સમસ્ત પદાર્થ..**'

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહાહા..! પર્યાયથી માંડીને આખો લોકાલોક, એનો અભાવ હોવાથી. પર્યાયથી માંડીને કેમ કે પર્યાય અને દ્રવ્ય તો દ્વંદ્વ છે. અહીં તો નિર્દ્વંદ્વ, દ્વૈત રહિત કહેવું છે. આહાહા..! પ્રભુ અંદર કેવો છે? પરમપદાર્થ એવો પ્રભુ, તારાથી ભિન્ન '**સમસ્ત પદાર્થસમૂહ...**' સમસ્ત પદાર્થસમૂહ, લોકાલોક. એક સમયની પર્યાયથી માંડીને લોકાલોક. આહાહા..! એનો તારામાં '**અભાવ હોવાથી આત્મા નિર્દ્વંદ્વ (દ્વૈત રહિત) છે.**' આત્મામાં દ્વૈતપણું નથી. આહાહા..! આત્મા અને પર્યાય દ્વૈત છે એમ પણ નથી. આહાહા..!

ત્રિકાળી આત્મામાં પરમ પદાર્થ સિવાય, પર્યાયથી માંડીને બધા પદાર્થ... આહાહા..! એનાથી ભિન્ન છે, એ કારણે એને નિર્દ્વંદ્વ એટલે દ્વૈત રહિત કહે છે. બે રહિત એકરૂપે પ્રભુ છે. એમાં બે નથી. દ્રવ્ય અને પર્યાય એમ બે (ભેદ) પણ નથી. આહાહા..! ગજબ વાત છે, પ્રભુ! તારી ચીજ અંદર આનંદનો નાથ, સનાતન સત્ય (પડી છે). અનંત સર્વજ્ઞ થયા, એ અનંત સર્વજ્ઞસ્વભાવમાંથી  થયા, એવો સર્વજ્ઞસ્વભાવ દ્વંદ્વ રહિત છે. દ્વંદ્વ એટલે દ્વૈતરહિત છે. દ્વૈતરહિત એટલે પરમપદાર્થથી રહિત, એક સમયની પર્યાયથી પણ રહિત અને સર્વ લોકાલોક, એમાં પંચ પરમેષ્ઠી પણ આવ્યા, એનાથી પણ રહિત છે. છે કે નહિ? આહાહા..! આવું છે, પ્રભુ!

આ તો તારી ચીજ તને આપે છે. તારી ચીજ તને દે છે. આ ચીજ છે ને, ભગવાન! જેમાં દ્વૈતપણું નથી.. આહાહા..! જેમાં દ્રવ્ય અને પર્યાય બે (ભેદ) પણ નથી. એવા પરમપદાર્થમાં... છે? એવો '**પરમ પદાર્થ..**' એમ કહ્યું. આહાહા..! આકરું લાગે. બહેનો, દીકરીઓ કેટલાક અજાણ્યા હોય, ભણતા ન હોય. પણ અંદર આત્મામાં કોઈ ભણતર-ફણતરની જરૂર નથી. અંદર ભગવાન છે ને? શરીર સ્ત્રીનું છે એ તો જડ, માટી, ધૂળનું છે. ભગવાન અંદર બિરાજે છે. આહાહા..!

બહેન આવ્યા છે? ક્યારે આવ્યા? હમણાં આવ્યા? બહેન ભગવતી મૂર્તિ છે, ધર્મરત્ન છે. લોકોને ખ્યાલ આવવો મુશ્કેલ પડે. આહાહા..!

અહીં કહે છે, દ્વૈતરહિત છે. ભગવાન અંદર ત્રણલોકનો નાથ, તારો આત્મા અને બધાનો આત્મા... આહાહા..! દ્વૈતરહિત છે. અદ્વૈત એટલે ઓલા જે વેદાંત અદ્વૈત કહે છે એ વાત નથી, હોં! એ તો અદ્વૈત એટલે એક જ આત્મા સર્વવ્યાપક કહે છે. આત્મા અને એનો અનુભવ એ બેને પણ વિકલ્પ કહે છે. એ નહિ. આત્મા ને અનુભવ! બે ચીજ! બે ક્યાંથી આવ્યા? એમ કહે છે. એ વાત અહીં નથી. અહીં તો અનંત પદાર્થ છે. એક-એક પદાર્થમાં અનંતગુણ છે. એક એક ગુણમાં અનંતગુણની અનંતી પર્યાય છે. એક-એક પર્યાયમાં અનંતા અવિભાગપ્રતિચ્છેદ છે. એ અનાદિ સનાતન સત્ છે. કોઈએ કલ્પિત બનાવ્યો છે એમ નથી. અનાદિ ચીજ છે. 'છ ઢાળા'માં આવે છે. નહિ કરાયેલા. આ બ્રહ્માંડ કોઈએ કર્યો નથી.

મુમુક્ષુ :– ...

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– હા, એ ભાષા. બધી ભાષા યાદ રહે ને. કોઈએ કર્યો નથી, કરાવ્યો નથી. આહાહા..! એવી ચીજ અંદરમાં ભગવાન... આહાહા..!

**'પરપદાર્થ સિવાયના સમસ્ત પદાર્થસમૂહનો (આત્મામાં) અભાવ હોવાથી આત્મા નિર્દ્વંદ્વ (દ્વૈત રહિત) છે.'** આહાહા..! **'પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ હોવાથી...'** શુભભાવ અને અશુભભાવ, શુભમોહ અને અશુભમોહ, શુભરાગ અને અશુભરાગ બધાનો **'અભાવ હોવાથી આત્મા નિર્મમ છે.'** આહાહા..! શુભભાવ પણ એમાં નથી, નિર્મમ છે. એવી અંતરમાં દૃષ્ટિ કરીને અનુભવ કરવો એનું નામ ધર્મ છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૪૫, ગાથા-૪૩, બુધવાર, શ્રાવણ સુદ ૯, તા.૨૦-૦૮-૧૯૮૦

'નિયમસાર' શુદ્ધભાવ અધિકાર. એટલે કે ત્રિકાળી ધ્રુવ, તેને અહીં શુદ્ધભાવ કહે છે. આ શુદ્ધભાવ, પર્યાયમાં જે મોક્ષમાર્ગ ઉત્પન્ન થાય છે એ પણ શુદ્ધ છે, એની વાત નથી. નિશ્ચયથી તો પોતાના ત્રિકાળી દ્રવ્યના અવલંબનથી જે નિર્વિકલ્પ મોક્ષમાર્ગ ઉત્પન્ન થાય છે, એને નિશ્ચયથી તો વ્યવહાર કહે છે. 'પરમાર્થ વચનિકા'માં છે. નિશ્ચય દ્રવ્ય છે, તો મોક્ષમાર્ગ વ્યવહાર છે. નિશ્ચય મોક્ષમાર્ગ વ્યવહાર છે. પર્યાયના ભેદમાં વ્યવહાર મોક્ષમાર્ગની અપેક્ષાએ નિશ્ચય મોક્ષમાર્ગ છે. પણ દ્રવ્યની અપેક્ષાએ લઈએ તો નિશ્ચય મોક્ષમાર્ગ પર્યાય છે. આહાહા..! અને પર્યાય એ વ્યવહાર છે, દ્રવ્ય એ નિશ્ચય છે. એ કારણે અહીંયા કહે છે, મમતારહિત આવી ગયું છે.

**'પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ હોવાથી...'** શુભ કે અશુભ બધા ભાવનો પ્રભુમાં **'અભાવ હોવાથી આત્મા નિર્મમ છે.'** શુભરાગ મારો છે એ તો એમાં છે જ નહિ. પણ શુભરાગથી ચૈતન્યને લાભ થાય છે. જેમાં જે સ્વભાવ નથી એનાથી એને લાભ થાય, એ છે જ નહિ. એ વિભાવ તો પોતાના સ્વભાવમાં નથી. તો વિભાવથી સ્વભાવમાં લાભ થાય, એ વાત સાચી નથી. પોતાનો ત્રિકાળી સ્વભાવ પોતામાં હયાત, મોજૂદ છે, એ સ્વભાવની પર્યાય જે સ્વભાવના અવલંબનથી પ્રગટ થાય, એ પર્યાય મોક્ષનો માર્ગ છે. આહાહા..! ઘણાંને એમ થાય છે કે, આ નિશ્ચય અહીં કહે છે. વ્યવહાર તો (કહેતા નથી). પ્રભુ! પણ વ્યવહાર કહેવો કોને? મોક્ષમાર્ગ નિશ્ચય થાય છે એ પણ પર્યાય છે. પર્યાયને વ્યવહાર કહ્યો છે. એ વ્યવહાર હોય છે, પણ ખરેખર એ આદરણીય નથી. આદરણીય–ઉપાદેય તો ત્રિકાળી જ્ઞાયક પ્રભુ, અનંતગુણનો રત્નાકર ભંડાર પ્રભુ, એ એક જ સમ્યગ્દર્શનમાં ઉપાદેય છે. મોક્ષમાર્ગ પણ ઉપાદેય નથી, જાણવા લાયક છે. જ્ઞાનનું જ્ઞેય કરવામાં વ્યવહાર છે. તો વ્યવહાર મોક્ષમાર્ગ તો તદ્દન રાગ છે, એ તો અસદ્ભૂત વ્યવહાર છે. હજી મોક્ષમાર્ગ એ નિશ્ચય છે એ સદ્ભૂત અનુપચાર વ્યવહાર છે. આહાહા..! આવા ભેદ બધા.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ત્રિકાળી ભગવાન જ્ઞાયકની અપેક્ષાએ, એના અવલંબનથી એમાંથી નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન પ્રગટ થયા, એ જ પર્યાયની અપેક્ષાએ વ્યવહાર કહેવામાં આવે છે. આહાહા..! એ સદ્ભૂત વ્યવહાર છે. વ્યવહારરત્નત્રય છે એ અસદ્ભૂત વ્યવહાર છે. પણ અહીંયા નિશ્ચયમાં તો દ્રવ્ય નિશ્ચય અને પર્યાય વ્યવહાર એમ ચાલે છે. 'પંચાધ્યાયીકારે' તો બધી પર્યાયને વ્યવહાર કહી દીધું છે. આહાહા..! પર્યાય તો છે. પર્યાય છે તો વ્યવહાર છે. પણ વ્યવહાર કોના આશ્રયે પ્રગટ થયો? એ અહીં કહે છે. જુઓ!

**'નિશ્ચયથી ઔદારિક,...'** આદિ શરીર જ આત્માને નથી. આહાહા..! આ ઔદારિક શરીર જે છે, એ આત્માને સ્પર્શતું નથી. આત્મા ઔદારિક શરીરને કદી સ્પર્શતો નથી, પ્રભુ! તો એનું અવલંબન નથી, એ આત્મામાં નથી. **'વૈક્રિયિક,...'** શરીર. નારકી, મનુષ્યને લબ્ધિ હોય એને ઉત્પન્ન થાય છે અને દેવને (હોય છે). એ વૈક્રિયિક શરીર પણ આત્મા નથી. એ તો જડની પર્યાય છે. આહાહા..! **'આહારક,...'** શરીર પણ જડની પર્યાય છે. આહાહા..! મુનિને જે હોય. પ્રશ્ન પૂછવામાં આહારક શરીર ઉત્પન્ન થાય છે, છે તો જડ. એ આત્મા નથી. અને **'તૈજસ અને કાર્મણ...'** તૈજસ જે આ ગરમી આદિ દેખાય. અને કાર્મણ ૧૪૮ પ્રકૃતિ. આહાહા..! એ કાર્મણ શરીર એ પ્રકૃતિનો કોઠો. એ આખો ૧૪૮ પ્રકૃતિનો કોઠો (છે).

એ **'કાર્મણ નામનાં પાંચ શરીરોના સમૂહનો અભાવ હોવાથી...'** પ્રભુમાં એનો અભાવ છે, ભાઈ! એના અવલંબનથી અને એની ક્રિયાથી આત્માને લાભ થાય એમ ક્યારેય બનતું નથી. ઔદારિક શરીરની ક્રિયા હો, વૈક્રિયિક હો, એ બધી જડની પર્યાય છે. એના અવલંબનથી આત્માને લાભ થતો નથી. કેમ કે પાંચનો અભાવ છે. આહાહા..! એ કારણે **'નિઃશરીર છે.'** આત્મા નિઃશરીર છે. ત્રિકાળ આત્મા નિઃશરીર છે. આહાહા..! શરીરના અસ્તિવમાં શરીર છે, ભગવાનઆત્માના અસ્તિત્વમાં શરીરની નાસ્તિ છે. આહાહા..! એ આત્મા ઉપર દૃષ્ટિ દેવાથી, દૃષ્ટિ સમ્યક્ અતીન્દ્રિય આનંદના સ્વાદ સાથે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે, એને ધર્મની શરૂઆત કહેવામાં આવે છે. બાકી વાદવિવાદમાં શું છે? આહાહા..! 'નિયમસાર'માં વાદવિવાદની તો ના પાડીને? **'णाणा कम्मा णाणा जीवा णाणा लब्धि-'** પ્રભુ! કોની સાથે તું વાદ કરીશ? કારણ કે વ્યવહારની ઘણી વાતું લખાણમાં આવે. ૧૧મી ગાથાના અર્થમાં લખ્યું છે, કે વ્યવહાર ઘણો આવે લખાણમાં, પણ એનું ફળ સંસાર છે. 'સમયસાર'ની ૧૧મી ગાથામાં જ્યાં વ્યવહારને અભૂતાર્થ કહ્યો, અભૂતાર્થ એટલે નથી એમ નહિ. છે. પણ અંતરમાં નિશ્ચયને મુખ્ય કરી, મુખ્યને નિશ્ચય કહી, વ્યવહારને ગૌણ કરી અને નથી એમ કહેવામાં આવ્યું છે. આહાહા..! પર્યાય નથી એમ નથી. પર્યાય તો વ્યવહાર છે જ. પણ એનું અવલંબન, આશ્રય કરવા લાયક નથી. એ કારણે અહીં તો પાંચે શરીરનો અભાવ છે. તો શરીરની ક્રિયાથી કોઈ લાભ થાય (એમ નથી). આહાહા..! શરીરની ક્રિયાથી ભગવાનની

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભક્તિ, પૂજા સ્વાહા આદિ થાય છે, એ બધી ક્રિયા શરીર જડની છે. એનાથી આત્માને ધર્મ થાય એ આત્મામાં છે જ નહિ ને. છે નહિ એનાથી ધર્મ ક્યાંથી થાય? આહાહા..! નિશ્ચયથી આત્મા નિઃશરીર છે.

**'નિશ્ચયથી પરમાત્માને...'** પરમાત્મા એટલે આ આત્મા. આહાહા..! પરમ આત્મા. પરમ ઉત્કૃષ્ટ આત્મસ્વરૂપ. સનાતન અનાદિ સત્ય, પરમસત્ય પરમાત્મા. **'નિશ્ચયથી પરમાત્માને પરદ્રવ્યનું અવલંબન નહિ હોવાથી...'** પરદ્રવ્યનું અવલંબન નહિ હોવાથી... આહાહા..! ભગવાન અને ભગવાનની વાણી પરદ્રવ્ય છે. બહુ આકરી વાત, પ્રભુ! એકાંત લાગે. શું કરીએ? માર્ગ તો આ છે. આહાહા..! એ નિરાલંબન–અવલંબન નહિ હોવાથી. **'પરદ્રવ્યનું અવલંબન નહિ હોવાથી...'** પ્રભુ આત્મામાં... આત્મા શબ્દ ન લીધો પરમાત્મા શબ્દ લીધો. આહાહા..! પરમાત્મસ્વરૂપ ભગવાનઆત્મા, ત્રિકાળી પરમાત્મસ્વરૂપ, તેને પરદ્રવ્યનું કિંચિત અવલંબન, આલંબન નથી. ભગવાનની મૂર્તિ આદિના આલંબનમાં તો શુભભાવ છે. એ કાંઈ આત્મભાવ નથી. થાય છે. વ્યવહાર ભાવ હોય છે, પણ એ બંધનું કારણ છે. આહાહા..!

આ જે મોક્ષમાર્ગ છે, એ તો **પરદ્રવ્યનું અવલંબન નહિ હોવાથી આત્મા નિરાલંબ છે.'** આહાહા..! કોઈપણ ચીજની એને અપેક્ષા નથી. એનું આલંબન નથી. એનું ધ્યેય કરીને, પરદ્રવ્યનું ધ્યેય કરીને કંઈ લાભ થાય, એવું સ્વરૂપમાં નથી. સ્વરૂપ પરદ્રવ્યથી ભિન્ન તદ્દન નિરાલંબન છે. આહાહા..! આ એકલી નિશ્ચયની વાત આવે એટલે લોકોને જરી (આકરી લાગે છે). નિશ્ચયની સાથે પર્યાયને વ્યવહાર કહે છે ને. પણ એ તો જાણવાલાયક છે, આદરવા લાયક ત્રિકાળી આત્મા પરદ્રવ્યના અભાવરૂપ નિરાવલંબન વસ્તુ, પરની કોઈ અપેક્ષા એને નથી. આહાહા..! એ નિશ્ચય હો તો પછી મોક્ષમાર્ગ જે પ્રગટ થાય છે, તેને પર્યાયથી સદ્ભૂત વ્યવહાર કહે છે. અને એ વખતે જરી મંદતા છે તો રાગ પણ આવે છે. તો એ અસદ્ભૂત વ્યવહારનયથી છે એમ જાણવું કે છે. આદરવા લાયક નથી. આહાહા..! વ્યવહારનય છે, તો નયનો વિષય છે પણ એ વિષય આદરણીય નથી. આહાહા..!

અહીં તો ટીકાકારે આત્માને પરમાત્મા કહ્યો. **'નિશ્ચયથી પરમાત્માને...'** આહાહા..! એ પરમાત્મા એટલે વીતરાગ કેવળી નહિ. આ પરમાત્મા. પરમ આત્મા. પૂર્ણાનંદનું સ્વરૂપ જે સત્ત્વ. સત્, પૂર્ણ સત્ અનાદિ અનંત સત્, એ સત્ એ પરમાત્મસ્વરૂપ છે. એ પરમાત્મસ્વરૂપને પરદ્રવ્યનું કિંચિત્ પણ આલંબન નથી. આહાહા..! આ શરીરનું જાવું, આવવું. દેવ-ગુરુ-ધર્મ પાસે જાવું, સાંભળવું એ બધું થાય તો છે. એ આલંબન નથી, પ્રભુ! થાય છે એમ જાણવાલાયક છે. એ જ્ઞાનનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે, તો પરપ્રકાશમાં એ જાણવા લાયક છે. આહાહા..!

પરનું કાંઈક બહારનું કરવું છે, એમાં તો કર્તાબુદ્ધિ થાય. અને કર્તાબુદ્ધિ છે તો ત્યાં મિથ્યાત્વ છે. આહાહા..! 'કરે કર્મ સો કરતારા, જો જાને સો જાણનહારા. કર્તા સો જાણે નહિ કોઈ.' કર્તા–રાગનો કર્તા, વિકલ્પનો કર્તા રચવાવાળો હું છું, એમ હોય તો એ કિંચિત્

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates


આત્માને જાણતો નથી. 'કર્તા સો જાણે નહિ કોઈ, જાણે સો કર્તા નહિ હોઈ.' આહાહા..! એવો ભગવાનઆત્મા નિરાલંબન છે. કોઈનું અવલંબન નથી.

નિશ્ચયમાં તો ભગવાન પરમાત્માની વાણી અને પરમાત્મા પણ પરદ્રવ્ય છે. એ કારણે પરદ્રવ્યનું... આહાહા..! **'અવલંબન નહિ હોવાથી આત્મા નિરાલંબ છે.'** આહાહા..! અરે..! એક પણ બોલ બરાબર બેસે... 'જયસેનાચાર્ય'ની ટીકામાં લખ્યું છે, એકપણ બોલ યથાર્થ બેસે તો બધા બોલ એમાં આવી જાય છે. એક ભાવ પણ યથાર્થ બેસે.. એવો પાઠ છે. 'જયસેનાચાર્ય'ની ટીકામાં સંસ્કૃતમાં છે. એક ભાવ પણ બરાબર બેસે તો સમસ્ત ભાવ તેને યથાર્થ ભાસે. પણ એક્કેય ભાવના ઠેકાણા નથી, તેને એક પણ વાત યથાર્થ બેસતી નથી. આહાહા..! પછી.

પરિગ્રહ એમાં નથી. ભગવાનમાં મિથ્યાત્વ નથી. આહાહા..! પ્રભુમાં મિથ્યાત્વ નથી. એ તો આનંદનો સાગર, પ્રભુ! શ્રદ્ધાસ્વરૂપ જ છે. સમ્યગ્દર્શન તો પર્યાય છે. પણ એનું કારણ શ્રદ્ધા ત્રિકાળી જે શ્રદ્ધાસ્વરૂપ, જે પારિણામિકભાવે શ્રદ્ધાસ્વરૂપ છે. આહાહા..! એ કારણે એમાં મિથ્યાત્વ નથી. **'વેદ,...'** નથી. સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસક વેદ એ અભ્યંતર પરિગ્રહ છે. આહાહા..! મિથ્યાત્વ પણ અભ્યંતર પરિગ્રહ છે. બહારનો પરિગ્રહ છૂટ્યો. એ છુટ્ટા જ છે. એને છોડવું એમ નથી. પણ અંદરનો પરિગ્રહ જે પકડી રાખ્યો છે, એને છોડવો. કેમ કે એ આત્માના સ્વભાવમાં નથી. આહાહા..!

**'વેદ,...'** વેદની વાસના આત્મામાં નથી. પ્રભુ તો અવેદી ત્રિકાળી છે. આહાહા..! વેદની વાસના એ તો આકુળતા અને દુઃખ છે. આનંદ-સાગરમાં એ વેદનો અભાવ છે. **'રાગ,...'** શુભ કે અશુભ રાગ, એનો અભાવ છે. જેનો જેમાં અભાવ છે, પ્રભુ! એનો એને લાભ થતો નથી. એ અંતરમાં અનુભવથી બેસવું એ અલૌકિક વાત છે, પ્રભુ! આહાહા..! કોનું માનવું? બોલવું એ ભાષા પણ જડની છે. હું બોલું છું. આહાહા..! એ પણ મિથ્યાત્વ છે. આહાહા..! બોલવું જડની પર્યાય છે. ભાષાવર્ગણાની ભાષા પર્યાયરૂપે પરિણમન, ભાષાવર્ગણાની ભાષારૂપે પરિણમન એ ભાષા છે. એ આત્મામાં નથી. આહાહા..! મોટા વક્તા થવું અને વક્તાપણાનું અભિમાન કરવું... આહાહા..! આત્મા વક્તા નથી. રાગ નથી. હું કહું એવો વિકલ્પ પણ નથી.

પ્રભુએ 'સમાધિશતક'માં તો ત્યાં સુધી લીધું છે, કે બીજાને સમજાવવામાં જે વિકલ્પ ઉઠે છે, એ પાગલપણું છે એમ લખ્યું છે. કેમ કે એ વિકલ્પથી પોતાને લાભ નથી, તેમ એ વિકલ્પથી પરને પણ લાભ નથી. આહાહા..! અરે..રે..! આવો વ્યવહાર, એનો અભાવ (છે એ) અંતરમાં બેસવું કઠણ છે. અંતર આત્મ ચૈતન્યની જ્યોત. ઝળહળતી જ્યોત. સ્વયં જ્યોતિ. જ્ઞાનની સ્વયં જ્યોત અને સુખનું ધામ, આનંદનું ધામ-ક્ષેત્ર આ છે. અતીન્દ્રિય આનંદનું ક્ષેત્ર છે, એમાં રાગની ગંધ નથી. કોઈપણ શુભરાગ તીર્થંકર ગોત્ર બંધાય, એ રાગનો પણ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આત્મામાં અભાવ છે. આહાહા..! છે?

**'દ્વેષ,...'** દ્વેષનો અભાવ. કોઈ ચીજ અણગમે, ઠીક ન લાગે અને દ્વેષ થાય છે, એ વસ્તુમાં નથી, પ્રભુમાં એ નથી. પ્રભુ તો જ્ઞાતા-દૃષ્ટા જ્ઞાન, દર્શન, આનંદથી ભરેલો છે. આહાહા..! કોઈ ચીજ અણગમતી લાગે, અસુંદર લાગે, એવો વસ્તુનો સ્વભાવ નથી. એ તો દ્વેષનો અંશ છે. એ આત્મામાં નથી.

**'હાસ્ય,...'** આહાહા..! હાસ્ય પણ આત્મામાં નથી. નિશ્ચયથી તો પ્રભુ! હાસ્ય એ પાપ છે. આહાહા..! જેમ આ રાગ અને દ્વેષ પાપ છે. એ પાપ છે. પ્રભુ તો જ્ઞાતા-દૃષ્ટા છે. એમાં હાસ્યનો અભાવ છે. આહાહા..! ઉદાસ. આખી દુનિયાથી ઉદાસ પ્રભુ છે. ચૈતન્યસત્તામાં એનું આસન છે. આહાહા..! ઉદાસીનો અહં. આહાહા..! કીધું ને એ તે દિ'?

(સંવત) ૧૯૬૪ ની સાલ. નાટક જોવા ગયા તો એ સાંભળ્યું હતું. અઢાર વર્ષની ઉંમરે. ૭૨ વર્ષ પહેલા. અત્યારે ૯૦ વર્ષ થયા છે. આહાહા..! એ વખતે એ કહેતા હતા, કે પ્રભુ! આહાહા..! તું નિરાલંબી છો અને શુદ્ધ છો. આહાહા..! અને તારામાં કોઈ વિકલ્પ નથી તું તો ઉદાસીન છો. એ કહેનારને કાંઈ ખબર ન મળે. એ તો નોકરી, નાટકની નોકરી (હતી). આહાહા..! પણ એ વખતે પણ કીધું, તમે શું બોલો છો? મને ખ્યાલ ન આવે તો તમારી ચોપડી હોય તો લાવો. બાર આનાની ટીકિટ હતી અને બાર આનાની ચોપડી હતી. તમે શું બોલો છે એ મને ખ્યાલ આવ્યા વગર કેમ...? તો એ કહે છે કે ઉદાસીનો અહંમ. આહાહા..! બેટા! તું ઉદાસીનો, શુદ્ધોસિ, બુદ્ધોસિ, ઉદાસીનોસી, નિર્વિકલ્પોસી (છો). આહાહા..! એમ ભગવાન! નાટકમાં પણ એમ કહેતા હતા. આ તો ભગવાનની વાણી છે. આહાહા..! સંતોની વાણી એ ભગવાનની જ વાણી છે. કેવળજ્ઞાનના કેડાયતો કેવળજ્ઞાને જે કાંઈ... આહાહા..!

મુમુક્ષુ :– પ્રથમાનુયોગના કથન...

ઉત્તર :– સાક્ષાત ભગવાનની દિવ્યધ્વનિ આ છે. પ્રભુ!

કહે છે, **'હાસ્ય,..'** નથી. આહાહા..! એ તો પંડિતે પણ જોયું છે. હાસ્ય પાપ છે. તમે જોયું છે? પાપ છે. મુનિના દસ ધર્મનું પુસ્તક બનાવ્યું છે ને? એમાં હાસ્યને પાપ કહ્યું છે.

**'રતિ,...'** રાજીપો થવો. શેમાં રાજીપો થાય? પ્રભુ! અતીન્દ્રિય આનંદના નાથ પાસે રાજીપાની ચીજ ક્યાં છે? આહાહા..! એમાં રતિ નથી. આ રાજીપો, હોં! અંદર આનંદનો રાજીપો તો ભર્યો છે. પણ બહારની કોઈ ચીજ... ઓહોહો..! એક દિવસમાં કદાચિત્ કોઈ અબજ રૂપિયા ઉપજ્યા, તો પણ રતિ આત્મામાં નથી. રતિ આત્મામાં નથી, પ્રભુ! આહાહા..! રાજીપો થવાની ચીજ નથી.

એમ **'અરતિ,...'** દિલગીરી. કોઈ પ્રતિકૂળ ચીજ દેખીને અથવા પોતાને આ ચીજ પ્રતિકૂળ છે, એમ માનીને અરતિ થાય છે. આહાહા..! એ અરતિ પ્રભુમાં નથી. પાપ છે. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'શોક,...'** દીકરા-દીકરી ગુજરી જાય કે લક્ષ્મીનો નાશ થઈ જાય, મકાન બળી જાય, લાખો-કરોડો રૂપિયાનું મકાન હોય અને સળગી જાય. અંદરથી એકદમ વીજળીનો ભડકો થાય, બળીને રાખ થઈ જાય.

'મુંબઈ'માં એવું બન્યું હતું. મોટું મકાન બનાવ્યું હતું. કરોડો રૂપિયાનું મકાન. એમાં સ્તંભ હોયને? એને શું કહેવાય? સીમેન્ટ. સીમેન્ટ કચાશવાળી હતી. બધા માણસો કામ કરીને સૂતા હતા. બાર વાગ્યા સુધી કામ કર્યું અને પછી જમીને સૂતા હતા. ઉપરથી પડ્યું. ચારસો માણસ... આહાહા..! ભૂક્કા ઉડી ગયા, મરી ગયા. આહાહા..! એક આપણા પણ 'અમરેલી'ના... શું નામ? ભૂલી ગયા. 'અચરજભાઈ'. એ પણ મકાન બનાવતા હતા, ઉપરી કર્તા હર્તા હતા, અને બનાવનાર કારીગર હતા, બન્ને બેઠા હતા. એમાં ઉપરથી મકાન પડ્યું. હલકી સીમેન્ટ વાપરી હતી. બંને મરી ગયા. આહાહા..! કોનો શોક કરવો? જે સમયે જે ચીજ જે રીતે બનવાની તે રીતે બને છે ને બનશે જ. પરમાત્મામાં એ ચીજ નથી. કોની અરતિ કરવી? શોક કરવો?

**'ભય,...'** નથી. ભગવાન તો નિર્ભય છે. સમકિતનો પણ નિઃશંક જે ગુણ છે ને? પહેલો નિઃશંક એટલે નિર્ભયતા છે. નિઃશંક કહો કે નિર્ભય કહો. ભગવાનઆત્માની જે શ્રદ્ધા થઈ એ તો નિર્ભય છે. આહાહા..! આખી દુનિયાનો ભય એને નથી. નિઃશંક. સમકિતના પહેલા બોલમાં. એનો મૂળ અર્થ તો નિર્ભય છે. નિડર, નિર્ભય. આનંદનો નાથ જ્યાં અનુભવમાં આવ્યો, તો કોઈ ચીજથી એને ભય લાગતો નથી. સિંહ આવે તો પણ ભય નથી લાગતો. આહાહા..!

'શ્રીમદ્' 'અપૂર્વ અવસર'માં કહે છે,

'એકાકી વિચરતો વળી સમશાનમાં,
એકાકી વિચરતો વળી સમશાનમાં,
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો.'

આહાહા..! વાઘના, સિંહના સંયોગમાં પણ મનમાં ક્લેશ નહિ. આહાહા..! એ તો મિત્ર છે. મારે શરીર રાખવું નથી અને મારું શરીર છે નહિ, તો એ લઈ જાય છે અને ખાય છે માટે એ મારો મિત્ર છે. 'અપૂર્વ અવસર'માં એમ લખ્યું છે. 'પરમમિત્રનો જાણે પામ્યા યોગ.' આહાહા..!

'એકાકી વિચરતો વળી સમશાનમાં,
વળી પર્વતમાં વાઘસિંહ સંયોગ જો.' આહાહા..!
'અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા.'

આસન અડોલ, મનમાં ક્ષોભ નહિ, મનમાં પણ કંપ નહિ. આહાહા..! પરમમિત્રનો જાણે યોગ થયો. પ્રભુ! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર દશા.. આહાહા..! એ પરમેશ્વરપદ પ્રાપ્ત

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કરવું એ કોઈ અલૌકિક છે.

એમ અહીંયા કહે છે, કે બિલકુલ ભય નથી. **'જુગુપ્સા,...'** નથી. કોઈ ચીજની દુગંછા નહિ. જ્ઞેય છે. જ્ઞેયમાં ભાગ કેવો? એ દુગંછા અને આ દુગંછા રહિત એમ જ્ઞેય તરીકે સર્વ આખુ જગત, એમાં ભાગ પાડવો દુગંછાવાળી ચીજ એ મિથ્યાત્વ છે. આહાહા..! એ **'જુગુપ્સા,..'** ભાવ આત્મામાં નથી. આહાહા..!

**'ક્રોધ,...'** કષાયભાવ, ક્રોધભાવ એ દ્વેષનો અંશ છે. એ નથી. **'માન,...'** નથી. કોનું માન? પ્રભુ પરમાત્મા જ્યાં નજરે પડ્યા, જ્યાં અનુભવમાં આવ્યો, ત્યાં કોનું ભાન? આહાહા..! **'માયા,...'** માયા આત્મામાં છે જ નહિ. કપટનો અંશ આત્મામાં નથી. અને **'લોભ,...'** પણ નથી. ઇચ્છામાત્રનો લોભ... આહાહા..! મોક્ષની ઇચ્છા, એ ઇચ્છાનો પણ અભાવ છે. આહાહા..! એવો ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ અંદર બિરાજે છે. અતીન્દ્રિય આનંદની ગાંઠડી છે. આહાહા..! એ ગાંઠ ખોલ. મિથ્યાત્વ છૂટતાં ગાંઠડી ખૂલી જાય છે. અતીન્દ્રિય આનંદના ઝરણા ઝરે છે. એવી ચીજમાં આ લોભ નથી. પર તરફની ઇચ્છામાત્રનો લોભ નથી. આહાહા..!

**'ચૌદ અભ્યંતર પરિગ્રહોનો...'** ચૌદ કીધા ને? **'ચૌદ અભ્યંતર પરિગ્રહોનો અભાવ હોવાથી આત્મા નીરાગ છે.'** ચૌદે પ્રકારના પરિગ્રહનો ભગવાનઆત્મામાં અભાવ છે. ચૌદ પ્રકારના અભ્યંતર પરિગ્રહ અને દસ પ્રકારનો બાહ્ય પરિગ્રહ, એમ ચોવીસ પ્રકારના પરિગ્રહ કહ્યા છે. અહીં તો કહે છે, ૧૦ પ્રકારના પરિગ્રહ તો બાહ્ય છે. એના તો ગ્રહણ-ત્યાગ નથી. આહાહા..! એ બાહ્ય જે પરિગ્રહ છે, એના ગ્રહણ-ત્યાગ નથી. પણ અનાદિથી આને ગ્રહણ માને છે. એ અભ્યંતર પરિગ્રહ છે. ભગવાન એનાથી રહિત નિરાગ છે. આહાહા..!

**'નિશ્ચયથી સમસ્ત પાપમળકલંકરૂપી કાદવને ધોઈ નાખવામાં...'** આહાહા..! મુનિરાજ 'પદ્મપ્રભમલધારીદેવ' વીતરાગી સંત હતા. વીતરાગભાવનો આલેખ કરે છે. વીતરાગભાવનો આલેખ કરે છે. આહાહા..! **'નિશ્ચયથી સમસ્ત પાપમળ કલંકરૂપી કાદવને ધોઈ નાખવામાં સમર્થ,...'** એવા પ્રભુ સમર્થ, **'સહજ-પરમવીતરાગ-સુખસમુદ્રમાં મગ્ન...'** આહાહા..! સ્વાભાવિક પરમવીતરાગ એવો સુખનો સમુદ્ર છે. આહાહા..! અંગુલના અસંખ્ય ભાગમાં નિગોદના અનંત જીવ (રહે છે). એક એક જીવમાં અનંત (ગુણ) સમુદ્ર ભર્યો છે. ક્ષેત્રની મોટાઈની જરૂર નથી. એની શક્તિ અને સહજ સામર્થ્યની જરૂર છે. આહાહા..! નિગોદના જીવમાં પણ આ **'સહજ પરમવીતરાગ-સુખસમુદ્રમાં મગ્ન (ડૂબેલી, લીન) પ્રગટ સહજાવસ્થાસ્વરૂપ...'** આહાહા..! આ તો પછી અવસ્થા કીધી. સહજ અવસ્થા. આનંદસમુદ્ર ભગવાનઆત્મા એની પર્યાયમાં ઝરણું આવવું, શુદ્ધ ચૈતન્યઘન જે છે, એમાં એકાગ્ર થઈને, પર્યાયમાં સહજ અવસ્થામાં આનંદ આવવો, એ સહજ અવસ્થાસ્વરૂપ, જે સહજજ્ઞાન શરીર... આહાહા..! એ સહજ જ્ઞાનશરીર આત્મા છે. આત્માને તો જ્ઞાનશરીર છે. આહાહા..! **'તેના વડે પવિત્ર હોવાને લીધે...'** સહજ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જ્ઞાનશરીર, **'તેના વડે પવિત્ર હોવાને લીધે આત્મા નિર્દોષ છે.'** આહાહા..! પ્રભુ તો નિર્દોષ જ છે. સદોષાદિ તો પર્યાયમાં છે. વસ્તુમાં અંશે પણ દોષ નથી. આહાહા..! અહીં દૃષ્ટિ કરાવવી છે.

નિયમ–નિયમ. વસ્તુનો નિયમ-સાર. વસ્તુનો નિયમ. આ આગળ ગાથામાં આવશે. વસ્તુનો નિયમ છે, એ વસ્તુના નિયમનો આ સાર છે. આહાહા..! વીતરાગભાવ છે. લુખ્ખા રાગ. રાગવાળાને લુખ્ખા લાગે. પણ વાત તો રસકસવાળી છે. શાંતિ અને આનંદના રસકસવાળી વાત છે. આહાહા..! સહજ અવસ્થા છે.

**'પવિત્ર હોવાને લીધે...'** પવિત્ર એ શું કહ્યું? **'સહજજ્ઞાનશરીર તેના વડે...'** જ્ઞાનરૂપી શરીર. આહાહા..! ભગવાનને તો જ્ઞાનશરીર છે. આ ઔદારિક શરીર આદિ નથી. એ તો પહેલા આવી ગયું. **'તેના વડે પવિત્ર હોવાને લીધે આત્મા નિર્દોષ છે.'** આહાહા..! આ 'નિયમસાર'. વસ્તુનો નિયમ, વસ્તુનો કાયદો–નિયમ, એનો આ સાર છે. આહાહા..!

**'સહજ નિશ્ચયનયથી...'** આહાહા..! **'સહજ જ્ઞાન,...'** સ્વાભાવિક ત્રિકાળી જ્ઞાન, **'સહજ દર્શન,...'** ત્રિકાળ, **'સહજ ચારિત્ર,..'** ત્રિકાળ. આહાહા..! ચારિત્ર પર્યાયમાં છે એ નહિ. પર્યાયમાં છે એ ચારિત્રગુણની પર્યાય છે. સહજચારિત્રગુણ એક ત્રિકાળ આત્મામાં છે. **'સહજ ચારિત્ર, સહજ પરમવીતરાગ સુખ...'** સહજપરમવીતરાગ સુખ આદિ. આહાહા..! **'વગેરે અનેક પરમ ધર્મોના આધારભૂત...'** એવા અનંતગુણના આધારભૂત. એ પણ આધારની વ્યવહારથી વાત કરી છે. ગુણ આધેય અને દ્રવ્ય આધાર એ વ્યવહારથી વાત કરી છે. આધાર-આધેય વસ્તુ એક જ છે. લોકોને સમજાવવા માટે (કહ્યું છે) કે અનંતગુણ છે, એનો ભગવાન આધાર છે. આધેયમાં ગુણ છે. આહાહા..! એ ચીજ કોઈ પર્યાયના અને રાગના આધારે છે એમ નથી. ગુણનો આધાર છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'અનેક પરમ ધર્મોના આધારભૂત નિજ પરમતત્ત્વને જાણવામાં સમર્થ...'** નિજ પરમતત્ત્વ, **'નિજ પરમતત્ત્વને જાણવામાં સમર્થ હોવાથી આત્મા નિર્મૂઢ છે;...'** આહાહા..! એમાં મૂઢતા નથી. નિર્મૂઢના બે અર્થ કરશે. એક ત્રિકાળ નિર્મૂઢ છે એ પહેલી વાત કરી. **'અનેક પરમ ધર્મોના આધારભૂત નિજ પરમતત્ત્વને જાણવામાં સમર્થ હોવાથી આત્મા નિર્મૂઢ (મૂઢતા રહિત) છે;...'** એ ત્રિકાળની વાત કરી. હવે વર્તમાન મૂઢતા રહિત. વર્તમાન મૂઢતા રહિત કેવળજ્ઞાન લે છે. આહાહા..!

**'અથવા, સાદિ-અનંત...'** પહેલા મૂઢતા કહી એ અનાદિઅનંત નિર્મૂઢ પ્રભુ છે. અને એના આશ્રયથી સાદિઅનંત નિર્મૂઢતા પ્રગટે છે. નિર્મૂઢ જે અનાદિઅનંત પ્રભુ, એના આશ્રયે સાદિઅનંત નિર્મૂઢતા પ્રગટે છે. **'સાદિ-અનંત અમૂર્ત...'** અમૂર્ત–રંગ-ગંધ-સ્પર્શ નહિ. **'અતીન્દ્રિય..'** ઇન્દ્રિયરહિત **'સ્વભાવભાવવાળા...'** એવા સ્વભાવભાવવાળા **'શુદ્ધસદ્‌ભૂત વ્યવહારનય...'** આ કેવળજ્ઞાન... આહાહા..! એ વ્યવહારનય છે. **'શુદ્ધસદ્‌ભૂત વ્યવહારનય..'**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. પર્યાય છે ને? આહાહા..! ત્રિકાળ નિર્મૂઢ છે એ નિશ્ચય છે અને એના અવલંબને કેવળજ્ઞાન, મુક્તદશા (પ્રગટે) એ સાદિઅનંત (વ્યવહારનય છે). **'વ્યવહારનયથી ત્રણકાળના અને ત્રણલોકના સ્થાવર-જંગમસ્વરૂપ સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાયોને...'** આહાહા..! સમસ્ત જીવ આદિ પદાર્થ છ દ્રવ્ય છે એ દ્રવ્ય–વસ્તુ. ગુણનું એકરૂપ તે દ્રવ્ય. ગુણનું રૂપ તે શક્તિ–ગુણ અને વર્તમાન તેની પરિણતિ એ પર્યાય. ત્રણકાળના જે દ્રવ્ય-ગુણ-પર્યાય છે, એને **'એક સમયે જાણવામાં સમર્થ...'** આહાહા..! નિર્મૂઢતાના બે અર્થ કર્યા. ત્રિકાળ નિર્મૂઢતા છે, તો પર્યાયમાં નિર્મૂઢતા આવે છે. આહાહા..! આવી વાત છે. ઝીણી વાત લાગે. વસ્તુ આ છે. અરે..! દેહ છૂટી જશે. કોઈ સહાયક નથી, કોઈ મદદગાર નથી. એકલું તત્ત્વ અનાદિથી (રહ્યું છે). ગાથા છે ને? એકલો જન્મ્યો, એકલો મર્યો, એકલો રહ્યો, આ એકલો મુક્તિ પામ્યો. આહાહા..! શ્લોક છે. આહાહા..!

અહીંયા કહે છે, આવી પર્યાય જે ત્રણકાળ (જાણે). ઓહોહો..! જે દ્રવ્યની પર્યાય હજી પ્રગટી નથી, ભવિષ્યની અનંત પર્યાય, અનંતા દ્રવ્યની... આહાહા..! આકાશનો પણ જ્યાં અંત નથી. ક્ષેત્રથી આકાશનો અંત નથી. ચારે બાજુ ચૌદ બ્રહ્માંડ એક રાઈ તુલ્ય છે. ચારે બાજુ આકાશ અનંત... અનંત.. અનંત... અનંત... અનંત... અનંત... ક્યાંય કોઈ દિશામાં અંત નથી. એવા આકાશની પર્યાયને પણ જાણવામાં સમર્થ. આહાહા..! પર્યાયની વાત છે. એવું આકાશ, જેનો અંત નથી. જાણી લીધું માટે અંત થઈ ગયો એમ નથી. અંત નથી.. અંત નથી... એમ જાણ્યું. ચારે બાજુ ચૌદબ્રહ્માંડ તો એક રાઈતુલ્ય છે. બાકી અનંત... અનંત... અનંત... અનંત... દશે દિશા ચારે કોર, એને પણ એક સમયમાં જાણવામાં સમર્થ છે. આહાહા..! એવું કેવળજ્ઞાન. આ કેવળજ્ઞાનની વાત કરે છે. પર્યાયની. આહાહા..!

એક સમયમાં જાણવામાં સમર્થ. સકળ-વિમળ. પૂર્ણ નિર્મળ. ત્રણકાળના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણ્યા, તો એવો કોઈ મેલ થયો, ભેદ થયો, મેલ થયો? ના. એ તો પોતાનું નિજ સ્વરૂપ જ છે. પરને જાણવું એ તો પોતાના નિજ સ્વરૂપમાં સ્વસ્વરૂપ છે. એથી તેને વિમળ કહે છે. સકળવિમળ–જરીયે મલિનતા નહિ. આહાહા..! નહિતર છે તો શુદ્ધસદ્ભૂત વ્યવહાર. કેવળજ્ઞાન એ શુદ્ધસદ્ભૂત વ્યવહાર છે. પર્યાય છે ને? શુદ્ધ છે, સદ્ભૂત છે, ભેદ છે. શુદ્ધસદ્ભૂત વ્યવહાર છે. આહાહા..! એ પર્યાયમાં ત્રણકાળ, ત્રણલોક જણાય છે. એવો પ્રભુ! એની પર્યાયનું એટલું સામર્થ્ય છે. તો એના દ્રવ્યના સામર્થ્યતાની નિર્મૂઢતાની વાત શું કરવી? એમ કહે છે. આહાહા..!

દ્રવ્યની નિર્મૂઢતા તો અપાર.. અપાર.. અપાર પડી છે. જેમ આકાશનો ક્ષેત્રથી પાર નહિ. એમ અંદર ગુણની શક્તિનો ભાવ પાર નહિ. આકાશનો ક્ષેત્રથી પાર નહિ. એમ આ ગુણના ભાવના સામર્થ્યનો ભાવથી પાર નહિ. આહાહા..! અહીં તો સહેજ કાંઈક વસ્તુ સારી મળે, શરીર ઠીક મળે, કે બાયડી કાંઈક મળે, પૈસા મળે ત્યાં અંદર અભિમાન આવી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જાય. આહાહા..! પ્રભુ તારી શક્તિ તો ત્રણકાળ, ત્રણલોકને જાણવાની પર્યાય છે ને. દ્રવ્યની તો વાત શું કરવી? આહાહા..! કોઈ ચીજ મારી છે એવું તો વસ્તુના સ્વરૂપમાં નથી. એને જાણવું એવી શક્તિ છે એમ કહેવાય છે. ખરેખર તો એ જ્ઞાન પોતાની પર્યાય છે. પણ પરને પણ જાણવાની શક્તિ પોતાથી પોતામાં છે. આહાહા..!

**'સકળ-વિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાનરૂપે અવસ્થિત થવાથી...'** ભગવાન કેવળજ્ઞાનરૂપે અવસ્થિત થવાથી. આહાહા..! આજે માખણ છે, બાપા! તત્ત્વનું મર્મ–રહસ્ય છે. પૂર્ણાનંદનો નાથ નિર્મૂઢ છે. પણ પર્યાયમાં કેવળજ્ઞાન પ્રગટ થયું એ નિર્મૂઢ છે. આહાહા..! એ કેવળજ્ઞાનમય, **'કેવળજ્ઞાનરૂપે અવસ્થિત થવાથી આત્મા નિર્મૂઢ છે.'** એ પર્યાયથી નિર્મૂઢ કહ્યું. કાંઈ જાણ્યા વિના રહેતું નથી. અને પૂર્ણ જાણ્યું માટે વિકલ્પ ઉત્પન્ન થાય છે એમ નથી. એવી નિર્મૂઢ કેવળજ્ઞાન પર્યાય છે. એક સમયની પર્યાય ત્રણકાળ, ત્રણલોકને પરને સ્પર્શ્યા વગર, પર તરફનો ઉપયોગ કર્યા વગર, પોતાના સ્વરૂપમાં પોતાની શક્તિના સામર્થ્યથી કેવળજ્ઞાનમાં બધા નિર્મૂઢ રહીને જાણે છે. આહાહા..!

'કુંદકુંદાચાર્ય' કહે કે, મેં તો મારી ભાવના માટે 'નિયમસાર' બનાવ્યું છે. આહાહા..! મારી ભાવના, મારી ભાવના માટે મેં તો બનાવ્યું છે. આહાહા..! એ લોકો સાંભળે... આહાહા..! ન્યાલ કરવાનો રસ્તો છે, પ્રભુ! ન્યાલ તો એ ન્યાલ (છે). આહાહા..! નિર્મૂઢ તત્ત્વ દૃષ્ટિમાં આવે એ ન્યાલ. અને નિર્મૂઢતા પર્યાયમાં પ્રગટ થાય એ ન્યાલ.. બાકી તો બધું ન્યાલ-બ્યાલ કાંઈ નથી. આહાહા..! 'રજનીભાઈ'! આ બધા પૈસા-બૈસાથી ન્યાલ નથી એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :– અમારે માટે તો પૈસા કિંમતી છે, આપની પાસે તો પૈસા...

ઉત્તર :– અહીં અમે ને તમે છે જ ક્યાં? અહીં તો આત્મા... આત્મા... આત્મા... આત્મા.. પ્રભુ જ છે બધા. આહાહા..! બધા ભગવાનઆત્મા છે. દ્રવ્ય તરીકે તો બધા સાધર્મી છે. આહાહા..! કોઈ પ્રત્યે પ્રેમ કે દ્વેષ છે નહિ. આહાહા..! દ્રવ્ય તરીકે સાધર્મી લીધા છે. આહાહા..! અહીં અને બીજે એવો કોઈ ભેદ નથી. આહાહા..! ત્રણકાળમાં દ્રવ્ય નિર્મળાનંદ બધા દ્રવ્યો, એને એક સમયમાં જાણવા, છતાં અનંત... અનંત... અનંત... અનંતને જાણે, છતાં એક પર્યાયમાં બે ભાવ થાય કે મૂઢતા આવી જાય કે વિકલ્પ આવી જાય, એમ છે નહિ. આહાહા..!

**'આત્મા નિર્મૂઢ છે. સમસ્ત પાપરૂપી શૂરવીર શત્રુઓની સેના જેમાં પ્રવેશી શકતી નથી...'** આહાહા..! પ્રભુ મહા વજ્રનો કિલ્લો છે. જ્ઞાન-આનંદ આદિ વજ્રનો કિલ્લો છે. એ વજ્રના કિલ્લામાં કોઈનો પ્રવેશ થતો નથી. વજ્રનો ગઢ હોય, વજ્રનો ગઢ. એમાં કોણ પ્રવેશ કરે? આહાહા..! અહીં કહે છે, કે **'સમસ્ત પાપરૂપી શૂરવીર શત્રુ...'** એટલે ઉગ્રમાં ઉગ્ર જે પાપ. શૂરવીર, એની સેના, એ એક નહિ પણ એની સેના. આહાહા..! **'પાપરૂપી શૂરવીર શત્રુઓની**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**સેના..**' તે પાપ કોણ? '**સમસ્ત પાપરૂપી શૂરવીર...**' મહા વીરની જેમાં ઉંધાઈ-અવળાઈ એવા શત્રુઓની સેનાનો સમૂહ '**જેમાં પ્રવેશી શકતી નથી...**' અડતો નથી જેને. આહાહા..!

'**એવા નિજ શુદ્ધ અંતઃતત્ત્વરૂપ મહા દુર્ગમાં (કિલ્લામાં)...**' આહાહા..! 'આફ્રિકા'માં છે ને? ત્યાં હબસીનો બહુ ભય. હબસીનો બહુ ભય. રસ્તામાં લૂંટી જ લ્યે. અમે જ્યાં પંદર લાખના મકાનમાં ઉતર્યા હતા ત્યાં ત્રણ પટારા (હતા). પહેલી એક શું કહેવાય એ? વંડી. પહેલા એક મોટી વંડી, પછી તારની એક વંડી, પછી અંદર લોઢાના તારની ત્રીજી વંડી. ત્રણમાંથી કોઈ આવી ન શકે. આહાહા..!

મુમુક્ષુ :- આ તો કુદરતી કિલ્લો છે.

ઉત્તર :- આ તો અંદરમાં કોઈ આવી શકે નહિ, બાપુ! આહાહા..!

એવા '**શુદ્ધ અંતઃતત્ત્વરૂપ મહા દુર્ગમાં (કિલ્લામાં) વસતો હોવાથી આત્મા નિર્ભય છે.**' એમાં રહેવામાં આત્મા નિર્ભય છે. '**એવો આ આત્મા ખરેખર ઉપાદેય છે.**' એવો આત્મા ઉપાદેય છે. પછી મોક્ષમાર્ગ નિશ્ચયને ઉપાદેય કહેવો, એ અપેક્ષિત છે. ખરેખર આ આત્મા ઉપાદેય છે, એને ઉપાદેયમાં સમ્યગ્દર્શન અને જ્ઞાન થાય છે, તો એને જન્મ-મરણનો અંત આવે છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૪૬, શ્લોક-૬૨ થી ૬૪, ગુરુવાર, શ્રાવણ સુદ ૧૦, તા.૨૧-૦૮-૧૯૮૦

---

'અમૃતાશીતિ'નો ૫૭મો શ્લોક આવ્યો છે.

**स्वरनिकरविसर्गव्यंजनाद्यक्षरैर्यद्**
**रहितमहितहीनं शाश्वतं मुक्तसंख्यम्।**
**अरसतिमिररूपस्पर्शगंधाम्बुवायुः**
**क्षितिपवनसखाणुस्थूलदिक्चक्रवालयम्।।**

આહાહા..! ભગવાનઆત્મામાં સ્વરસમૂહ નથી. આહાહા..! આ અક્ષરના સમૂહ એ તો જડની પર્યાય છે. આત્મામાં નથી. આહાહા..! જાણે આત્મા બોલતો હોય એવું લાગે. એમ લાગે. પરંતુ એમ નથી. આત્મા તો અરૂપી ચૈતન્ય આનંદઘન છે અને અક્ષર તો પરમાણુનો પિંડ છે. એ સ્વરસમૂહ .... આહાહા..! '**વિસર્ગ...**' નહિ. ભગવાનમાં વિસર્ગ.. આવે છે ને? કખગ એ વિસર્ગ પણ આત્મામાં નથી. '**વ્યંજનાદિ અક્ષરો...**' અંક આદિના અક્ષરો, એ કંઈ પણ નહિ. એટલે ૧, ૨, ૩, ૪ વગેરે એ આત્મામાં નથી. ક, ખ, ગ, ઘ જેમ આત્મામાં નથી, એમ ૧, ૨, ૩, ૪ સંખ્યા આત્મામાં નથી. આહાહા..!

'**અહિત વિનાનું છે,...**' પ્રભુ તો અહિત-રહિત છે. અહિતની અંદર ગંધ નથી. પૂર્ણાનંદનો નાથ શિવપૂરવાસી. એ અંદર રહેલા આસી. આસી એટલે છે. અંદર સ્વરૂપે ભગવાન પૂર્ણાનંદ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એમાં અહિત-રહિત શાશ્વત છે. આહાહા..! શબ્દો તો સહેલા છે. શબ્દો શબ્દ તરીકે છે, પણ અંતર સ્વરૂપમાં નથી. વ્યવહાર વ્યવહાર તરીકે છે પણ વસ્તુમાં નથી. આહાહા..! અક્ષરોનો સ્વર, શાસ્ત્રનો સમૂદાય કાને પડે પણ એ કાંઈ તારામાં નથી. આહાહા..! શાસ્ત્ર છે. છે. કાને પડે છે, પણ વસ્તુમાં નથી. આહાહા..! તારું કામ તો તારાથી કરવાનું છે. એ શાસ્ત્રશબ્દથી પણ તારું કામ થતું નથી. આહાહા..!

**'શાશ્વત છે,...'** ભગવાન તો પ્રભુ શાશ્વત અંદર છે. **'અંધકાર...'**થી રહિત છે. આત્મામાં અંધકારનો અંશ નથી, એ તો પ્રકાશનો પુંજ છે. આહાહા..! ચૈતન્યનો સાગર ઉછળે છે. ચૈતન્ય અંદરમાં ઉછળે છે. મુનિને પ્રગટ ઉછળે છે. પર્યાયમાં ઉછળે છે. દ્રવ્યમાં ઉછળતો દેખાય છે. આહાહા..! એ ઉછળતો દેખાય એની પર્યાયમાં સમ્યગ્દર્શનનું ઉછળવું થયા વિના રહે નહિ. અંધકાર રહિત **'તેમ જ સ્પર્શ,...'** રહિત. ભગવાનમાં સ્પર્શ નથી. કોને સ્પર્શે? કોને અડે? આહાહા..! આ બીજાની વાત છે, હોં! આ 'યોગીન્દ્રદેવ'નો શ્લોક છે.

**'રસ,...'** નથી. ખાટો-મીઠો રસ, એ રસ આત્મામાં નથી. તેમ ટાઢો, ઉનો, શીતળ, એ કોઈ સ્પર્શ આત્મામાં નથી. **'ગંધ...'** સુગંધ-દુર્ગંધ આત્મામાં નથી. **'રૂપ...'** આત્મામાં નથી. આહાહા..! **'પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુના અણુઓ રહિત છે...'** આહાહા..! પૃથ્વીના અણુઓ રહિત, પાણીના અણુઓ રહિત, અગ્નિના અણુઓ રહિત, વાયુના અણુઓ રહિત. વાયુ વાયુ તરીકે છે. આ ભગવાનમાં એ નથી. આહાહા..! **'તથા સ્થૂલ દિક્ચક્ર (દિશાઓના સમૂહ)..'** પૂર્વ, પશ્ચિમ એ દિશા આત્મામાં નથી. આહાહા..! એ તો ચિદાનંદ સ્વરૂપ, સહજાત્મસ્વરૂપ, પરમાનંદનો નાથ એકલો આનંદગંજ, આનંદનો પિંડ પ્રભુ, એમાં આ અક્ષર આદિ કે દિશાઓ. પૂર્વ દિશા કે પશ્ચિમ દિશા એ કોઈ આત્મામાં નથી. આહાહા..! **'(દિશાઓના સમૂહ) રહિત છે.'** એ આધાર આપ્યો છે. હવે ટીકાકાર પોતે (શ્લોક કહે છે).

## શ્લોક-૬૨

(मालिनी)

**दुरघवनकुठारः प्राप्तदुष्कर्मपारः**
**परपरिणतिदूरः प्रास्तरागाब्धिपूरः।**
**हतविविधविकारः सत्यशर्माब्धिनीरः**
**सपदि समयसारः पातु मामस्तमारः।।६२।।**

**વળી (૪૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ સાત શ્લોક કહે છે) :–**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**[શ્લોકાર્થ :–] જે (સમયસાર) દુષ્ટ પાપોના વનને છેદવાનો કુહાડો છે, જે દુષ્ટ કર્મોના પારને પહોંચ્યો છે (અર્થાત્ જેણે કર્મોનો અંત આણ્યો છે), જે પરપરિણતિથી દૂર છે, જેણે રાગરૂપી સમુદ્રના પૂરને નષ્ટ કર્યું છે, જેણે વિવિધ વિકારોને હણી નાખ્યા છે, જે સાચા સુખસાગરનું નીર છે અને જેણે કામને અસ્ત કર્યો છે, તે સમયસાર મારું શીઘ્ર રક્ષણ કરો. ૬૨.**

## શ્લોક–૬૨ ઉપર પ્રવચન

**'વળી (૪૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ સાત શ્લોક કહે છે) :'** આ ગાથા પૂર્ણ કરતા સાત શ્લોક કહે છે.

**दुरघवनकुठारः प्राप्तदुष्कर्मपारः**
**परपरिणतिदूरः प्रास्तरागाब्धिपूरः।**
**हतविविधविकारः सत्यशर्माब्धिनीरः**
**सपदि समयसारः पातु मामस्तमारः।।६२।।**

ભગવાનઆત્મા એટલે 'સમયસાર' કહ્યું. આત્મા કહો કે 'સમયસાર' કહો. આહાહા..! ભગવાનઆત્મા **'જે (સમયસાર) દુષ્ટ પાપોના વનને છેદવાનો કુહાડો છે,....'** એ અપેક્ષાથી કહ્યું છે. એમાં છે નહિ. પણ **'દુષ્ટ પાપોના વનને છેદવાનો કુહાડો છે,..'** એમ કહ્યું. છે નહિ. **'દુષ્ટ પાપોના વનને છેદવાનો...'** કેમ કે પાપ હોય, પાપરૂપ વન-વિસ્તાર હોય, એને છેદે ત્યારે કુહાડો કહેવાય. પણ આત્મામાં તો એ નથી. આહાહા..! **'જે દુષ્ટ કર્મોના પારને પહોંચ્યો છે...'** ભગવાન અંદર દુષ્ટકર્મ આવે છે... આહાહા..! અને એના ફળરૂપી ભાવ પણ પોતામાં દેખાય છે, પણ એ વસ્તુમાં નથી. આત્મતત્ત્વમાં કોઈ કર્મનું ફળ નથી. આહાહા..!

**'જે દુષ્ટકર્મોના પારને પહોંચ્યો છે (અર્થાત્ જેણે કર્મોનો અંત આણ્યો છે),...'** આહાહા..! 'કર્મ બિચારે કૌન? ભૂલ મેરી અધિકાઈ.' એ ભૂલ પણ સ્વરૂપમાં નથી. આહાહા..! ભૂલ તો પર્યાયમાં છે. વ્યવહાર તરીકે ભૂતાર્થ છે. ચૌદમી ગાથામાં કહ્યું ને? વ્યવહાર તરીકે ભૂતાર્થ છે, નિશ્ચય તરીકે નથી. અંદર વાસ્તવિક તત્ત્વમાં એ ચીજ નથી. આહાહા..! **'(અર્થાત્ જેણે કર્મોનો અંત આણ્યો છે), જે પરપરિણતિથી દૂર છે,...'** રાગની પરિણતિથી ભગવાન અંતરમાં દૂર છે. પરિણતિને અડતો નથી. એવો દ્રવ્યસ્વભાવ ભગવાનઆત્મા...આહાહા..! સવારે કહ્યું હતું ને? ચાહે તો અક્ષરના અનંતમાં ભાગમાં પર્યાયમાં વિકાસ થઈ જાય, પણ વસ્તુ તો જેટલી છે તેટલી જ છે. ચાહે તો કેવળજ્ઞાન થઈ જાય. જરી કઠણ વાત છે. દ્રવ્ય તો એવું ને એવું એટલું જ છે. દ્રવ્યમાં કોઈ વધઘટ થાય છે એવું ત્રણકાળમાં બનતું નથી. એવી કોઈ અલૌકિક અચિંત્ય ચમત્કારિક વસ્તુ આત્મા છે. આહાહા..! કે અક્ષરના અનંતમા ભાગે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પર્યાય રહે, તો બીજી શક્તિ તો વિશેષ આમાં રહેવી જોઈએ ને? કે ના, એ તો જે છે એ છે. કેવળજ્ઞાન પ્રગટ થાય છે ત્યારે પૂર્ણ દશા પ્રગટ થઈ, એવી દશા (પ્રગટી) તો એટલી તો અંદરમાં ઘટાડો થયો ને? આહાહા..! એમાં ખામી-બામી નથી. કેવળજ્ઞાન હોય તો ખામી નથી, અને અક્ષરના અનંતમાં ભાગે નિગોદમાં રહ્યો તો પુષ્ટિ નથી. એ તો અનાદિ-અનંત એકરૂપ સચ્ચિદાનંદ પ્રભુ, સમ્યગ્દર્શનનો વિષય, પૂર્ણાનંદના નાથમાં વધ-ઘટ છે નહિ. આહાહા..!

**'પરપરિણતિથી દૂર છે, જેણે રાગરૂપી સમુદ્રના પૂરને નષ્ટ કર્યું છે,..'** નષ્ટ કર્યું છે એમ વાત કરે છે. પણ એમાં છે જ નહિ. પણ સમજાવવું છે ને? **'જેણે રાગરૂપી સમુદ્રના પૂરને નષ્ટ કર્યું છે,...'** આહાહા..! એવા સાચા સુખસાગરનું નીર છે. પણ વસ્તુ તો એવી ને એવી જ છે. એને કોઈ અહીંયા રાગનો નાશ કરવો (એમ નથી). એ તો રાગ હતો, તે સ્વભાવના આશ્રયે નાશ થયો માટે એમ કહે છે. બાકી સ્વભાવ છે એ નાશ કરશે તો રહેશે એમ નથી. આહાહા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ, જ્ઞાન-આનંદમાં જેમ કાયમ બિરાજમાન છે, એવી ને એવી ચીજ અનાદિઅનંત છે. આહાહા..!

**'રાગરૂપી સમુદ્રના પૂરને નષ્ટ કર્યું છે,...'** અર્થાત્ રાગરૂપી સમુદ્રનું પૂર જેમાં છે જ નહિ. **'જેણે વિવિધ વિકારોને હણી નાખ્યા છે,...'** આહાહા..! હણી નાખ્યા છે. યા હવન. આહાહા..! **'જે સાચા સુખસાગરનું નીર છે...'** સાચા સુખસાગરના જળથી ભરેલો, સાચા સુખસાગરના નીરથી ભરેલો એવો પ્રભુ છે. એને કોઈ વ્યવહાર-ફ્યવહાર અંદરમાં નથી. વ્યવહાર, વ્યવહારમાં છે, અંતરમાં નથી. આહાહા..! **'જેણે વિવિધ વિકારોને હણી નાખ્યા છે,...'** આહાહા..! **'જે સાચા સુખસાગરનું નીર છે અને જેણે કામને અસ્ત કર્યો છે,...'** આહાહા..! કામ એટલે વાસના. કોઈપણ સ્વર્ગના સુખની કે કોઈ બહારના સુખની, ચીજની વિશેષતા, વિસ્મયતા, અધિકતા લાગે એવું એમાં છે જ નહિ, એનાથી રહિત છે. એને અહીં નાશ કર્યો એમ કહેવામાં આવ્યું છે.

**'તે સમયસાર...'** તે સમયસાર જુઓ! આત્મા ત્રિકાળી. **'મારું શીઘ્ર રક્ષણ કરો.'** શીઘ્ર રક્ષણ કરો એ પર્યાય છે. 'સમયસાર' એ દ્રવ્ય છે. આહાહા..! એ 'સમયસાર' દ્રવ્યમાં એ વાત કહી, નાશ કરી એ બધી વાત વ્યવહાર છે એ બતાવ્યું છે. અંદરમાં કાંઈ નથી. એ તો નિર્મળાનંદ સચ્ચિદાનંદ પ્રભુ! અમૃતના સાગરથી ભરેલો સુખસાગરનું પૂર છે, અતીન્દ્રિય આનંદનું પૂર છે. આહાહા..! આ સમ્યગ્દર્શનનો વિષય બતાવે છે. આહાહા..! એ ચીજને જાણ્યા વિના, ઉપરની બધી ક્રિયાકાંડ સંસાર છે.

**'તે સમયસાર મારું શીઘ્ર રક્ષણ કરો.'** આહાહા..! એ 'સમયસાર' મેં જે દૃષ્ટિમાં લીધું છે તો મારી રક્ષા થશે. મને સિદ્ધપદ મળશે. એમ મારી રક્ષા કરો એમ કહ્યું છે. આહાહા..! 'સમયસાર' ભગવાનને મેં પકડ્યા છે, તો મારી મુક્તિ થશે એ તો પર્યાયમાં છે. એ મારી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



રક્ષા કરો. રાગાદિ, વ્યવહારની વાત છોડો. મારી રક્ષા આ 'સમયસાર' કરશે. આહાહા..! વ્યવહારરત્નત્રયને વ્યવહારથી સત્યાર્થ કહ્યું છે પણ એ કોઈ રક્ષા કરનારી ચીજ નથી. આહાહા..! વ્યવહારથી સત્ય પણ કહ્યું છે. પણ એ કોઈ વસ્તુસ્થિતિ નથી. સચ્ચિદાનંદ પ્રભુ આગળ એ ચીજની કોઈ કિંમત નથી.

**'જેણે કામને અસ્ત કર્યો છે, તે સમયસાર...'** 'પદ્મપ્રભમલધારીદેવ' મુનિ કહે છે, જેને ત્રણ કષાયનો અભાવ છે, જેને અકષાય, ત્રણ કષાયનો અભાવ (થઈને) આનંદ (પ્રગટ થયો) છે. અભાવ એટલે પર્યાયમાં આનંદ અને શાંતિ પ્રગટી છે. સમ્યગ્દૃષ્ટિને તો સમ્યગ્દર્શન મિથ્યાત્વ અને અનંતાનુબંધીના અભાવ પૂરતી શાંતિ અને સુખ આવ્યું છે. મુનિને તો ત્રણ કષાયના અભાવનું આનંદ અને સુખ આવ્યું છે. આહાહા..! એ કહે છે, એ 'સમયસાર' મારી રક્ષા કરો. પ્રભુ ત્રિકાળી દ્રવ્ય મારી રક્ષા કરો. મારો નાથ શાશ્વત છે, તે મારી રક્ષા કરો. આહાહા..! મારી પ્રાપ્ત નિર્મળ પર્યાયમાં એનું આલંબન છે એ રક્ષા કરો એમ કહે છે. આહાહા..! નિર્મળ પર્યાય પ્રગટ કરવામાં કોઈ વ્યવહાર કે વિકલ્પનો આધાર છે એમ નથી. વિકલ્પ, વિકલ્પપણે છે. પણ અંદરમાં એનો આધાર લાભદાયક છે, એમ બિલકુલ નથી. આહાહા..!

**'શીઘ્ર રક્ષણ કરો.'** હવે આ ક્રમબદ્ધ ક્યાં ગયું? શીઘ્ર કહે છે ને? અલ્પકાળમાં થાઓ. એનો અર્થ એ છે, પ્રભુ! જેણે 'સમયસાર' પકડ્યો, તેને કેવળજ્ઞાન પ્રાપ્ત કરવામાં અલ્પકાળ જ છે. એના ક્રમમાં અલ્પકાળ જ છે. છે તો ક્રમસર, ક્રમબદ્ધ. ત્રણકાળ, ત્રણલોકમાં બધી પર્યાય ક્રમબદ્ધ છે. આહાહા..! જે સમયે, જે કાળે, જે સંયોગે, જે પર્યાય ઉત્પન્ન થવાની છે તે થશે, થશે ને થશે જ. પણ અહીંયા તો કહે છે, કે મારી રક્ષા તો 'સમયસાર' કરો. આહાહા..! મારું ધ્યાન દ્રવ્ય ઉપર છે, મારું ધ્યાન પદાર્થ ઉપર છે એ જ મારી રક્ષા કરે છે. કેવળજ્ઞાન પ્રાપ્ત કરવામાં અને મોક્ષમાર્ગ રાખવામાં એની મદદ છે. નિશ્ચય મોક્ષમાર્ગ રાખવામાં, નિશ્ચય મોક્ષમાર્ગ ઉત્પન્ન કરવામાં અને મોક્ષ ઉત્પન્ન કરવામાં એનો આધાર છે. આહાહા..! આવી વાત છે.

આત્મા શું ચીજ છે એ લોકોએ સાંભળી નથી. આત્મા તો મહાપ્રભુ અનંત અનંત પ્રભુ શક્તિથી (ભરેલો છે). એક શક્તિ નહિ. અનંત અનંત શક્તિથી ભર્યો પ્રભુ ભગવાન એ અહીં આચાર્ય મહારાજ મુનિ કહે છે, મારી રક્ષા કરે છે. મારા ધ્યાનમાં આ ચીજ છે. એ મારી રક્ષા કરે છે. હું રાગ મંદ કરું તો મને લાભ થાય છે, એવી કોઈ ચીજ મારી પાસે નથી. આહાહા..! એક 'સમયસાર' મારી રક્ષા કરે છે. આહાહા..! 'પદ્મપ્રભમલધારીદેવ'ની આ ટીકા છે. એ ૬૨મો શ્લોક થયો.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# શ્લોક–૬૩

(मालिनी)

जयति परमतत्त्वं तत्त्वनिष्णातपद्म-
प्रभमुनिहृदयाब्जे संस्थितं निर्विकारम्।
हतविविधविकल्पं कल्पनामात्ररम्याद्
भवभवसुखदुःखान्मुक्तमुक्तं बुधैर्यत्।।६३।।

**[શ્લોકાર્થ :–] જે તત્ત્વનિષ્ણાત (વસ્તુસ્વરૂપમાં નિપુણ) પદ્મપ્રભમુનિના હૃદયકમળમાં સુસ્થિત છે, જે નિર્વિકાર છે, જેણે વિવિધ વિકલ્પોને હણી નાખ્યા છે, અને જેને બુધપુરુષોએ કલ્પનામાત્ર-રમ્ય એવાં ભવભવનાં સુખોથી તેમ જ દુઃખોથી મુક્ત (રહિત) કહ્યું છે, તે પરમતત્ત્વ જયવંત છે. ૬૩.**

## શ્લોક–૬૩ ઉપર પ્રવચન

હવે ૬૩મો શ્લોક.

जयति परमतत्त्वं तत्त्वनिष्णातपद्म-
प्रभमुनिहृदयाब्जे संस्थितं निर्विकारम्।
हतविविधविकल्पं कल्पनामात्ररम्याद्
भवभवसुखदुःखान्मुक्तमुक्तं बुधैर्यत्।।६३।।

આહાહા..! **'જે તત્ત્વનિષ્ણાત (વસ્તુસ્વરૂપમાં નિપુણ)...'** છે. ભગવાનઆત્મા જેવી અસ્તિ સમ્યક્, સત્ય જેટલી છે, એમાં જે નિપુણ છે, એ **'પદ્મપ્રભમુનિના હૃદયકમળમાં સુસ્થિત છે,...'** આહાહા..! આ મુનિપણું. એવું જે વસ્તુસ્વરૂપ નિરૂપણ, વસ્તુસ્વરૂપમાં મહા નિપુણ, તત્ત્વનિષ્ણાંત 'પદ્મપ્રભમલધારી' મુનિ કહે છે કે મારા હૃદયકમળમાં સુસ્થિત છે. આહાહા..! ત્રણ કષાયનો અભાવ છે. મહામુનિપણું! ગજબ વાત છે, ભાઈ! આહાહા..! મુનિ તો પરમ ઇષ્ટ છે. પરમેષ્ઠીમાં મુનિ ભળી ગયા છે. એ અહીં કહે છે કે, અમારી રક્ષા તો 'સમયસાર' ત્રિકાળી ભગવાન, એ અમારા દ્રવ્યમાં ધ્યેય વર્તે છે, એ જ અમારી રક્ષા કરે છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'જે તત્ત્વનિષ્ણાત પદ્મપ્રભમુનિના હૃદયકમળમાં...'** અહીંયા હૃદય–જ્ઞાનમાં. હૃદય એટલે જ્ઞાન, એ કમળમાં સુસ્થિત છે. મારા હૃદયકમળમાં ભગવાન પૂર્ણાનંદ સુસ્થિત છે. આહાહા..! **'જે નિર્વિકાર છે,...'** ભગવાનઆત્મા સમ્યગ્દર્શનનો વિષય, સમ્યગ્દર્શનનું ધ્યેય, સમ્યગ્દર્શનનો આશ્રય એ નિર્વિકાર છે, એ નિર્વિકાર છે. **'જેણે વિવિધ વિકલ્પોને હણી નાખ્યા છે,...'** આહાહા..! વિવિધ વિકલ્પ એટલે ગમે તે પ્રકારના વિકલ્પ. ગુણ-ગુણીના ભેદનો પણ વિકલ્પ જેમાં નથી. નથી તો એનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. આહાહા..! મુનિને શબ્દો થોડા પડે છે. આત્માને કઈ રીતે મુકવો, એ માટે શબ્દો થોડા પડે છે. આહાહા..! કેમ કે સ્વરરહિત છે. એ તો પહેલા કહ્યું. શબ્દરહિત છે, વાણીરહિત છે, વિકલ્પરહિત છે. હવે એને કહેવો છે કે આત્મા આવો. આહાહા..! એ તો મારા હૃદયમાં સ્થિત છે. એ તો હું જાણું છું. એમ કહે છે. એ પરમાત્મા મારા હૃદયમાં સ્થિત છે. હું જાણું છું, અનુભવું છું, એ નિર્વિકાર છે.

**'જેણે વિવિધ વિકલ્પોને હણી નાખ્યા છે, અને જેને બુધપુરુષોએ કલ્પનામાત્ર-રમ્ય...'** આહાહા..! **'એવા ભવભવનાં સુખોથી...'** આહાહા..! ભવભવમાં દેવનું સુખ, અબજોપતિનું સુખ, કરોડોપતિનું સુખ, એ ભવભવમાં જે કલ્પનામાત્ર સુખ... આહાહા..! રમ્ય. **'કલ્પનામાત્ર-રમ્ય...'** કલ્પનાથી માને છે. સુખ છે નહિ. સ્વર્ગમાં પણ સુખ નથી. અબજોપતિ પણ સુખી નથી. એ કલ્પનાથી માને છે કે અમે સુખી છીએ. આહાહા..! મૂઢ છે. પૈસા આદિથી સુખી, કરોડપતિ, અબજોપતિ... આહાહા..! ત્યાં 'નાઈરોબી' ગયા હતા. આહાહા..! પંદર તો અબજપતિ! સાડા ચારસો કરોડપતિ. સાડા ચારસો કરોડપતિ. એ તો બધું ધૂળ છે. બધા સાંભળવા આવતા હતા. અને તમે પૈસા-બૈસા લખીને મંદિરમાં ખર્ચો છો, માટે એ ક્રિયા તમે કરી શકો છો, આત્મા મંદિર બનાવી શકે છે, એમ નથી. શુભભાવ પુણ્ય છે. પુણ્યબંધ થશે. એમાં આત્માનું કલ્યાણ નથી. આહાહા..! નહિતર એ તો પચ્ચીસ લાખનું (મંદિર) બનાવવાના છે. પચ્ચીસ લાખનું એક મંદિર. સાંઈઠ લાખ રૂપિયા ભેગા કર્યા છે. આહાહા..! ચૈતન્યના આનંદ આગળ કોઈ ચીજની કિંમત નથી. કોઈ ચીજની કિંમત જ નથી. આહાહા..!

**'ભવભવનાં સુખોથી...'** કેવું? **'બુધપુરુષોએ કલ્પનામાત્ર-રમ્ય...'** દુનિયાના સુખ કલ્પનામાત્ર-રમ્ય. આહાહા..! સ્ત્રીનું સુખ, પૈસાનું સુખ, આબરૂનું સુખ, પ્રશંસા... ઓહોહો..! ઘણી પ્રશંસા કરે તો અંદર રાજી થાય.. આહાહા..! એ બધું કલ્પનામાત્ર-રમ્ય છે. **'કલ્પનામાત્ર-રમ્ય એવા ભવભવનાં સુખોથી તેમ જ દુઃખોથી...'** ભવભવના સુખ અને દુઃખ. અહીંયા ભવભવમાં સુખ કહ્યું ખરું. ભવભવમાં સુખ કહ્યું. દેવલોકમાં. એ કલ્પના કરે છે તો કહ્યું ખરું. ભવભવમાં સુખ અને દુઃખ. તો ભવભવમાં જે દેવલોક આદિ(માં) સુખ માને છે એ વાત કહી. આહાહા..! એ કલ્પનામાત્ર સુખ અને કલ્પનામાત્ર દુઃખ છે. એ **'દુઃખોથી મુક્ત (રહિત) કહ્યું છે,...'** ત્રણલોકના નાથ જિનવરદેવે દિવ્યધ્વનિ દ્વારા ભગવાનને રમ્ય–કલ્પનામાત્ર ભવભવના સુખ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અને દુઃખથી રહિત કહ્યો છે. આત્મામાં એ કાંઈ છે જ નહિ. આહાહા..! કલ્પના કરો કે અમે પૈસાથી સુખી છીએ, નીરોગ છીએ માટે સુખી છીએ, આઠ-દસ દીકરા સારા કમાઉ થયા માટે અમે સુખી છીએ. કલ્પના કરો. કલ્પનામાત્ર રમ્ય છે. આહાહા..!

**'તે પરમતત્ત્વ જયવંત છે.'** આહાહા..! શું કહે છે? એ દુઃખથી રહિત થયો **'તે પરમતત્ત્વ જયવંત છે.'** આહાહા..! એ પોતાની સ્થિતિ બતાવે છે. પરમતત્ત્વ જગતમાં જયવંત નથી પણ અહીં જયવંત દેખાય છે. અમારો પ્રભુ અમને દેખાય છે. એ જયવંત છે. આહાહા..! જેવો અમે કહીએ છીએ એવો જયવંત છે. એવું અમારા અનુભવમાં આવ્યું છે. આહાહા..! એમ કહે છે.

**'પરમતત્ત્વ જયવંત છે.'** જયવંત છે એટલે કોઈકનું તત્ત્વ જયવંત છે એમ નહિ. અમારો ભગવાન પરમતત્ત્વ હૃદયમાં જણાય છે એ જયવંત વર્તે છે. આહાહા..! આ મુનિની દશા. જેને ભગવાન હૃદયકમળમાં સદા નિરંતર જયવંત વર્તે છે. આહાહા..! જેને હાલવા, ચાલવાનો, ખાવા, પીવાનો વિકલ્પમાં પણ દુઃખ લાગે. એના ઉપર લક્ષ નથી. ભગવાન નિર્મળાનંદ અંદર બિરાજમાન છે એના ઉપર દૃષ્ટિ થવાથી જયવંત વર્તે છે. એવો રાગાદિ આવ્યો માટે અડચણ થઈ કે વિઘ્ન આવ્યું એમ નથી. આત્મા અંદર જયવંત વર્તે છે. આહાહા..! અમારી પર્યાયના અનુભવથી અમે કહીએ છીએ કે આ આત્મા આવો જયવંત વર્તે છે. આહાહા..! ગજબ વાત છે. દિગંબર મુનિઓની એક એક ભાષા બહુ ઊંડી, ઘણી ઊંડી. જયવંત વર્તે છે એ સમજાણું? ભગવાન જયવંત વર્તે છે.

અહીં તો **'દુઃખોથી મુક્ત (રહિત) કહ્યું છે, તે પરમતત્ત્વ જયવંત છે.'** આહાહા..! અમારી દૃષ્ટિમાં, જ્ઞાનમાં એ આવ્યું છે. જે વસ્તુ જણાઈ નથી એને જયવંત કેમ કહેવાય? આ ચીજ આવી છે, આ વસ્તુ આવી છે, એ વસ્તુ જણાયા વગર આવી છે એમ કેમ કહેવી? આહાહા..! મુનિરાજની મસ્તી છે! આ ભગવાન, જે અમે કહ્યો, તે અમારા જ્ઞાનમાં, ખ્યાલસહિત અમને જયવંત વર્તે છે એમ કહે છે. આહાહા..! એ ૬૩મો શ્લોક થયો.

## શ્લોક–૬૪

(मालिनी)

**अनिशमतुलबोधाधीनमात्मानमात्मा**
**सहजगुणमणीनामाकरं तत्त्वसारम्।**
**निजपरिणतिशर्माम्भोधिमज्जन्तमेनं**
**भजतु भवविमुक्त्यै भव्यताप्रेरितो यः।।६४।।**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**[શ્લોકાર્થ :–] જે આત્મા ભવ્યતા વડે પ્રેરિત હોય, તે આત્મા ભવથી વિમુક્ત થવા અર્થે નિરંતર આ આત્માને ભજો–કે જે (આત્મા) અનુપમ જ્ઞાનને આધીન છે, જે સહજગુણમણિની ખાણ છે, જે (સર્વ) તત્ત્વોમાં સાર છે અને જે નિજ પરિણતિના સુખસાગરમાં મગ્ન થાય છે. ૬૪.**

## શ્લોક–૬૪ ઉપર પ્રવચન

૬૪ મો શ્લોક.

**अनिशमतुलबोधाधीनमात्मानमात्मा**
**सहजगुणमणीनामाकरं तत्त्वसारम्।**
**निजपरिणतिशर्माम्भोधिमज्जन्तमेनं**
**भजतु भवविमुक्त्यै भव्यताप्रेरितो यः।।६४।।**

આહાહા..! **'જે આત્મા ભવ્યતા વડે પ્રેરિત હોય,..'** આહાહા..! પોતાની યોગ્યતા દ્વારા પ્રેરિત થયો છે. ભવી તો ભલે અનંત હોય. અભવી તો અનંતમે ભાગે છે. એક અભવી અને અનંત ભવી. એમ જીવની સંખ્યા છે. પણ અહીંયા અનંત ભવીમાં પણ જેને ભવ્યતા પ્રેરિત થઈ છે. આહાહા..! અંતરમાં આત્માની યોગ્યતા પ્રેરિત થઈ છે. આહાહા..! **'ભવ્યતા દ્વારા પ્રેરિત હોય, તે આત્મા ભવથી વિમુક્ત થવા અર્થે...'** આહાહા..! નહિતર તો પંચમઆરો છે ને, પ્રભુ! પંચમઆરાના મુનિ મોક્ષે નહિ જાય, દેવમાં જશે.

અહીં તો કહે છે, **'ભવથી વિમુક્ત થવા અર્થે નિરંતર આ આત્માને ભજો–..'** ભવથી વિમુક્ત થવા અર્થે નિરંતર આત્માને ભજો. બીજો કોઈ હેતુ નહિ. આહાહા..! ભવનો અભાવ કરવા માટે પ્રભુ! તારા આત્માને તું ભજ, તારો ભગવાન તારી પાસે છે. પાસે છે શું? તું ભગવાન જ છો. આહાહા..! કેમ બેસે? એક જ્યાં કેરીનો રસ સારો આવ્યો હોય, થાળીમાં પૂરણપોળી આવી હોય, ત્યાં અંદરમાં ગલગલિયા થઈ જાય. અરે..! પ્રભુ! એ ચીજની તો આત્મામાં ગંધ પણ નથી. તું એને જોવે છે એ પણ વ્યવહાર છે. એને જોવે છે એ વ્યવહાર છે. પોતાને જોવું એ નિશ્ચય છે. આવી ચીજમાં લલચાણો? આહાહા..!

અહીં કહે છે, **'ભવ્યતા વડે પ્રેરિત હોય, તે આત્મા ભવથી વિમુક્ત થવા અર્થે નિરંતર આ આત્માને ભજો—'** ભવથી વિમુક્ત (થવા માટે) આત્માનું ભજન. ભગવાનનું ભજન પણ નહિ. ભક્તિ બે પ્રકારની છે : નિજભક્તિ અને પરભક્તિ. 'જયસેનાચાર્ય'ની ટીકામાં છે. 'સમયસાર'ની ટીકામાં બે પ્રકારની ભક્તિ છે. નિજભક્તિ અને પરભક્તિ એવો પાઠ છે. એ નિજભક્તિ પોતાને કલ્યાણકારક છે. પરભક્તિ તો પુણ્યબંધનું કારણ છે. આહાહા..! 'સમયસાર' 'જયસેનાચાર્ય'ની ટીકામાં છે. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અહીંયા કહે છે, **'આત્મા ભવથી વિમુક્ત થવા અર્થે...'** કોઈપણ હેતુ કરીને તું દયા, દાન, વ્રતનો વિકલ્પ કર એ કોઈ વસ્તુ નથી. એ તો મિથ્યાત્વ છે. આહાહા..! કંઈપણ રાગાદિ કરું અને એમાંથી કાંઈક મળશે, એ તો મિથ્યાત્વ છે. અહીંયા તો **'ભવથી વિમુક્ત થવા અર્થે નિરંતર આ આત્માને ભજો—'** આત્માને ભજો, આત્માની ભક્તિ કરો. એ અતીન્દ્રિય આનંદનો નાથ, તેની સન્મુખ થઈને એને ભજો. પરથી વિમુખ થઈને, પ્રભુની સન્મુખ થઈને પ્રભુને ભજો. આહાહા..! ગજબ વાત છે. અરે..! મૂળ વાત સાંભળવા મળે નહિ એ ક્યારે કરે બિચારા? આહાહા..!

આજે 'લંડન'થી કાગળ આવ્યો છે. 'પ્રેમચંદ' છે ને એક? એક 'પ્રેમચંદ' છે. બહુ વૈરાગી ને 'લંડન'માં મહાજન છે. કાગળ આવ્યો હતો. એટલી ખુશાલી... ખુશાલી.. એમ કહે છે, અમે વાંચીએ છીએ એમાં એટલો આહલાદ અમને આવે છે, કે આ અનાર્ય દેશમાં અમને શું ચીજ મળી! સ્વાધ્યાય કરે છે. ૨૫-૫૦ માણસો એકઠા થાય છે. થોડા-થોડા વધે છે. 'લંડન'માં પણ વાંચે છે અને વધે છે. આહાહા..! 'લંડન' હોય કે કાઠિયાવાડ હોય, આત્મામાં શું છે? આત્મામાં તો દેશ છે નહિ એ તો પહેલા કહ્યું. આત્મામાં દિશા નથી ત્યાં દેશ ક્યાંથી હોય? આત્મામાં દિશા નથી. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ આદિ દિશા નથી ત્યાં દેશ ક્યાંથી આવ્યો? આહાહા..! એનો સ્વદેશ તો પરમાત્માસ્વરૂપ એ પોતાનો સ્વદેશ છે. ત્યાં ભગવાન બિરાજે છે. આહાહા..!

**'ભવથી વિમુક્ત થવા અર્થે નિરંતર આ આત્માને ભજો–કે જે (આત્મા) અનુપમ જ્ઞાનને આધીન છે,..'** જુઓ! કહે છે, ભજો એમાં ભજી શકાય છે કે નહિ? ભજો એમ કહ્યું પણ ભજી શકાય છે કે નહિ? તો કહે છે, **'અનુપમ જ્ઞાનને આધીન છે,...'** આહાહા..! પણ અનુપમ જ્ઞાનના આધીન, હોં! શાસ્ત્રજ્ઞાનને આધીન નહિ. અનુપમ. અંતરમાં જે જ્ઞાનને ઉપમા નથી એવો અનુપમ જ્ઞાનને આધીન આત્મા છે. આહાહા..! કોઈ શાસ્ત્રના જ્ઞાનથી મળી જાય એ ચીજ એવી નથી. એ તો પહેલા કહ્યું ને? સ્વર, વ્યંજન, અક્ષર, વિસર્ગ કાંઈ આત્મામાં નથી. જે નથી એનાથી આત્મા કઈ રીતે મળે? આહાહા..!

**'જે (આત્મા) અનુપમ જ્ઞાનને આધીન છે,...'** ઓહોહો..! શબ્દો તો બહુ થોડા છે. અનુપમ જ્ઞાન–જેની ઉપમા ન દઈ શકાય, એવું અંતરમાં જ્ઞાન ઉત્પન્ન થયું. અંતર જ્ઞાનમાં જ્ઞાન ઉત્પન્ન થયું, એ અનુપમ જ્ઞાનને આધીન ભગવાન છે. એ અનુપમ જ્ઞાનને આધીન ભગવાન પ્રાપ્ત થાય છે. કોઈ બાહ્યજ્ઞાનથી આત્મા પ્રાપ્ત થતો નથી. આહાહા..! ગજબ વાત છે. વ્યવહાર છે. વ્યવહારને પણ વ્યવહાર તરીકે ભૂતાર્થ કહ્યો છે. છે તરીકે છે, આદરણીય નથી, અનુસરણ કરવા લાયક નથી. આહાહા..! અહીંયા કહે છે, કે અનુપમ જ્ઞાનને આધીન. શાસ્ત્રજ્ઞાનને આધિન પણ એ નથી. એ તો અંતર ઉપમા રહિત ભગવાન બિરાજે છે, એની સન્મુખનું જ્ઞાન, એ જ્ઞાનને આધિન છે. એ જ્ઞાનને આધીન ભગવાન જણાય છે. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એક એક બોલ કઠણ પડે. આહાહા..!

**'સહજગુણમણિની ખાણ છે,...'** પ્રભુ કેવો છે? સ્વભાવિક ગુણમણી, ગુણરત્ન. ગુણરત્નની ખાણ છે. અનંતા... અનંતા... અનંતા... અનંતા.. ગુણમણિની ખાણ છે. આહાહા..! જે ખાણમાંથી કાઢતા કાઢતા પાર ન આવે. અનંતગુણ કેવળજ્ઞાન પ્રગટ થઈ જાય તો પણ પાર ન આવે એવો એ ખજાનો છે. આહાહા..! એવો આ આત્મા નિજ ખજાનો છે. **'સહજગુણમણિ...'** સ્વભાવિકગુણરૂપી રત્નની ખાણ. આહાહા..! દુનિયાના રત્ન-ફતન.. 'રજનીભાઈ'! તમારા રત્નની કિંમત અહીં કાંઈ ન મળે એમ કહે છે. આહાહા..! અહીં કરોડો રૂપિયા હોય એ જાણે (કે) અમે કેવા સુખી. દુઃખી છે. પરદ્રવ્ય તરફના લક્ષમાં આપદા અને વિપદા છે.

એ અહીં કહે છે. **'અનુપમ જ્ઞાનને આધીન છે,...'** આહાહા..! અને **'સહજગુણમણિની ખાણ છે,...'** એ અનુપમ જ્ઞાન પ્રગટ કરવા માટે કોઈ બહારના આધારની જરૂર નથી. આહાહા..! પ્રભુ! તું પૂર્ણાનંદની ખાણ છો ને, નાથ! આહાહા..! અનંતગુણરૂપી મણિરત્ન. અનંતગુણરૂપી રતન–મણિની ખાણ. આહાહા..! એમાંથી સંસાર ઉત્પન્ન થાય એવી તારી ચીજ નથી. આહાહા..! રાગ ઉત્પન્ન થાય એવી કોઈ વસ્તુ જ નથી. **'સહજગુણમણિની ખાણ છે,...'** એ તો સ્વભાવિક ગુણમણિની ખાણ છે. નિર્મળ ગુણની પરિણતિ પ્રગટ થાય એવી ખાણ છે. આહાહા..! નિર્મળ ગુણની અવસ્થા, પરિણતિ પ્રગટે એવી એ ખાણ છે. કોઈ રાગથી નિર્મળ પરિણતિ પ્રગટે છે, વ્યવહાર કરતા કરતા થશે. વ્યવહાર છે પણ એનાથી પ્રગટતું નથી. આહાહા..!

**'સહજગુણમણિની ખાણ છે, જે (સર્વ) તત્ત્વોમાં સાર...'** આહાહા..! નવતત્ત્વ ભલે કહો, મોક્ષતત્ત્વ કહો, સંવર-નિર્જરા તત્ત્વ, ધર્મતત્ત્વ, પણ સર્વ તત્ત્વમાં સાર આત્મા છે. એ તો બધી પર્યાય છે. આહાહા..! એક-એક શબ્દ આ છે. 'ધન્નાલાલજી'! ધન્ય કરે એ ધન્નાલાલ છે અહીં તો. આહાહા..! એવી વાત છે. ઘણો ફેર થઈ ગયો.

સૌનું કલ્યાણ થાઓ. બધા ભગવાન છે. અરે..! દુઃખી કોઈ ન રહો. પરિભ્રમણ કોઈને ન રહો. આહાહા..! દુઃખ જેમ પોતાને રુચતું નથી એમ સર્વ જીવોને નથી રુચતું. પ્રભુ! તમે સુખની ખાણ, મણિરત્નની ખાણ છો ને! એમાંથી સુખ નીકળોને, પ્રભુ! હાથે કરીને દુઃખી (થાય એ ન હો). અસ્તિતત્ત્વ, મણિરત્નથી ભરેલું તત્ત્વ, એની સન્મુખ ન દેખતા, બાહ્ય સન્મુખ જોઈને દુઃખી થાય છે, પ્રભુ! એ તને ન હો. આચાર્યોનો પોકાર છે. સર્વ જીવો... આહાહા..! આત્મા આનંદને પ્રાપ્ત કરો. આહાહા..! તારી ચીજ તને પ્રાપ્ત થાય એમાં શું છે? તારી વસ્તુ જ એવી છે. શું કહ્યું? જુઓ!

**'તત્ત્વોમાં સાર છે...'** બધા તત્ત્વો. સંવર, નિર્જરા, મોક્ષ આદિ ગમે તે તત્ત્વ હોય, એમાં સાર તો પ્રભુ છે. આહાહા..! **'અને જે નિજ પરિણતિના સુખસાગરમાં મગ્ન થાય**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**છે.**' વર્તમાન પછી એક લીધી. શું કહ્યું? કે આમ છે.. આમ છે... એમ કહે છે, પણ એમ અમારી પરિણતિમાં ભાસ થયો છે માટે એમ કહીએ છીએ. શું કહ્યું? **'જે નિજ પરિણતિના સુખસાગરમાં મગ્ન થાય છે.**' આહાહા..! વર્તમાન સુખ અને અતીન્દ્રિય આનંદની નિજ પરિણતિ, એવા ગુણસાગરમાં, **'સુખસાગરમાં મગ્ન થાય છે.**' એ પર્યાય લીધી. આ પરિણતિ દ્વારા જીવ જયવંત વર્તે છે એમ કહેવાય છે. જે ચીજ દૃષ્ટિમાં આવી નથી, જ્ઞાનમાં જ્ઞેય થઈ નથી, એ ચીજમાં સ્થિર થવું એ તો ક્યાંથી બને? પ્રભુ! જ્ઞાનમાં જ્ઞેય આવે છે, જ્ઞેયનું જ્ઞાન થાય છે ત્યારે એમાં લીન થવાની વાત છે. ચારિત્ર તો ત્યારે થાય છે. આહાહા..!

અહીં એ કહે છે, **'જે નિજ પરિણતિના...**' નિજ પરિણતિ એટલે વીતરાગ પરિણતિ. આહાહા..! રાગરહિત નિજ, નિર્વિકલ્પ પરિણતિ–દશા, નિર્વિકલ્પ દશા દ્વારા **'સુખસાગરમાં મગ્ન થાય છે.**' એવી ચીજ છે, એ ચીજની જ્યાં દૃષ્ટિ થઈ, તો નિજ પરિણતિના સુખસાગરમાં આત્મા મગ્ન થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એવો આત્મા છે.. (છે.. એમ નહિ.) છે પણ છે એમ જ્ઞાનમાં આવ્યું, ત્યારે એ છે. તો છે એવી પરિણતિ પણ થઈ. નિજ આત્માની સુખસાગરની પરિણતિમાં, છે એમ ભાસ્યું છે. આહાહા..!

એકવાર કહ્યું હતું ને? 'વીરજીભાઈ'ના દીકરાએ પૂછ્યું હતું. 'ત્રિભુવનભાઈ' 'રાજકોટ' રહે છે ને? કહેતા કે કારણ પરમાત્મા... કારણ પરમાત્મા તમે કહો છો, તો કારણ પરમાત્મા હોય તો કાર્ય તો આવવું જોઈએ. કોણે ના પાડી? કીધું. પણ કારણપરમાત્મા અંદર અનુભવમાં છે એમ આવે તેને કારણપરમાત્મા છે, કે કારણપરમાત્મા લક્ષમાં ધારી લીધું અને વસ્તુ તો ખ્યાલમાં (–ભાસમાં) આવી નહિ, તો કારણપરમાત્માનું કાર્ય કઈ રીતે થાય? આહાહા..! કારણપરમાત્મા છે... આહાહા..! પણ એ છે એનો પર્યાયમાં ખ્યાલ આવ્યા વિના એનું અસ્તિત્વ-હયાતી, હયાતીનો અનુભવ અને પર્યાયમાં આનંદ આવ્યા વિના, એની હયાતી કઈ રીતે સ્વીકારી? માટે કારણપરમાત્માનો સ્વીકાર કરનારને કાર્યમાં આનંદ આવ્યા વિના રહેતો જ નથી. એ પ્રશ્ન કર્યો હતો.

'વીરજીભાઈ'. કાઠિયાવાડમાં દિગંબરના શાસ્ત્રનો પ્રથમ અભ્યાસ 'વીરજીભાઈ'નો. 'વીરજી વકીલ'. ૯૧-૯૨ વર્ષે ગુજરી ગયા. 'જામનગર'. ઘણાં વર્ષનો અભ્યાસ. દિગંબરના શાસ્ત્રનો કાઠિયાવાડમાં પહેલો વહેલો અભ્યાસ એને. મરતા સુધી એ અભ્યાસમાં જ દેહ એમાં ને એમાં છૂટી ગયો. એના દીકરાને આ જરા પ્રશ્ન થયો. કે તમે કારણપરમાત્મા કહો છો કે બધા કારણપ્રભુ ભગવાન છે, તો કારણ છે તો કાર્ય આવવું જોઈએ. પ્રભુ! કાર્ય તો આવે છે પણ ક્યારે? એ કારણ પ્રભુ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ છે, એવું જ્ઞાન અનુભવમાં આવ્યા વિના છે એમ આવ્યું ક્યાંથી? એ છે એ તને ક્યાંથી આવ્યું? એના જ્ઞાનમાં જ્ઞાન થયા વિના, પ્રતીત આવ્યા વિના, વેદન થયા વિના એ છે એમ કઈ રીતે માન્યું? એની હયાતીનો સ્વીકાર કોણે કર્યો? આહાહા..! અને હયાતીનો સ્વીકાર કરે અને કાર્ય ન થાય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



(એમ બને જ નહિ). નહિતર કારણપરમાત્મા તો બધા પાસે છે. અત્યારે પણ અભવી પાસે કારણપરમાત્મા છે. સમજાણું કાંઈ?

ભગવાન કારણપરમાત્મા છે પણ તમે કારણને સ્વીકારો, પર્યાયમાં વીતરાગી પર્યાય બનાવીને વીતરાગી કારણપરમાત્માને સ્વીકારો, ત્યારે તને કારણપરમાત્મા છે. આહાહા..! નહિતર કારણપરમાત્મા તો બધાને, અભવીને પણ છે. કદી લક્ષ દેતા નથી, કોઈ દિ' એના ભવ ઘટતા નથી. અભવી પણ સર્વ જીવ સિદ્ધ સમ છે. 'શ્રીમદ્' કહે છે. 'સર્વ જીવ છે સિદ્ધ સમ' કોઈ જીવ (બાકી ન રાખ્યા). એ તો પર્યાયમાં ફેર છે. અંદરમાં વસ્તુ પરમાત્મા અતીન્દ્રિય આનંદનો નાથ, સચ્ચિદાનંદ પ્રભુ, અનંતગુણનો દરિયો છે. પણ છે એનો સ્વીકાર કરે તેને છે. વીતરાગી પર્યાયથી સ્વીકાર કરે ત્યારે છે. રાગથી સ્વીકાર કરે તો એનામાં રાગ નથી તો સ્વીકાર ક્યાંથી થશે? સમજાણું કાંઈ? પુણ્યનો વિકલ્પ છે રાગ, વ્યવહાર પણ આવશે. પણ એનાથી સ્વીકાર નહિ થાય. એનાથી રહિત થાય છે ત્યારે સ્વીકાર થાય છે. સ્વીકાર થાય છે તેને કારણપરમાત્મા, એનું ફળ આવ્યું. એ ફળ દ્વારા એની હયાતીની કબુલાત કરી તેને કારણપરમાત્મા છે. બીજાને કારણપરમાત્મા છે એ કાને સાંભળી લીધું. આહાહા..!

એ અહીં કહે છે. **'જે નિજ પરિણતિના સુખસાગરમાં મગ્ન થાય છે.'** આહાહા..! ત્રણલોકના નાથ પરમાત્માની દૃષ્ટિ કરવાથી... આહાહા..! **'નિજ પરિણતિના સુખસાગરમાં મગ્ન થાય છે.'** આ પર્યાયની વાત છે. એની સન્મુખ થાય અને નિજ પરિણતિ સુખસાગર ઉત્પન્ન ન થાય એમ કદી બનતું નથી. અને એની સન્મુખ ન થાય અને સુખની પરિણતિ ઉત્પન્ન થાય, એમ પણ કદી ઉત્પન્ન થતું નથી. આહાહા..! આવી આકરી વાત.

બાળબચ્ચા પણ પ્રભુ છે. બધા પ્રભુ જ છે. અરે..! નિગોદના જીવ પ્રભુ છે. આહાહા..! એક અંગુલના અસંખ્યમા ભાગમાં એક ડુંગળી, પ્યાજ. એક આટલી કટકીમાં... આહાહા..! અસંખ્યાત શરીર. એક શરીરમાં સિદ્ધથી અનંતગુણા જીવ, એના અસ્તિત્વની કબુલાત, પોતાના અસ્તિત્વની કબુલાત વિના પરના અસ્તિત્વની વ્યવહારે કબુલાત થતી નથી. સમજાણું કાંઈ?

પોતાનું અસ્તિત્વ અહીંયા નિજસાગરથી ભર્યું છે, એવા **'નિજ પરિણતિના સુખસાગરમાં મગ્ન થાય છે.'** ત્યારે આત્મા છે, કારણપરમાત્મા છે, પ્રભુ છે, એમાં રાગ નથી. એ પરમાત્મા ધ્રુવ છે. ત્યારે પર્યાયમાં પરિણતિ સન્મુખ થઈને થઈ એમ પ્રતીતમાં આવે છે. એ વિના પ્રતીતિ થતી નથી. આહાહા..! (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# શ્લોક–૬૫

(द्रुतविलंबित)

भवभोगपराङ्मुख हे यते
पदमिदं भवहेतुविनाशनम्।
भज निजात्मनिमग्नमते पुन-
स्तव किमध्रुववस्तुनि चिन्तया।।६५।।

**[શ્લોકાર્થ :–] નિજ આત્મામાં લીન બુદ્ધિવાળા તથા ભવથી ને ભોગથી પરાઙ્મુખ થયેલા હે યતિ ! તું ભવહેતુનો વિનાશ કરનારા એવા આ (ધ્રુવ) પદને ભજ; અધ્રુવ વસ્તુની ચિંતાથી તારે શું પ્રયોજન છે ? ૬૫.**

---

**પ્રવચન નં. ૪૭, શ્લોક-૬૫ થી ૬૮, ગાથા-૪૪ શુક્રવાર, શ્રાવણ સુદ ૧૧, તા.૨૨-૮-૧૯૮૦**

---

'નિયમસાર' ૬૫મો શ્લોક છે. ૬૫મો શ્લોક.

भवभोगपराङ्मुख हे यते
पदमिदं भवहेतुविनाशनम्।
भज निजात्मनिमग्नमते पुन-
स्तव किमध्रुववस्तुनि चिन्तया।।६५।।

આહાહા..! યતિની અપેક્ષાએ (વાત કરી છે). પોતે મુનિ છે ને? મુનિની અપેક્ષાએ વાત કરે છે. '**નિજ આત્મામાં લીન બુદ્ધિવાળા...**' પ્રભુ! તું તો નિજ આત્મામાં લીન બુદ્ધિવાળો છો ને! આહાહા..! તારો વૈભવ અને તારી સંપદા તો તારામાં પડી છે ને, પ્રભુ! '**નિજ આત્મામાં લીન બુદ્ધિવાળા તથા ભવથી ને ભોગથી...**' ભવથી અને ભોગથી... આહાહા..! ચાર ગતિ અને ભોગ બેયથી જે વિરક્ત છે. '**પરાઙ્મુખ થયેલા..**' છે. ભવ જ નથી. આત્મામાં ભવ નથી, આત્મામાં પરનો ભોગ નથી.

'**હે મુનિ!**' એ પોતાને કહે છે. '**હે યતિ! તું ભવ...**' અને ભોગના દુ:ખથી તો પરાઙ્મુખ થયેલ યતિ. એનાથી તો તું પરાઙ્મુખ છો. આહાહા..! '**તું ભવહેતુનો વિનાશ કરનારા...**' ચોરાશીના અવતારના ભવ, એનો વિનાશ કરનારા '**એવા આ (ધ્રુવ) પદને ભજ;...**' આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ચાર ગતિ અને ચોરાશીના અવતારનો નાશ કરનાર ધ્રુવ ભગવાન... આહાહા..! ધ્રુવને ભજ. ઝીણી વાત છે, પ્રભુ! અનંતકાળથી ધ્રુવ ઉપર લક્ષ ગયું જ નથી. બધી કલ્પનાઓ પર્યાય ઉપર રહી અને આ ત્યાગ્યું, આ છોડ્યું, આ મૂક્યું, ને આ લીધું, આ દીધું. એ બધી પોતાની પર્યાયમાં ગડમથલ, કોલાહલ કરી મૂક્યો છે. પ્રભુ! પણ તું અંદર અનાદિઅનંત ધ્રુવ વસ્તુ છો ને. 'પંડિતજી' આવ્યા નથી? આહાહા..!

**'તું ભવહેતુનો વિનાશ કરનારા...'** ચાર ગતિનો નાશ કરનારા **'એવા આ (ધ્રુવ)...'** આહાહા..! **'(ધ્રુવ) પદને ભજ;...'** આહાહા..! ભજ એ સાધન છે. ભજનની જે સાધ્ય વસ્તુ છે એ ધ્રુવ છે. 'સમયસાર'ની ૧૬મી ગાથામાં કહ્યું છે, કે **'दंसणणाणचरिताणि सेविदव्वाणि'** એ સેવના ને એ સાધન. એ સાધન અને સાધ્ય આત્માનો ભેદ છે. આહાહા..! શું કહ્યું? આત્મા એ સાધ્ય છે અને સાધન પણ એનું દર્શન-જ્ઞાન-ચારિત્રનો જ ભાવ છે. નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સાધન. **'दंसणणाणचरिताणि सेविदव्वाणि साहुणा णिच्चं। ताणि पुण जाण तिण्णि वि अप्पाणं चेव'** પણ એ દર્શન-જ્ઞાન-ચારિત્રને સેવ. પણ વસ્તુ તો એક છે. એ સાધન તરીકે દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય કહ્યું. નિશ્ચય હોં! નિશ્ચય સાધન. આહાહા..! વ્યવહારના વિકલ્પની વાત જ નથી. ત્યાં તો **'दंसणणाणचरिताणि सेविदव्वाणि साहुणा णिच्चं। ताणि पुण जाण तिण्णि वि अप्पाणं चेव'** એક છે. આહાહા..! દર્શન-જ્ઞાન અને ચારિત્રની સેવના એ પણ સાધકને વ્યવહાર થયો. આહાહા..!

અંદર ભગવાન ધ્રુવ એ જ નિશ્ચય છે. એમાં ત્રણની એક્તા કરીને એની સેવા કર. આહાહા..! હવે આવો માર્ગ. એને ભજ–ધ્રુવને ભજ. ભજ એ દર્શન-જ્ઞાન-ચારિત્ર પર્યાય છે. નિશ્ચય, હોં! વ્યવહાર નહિ. આહાહા..! નિશ્ચય સમ્યક્ નિર્વિકલ્પ પોતાના આત્માની પ્રતીતિ અને વેદન, જ્ઞાન અને ચારિત્ર એ નિશ્ચય ત્રણે સાધક છે. એક જ ચીજમાં સાધક-સાધ્ય બે છે. ચીજ એક જ છે. રાગની સાથે કોઈ સંબંધ નથી. એમ કહ્યું છે. સાધન કહેવું એ તો દર્શન-જ્ઞાન અને ચારિત્ર. નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સાધન. સાધ્ય ધ્રુવ... આહાહા..! માર્ગ આવો છે. એ ત્રણની સેવનામાં એકરૂપની સેવના કર. ત્રણ ઉપરના ભેદના લક્ષને પણ છોડી દે. આહાહા..!

નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન એને પણ **'सेविदव्वाणि साहुणा'** કહ્યું છે. એ વ્યવહારી લોકો પર્યાયથી સમજે છે. એ કારણે આવી ભાષા લીધી છે. પર્યાયવાળા એ રીતે સમજે છે. પર્યાયદૃષ્ટિવાળા એ રીતે સમજે છે તેથી ત્રણથી અમે વાત કરી છે, પ્રભુ! બાકી સેવન તો એક આત્માનું જ કરવાનું છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! શું કહ્યું?

અહીં કહે છે, કે **'હે યતિ!...'** પોતે પોતાને કહે છે. ભગવાનઆત્મા ભગવાનને કહે છે. **'હે યતિ!...'** ભવ અને ભોગથી પરાઙ્મુખ. પ્રભુ! તું ભવ અને ભોગથી તો પરાઙ્મુખ છો ને, નાથ! **'તું ભવહેતુનો વિનાશ કરનારા...'** ભવના હેતુનો વિનાશ કરનારા. **'એવા**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**આ (ધ્રુવ) પદને ભજ;...**' આહાહા..! ભજ એ પર્યાય છે. અને ભજનના ધ્યેયમાં ધ્રુવ છે. એ 'સમયસાર'ની ૧૬મી ગાથામાં કહ્યું છે. **'दंसणणाणचरिताणि सेविदव्वाणि साहुणा णिच्चं'** હે મુનિ! અંતર નિશ્ચય સમ્યગ્દર્શન, નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, જેના ધ્યેયનું ધ્રુવ, અનંત આનંદનો ભંડાર એવું સમ્યગ્દર્શન, એવું એનું ધ્યેય ધ્રુવ, એવું સમ્યગ્જ્ઞાન, એનું ધ્યેય ધ્રુવ, એનું સમ્યક્ચારિત્ર, એનું પણ ધ્યેય ધ્રુવ. **'दंसणणाणचरिताणि सेविदव्वाणि साहुणा णिच्चं।'** ૧૬મી ગાથા છે. સંતોએ તો નિત્ય આ સેવના કરવી. નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એ સાધન છે. નિશ્ચય કરણ એટલે સાધનગુણ તો આત્મામાં છે. ત્રિકાળી ભગવાનમાં પ્રભુ, કરણ નામનો ગુણ તો અંદર છે. કર્તા, કર્મ, કરણ એ ત્રિકાળ ગુણ છે. પણ એનું બાહ્ય જે દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું, એ સાધન બાહ્ય સાધન છે. રાગાદિ નહિ. આહાહા..!

પોતે મુનિ પોતાને કહે છે, હે પ્રભુ! ભવ અને ભોગનો નાશ કરનારા... આહાહા..! અને **'ભવહેતુનો વિનાશ કરનારા એવા આ (ધ્રુવ) પદને ભજ;...**' આહાહા..! પર્યાયને ભજ, ભગવાનને ભજ એમ નથી કહ્યું. પર્યાયને ભજ એમ પણ નથી કહ્યું. આહાહા..! પર્યાય ઉપર લક્ષ જશે તો નાથ! પ્રભુ! તને વિકલ્પ થશે. અંતર ચીજ જે ધ્રુવ છે, જે અનંત અક્ષય આનંદાદિ ગુણોના ભંડારની ખાણ છે. આહાહા..! એવો ભવના નાશ હેતુ પ્રભુ! તું ધ્રુવને ભજ. આહાહા..! આવી વાત છે, પ્રભુ! આવી આકરી વાત લાગે. બીજું શું થાય? માર્ગ તો પ્રભુ આ છે. આહાહા..!

એ પોતે પોતાને માટે કહે છે. પોતે એટલે સ્વ. પોતે એ અમારી ગુજરાતી ભાષા છે. પોતે પોતાને કહે છે. આહાહા..! ભગવંત! ભવના અને ભોગના ભાવથી પ્રભુ! તું વિરક્ત છો. તો ભવના હેતુનો નાશ કરવા માટે, પ્રભુ! ધ્રુવને ભજ. આહાહા..! ચિદાનંદ ધ્રુવ અનંત-અનંત રત્નનો ચૈતન્યરત્નાકરનો ભંડાર, એના ઉપર દૃષ્ટિ દે, ત્યાં ભજન કર. આહાહા..! આકરું લાગે પણ માર્ગ તો આ છે, પ્રભુ! અનંતકાળ થયો, ચોરાશીના અવતાર (કર્યા). એક એક અવતારમાં અનંત અવતાર કર્યા, એ બધા મિથ્યાત્વભાવને કારણે કર્યા. એ મિથ્યાત્વના અસંખ્ય પ્રકાર, સૂક્ષ્મ અનંત પ્રકાર છે. એમાંથી કંઈપણ અંદર શલ્ય રહી ગયું... આહાહા..! ચૈતન્ય ધ્રુવને પકડવાનો ભાવ કર્યો નહિ અને બીજા ભાવમાં રોકાઈ ગયો. ભવનો નાશ થયો નહિ, પ્રભુ! આહાહા..! ભાષા તો કેટલી મીઠી છે! આહાહા..!

**'હે યતિ!...**' હે યત્ના કરનાર, સ્વરૂપની જતના કરનાર! સ્વરૂપની યત્ના કરનાર. રાગની નહિ. શરીર પરવસ્તુ તો એને કારણે (થાય છે). શરીરની પર્યાય તો તેના કાળે, એના કારણથી ક્રમબદ્ધ થવાની હશે તે થશે. રાગ પણ ક્રમબદ્ધ કાળે આવવાનો હશે તે આવશે. પણ તારું લક્ષ તેના ઉપરથી છોડી દે. આહાહા..! અરાગી અને અશરીરી. રાગ અને શરીર ઉપરથી લક્ષ છોડી દે અને અરાગી અને અશરીરી ભગવાન... આહાહા..! એનું ભજન કર. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'અધ્રુવ વસ્તુની ચિંતાથી તારે શું પ્રયોજન છે?'** આહાહા..! એ વિકલ્પથી દયા, દાન ને વ્રતના વિકલ્પથી (શું પ્રયોજન છે?) આહાહા..! એ તો અધ્રુવ છે, પ્રભુ! અધ્રુવ વસ્તુની ચિંતા, એના વિકલ્પમાં રોકાવું, પ્રભુ! એમાં શું છે?

મુમુક્ષુ :– પૈસા ધ્રુવ છે કે અધ્રુવ છે?

ઉત્તર :– પૈસાની તો વાત જ ક્યાં છે, પ્રભુ! અહીં તો પૈસાની વાત જ નથી. બહુ કડક ભાષાથી કહીએ તો પંડિતજીએ લખ્યું છે, કે પૈસા તો પુણ્યથી મળે છે, પણ પૈસાવાળા પાપી છે. આહાહા..! કેમ? કે ત્રિલોકનાથ ભગવાને ચોવીસ પ્રકારના પરિગ્રહ કહ્યા છે. ચૌદ પ્રકારના પરિગ્રહ તો આપણે અહીંયા આવી ગયા. અને દસ પ્રકારના પરિગ્રહ અહીં કહે છે. ક્ષેત્ર, મકાન, ચાંદી, સોનું, ધન-ધાન્ય, દાસી-દાસ, વસ્ત્ર, વાસણ, એવા દસ પ્રકારના બાહ્ય પરિગ્રહ છે. એક મિથ્યાત્વ, ચાર કષાય અને નવ નોકષાય એવા ચૌદ પ્રકારના અભ્યંતર પરિગ્રહ છે. આહાહા..! એ ચૌદ પ્રકારના અભ્યંતર પરિગ્રહ, દસ પ્રકારના બાહ્ય પરિગ્રહ, પરિગ્રહ છે, પર ચીજ છે. તારું લક્ષ તેની ઉપર જશે તો તને પાપ લાગશે. અધ્રુવની તને શું ચિંતા છે? એમ કહે છે. આહાહા..!

આ તો પૈસા જરી પાંચ-પચાસ લાખ મળ્યા, જાણે અંદર ઘૂસી ગયો. જાણે કેવું મકાન બનાવ્યું! આમ બનાવ્યું... આમ બનાવ્યું... મકાનના વાસ્તામાં કાર્યકરોને બોલાવે. કાર્યકરો, મોટા અધિકારીઓને બોલાવે. એ આવે તો આપણા મકાનની, વાસ્તુની શોભા વધે. આહાહા..! પ્રભુ! તારું ઘર તો આ છે ને નાથ! તારી પર્યાયને ત્યાં અંદરમાં બોલાવ ને. એ કાર્યકર્તા તો પર્યાય છે. આ દુનિયાના કાર્યકર્તા છે એ તો બધા પાપના કરનારા છે. 'રજનીભાઈ'! એણે બહુ તોફાન કર્યું છે. પૈસા ખુબ ભેગા (કર્યા). કેટલા લાખો ખર્ચીને જાત્રા કાઢી હતી. એ અને ઓલો બીજો કોણ તમારો? 'કાંતિભાઈ'. 'કાંતિભાઈ' અને આ બે એ શેત્રુંજયની મોટી જાત્રા કાઢી. એમાં જાણે ધર્મ થઈ ગયો. 'રજનીભાઈ'! આમ થયું હતું ને? કાંઈ ધર્મ નથી, હોં, પ્રભુ! એમાં કર્તાબુદ્ધિ છે તો મિથ્યાત્વ છે, મહાપાપ છે. કર્તાબુદ્ધિથી મેં કર્યું, પૈસા મેં ખર્ચ્યા અને હલન-ચલનની ક્રિયા અને હું વાણીનો કર્તા થયો, તો સ્તુતિ થઈ, પ્રભુ! આહાહા..! ત્યાં તો એકાંત મિથ્યાત્વનું પાપ છે.

ભગવાન! મિથ્યાત્વ કોને કહીએ? એ સમજવાની ઝીણી વાત છે, પ્રભુ! આહાહા..! બાહ્યમાં પરિગ્રહ આવ્યાને? આ બાજુ. ધન ને એ આવ્યું. ધન, ધાન્ય. નીચે આ બાજુ પરિગ્રહ છે ને? બીજી બાજુ. એ પરિગ્રહ છે. પરિગ્રહ તો પાપ છે. ખરેખર તો બાહ્ય પરિગ્રહ પાપનું નિમિત્ત છે. પાપ તો અંતરમાં મિથ્યાત્વ–એ પૈસા મારા છે, લક્ષ્મી મારી છે અને હું સદાચારમાં વાપરું છું. એવી કર્તાપણાની બુદ્ધિ અને આ પૈસા મારા છે એવી બુદ્ધિ, પ્રભુ! શું કહીએ? પરમાત્માનો પોકાર છે. હે પ્રભુ! તું કર્તાબુદ્ધિમાં જાય છે, હોં! એ તને નુકસાન કરે છે. અને તું માની બેઠો કે એમાં મને લાભ થશે. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અહીં એ કહે છે, **‘(ધ્રુવ) પદને ભજ;...’** નાથ! **‘અધ્રુવ વસ્તુની ચિંતાથી તારે શું પ્રયોજન છે?’** ૬૫મો શ્લોક. આહાહા..! અધ્રુવ જે ચિંતા, વિકલ્પ, રાગ, પૈસો, લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ, પરિવાર, ભવ, ભોગ બધું અધ્રુવ છે. **‘અધ્રુવ વસ્તુની ચિંતાથી તારે શું પ્રયોજન છે?’** અધ્રુવની ચિંતાથી તો પ્રભુ તારે રખડવું પડશે. કઈ ગતિ અને ક્યાં જઈશ? નાથ! આહાહા..! અને ત્યાંથી પછી મનુષ્યપણું ક્યારે મળે? અનંતે કાળે મળ્યું છે તેમાં ધ્રુવનું ધ્યાન કરીને ધ્રુવને જગાડ્યો નહિ.. આહાહા..! અને ક્રિયામાં રોકાઈ ગયો. બેન આવ્યા. સમજાણું કાંઈ? આહા..!

મુનિરાજ કહે છે, ‘પદ્મપ્રભમલધારીદેવ’ મુનિ, તને અધ્રુવની શું ચિંતા છે? પ્રભુ! અધ્રુવથી તારે શું છે? અધ્રુવમાં રાગ, પુણ્ય, દયા, દાન પણ આવી ગયા. આહાહા..! વાત કઠણ પડે, પ્રભુ! પણ એ કર્યે જ છૂટકો છે, એમ નક્કી કરવું, હોં! એવો નિર્ણય તો પહેલા કરવો. પહેલા નિર્ણય તો એ કરવો કે આ જ કરવા લાયક છે, બાકી બીજી કોઈ ચીજ કરવા લાયક નથી. આહાહા..! એક શુભરાગનો વિકલ્પ, એનો કર્તા થશે, ચૈતન્યનાથને કર્તાપણું સોંપવું..., ઓહોહો..! ચક્રવર્તીએ પાંચ-દસ કરોડનું મકાન લીધું. એમાં ધૂળ જામેલી હતી. કોઈએ વાળ્યુ નહિ. ચક્રવર્તીને સોંપે કે તમે ધૂળ વાળો, તમે આ વાળો. એમ ભગવાન ત્રણલોકના નાથની પાસે રાગનું કર્તાપણું સોંપવું એવું છે. આહાહા..! કઠણ પડે, પ્રભુ!

એ સૂઝ પડે નહિ એનું કરવાપણું અને જે સૂઝબુઝમાં આવે એનું કર્તાપણું તો મિથ્યાત્વ છે. આહાહા..! એ ચીજ સૂઝબુઝમાં આવતી નથી. એને અકર્તાપણાનો લાભ અને એનાથી વિરુદ્ધ જે અધ્રુવ ચિંતા, એના કર્તાપણાનો લાભ મિથ્યાત્વ. અને ધ્રુવ ચીજના કર્તાપણાનો લાભ સમ્યક્, તો હે પ્રભુ! ભવ, ભોગના નાશ માટે એકવાર અધ્રુવની ચિંતા તો છોડ અને ધ્રુવનું તો ભજન કર, પ્રભુ! એ ૬૫માં શ્લોકમાં આવ્યું.

## શ્લોક–૬૬

(द्रुतविलंबित)

समयसारमनाकुलमच्युत्तं
जननमृत्युरुजादिविवर्जितम्।
सहजनिर्मलशर्मसुधामयं
समरसेन सदा परिपूजये।।६६।।

**[શ્લોકાર્થ :–] જે અનાકુળ છે, *અચ્યુત છે, જન્મ-મૃત્યુ-રોગાદિ રહિત છે, સહજ નિર્મળ**

* અચ્યુત = અસ્ખલિત; નિજ સ્વરૂપથી નહિ ખસેલું.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**સુખામૃતમય છે, તે સમયસારને હું સમરસ (સમતાભાવ) વડે સદા પૂજું છું. ૬૬.**

## શ્લોક–૬૬ ઉપર પ્રવચન

હવે ૬૬ મો શ્લોક.

**समयसारमनाकुलमच्युत्तं**
**जननमृत्युरुजादिविवर्जितम्।**
**सहजनिर्मलशर्मसुधामयं**
**समरसेन सदा परिपूजये।।६६।।**

**શ્લોકાર્થ :– 'જે અનાકુળ છે,...'** ભગવાનઆત્મા, એમાં આકુળતાની ગંધ નથી. આહાહા..! જે અનાકુળનો સાગર ભર્યો છે. અનાકુળ એટલે સુખ, અનાકુળ એટલે સુખ, આકુળતા એટલે દુઃખ. આહા..! તું તો અનાકુળ છો ને, નાથ! આહાહા..! તું બહારના સુખ માટે ફાંફા મારે છે. અહીંથી સુખ મળશે, અહીંથી અનુકૂળતા થશે, અહીંથી સગવડતા મળશે, પ્રભુ! બહારમાં ક્યાંય સગવડતા નથી. આહાહા..! સગવડતા એટલે કે શુદ્ધ ધ્રુવનું ધ્યાન, એ સગવડતા છે. કે જે સગવડતાથી ધ્રુવમાંથી આનંદનો અનુભવ આવે છે. આહાહા..! બાકી પૈસા, કરોડોના મકાન...

અમે એકવાર ગયા હતા ને. 'મૈસુર' ગયા હતા. સાડા ત્રણ કરોડનું દરબારનું મકાન હતું. એ 'મૈસૂર'નો જે દરબાર હતો, એનું રહેવાનું સાડા ત્રણ કરોડનું એક. પણ પછી તો સરકારે લઈ લીધું. એ બંગલો પણ લઈ લીધો. હવે સાડા ત્રણ કરોડના ખાલી મકાનમાં આવે કોણ? ખાલી પડ્યું છે. લોકો જોવા આવે છે. સાડા ત્રણ કરોડનું એક મકાન. ધૂળમાં પણ નથી. આહાહા..! ચિંતાનો પાર ન મળે. એને સાચવવા માટે... આહાહા..!

અહીંયા ગયા હતા ને? 'આફ્રિકા'. મોટા ગૃહસ્થ હતા. જે મકાનમાં ઉતર્યા હતા એ મકાન પંદર લાખનું. જે મકાનમાં ઉતર્યા હતા એ. એ સિવાય બીજા પૈસા. પણ અંદરમાં હબસીનો ડર. હબસી લોકોનો એટલો ડર કે બહાર નીકળવામાં બહુ વિચાર કરે. અને રહેવાના સ્થળમાં ત્રણ પટ્ટી આડ નાખે. વંડી. ત્રીપટી વંડી. આહાહા..! હવે આ સુખ. અધ્રુવની ચિંતાથી પ્રભુ! તને શું લાભ છે? આહાહા..! એ માણસ બિચારો નરમ હતો. પંદર લાખનું મકાન. કરોડપતિ હશે. પણ નરમ બહુ. આમ લૌકિક દેખાવ કાંઈ ન મળે. ગામડાનો માણસ હોય એવો સાધરણ, એવી ચામડી, એવી બોલી અને એવો દેખાવ. પણ પુણ્યને લઈને ત્યાં... એ તો કહેતા હતા કે કાંઈક ૫૦ કે ૫૨ વર્ષથી ત્યાં છે. દેશમાં આવ્યા જ નથી. ત્યાં ને ત્યાં પડ્યા હશે. ત્યાં ને ત્યાં પૈસા થઈ ગયા. એમાં શું થયું?

અહીં કહે છે, તું અનાકુળ છો ને, નાથ! **'અચ્યુત છે,...'** **'અસ્ખલિત; નિજસ્વરૂપથી**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**નહિ ખસેલું.**' પ્રભુ! તારા ઉપર અનંત-અનંતકાળ વીત્યો પણ કદી સ્ખલિત નથી થયો. ધ્રુવમાંથી સ્ખલિત નથી થયો. આહાહા..! ત્યાંથી જરીયે પલ્ટો ખાઈને પર્યાયમાં નથી આવ્યો. ધ્રુવ તો ધ્રુવરૂપ જ રહે છે. એને અચ્યુત કહે છે. પ્રભુ! તું **'અચ્યુત છે, જન્મ-મૃત્યુ-રોગાદિ રહિત છે,..**' ઓહો..! પ્રભુ! તું અંદરમાં આનંદકંદ છો. **'જન્મ-મૃત્યુ-રોગાદિ રહિત છે,...**' આત્મામાં કોઈ જન્મ-મૃત્યુ-રોગ જ નથી.

**'સહજ નિર્મળ સુખામૃતમય છે,...**' સ્વાભાવિક નિર્મળ સુખામૃત. સુખરૂપી અમૃતનો ખજાનો છે. અરે..! પ્રભુ! તને એની મહિમા ન આવે, અને બાહ્યની કોઈ ચીજમાં મહિમા રહી જાય, ભવભ્રમણ નહિ ટળે, પ્રભુ! ભવભ્રમણ નહિ ટળે. ભવભ્રમણ ટાળવાનો ઉપાય તો ધ્રુવનો આશ્રય લેવો એ એક જ છે, એના ભજનમાં એકાગ્ર થવું અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્વિકલ્પ, એની સેવના કરવી, એ એક જ ભવનો અભાવ કરવાનો ઉપાય છે. આહાહા..! વ્યવહાર. ગમે તે આવે. વ્યવહાર છે, વ્યવહારના સ્થાનમાં વ્યવહાર હોય, પણ એ કાંઈ આત્માને લાભદાયક નથી. આહાહા..!

૧૬મી ગાથામાં તો એમ કહ્યું, અંદર દર્શન-જ્ઞાન અને ચારિત્ર જે નિર્મળ નિશ્ચય પ્રગટે, તેને પણ સાધક કહે છે. રાગાદિ, નિમિત્તાદિ તો સાધન નથી. ત્રિકાળી ભગવાન ધ્રુવમાં **'दंसणणाणचरित्ताणि सेविदव्वाणि साहुणा णिच्चं'**. સાધુએ તો નિત્ય અંતર્મુખ, સન્મુખ દર્શન-જ્ઞાન-ચારિત્ર, ધ્રુવની સન્મુખની જે દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્રથી એની સેવના કરવી. એ ત્રણે એક જ આત્મા છે. દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર રાખવી. સેવના કરવી એ પર્યાયબુદ્ધિથી તને સમજાવે છે. દર્શન-જ્ઞાન અને ચારિત્ર એ ત્રણ બોલ નિશ્ચયના છે. આહાહા..! એ પણ તું વ્યવહારમાં (ઉભો) છે, તો પર્યાયબુદ્ધિથી તને સમજાવે છે. પણ એ પર્યાય પણ તારે લક્ષમાં રાખવા લાયક નથી. આહાહા..! પર્યાયની સ્થિતિ તો પ્રભુ! એક સમયની છે ને. અંદર ભગવાન આખો ધ્રુવ અનાદિઅનંત, એકરૂપ પૂર્ણાનંદનો નાથ.. અનંત... અનંત.. અનંતગુણનો ભંડાર, બહારમાં ઘણી ધીરજ કરી, પણ જ્યાં જીવમાં ધીરજ કરવાની હતી ત્યાં તેં ધીરજ ન કરી. આહાહા..!

આમ તો ચામડા ઉતરડીને ખાર છાંટે તો ક્રોધ ન કર્યો, પણ એ બધું પરલક્ષી. અંદર ચૈતન્ય ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, એ તરફનો ઝુકાવ, વલણ, સન્મુખતા કદી કરી નથી. આહાહા..! અને એ સિવાયની બહારની ચીજમાં સંતોષાઈ ગયો. અમે કાંઈક કરીએ છીએ.. કાંઈક કરીએ છીએ.. બહારમાં સંતોષાઈ જાય એને અંદર જવાની દરકાર રહેતી નથી. આહાહા..! આવી વાત છે, 'રજનીભાઈ'! મોટી જાત્રા-બાત્રા કાઢી હતી એમાં કાંઈ ધર્મ નહોતો. કેટલા પૈસા ખર્ચ્યા હતા એણે. ઓલો 'કાંતિભાઈ' ભેગો.

મુમુક્ષુ :– તે વખતે ખ્યાલ ન હતો, ખબર નહોતી.

ઉત્તર :– વાત સાચી છે. એ જાણે કે આમાંથી લાભ થાય. મોટી જાત્રા કાઢે, લાખ-

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



બે લાખ માણસનો મોટો સંઘ કાઢે, પ્રભુ! એ બધી અધ્રુવ ચીજ છે, નાથ! એક ભગવાનઆત્મા ધ્રુવને ભૂલીને બધી ચિંતા નિરર્થક છે. આહાહા..! નિરર્થકની સામે સાર્થક, એક ધ્રુવ પ્રભુ એ જ સાર્થક છે. એ તરફનું વલણ, ઝુકાવ એ જ ધર્મ છે. એવો પ્રભુ! નિર્ણય તો કર. એ નિર્ણયમાં એવો નિર્ણય કર કે નિર્ણય કદી ફરે નહિ. આહાહા..! એ નિર્ણય પૂર્ણ ફળ લાવ્યે જ છૂટકો. આહાહા..! એ ધ્રુવમાંથી કેવળજ્ઞાન થશે. એને નક્કી થઈ ગયું છે કે આ મેં ધ્રુવને પકડ્યો છે, એમાંથી કેવળજ્ઞાન થશે. મને જરૂર કેવળજ્ઞાન થશે. એ કેવળજ્ઞાન માટે રાહ જોવી પડે, કે સંદેહ થશે એમ છે નહિ. આહાહા..!

**'તે સમયસારને...'** શું કહ્યું? આત્મા **'અનાકુળ છે, અચ્યુત છે, સ્ખલિત નથી, જન્મ-મૃત્યુ-રોગાદિ રહિત છે, સહજ નિર્મળ સુખામૃતમય છે, તે સમયસારને...'** એ આત્મા. 'સમયસાર' કહો કે આત્મા કહો. આહાહા..! **'તે સમયસારને...'** છે ને? **'હું સમરસ (સમતાભાવ) વડે સદા પૂજું છું.'** વીતરાગભાવ દ્વારા સદા ધ્રુવનું પૂજન કરું છું. આહાહા..! સમજાણું કાંઈ?

આહાર વખતે ત્યાં માણસો બહુ આવે છે ને? આહાર વહોરવા વખતે. એને બહાર કાઢવા. ડોક્ટરની મનાઈ છે કે ઝાઝા માણસનો શ્વાસ ન લેવો. અંદર શરીરમાં રોગ છે. શરીર બહારથી સુંદર દેખાય. પણ અંદર લોહીમાં કેન્સર છે. આહાહા..! એ કારણે ડોક્ટરે કહ્યું છે કે ઝાઝા માણસોની વચ્ચે રહેવું નહિ, એનો શ્વાસ અંદર જશે તો ચેપ લાગે. એ તો એક બનવાની ચીજ હશે તો બનશે. લોકોને બહાર કાઢીએ તો કોઈકને દુઃખ લાગે. અંદર આવે અને કહે કે બહાર નીકળો. વહોરાવીને નીકળી જાવ.. નીકળી જાવ એમ કહે તો કોઈને દુઃખ લાગે. એનું કારણ તો પ્રભુ આ છે. શું કરે? આહાહા..! શરીર સુંદર દેખાય, લોહીમાં કેન્સર છે. પાંચ-છ વર્ષથી છે પણ બહારમાં દેખાતું નથી. કાંઈ દેખાતું નથી. એનું કોઈ બાહ્ય ચિહ્ન નથી. એ ડોક્ટરને ખ્યાલ આવ્યો કે અંદર છે. છે. એની બહારમાં ખબર નથી પડતી. પણ વધારે લોકોની વચ્ચે ન બેસવું, તેથી દૂર રહે. સમૂહની સાથે ચાલવું નહિ. અને સમૂહની સાથે ઊભા ન રહેવું, એમ ડોક્ટર 'ચંદુભાઈ'એ કહ્યું છે. એ કારણે 'ચંદુભાઈ' લોકોને કહે વહોરાવીને નીકળી જાવ... નીકળી જાવ... દુઃખ લાગે. એ તો બનવા કાળે બને. આહાહા..!

આ શરીર તો ધૂળનું બનેલું છે. આહાહા..! અંદર ભગવાન અમૃતનો સાગર આગળ શરીરની કોઈ કિંમત નથી. આહાહા..! શરીરમાં રોગ હોય કે નીરોગ હોય, બંને સરખી ચીજ છે. આત્મા માટે કંઈ પણ લાભ-અલાભ નથી. આહાહા..! સમજાણું કાંઈ? ઘણાં માણસો ત્યાં 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' લેવા આવે છે. પણ, ભાઈ! ખલાસ થઈ ગયા છે, થોડા છે હવે કોઈને આપવાના નથી. માટે કોઈએ આવવું નહિ. 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ' લેવા કોઈ અંદર આવી જાય છે. સાધારણ માણસ તો અંદર આવી જાય છે, 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' આપો. 'સોગાની'નું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે ને? હવે રહ્યા પણ નથી. હવે તો ૩૫ રહ્યા છે. થોડા રહ્યા છે. આહાહા..!

અહીંયા કહે છે, પ્રભુ! **'તે સમયસારને હું સમરસ (સમતાભાવ) વડે સદા પૂજું છું.'** આહાહા..! એવો 'સમયસાર' અહીં કહ્યું ને? **'અનાકુળ છે, અચ્યુત છે, જન્મ-મૃત્યુ-રોગાદિ રહિત છે, સહજ નિર્મળ સુખામૃતમય છે, તે સમયસારને હું સમરસ (સમતાભાવ)...'** આહાહા..! એને વિકલ્પ પણ નથી. શુભરાગ વિકલ્પ પણ અસમતા છે, એ વિષમભાવ છે. સમભાવ તો રાગરહિત પ્રભુ પોતે વીતરાગસ્વરૂપ છે. તો એના શ્રદ્ધા-જ્ઞાન પણ વીતરાગસ્વરૂપે પ્રગટે છે. આહાહા..! એ વીતરાગસ્વરૂપે પ્રગટે એ મોક્ષમાર્ગ છે. આહાહા..! કઠણ પડે, ભાઈ! શું કરે? ભગવાનની દિવ્યધ્વનિમાં આ આવ્યું છે. આહાહા..!

**'(સમતાભાવ) વડે સદા પૂજું છું.'** ઓહોહો..! પંચમહાવ્રતધારી સંત એમ કહે છે, હું કોઈ પંચમહાવ્રત પાળું છું કે સમિતિ પાળું છું, નિર્દોષ આહાર લઉં છું, એ હું નથી. આહાહા..! હું તો સદા સમતારસ વડે સમયસારને–ભગવાનને ભજું છું એ હું છું, પ્રભુ! આહાહા..! અહીં તો કહે આ વેશ, આ લુગડા, આ કપડા છોડવા, આવી ક્રિયા કરવી, આમ કરવું. એ થાય છે પણ એના કારણે થાય છે. એ સ્વભાવના લાભને માટે અને સ્વભાવ માટે આવે છે એમ નહિ. આહાહા..! અહીં એ કહે છે, **'હું સમરસ (સમતાભાવ) વડે સદા પૂજું છું.'** એ ૬૬મો શ્લોક થયો.

## શ્લોક–૬૭

(इंद्रवज्रा)

**इत्थं निजज्ञेन निजात्मतत्त्व-**
**मुक्तं पुरा सूत्रकृता विशुद्धम्।**
**बुद्ध्वा च यन्मुक्तिमुपैति भव्य-**
**स्तद्भावयाम्युत्तमशर्मणेऽहम्।।६७।।**

**[શ્લોકાર્થ :–] એ રીતે પૂર્વે નિજજ્ઞ સૂત્રકારે (આત્મજ્ઞાની સૂત્રકર્તા શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવે) જે નિજાત્મતત્ત્વનું વર્ણન કર્યું અને જેને જાણીને ભવ્ય જીવ મુક્તિને પામે છે, તે નિજાત્મતત્ત્વને ઉત્તમ સુખની પ્રાપ્તિ અર્થે હું ભાવું છું. ૬૭.**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્લોક–૬૭ ઉપર પ્રવચન

૬૭મો શ્લોક.

**इत्थं निजज्ञेन निजात्मतत्त्व-**
**मुक्तं पुरा सूत्रकृता विशुद्धम्।**
**बुद्ध्वा च यन्मुक्तिमुपैति भव्य-**
**स्तद्भावयाम्युत्तमशर्मणेऽहम्।।६७।।**

**શ્લોકાર્થ :– 'એ રીતે પૂર્વે નિજજ્ઞ સૂત્રકારે (આત્મજ્ઞાની સૂત્રકર્તા શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવે)...'** આહાહા..! એક મુનિએ બીજા મુનિને જાણી લીધા. કોઈ કહે કે છદ્મસ્થ ન જાણી શકે. એમ નથી. આત્મજ્ઞાની હતા એમ જાણી લીધા. આહાહા..! આત્મામાં તાકાત છે. મધ્યસ્થ થઈને જોવે તો સામાની દૃષ્ટિ અને સામાનું હૃદય બરાબર જાણી શકે. અહીંયા પંચમકાળના મુનિ છદ્મસ્થ છે. એ 'કુંદકુંદાચાર્યદેવ' ૧૧૦૦ વર્ષ પહેલા થયા. આ નવસો વર્ષ પહેલા, ઓલા ૧૧૦૦ વર્ષ પહેલા થયા. એ કહે છે કે.. આહાહા..!

**'નિજજ્ઞ સૂત્રકારે...'** જે આત્મજ્ઞાની છે એવા સૂત્રકાર. મહાવ્રત ધારી 'કુંદકુંદાચાર્ય'ની વાત કરે છે. આહાહા..! પંચમકાળના મુનિ 'કુંદકુંદાચાર્ય' ૧૧૦૦ વર્ષ પહેલા થઈ ગયા. એનું હૃદય જાણી લીધું. એના શબ્દ સાંભળીને અને શાસ્ત્ર જાણીને (કહે છે). એના નિજજ્ઞ એમ કહ્યું. એ કોણ છે? કે નિજજ્ઞ છે. એ તો નિજને જાણનારા છે. આહાહા..! નિજજ્ઞ છે. ભગવાન એમ કહે છે કે મને જાણનાર છે એમ પણ નથી. એ તો નિજજ્ઞ છે. પોતાના નિજસ્વરૂપને જાણનારા છે. એવા **'સૂત્રકાર (આત્મજ્ઞાની સૂત્રકર્તા શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવે) જે વિશુદ્ધ નિજાત્મતત્ત્વનું વર્ણન કર્યું...'** આહાહા..!

જે પ્રકારે **'નિજાત્મતત્ત્વ...'** નિજ આત્મ ભગવાન તત્ત્વ, એનું સૂત્રકારે જે **'વર્ણન કર્યું અને જેને જાણીને...'** આહાહા..! **'ભવ્ય જીવ...'** એને જે પ્રકારે કહ્યું છે, એ પ્રકારે જાણીને... **'જેને જાણીને...'** એમ આવ્યું ને? **'જે વિશુદ્ધ નિજાત્મતત્ત્વનું વર્ણન કર્યું અને જેને જાણીને ભવ્ય જીવ મુક્તિને પામે છે.'** આહાહા..! પંચમઆરાના મુનિ એમ કહે છે. નગ્ન દિગંબર મુનિ કેવળજ્ઞાનીના કેડાયત છે. આહાહા..! વચમાં એક વૈમાનિક આદિનો ભવ મળે, એ ધર્મશાળા છે. દેશમાં જવું હોય તો એક દિવસમાં બહુ તો પંદર કોષ કપાય. ત્યાં ધર્મશાળા હોય તો રોકાવું પડે. પણ સવારે કોઈ પાંચ કોષ ચાલે. એમ અહીંયા પંચમકાળમાં અવતાર થઈ ગયો છે. અહીં સર્વજ્ઞપણું નથી, તો અમારે દેવમાં ધર્મશાળા તરીકે થોડું રહેવાનું છે. આહાહા..! અને ત્યાંથી નીકળીને અમારો પંથ પૂરો થશે. આહાહા..! આવી વાત છે, પ્રભુ!

**'મુક્તિને પામે છે,...'** એ તો મુક્તિ પામે જ છે, પણ એણે જે 'આત્મ-સમયસાર'

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કહ્યો, એ આત્માને જાણનાર પણ મુક્તિને પામે છે. ભલે વર્તમાનમાં મુક્તિ નથી, એકાદ ભવ વૈમાનિકમાં જવું પડે (તોપણ મુક્તિને તો પામે જ છે). આહાહા..! **'તે નિજાત્મતત્ત્વને ઉત્તમ સુખની પ્રાપ્તિ અર્થે...'** એ નિજાત્મતત્ત્વને ઉત્તમ સુખની પ્રાપ્તિ અર્થે **'હું ભાવું છું.'** હું એની ભક્તિ કરું છું. આહાહા..! માળામાં એક પછી એક ગણે એમ હું તો આત્માની માળા ગણું છું. હું ધ્રુવ ચિદાનંદ આત્મા.. આહાહા..! એની માળા હું ગણું છું. આહાહા..! દુનિયાથી બધું જુદું લાગે. દુનિયા બહારના વ્યવહારમાં એટલી બધી પડી કે મૂળ ચીજ આખી રહી ગઈ. આહાહા..! જેની ઓળખાણ કરીને વેદન થવું જોઈએ, એ રહી ગઈ. અને ઉપરની બધી વાતું. આહાહા..! એ માટે આ કહે છે. **'ઉત્તમ સુખની પ્રાપ્તિ અર્થે હું ભાવું છું.'** એ ૬૭મો શ્લોક થયો.

## શ્લોક-૬૮

(वसन्ततिलका)

आद्यन्तमुक्तमनघं परमात्मतत्त्वं
निर्द्वन्द्वमक्षयविशालवरप्रबोधम्।
तद्भावनापरिणतो भुवि भव्यलोकः
सिद्धिं प्रयाति भवसंभवदुःखदूराम्।।६८।।

**[શ્લોકાર્થ :–] પરમાત્મતત્ત્વ આદિ-અંત વિનાનું છે, દોષ રહિત છે, નિર્દ્વંદ્વ છે અને અક્ષય વિશાળ ઉત્તમ જ્ઞાનસ્વરૂપ છે. જગતમાં જે ભવ્ય જનો તેની ભાવનારૂપે પરિણમે છે, તેઓ ભવજનિત દુઃખોથી દૂર એવી સિદ્ધિને પામે છે. ૬૮.**

## શ્લોક-૬૮ ઉપર પ્રવચન

૬૮મો શ્લોક.

आद्यन्तमुक्तमनघं परमात्मतत्त्वं
निर्द्वन्द्वमक्षयविशालवरप्रबोधम्।
तद्भावनापरिणतो भुवि भव्यलोकः
सिद्धिं प्रयाति भवसंभवदुःखदूराम्।।६८।।

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**શ્લોકાર્થ :– 'પરમાત્મતત્ત્વ...'** ભગવાનઆત્મા **'પરમાત્મતત્ત્વ આદિ-અંત વિનાનું છે,...'** જેની શરૂઆત નથી, જેનો અંત નથી, એવો અનાદિઅનંત આત્મા આદિ-અંત રહિત છે. આહાહા..! આદિ નથી, અંત નથી. **'દોષ રહિત છે,...'** પ્રભુમાં કોઈ જાતનો દોષ નથી. આહાહા..! એ 'ગીતા'માં આવે છે, કે ભક્તોને ભીડ પડે અને એવા રાક્ષસો જન્મે તો મુક્તિમાંથી પણ ઈશ્વરે અવતાર લેવા પડે. અહીં કહે છે એમ છે નહિ. અમે મુક્તિ પામીને ત્યાં રહેવાના છીએ. આહાહા..!

**'દોષ રહિત છે,..'** ત્યાંથી નીકળીને સંસારમાં આવવું, ભવ ધારણ કરવા, દુનિયાના પરોપકાર માટે ભવ ધારણ કરવા, એમ પણ નથી. આહાહા..! ભવની ભાવના એ જ મિથ્યાત્વભાવ છે. આહાહા..! દુનિયાના પરોપકાર માટે મારો એકાદ અવતાર થશે તો ઠીક છે. એમ પણ અહીંયા નથી. આહાહા..!

**'નિર્દ્વંદ્વ છે...'** નિર્દ્વંદ્વ. દ્વૈતપણું જેમાં નથી. નિર્દ્વંદ્વ. જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... પરમપારિણામિક સ્વભાવભાવ નિર્દ્વંદ્વ-દ્વૈતપણાના દ્વંદ્વરહિત છે. આહાહા..! એવો ભગવાન **'અને અક્ષય વિશાળ ઉત્તમ જ્ઞાનસ્વરૂપ છે.'** ભગવાન કેવો છે? અક્ષય. જેનું જ્ઞાન ક્ષય ન પામે. અને વિશાળ છે. ત્રણકાળ ત્રણલોકને જાણનાર છે. અને **'ઉત્તમ જ્ઞાનસ્વરૂપ...'** આવા ઉત્તમ જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા અંદર છે. આહાહા..! **'જગતમાં જે ભવ્ય જનો...'** જે લાયક પ્રાણી **'તેની ભાવનારૂપે પરિણમે છે,...'** આહાહા..! ધ્રુવ સ્વભાવ ભગવાનઆત્મા, એની ભાવના. પહેલા આવી ગયું હતું કે આત્મા ચાર આવરણવાળો છે. છતાં પણ પંચમભાવની ભાવનાવાળો છે. એ આવી ગયું. પહેલા આવી ગયું છે. આવરણ સહિતનો અર્થ આવરણ તો નિમિત્તની અપેક્ષાથી. પણ એની ભાવના એ ક્ષાયિક, ક્ષયોપશમ, ઉપશમભાવ છે. એ અંદરમાં નથી. પણ એ ક્ષાયિક, ક્ષયોપશમભાવથી મુક્તિ થાય છે. આહાહા..! એની ભાવનારૂપ પરિણમિત. એ ભાવના એટલે એ. શુદ્ધ ધ્રુવ ચૈતન્યનું દર્શન, એનું જ્ઞાન, એમાં રમણતા. એવા દર્શન-જ્ઞાન-ચારિત્રની ભાવનામાં પરિણમે છે. જે કોઈ **'તેની ભાવનારૂપે પરિણમે છે, તેઓ ભવજનિત દુઃખોથી દૂર..'** ઓહો..! **'ભવજનિત દુઃખોથી દૂર એવી સિદ્ધિને પામે છે.'** આ પ્રાણી સિદ્ધિને પામે છે. આહાહા..! આવી વાત છે. ૬૮મો શ્લોક થયો ને?

## ગાથા–૪૪

**णिग्गंथो णीरागो णिस्सल्लो सयलदोसणिम्मुक्को।**
**णिक्कामो णिक्कोहो णिम्माणो णिम्मदो अप्पा।।४४।।**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



निर्ग्रन्थो नीरागो निःशल्यः सकलदोषनिर्मुक्तः।
निःकामो निःक्रोधो निर्मानो निर्मदः आत्मा।।४४।।

अत्रापि शुद्धजीवस्वरूपमुक्तम्।

बाह्याभ्यन्तरचतुर्विंशतिपरिग्रहपरित्यागलक्षणत्वान्निर्ग्रन्थः। सकलमोहरागद्वेषात्मकचेतनकर्माभावान्नीरागः। निदानमायामिथ्याशल्यत्रयाभावान्निःशल्यः। शुद्धनिश्चयनयेन शुद्धजीवास्तिकायस्य द्रव्यभावनोकर्माभावात् सकलदोषनिर्मुक्तः। शुद्धनिश्चयनयेन निजपरमतत्त्वेऽपि वांछाभावान्निःकामः। निश्चयनयेन प्रशस्ताप्रशस्तसमस्तपरद्रव्यपरिणतेरभावान्निःक्रोधः। निश्चयनयेन सदा परमसमरसीभावात्मकत्वान्निर्मानः। निश्चयनयेन निःशेषतोऽन्तर्मुखत्वान्निर्मदः। उक्तप्रकारविशुद्धसहजसिद्धनित्यनिरावरणनिजकारणसमयसारस्वरूपमुपादेयमिति।

तथा चोक्तं श्रीमदमृतचन्द्रसूरिभिः-

(मन्दाक्रांता)

``इत्युच्छेदात्परपरिणतेः कर्तृकर्मादिभेद-
भ्रान्तिध्वंसादपि च सुचिराल्लब्धशुद्धात्मतत्त्वः।
सञ्चिन्मात्रे महसि विशदे मूर्छितश्चेतनोऽयं
स्थास्यत्युद्यत्सहजमहिमा सर्वदा मुक्त एव।।''

---

નિર્ગ્રંથ છે, નિષ્કામ છે, નિઃક્રોધ, જીવ નિર્માન છે,
નિઃશલ્ય તેમ નીરાગ, નિર્મદ, સર્વદોષવિમુક્ત છે. ૪૪.

અન્વયાર્થ :– [ आत्मा ] આત્મા [ निर्ग्रंथः ] નિર્ગ્રંથ, [ नीरागः] નીરાગ, [ निःशल्यः ] નિઃશલ્ય, [ सकलदोषनिर्मुक्तः ] સર્વદોષવિમુક્ત, [ निःकामः ] નિષ્કામ, [ निःक्रोधः ] નિઃક્રોધ, [ निर्मानः ] નિર્માન અને [ निर्मदः ] નિર્મદ છે.

ટીકા :– અહીં (આ ગાથામાં) પણ શુદ્ધ જીવનું સ્વરૂપ કહ્યું છે.

શુદ્ધ જીવાસ્તિકાય બાહ્ય-અભ્યંતર *ચોવીશ પરિગ્રહના પરિત્યાગસ્વરૂપ હોવાથી નિર્ગ્રંથ છે; સકળ મોહ-રાગ-દ્વેષાત્મક ચેતન કર્મના અભાવને લીધે નીરાગ છે; નિદાન, માયા અને મિથ્યાત્વ—એ ત્રણ શલ્યોના અભાવને લીધે નિઃશલ્ય છે; શુદ્ધ નિશ્ચયનયથી શુદ્ધ

* ક્ષેત્ર, મકાન, ચાંદી, સોનું, ધન, ધાન્ય, દાસી, દાસ, કપડાં અને વાસણ એમ દસ પ્રકારનો બાહ્ય પરિગ્રહ છે; એક મિથ્યાત્વ, ચાર કષાય અને નવ નોકષાય એમ ચૌદ પ્રકારનો અભ્યંતર પરિગ્રહ છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**જીવાસ્તિકાયને દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મનો અભાવ હોવાને લીધે સર્વદોષવિમુક્ત છે; શુદ્ધ નિશ્ચયનયથી નિજ પરમ તત્ત્વની પણ વાંછા નહિ હોવાથી નિષ્કામ છે; નિશ્ચયનયથી પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત પરદ્રવ્યપરિણતિનો અભાવ હોવાને લીધે નિઃક્રોધ છે; નિશ્ચયનયથી સદા પરમ સમરસીભાવસ્વરૂપ હોવાને લીધે નિર્માન છે; નિશ્ચયનયથી નિઃશેષપણે અંતર્મુખ હોવાને લીધે નિર્મદ છે. ઉક્ત પ્રકારનું (ઉપર કહેલા પ્રકારનું), વિશુદ્ધ સહજસિદ્ધ નિત્યનિરાવરણ નિજ કારણસમયસારનું સ્વરૂપ ઉપાદેય છે.**

**એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી પ્રવચનસારની ટીકામાં ૭માં શ્લોક દ્વારા) કહ્યું છે કે :–**

**''[શ્લોકાર્થ :–] એ રીતે પરપરિણતિના ઉચ્છેદ દ્વારા (અર્થાત્ પરદ્રવ્યરૂપ પરિણમનના નાશ દ્વારા) તેમ જ કર્તા, કર્મ વગેરે ભેદો હોવાની જે ભ્રાંતિ તેના પણ નાશ દ્વારા આખરે જેણે શુદ્ધ આત્મતત્ત્વને ઉપલબ્ધ કર્યું છે—એવો આ આત્મા, ચૈતન્યમાત્રરૂપ વિશદ (નિર્મળ) તેજમાં લીન રહ્યો થકો, પોતાના સહજ (સ્વાભાવિક) મહિમાના પ્રકાશમાનપણે સર્વદા મુક્ત જ રહેશે.''**

## ગાથા–૪૪ ઉપર પ્રવચન

ભગવાન અંદર આત્મા કેવો છે? નિર્ગ્રંથ છે, નિરાગ છે, નિઃશલ્ય છે. જીવ... આહાહા..! અમાન છે. જેને માન નથી. બધા દોષરહિત અક્રોધ, નિર્મદ. આહાહા..! પહેલા અમાન આવ્યું છતાં મદરહિત છે. બધી ચીજના મદરહિત છે. આ જીવ નિષ્કામ છે. એ ત્રિકાળી ભગવાનઆત્મા અંદર નિષ્કામ છે. એને ભગવાન 'અમૃતચંદ્રાચાર્યે' જગત પાસે ખુલ્લો કરીને મૂક્યો છે. આહાહા..! કે આ આત્મા છે, પ્રભુ! તને રુચે તો ઠીક. આહાહા..! એ કાંઈ મારા હાથમાં પણ નથી. તારી ચીજ તારામાં છે. અને અંતર્મુખ થવું, બહિર્મુખથી હટવું... આહાહા..! એ તો તારું કાર્ય તારામાં છે. અમે તો માત્ર કહીએ છીએ. આહાહા..!

**ટીકા :– 'અહીં (આ ગાથામાં) પણ શુદ્ધ જીવનું સ્વરૂપ કહ્યું છે.'**

**'શુદ્ધ જીવાસ્તિકાય...'** જીવાસ્તિકાય કેમ કહ્યું? એકલો જીવ કેમ ન કહ્યું? કે જૈન પરમેશ્વર સિવાય જીવને અસંખ્ય પ્રદેશી કોઈએ કહ્યો નથી. કોઈએ જોયો નથી, કોઈએ જાણ્યો નથી. સર્વજ્ઞ વીતરાગ સિવાય આત્મા અસંખ્ય પ્રદેશી છે, એવું કોઈએ આખી દુનિયામાં ત્રણકાળમાં ભગવાન સિવાય બીજા કોઈએ કહ્યું નથી. આહાહા..! એ કારણે કહે છે કે, **'શુદ્ધ જીવાસ્તિકાય...'** એકલો શુદ્ધ જીવ નથી લીધું. અસ્તિકાય. અસંખ્ય પ્રદેશ સાથે છે. આહાહા..! વસ્તુ અસંખ્યપ્રદેશી છે. એને અસ્તિકાય (કહે છે). **'બાહ્ય-અભ્યંતર ચોવીશ પરિગ્રહના...'** બાહ્ય દસ પ્રકારના પરિગ્રહ નીચે લખ્યું છે ને? અને ચૌદ અભ્યંતર, એ નીચે લખ્યા છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'પરિત્યાગસ્વરૂપ હોવાથી...'** બાહ્ય અને અંતર પરિગ્રહથી રહિત હોવાથી, ભગવાન **'નિર્ગ્રંથ છે;...'** નિર્ગ્રંથ દશા પ્રાપ્ત થાય એ બીજી વસ્તુ છે. વસ્તુ જ નિર્ગ્રંથ છે. વસ્તુ નિર્ગ્રંથ છે, તો એમાંથી નિર્ગ્રંથદશા પ્રાપ્ત થાય છે. આહાહા..! વસ્ત્ર વિના, નગ્નપણાની જે નગ્નદશા અને અભ્યંતરમાં વિકલ્પ વિનાની નગ્નદશા, એ નિર્ગ્રંથપણે આત્મા છે એમાંથી નિર્ગ્રંથદશા થાય છે. જો આત્મા નિર્ગ્રંથ ન હોય તો નિર્ગ્રંથદશા ક્યાંથી આવે? એ માટે, **'નિર્ગ્રંથ...'** અર્થમાં પહેલા કહ્યું. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૪૮, ગાથા-૪૪ શનિવાર, શ્રાવણ સુદ ૧૨, તા.૨૩-૦૮-૧૯૮૦

૪૪મી ગાથા ચાલે છે ને? પહેલેથી ફરીને.

**'શુદ્ધ જીવાસ્તિકાય...'** એ શબ્દ કેમ લીધો? કે અસંખ્ય પ્રદેશી અસ્તિકાય કાય છે. આત્મા અસંખ્યપ્રદેશી જ્ઞાનકાય છે. આવી વાત સર્વજ્ઞ સિવાય કોઈએ જાણી નથી અને કોઈએ કહી નથી. એ માટે જીવને એમ ન કહેતા 'જીવાસ્તિકાય' એવો શબ્દ લીધો. આહાહા..! શુદ્ધજીવ રાગ અને વિકલ્પથી રહિત પ્રભુ શુદ્ધ–જીવ-અસ્તિ-કાય અંદર અસંખ્ય પ્રદેશી સમૂહ. અસંખ્ય પ્રદેશમાં ગડબડ છે ને? 'વિદ્યાનંદજી' કહે છે એ અસંખ્યપ્રદેશી નહિ, અખંડ પ્રદેશી છે. વેદાંતની શૈલીએ લઈ જાય છે. અસંખ્યપ્રદેશ છે.

૪૭ શક્તિમાં પણ એવી શક્તિની નિત્યક્રિયા, જે નિત્યપ્રદેશી અસંખ્યપ્રદેશી નિત્ય છે. ૪૭ શક્તિમાં એમ લીધું છે. નિત્યપ્રદેશ અસંખ્ય છે. એ સર્વજ્ઞ સિવાય, વીતરાગ સિવાય કોઈએ જોયા નથી. એ અસંખ્યપ્રદેશમાં અનંત આનંદ આદિ ગુણનું ક્ષેત્ર છે. એકપ્રદેશી ક્ષેત્ર નથી. છતાં એ અસંખ્યપ્રદેશને પણ એક ન્યાયે 'પંચાસ્તિકાય'માં એકપ્રદેશી કહ્યો છે. કારણ કે ખંડ નથી, અખંડ અસંખ્યપ્રદેશ છે. આહાહા..! પ્રદેશદીઠ અનંતગુણ છે. એથી શુદ્ધ-જીવ-અસ્તિ-કાય–શુદ્ધજીવઅસ્તિ સમૂહ છે. અસંખ્યપ્રદેશી સમૂહ પ્રભુ ભગવાનઆત્મા, નિર્મળાનંદ પ્રભુ અનાદિઅનંત બિરાજે છે. આહાહા..!

**'ચોવીશ પરિગ્રહના પરિત્યાગસ્વરૂપ હોવાથી...'** અભ્યંતરમાં મિથ્યાત્વ નીચે આવ્યું હતું. **'એક મિથ્યાત્વ, ચાર કષાય અને નવ નોકષાય એમ ચૌદ પ્રકારનો અભ્યંતર પરિગ્રહ છે.'** એ નથી અને **'ક્ષેત્ર, મકાન, ચાંદી, સોનું, ધન, ધાન્ય, દાસી, દાસ, કપડાં અને વાસણ એમ દસ પ્રકારનો બાહ્ય પરિગ્રહ છે;...'** ચોવીશ પ્રકારના પરિગ્રહ ભગવાનઆત્મામાં નથી. એ તો અમૃતનો સાગર ભગવાન, અતીન્દ્રિય અમૃત અને અતીન્દ્રિય વીતરાગની મૂર્તિ પ્રભુ છે. એમાં પરિગ્રહનો અભાવ **'હોવાથી નિર્ગ્રંથ છે;...'** નિર્ગ્રંથદશા પ્રાપ્ત કરવી એ બીજી ચીજ છે. આ તો આત્મા જ નિર્ગ્રંથ છે. નિર્ગ્રંથ છે તો નિર્ગ્રંથદશા પ્રગટે છે. આહાહા..! મુક્ત છે તો મુક્તદશા પ્રગટે છે. એમ અહીંયા આચાર્ય પ્રભુ કહે છે, કે આત્મા વસ્તુ જ નિર્ગ્રંથ છે. એ વસ્તુમાં કોઈ વિકલ્પનો અવકાશ નથી. રાગના, દયાના, મહાવ્રતના કોઈ વિકલ્પનો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અવકાશ નથી એવો એ આત્મા નિર્ગ્રંથ છે. ચોવીશ પરિગ્રહ રહિત નિર્ગ્રંથ છે. આહાહા..! ધન, ધાન્ય, ક્ષેત્ર આદિ કે મિથ્યાત્વ કે ચૌદ પરિગ્રહ એમાં નથી. પર્યાયમાં અજ્ઞાનીએ અનાદિથી માની રાખ્યું છે. અંતરમાં જુઓ તો, પ્રભુ! **'શુદ્ધ જીવાસ્તિકાય બાહ્ય અભ્યંતર ચોવીશ પરિગ્રહના પરિત્યાગસ્વરૂપ હોવાથી...'** પરિત્યાગ. એકલો ત્યાગ નથી કહ્યો. પરિ, ઉપસર્ગ લીધો છે. સર્વથા પ્રકારે ત્યાગ. એમાં કોઈ પરિગ્રહની ગંધ નથી. રાગ કે દ્વેષનો અંશ નથી. તેના પરિત્યાગસ્વરૂપ હોવાથી નિર્ગ્રંથ કહેવામાં આવ્યું છે. આહાહા..!

**'સકળ મોહ-રાગ-દ્વેષાત્મક ચેતન કર્મના અભાવને...'** જુઓ! ભાષા ચેતનકર્મ લીધી. રાગ અને દ્વેષ, દયા અને દાન, કામ અને ક્રોધ એ ચેતનનું કાર્ય છે. વિકારી પણ ચૈતન્યની પર્યાય છે. એ ચેતનકર્મના અભાવને લીધે, ભગવાનઆત્મામાં ચેતનના વિકારી કાર્યનો અભાવ હોવાથી **'નીરાગ છે;...'** આહાહા..! એક એક શબ્દમાં આખા આત્માની સ્થિતિ પૂર્ણ શું છે એ બતાવે છે. અને પૂર્ણાનંદનો નાથ, એની અનુભૂતિ અને અનુભવ કરવો એ જ સમ્યગ્દર્શન છે. ત્યાંથી તો ધર્મનો પહેલો પ્રારંભ થાય છે. એ કારણે અહીંયા કહ્યું કે એ તો નિર્ગ્રંથ છે. એમાં કોઈ ગ્રંથ નથી. અને એ વૈરાગી છે. નીરાગ છે. નીરાગ કહો કે વૈરાગ્ય કહો. એમાં ચૈતન્યના કોઈ વિકારી પરિણામ, પ્રભુ ચૈતન્યના દ્રવ્યમાં નથી. આહાહા..! આ અનુભૂતિ કરવી. આખા બાર અંગનો સાર તો આ છે. બાર અંગમાં પણ એ કહ્યું છે. બાર અંગ વિકલ્પ છે. 'કળશટીકા'માં લીધું છે. પણ એમાં અનુભૂતિ કહી છે. પ્રભુ! તારી ચીજ છે, એ નીરાગ અને નિર્ગ્રંથ છે એનો અનુભવ કરવો, એ જ ધર્મની પહેલી સીઢી અને શરૂઆત કહેવાય છે.

મુમુક્ષુ :– મોક્ષમાર્ગની પહેલી સીઢી.

ઉત્તર :– આ.

**'નિદાન, માયા અને મિથ્યાત્વ– એ ત્રણ શલ્યોના અભાવને લીધે...'** પ્રભુમાં મિથ્યાત્વ શલ્ય નથી, માયા શલ્ય નથી. આહાહા..! અને **'નિદાન, માયા અને મિથ્યાત્વ—એ ત્રણ શલ્યોના અભાવને લીધે...'** પ્રભુ અંદર છે. જેમાં શલ્યનો સ્પર્શ નથી એવો ભગવાન પરમાત્મા અંદર બિરાજે છે એની અનુભવદૃષ્ટિ કરો. આહાહા..! વ્યવહાર હોય છે પણ વ્યવહારથી અનુભૂતિ નથી થતી. આહાહા..! વ્યવહાર તો વાણી આદિ બધું વ્યવહાર છે. અરે..! ગુણભેદથી સમજાવવું એ પણ વ્યવહાર છે. પણ વ્યવહાર હોવા છતાં એનાથી આ વસ્તુ અનુભવમાં નથી આવતી. એ ચીજ તો મહાપ્રભુ, ચૈતન્ય મહાપ્રભુ, **'ચેતન કર્મના અભાવને લીધે નીરાગ છે; નિદાન, માયા અને મિથ્યાત્વ–એ ત્રણ શલ્યોના અભાવને લીધે નિઃશલ્ય છે;...'**

મુનિને નિઃશલ્યવૃત્તિ કહ્યા છે. 'તત્ત્વાર્થસૂત્ર'માં યતિ–મુનિ એને કહીએ, નિઃશલ્યોવૃત્તિ 'તત્ત્વાર્થસૂત્ર'માં એવું સૂત્ર છે. પણ અહીં તો કહે છે કે વસ્તુમાં શલ્ય જ નથી. આહાહા..! વસ્તુમાં શલ્ય નથી, તો વસ્તુનો અનુભવ અને સન્મુખ થયો, તો પર્યાયમાં શલ્ય નથી. આહાહા..! તેને નિઃશલ્યવૃત્તિ સંત કહે છે. જૈનદર્શનના સંત (કહે છે). જૈનદર્શન કોઈ સંપ્રદાય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates


નથી, કોઈ પક્ષ-વાડો નથી. એ અનંત આત્મા અને અનંત પરમાણુ આદિ જે છ દ્રવ્ય છે, એમ ભગવાને જોયું છે અને એવું કહ્યું છે અને એવો સાર બતાવ્યો. આહાહા..! તો વસ્તુની સ્થિતિ બતાવે છે. પ્રભુ! તારો આત્મા આવો છે, એમ કહે છે, જુઓ! આહાહા..!

**'શુદ્ધ નિશ્ચયનયથી શુદ્ધ જીવાસ્તિકાયને...'** જુઓ! કહ્યું. શુદ્ધ નિશ્ચય અભેદ દૃષ્ટિ કરવાથી ભેદપણાનું લક્ષ છોડવું, અભેદ દૃષ્ટિ કરવી એ શુદ્ધનય છે. આહાહા..! એ **'શુદ્ધ જીવાસ્તિકાયને દ્રવ્યકર્મ,...'** નથી. આહાહા..! આઠ કર્મ નથી. આમ બોલવામાં તો એમ આવે ને, પ્રભુ! જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય. જ્ઞાનને જ્ઞાનાવરણીએ આવરણ કર્યું, દર્શનને દર્શનાવરણીએ આવરણ કર્યું. એ બધા નિમિત્તના કથન છે. વસ્તુના સ્વરૂપમાં એ નથી. આહાહા..! ભગવાન અંદર આઠ કર્મથી રહિત છે અને ભાવકર્મથી રહિત છે. પુણ્ય અને પાપના શુભ-અશુભભાવ, જેનાથી તીર્થંકરગોત્ર બંધાય, એવા ભાવથી પણ પ્રભુ તો રહિત છે. એ મલિન અંશ નિર્મળાનંદ નાથમાં નથી. પ્રભુ! તું નિર્મળ નાથ છો. આહાહા..!

આચાર્યોએ જગતને ભગવાન તરીકે બોલાવ્યા છે. આહાહા..! ભગવાન! આહાહા..! ૭૨ ગાથામાં 'અમૃતચંદ્રાચાર્યે' ત્રણવાર ભગવાન કહ્યું છે. ભગવાન! તારામાં પુણ્ય-પાપ નથી ને પ્રભુ! તું તો ભગવાન છો ને! આહાહા..! રહિત છો તો રહિત થઈ જા. આહાહા..! દ્રવ્ય, શુભાશુભભાવથી ભગવાન તું રહિત છો તો રહિત થઈ જા. તારી માન્યતાએ શલ્ય નાખ્યા છે, માન્યતાએ ઘર ઘાલ્યા છે. હું રાગ છું, હું પુણ્ય છું, હું પુણ્યની ક્રિયાનો કર્તા છું, એ બધા મિથ્યાત્વના શલ્ય છે. પર્યાયમાં અનાદિનો અભ્યાસ હોવાથી, ભગવાન ભાવકર્મથી રહિત દેખાતો નથી. અંદરમાં ભાવકર્મથી રહિત અને નોકર્મ, શરીર, વાણી, મનનો **'અભાવ હોવાને લીધે સર્વદોષવિમુક્ત છે;...'** સર્વદોષવિમુક્ત પ્રભુ અંદર છે. આહાહા..!

**'શુદ્ધ નિશ્ચયનયથી નિજ પરમતત્ત્વની પણ વાંછા નહિ હોવાથી...'** આહાહા..! ભગવાન પ્રભુ આત્મા એવો છે, કે નિજતત્ત્વ મને મળે એવી વાંછા રહિત એ ચીજ છે. આહાહા..! છે? **'નિજ પરમતત્ત્વની પણ વાંછા નહિ હોવાથી...'** નિજ પરમતત્ત્વ, એની વાંછા, એનો પ્રભુમાં અભાવ છે. આહાહા..! ગજબ કામ છે ને! આવો પ્રભુ એક પૈસામાં, એક આબરૂમાં કે ભોગમાં, ભવના કારણના સેવનમાં રોકાય જાય છે. આહાહા..! ભવ અને ભોગથી રહિત, ભવ અને ભોગથી રહિત પ્રભુ! ભવના કારણમાં રોકાય જાય છે. પ્રભુ! તારું પરિભ્રમણ મટતું નથી. તારામાં પરિભ્રમણનું કારણ નથી ને, નાથ! આહાહા..! કહ્યું ને?

**'પરમ તત્ત્વની વાંછા નહિ હોવાથી તારામાં...'** આહાહા..! ઇચ્છાનો તો અભાવ છે. મોક્ષની ઇચ્છા તો નથી, મોક્ષ તો પર્યાય છે, અહીં તો પરમતત્ત્વ કહ્યું છે. નિજ પરમ તત્ત્વ, પોતાનો નિજ પરમ સ્વરૂપ ભગવાન, એને નિજ તત્ત્વની વાંછા પણ નથી. વાંછા તો રાગ છે. આહાહા..! એકાંત લાગે, પ્રભુ! નિશ્ચય.. નિશ્ચય.. નિશ્ચય લાગે. એકાંત લાગે. વ્યવહાર હોય છે પણ એ કોઈ લાભદાયક નથી. વ્યવહાર બધો હેય છે. ૫૦મી ગાથામાં કહેશે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



૫૦માં. પોતાના સિવાય બધા પરદ્રવ્ય છે, પરભાવ છે, હેય છે. સમજાણું કાંઈ? ૫૦મી ગાથા જુઓ! આહાહા..!

**'पूर्वोक्तसकलभावाः'** પૂર્વે કહ્યા એ ઉદયાદિ સકળ ભાવો પરદ્રવ્ય છે. આહાહા..! એ પરસ્વભાવ છે. **'परसहावमिदि हेयं'** આહાહા..! પોતાના આત્મા સિવાય કોઈપણ પર્યાય.. અહીં તો તેને પરદ્રવ્ય કહ્યું છે. **'परस्वभावाः'** કહીને હેય કહ્યું. **'सगदव्वमुवादेयं'** એક સ્વદ્રવ્ય એ ઉપાદેય છે. આહાહા..! સંવર ને નિર્જરા ને મોક્ષ એ પર્યાય છે. પણ એની વાત ન કરી. **'सगदव्वमुवादेयं'** સ્વદ્રવ્ય આદરણીય છે. ત્રિકાળી ચૈતન્યરસનો કંદ પ્રભુ! **'सगदव्वमुवादेयं अंतरतच्चं हवे अप्पा।।'** એ અંતરતત્ત્વ જે શુદ્ધ અખંડાનંદ, પૂર્ણ તત્ત્વની પણ જેમાં વાંછા નથી, એવું પૂર્ણ તત્ત્વ જે અંતરતત્ત્વ છે એ જ આત્મા અને એ જ ઉપાદેય છે. આહાહા..! વ્યવહારના રસીલાને આકરું લાગે. પણ ત્યાં તો વ્યવહારની ગંધ પણ નથી. કેમ કે એમાંથી છૂટી જાય છે. એની ચીજ હોય તો છૂટે ક્યાંથી? એનો જે જ્ઞાન, દર્શન, આનંદસ્વભાવ છે, અનંત.. અનંત.. અનંત.. અનંત... ગુણની સંખ્યા અનંત અને એક એક ગુણનું સામર્થ્ય અનંત, એક એક ગુણમાં અનંતી પ્રભુતા. એમાં પ્રભુત્વ નામનો એક ગુણ છે. અને એ ગુણનું સર્વ ગુણમાં એનું રૂપ છે. તો અનંતગુણરૂપ પ્રભુ છે. એવો ભગવાનઆત્મા એ જ એક ઉપાદેય છે. બાકી બધા પરદ્રવ્ય, વિકલ્પથી માંડીને બધા પરદ્રવ્ય. **'परदव्वं परसहावं...'** એ પરસ્વભાવ છે. અને **'इदि हेयं'** આહાહા..! 'કુંદકુંદાચાર્યે' પોતાની ભાવના માટે બનાવ્યું, એમાં આવી વાત આવી ગઈ. દુનિયાના ભાગ્ય કે આવું પુસ્તક રહી ગયું. આહાહા..!

અહીં તો રાગાદિ વિકલ્પ તો ઠીક પણ પર્યાયને પરદ્રવ્ય કહી, પ્રભુ! આ ૫૦મી ગાથામાં તો **'परदव्व परसहावमिदि हेयं'** પર્યાય પણ **'परदव्व परसहावमिदि हेयं सगदव्वमुवादेयं'** આહાહા..! અંદર છે? અર્થમાં છે. **'પૂર્વોક્ત સર્વ ભાવો પરસ્વભાવો પરદ્રવ્ય છે, તેથી હેય છે; અંતઃતત્ત્વ એવું સ્વદ્રવ્ય આત્મા ઉપાદેય છે.'** આહાહા..! ૫૦મી ગાથામાં સારમાં સાર લઈ લીધો છે. ૪૯ અને ૫૦ ગાથા ઘણી ચાલી હતી. ૪૯મી ગાથામાં વ્યવહાર લીધો. ૫૦મી ગાથામાં કહ્યું કે એ બધો વ્યવહાર પરદ્રવ્ય છે. દયા, દાનનો એક વિકલ્પ ઉઠે છે એ પરદ્રવ્ય છે. એ તો (પરદ્રવ્ય) છે પણ પર્યાય પરદ્રવ્ય છે. ત્રિકાળી ભગવાન સ્વદ્રવ્યના આશ્રયે (ઉત્પન્ન થયેલી) પર્યાયને પણ અહીં પરદ્રવ્ય કહીને, પરસ્વભાવ કહીને હેય કહ્યું છે. ત્રણ બોલ લીધા છે. છે? આહાહા..! આવી વાત છે. પણ સાધારણ માણસને સાધારણમાંથી લેવું છે એ ક્યાંથી મળે? આહાહા..!

'હુકમીચંદજી' શેઠ અહીં આવ્યા હતા. એના ગળામાં એક નીલમણીનો હાર હતો. પૂછ્યું હતું કે કેટલા લાખનો છે? મળે તો ત્રણ-ચાર-પાંચ લાખ મળે. ત્યારે તો 'રાજકોટ'વાળા 'નાનાલાલભાઈ ઝવેરી' હતા એને પૂછ્યું, કીધું આ ડોકમાં હાર છે એની વર્તમાન કિંમત કેટલી? કે એની કિંમતનો પાર ન મળે. દસ લાખ કહે તો પણ એની કિંમતનો પાર ન

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



મળે. અહીં તો બીજું કહેવું છે. એ હાર લીલો દેખાય એવી લીલી લીંબોળી દેખાય. આહાહા..! નાની નાની લીલી લીંબોળી એ નીલમણી જેવી દેખાય. આહાહા..! પણ એ ચીજ અને એ ચીજ બીજી છે. એમ વિકલ્પ ને પર્યાય ને ભગવાનઆત્મા ભિન્ન અલૌકિક છે, પ્રભુ! આહાહા..!

અહીં તો એ કહ્યું, **'નિજ પરમ તત્ત્વની પણ વાંછા નહિ હોવાથી નિષ્કામ છે;...'** આહાહા..! ગજબ વાત છે. **'નિજ પરમ તત્ત્વની પણ વાંછા નહિ...'** કારણ કે વાંછા તો ઇચ્છા છે, એ વસ્તુમાં નથી. આહાહા..! મોક્ષની ઇચ્છા નથી, સંવર-નિર્જરા પર્યાયની ઇચ્છા નથી. નિજ પરમ તત્ત્વ ભગવાનઆત્મા, એની વાંછાનો એમાં અભાવ છે, નાથ! તારામાં એ વાંછા નથી, પ્રભુ! આહાહા..!

તું તો નાથ છો ને! નાથનો અર્થ–જે ચીજ છે એનું રક્ષણ કરે છે અને ન હોય તારી પર્યાયમાં તો નવી નવી પર્યાય મેળવી આપે છે, જો એની દૃષ્ટિ કરે તો નવી-નવી પર્યાય... આહાહા..! નવી નવી આનંદની પર્યાય, નાથ કોને કહે છે? યોગક્ષેમને નાથ કહે છે. યોગક્ષેમનો અર્થ–મળેલી ચીજની રક્ષા કરે અને અણમળેલી મેળવી આપે, તેને નાથ કહે છે. આ નાથની વ્યાખ્યા છે. આહાહા..!

એમ ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ છે. અનંતકાળમાં નહિ મળેલી (પર્યાય) મેળવી આપે છે. એની દૃષ્ટિ કરતાં એ વસ્તુ મળી જાય છે. આહાહા..! તારી પર્યાયમાં એ વસ્તુ મળે છે. વાંછા કરવી પડતી નથી. આહાહા..! એવી એ વસ્તુ છે. એ મૂળ વસ્તુની ભાવના વિના... ભાવના તો આવી ગયું ને? ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવ, એની સન્મુખ એ ભાવના વિના એ મળતી નથી. એ ચીજ ભાવનામાં ન આવી. ભાવનામાં એ ચીજ આવી નહિ. ભાવના એ ચીજમાં નથી જતી, પણ ભાવનાથી દૃષ્ટિમાં આવે છે. આહાહા..! આવી વાત, પ્રભુ! અહીં તો ઘણીવાર કહ્યું. અહીં તો સાડી પીસ્તાલીસ વર્ષ જંગલમાં થયા. સાડી પીસ્તાલીસ વર્ષ, ફાગણ વદ ત્રીજે આવ્યા છીએ. આ ફાગણ વદ ત્રીજે, ૪૬ વર્ષ જંગલમાં થશે. આહાહા..! ૪૫ વર્ષની ઉંમરે આવ્યા હતા. ૯૧ ચાલે છે, આ દેહને, જડને. પ્રભુને? અનાદિઅનંત (છે). આહાહા..!

જે વાસ્તવિક ચીજ છે એની તો વાંછા પણ નથી. આહાહા..! **'પરમ તત્ત્વની પણ વાંછા નહિ હોવાથી નિષ્કામ છે;...'** આહાહા..! ગજબ કામ છે. પ્રભુ! તારી મોટપનો પાર નથી. પ્રભુ! તારી મહિમા, તારું મહાત્મ્ય, તારી મહિમાનો પાર નથી, મહાત્મ્યનો પાર નથી. એને શબ્દોમાં કેમ કહીએ? શબ્દો જડ છે, ભગવાન ચેતન છે. બેની જાત જુદી છે. બેની જાતમાં જડથી આત્માને કહેવો છે. આહાહા..! એ ભાષા, જેને ખબર નથી કે આ ચેતન છે, છતાં પણ ભાષામાં સ્વપર કહેવાની એટલી તાકાત છે. પ્રભુમાં સ્વપરપ્રકાશકની તાકાત છે, વાણીમાં સ્વપર કહેવાની તાકાત છે. હવે એને ખબર નથી કે આ આત્મા છે કે નહિ. પણ એ વાણીમાં સ્વપર કહેવાની તાકાત છે. શું કહ્યું એ?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભગવાનઆત્મા સ્વપરપ્રકાશકની જ્યાં વાંછા નથી. આહાહા..! જ્યાં વાણીમાં સ્વપર કહેવાની તાકાત છે. સ્વને અને પરને–આત્મા આ છે એમ કહેવાની શક્તિ સ્વતંત્ર જડમાં છે. આત્માના કારણે નહિ. આહાહા..! છતાં એ ચીજથી તો પ્રભુ ભિન્ન છે. વાંછાથી ભિન્ન છે તો પછી (બીજાની શું વાત કરવી). આહાહા..!

**'નિશ્ચયનયથી પ્રશસ્ત-અપ્રશસ્ત...'** શુભ અને અશુભ રાગ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, હિંસા, જૂઠું, ચોરી, વિષય, ક્રોધ, માન, (માયા), લોભ એવા જે **'પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત પરદ્રવ્યપરિણતિનો અભાવ હોવાને લીધે...'** એ તો પરદ્રવ્યના પરિણામ છે. આહાહા..! સ્વદ્રવ્યના પરિણામ નથી. સ્વદ્રવ્યના પરિણામ તો વીતરાગી આનંદ. વીતરાગી આનંદ એ સ્વદ્રવ્યનું પરિણામ છે. આહાહા..!

સ્વદ્રવ્યને ધ્યાનમાં લઈને એકાકાર થતાં પર્યાયમાં વીતરાગી આનંદની પર્યાય આવે છે. આહા..! એમાં આ શુભ-અશુભરાગ નથી અને શુભરાગથી પ્રાપ્ત થતો નથી. લોકોને આ બહુ આકરું પડે છે. શુભરાગ સિવાય બીજું શું કરે? શુભ કરે.. બાપુ! શુભ પણ... આહાહા..! 'યોગીન્દ્રદેવ' એના શ્લોકમાં એમ કહે છે, કે 'પાપ પાપકો તો સબ કહે, પણ અનુભવી જીવ તો પુણ્યકો પાપ કહે.' આહાહા..! 'યોગીન્દ્રદેવ' દિગંબર સંત, એમનો શ્લોક છે ને? આપણે આવી ગયો છે. પુસ્તક આવી ગયું છે. 'પાપ પાપકો તો સબ કહે.' એ તો આખી દુનિયા કહે. 'પણ અનુભવી જીવ...' આત્માના અનુભવી જીવ 'પુણ્યને પાપ કહે.' આહાહા..! ગજબ લાગે. પ્રભુ! એ તારામાં નથી ને? તારામાં નથી માટે પાપ છે.

અહીં પ્રશસ્ત-અપ્રશસ્ત રાગ. શુભ-અશુભરાગ. અસંખ્ય પ્રકારનો શુભરાગ, અસંખ્ય પ્રકારનો અશુભરાગ, અસંખ્ય પ્રકારના શુભરાગ. સાંભળવાનો, કહેવાનો, વાંચવાનો, પ્રભુ... પ્રભુ.. પ્રભુ! આહાહા..! એ બધા વિકલ્પો તારામાં છે નહિ, નાથ! એ **'પરદ્રવ્ય પરિણામનો અભાવ હોવાથી નિઃક્રોધ...'** આહાહા..! નિઃક્રોધ, અણગમો કાંઈ નથી. આહાહા..! આ ચીજના બીજા વિભાવના પરિણામ, અસંખ્ય પ્રકારે વિભાવ છે. અરે..! વિભાવ નામની શક્તિ આત્મામાં છે. તો વિભાવશક્તિનું કારણ વિભાવરૂપે પરિણમવું એમ નથી. વિભાવશક્તિ તો સિદ્ધમાં પણ છે. વિભાવશક્તિનો હેતુ બીજા ચાર દ્રવ્યમાં એ શક્તિ નથી, એ કારણે આત્મામાં એ શક્તિ છે, એને વિભાવ કહી. પણ છે તો શુદ્ધ સ્વભાવ. આહાહા..! અને એ શક્તિનો સ્વભાવ નિર્મળ પરિણમન થવું એ સ્વભાવ છે. નિમિત્તાધીન થાય તો વિકાર થાય છે. નિમિત્તાધીન ન થાય અને પોતાના સ્વભાવને આધીન થાય તો નિર્મળ ધારા વહે છે. આહાહા..! એ કારણે એ આત્મામાં શુભ અને અશુભભાવ **'પરદ્રવ્યપરિણામનો અભાવ હોવાને લીધે...'** એ તો પરદ્રવ્ય પરિણામનો અભાવ છે. પરદ્રવ્ય પરિણામ. આહાહા..! (તે) કારણે **'નિઃક્રોધ છે.'**

**'નિશ્ચયનયથી સદા પરમ સમરસીભાવસ્વરૂપ હોવાને લીધે...'** નિશ્ચયથી તો, યથાર્થથી તો વસ્તુસ્થિતિથી, નિશ્ચયનય એટલે વસ્તુસ્થિતિથી, વસ્તુની મર્યાદાથી જુઓ તો પ્રભુને **'સદા**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**પરમ સમરસીભાવસ્વરૂપ હોવાને લીધે...**' ત્રિકાળ પરમ વીતરાગ સ્વભાવસ્વરૂપ હોવાને લીધે '**નિર્માન છે;...**' આહાહા..! અહીં તો સાધારણ કાંઈક સમજાવવાનું, આવડતનું માન મળે ત્યાં (અભિમાન થઈ જાય). અરે..! પ્રભુ! એ તો પર છે ને નાથ! સમજાવવાનો વિકલ્પ પણ દુઃખરૂપ છે.

'સમાધિશતક'માં તો એમ કહ્યું, સમજાવવાનો વિકલ્પ પાગલપણું છે. આહાહા..! 'સમાધિશતક'માં એવો પાઠ છે. પ્રભુ અંદર મહા ભગવાન બિરાજે છે. એમાંથી નીકળવું, વિકલ્પમાં આવવું એને પાગલ કહ્યા છે. 'સમાધિશતક'માં આહાહા..! 'પૂજ્યપાદસ્વામી'એ પાગલ (કહ્યા છે). આહાહા..! હું આ કહું છું, હું આ સમજાવું છું એવું અભિમાન, પ્રભુ! છોડી દે. એવું આત્મામાં નથી. આહાહા..!

એ '**પરદ્રવ્યપરિણતિનો અભાવ હોવાને લીધે નિઃક્રોધ છે; નિશ્ચયનયથી સદા પરમ સમરસીભાવસ્વરૂપ...**' પાછા. '**સદા પરમ સમરસી...**' ત્રિકાળ વીતરાગભાવરૂપ હોવાથી. ભગવાનઆત્મા ત્રિકાળ વીતરાગસ્વરૂપ, સમરસીભાવ ત્રિકાળ છે. એમાં ખંડ કે અલ્પતા કે વિપરીતતા કે અશુદ્ધતા કદી થતી નથી. આહાહા..! એવું પરમતત્ત્વ એ '**પરમ સમરસીભાવસ્વરૂપ હોવાને લીધે નિર્માન છે;...**' એમ હોવાથી નિર્માન છે. આહાહા..! ગજબ કામ કર્યું છે ને?

'કુંદકુંદાચાર્ય' કહે છે, મેં તો મારી ભાવના માટે બનાવ્યું છે. એમાં વળી ટીકાકાર 'પદ્મપ્રભમલધારિદેવ' મળી ગયા. આહાહા..! એ તો એમ કહે છે, કે એ વિકલ્પ ઊઠે એ પરદ્રવ્ય પરિણામ છે. અરે...! પર્યાય પરદ્રવ્ય, જેમ પરદ્રવ્યમાંથી પોતાની નવી શુદ્ધ નિર્મળ પર્યાય નથી આવતી, એમ પર્યાયમાંથી નિર્મળ શુદ્ધપર્યાય નવી આવતી નથી તેથી એ પર્યાયને અમે પરદ્રવ્ય કહીએ છીએ. આહાહા..! જેમ ભગવાનને છોડીને બીજા દ્રવ્યમાંથી આત્માની શાંતિની, સમકિતની, જ્ઞાનની, ચારિત્રની પર્યાય નથી થતી. આહાહા..! સમજાણું કાંઈ? પરદ્રવ્યમાંથી જેમ નથી થતી. એમ પોતાની પર્યાય નિર્મળ છે નિર્મળ, એ પર્યાયમાંથી પર્યાય નથી થતી, પ્રભુ! આહાહા..! એ કારણે પર્યાયને પણ પરદ્રવ્ય કહી દીધું છે. ૫૦મી ગાથા. આહાહા..! વાત સાંભળવી મુશ્કેલ પડે. બહારમાં ક્રિયાકાંડમાં ગુંચાઈ ગયા. આહાહા..!

અહીંયા તો પરમાત્મા કહે છે એ ભગવાન 'કુંદકુંદાચાર્ય' કહે છે. એ '**નિર્માન છે;...**' આહાહા..! '**નિશ્ચયનયથી નિઃશેષપણે અંતર્મુખ હોવાને લીધે...**' સમસ્ત પ્રકારે પ્રભુ અંતર્મુખ છે. પર્યાયમાં પણ આવતો નથી. આહાહા..! '**નિઃશેષપણે અંતર્મુખ હોવાને લીધે...**' એ તો અંતર્મુખ ચીજ છે, દ્રવ્ય છે, ધ્રુવ છે. આહાહા..! વાત ઝીણી પડે, પ્રભુ! પણ આ મનુષ્યપણું મળ્યું એ ચાલ્યું જશે, નાશ થઈ જશે. આહાહા..! રાજકુમાર પાસે વીસ કરોડ રૂપિયા. 'ઈન્દોર'. અને બિચારા પડી ગયા'તા. આજે સમાચાર મળ્યા. હવે અત્યારે કાંઈક ઠીક છે. પણ વીસ કરોડ શું કરે? શરીરની પર્યાય જે સમયે થવાની છે તે સમયે થશે, થશે અને થશે જ. તારું ધ્યાન રાખ અને ખ્યાલ રાખ તો પર્યાય ફરશે એમ છે નહિ. ક્રમબદ્ધ. છ દ્રવ્યમાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ક્રમબદ્ધ પર્યાય જે સમયે થવાની છે તે થાય છે. પણ એવી દૃષ્ટિ જેની છે, એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર હોય છે. જેમાં જ્ઞાયકતત્ત્વમાં પરમતત્ત્વની વાંછા પણ નથી એવા તત્ત્વ ઉપર દૃષ્ટિ છે. આહાહા..!

એ કારણે કહે છે, **'નિઃશેષપણે અંતર્મુખ હોવાને લીધે...'** બહિર્મુખની પર્યાયમાં પણ આવતું નથી. આહાહા..! એ તો અંતર્મુખ તત્ત્વ છે. **'ઉક્ત પ્રકારનું (ઉપર કહેલા પ્રકારનું), વિશુદ્ધ...'** વિ-શુદ્ધ. વિશુદ્ધ શબ્દ બે પ્રકારે વપરાય છે. શુભભાવમાં પણ વિશુદ્ધ વપરાય છે અને શુદ્ધમાં પણ વિશુદ્ધ વપરાય છે. અહીંયા તો શુદ્ધમાં વિશુદ્ધ કહેવું છે. વિશુદ્ધભાવ શાસ્ત્રમાં આવે છે. શુભભાવને પણ વિશુદ્ધ કહે છે. એ તો નહિ. એ તો આત્મામાં છે જ નહિ. આ તો **'વિશુદ્ધ સહજ સિદ્ધ નિત્યનિરાવરણ...'** આહાહા..! ભગવાન અંદર આત્મા નિત્યનિરાવરણ, ત્રિકાળ નિરાવરણ... આહાહા..! છે?

**'વિશુદ્ધ સહજસિદ્ધ...'** સ્વાભાવિક સિદ્ધ વસ્તુ. ઉત્પત્તિ છે એનો નાશ થવાને આધારે ઉત્પન્ન થયો એમ નથી. સ્વતઃસિદ્ધ. એવી સ્વતઃસિદ્ધ. એ સહજસિદ્ધ, સ્વતઃસિદ્ધ એ સ્વાભાવિક સિદ્ધ. એવો **'વિશુદ્ધ સહજસિદ્ધ નિત્યનિરાવરણ...'** નિત્ય નિરાવરણ છે. આહાહા..! 'ગોમ્મટસાર'માં કરણાનુયોગમાં એમ આવે છે, કે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય કર્મના ઉદયમાં આમ થાય છે. ઉદયમાં આમ થાય છે. એ બધા વ્યવહાર નિમિત્તથી કથન છે, પ્રભુ! વસ્તુ એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. તો બીજા દ્રવ્યથી બીજા દ્રવ્યમાં કાંઈ થાય, એમ છે નહિ.

અહીં કહે છે, પ્રભુ તો **'નિત્યનિરાવરણ નિજ કારણસમયસારનું સ્વરૂપ ઉપાદેય છે.'** જુઓ! આહાહા..! બહુ જ શબ્દો લીધા. **'વિશુદ્ધ..'** વિશેષે શુદ્ધ **'સહજસિદ્ધ...'** વિશેષ શુદ્ધ સ્વયંસિદ્ધ, સ્વભાવે સિદ્ધ, સ્વભાવથી જ છે. **'નિત્યનિરાવરણ...'** છે. આહાહા..! ભગવાનઆત્મા નિત્ય ત્રિકાળ નિરાવરણ છે. આહાહા..! **'નિજ કારણસમયસાર...'** એવો જે નિત્ય નિરાવરણ, સ્વાભાવિક સિદ્ધ વસ્તુ નિજ કારણસમયસાર. પર્યાય તો ઉત્પન્ન થાય છે. એ કંઈ નિત્યનિરાવરણ નથી. નિત્ય નિરાવરણ તો ભગવાનઆત્મા ધ્રુવ, એ જ ઉપાદેય છે. એ નિજ કારણસમયસાર, પોતાનો નિજ કારણસમયસાર એનું **'સ્વરૂપ ઉપાદેય છે.'** એ આદરણીય છે, એ સ્વીકાર કરવા લાયક છે, એ સત્કાર કરવા લાયક છે, એની સન્મુખ થવા લાયક છે. આહાહા..! આવું ઝીણું પડે. એ... 'તારાચંદજી' આવ્યા છે ને. આહાહા..!

**'નિજ કારણસમયસાર...'** કેવો? કે આવો. જેનું **'સ્વરૂપ ઉપાદેય છે.'** દૃષ્ટિમાં આદરણીય એ એક જ ચીજ છે. સમ્યગ્દર્શન પર્યાય છે, એ પર્યાય એમાં નથી. છતાં એ પર્યાયમાં આદરણીય એ છે. છતાં એ પર્યાય અને એ ચીજ બે એક થતી નથી. પર્યાય પર્યાયપણે રહે છે, ધ્રુવ ધ્રુવપણે રહે છે. ધ્રુવમાંથી પલટે છે એમ નથી. આહાહા..! કેવળજ્ઞાન ધ્રુવમાંથી થાય તો પલટે નહિ. ધ્રુવ પલટે નહિ, કહે છે. આહાહા..! ધ્રુવ પલટે નહિ. પલટવાની પર્યાય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સ્વતંત્ર પ્રગટ થાય છે. આહાહા..! એવું આત્મદ્રવ્ય, અરે..! ભાગ્યવાનને કાને પડે એવી વાત છે. આહાહા..! બીજાને એકાંત લાગે. એ તો અમને ખબર છે. પ્રભુ! આ સમ્યક્ એકાંત છે. અને એ નિશ્ચયનયમાં.. સમ્યક્ એકાંત એ નિશ્ચયનય છે. સમ્યક્ એકાંત એ નિશ્ચયનય છે. પ્રમાણ નથી. સમ્યક્ એકાંત શુદ્ધ ત્રિકાળી ભગવાન વિશુદ્ધ સહજ સ્વરૂપ, તે જ ઉપાદેય છે એ એકાંત સમ્યગ્જ્ઞાન છે. આહાહા..! એવું જ્ઞાન થયા પછી પર્યાયનું જ્ઞાન થાય છે. ત્યારે પ્રમાણ કહેવામાં આવે છે. ત્યારે પ્રમાણ કહે છે. આહાહા..!

પ્રમાણના બે વિષય છે. ત્રિકાળી દ્રવ્ય અને એક સમયની પર્યાય. શુદ્ધનયનો વિષય એક ત્રિકાળી દ્રવ્ય છે. પર્યાયનયનો વિષય એક વર્તમાન પર્યાય છે. સમજાય છે કાંઈ? નિશ્ચયનયનો વિષય સમ્યક્નો (વિષય) ધ્રુવ એકરૂપ છે. પ્રમાણ ન આવ્યું. એક સમયની પર્યાયનો વિષય વ્યવહારનો પર્યાયાર્થિકનો છે. બે મળીને પ્રમાણનયનો વિષય છે. પણ પ્રમાણનો વિષય આદરણીય નથી. આહાહા..!

નયચક્રમાં લીધું છે, કે પ્રમાણ પૂજ્ય કેમ નથી? કારણ કે એમાં પર્યાયનો નિષેધ નથી આવતો માટે પૂજ્ય નથી. આહાહા..! નયચક્રમાં છે. આહાહા..! ભગવાન! આ વાત તો અંતરની છે, પ્રભુ! તેને નિશ્ચયાભાસ કહીને કાઢી નાખવું. એ તો નિશ્ચયાભાસ છે, ફલાણું છે. પ્રભુ! એમ ન કરવું. વ્યવહારના સ્થાને વ્યવહાર હોય છે. વ્યવહારનય નથી એમ નહિ. પણ વ્યવહારથી નિશ્ચય થાય છે એમ નથી. વ્યવહાર નથી એમ નથી. નિશ્ચય અને વ્યવહાર બે નય છે. ભગવાનના ઉપદેશમાં બે નય આવ્યા છે. પહેલા પણ 'નિયમસાર'માં કહ્યું હતું. બે નય છે. પણ એક નયનો વિષય આદરણીય છે અને એક નયનો વિષય જાણવાલાયક છે. આહાહા..! પર્યાયનો વિષય પર્યાયનય વ્યવહારનયનો વિષય છે. ધ્રુવનો વિષય નિશ્ચયનો વિષય છે. બેમાં બે અંશ આવ્યા. બેમાં એક એક અંશ આવ્યા. ભલે ધ્રુવ છે પણ પર્યાય વિનાનું છે માટે અંશ કહ્યો. અને પ્રમાણના વિષયમાં ધ્રુવ અને પર્યાય બે આવ્યા. છતાં પર્યાયનો નિષેધ ન થવાથી (પ્રમાણ) પૂજ્ય નથી. આહાહા..! ત્રિકાળી ચીજ ભગવાન ઉપાદેય છે એ પૂજ્ય છે. આહાહા..!

**'એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી પ્રવચનસારની ટીકામાં) ૮મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :–'** ઉપર છે.

**इत्युच्छेदात्परपरिणतेः कर्तृकर्मादिभेद-**
**भ्रान्तिध्वंसादपिर च सुचिराल्लब्धशुद्धात्मतत्त्वः।**
**सञ्चिन्मात्रे महसि विशदे मूर्छितश्चेतनोऽयं**
**स्थास्यत्युद्यत्सहजमहिमा सर्वदा मुक्त एव।।**

આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– **'मुक्त एव'**

પૂજ્ય ગુરુદેવશ્રી :– **'मुक्त एव'** આહાહા..!

અહીં તો પ્રભુ! જન્મમરણ રહિત થવાની વાત છે. અરે..રે...! ભલે દુનિયા ન ગણે, ન માને. પણ જેમાં જન્મમરણ છે એ ચીજમાં તો નરક અને નિગોદ પણ આવશે. આહાહા..! જેમ તિર્યંચમાં માતા-પિતામાં જન્મ-મરણ થાય છે. એમ એકેન્દ્રિય, બેઇન્દ્રિયમાં નથી હોતું. ઉત્પત્તિ થાય એ જન્મ અને દેહ છૂટી જાય એ મરણ. આહાહા..! જેમ કે તિર્યંચ મનુષ્યમાં માતા-પિતા છે. એની કૂંખમાં જાય છે અને સવા નવ મહિના રહે છે. આહાહા..! ત્રણલોકના નાથ તીર્થંકર જેવા પણ શ્રેણિક રાજા નીકળશે, એ માતાના પેટમાં સવા નવ મહિના રહેશે. તીર્થંકર ગોત્ર બાંધ્યા પણ એક ભવ રહ્યા... આહાહા..! એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણેન્દ્રિયને તો માતા-પિતા છે નહિ. પણ જન્મ-મરણ નથી એમ નથી. એ જ્યાં ઉત્પન્ન થાય છે એ જન્મ અને દેહ છૂટે એ મરણ. આહાહા..! ભગવાનઆત્મા જન્મ-મરણ બહારમાં દેખાય છે. માતાના પેટમાં આવે છે એ જન્મે છે એ દેખાય છે. પણ એ ચીજ આત્માની નથી. આહાહા..! એ આવી ગયું. જન્મ, મૃત્યુ, જરા આત્મામાં નથી. આહાહા..! એવી દૃષ્ટિ થયા વગર ચૈતન્યનો સ્વીકાર અને સત્કાર થતો નથી. એનો સ્વીકાર થયા વગર બીજી કોઈપણ ચીજની મહત્તા થાય તો એ મિથ્યાત્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'અમૃતચંદ્રાચાર્ય'એ કહ્યું, **'આ રીતે પરપરિણતિના ઉચ્છેદ દ્વારા...'** પરપરિણતિ એટલે શુભ-અશુભ રાગ. એનો ઉચ્છેદ કર્યો. ઓહોહો..! **'પરપરિણતિના ઉચ્છેદ દ્વારા (અર્થાત્ પરદ્રવ્યરૂપ પરિણમનના નાશ દ્વારા) તેમ જ કર્તા, કર્મ વગેરે ભેદો હોવાની જે ભ્રાંતિ તેના પણ નાશ દ્વારા...'** આહાહા..! હું પર્યાયનો કર્તા છું અને પર્યાય મારું કાર્ય છે. પર્યાય મેં રાખી છે, અને પર્યાયનું સાધન પર્યાય છે. પર્યાય પર્યાયમાંથી ઉત્પન્ન થઈ અને પર્યાયનો આધાર પર્યાય છે. એમ છે. પર્યાયમાં એવા ષટ્ કારક છે, પણ મારામાં નથી. આહાહા..! એ **'કર્તા, કર્મ વગેરે ભેદો હોવાની જે ભ્રાંતિ...'** આહાહા..! **'તેના પણ નાશ દ્વારા...'** આહાહા..! પર્યાયમાં ષટ્કારક પરિણમન અનંત દ્રવ્યમાં, દરેક દ્રવ્યમાં એક સમયમાં થાય છે. સમય દીઠ ષટ્કારકે પરિણમન થાય છે. અનંત દ્રવ્યમાં, દરેક દ્રવ્યમાં, કોઈ કાળ વિના, દરેક દ્રવ્યમાં એક સમયમાં ષટ્કારકનું પરિણમન થાય છે. પણ એ દ્રવ્યમાં નથી. આહાહા..!

**'કર્તા, કર્મ વગેરે ભેદો હોવાની જે ભ્રાંતિ...'** આહાહા..! ભગવાનઆત્મા રાગનો કર્તા, રાગનો ભોક્તા કે રાગનો નાશકર્તા એ ભ્રાંતિ છે, પ્રભુ! **'ભ્રાંતિ તેના પણ નાશ દ્વારા આખરે જેણે શુદ્ધ આત્મતત્ત્વને ઉપલબ્ધ કર્યું છે—'** આહાહા..! બધું વાંચન કર્યું, બધું કર્યું, શ્રદ્ધા કરી. પણ અંતરતત્ત્વમાં દૃષ્ટિ કરી ત્યારે પ્રાપ્ત થયું. એ વિના આત્મા ઉપલબ્ધ થતો નથી. આહાહા..! કહ્યું ને? **'જેણે શુદ્ધ આત્મતત્ત્વને ઉપલબ્ધ કર્યું છે–એવો આ આત્મા, ચૈતન્યમાત્રરૂપ વિશદ (નિર્મળ) તેજમાં લીન રહ્યો થકો,...'** આહાહા..! જેને સમ્યગ્દર્શન, જ્ઞાન આદિમાં આત્મા

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પ્રાપ્ત થયો, એનો અર્થ કે આત્મામાં પોતાના જ્ઞાનના તેજમાં લીન હતો. આહાહા..! રાગનો પણ કર્તા નથી. છદ્મસ્થ છે, રાગ આવે છે આહાહા..! પણ કર્તાકર્મની ભ્રાંતિથી રહિત.. આહાહા..! **'આત્મતત્ત્વને ઉપલબ્ધ કર્યો છે—એવો આ આત્મા, ચૈતન્યમાત્રરૂપ વિશદ (નિર્મળ)...'** ચૈતન્ય જ્ઞાયક પ્રકાશ. ચૈતન્યનું પૂર. પાણીનું પૂર જેમ તીરછું ચાલે છે એમ આ ચૈતન્યપૂર ધ્રુવ છે એ આમ ચાલે છે. છે.. છે.. છે.. આહાહા..! **'વિશદ (નિર્મળ) તેજમાં લીન રહ્યો થકો, પોતાના સહજ (સ્વભાવિક) મહિમાના પ્રકાશમાનપણે સર્વદા મુક્ત જ રહેશે.'** આહાહા..! એવી એની તાકાત છે, કે એનો જેણે સ્વીકાર કર્યો એ સદા એ દશામાં રહેશે. એને કદી ભવાદિ થશે નહિ. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૬૯

(मन्दाक्रांता)

ज्ञानज्योतिःप्रहतदुरितध्वान्तसंधातकात्मा
नित्यानन्दाद्यतुलमहिमा सर्वदा मूर्तिमुक्तः।
स्वस्मिन्नुच्चैरविचलतया जातशीलस्य मूलं
यस्तं वन्दे भवभयहरं मोक्षलक्ष्मीशमीशम्।।६९।।

**વળી (૪૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :–**

**[શ્લોકાર્થ :–] જેણે જ્ઞાનજ્યોતિ વડે પાપરૂપી અંધકારસમૂહનો નાશ કર્યો છે, જે નિત્ય આનંદ આદિ અતુલ મહિમાનો ધરનાર છે, જે સર્વદા અમૂર્ત છે, જે પોતામાં અત્યંત અવિચળપણા વડે ઉત્તમ શીલનું મૂળ છે, તે ભવભયને હરનારા મોક્ષલક્ષ્મીના ઐશ્વર્યવાન સ્વામીને હું વંદું છું. ૬૯.**

---

**પ્રવચન નં. ૪૯, શ્લોક-૬૯, ગાથા-૪૫-૪૬ રવિવાર, શ્રાવણ સુદ ૧૩, તા.૨૪-૦૮-૮૦**

---

'નિયમસાર' ૪૪ ગાથાનો ૬૯મો કળશ છે.

ज्ञानज्योतिःप्रहतदुरितध्वान्तसंधातकात्मा
नित्यानन्दाद्यतुलमहिमा सर्वदा मूर्तिमुक्तः।

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**स्वस्मिन्नुच्चैरविचलतया जातशीलस्य मूलं**
**यस्तं वन्दे भवभयहरं मोक्षलक्ष्मीशमीशम्।।६९।।**

**શ્લોકાર્થ :– 'જેણે જ્ઞાનજ્યોતિ વડે...'** અહીં તો વાત તો એમ કહે કે નાશ કરે છે. પણ અંદરમાં છે જ નહિ. **'જેણે જ્ઞાનજ્યોતિ વડે પાપરૂપી અંધકારસમૂહનો નાશ કર્યો છે,...'** અર્થાત્ અંતરમાં પાપરૂપી અંધકાર જ નથી. સિદ્ધપદની પર્યાય થઈ તો અંધકારનો નાશ કર્યો એમ કહેવાય. પણ આત્મા સર્વદા ત્રિકાળી, એ તો **'જ્ઞાનજ્યોતિ વડે પાપરૂપી અંધકાર...'** સમૂહ, એમાં છે જ નહિ. જે નથી એનો નાશ કર્યો એમ કહેવાય છે. આહાહા..!

**'જે નિત્ય આનંદ આદિ અતુલ મહિમાનો ધરનાર છે,...'** છે? આહાહા..! ભગવાનઆત્મા નિત્ય આનંદ, ધ્રુવ આનંદ, અવિચળ આનંદ આદિ જ્ઞાન, શાંતિ, સ્વચ્છતા આદિ વિગેરે **'અતુલ મહિમાનો ધરનાર છે,...'** જેની કોઈ તુલના નથી, જેને કોઈ ઉપમા નથી, એવો ભગવાનઆત્મા **'અતુલ મહિમાનો ધરનાર છે,...'** આહાહા..! અનંત અનંતકાળ ગયો, ક્યારેય સ્વચીજની મહિમા આવી જ નથી. બહારની મહિમા (કરી). ક્રિયાકાંડમાં રાગ મંદ કરીને કંઈ મહાવ્રત કે વ્રત કે આચરણ કંઈ કરે, રસ ત્યાગ કરે, આહાર ત્યાગ કરે, વસ્ત્ર ત્યાગ કરે, એમાં કાંઈ છે નહિ. જે ચીજ છે એ ચીજ ઉપર દૃષ્ટિ, તે ચીજનું ઉપાદેયપણું દૃષ્ટિમાં આવ્યા વિના જન્મનો અંત આવતો નથી. આહાહા..!

એ કહે છે, **'નિત્ય આનંદ આદિ અતુલ મહિમાનો ધરનાર છે,...'** નિત્ય આનંદ. આનંદ પ્રગટ થશે એ તો પર્યાય છે, આ તો દ્રવ્ય છે. **'નિત્ય આનંદ આદિ...'** જ્ઞાન, શાંતિ, સ્વચ્છતા અનંત... અનંત.. અનંતગુણ, નિત્ય આનંદ આદિ અનંતગુણ. જે ત્રિકાળ સમય ત્રણકાળના, એક સેકન્ડમાં અસંખ્ય સમય હોય છે. એક સેકન્ડમાં અસંખ્ય સમય, એવો ત્રિકાળ. ત્રિકાળ સમયથી જેમાં અનંતગુણા ગુણ છે. આહાહા..! **'આનંદ આદિ...'** આદિ એટલે અનંત અનંત. જેના ગુણની સંખ્યાની મર્યાદા નથી. અનંત અનંત (ગુણ છે). અને એક એક ગુણની શક્તિની મર્યાદા નથી, એવા અનંત આનંદ આદિ ગુણની મહિમાને ધરનાર છે. આહાહા..! આ મહિમા આગળ દુનિયાની કોઈ ચીજ ઉપર મહિમા આવતી નથી. ઇન્દ્રના ઇન્દ્રાસન હોય, ચક્રવર્તીના રાજ હો એ કચરાના ઢગલા છે. આ આનંદનો ઢગલો છે.

અનંત અનંતગુણની મહિમાને ધરનાર, એવી ચીજ આત્મા સિવાય બીજે ક્યાંય નથી. એવા **'નિત્ય આનંદ આદિ અતુલ મહિમા..'** જેની તુલના નથી. આહાહા..! જેની ઉપમા નથી, જેના ગુણ સાથે બીજા ગુણની ઉપમા અપાય એવી કોઈ તુલના નથી. એના ગુણ એના ગુણરૂપ અથવા સિદ્ધસ્વરૂપ. સિદ્ધ તો પર્યાય છે પણ એવો ત્રિકાળી ગુણસ્વરૂપ, એવો ભગવાન આત્મા **'જે સર્વદા અમૂર્ત છે,...'** સર્વદા અમૂર્ત છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ત્રિકાળમાં એને અડ્યો જ નથી. એવી અમૂર્ત ચીજ ભગવાનઆત્મા. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'જે પોતામાં અત્યંત અવિચળપણા વડે...'** જે ભગવાનઆત્મા પોતામાં પોતાથી અત્યંત અવિચળપણા વડે. આહાહા..! ક્યાંય ચળવું નહિ, હલવું નહિ... આહાહા..! એવા અનંત-અનંતગુણનો ઢગલો, અનંતગુણનું ગોદામ, આહાહા..! એવો ભગવાનઆત્મા **'અત્યંત અવિચળપણા વડે ઉત્તમ શીલનું મૂળ છે,...'** ઉત્તમ શીલસ્વરૂપ જ છે. ઉત્તમ સ્વભાવ, એનો સ્વભાવ ઉત્તમ, ત્રિકાળ સ્વભાવ ઉત્તમ છે. આહાહા..! **'ઉત્તમ શીલનું મૂળ છે,...'** આહાહા..!

**'તે ભવભયને હરનારા...'** એ વસ્તુ એવી છે કે ભવભયનો નાશ કરનારી અર્થાત્ જેમાં ભવ નથી. આહાહા..! તેને અહીંયા ભવભયનો નાશ કરનારી વસ્તુ કહેવામાં આવી છે. ભવભયનો નાશ કરનારી તો પર્યાય છે. પણ આ તો ત્રિકાળી ભવના અભાવ સ્વભાવસ્વરૂપ છે, તો ભવભયનો નાશ કરનારી ચીજ જ છે. વસ્તુ જ એવી ત્રિકાળ છે. આહાહા..! **'ભવભયને હરનારા મોક્ષલક્ષ્મીના ઐશ્વર્યવાન સ્વામીને...'** મોક્ષલક્ષ્મીના ઐશ્વર્યવાન. આહાહા..! એવા જે ભગવાનઆત્માને **'હું વંદુ છું.'** આહાહા..! મુનિ એટલા શબ્દ કહીને (કહે છે), એ ભગવાન વંદન કરવા લાયક છે, એને હું વંદન કરું છું. એ વંદનને લાયક આ જ ચીજ છે. આહાહા..! બીજા વ્યવહારે વંદન કરવા લાયક છે. તીર્થંકર આદિ એ બધા વિકલ્પ ઉઠે છે. આહાહા..! આ તો નિર્વિકલ્પ, વંદન કરવા લાયક નિર્વિકલ્પ. આહાહા..!

હમણાં આમાં ભજન ગાયું નહિ?

'પ્રભુ મેરે તુમ સબ બાતે પુરા, પ્રભુ મેરે તુમ સબ બાતે પુરા,
પર કી આસ કહાં કરે પ્રિતમ, પર કી આસ કહાં કરે પ્રિતમ,
કઈ વાતે પ્રભુ તુમ અધુરા? કઈ વાતે તુમ અધુરા?
પ્રભુ મેરે સબ બાતે તુમ પુરા.'

આહાહા..! આ ભજન ગાયું ને. એકવાર 'હિંમતભાઈ' પંડિતે ગાયું હતું. એમાં છે. આહાહા..! 'પ્રભુ મેરે તુમ સબ બાતે પુરા.' આહાહા..! 'પર કી આસ કહાં કરે પ્રિતમ' હે વ્હાલા પ્રભુ! આહાહા..! તારી વહાલપ આગળ કોની આશા કરવી? આહાહા..! બધા પરિપૂર્ણ સર્વ શક્તિથી ભરપૂર છે. પરિપૂર્ણ સ્વભાવવાન છે. કોની આશા કરવી પ્રભુ!? આહાહા..! ભગવાન ત્રિલોકનાથની પણ જેમાં આશા નથી.

અહીંયા તો આપણે ત્યાં સુધી આવ્યું, **'પરમ તત્ત્વની વાંછા જેમાં નથી.'** આહાહા..! ભગવાન પરમ તત્ત્વ પ્રભુ! એની પણ વાંછા એમાં નથી. વાંછા તો ઇચ્છા છે. એવા ભગવાનઆત્માને હું જાણીને, જ્ઞાન કરીને, જ્ઞાનમાં એને લીધો છે તો એનો હું આદર કરીને એ તરફ ઢળું છું. આહાહા..! જ્ઞાનમાં એ ચીજ જાણવામાં આવી છે. 'સમયસાર' ૧૭મી ગાથામાં એમ કહ્યું, કોઈ વાત કહી નહિ પણ એમ કહ્યું, પ્રભુ! પ્રથમ આત્માને જાણ. બસ, એક જ વાત કરી છે. ૧૭મી ગાથા. એની ટીકા. તમારામાં સત્રહ કહે છે. ટીકામાં કહે છે, કે તું સ્વને જાણ. આહાહા..! પહેલા તું સ્વને જાણ. બીજા નવતત્ત્વ ને છ દ્રવ્ય ને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભગવાન એ વાત મૂકી દીધી. આહાહા..! પ્રથમ પોતાને, પ્રથમ પોતાને જાણ, એમાં બધું છે, પ્રભુ! એમાં કોઈ ખામી નથી, ઓછપ નથી કે બીજાની આશા કરવી પડે. પણ એનું મહાત્મ્ય આવતું નથી. આહાહા..!

અરૂપી ચીજ, અણભ્યાસ, શુભ-અશુભનો અનંત અભ્યાસ, શુભ-અશુભનો અનંત અભ્યાસ, એની પાસે શુદ્ધનો અભ્યાસ એક ક્ષણ પણ નથી. એથી એની મહિમા આવતી નથી. એ મહિમા આવ્યા વિના સમ્યગ્દર્શન થતું નથી અને સમ્યગ્દર્શન થયા વગર ધર્મની પહેલી શરૂઆત થતી નથી. આહાહા..!

એ કહે છે. એવા **'મોક્ષલક્ષ્મીના ઐશ્વર્યવાન...'** આહાહા..! મોક્ષલક્ષ્મીનો તો ઐશ્વર્યવાન પ્રભુ આત્મા છે. એવા **'સ્વામીને હું વંદુ છું.'** મુનિરાજ કહે છે. 'પદ્મપ્રભમલધારી' મુનિ. જેને ત્રણ કષાયના અભાવસ્વરૂપ આનંદ તો વર્તે છે. આહાહા..! એક સંજ્વલન કષાય રહી ગયો છે. સંજ્વલન–રહી ગયો છે. સંજ્વલન. એ થોડા બળે છે. પંચમહાવ્રતાદિ દુઃખ છે. બળે છે, આત્માને દુઃખ થાય છે. આહાહા..!

અહીંયા તો કહે છે, એ બધાને છોડીને હું તો ભગવાન પૂર્ણાનંદના નાથને વંદન કરું છું. આહાહા..! એકાંત લાગે. આહાહા..! એ વસ્તુ જ એવી છે. જેની અંતરદૃષ્ટિ થઈ અને જેને જ્ઞાનમાં જ્ઞેય થયું, જ્ઞાનમાં જ્ઞેય તરીકે ભાસ થયો ત્યાં બીજા બધાની કિંમત ઉડી ગઈ. પોતાની કિંમત આગળ બધી કિંમત ઉડી ગઈ. આહાહા..! પોતાના જ્ઞાનમાં જ્ઞેય થયા વિના, તેને આ ચીજ છે એમ ખ્યાલ આવ્યા વિના, એનું વેદન થયા વિના એ ચીજનું મહાત્મ્ય આવતું નથી. આહાહા..! આવી ચીજ છે.

## ગાથા–૪૫-૪૬

वण्णरसगंधफासा थीपुंसणउंसयादिपज्जाया।
संठाणा संहणणा सव्वे जीवस्स णो संति।।४५।।

अरसमरूवमगंधं अव्वत्तं चेदणागुणमसद्दं।
जाण अलिंगग्गहणं जीवमणिद्दिट्ठसंठाणं।।४६।।

वर्णरसगंधस्पर्शाः स्त्रीपुंनपुंसकादिपर्यायाः।
संस्थानानि संहननानि सर्वे जीवस्य नो सन्ति।।४५।।

अरसमरूपगंधमव्यक्तं चेतनागुणमशब्दम्।
जानीह्यलिंगग्रहणं जीवमनिर्दिष्टसंस्थानम्।।४६।।

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



इह हि परमस्वभावस्य कारणपरमात्मस्वरूपस्य समस्तपौद्गलिकविकारजातं न समस्तीत्युक्तम्।

निश्चयेन वर्णपंचकं, रसपंचकं, गन्धद्वितयं, स्पर्शाष्टकं, स्त्रीपुंनपुंसकादिविजातीयविभाव-व्यंजनपर्यायाः, कुब्जादिसंस्थानानि, वज्रर्षभनाराचादिसंहननानि विद्यन्ते पुद्गलानामेव, न जीवानाम्। संसारावस्थायां संसारिणो जीवस्य स्थावरनामकर्मसंयुक्तस्य कर्मफलचेतना भवति, त्रसनामकर्मसनाथस्य कार्ययुतकर्मफलचेतना भवति। कार्यपरमात्मनः कारणपरमात्मनश्च शुद्धज्ञानचेतना भवति। अत एव कार्यसमयसारस्य वा कारणसमयसारस्य वा शुद्धज्ञानचेतना सहजफलरूपा भवति। अतः सहजशुद्धज्ञानचेतनात्मानं निजकारणपरमात्मानं संसारावस्थायां मुक्तावस्थायां वा सर्वदैकरूपत्वादुपादेयमिति हे शिष्य त्वं जानीहि इति।

तथा चोक्तमेकत्वसप्ततौ -

(मन्दाक्रांता)

``आत्मा भिन्नस्तदनुगतिमत्कर्म भिन्नं तयोर्या
प्रत्यासत्तेर्भवति विकृतिः साऽपि भिन्ना तथैव।
कालक्षेत्रप्रमुखमपि यत्तच्च भिन्नं मतं मे
भिन्नं भिन्नं निजगुणकलालंकृतं सर्वमेतत्।।''

---

સ્ત્રી-પુરુષ આદિક પર્યયો, રસવર્ણગંધસ્પર્શ ને,
સંસ્થાન તેમ જ સંહનન સૌ છે નહીં જીવદ્રવ્યને. ૪૫.

જીવ ચેતનાગુણ, અરસરૂપ અગંધશબ્દ, અવ્યક્ત છે,
વળી લિંગગ્રહણવિહીન છે, સંસ્થાન ભાખ્યું ન તેહને. ૪૬.

અન્વયાર્થ :– [ वर्णरसगंधस्पर्शाः ] વર્ણ-રસ-ગંધ-સ્પર્શ, [ स्त्रीपुंनपुंसकादिपर्यायाः ] સ્ત્રી-પુરુષ-નપુંસકાદિ પર્યાયો, [ संस्थानानि ] સંસ્થાનો અને [ संहननानि ] સંહનનો– [ सर्वे ] એ બધાં [ जीवस्य ] જીવને, [ नो सन्ति ] નથી.

અન્વયાર્થ :– [ जीवम् ] જીવને [ अरसम् ] અરસ, [ अरूपम् ] અરૂપ, [ अगंधम् ] અગંધ, [ अव्यक्तम् ] અવ્યક્ત, [ चेतनागुणम् ] ચેતનાગુણવાળો, [ अशब्दम् ] અશબ્દ, [ अलिंगग्रहणम् ] અલિંગગ્રહણ (લિંગથી અગ્રાહ્ય) અને [ अनिर्दिष्टसंस्थानम् ] જેને કોઈ સંસ્થાન કહ્યું નથી એવો [ जानीहि ] જાણ.

ટીકા :– અહીં (આ બે ગાથાઓમાં) પરમસ્વભાવભૂત એવું જે કારણપરમાત્માનું સ્વરૂપ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**તેને સમસ્ત પૌદ્‌ગલિક વિકારસમૂહ નથી એમ કહ્યું છે.**

**નિશ્ચયથી પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ, આઠ સ્પર્શ, સ્ત્રી-પુરુષ-નપુંસકાદિ વિજાતીય વિભાવવ્યંજનપર્યાયો, કુબ્જાદિ સંસ્થાનો, વજ્રર્ષભનારાચાદિ સંહનનો પુદ્‌ગલોને જ છે, જીવોને નથી. સંસાર-અવસ્થામાં સ્થાવરનામકર્મયુક્ત સંસારી જીવને કર્મફળચેતના હોય છે, ત્રસનામકર્મયુક્ત સંસારી જીવને કાર્ય સહિત કર્મફળચેતના હોય છે. કાર્યપરમાત્માને અને કારણપરમાત્માને શુદ્ધજ્ઞાનચેતના હોય છે. તેથી જ કાર્યસમયસારને કે કારણસમયસારને સહજફળરૂપ શુદ્ધજ્ઞાનચેતના હોય છે. આથી, સહજશુદ્ધ-જ્ઞાનચેતનાસ્વરૂપ નિજ કારણપરમાત્મા સંસારાવસ્થામાં કે મુક્તાવસ્થામાં સર્વદા એકરૂપ હોવાથી ઉપાદેય છે એમ, હે શિષ્ય! તું જાણ.**

**એવી રીતે એકત્વસપ્તતિમાં (શ્રીપદ્મનંદી-આચાર્યદેવકૃત પદ્મનંદિપંચવિંશતિકા નામના શાસ્ત્રને વિષે એકત્વસપ્તતિ નામના અધિકારમાં ૭૯માં શ્લોક દ્વારા) કહ્યું છે કે :–**

**"[શ્લોકાર્થ :–] મારું એમ મંતવ્ય છે કે – આત્મા જુદો છે અને તેની પાછળ પાછળ જનારું કર્મ જુદું છે; આત્મા અને કર્મની અતિ નિકટતાથી જે વિકૃતિ થાય છે તે પણ તેવી જ રીતે (આત્માથી) જુદી છે; વળી કાળક્ષેત્રાદિક જે છે તે પણ (આત્માથી) જુદાં છે. નિજ નિજ ગુણકળાથી અલંકૃત આ બધુંય જુદે જુદું છે (અર્થાત્ પોતપાતાના ગુણો અને પર્યાયોથી યુક્ત સર્વ દ્રવ્યો અત્યંત જુદે જુદાં છે)."**

## ગાથા–૪૫-૪૬ ઉપર પ્રવચન

ગાથા ૪૫-૪૬.

**वण्णरसगंधफासा थीपुंसणउंसयादिपज्जाया।**
**संठाणा संहणणा सव्वे जीवस्स णो संति।।४५।।**

**अरसमरूवमगंधं अव्वत्तं चेदणागुणमसद्दं।**
**जाण अलिंगग्गहणं जीवमणिद्दिट्ठसंठाणं।।४६।।**

જુઓ આ ગાથા આવી. આ ગાથા તો બધી જગ્યાએ છે. આ ૪૬ ગાથા છે ને? એ 'સમયસાર'માં છે, 'પ્રવચનસાર'માં છે, 'નિયમસાર'માં છે, 'પંચાસ્તિકાય'માં છે, 'અષ્ટપાહુડ'માં છે અને 'ષટ્‌ખંડાગમ'માં છે. ઘણી જૂની ગાથા છે. ૪૬મી આ ગાથા દરેક ગ્રંથમાં છે. બધું જોયું છે ને. દરેક ગ્રંથમાં આ ગાથા આવી છે. 'સમયસાર'ની ૪૯મી ગાથા છે. આમાં ૪૬મી ગાથા આવી છે.

નીચે હરિગીત.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**સ્ત્રી-પુરુષ આદિક પર્યાયો, રસવર્ણગંધસ્પર્શ ને,**
**સંસ્થાન તેમ જ સંહનન સૌ છે નહીં જીવદ્રવ્યને. ૪૫.**

ક્લિવ આવ્યું. નપુંસક. ક્લિવ શબ્દ સંસ્કૃતમાં આવે છે. એને નપુંસક કહે છે. અહીં તો ચોખ્ખું આવ્યું છે નપુંસક છે. પંડિતો તકરાર કરે છે કે નપુંસક અર્થ કેમ કર્યો? ક્લિવનો અર્થ નપુંસક કેમ કર્યો?

મુમુક્ષુ :– અર્થ એમ થતો હતો માટે કર્યો.

ઉત્તર :– એમ જ છે.

મૂળ 'સમયસાર'ના જે ટીકાકાર 'અમૃતચંદ્રાચાર્ય' છે, એણે એ અર્થ કર્યો છે. અને 'શ્રીમદ્' તરફથી પુસ્તક છપાણું છે એમાં પણ છે. આહાહા..! શુભભાવ અને અશુભભાવ નપુંસક કરે છે. આહાહા..! પોતાની ચીજને છોડીને અતીન્દ્રિય આનંદનો નાથ, સહજાનંદમૂર્તિ પ્રભુ, એનો આશ્રય, અવલંબન, સન્મુખતા છોડીને શુભરાગાદિમાં સન્મુખતા, વિસ્મયતા, કર્તાબુદ્ધિ થાય છે એ મિથ્યાત્વ છે. એ નપુંસકતા છે. આહાહા..! હમણાં 'સાગર'માં ચર્ચા થઈ હતી. ત્રણ પંડિતોની ચર્ચા થઈ હતી. 'જગન્નમોહનલાલજી', 'ફૂલચંદજી' અને 'કૈલાસચંદજી'.

મુમુક્ષુ :– પાંચ નામ.

ઉત્તર :– પાંચ હશે. બે મહિના ચાલી ને. ષટ્ખંડાગમની 'વિદ્યાસાગર' પાસે. ત્યાં ચર્ચા ચાલી હતી. આ નપુંસક અર્થ કેમ કર્યો? આહાહા..! પછી 'ફૂલચંદજી'એ મૂળ પુસ્તક બતાવ્યું, કે મૂળ પુસ્તક જુઓ! ક્લિવનો નપુંસક અર્થ કર્યો છે. અહીં શું છે જુઓ! ક્લિવનો અર્થ શું છે? નર-નારી તો પછી આવે છે. તો ક્લિવ એ નપુંસક આવે છે. આહાહા..! માણસોને પોતાની શ્રદ્ધામાં જરા આંચ આવે એટલે આખા શાસ્ત્રની દૃષ્ટિ પણ ફેરવી નાખે. કેટલું જોખમ છે, ભાઈ! પ્રભુ! અહીં તો હવે થોડા વર્ષ રહેવાનું છે. ભવિષ્યમાં અનંતકાળ રહેવાનું છે. અહીંયા જેટલો કાળ ગયો એટલો હવે જશે નહિ. જેને ૫૦-૬૦ વર્ષ થયા, એને હવે ૫૦-૬૦ વર્ષ રહેવાનું નથી. અહીં તો ૯૧ વર્ષ થયા. આહાહા..!

ભવિષ્યમાં, પ્રભુ! અનંત... અનંત... અનંત... અનંતકાળ રહેવાનું છે. આહાહા..! તો નિજ સ્વરૂપનો અનુભવ અને નિજ સ્વરૂપની પ્રતીતિ જ્ઞાનમાં આવ્યા વિના, જ્ઞાનમાં ચીજ આવ્યા વિના પ્રતીતિ ગધેડાના શીંગડા જેવી છે. એ ૧૭-૧૮ ગાથામાં આવ્યું છે. પાઠ છે. ગધેડાના શીંગડા એવો પાઠ છે. 'સમયસાર'ની ૧૭-૧૮ ગાથા છે ને? ઠેઠથી ચાલે છે ને અહીં તો. (સંવત) ૧૯૬૪મી સાલથી વાંચન ચાલે છે. ૧૯૬૪-૬૪. દુકાન ઉપર. આ બધા હતા અમારે 'મનસુખ' અને એના બાપ અને એના મોટાભાઈ એ બધા અમારા ભાગીદાર હતા. એના બાપથી મોટા ભાઈ. અને આના બાપના ભાગીદાર મારા મોટા ભાઈ સાથે, બે દુકાન હતી. પણ આ વાતની ગંધ નહિ. આહાહા..! ભગત, ભગત કરીને કાઢી નાખે. હું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વાંચુ છું, માર્ગ તો આ છે. એ તો ભગત છે.. ભગત છે એમ કરીને કાઢી નાખે. આહાહા..! અરે..! પ્રભુ! પણ આ તારી ચીજ તારી પાસે છે ને! તારી પાસે શું? તું જ આવો છો. પાસે તો વળી બીજી ચીજ પાસે હશે એવું થાય. પ્રભુ! તારો મહિમા તેં કદી કર્યો નથી. આહાહા..!

અહીં એ કહે છે. અહીં તો ઓલું ક્લિબ આવ્યું ને? એ ક્લિબનો અર્થ નપુંસક છે. કારણ કે પાછળ નર-નારી તો આવ્યું છે. ...

**સ્ત્રી-પુરુષ આદિક પર્યાયો, રસવર્ણગંધસ્પર્શ ને,**
**સંસ્થાન તેમ જ સંહનન સૌ છે નહીં જીવદ્રવ્યને. ૪૫.**

આહાહા..!

'**ટીકા :– અહીં (આ બે ગાથાઓમાં) પરમસ્વભાવભૂત...**' પરમસ્વભાવભૂત એવો કારણપરમાત્મા આહાહા..! અનાદિઅનંત એકરૂપ પ્રભુ, જેમાં પર્યાયનો પણ સ્પર્શ નથી. આહાહા..! પર્યાય પણ જેના ઉપર તરે છે એવો કારણપરમાત્મા. આહાહા..! '**પરમસ્વભાવભૂત એવું જે કારણપરમાત્માનું સ્વરૂપ તેને સમસ્ત પૌદ્ગલિક વિકારસમૂહ નથી એમ કહ્યું છે.**' આ ગાથામાં એમ કહ્યું છે.

'**નિશ્ચયથી પાંચ વર્ણ,...**' નથી પ્રભુમાં. આહાહા..! '**પાંચ રસ,...**' નથી. '**બે ગંધ,...**' નથી. '**આઠ સ્પર્શ,...**' નથી. '**સ્ત્રી-પુરુષ-નપુંસક...**' જુઓ! આ ક્લિવનો અર્થ કર્યો. આહાહા..! પોતાની દૃષ્ટિ સાથે મેળ ન ખાય તો માણસ એકદમ તીરસ્કાર કરી દે, કે નહિ.. નહિ.. નહિ.. પ્રભુ! શાંતિ રાખ. માર્ગ બહુ મહિમાવંત છે. નાથ આત્માને પકડવો કોઈ સાધારણ વાત નથી. આહાહા..! સમ્યગ્દર્શન કોઈ સાધારણ વાત નથી, ભાઈ! એ પરમાત્માના ભેટા છે... આહાહા..! જેમાં પરમાત્માનો ભેટો થાય છે એવી સમ્યગ્દર્શનની પર્યાય જેમાં નથી એનો ભેટો થાય છે. આહાહા..! ઝીણી વાત છે, ભગવંત! આહાહા..!

'**સ્ત્રી-પુરુષ-નપુંસકાદિ...**' એ ક્લિવનો અર્થ કર્યોને? મૂળ ક્લિવ છે ને? અહીં પાઠમાં તો નપુસંક ચોખ્ખો શબ્દ છે. '**સ્ત્રી-પુરુષ-નપુંસકાદિ...**' પાઠની સંસ્કૃત ટીકા છે એમાં તો નપુંસક ચોખ્ખો શબ્દ પડ્યો છે. સંસ્કૃત ટીકા. આહાહા..! '**અહીં (આ બે ગાથાઓમાં) પરમસ્વભાવભૂત...**' પરમસ્વભાવ, જ્યાં ક્ષાયિકભાવની કોઈ તુલના નથી. જ્યાં ક્ષાયિકભાવ, કેવળજ્ઞાનની તુલના નથી. આહાહા..! જ્યાં કેવળજ્ઞાન પણ દ્રવ્યના અનંતમા... અનંતમા... અનંતમા... અનંતમા ભાગે છે. અનંતમા... અનંતમા... અનંતમા ભાગે કેવળજ્ઞાન છે. આહાહા..! એવો ગુણનો દરિયો, પ્રભુ! '**પરમસ્વભાવભૂત એવું જે કારણપરમાત્માનું સ્વરૂપ તેને સમસ્ત પૌદ્ગલિક વિકારસમૂહ નથી એમ કહ્યું છે.**' આહાહા..! અહીં આવ્યું.

'**સ્ત્રી-પુરુષ-નપુંસકાદિ વિજાતીય વિભાવવ્યંજનપર્યાયો,...**' આત્મામાં નથી. '**કુબ્જાદિ સંસ્થાનો,...**' સંસ્થાનના છ પ્રકાર છે એ આત્મામાં નથી, એ તો જડમાં છે. '**વજ્રર્ષભનારાચાદિ**

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**સંહનનો...**' એ આત્મામાં નથી, જડમાં છે. ભગવાનમાં તો એનો અભાવ છે. આહાહા..! '**પુદ્ગલોને જ છે,...**' એ '**વજ્રર્ષભનારાચાદિ સંહનનો પુદ્ગલોને જ છે, જીવોને નથી.**' એ જીવમાં છે જ નહિ. વજ્રર્ષભનારાચાદિ સંહનન હોય તો કેવળજ્ઞાન થાય છે એવો પાઠ આવે છે. પણ એ જીવમાં છે જ નહિ. પોતાથી જ કેવળજ્ઞાન થાય છે. અંતર્મુખ જ્યાં એકાગ્ર થયો, પરમસ્વભાવભૂતમાં જ્યાં લીન થયો, ત્યાં કેવળજ્ઞાન એક ક્ષણમાં પ્રગટ થાય છે. એવો સ્વભાવભૂત પરમાત્મા છે. આહાહા..! અહીં તો એક બીડી પીવે એની કિંમત આગળ ભગવાનની કિંમત એક કોર. પીવે છે ને? પીતી વખતે આમ (કરે). શું છે? પ્રભુ! અને સરખી બે બીડી પીવે ત્યારે પાયખાને દસ્ત ઉતરે, આવા તો જેના લક્ષણ, હવે એને કહેવું કે પરમસ્વભાવભૂત ભગવાન, એમાં કોઈ પુદ્ગલ જ નથી. આહાહા..! એમાં પુરુષવેદ નથી. આહાહા..! એમાં નપુંસકવેદ નથી. પ્રભુ! તારામાં સ્ત્રીવેદ નથી. આહાહા..! વળી... આહાહા..!

'**સંસાર-અવસ્થામાં સ્થાવરનામકર્મયુક્ત સંસારી જીવને કર્મફળચેતના...**' સંસારી અવસ્થામાં સ્થાવરનામકર્મ એકેન્દ્રિય. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ. આહાહા..! જંગલમાં પૃથ્વી જે અંદર છે ને, પૃથ્વી, એ પૃથ્વીના એક કણમાં પૃથ્વીના અસંખ્ય જીવ છે. ખાણમાંથી પત્થર કાઢે છે ને? લાદી. રાવણને તો સ્ફટિક રત્નના મકાન હતા. રાવણને સ્ફટિક રત્નના મકાન હતા. સ્ફટિક રત્નનો.. આ શું કહેવાય? દાદરો. સ્ફટિક રત્નનો દાદરો, સ્ફટિક રત્નના મહેલ. ઉપર ચડતા હોય અને નીચે જોવે કે હું ચડું છું કે નહિ, એમ થઈ જાય. આહાહા..! એ મરીને નરકે ગયો. સ્ફટિક રત્નનો બંગલો! આહાહા..! એક સ્ફટિકરત્નની કટકીની કરોડો રુપિયાની કિંમત. એવો આખો સ્ફટિકરત્નનો બંગલો. શું કર્યું? મરીને સાતમી નરકમાં ગયો.

કહે છે, બધા પૌદ્ગલિક આત્મામાં નથી. જીવને સ્થાવરનામકર્મયુક્ત આદિ એકેન્દ્રિય જીવ છે. એનું કર્મફળ ચેતના છે. શું કહે છે? એ પૃથ્વી, પાણી જે ગોળામાં છે ને? કે કૂવામાં, એ ગોળાના પાણીના એક બિંદુમાં અસંખ્ય જીવ છે, એક જીવમાં અનંતગુણ છે. આહાહા..! પૃથ્વી, પાણી, અગ્નિ. બીડી સળગાવે છે એ અગ્નિમાં અસંખ્ય જીવ છે. એ બધા પૃથ્વી, અગ્નિ, પાણી, વાયુ અને વનસ્પતિ. એક લીમડાનું પાંદડું લ્યો. એક પાંદડું. હોં! એ પાંદડાના અસંખ્યમાં ભાગની કટકી લ્યો, તો પણ એમાં એક એક શરીરમાં એક જીવ, એવા અસંખ્ય છે. આહાહા..! એના કર્મ કેવા છે?

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિને કર્મફળ છે. એને તો કર્મફળચેતના હોય છે. આહાહા..! કર્મફળનો અર્થ, એકલી રાગ અને દ્વેષની ચેતના છે. આહાહા..! એ બધા ઝાડ અને અત્યારે જુઓને આમ પૃથ્વી લીલોતરીથી ખીલી ગઈ છે. એક એક કણીમાં, એક એક કટકીમાં અસંખ્ય જીવ છે. એક-એક શરીરમાં એક એક જીવ છે. આટલી વનસ્પતિ. આહાહા..! આ લીમડાનું પાંદડુ, પીપળાનું પાંદડુ. પીપળાના પાંદડાની એક કટકી લ્યો તો એમાં અસંખ્ય શરીર છે. એક એક શરીરમાં એક એક જીવ છે. આહાહા..! કહે છે, કે એને શું છે?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એને કર્મફળચેતના છે. એ શું ભોગવે છે? શું અનુભવે છે? કર્મફળચેતના. આવ્યું?

**'એ સંસારી જીવને કર્મફળચેતના હોય છે,...'** એકેન્દ્રિયને. આહાહા..! કર્મ એટલે જડ નહિ, હોં! કર્મ એટલે રાગરૂપી કાર્ય, મિથ્યાત્વરૂપી કાર્ય. એકેન્દ્રિય જીવને તો મિથ્યાત્વ જ છે. એ મિથ્યાત્વરૂપી જે કર્મ એટલે કાર્ય, એ કર્મના ફળનું વેદન એને છે. આહાહા..! અને દરેક પ્રાણીએ પહેલા નિગોદમાં અનંતકાળ ગાળ્યો છે. જેમ દીકરી પહેલા પિયરમાં રહે છે. એમ આ જીવનું પિયર નિગોદ છે. આહાહા..! સિદ્ધાંતમાં લેખ છે, કે પહેલા અનંત અનંત અનંત ભવ નિગોદમાં રહ્યો. પછી અનંતકાળે કોઈ ત્રસ થયો અને પછી મનુષ્ય થયો. એ પણ અનંતવાર થયો. એ બધા એકેન્દ્રિય જીવને કર્મફળચેતના હોય છે. રાગ-દ્વેષની ચેતના એટલે વેદન, દુઃખનું વેદન એકેન્દ્રિયને છે. આહાહા..! આમ લીલા-પીળા ફૂલ દેખાય. વરસાદમાં ફૂલ... એકવાર પાછળ જોયા હતા. બે આવડા મોટા ધોળા ફૂલ હતા. કો'ક તોડી ગયું. પણ દેખાવમાં આમ જાણે... આહાહા..! અનંત કર્મફળચેતના વેદે છે. રાગ ને દ્વેષ ને કષાય, એ કર્મ. કર્મ એટલે કાર્ય. કર્મ એટલે કાર્ય. વિકારી કાર્યના ફળનું વેદન એને છે. આહાહા..! પ્રભુ! ત્યાં તું અનંતવાર રહ્યો છે.

**'ત્રસનામકર્મયુક્ત સંસારી જીવને...'** બે ઇન્દ્રિયથી પંચેન્દ્રિય જે ત્રસજીવ છે, નારકી, મનુષ્ય, દેવ આદિ બધા, એને **'કાર્ય સહિત કર્મફળચેતના હોય છે.'** આહાહા..! અર્થ શું કર્યો? કે એને કર્મચેતના સહિત **'કર્મફળચેતના હોય છે.'** એકેન્દ્રિયને એકલી કર્મફળચેતના, કર્મચેતના નથી. છે તો ખરી પણ એને અહીંયા ગણવામાં નથી આવી. શાસ્ત્ર એને ગણતા નથી. એકેન્દ્રિયમાં કર્મચેતના એટલે રાગની ચેતના અને એના ફળનો ભોક્તા ત્યાં છે. અને ત્રસમાં... આહાહા..! છે? **'કાર્ય સહિત...'** કાર્ય એટલે કર્મ, કર્મ એટલે રાગાદિ કાર્ય. આહાહા..! રાગ, દયા, દાન, પુણ્ય, પાપ એ બધાને કાર્ય કહે છે. એ **'ત્રસનામકર્મયુક્ત સંસારી જીવને કાર્યસહિત...'** કાર્યસહિત એટલે કર્મચેતના સહિત... આહાહા..! શુભ-અશુભભાવની કર્મચેતના સહિત **'કર્મફળચેતના હોય છે,...'** સમજાણું કાંઈ? એકેન્દ્રિયને એકલી કર્મચેતના હોય છે. ત્રસજીવ બે ઇન્દ્રિયથી દેવ, મનુષ્ય આદિને કર્મચેતના **'સહિત કર્મફળચેતના હોય છે.'** આહાહા..! 'પંચાસ્તિકાય'માં પાઠ છે. આહાહા..!

**'કાર્યપરમાત્માને અને કારણપરમાત્માને...'** આહાહા..! એકેન્દ્રિય લીધા, પછી ત્રસ બે ઇન્દ્રિયથી મનુષ્ય, દેવ લીધા. દેવ પણ કાર્યસહિત કર્મફળચેતના ભોગવે છે. સર્વાર્થસિદ્ધના દેવ પણ કર્મ એટલે રાગના કાર્ય સહિત, રાગનું દુઃખફળ, કર્મફળચેતના ભોગવે છે. આહાહા..! મોટા ચક્રવર્તી, મિથ્યાદૃષ્ટિ ઇન્દ્ર પણ કર્મચેતના સહિત કર્મફળચેતના વેદે છે. આહાહા..! એકેન્દ્રિયમાં એકલી કર્મફળચેતના છે. અને બે ઇન્દ્રિયથી દેવ, સ્વર્ગ, નરકાદિ, મનુષ્યાદિ કર્મચેતના એટલે વિકારના કાર્યસહિત વિકારનું ફળ. કાર્યસહિત ફળ ભોગવે છે. કર્મસહિત ભોગવે છે. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :— એક કાર્ય... અને એક કર્મફળચેતના.

ઉત્તર :– એ કાર્ય કર્મચેતના છે પણ એનું ફળ ભોગવવું એ કર્મફળચેતના. એટલે તો અહીંયા કહ્યું, કાર્યસહિત એમ લીધું. એકલું કાર્ય નહિ. ભાષા જુઓને! '**કાર્ય સહિત કર્મફળ ચેતના...**' એટલે એકલી કર્મચેતના નહિ, એમ એકલી કર્મફળચેતના નહિ. પણ કર્મચેતના સહિત કર્મફળચેતના. આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ! વીતરાગનો માર્ગ બહુ સૂક્ષ્મ. ઓહોહો..! એના તળીયા લેવા, એનું તળ લેવું, તળ તપાસવું, મૂળ તપાસવું એ કોઈ અલૌકિક પુરુષાર્થ છે. દુનિયામાં તો એ પુરુષાર્થ જ નથી. આહાહા..!

અહીં કહ્યું, કે જે સંસારી પ્રાણી છે. એકેન્દ્રિય સિવાય ઇયળથી માંડીને સર્વાર્થસિદ્ધના દેવ. ઇયળ, ઇયળ. કીડા. કીડાથી માંડીને સ્વર્ગના પંચેન્દ્રિય દેવને કાર્યસહિત કર્મફળચેતના હોય છે. આહાહા..! દુનિયા એમ કહે કે આ સુખી છે. અહીં કહે કે એને કાર્યસહિત કર્મફળચેતના છે. આહાહા..! અબજોપતિ (હોય). 'નાઈરોબી'માં પંદર તો અબજોપતિ અને સાડા ચારસો કરોડપતિ. લોકો એમ જાણે કે ઓહોહો..! શું ધૂળ છે, કીધું. કરોડ હોય કે તારા અબજ હોય. એ પૈસાનો ભોગવટો આત્માને નથી. એ આવ્યું? પંચેન્દ્રિયને કે ત્રસને, બે ઇન્દ્રિય, ત્રણેન્દ્રિય, ચૌઇન્દ્રિય, પંચેન્દ્રિય, મનુષ્ય, નારકી, દેવ, તિર્યંચ–ઢોર વિકારના કાર્યસહિત વિકારના ફળને ભોગવનારા છે. આહાહા..! આવ્યું કે નહિ?

'**જીવને કાર્ય સહિત...**' એ વિકારના કાર્યસહિત... આહાહા..! '**કર્મફળચેતના હોય છે.**' એની પાસે લક્ષ્મી હોય છે, બાયડી-છોકરા હોય છે એમ ન કહ્યું. આહાહા..! એ કરોડ રૂપિયાનું મકાન ભોગવે છે, એ લાડવા ખાય છે, રસગુલ્લા.. રસગુલ્લા (ખાય છે). પ્રભુ! તને કર્મચેતના સહિત કર્મફળચેતના છે. શેઠાઈ નથી એમ કહે છે. 'ધન્નાલાલજી' શેઠ છે. આહાહા..!

અહીં કહે છે... આહાહા..! વાત બહુ થોડી પણ, પ્રભુ! વાત ઘણી મોટી છે. આહાહા..! બે ઇન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય આ સર્વ મનુષ્ય, જ્યાં સુધી આત્માનું ભાન-અનુભવ નથી, ત્યાં સુધી બધાને કાર્યસહિત કર્મફળચેતનાનો અનુભવ છે. શરીરનો નહિ, શાકનો નહિ, સ્ત્રીનો નહિ, મકાનનો નહિ. આહાહા..! મકાનનો અનુભવ નથી. આહાહા..! પરચીજને તો અડતો નથી તો એનો અનુભવ ક્યાંથી થયો?

ભગવાનઆત્મા પરદ્રવ્યને તો સ્પર્શતો પણ નથી. આ અંદર આત્મા છે એ શરીરને અડતો નથી. તો શરીરમાં કાંઈક થાય છે તો આત્મા શરીરને ભોગવે છે એવું નથી. અંદરમાં પોતે રાગ કરે છે, એ કર્મચેતના છે. એને ભોગવે છે એ કર્મફળચેતના દુઃખ છે. રાગ કર્મચેતના, એનું ફળ દુઃખ કર્મફળચેતના. આહાહા..! આવી વાત છે, પ્રભુ! આહાહા..! સર્વજ્ઞ વીતરાગ ત્રિલોકનાથ પરમાત્મા સિવાય આ વાત સાંભળવા ન મળે, પ્રભુ! એ તો ત્રણલોકના નાથની આ વાણી છે. આહાહા..! સીમંધર ભગવાન પાસે 'કુંદકુંદાચાર્ય' ગયા હતા. ત્યાંથી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આવીને તેમણે આ શાસ્ત્ર બનાવ્યું. આહાહા..!

કહે છે, આ પંચેન્દ્રિય મનુષ્યો છે કેવા? આ રાજા, શેઠિયાઓ, અમલદારો, અધિકારીઓ, કાર્યવાહકો કોણ છે? કે કાર્યવાહકો કર્મનું કાર્ય કરીને–રાગરૂપી, દ્વેષરૂપી કર્મનું કાર્ય કરીને– એનું ફળ કર્મફળચેતના–દુઃખ–ભોગવે છે, એને કાર્યવાહક કહે છે. આહાહા..! ગજબ વાત છે, પ્રભુ!

મુમુક્ષુ :– બાકી કોઈ ન રહ્યું.

ઉત્તર :– બાકી રહ્યા ભગવાન. આહાહા..! આ તો 'નિયમસાર'માં વાત આવી છે. ચારે બાજુથી લઈને બહુ ટૂંકામાં લીધું છે. આહાહા..!

પૃથ્વી, પાણી, વનસ્પતિ, પીપળાના જીવ કર્મફળચેતના ભોગવે છે. કર્મચેતના તો ખરી પણ એની મુખ્યતા ગણવામાં નથી આવી. કેમ કે એકેન્દ્રિય પણ રાગ કરે છે એટલું કર્મ છે. પણ એ સિવાય કર્મફળના દુઃખનું ભોગવવું ઘણું છે. તેથી એને કર્મફળચેતના એક જ ગણવામાં આવી છે. આહાહા..! 'કુંદકુંદાચાર્ય'ના 'પંચાસ્તિકાય'માં પાઠ છે. એકેન્દ્રિયને તો કર્મફળચેતના છે અને ત્રસને કર્મસહિત કર્મફળચેતના છે. અને ત્યાં તો એમ લીધું છે, જ્ઞાનચેતના તો કેવળીને જ હોય છે, એમ ત્યાં લીધું છે. પણ જ્ઞાનચેતના ચોથા ગુણસ્થાનથી શરૂ થાય છે. પણ 'પંચાસ્તિકાય'માં પૂર્ણ જ્ઞાનની વાત કરી છે. નહિતર જ્ઞાનચેતનાનો અંશ, આનંદનું વેદન, શાંતિના, જ્ઞાનના વેદનની શરૂઆત, જ્ઞાનચેતનાની શરૂઆત ચોથા ગુણસ્થાનથી થાય છે. તેરમે ગુણસ્થાને જ્ઞાનચેતના પૂર્ણ થઈ જાય છે. એ અપેક્ષાએ 'પંચાસ્તિકાય'માં ભગવાન 'કુંદકુંદાચાર્યે' જ્ઞાનચેતના કેવળીને કહી છે.

અહીંયા જુઓ! '**કાર્યપરમાત્માને અને કારણપરમાત્માને શુદ્ધજ્ઞાનચેતના...**' અહીંયા પણ એમ લીધું છે. આહાહા..! કાર્યપરમાત્મા એટલે કેવળજ્ઞાની, કારણપરમાત્મા એટલે દ્રવ્યસ્વભાવ. કાર્યપરમાત્મા એટલે સિદ્ધ ભગવાન, કારણપરમાત્મા એટલે બધા આત્મા સત્તારૂપે કારણપરમાત્મા જ બિરાજમાન છે. દુઃખ અને વિકાર તો પર્યાયમાં અધ્ધરમાં અધ્ધરમાં રહે છે. આહાહા..! એ કારણપરમાત્મા અને કાર્યપરમાત્મા.. આ તો પ્રગટની વાત છે, હોં! કારણપરમાત્મા છે પણ જ્યાં સુધી મિથ્યાત્વ છે તો એનું ચેતના–જ્ઞાન નથી. એ તો સમ્યગ્દર્શન થાય છે ત્યારથી જ્ઞાનચેતના હોય છે. દ્રવ્યસ્વભાવમાં જ્ઞાનચેતના છે, પણ એ શક્તિ તો ધ્રુવરૂપે છે, વેદનરૂપે નથી.

મુમુક્ષુ :– વસ્તુ છે, વેદનમાં નથી.

ઉત્તર :– ધ્રુવમાં વેદન નથી. અહીં તો વેદનરૂપ ગણવામાં આવ્યું છે. કાર્યપરમાત્મા એટલે કેવળજ્ઞાની, કારણપરમાત્મા એટલે ત્રિકાળી સત્તા ચૈતન્ય સત્. '**શુદ્ધજ્ઞાન ચેતના હોય છે.**' આહાહા..! અથવા કાર્યચેતના એટલે ભગવાન સર્વજ્ઞ પરમાત્મા અને કારણચેતના તો ત્રિકાળી ધ્રુવમાં તો છે પણ વેદનમાં નથી. જે મોક્ષનો માર્ગ પ્રગટ્યો એ કારણચેતના છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates


આહાહા..! એ કારણપરમાત્માની શુદ્ધજ્ઞાનચેતના હોય છે. આહાહા..!

'સમયસાર' ત્રણ પ્રકારના છે. એક ધ્રુવ સમયસાર, એક પૂર્ણપર્યાયવંત સિદ્ધ સમયસાર, એક મોક્ષના માર્ગનું સાધકપણું સ્વભાવના અવલંબને આનંદ ઉત્પન્ન થયો એ સમયસાર. આહાહા..! વેદનમાં તો જે પ્રગટ્યું, કારણપરમાત્માંથી જે પ્રગટયું, એનું વેદન છે. ત્રિકાળી કારણપરમાત્માનું વેદન નથી. સમજાણું કાંઈ? આહાહા..!

**'કાર્યપરમાત્માને અને કારણપરમાત્માને શુદ્ધજ્ઞાનચેતના હોય છે.'** તેમાં તો શુદ્ધજ્ઞાનનું જ વેદન છે. આહાહા..! અતીન્દ્રિય આનંદના ઉછાળા, ભરતી ઉછાળા મારે છે. ઓહોહો..! જેમ નદીમાં ઘણું પાણી હોય અને ઉછાળા મારે, એમ જ્ઞાનીને, સમકિતીને.. આહાહા..! જ્ઞાનચેતના ઉછાળા મારે છે. ધ્રુવમાંથી પ્રગટ પર્યાયમાં આવે છે. પણ ત્યાં અંશ છે. આ પૂર્ણ કાર્યપરમાત્મામાં પૂર્ણ છે. સમજાણું કાંઈ? નહિતર આમાં કોઈ કહે કે, કારણપરમાત્મા અને કાર્યપરમાત્મા તેને શુદ્ધચેતના કીધી, તો સમકિતીને શુદ્ધજ્ઞાનચેતના નથી ને? એમ નહિ. એ વાત અહીંયા ગૌણ રાખીને કરી છે. અહીં તો ઉત્કૃષ્ટ વાત કાર્યપરમાત્મા અને કારણપરમાત્માની લીધી છે. આહાહા..! પણ સમ્યગ્દષ્ટિજીવને પણ અંતર આત્માના આનંદના વેદનમાં જ્ઞાનચેતના જ છે. અને જેટલો રાગ છે એટલી હજી કર્મચેતના છે. જેટલું વેદન છે એટલી કર્મફળચેતના છે. સાધકજીવને ત્રણ પ્રકારની કર્મચેતના છે. આહાહા..! પરમાત્માને એક શુદ્ધ જ્ઞાનચેતના જ છે. અનાદિ મિથ્યાદષ્ટિને સ્થાવરમાં એકલી કર્મફળચેતના છે. અને અનાદિ મિથ્યાદષ્ટિ પંચેન્દ્રિયને કાર્યસહિત કર્મફળચેતના છે. કર્મ–કાર્ય કરતા કરતા.. રાગ કરે, પુણ્ય કર્યાં, વિકલ્પ કર્યાં, આ કર્યું અને આ કર્યું.. આ કર્યું ને તે કર્યું. એ કાર્યસહિત કર્મફળચેતના છે. આહાહા..!

**'કાર્યપરમાત્માને અને કારણપરમાત્માને શુદ્ધજ્ઞાનચેતના હોય છે.'** ઉત્કૃષ્ટ વાત લીધી છે. આહાહા..! **'તેથી જ કાર્યસમયસારને કે કારણસમયસારને સહજફળરૂપ શુદ્ધજ્ઞાનચેતના હોય છે.'** જુઓ! અહીંયા કારણસમયસાર ત્રિકાળ ન લીધું. કાર્યસમયસાર પૂર્ણ પરમાત્મા અને કારણસમયસાર મોક્ષનો માર્ગ, એ **'સહજફળરૂપ શુદ્ધજ્ઞાનચેતના હોય છે.'** ત્યાં લીધું. આહાહા..! સમજાણું કાંઈ? કાર્યસમયસાર જે પૂર્ણ અને કારણસમયસાર જે સાધન, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું જે સાધન અંદર, એ સહજ ફળરૂપ, સ્વભાવિક ફળરૂપ... આહાહા..! એ જ્યાં અતીન્દ્રિય(આનંદ) બહાર આવ્યો, અંકુર ફૂટ્યા. પહેલા વરસાદે જેમ સારી જમીનમાં અંકુરા ફૂટે છે, તેમ પહેલા સમ્યગ્દર્શનમાં અનંતગુણના અંકુરા ફૂટે છે. આહાહા..! એને જ્ઞાનચેતના કહે છે. પણ સાથે કર્મચેતના અને કર્મફળચેતના છે. પૂર્ણ વીતરાગ થયો નથી. રાગ છે એને કર્મચેતના કહે છે. અને રાગનું વેદન છે તેને કર્મફળચેતના કહે છે. જ્ઞાનનું વેદન છે તેને જ્ઞાનચેતના કહે છે. આહાહા..! આવી વાત છે, પ્રભુ! મારગડા જુદા, નાથ! પ્રભુ! તું કોણ છો? આહાહા..! એ વાણી દ્વારા આવે નહિ, નાથ! એવી તારી ચીજ છે. તારી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ચીજ કોઈ એવી છે, જે વચન દ્વારા આવે નહિ, લેખન દ્વારા લખવામાં આવે નહિ. આહાહા..! એ તો જાણવામાં અને વેદનમાં આવે એવી ચીજ છે. આહાહા..!

અહીં એ કહ્યું, કાર્યસમયસાર ભગવાન પૂર્ણ '**કારણસમયસારને સહજફળરૂપ શુદ્ધજ્ઞાનચેતના હોય છે.**' આહાહા..! મોક્ષમાર્ગને પણ કારણસમયસાર કહે છે. સમજાણું કાંઈ? કારણસમયસાર ત્રિકાળને પણ કહે છે. 'સમયસાર'માં 'જયસેનાચાર્ય'ની ટીકામાં છે. આ બધી વાત ટીકામાં છે. આ બધી વાત ટીકામાં છે. બધી વાત જોઈ છે. કે જ્ઞાનચેતના જ્ઞાનીને સહજ ફળરૂપ હોય છે. કેવળીને તો પૂર્ણ હોય છે.

'**આથી, સહજશુદ્ધ-જ્ઞાનચેતનાસ્વરૂપ....**' આહાહા..! હવે તો કહે છે, સ્વભાવિક શુદ્ધ જ્ઞાનચેતના ત્રિકાળી સ્વરૂપ '**નિજ કારણપરમાત્મા...**' આહાહા..! જુઓ! '**આથી, સહજશુદ્ધ-જ્ઞાનચેતના...**' ત્રિકાળી, એનું વેદન નથી. આહાહા..! '**સહજશુદ્ધ-જ્ઞાનચેતનાસ્વરૂપ નિજ કારણપરમાત્મા સંસારાવસ્થામાં કે મુક્તાવસ્થામાં સર્વદા એકરૂપ હોવાથી ઉપાદેય છે...**' કર્મચેતના અને કર્મફળચેતનાના કાળે પણ અને જ્ઞાનચેતનામાં ઉપાદેય તો એકલો આત્મા જ છે. આહાહા..! ત્રિકાળી ભગવાન એ જ અંદરમાં આદરણીય છે. બીજી પર્યાય પણ એમાં આદરણીય નથી. એ કહ્યુંને? '**સર્વદા એકરૂપ હોવાથી...**' ભગવાન તો ત્રિકાળી એકરૂપ હોવાથી '**ઉપાદેય છે એમ, હે શિષ્ય! તું જાણ.**' આહાહા..! ગાથા આવી ને? અવ્યક્ત પણ અંદર આવી ગયું છે. વાણી દ્વારા ન કહી શકે એવો અવ્યક્ત આત્મા, એની જે પર્યાય થાય છે, એના વેદનમાં આનંદ છે. ત્રિકાળીમાં ચેતના છે પણ એ ધ્રુવ છે. એ તરફ સન્મુખ થઈને વેદન કરવું એને જ્ઞાનચેતના કહે છે. અને ભગવાન પૂર્ણ પરમાત્મા તો, કાર્યપરમાત્મા તો જ્ઞાનચેતના છે જ. એમ અહીં વાત કહી છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૫૦, શ્લોક-૭૦, ગાથા-૪૭, સોમવાર, શ્રાવણ સુદ ૧૪, તા.૨૫-૦૮-૧૯૮૦**

---

'નિયમસાર' ૪૫-૪૬ ગાથાનો છેલ્લો કળશ છે.

**आत्मा भिन्नस्तदनुगतिमत्कर्म भिन्नं तयोर्या**
**प्रत्यासत्तेर्भवति विकृतिः साऽपि भिन्ना तथैव।**
**कालक्षेत्रप्रमुखमपि यत्तच्च भिन्नं मतं मे**
**भिन्नं भिन्नं निजगुणकलालंकृतं सर्वमेतत्।।**

'પદ્મપ્રભમલધારીદેવ' મુનિ એમ કહે છે, કે '**મારું એમ મંતવ્ય છે,...**' મારો એવો વિચાર છે, મંતવ્ય છે–શ્રદ્ધા છે, એવી પ્રતીતિ છે, કે આત્મા પૃથક્ છે. એક બોલથી નથી લીધું.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'આત્મા (અંદર) જુદો છે અને એની પાછળ જનારું કર્મ જુદું છે.'** આત્માને લઈને કર્મ ચાલતા નથી. કર્મ પોતપોતાના કારણે આત્માની પાછળ પાછળ ચાલે છે. આહાહા..! આત્માને કારણે નહિ. કેમ કે ભિન્ન દ્રવ્ય છે. આહાહા..! આત્મા અંદર ભિન્ન ચાલે છે અને કર્મ ભિન્ન ચાલે છે. ભિન્ન કર્મને કારણે આત્મા ચાલતો નથી અને આત્માને કારણે કર્મ સાથે આવતા નથી. આહાહા..! વસ્તુ–વસ્તુ તદ્દન ભિન્ન (છે). આહાહા..!

**'આત્મા અને કર્મની અતિ નિકટતાથી જે વિકૃતિ થાય છે...'** વિકાર... આહાહા..! **'તે પણ તેવી જ રીતે (આત્માથી) જુદી છે;...'** આહાહા..! આત્મા પૃથક્ છે એમ કર્મ પૃથક્ ચાલે છે, એમ વિકૃતભાવ પણ સાથે ચાલે છે. કર્મ તો નિમિત્ત છે. આત્માની પોતાની પર્યાયમાં જે વિકાર થાય છે એ પોતાના કારણે ચાલે છે. આત્મા સ્વતંત્ર ચાલે છે, કર્મ સ્વતંત્ર ચાલે છે. કર્મ નિમિત્તથી ઉત્પન્ન થયેલો વિકાર પણ સ્વતંત્ર ચાલે છે. કેમ કે એ પર્યાય પણ સ્વતંત્ર છે. જેમ દ્રવ્ય આત્મા સ્વતંત્ર છે, કર્મ પણ સ્વતંત્ર દ્રવ્ય છે, એમ વિકારી પર્યાય પણ સ્વતંત્ર છે. આહાહા..!

**'કર્મની અતિ નિકટતાથી જે વિકૃતિ થાય છે તે પણ તેવી જ રીતે (આત્માથી) જુદી છે;..'** આહાહા..! એક ભવમાંથી બીજા ભવમાં જાય છે, કે ભવમાં રહે છે તો ત્રણે પ્રકાર ભિન્ન ભિન્ન છે. આત્મા ભિન્ન, કર્મ ભિન્ન, વિકાર ભિન્ન. આહાહા..! ત્રણે સત્ છે. સત્ પોતાથી છે. તેને પરની અપેક્ષા નથી. ભલે વિકાર છે, એ પણ ઉત્પાદ-વ્યયરૂપ સત્ છે ને? ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્. ત્રણે સત્ છે. તો વિકાર પણ પોતાથી સત્ છે. કર્મથી નહિ, આત્માથી નહિ, દ્રવ્યથી નહિ. પર્યાયમાં થાય છે તે સ્વતંત્ર છે. આહાહા..! આવા આત્માની વાત કે દિ' સાંભળી અંદર?

ભગવાનઆત્મા જુદા જુદા કામ કરે છે. કર્મ જુદું કામ કરે છે. વિકૃત અવસ્થા જુદી રહે છે. આહાહા..! એવું જેને ભેદજ્ઞાન થયું, મુનિ તો કહે છે કે **'મારું એમ મંતવ્ય છે...'** મુનિ એમ કહે છે, કે મારું એવું મંતવ્ય છે. આહાહા..! કોઈની સાથે કે કોઈના કારણે કોઈ ચાલે છે એમ નથી. આહાહા..! મારા કારણે ઘરમાં સ્ત્રી આવે છે, એ ખોટી વાત છે. મારા કારણે દીકરો આવે છે એ પણ ખોટી વાત છે. સૌ પોતપોતાના સ્વતંત્ર તે સમયના કાળમાં આવે છે. આહાહા..! કપડા આવે છે, દાગીના આવે છે, પૈસા આવે છે એ સમયે સ્વતંત્ર દ્રવ્ય પોતપોતાના કારણે જુદા જુદા, આત્મા અને કર્મની અપેક્ષા વગર (આવે છે). એ કર્મ-બર્મ પણ સ્વતંત્ર ચીજ છે. આહાહા..!

**'મારું એમ મંતવ્ય છે...'** મુનિ એમ કહે છે. મારો વિચાર આવો છે. આહાહા..! **'નિજ નિજ ગુણકળાથી...'** આહાહા..! અથવા **'કાળ-ક્ષેત્રાદિક જે છે તે પણ (આત્માથી) જુદાં છે.'** પંચમ કાળ, ચોથો કાળ, પહેલો કાળ એ આત્માથી કાળ જુદો છે. આહાહા..! કાળ આદિ અને ક્ષેત્ર આદિ. અને ક્ષેત્ર. પરનું આ ક્ષેત્ર... આહાહા..! એ શું કહે છે? કે આત્મા જ્યાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે, ત્યાં કર્મ છે એ કર્મનું ક્ષેત્ર ભિન્ન છે. આહાહા..! અરે..! વિકારનું ક્ષેત્ર પણ ભિન્ન છે. એમ ગાથામાં કહે છે. ભગવાન નિર્મળાનંદ અંદર ભિન્ન છે, એમાં જે મિથ્યાત્વ વિકાર, ભ્રાંતિ અને રાગાદિ, દ્વેષાદિ થાય છે એ પણ સ્વતંત્ર પોતાના કાળ ને પોતાના ક્ષેત્રમાં રહે છે. એ આત્માના ક્ષેત્રમાં આવતા નથી. આહાહા..! ગજબ વાત! વીતરાગમાર્ગનું મૂળ રૂપ આ છે.

આચાર્ય મહારાજ, મુનિરાજ તો કહે છે, કે મારું મંતવ્ય તો આ છે. **'મારું એમ મંતવ્ય છે...'** હું તો પંચમહાવ્રતધારી મુનિ છું. હું એવું મંતવ્ય ધારણ કરું છું, કે કર્મ ભિન્ન, આત્મા ભિન્ન, વિકાર ભિન્ન (છે). અરે..! વિકાર ને કર્મનું ક્ષેત્ર ભિન્ન છે અને વિકાર-કર્મનો કાળ ભિન્ન છે. આહાહા..! કાળ અને ક્ષેત્ર બધું ભિન્ન છે. આહાહા..! 'ધન્નાલાલજી'! આવી વાત છે. ઓહોહો..!

અરે..! પ્રભુનો માર્ગ ઉજળો, સ્વતંત્ર માર્ગ. પર્યાય પર્યાય સ્વતંત્ર છે. ક્રમબદ્ધમાં દરેક દ્રવ્ય પોતાની પર્યાય દ્રવ્ય-ગુણની અપેક્ષા રાખ્યા વગર, પર્યાય સ્વતંત્ર છે. રાગ-વિકાર થાય છે એ પણ કર્મથી બિલકુલ થતો નથી. આહાહા..! એ ચર્ચા (સંવત) ૨૦૧૩મી સાલમાં ઘણી ચાલી હતી. 'ઇસરી'માં. વિકાર સ્વથી થાય છે. પોતાના ષટ્કારકથી (થાય છે). વિકાર પર્યાયમાં કર્તા, વિકાર કાર્ય, વિકાર સાધન, વિકાર કરીને રાખ્યો એ સંપ્રદાન, વિકારથી વિકાર થયો એ અપાદાન, વિકારના આધારે વિકાર થયો (એ અધિકરણ). આહાહા..! જેને દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી અને જેને કર્મની અપેક્ષા નથી. આહાહા..!

એમ અહીંયા કહે છે, દરેક ગુણ અને દરેકની પર્યાય અને એનું ક્ષેત્ર અને કાળ અને દ્રવ્ય ભિન્ન ભિન્ન છે. કોઈની સાથે કોઈને કાંઈ સંબંધ નથી. આહાહા..! આ તો જ્યાં ત્યાં અહંકાર (કરે). મેં કર્યું.. મેં કર્યું.. મેં કર્યું. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ચારેય પોતાને કારણે ભિન્ન ભિન્ન છે, એમ કહે છે લ્યો. આહાહા..! દ્રવ્ય પણ ભિન્ન છે, વિકારનું ક્ષેત્ર ને કાળ પણ ભિન્ન છે. અને વિકારથી ભિન્ન કર્મ, એનું ક્ષેત્ર અને કાળ પણ ભિન્ન છે. આહાહા..! પોતાથી ભિન્ન સ્ત્રી, કુટુંબ, પરિવાર, મકાન, પૈસા, લક્ષ્મી, ધૂળ, ધૂળ એટલે આ લક્ષ્મી, કપડા, એના એના કાળમાં, એના એના ક્ષેત્રમાં, એના એના ભાવથી એ સ્વતંત્ર આવે છે. બીજાથી એ આવે છે અને જાય છે એમ નથી. આહાહા..!

આવી સ્વતંત્રતા પ્રભુ વિના કોણ કહે? સર્વજ્ઞ પરમાત્મા. જેણે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જોયા અને વાણી નીકળી. આહાહા..! એમણે કહ્યું નથી. વાણીને કારણે વાણી નીકળી છે. એ આવ્યું ને? વાણીનું ક્ષેત્ર ભિન્ન છે, વાણીનું દ્રવ્ય ભિન્ન છે, વાણી ઉત્પન્ન થવાનો કાળ ભિન્ન છે અને ભાવ ભિન્ન છે. આહાહા..! 'ભગવાન પરમાત્માની વાણી' એમ કહેવું એ પણ વ્યવહારથી નિમિત્તથી (કહેવાય છે). આકરી વાત છે. એ નાખ્યું છે. સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો. પર્યાયનું પણ ક્ષેત્ર, કાળ ભિન્ન ભન્ન છે. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'નિજ નિજ ગુણકળાથી...'** દરેક પદાર્થ પોતપોતાના ગુણની કળા-પર્યાય એને **'અલંકૃત આ બધુંય જુદે જુદું છે...'** આહાહા..! નિજ નિજ ગુણો અને પર્યાયયુક્ત સર્વ દ્રવ્ય અત્યંત ભિન્ન, ભિન્ન છે. આહાહા..! એક પરમાણુ બીજા પરમાણુનું કાંઈ પણ કરતું નથી. આત્મા બીજા પરમાણુનું કંઈ કરતો નથી. આહાહા..! બોલવું, ચાલવું, ખાવું, પીવું, ચાલવું, એ બધી સ્વતંત્ર જડની ક્રિયા જડથી થાય છે, આત્માથી નહિ. આહાહા..! કેમ ગળે ઉતરે? આખો દિ' 'હું કરું.. હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે' ગાડું હોય અને નીચે કૂતરાનું ઠીઠું અડી ગયું હોય, ગાડું ચાલતું હોય તો એ ગાડુ મારાથી ચાલે છે એમ માને છે. એમ થડે બેઠો હોય, ઘરે બૈરા બેઠા હોય, બધું કામ મારાથી થાય છે. બધી વ્યવસ્થા કરનાર હું છું. વ્યવસ્થિત કામ મેં કર્યું છે. નહિતર બધું અવ્યવસ્થિત થઈ જશે. અર..ર..! પ્રભુ! પ્રભુ તો કહે છે, કે દરેક પદાર્થ વ્યવસ્થિત જ છે. વ્યવસ્થિત છે એની બીજો વ્યવસ્થા કરે એમ વાત નથી. આહાહા..!

અહીંયા ઇ કહ્યું. **'નિજ નિજ ગુણકળાથી...'** દરેક દ્રવ્ય નિજ નિજ ગુણની કળા એટલે પર્યાયથી **'અલંકૃત...'** એનાથી સહિત. **'આ બધુંય જુદે જુદું છે...'** આહાહા..! એક બોલ પણ જો યથાર્થ સમજાય તો તકરાર મટી જાય. કર્મથી વિકાર થાય છે... કર્મથી વિકાર થાય છે. એમ કહ્યું, કે કર્મથી વિકાર નથી થતો, ત્યાં તો મોટો ખળભળાટ થઈ ગયો. અહો..! આ તો ભૂલ્યા, મૂળમાં ભૂલ્યા. મૂળમાં ભૂલ. એમ બોલ્યા. કર્મથી વિકાર નહિ? નહિતર વિકાર સ્વભાવ થઈ જશે. આહાહા..!

પ્રભુ! એ પર્યાય તે સમયનો સ્વભાવ જ છે. આહાહા..! કર્મથી નહિ, આત્માના ગુણથી નહિ. આહાહા..! એમ અંદર બેસી જાય તો જ્ઞાતા-દૃષ્ટા થઈ જાય. કોઈપણ ક્રિયાનો કર્તા હું છું, હું બોલું છું કે હું સમજાવું છું, હું પુસ્તક બનાવું છું. આહાહા..! એ વાત રહેતી નથી. પણ એ વાત સાંભળવા મળવી મુશ્કેલ પડે. આહાહા..! સ્થાનકવાસી અને શ્વેતાંબરમાં તો આ વાત જ નથી. આહાહા..! એમાં તો આ સત્ય વાત છે જ નહિ. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં તો સ્પષ્ટ કરી નાખ્યું છે, કે સ્થાનકવાસી અને શ્વેતાંબર અન્યમતિ છે, જૈનમતિ નથી. આહાહા..! કેમ કે એણે ઘણાં ગોટાળા કર્યા છે. ભગવાનને રોગ, ભગવાનને દવા, ભગવાનને માતા-પિતા બે ને.. આહાહા..! ઘણાં ગોટાળા છે. એની સેવા કરનાર, એની મદદ કરનાર મિથ્યાદૃષ્ટિ છે, નિગોદમાં જશે. ઘણી સૂક્ષ્મ વાત છે.

એમ જ્યારે ભગવાને 'સૂત્ર પાહુડ'માં કહ્યું, કે કપડાનો ટુકડો રાખીને સાધુ માને, મનાવે, માનતાને રૂડું જાણે, એ નિગોદમાં જશે. એમ 'કુંદકુંદાચાર્ય' ભગવાનનું વચન છે. તો એ કપડાના ટુકડાને ઠેકાણે અહીં તો કપડાના ઢગલે ઢગલા રાખે. આહાહા..! ઉંધી માન્યતાના ઠેકાણા નહિ. ભગવાન બાળ બ્રહ્મચારી છે એને પણ પરણાવી દીધા. કન્યા થઈ જમાલી જમાઈ થયા. એવું શ્વેતાંબરમાં છે. જમાલી જમાઈ. અરે..! ભગવાન બધી વાત ખોટી છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહાહા..! ભગવાન તો બાળબ્રહ્મચારી હતા. એમણે લગ્ન નહોતા કર્યા. કેમ? કે છેલ્લો કાળ બહુ અલ્પ હતો, અંતરમાં કામ ઘણાં હતા, તો એ લગ્નમાં.. પંડિતજી કહે છે ને દુર્ઘટના. સ્ત્રી પરણે એટલે દુર્ઘટના ઊભી થઈ. છે? આહાહા..! એને માટે રોકાવું, એના માટે વિષય, એના માટે રાજીપો, એને માટે કપડા, ખાવું, પીવું ને એના બધા સાધનો (વસાવવા). આહાહા..! દુર્ઘટના છે. અહીં તો કહે છે બીજાની દુર્ઘટના પણ આત્મા કરી શકતો નથી. આહાહા..! આવી વાત છે.

**'નિજ નિજ ગુણકળાથી...'** આચાર્ય પોકાર કરે છે. દરેક પદાર્થ પોતપોતાના ગુણની પર્યાય સહિત (પરિણમે છે). આહાહા..! **'બધુંય જુદે જુદું છે. (અર્થાત્ પોતપોતાના ગુણો અને પર્યાયોથી યુક્ત સર્વ દ્રવ્યો અત્યંત જુદે જુદાં છે).'** છે? આહાહા..! અત્યંત ભિન્ન ભિન્ન છે. આહાહા..! આ મારે કરવું છે ને આ મારે કરાવવું છે, એણે કર્યું એ ઠીક કર્યું એ કોઈ વાત રહેતી નથી, પ્રભુ! માર્ગ બહુ આકરો છે, ભાઈ!

અરે..! માથે ચોરાશીના અવતાર (નગારા વગાડે છે). આત્મા અનાદિઅનંત જેની સત્તા અનાદિઅનંત, એ દેહ છૂટે પણ સત્તાનો કાંઈ અભાવ નહિ થાય. આહાહા..! પ્રભુ! તારી સત્તા ક્યાં જશે? એ સત્તાનો વિચાર પણ કર્યો છે? કે અરે..રે..! હું આ દેહ છોડીને (ક્યાં જઈશ?) દેહમાં પાંચ-પંદર દિવસ, મહિનો, બે મહિના, પાંચ મહિના, દસ મહિના, પાંચ-દસ વર્ષ રહેશે. પછી છૂટી જશે, પ્રભુ! કેમ કે જુદી ચીજ છે. ક્યાં જવું છે? ક્યા સ્થાનમાં? ક્યા ક્ષેત્રમાં? ક્યા કાળે? કેવા ભાવથી જશે? આહાહા..! બધા જુદા જુદા છે. કોઈના કારણે કોઈ નથી. આહાહા..! દાખલો આપ્યો છે.

## શ્લોક–૭૦

**तथा हि -**

(मालिनी)

असति च सति बन्धे शुद्धजीवस्य रूपाद्
रहितमखिलमूर्तद्रव्यजालं विचित्रम्।
इति जिनपतिवाक्यं वक्ति शुद्धं बुधानां
भुवनविदितमेतद्भव्य जानीहि नित्यम्।।७०।।

વળી (આ બે ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :–

**[શ્લોકાર્થ :–] ''બંધ હો કે ન હો (અર્થાત્ બંધાવસ્થામાં કે મોક્ષાવસ્થામાં), સમસ્ત**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**વિચિત્ર મૂર્તદ્રવ્યજાળ (અનેકવિધ મૂર્તદ્રવ્યોનો સમૂહ) શુદ્ધ જીવના રૂપથી વ્યતિરિક્ત છે'' એમ જિનદેવનું શુદ્ધ વચન બુધપુરુષોને કહે છે. આ ભુવનવિદિતને (–આ જગતપ્રસિદ્ધ સત્યને), હે ભવ્ય! તું સદા જાણ. ૭૦.**

## શ્લોક–૭૦ ઉપર પ્રવચન

**'વળી (આ બે ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :–'**

**असति च सति बन्धे शुद्धजीवस्य रूपाद्**
**रहितमखिलमूर्तद्रव्यजालं विचित्रम्।**
**इति जिनपतिवाक्यं वक्ति शुद्धं बुधानां**
**भुवनविदितमेतद्भव्य जानीहि नित्यम्।।७०।।**

આહાહા..! આ **'जिनपतिवाक्यं'**. આહાહા..! ત્રણલોકના નાથ જિનપતિનું વાક્ય આ છે. **'शुद्धं बुधानां' 'जिनपतिवाक्यं वक्ति शुद्धं बुधानां' 'शुद्धं बुधानां भुवनविदितमेतद्भव्य जानीहि नित्यम्।'**

**શ્લોકાર્થ :– 'બંધ હો કે ન હો (અર્થાત્ બંધાવસ્થામાં કે મોક્ષાવસ્થામાં), સમસ્ત વિચિત્ર મૂર્તદ્રવ્યજાળ...'** આહાહા..! **'(અનેકવિધ મૂર્તદ્રવ્યોનો સમૂહ) શુદ્ધ જીવના રૂપથી વ્યતિરિક્ત છે.'** શુદ્ધ જીવ ભગવાન અંદર ચૈતન્યના પ્રકાશનું પૂર, ધ્રુવ એકરૂપ અનાદિઅનંત રહેનારી ચીજ એ સર્વ ચીજથી નિરાળી ભિન્ન છે. એ **'બંધ હો કે ન હો (અર્થાત્ બંધાવસ્થામાં કે મોક્ષાવસ્થામાં), સમસ્ત વિચિત્ર મૂર્તદ્રવ્યજાળ (અનેકવિધ મૂર્તદ્રવ્યોનો સમૂહ)...'** આહાહા..! શું કહ્યું? મારાથી જુદા કર્મ, પૈસા, લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ, પરિવાર. **'(અનેકવિધ મૂર્તદ્રવ્યોનો સમૂહ) શુદ્ધ જીવના રૂપથી વ્યતિરિક્ત છે'** શુદ્ધ જીવના સ્વરૂપથી તદ્દન ભિન્ન છે. આહાહા..! આ તો વેપાર મેં કર્યો, વેપારમાં મને પૈસા મળ્યા... આહાહા..! બધું મિથ્યાત્વ છે, મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..!

કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યની પર્યાય કરતું તો નથી પણ એ દ્રવ્યની પર્યાય પણ આઘીપાછી આઘીપાછી થાય છે. (એમ નથી) એ દ્રવ્યની પર્યાય પણ આગળ-પાછળ નથી થતી. આહાહા..! જે સમયે જે પર્યાય થવાની હોય તે થાય છે. પર્યાય એટલે હાલત–અવસ્થા. આ શરીરની અવસ્થા અત્યારે આમ ચાલે છે તે તેના કારણે થાય છે. આત્માના કારણે નહિ. આહાહા..!

મુમુક્ષુ :– જીવ નીકળી ગયા પછી શરીરની ક્રિયા કેમ થતી નથી?

ઉત્તર :– નીકળી ગયા પછી એની અવસ્થા એવી નથી. એની અવસ્થા આવી જ હોવી જોઈએ એવું કાંઈ છે? એની અવસ્થા–પર્યાય એના સ્વકાળે થાય છે. આહાહા..! બોલવું,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ચાલવું એ બધી જડની ક્રિયા છે. આહાહા..! એનું અભિમાન છોડવું અને પોતાના જ્ઞાનસ્વભાવમાં દઢતા લગાવવી કે હું તો જ્ઞાયક છું. મારામાં જે વસ્તુ જણાય છે એ મારાથી જુદી છે અને એ ચીજથી હું પૃથક્ છું. આહાહા..! એ કહ્યું.?

**'શુદ્ધ જીવના રૂપથી વ્યતિરિક્ત છે...'** સર્વ ચીજ જુદી. આહાહા..! અંદર કર્મ જુદા, વિકાર જુદો, તૈજસ, કાર્મણ શરીર જુદા, ઔદારિક શરીર જુદું. આહાહા..! વિકારની પર્યાય સ્વકાળથી જુદી. દ્રવ્ય ભગવાન, ચૈતન્ય ભગવાન એ વિકારથી અને કર્મથી જુદી વસ્તુ છે. ત્રણેકાળે એવી વાત છે. **'એમ જિનદેવનું શુદ્ધ વચન...'** આ છે. મુનિરાજ પોતે કહે છે એમ નહિ કહેતાં, એમ કહે છે. પહેલા કહ્યું કે **'મારું એમ મંતવ્ય છે...'** હવે કહે છે કે એ તો જિનપતિનું, **'જિનદેવનું શુદ્ધ વચન..'** છે. આહાહા..! પરનું કરી શકતો નથી, પરને પોતાનું માની શકતો નથી. પોતાને કારણે પરમાં કોઈ ફેરફાર થતો નથી. એવું જિનપતિનું શુદ્ધ વચન. આહાહા..! ભગવાનનું વચન તો હોતું નથી. પણ અહીંયા નિમિત્તથી કથન કર્યું છે, કે દિવ્યધ્વનિમાં આમ આવ્યું છે.

ભગવાનની દિવ્યધ્વનિ, ત્રિલોકનાથ અનંત તીર્થંકરો, અનંત સર્વજ્ઞો, લાખો કેવળી સીમંધર ભગવાન પાસે બિરાજે છે. તીર્થંકર તરીકે વીસ બિરાજે છે. સીમંધર ભગવાન તો એક જ તીર્થંકર છે. પણ બીજા ક્ષેત્રમાં બીજા એવા વીસ તીર્થંકર બિરાજે છે અને લાખો કેવળી બિરાજે છે. એમાં જિનપતિનું વચન, શુદ્ધ વચન (આ છે). બાકી અશુદ્ધ વચન ગડબડ. આહાહા..! **'શુદ્ધ વચન બુધપુરુષોને કહે છે.'** આહાહા..! શું જવાબદારી કહી? કે આ ત્રણલોકના નાથની આ વાણી, બુધપુરુષો, જે ડાહ્યાપુરુષો છે એના માટે છે. એટલો જવાબ આવ્યો કે બુધપુરુષોને માટે છે. જે વાત સમજે અને સમજણમાં લે એના માટે આ વાણી છે. આહાહા..! **'જિનદેવનું શુદ્ધ વચન બુધપુરુષોને કહે છે.'** આહાહા..! વળી શું કહે છે?

**'આ ભુવનવિદિતને (—આ જગતપ્રસિદ્ધ સત્યને),...'** આ જગતપ્રસિદ્ધ સત્ય છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી, કંઈ કરી શકતો નથી, આત્મા બોલી શકતો નથી, અડી શકતો નથી, આત્મા પરનું કોઈ કામ કરી કરતો નથી. એ જિનવચન બુધપુરુષોએ કહ્યું છે. આહાહા..! **'આ ભુવનવિદિત...'** એ તો જગતમાં પ્રસિદ્ધ છે. આહાહા..! અહીં તો નવું સાંભળે કે નહિ? આત્મા વિના વાણી નીકળે છે? આત્મા વિના આ બધું શાસ્ત્ર બનાવે છે? કપડા બનાવે છે, કુંભાર ઘડા બનાવે છે. તો 'આચાર્ય અમૃતચંદ્રાચાર્યે' ૩૭૨ ગાથામાં કહ્યું છે, અમને દેખાતું નથી કે ઘડો કુંભાર બનાવે છે. 'સમયસાર'ની ૩૭૨ ગાથામાં એમ લખ્યું છે. ઘડો ઘડાથી બને છે. કુંભાર એને બનાવતો નથી. આહાહા..! રોટલી રોટલીથી બને છે, સ્ત્રીથી કે તવાથી નથી બનતી. આહાહા..!

આ **'જિનદેવનું શુદ્ધ વચન...'** છે. છે? **'જિનદેવનું શુદ્ધ વચન બુધપુરુષોને કહે છે.'** જેને આ વાત રુચે તેને કહે છે. ન રુચે એ તો મૂઢ જીવ અનાદિકાળથી (રખડી જ રહ્યો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates


છે.) આહાહા..! અને **'આ ભુવનવિદિત...'** એ તો જગતમાં પ્રસિદ્ધ સત્ય છે. તને ખબર નથી. વીતરાગની વાણીમાં તો જગત પ્રસિદ્ધ છે. તેના દ્વારા આ કહેવામાં આવ્યું છે એમ જગતમાં પ્રસિદ્ધ છે. **'હે ભવ્ય!..'** એ ભુવનવિદિતને, એ જગતપ્રસિદ્ધ સત્યને **'હે ભવ્ય! તું સદા જાણ.'** આહાહા..! બે બોલ લીધા. એક તો બુધપુરુષોને માટે લીધું અને પછી હે ભવ્યજીવ! ગમે તે ભવ્ય હોય, તું ભગવાન છો ને, પ્રભુ! ક્યા કાળે તારામાં અપૂર્ણતા અને વિકાર છે? કોઈ કાળે તારા આત્મામાં વિકાર અને કર્મ નથી. ચિદાનંદ ભગવાન ભિન્ન બિરાજે છે. પ્રભુ! એ જગતપ્રસિદ્ધ, જિનવાણીમાં શુદ્ધ વચન પ્રસિદ્ધ છે. શુદ્ધ વચન કહ્યું છે. આહાહા..!

**'શુદ્ધ વચન બુધપુરુષોને કહે છે. આ ભુવનવિદિતને (–આ જગતપ્રસિદ્ધ સત્યને), હે ભવ્ય! તું સદા જાણ'** આહાહા..! **' હે ભવ્ય! તું સદા જાણ.'** અમુક વખતે જાણ અને અમુક વખતે વળી કર્તા થાય અને કર્મ મારું છે અને વિકાર મારો છે એમ નહિ. આહાહા..! ઘણી ગંભીર ભાષા! શબ્દો થોડા પણ અંદર ગંભીરતા (ઘણી છે). કોઈ સમયમાં એક સમયની પર્યાય વિકૃત હો કે અવિકૃત, એનો દ્રવ્ય-ગુણ કર્તા નથી. આહાહા..! કેમ કે દરેક ગુણની પર્યાય ષટ્કારકથી, પોતાથી સ્વતંત્રપણે પર્યાય જે સમયે થવાની છે તે સમયે પોતાથી થાય છે. આહાહા..! ગજબ વાત છે! આ કપડું ઊંચુ થાય છે તો એના કારણે ઊંચું થાય છે. આંગળી એને અડી નથી, આંગળી એને અડીયે નથી. આ વાત (કેમ બેસે?) જિનદેવનું સત્ય વચન બુધપુરુષોને માટે જગતવિદિત્–જગતપ્રસિદ્ધ છે. આહાહા..! આ જગતપ્રસિદ્ધ વાત છે.

માટે **'હે ભવ્ય! તું સદા જાણ.'** અમુક વખતે હા પાડ અને વળી ફેર થાય એમ નહિ. આહાહા..! **'સદા જાણ.'** સદા જ્ઞાતા-દ્રષ્ટા રહી જા. તારી વસ્તુ જ જ્ઞાતા-દ્રષ્ટા છે. એમાં કોઈ પરનો સ્પર્શ નથી. એને સ્પર્શતું નથી તો કોઈ કરી શકે એમ કેમ બને? એક દ્રવ્ય બીજા દ્રવ્યને કદી ચુંબતું નથી. 'સમયસાર'ની ૩ ગાથા. આહાહા..! એક દ્રવ્ય બીજા દ્રવ્યને કદી અડતું નથી, તો કરે શું? એવી જિનદેવની જગતપ્રસિદ્ધ સત્ય વાત બુધપુરુષોને કહે છે. ડાહ્યા પુરુષોને માટે આ વાત કરે છે. આહાહા..! બાકી પાગલ તો... આહાહા..!

એકવાર (સંવત) ૧૯૯૭માં વાત ચાલતી હતી. વાત ચાલતી હતી એમાં એક વકીલ બેઠા હતા. એ કહે તમે ના પાડો છો પણ લ્યો, આ કર્યું મેં. આ હાથ મેં હલાવ્યો. એમ વ્યાખ્યાનમાં બોલ્યા. આહાહા..! પ્રભુ! તને શું કહીએ? હાથ કેમ હલ્યો છે? હાથમાં કેવી પર્યાય થઈ છે? અંદર આત્મા ભિન્ન શું કરે છે? એ ભાન વિના તું એમ કહે છે કે આમ હાથ કર્યો. આત્માથી આમ હાથ થયો, એ વાત ત્રણકાળમાં સાચી નથી. મોટો વકીલ હતો. એને આ વાત રુચિ નહિ. કારણ કે દુનિયાના મહાત્મ્યમાં કાંઈક કરીએ છીએ, કાંઈક બીજાની સેવા કરીએ છીએ અને જે સંપ્રદાયમાં છીએ એની અમે સેવા કરીએ છીએ, એમ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અધિકપણું માનવું એ મહા મિથ્યાદષ્ટિનું અજ્ઞાન છે. આહાહા..! જે સંપ્રદાયમાં છીએ તેની અમે સેવા કરીએ છીએ. એના ગરીબ માણસો કે તવંગર કે બીજા માણસો આવે તો એની અમે મદદ કરીએ. અરે..! પ્રભુ! કયા સમયે કઈ પર્યાય કોનાથી થાય? એવું ત્રણકાળમાં પણ નથી. કેટલા શબ્દો લીધા છે?

**'એમ જિનદેવનું શુદ્ધ વચન...'** શુદ્ધ વચન. આહાહા..! પવિત્ર વચન. **'બુધપુરુષોને...'** જે કોઈ જાણનાર છે એને કહે છે. આહાહા..! જેને સત્યાર્થ જાણવું છે, એને માટે વીતરાગની સત્ય વાણી છે અને એ જગતપ્રસિદ્ધ છે. આવ્યું? ભુવનવિદિત. આહાહા..! એ જગતપ્રસિદ્ધ છે. માટે **'હે ભવ્ય! તું સદા જાણ.'** આહાહા..! ૪૭ ગાથા.

## ગાથા–૪૭

**जारिसिया सिद्धप्पा भवमल्लिय जीव तारिसा होंति।**
**जरमरणजम्ममुक्का अट्ठगुणालंकिया जेण।।४७।।**

यादृशाः सिद्धात्मानो भवमालीना जीवास्तादृशा भवन्ति।
जरामरणजन्ममुक्ता अष्टगुणालंकृता येन।।४७।।

शुद्धद्रव्यार्थिकनयाभिप्रायेण संसारिजीवानां मुक्तजीवानां विशेषाभावोपन्यासोयम्।

ये केचिद् अत्यासन्नभव्यजीवाः ते पूर्वं संसारावस्थायां संसारक्लेशायासचित्ताः सन्तः सहजवैराग्यपरायणाः द्रव्यभावलिंगधराः परगुरुप्रसादासादितपरमागमाभ्यासेन सिद्धक्षेत्रं परिप्राप्य निर्व्याबाधसकलविमलकेवलज्ञानकेवलदर्शनकेवलसुखकेवलशक्तियुक्ताः सिद्धात्मानः कार्यसमयसाररूपाः कार्यशुद्धाः। ते यादृशास्तादृशा एव भविनः शुद्धनिश्चयनयेन। येन कारणेन तादृशास्तेन जरामरणजन्ममुक्ताः सम्यक्त्वाद्यष्टगुणपुष्टितुष्टाश्चेति।

---

**જેવા જીવો છે સિદ્ધિગત તેવા જીવો સંસારી છે,**
**જેથી જનમમરણાદિહીન ને અષ્ટગુણસંયુક્ત છે. ૪૭.**

**અન્વયાર્થ :–** [ यादृशाः ] જેવા [ सिद्धात्मानः ] સિદ્ધ આત્માઓ છે [ तादृशाः ] તેવા [ भवम् आलीनाः जीवाः ] ભવલીન (સંસારી) જીવો [ भवन्ति ] છે, [ येन ] જેથી (તે સંસારી જીવો સિદ્ધાત્માઓની માફક) [ जरामरणजन्ममुक्ताः ] જન્મ-જરા-મરણથી રહિત અને [ अष्टगुणालंकृताः ] આઠ ગુણોથી અલંકૃત છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**ટીકા :– શુદ્ધદ્રવ્યાર્થિક નયના અભિપ્રાયે સંસારી જીવોમાં અને મુક્ત જીવોમાં તફાવત નહિ હોવાનું આ કથન છે.**

**જે કોઈ અતિ-આસન્ન-ભવ્ય જીવો થયા, તેઓ પૂર્વે સંસારાવસ્થામાં સંસારક્લેશથી થાકેલા ચિત્તવાળા થયા થકા સહજવૈરાગ્યપરાયણ થવાથી દ્રવ્ય-ભાવ લિંગને ધારણ કરીને પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરેલા પરમાગમના અભ્યાસ વડે સિદ્ધક્ષેત્રને પામીને અવ્યાબાધ (બાધા રહિત) સકળ-વિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન-કેવળદર્શન-કેવળસુખ-કેવળવીર્યયુક્ત સિદ્ધાત્માઓ થઈ ગયા–કે જે સિદ્ધાત્માઓ કાર્યસમયસારરૂપ છે, *કાર્યશુદ્ધ છે. જેવા તે સિદ્ધાત્માઓ છે તેવા જ શુદ્ધનિશ્ચયનયથી ભવવાળા (સંસારી) જીવો છે. જે કારણે તે સંસારી જીવો સિદ્ધાત્માઓ જેવા છે, તે કારણે તે સંસારી જીવો જન્મજરામરણથી રહિત અને સમ્યક્ત્વાદિ આઠ ગુણોની પુષ્ટિથી તુષ્ટ છે (–સમ્યક્ત્વ, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, સૂક્ષ્મત્વ, અવગાહન, અગુરુલઘુ અને અવ્યાબાધ એ આઠ ગુણોની સમૃદ્ધિથી આનંદમય છે).**

## ગાથા–૪૭ ઉપર પ્રવચન

**जारिसिया सिद्धप्पा भवमल्लिय जीव तारिसा होंति।**
**जरमरणजम्ममुक्का अट्ठगुणालंकिया जेण।।४७।।**

**જેવા જીવો છે સિદ્ધિગત તેવા જીવો સંસારી છે,**
**જેથી જનમમરણાદિહીન ને અષ્ટગુણસંયુક્ત છે. ૪૭.**

**'જેવા સિદ્ધ આત્માઓ છે તેવા ભવલીન (સંસારી) જીવો છે,...'** આહાહા..! ભવમાં લીન છે તો પણ સંસારી શુદ્ધ છે. આહાહા..! એ દ્રવ્ય કદી મલિન થયું નથી. **'જેથી (તે સંસારી જીવો સિદ્ધાત્માઓની માફક) જન્મ-જરા-મરણથી રહિત અને આઠ ગુણોથી અલંકૃત છે.'**

**'ટીકા :– શુદ્ધદ્રવ્યાર્થિક નયના...'** શુદ્ધ દ્રવ્યની પ્રયોજનની દૃષ્ટિથી, ત્રિકાળી દ્રવ્યની દૃષ્ટિના પ્રયોજનથી શુદ્ધ-દ્રવ્ય-અર્થિક, શુદ્ધ દ્રવ્યની પ્રયોજનની દૃષ્ટિથી, અભિપ્રાયથી, એ **'નયના અભિપ્રાયે સંસારી જીવોમાં અને મુક્ત જીવોમાં તફાવત નહિ હોવાનું આ કથન છે.'** આહાહા..! સંસારી જીવ અને મુક્ત જીવ, દ્રવ્યદૃષ્ટિએ દ્રવ્ય તો છે એ છે. પર્યાયમાં ફેર હોય, ચાહે તો નિગોદની હો, ચાહે તો સિદ્ધની હો, દ્રવ્ય તો જે છે એ છે. દ્રવ્યમાં કોઈ ફેરફાર નથી. આહાહા..! કેમ બેસે? કષાયખાના માંડે, ગાયોને કાપવાના સંચા (નાખે). તો કહે છે, એ

*** કાર્યશુદ્ધ = કાર્ય-અપેક્ષાએ શુદ્ધ.**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જીવ સિદ્ધ સમાન છે. એ મલિનતા એની ચીજ નથી, એ ક્રિયા એનામાં નથી. આહાહા..! એની શાશ્વત વસ્તુમાં તો જ્ઞાન ભર્યું છે.

**'શુદ્ધ દ્રવ્યાર્થિક નયના અભિપ્રાયે સંસારી જીવોમાં અને મુક્ત જીવોમાં તફાવત નહિ હોવાનું આ કથન છે.'** આહાહા..! સિદ્ધ અને સંસારી બેમાં કાંઈ ફેર નથી. ફેર છે એ તો પર્યાયદષ્ટિથી વ્યવહારનયથી જોવામાં આવે છે. વસ્તુદષ્ટિથી કોઈ તફાવત નથી. આહાહા..! સંસારમાં લીન થયો છે. એવો પાઠ છે. છતાં એ જીવ સિદ્ધ સમાન છે. લીન થયો એ એની ચીજ નથી. આહાહા..! આવી વાત હવે. આખો દિ' કરવું... કરવું.. કરવું. આમ કરવું.. આમ કરવું.. ધર્મને નામે પણ પ્રવૃત્તિ એટલી વધી ગઈ... આહાહા..! આખો દિ' આ પૂજા, ભક્તિ, વ્રત, તપ, જાત્રા. આહાહા..! આવવું, જાવું અને માણસોને ભેગા કરીને અમે કાંઈક કરીએ છીએ. ગીરનાર જઈ આવ્યા. આહાહા..! ફલાણે જઈ આવ્યા, આ જાત્રા કરી. ક્યાં પ્રભુ! તું તારા ક્ષેત્રમાંથી કદી બીજા ક્ષેત્રમાં ગયો નથી ને. બીજી પર્યાય છે એમાં પણ તું ગયો નથી. બીજા ક્ષેત્રમાં ગયો નથી, બીજી પર્યાયમાં ગયો નથી, તો બીજાના ભાવમાં તું ક્યાંથી ગયો? આહાહા..! આવી વાત આકરી પડે. વસ્તુસ્થિતિ આ છે. એથી કહ્યું ને, 'જિન વચનનું સત્ય વચન...' જિનવચનનું સાચું વચન. બીજા વ્યવહારના વચનો ઘણાં હોય છે. પણ જિનવચનનું સત્ય વચન. આહાહા..! વ્યવહારવચન ઘણાં હોય છે, જિનવચનમાં પણ હોય છે. પણ જિનવચનનું સત્ય વચન, શુદ્ધ જીવનું વચન, જગત વિદિત–જગત પ્રસિદ્ધ વચન. આહાહા..! એકબીજાનું બીજો કાંઈ કરી શકે એમ નથી. આહાહા..! ઓહોહો..! આખી દુનિયાની કર્તાબુદ્ધિ ઉડી ગઈ. એક દ્રવ્યનો પણ કર્તા થાય, એક દ્રવ્યની પર્યાયનો કર્તા થાય, એને ત્રણલોકના પર્યાયની કર્તાબુદ્ધિ થઈ ગઈ. ત્રણલોકની કર્તાબુદ્ધિ થઈ ગઈ. આહાહા..! બહુ આકરી વાત છે, ભાઈ! માર્ગ..

મુમુક્ષુ :– આકરી નથી, અપૂર્વ છે.

ઉત્તર :– વસ્તુ તો અપૂર્વ છે. અપૂર્વ વાત આ જ છે. આહાહા..! સાંભળવા મળે નહિ, અને સાંભળવા મળે તો એકાંત છે. કોઈ કોઈનું કરી શકતા નથી તો આખી દુનિયા કેમ ચાલે છે? કઈ રીતે આ ચાલે છે? નરકમાં કેમ જાય છે? દેવમાં કેમ જાય છે? આહાહા..! સાંભળને પ્રભુ! એ ગતિ, ગતિની પર્યાય. ક્ષેત્ર, ક્ષેત્રની પર્યાય, જીવ જીવનું દ્રવ્ય ભિન્ન છે. આહાહા..!

**'જે કોઈ અતિ-આસન્ન-ભવ્ય જીવો થયા,...'** જો કોઈ અતિ-આસન્નભવ્યજીવ. આહાહા..! જેને મોક્ષ નજીક છે. સંસારનો કાંઠો આવી ગયો છે. આહાહા..! નૌકામાંથી ઉતરીને પગ મૂકે એટલી વાર છે. આહાહા..! જે જીવ અતિ-આસન્નભવ્ય જીવ છે. એકલું આસન્ન જીવ ન લીધું. અતિ-આસન્નભવ્ય છે. **'તેઓ પૂર્વે સંસારાવસ્થામાં સંસારક્લેશથી થાકેલા ચિત્તવાળા થયા થકા...'** આહાહા..! સંસારની ક્રિયાના ક્લેશથી થાકેલા ચિત્તવાળો થયો થકો. પહેલા

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તો આ થાય છે. આહાહા..! સંસારની કોઈપણ ક્રિયા ક્લેશદાયક છે. એ કોઈ ક્રિયાને કર્તા માને તો. આહાહા..! પુસ્તક બનાવવામાં એ પણ અનંત પરમાણુની પર્યાય છે. એ પણ એના સમયે થાય છે. આચાર્ય મહારાજ કહે કે મારું નામ ન લેવું. મોહથી ન નાચવું, મેં ટીકા કરી છે એમ મિથ્યાત્વથી ન નાચવું. આહાહા..!

મુમુક્ષુ :– એ તો બધા પુસ્તકમાં કહે છે.

ઉત્તર :– ઘણે ઠેકાણે કહ્યું છે. આહાહા..! દરેક ગ્રંથની પાછળ આ શ્લોક મૂક્યો છે. મેં આ ટીકા કરી નથી. મેં બનાવ્યું નથી. પુસ્તક મારાથી બન્યું નથી. અરે...! મારું સાંભળીને તને જ્ઞાન થાય છે, એમ પ્રભુ! તમે મોહથી ન નાચો. આહાહા..! કેમ કે તને જે પરલક્ષી જ્ઞાન થાય છે, એ પણ તારાથી થાય છે. સાંભળતી વખતે જ્ઞાન થાય છે એ સાંભળવાથી થતું નથી, પોતાની પર્યાયની યોગ્યતાથી જ્ઞાન થાય છે. એ સમ્યગ્જ્ઞાન નથી. એ સમ્યગ્જ્ઞાન નથી એ જ્ઞાન પણ પોતાથી ઉત્પન્ન થાય છે, સાંભળવાથી નહિ. આહાહા..!

પોતાના જ્ઞાનમાં પરલક્ષી જ્ઞાન જરીયે કામ કરતું નથી. સાંભળ્યું, ઘણું વાંચન કર્યું, પણ અંદર જવામાં પરલક્ષી જ્ઞાન કામ કરતું નથી, પ્રભુ! આહાહા..! બહુ આકરી વાત! એ લક્ષ છૂટે, પરલક્ષે (પરના) અવલંબનથી ઉત્પન્ન થયું, એ જ્ઞાનનું પણ લક્ષ છૂટે અને અંતરદૃષ્ટિમાં જાય ત્યારે સમ્યક્જ્ઞાન થાય. આહાહા..! આવી વાત છે.

**'આસન્ન-ભવ્ય જીવો થયા, તેઓ પૂર્વે સંસારાવસ્થામાં સંસારક્લેશથી થાકેલા ચિત્તવાળા થયા થકા સહજવૈરાગ્યપરાયણ થવાથી...'** એ જીવ સહજવૈરાગ્યપરાયણ થવાથી. સંસારના ક્લેશથી થાકી ગયો. અરે..! આ શું? હું કોણ અને આ શું? અને વૈરાગ્યવાળો થયો. વૈરાગ્યનો અર્થ, શુભ-અશુભભાવથી પણ વિરક્ત થયો. શુભ અને અશુભભાવથી વિરક્ત થવું તેને વૈરાગ્ય કહે છે. આહાહા..! અહીં કહે છે, કે શુભભાવ કરતાં કરતાં કલ્યાણ થશે. શું કરે? પ્રભુ! એને મળ્યું નથી. એ ભગવાન છે. એને પણ સુખની તો અભિલાષા છે. સુખની અભિલાષા હોવા છતાં વિપરીત દૃષ્ટિ છે. આહાહા..!

અહીં એ કહે છે. **'સંસારાવસ્થામાં સંસારક્લેશથી થાકેલા ચિત્તવાળા...'** થાકેલા ચિત્તવાળા. આહાહા..! બધી વાતથી થાકી ગયો, હવે તો મારા આત્માનું કાર્ય કરવું છે. બીજું કાંઈ કરવું નથી. એવું જેનું ચિત્ત થયું, એ **'સહજવૈરાગ્યપરાયણ થવાથી...'** સ્વાભાવિક વૈરાગ્ય. જ્ઞાન અને વૈરાગ્ય બે સાથે રહે છે. સમ્યક્જ્ઞાન જ્યારે થયું તો એ પુણ્ય-પાપથી તો વિરક્ત જ હોય છે. વૈરાગ્ય સાથે જ છે. અસ્તિપણે જ્યાં ભાન થયું, ત્યાં વિરક્ત એટલે નાસ્તિપણાનું જ્ઞાન પણ સાથે થાય છે. પુણ્ય પરિણામથી હું વિરક્ત છું. આહાહા..! શુભભાવથી મને લાભ થશે કે શુભભાવ કરવાથી ક્રમે ક્રમે આગળ વધાશે. અશુભ પહેલા ઘટે છે પછી શુભમાં આવવું, અશુભ ઘટાડીને પછી શુદ્ધમાં આવવું એવો ક્રમ જગત માને છે. એવી વાત નથી. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ કહે છે, **'સહજવૈરાગ્યપરાયણ થવાથી દ્રવ્ય-ભાવ લિંગને ધારણ કરીને...'** આહાહા..! દ્રવ્યલિંગ તો નગ્ન દશા. ભાવલિંગ અંદર નિર્વિકલ્પ દશા. આહાહા..! દ્રવ્યલિંગ દશા એની અવસ્થાને કારણે થાય છે, આત્માથી થતી નથી. આત્મા કપડા ઉતારીને નગ્ન થાય એ ક્રિયા એની નથી. આહાહા..! કોણ માને? વસ્ત્ર ઉતારવાની ક્રિયા આત્માની નથી. એ સમયે એની ઉતરવાની ક્રિયા એના સ્વકાળમાં આવે છે તો એ વસ્ત્ર છૂટી જાય છે. આહાહા..! કેમ કે પરનો ત્યાગ-ગ્રહણ આત્મામાં છે જ નહિ.

આત્મા ભગવાન પરના ત્યાગગ્રહણથી શૂન્ય છે. શક્તિમાં લીધું છે. ત્યાગઉપાદાનશૂન્યત્વશક્તિ. પરનો ત્યાગ અને પરના ગ્રહણથી શૂન્ય છે. આહાહા..! એકપણ રજકણનું ગ્રહણ, એક રજકણને છોડવું, એનાથી તો રહિત પ્રભુ છે. અનાદિઅનંત રહે છે. આહાહા..! એને બહારના ત્યાગ જ્યાં કરે તો ત્યાં થઈ જાય કે મેં ત્યાગ કર્યો. અંતરમાં રાગની એકતાનો ત્યાગ (થવો) એ પણ વ્યવહાર છે. અંદર ભગવાન શુદ્ધ ચૈતન્યમૂર્તિ તો બિરાજમાન છે જ, એમાં દૃષ્ટિ લાગી ત્યાં એક્તા તૂટી ગઈ. એકતા તોડવી પડતી નથી. આહાહા..! આકરી વાત છે, ભાઈ! મૂળ વાત આકરી છે. વીતરાગની મૂળ વાત ઝીણી છે. આહાહા..!

એ અહીં કહે છે, **'સહજવૈરાગ્યપરાયણ થવાથી દ્રવ્ય-ભાવ લિંગને ધારણ કરીને પરમગુરુના પ્રસાદથી...'** એનું નિમિત્ત પરમગુરુ હોવા જોઈએ. આહાહા..! કુગુરુથી નિમિત્ત નથી મળતું. આહાહા..! છતાં ગુરુથી થતું નથી. પણ પરમ ગુરુના પ્રસાદથી. એમનો ઉપદેશ સાંભળ્યો તેને પ્રસાદથી એમ કહેવામાં આવે છે. આહાહા..! બહુ વાત!

મુમુક્ષુ :– ચોખ્ખું નિમિત્ત લખ્યું છે.

ઉત્તર :– ચોખ્ખું નિમિત્ત છે એવું બતાવ્યું છે. એનાથી થાય છે એમ નહિ. પાઠ તો આમ છે. **'પરમગુરુના પ્રસાદથી...'** જુઓ!

મુમુક્ષુ :– એમના પ્રસાદથી તો થયું છે.

ઉત્તર :– એ તો નિમિત્તથી કથન છે. પહેલા આવી ગયું ને? જગત વિદિત–જગતપ્રસિદ્ધ. શુદ્ધનયથી આત્મામાં કોઈ વિકાર-ફિકાર નથી અને કાંઈ છોડવું છે નહિ. એ તો જગતપ્રસિદ્ધ ભગવાનઆત્મા બિરાજમાન છે. અનાદિથી જગતપ્રસિદ્ધ આત્મા છે, તો આત્મા પોતાનું કલ્યાણ કરીને સિદ્ધમાં ચાલ્યો જાય છે. આહાહા..! નિમિત્ત તો અનંત છે. છે તો શું થયું? એનાથી કાંઈ થાય છે? એમ નથી. નિમિત્તને અડતા પણ નથી. નિમિત્તને સ્પર્શતો નથી અને નિમિત્ત પોતાને સ્પર્શતું નથી. આહાહા..! આવા સ્થાનમાં નાખે, **'પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરેલા...'** એનો અર્થ એટલો, કે એને સાંભળવામાં પરમ સત્ય કહેનાર મળ્યા. બસ. પરમસત્ય કહેનારા મળ્યા. એટલી વાત કહેવામાં આવે છે. આહા..!

**'પરમાગમના અભ્યાસ વડે...'** એટલે ... પણ **'પરમાગમના અભ્યાસ વડે...'** પાછા. પરમાગમનો અભ્યાસ. એક બાજુ એમ કહેવું કે પરમાગમનો અભ્યાસ, બુદ્ધિ પરમાં જાય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે તો વ્યભિચારિણી છે. 'પદ્મનંદિપંચવિંશતિ'(માં) એમ આવ્યું છે. બુદ્ધિ જે શાસ્ત્રમાં જાય છે એ વ્યભિચારિણી બુદ્ધિ છે. કેમ કે પર તરફ જાય છે. અહીં તો એની હયાતી બતાવે છે. જ્યારે સમજનાર સમકિત પામે છે ત્યારે સત્શ્રુત નિમિત્ત થાય છે અને સદ્ગુરુ જ્ઞાની નિમિત્ત થાય છે. બસ એટલું. એનાથી અંદરમાં થાય છે, એમ નથી. આહાહા..! આ વાત છે. નહિતર વિરુદ્ધ થઈ જાય.

એક કોર જગતપ્રસિદ્ધ શુદ્ધવચન જિનવચનનું એમ આવ્યું કે કોઈ કોઈનો કર્તા નથી. આવ્યું ને? પહેલા આવી ગયું ને? એમ બુદ્ધપુરુષને કહે છે. **'જિનદેવનું શુદ્ધ વચન બુધપુરુષોને કહે છે. આ ભુવનવિદિતને (–આ જગતપ્રસિદ્ધ સત્યને), હે ભવ્ય! તું સદા જાણ.'** એ જાણ. આહાહા..! જાણ એને કહ્યું. જાણ એટલે એને જાણવાનું છે. જાણવું છે તો આ સાંભળ્યું એના જ્ઞાનથી જ્ઞાન થતું નથી. એ અંતરમાં દૃષ્ટિ કરે છે ત્યારે જ્ઞાન થાય છે. આહાહા..! અમારો ઉપકાર માનવો એ બધી વાત નિમિત્તની છે. આહાહા..! 'પરસ્પર જીવાનામ ઉપગ્રહો' આવે છે ને? જીવને પરસ્પર ઉપગ્રહ નિમિત્ત છે. એનો અર્થ એમ છે, કે ... કાઢ્યું છે. ઉપકારનો અર્થ નિમિત્ત છે. ઉપકાર એટલે એનાથી કાંઈ થાય છે એમ નથી. પણ એ વખતે સત્પુરુષનું નિમિત્ત છે અને સત્પુરુષની વાણીનું નિમિત્ત છે. પણ એનાથી એમાં થતું નથી. આહાહા..! આવી વાત છે.

એવા **'અભ્યાસ વડે સિદ્ધક્ષેત્રને પામીને અવ્યાબાધ (બાધા રહિત) સકળ-વિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન-કેવળદર્શન-કેવળસુખ-કેવળવીર્યયુક્ત સિદ્ધાત્માઓ થઈ ગયા–કે જે સિદ્ધાત્માઓ કાર્યસમયસારરૂપ છે.'** એની વ્યાખ્યા આગળ કરશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૫૧, શ્લોક-૭૧, ગાથા-૪૭-૪૮ મંગળવાર, શ્રાવણ સુદ ૧૫, તા.૨૬-૦૮-૮૦

---

'નિયમસાર' ગાથા ૪૭. થોડું ચાલ્યું છે. કાય શબ્દ. ફરીને થોડું લઈએ.

**'જે કોઈ અતિ-આસન્ન-ભવ્ય જીવો થયા,..'** ઓહો..! મોક્ષને પામવાને લાયક **'અતિ-આસન્ન-ભવ્ય જીવો થયા, તેઓ પૂર્વે સંસારાવસ્થામાં સંસારક્લેશથી થાકેલા ચિત્તવાળા થયા થકા...'** સંસારના કોઈપણ વિકલ્પથી થાક લાગ્યો હોય, દુઃખ લાગ્યું હોય, તો એનાથી થાકેલા પરમાગમના અભ્યાસ દ્વારા... આહાહા..! ગુરુના પ્રસાદથી.. **'પરમગુરુના પ્રસાદથી..'** એટલું સત્. એ તો નિમિત્ત છે. કથનશૈલી તો બીજી કેવી આવે? બાકી કાંઈ નિમિત્તથી પરમાં થતું નથી. ક્રમબદ્ધ થાય છે એ ત્રણકાળમાં ફરતું નથી. ક્રમબદ્ધ રાખીને બધી વાત છે. દરેક દ્રવ્યની પર્યાય ક્રમસર, ક્રમબદ્ધ જે સમયે જે થવાની છે તે સમયે તે થાય છે. એમાં આ કહે છે, કે **'પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરેલા...'** પોતાની પર્યાય તે વખતે પ્રાપ્ત થવાની હતી, એમાં ગુરુનું નિમિત્ત થયું. પરમાગમનો અભ્યાસ એ પણ નિમિત્ત થયો.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'સિદ્ધક્ષેત્રને પામીને અવ્યાબાધ (બાધા રહિત) સકળ-વિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન-કેવળદર્શન-કેવળસુખ-કેવળવીર્યયુક્ત સિદ્ધાત્માઓ થઈ ગયા–કે જે સિદ્ધાત્માઓ કાર્યસમયસારરૂપ છે,...'** આહાહા..! કાર્ય પ્રગટ થયું. સિદ્ધની પર્યાય પૂર્ણ પ્રગટ થવા લાયક હતી તેટલી પ્રગટી. એ સવારે આવ્યું હતું, કે આત્મા મહા ગુણનો દરિયો છે, ગુણનો ભંડાર છે, અનાદિઅનંત સત્તાનો ધરનાર છે. પણ સિદ્ધની પર્યાયથી અધિક પર્યાય હવે નહિ થાય. છેલ્લામાં છેલ્લી સિદ્ધપર્યાય થાય છે. અંદર આત્માનું ગમે તેટલું સામર્થ્ય હોય... આહાહા..! એમાં અનંત-અનંત સામર્થ્ય છે, છતાં એની પર્યાયમાં સિદ્ધપર્યાય સુધીની મર્યાદા રહે છે. સિદ્ધપર્યાયથી આગળ જતી નથી. આહાહા..! એવી મર્યાદા છે. દ્રવ્યની મર્યાદા જ એટલી છે. એમાં જેટલા ગુણ છે એટલા ગુણ પર્યાયમાં પૂર્ણ સિદ્ધ સ્વભાવમાં થાય છે. પછી પર્યાયમાં વધારો થાય છે (એમ નથી બનતું). સિદ્ધ ભગવાન કરોડ-અબજ વર્ષ, ઘણાં કાળ રહ્યા તો ગુણ પર્યાયમાં વધે છે એમ નથી. આહાહા..! વસ્તુનો સ્વભાવ જ આવો છે.

એ **'કાર્યશુદ્ધ છે.'** ભગવાન કાર્યશુદ્ધ છે. **'કાર્ય અપેક્ષાએ શુદ્ધ'** છે. **'જેવા તે સિદ્ધાત્માઓ છે તેવા જ શુદ્ધનિશ્ચયનયથી ભવવાળા (સંસારી) જીવો છે.'** આહાહા..! પર્યાયનું લક્ષ છોડી દે. પૂર્ણાનંદનો નાથ આનંદકંદ, એની દૃષ્ટિથી સંસારી જીવ પણ સિદ્ધ સમાન છે. આહાહા..! સિદ્ધ અને સંસારી પ્રાણીને નિશ્ચયનયની શક્તિના સામર્થ્યને કારણે ફેર નથી. આહાહા..! એવી પ્રતીતિ થાય, તો તો સ્વસન્મુખ થઈ જાય. આહાહા..! કે સિદ્ધની પર્યાય જેવી છે સંસારી પર્યાય એવી જ છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' આહાહા..! ભાષા કામ કરે નહિ. ગમે તેટલી વિદ્વતા હોય પણ એમાં કામ કરે નહિ. અંતરમાં પર્યાયમાં દ્રવ્યસ્વભાવ તરફ ઢળે તો એ સંસારી પર્યાય પણ સિદ્ધસમાન જ છે. આહાહા..! પર્યાય.. પર્યાય, હોં! આમ તો શક્તિરૂપે લેવું છે. પ્રગટ ક્યાં છે?

**'જે કારણે તે સંસારી જીવો સિદ્ધાત્માઓ જેવા છે, તે કારણે તે સંસારી જીવો જન્મજરામરણથી રહિત અને સમ્યક્ત્વાદિ આઠ ગુણોની...'** ગુણો શબ્દે પર્યાય છે. સમકિત આદિ એ પર્યાય છે. એની **'પુષ્ટિથી તુષ્ટ છે...'** આહાહા..! સંસારી જીવ પણ સિદ્ધના આઠ ગુણ છે, એવા ગુણથી પુષ્ટ છે, પુષ્ટ છે. આહાહા..! એનો સ્વભાવ એવો જ છે. ભલે પ્રગટપણે ન દેખાય પણ વસ્તુ તરીકે સિદ્ધ સમાન, શક્તિ અને સ્વભાવ આખો છે. જેમ સિદ્ધના આઠ ગુણ વ્યવહારથી છે, નિશ્ચયથી અનંતગુણ છે, એમ આત્મામાં અનંતગુણ શક્તિરૂપે છે, એને વ્યક્તિરૂપે કરવાની તાકાત છે, એ કારણે સિદ્ધ સમાન સંસારી છે. આહાહા..!

અમે શું કરીએ? અમે પંચમઆરામાં જન્મ્યા છીએ. અને ગરીબ ઘરે આવ્યા. આજીવિકામાં રોકાઈએ કે ધર્મ કરીએ? એ વાતનો અહીંયા અવકાશ નથી. એ વાતનો અહીંયા અવકાશ નથી, પ્રભુ! કોઈપણ સમયે, જ્યાં જુએ તે ક્ષેત્રે અને કાળે, તું સિદ્ધ સમાન પ્રભુ જ છો.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ વાત કેમ બેસે? જેને અનંતી પર્યાય પ્રગટી, એવો જ તું છો. અત્યારે સંસારમાં એવો જ છો. આહાહા..! વિશ્વાસ, પ્રતીત, ભરોસો... ઓહોહો..! એ જે કામ કરે છે, એ પહેલું અપૂર્વ કામ છે. આહાહા..! પૂર્ણાનંદનો નાથ સિદ્ધ સમાન અત્યારે છે. આહાહા..! કહ્યું કે નહિ?

**'આઠ ગુણોની પુષ્ટિથી તુષ્ટ છે (સમ્યક્ત્વ, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, સૂક્ષ્મત્વ, અવગાહન, અગુરુલઘુ અને અવ્યાબાધ એ આઠ ગુણોની સમૃદ્ધિથી આનંદમય છે.)'** એમ આ જીવ આનંદમય છે. આહાહા..! આ તો કહે છે, ક્યાં સંસારી અને ક્યાં સિદ્ધ!

મુમુક્ષુ :– પર્યાયે ફેર છે.

ઉત્તર :– એ તો પર્યાય અવસ્થામાં (ફેર છે). પર્યાય તો એક સમયની છે. એક સમયની પર્યાયમાં શું છે? પૂર્ણાનંદનો નાથ, અતીન્દ્રિય આનંદથી ભરેલો પ્રભુ! એના સ્વાદ આગળ દુનિયાની કોઈ ચીજનો સ્વાદ, મહિમા લઈ જાય એમ નથી. આહાહા..! એના સ્વાદની આગળ દુનિયાની કોઈ પણ ચીજ વિસ્મયપણે, અધિકપણે, મહિમાપણે લઈ જાય એવી વાત નથી. આહાહા..!

મુનિને આ ખબર નહિ હોય? કે આમ કહીએ છીએ અને આ બધા જીવો તો સંસારી છે. બાપુ! એ સંસારી અને સિદ્ધ, એ તો પર્યાયની અપેક્ષાએ વાત છે. દ્રવ્ય અપેક્ષાએ તો અંદર શુદ્ધ ચિદાનંદ છે. આગળ કળશમાં કહેશે. આહાહા..!

## શ્લોક–૭૧

(अनुष्टुभ्)

**प्रागेव शुद्धता येषां सुधियां कुधियामपि।**
**नयेन केनचित्तेषां भिदां कामपि वेद्म्यहम्।।७१।।**

**[હવે ૪૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે : ]**

**[શ્લોકાર્થ :–] જે સુબુદ્ધિઓને તેમ જ કુબુદ્ધિઓને પ્રથમથી જ શુદ્ધતા છે, તેમનામાં કાંઈ પણ ભેદ હું ક્યા નયથી જાણું? (તેમનામાં ખરેખર કાંઈ પણ ભેદ અર્થાત્ તફાવત નથી.) ૭૧.**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# શ્લોક–૭૧ ઉપર પ્રવચન

'[હવે ૪૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]'

**प्रागेव शुद्धता येषां सुधियां कुधियामपि।**
**नयेन केनचित्तेषां भिदां कामपि वेद्म्यहम्।।७१।।**

**શ્લોકાર્થ :– 'જે સુબુદ્ધિઓને તેમજ કુબુદ્ધિઓને પ્રથમથી જ શુદ્ધતા છે,...'** આહાહા..! કુબુદ્ધિને, મિથ્યાદષ્ટિને અને સમ્યગ્દષ્ટિને... આહાહા..! પ્રથમથી જ ભગવાન શુદ્ધ જ છે. મિથ્યાદષ્ટિ તો એક સમયની પર્યાય ઉપર છે. વસ્તુ તો સિદ્ધ સમાન આખી પરમાત્મ દશા છે. આ વાત બેસવી... આહાહા..! **'જે સુબુદ્ધિઓને તેમ જ કુબુદ્ધિઓને પ્રથમથી જ...'** એ કુબુદ્ધિઓને પહેલેથી જ, મિથ્યાદષ્ટિને પહેલેથી જ. આહાહા..! સંસાર અભાવ કરે પછી સિદ્ધ થશે, એ વાત અહીં નથી. અહીં તો **'કુબુદ્ધિઓને પ્રથમથી જ...'** આહાહા..! ભગવાનસ્વરૂપ સિદ્ધસમાન અંદર પહેલેથી જ છે.

**'તેમનામાં કાંઈ પણ ભેદ હું ક્યા નયથી જાણું?'** આહાહા..! એમ કરીને જરી વ્યવહારનયની તુચ્છતા બતાવી છે. વ્યવહારનયની તો કાંઈ ગણતરી જ નથી. હું કઈ નયે કહું? એમ કહે છે. આહાહા..! અરે..! પ્રભુ! તારામાં અને સિદ્ધમાં કઈ નયથી ભેદ કરું? અરે..! કઈ નયથી તો વ્યવહારનયથી તો કહો. વ્યવહારનય કોઈ ગણતરીમાં નથી. આહાહા..! વ્યવહાર વ્યવહાર કરે છે, પણ અહીં તો આચાર્ય કહે છે, **'જે સુબુદ્ધિઓને તેમ જ કુબુદ્ધિઓને પ્રથમથી જ શુદ્ધતા છે, તેમનામાં કાંઈ પણ ભેદ હું કયા નયથી જાણું?'** એમાં કયા નયથી ભેદ જાણું? કે આ સંસારી અને આ સિદ્ધ. આહાહા..! ગજબ વાત છે.

મુનિઓની વાણી, સંતોની, દિગંબર સંતોની વાણી, જગત એની પાસે બધા પાણી ભરે. એવી વાણીની ગંભીરતા છે. કેટલી ગંભીર વાત કરી છે. હું કયા નયથી ફેર કરું? કહે છે. આહાહા..! વ્યવહારનયની તો જાણે ગણતરી જ નથી, એમ કહ્યું. આહાહા..! પ્રભુ! તું પરમાત્મા છો ને! સિદ્ધ અને પરમાત્મામાં કયા નયથી હું ફેર કહું? આહાહા..! વ્યવહારનયથી કહેવું એને તે ઉડાવી દીધું, મશ્કરી કરી. આહાહા..! એ અંદર આવે છે. વ્યવહારનયની મશ્કરી કરી છે. 'નિયમસાર'માં પાછળ આવે છે. હાસ્ય કર્યો છે હાસ્ય, અરે..! પ્રભુ! પણ તું પૂર્ણાનંદનો નાથ છો ને, નાથ! તારી સત્તા પૂર્ણ અનાદિથી છે. એમાં કાંઈ ફેરફાર થયો જ નથી. તારી નજર નથી જતી. નજર કર તો તું અને સિદ્ધ બન્ને એક જ છો. આહાહા..! નજરના પુરુષાર્થમાં આખો ભગવાન દેખાય છે. અહીં તો મુનિરાજ કહે છે, **'કયા નયથી જાણું? (તેમનામાં ખરેખર કાંઈ પણ ભેદ...)'** આહાહા..! ગજબ વાત છે, પ્રભુ! ભાષા ભલે થોડી (હોય).

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :- કર્મ સાપેક્ષ...

ઉત્તર :- કર્મ સાપેક્ષ અહીં નહિ. શેઠાઈ આગળ રાંકાઈ નહિ. એ શેઠ હતા. આહાહા..! શેઠ એટલે શ્રેષ્ઠ. આહાહા..! એક નયથી ચ્યુત છે એમ આવ્યું છે. એ શુદ્ધનયને જ ગણવામાં આવી છે. વ્યવહારનયની તો મશ્કરી કરીને ઉડાવી દીધી છે. આહાહા..! જેને વ્યવહાર ગળે વળગ્યો છે, એને આ ચૈતન્યની સિદ્ધ સમાનની વાત બેસવી કઠણ પડે, પ્રભુ! અહીં એટલા શબ્દમાં તો ઘણું ભર્યું છે. આહાહા..! શું કીધું?

**'જે સુબુદ્ધિઓને...'** સમ્યગ્દષ્ટિને **'કુબુદ્ધિઓને...'** મિથ્યાદષ્ટિને **'પ્રથમથી જ શુદ્ધતા છે,...'** આહાહા..! એ તો ઠીક. પણ એ બેમાં **'કાંઈ પણ ભેદ...'** કાંઈ પણ ભેદ... આહાહા..! **'કયા નયથી જાણું?'** એમ કહે છે અહીં તો. કથન તો ઠીક, કથન.... આહાહા..! ગંભીર છે, ભગવાન! આટલા શબ્દોમાં ગંભીરતા છે. આહાહા..! ક્યાં પ્રભુ સિદ્ધ અને પ્રભુ તું આત્મા. જે ચીજ આત્મામાં નથી એની અહીંયા ગણતરી ગણી જ નથી. અને કયા નયથી હું જુદો માનું? આહાહા..! વ્યવહારનયથી જુદો માનું એય ઉડાવી દીધું. આહાહા..! એને પણ ગણતરીમાં નથી લીધી. નહિતર એમ કહે, કે ભાઈ! એક નયથી આમ છે, બીજી નયથી ફેર છે. અહીં તો કહે છે, સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિમાં પ્રથમથી જ સિદ્ધ સમાન ભગવાન અંદર છે. **'કાંઈ પણ ભેદ હું કયા નયથી જાણું?'** આહાહા..! ગજબ વાત છે. આટલા શબ્દોમાં કેટલું ભર્યું છે! ગંભીરતા.. આહાહા..!

કહે છે, કે ચાહે તો સંસારી નિગોદના જીવ હો.. આહાહા..! ચાહે તો સિદ્ધ હો.. બેમાં **'કાંઈ પણ ભેદ હું કયા નયથી જાણું?'** આહાહા..! વ્યવહારનય તો જાણે કાંઈ છે જ નહિ. એમ કહે છે. વ્યવહાર તો કાંઈ છે જ નહિ, એની તો ગણતરી જ નથી. વ્યવહારને અભૂતાર્થ કહીને ગૌણ કરીને ઉડાવી દીધો. આહાહા..!

ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ જ્યાં દૃષ્ટિમાં આવ્યો, હવે કહે છે, મારામાં અને બીજા આત્મામાં.. ખ્યાલમાં આવ્યા પછીની વાત છે, હોં! મિથ્યાત્વના કાળમાં આ કઈ નયથી કહું એ નથી. આહાહા..! પોતાનું સ્વરૂપ.. અહીં તો આ દયા પાળો, વ્રત કરો, ભક્તિ કરો, તપ કરો એવી પ્રરૂપણા, અને વાણિયાને ધંધા આડે નવરાશ ન મળે. આખો દિ' પાપ. કલાક સાંભળે, માથે જે કહે જયનારાયણ. થઈ રહ્યું. શું કહે છે? શું ફેર છે? આહાહા..! આટલા શબ્દોમાં.. 'ન્યાલચંદભાઈ'! આહાહા..! ગજબ વાત છે. શું કહીએ? જેવું અંતરમાં ભાસે છે એટલી ભાષા આવતી નથી. આહાહા..!

કુબુદ્ધિ અને સુબુદ્ધિમાં પહેલેથી જ ભગવાન શુદ્ધ બિરાજે છે. **'તેમનામાં કાંઈ પણ...'** આહાહા..! **'તેમનામાં કાંઈ પણ...'** કાંઈ પણ... આહાહા..! **'ભેદ હું કયા નયથી જાણું?'** આહાહા..! ગજબ કર્યો છે. પોતાના આનંદના વિકાસ આગળ, બધા જીવ આનંદમય છે એમ દેખાય છે. પોતાના આનંદ અને જ્ઞાનમય પ્રભુ આગળ સર્વ આત્મા ભગવાનસ્વરૂપ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભાસે છે. હું કયા નયથી ફેર માનું? એમ કહે છે. આહાહા..! 'તારાચંદજી'! ક્યાં ગયા અમારા બીજા 'તારાચંદજી'? આવ્યા છે ને? આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનની ગંભીરતા ઘણી છે.

મુમુક્ષુ :– આવા ભાવ ખોલવાનું તમારામાં સામર્થ્ય છે.

ઉત્તર :– બધામાં સામર્થ્ય છે, નાથ! પ્રભુ! તું ભગવાન છો ને, નાથ! તને અલ્પ કહીને બોલાવવો એ કલંક છે. આહાહા..! અહીં તો એ કહ્યું ને, હું કયા નયે અલ્પ માનું? આહાહા..! પ્રભુ! અહીં તો પૂર્ણાનંદનો નાથ, એક સમયમાં જેવી સત્તા છે, જેવી સિદ્ધની સત્તા એવી તારી સત્તા છે, એવું જ્યાં ભાન થયું (તો) **'ભેદ હું કયા નયથી જાણું?'** આહાહા..! પ્રભુ! વ્યવહારનયથી જાણું એટલું તો થોડું રાખો. પંડિતજી! બધા નય ઉડાવી દીધા. વ્યવહારનય તો રાખો. એ વ્યવહારનય તો આવી ગયો. કેમ કે કુબુદ્ધિ અને સુબુદ્ધિ એટલો ભેદ તો પાડી દીધો. આહાહા..!

હવે બન્ને આત્મા જે છે, બન્નેને ભગવાનઆત્મા છે, એ હું કયા નયથી ભેદ (જાણું)? આહાહા..! ગજબ વાત છે. દિગંબર સંતોના શબ્દો કોઈ ગજબ કરે છે. આહાહા..! એ બે-ચાર શબ્દો હોય, પણ છેક અંદર ઉતારી દે છે. આહાહા..! પ્રભુ! તને ક્યાંય ગોઠતું નથી. અહીં અંદર ગોઠે એ ચીજ તો તારી પાસે પડી છે ને પ્રભુ! અને જેને નથી રુચતી, તો પણ હું અંતરની શુદ્ધતાનો કયા નયે ભેદ જાણું? આહાહા..! ગજબ છે ને? આહાહા..! આવી વાત સાંભળવી મુશ્કેલ પડી હોય. આહાહા..! વ્યવહાર છે.. વ્યવહાર છે. આસ્રવ અધિકારમાં છે. નયથી ચ્યુત. એમ નથી કહ્યું કે નિશ્ચયનયથી ચ્યુત. કેમ કે નય જ એ કહેવામાં આવી છે. મૂળ ગાથામાં છે. નયથી ચ્યુત થાય છે તો ત્યાં એમ ન કહ્યું કે વ્યવહારનયથી ચ્યુત થાય છે. આહાહા..! ચ્યુત થાય છે એ વાત જ નથી. આહાહા..!

અંતરનો નાથ અપ્રતિહત ભાવે પડ્યો છે. અનાદિ સત્તાના સામર્થ્યથી બિરાજમાન, પોતાના ચૈતન્યધામમાં ભગવાન બિરાજે છે. કુબુદ્ધિ અને સુબુદ્ધિ, હું કયા નયથી ભેદ કહું? કહું એમ કહ્યું નથી, કહું એમ નથી કહ્યું. કયા નયથી જાણું? આહાહા..! ગજબ વાત છે, પ્રભુ! અંતર ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ... આહાહા..! ત્રિકાળ ક્યારેય એને ડખલ નથી. સાતમી નરકમાં અનંતવાર રહ્યો, નિગોદમાં અનંતવાર રહ્યો, પણ એ ચીજમાં કાંઈ ફેરફાર થતો નથી. કયા નયથી હું ભેદ કહું? આહાહા..!

નિગોદના જીવ અને સિદ્ધ જીવ... આહાહા..! હું **'કાંઈ પણ ભેદ...'** કાંઈ પણ ભેદ, કાંઈ પણ બેમાં ફેર. આહાહા..! ગજબ વાત છે. ઉડી ગઈ, વાત જ ઉડાડી દીધી. એકલો મોક્ષ આત્મા જ છે. બસ. આત્મા... આત્મા... આત્મા... આત્મા... આત્મા... ભગવાન બધા આત્મા. આહાહા..! કહો, શેઠ! આવી વાત કરી. આહાહા..! એની ગંભીરતા આગળ કહી શકાતું નથી. શું કહેવા માગે છે એ ભાવ ખ્યાલમાં આવે છે. આહાહા..! પણ વ્યવહારનયને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તો ઉડાડી દીધો. જાણે કાંઈ છે જ નહિ. આહાહા..! અને આ આખો દિ' વ્યવહારનય-વ્યવહારનય. આમ કરો... આમ કરો... આમ કરો... પ્રભુ! પણ જ્ઞાનસ્વરૂપી ભગવાન, એ જાણવાનું કાર્ય કરે કે કરવાનું કામ કરે? આહાહા..! કર્તાપણું ભગવાનને સોંપવું એ ચક્રવર્તીને... આહાહા..! વાસીદુ કાઢવાનું બતાવવા જેવું છે. વાસીદાને શું કહે છે? કચરો? આહાહા..!

પ્રભુ! તારી મહિમાનો પાર નથી. આ શબ્દમાં તો તને સાક્ષાત ઊભો રાખ્યો છે. આહાહા..! કઈ નયથી તને હું હીણો કહું? કહે છે. '...'! આહાહા..! પ્રભુ! કઈ નયથી કંઈ પણ.. ભાષા તો વાંચી. આહાહા..! **'તેમનામાં કાંઈ પણ...'** કાંઈપણ... આહાહા..! **'કયા નયથી જાણું?'** આહાહા..! પ્રભુ! વ્યવહારનય ક્યાં ગઈ? નાથ! આહાહા..! વ્યવહારથી ફેર છે એ ક્યાં ગયું? ગયુ એના ઘરમાં. અંતર ઘરમાં કાંઈ ફેર નથી. આહાહા..! આવી વાત છે, પ્રભુ! કેટલાક શ્લોકો તો એટલા ગંભીર છે કે ગંભીરતા ભાસે એ ભાષામાં આવતું નથી. ભાષા આવી શકતી નથી. આ શબ્દમાં એટલી ગંભીરતા ભરી છે, એકલો શુદ્ધ... શુદ્ધ.. શુદ્ધ.. આખી દુનિયા નિગોદમાંથી કદી નહિ નીકળે, એવા જીવને પણ હું કયા નયે ભેદ જાણું? આહાહા..!

અંતરની મહિમાની વાત છે, પ્રભુ! આહાહા..! એ શક્તિવાન છે પણ જાણે પ્રગટ જ છે એમ કહે છે. શક્તિવાન છે. આહાહા..! જેને પ્રગટ દૃષ્ટિમાં આવ્યો, એને શક્તિવાન પ્રગટ છે. એમ ભગવાન કુબુદ્ધિને પણ પ્રગટ છે. કયા નયથી એને હીણો, નબળો, સિદ્ધમાં ફેરવાળો કયા નયથી જાણું? આહાહા..! ગજબ વાત છે. 'તારાચંદજી'! ગજબ વાત છે. આહાહા..! સાધારણ વાત નથી, પ્રભુ! આ કાંઈ કથા નથી. આહાહા..! આ તો ત્રણલોકના નાથ વીતરાગદેવ, એના પેટમાંથી નીકળેલી વાણી છે. આહાહા..! દિવ્યધ્વનિ, દિવ્યધ્વનિ એમ કહે છે... આહાહા..! પ્રભુ! તારામાં અશુદ્ધતા, કુબુદ્ધિમાં ફેર ક્યા નયથી જાણું? આહાહા..! મુનિરાજ કહે છે, એ ભગવાન કહે છે. ભગવાનથી વધારે બિલકુલ નથી કહેતા. આહાહા..! સમજાણું કાંઈ? મુનિરાજ કહે છે માટે કેવળીમાં અને એમાં ફેરફાર (હશે એમ નથી). ત્રણલોકનો નાથ, એની દિવ્યધ્વનિમાં એમ આવ્યું હતું, કે શુદ્ધ અને અશુદ્ધ જે પર્યાય છે, એવો જે જીવ છે, બેમાં કાંઈપણ ભેદ ક્યા પ્રકારે? કઈ રીતે બચાવ કરીને હું નય જાણું? આહાહા..! ગજબ છે.

**'(તેમનામાં ખરેખર કાંઈ પણ ભેદ અર્થાત્ તફાવત નથી.)'** અંતરમાં કાંઈ ભેદ નથી. આહાહા..! આ દૃષ્ટિ જેને બેસી ગઈ, તેને સિદ્ધ અલ્પ કાળમાં પરમાત્મા થવાની તૈયારી થઈ ગઈ. ભવનો અંત, સત્તા અનાદિ, ભવનો અનાદિ સાંત અંત અને મોક્ષનો સાદિ અનંત.. તે પણ તેમ કહ્યું... ગજબ વાત છે સંતોની. તે પૂર્ણ પર્યાય સિદ્ધ થઈ. દ્રવ્ય તો અલૌકિક અંતર મહા ચમત્કારિક અનંતગુણથી ભર્યું છે ને? તો સિદ્ધની પર્યાયથી વિશેષ શુદ્ધતા પ્રગટ થશે કે નહિ? ત્યાં બસ કર. આહાહા..! પર્યાય માટે ત્યાં બસ કર. આહાહા..! દ્રવ્ય માટે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કાંઈ કહેવું નથી, પર્યાય માટે ત્યાં બસ કર, પ્રભુ! પૂર્ણ સિદ્ધ થયો, પછી પણ નિર્મળતાનો વધારો થશે, એ વાત રહેવા દે, પ્રભુ! પર્યાયમાં એ વાત બસ થઈ ગઈ. આહાહા..!

પણ દ્રવ્યની જે અમે વાત કરીએ છીએ, પ્રભુ! આહાહા..! એટલું સામર્થ્ય અને એટલી શક્તિ, તો સિદ્ધપદથી પણ શુદ્ધિ વધી જાય, એમ છે કે નહિ? પ્રભુ! એમ નથી. આહાહા..! એ પર્યાય છે. પર્યાય પૂર્ણ થઈ ગઈ પછી ખલાસ થયું. આહાહા..! અહીં તો વસ્તુમાં કાંઈપણ ફેર નથી ગણતા, તો પર્યાયમાં પણ ફેર નથી ગણતા. આહાહા..! વ્યવહારનય તો જાણે કાંઈ છે જ નહિ. કથનમાત્ર (છે). એ તો આવે છે ને? ભાઈ! 'કળશટીકા'માં. કથનમાત્ર. વ્યવહારનય એ કથનમાત્ર છે એમ 'કળશટીકા'માં આવે છે. આહાહા..! હવે એ વ્યવહારનય થઈ ગઈ મોઢા આગળ. અહીં કહે છે કે એ વ્યવહારનય છે કે નહિ એ અમે જાણતા નથી. આહાહા..!

પ્રભુ! તુ આનંદ છો ને. તારામાં અનંત ભગવત્ સ્વરૂપ પડ્યું છે ને. તું સાક્ષાત્ ભગવાન છો. સાક્ષાત્ સિદ્ધ થયા અને તું સાક્ષાત્ છે એમાં ક્યા ભેદ પાડું? કાંઈપણ ભેદ કયા નયે કહું? આહાહા..! ગજબ વાત. સાક્ષાત્ સિદ્ધ પરમાત્મા થયા અને તારો આત્મા, (બે વચ્ચે) હું ક્યા નયથી, કયા ભેદથી, કાંઈપણ ભેદ... કાંઈપણ ભેદ (કઈ નયથી જાણું?) ગજબ વાત! આહાહા..! દિગંબર સંતો કેવળીઓના કેડાયતો છે. એ અલ્પકાળમાં કેવળ લેવાના છે. એકાદ ભવ (કરશે). પંચમઆરો છે માટે કેવળજ્ઞાન ન થયું, બાકી તો સ્વર્ગમાં જઈ મનુષ્ય થઈ કેવળ લેવાના છે. આહાહા..! એટલી ગંભીરતા અંદર ભાસી છે કે એ ગંભીરતામાં શબ્દો કહી શકાતા નથી. આહાહા..!

પ્રભુ! તું એટલો મોટો છો, તારી મોટપમાં હીણપની ભાષા તો નહિ પણ હીણપ કઈ રીતે જાણું? એમ કહે છે. આહાહા..! બધા ભગવાન (છે). તારામાં, સિદ્ધમાં છે, પ્રભુ! **'કાંઈ પણ ભેદ...'** ગજબ ગજબ શબ્દ! આહાહા..! એ બેમાં **'કાંઈ પણ ભેદ...'** કાંઈપણ ભેદ, કાંઈપણ જુદાઈ, કાંઈપણ ભિન્નતા **'કયા નયથી જાણું?' 'હું કયા નયથી જાણું?'** આહાહા..! ગજબ કર્યો છે, પ્રભુ! વ્યવહાર(ના) પક્ષવાળાને આકરું લાગે. આહાહા..! આવી વાત! એટલા શબ્દમાં.. પંડિતજી! એટલામાં ઘણું ભર્યું છે.. ઘણું ભર્યું છે. આહાહા..! એકલો પરમાત્મા તરવરે. ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન દૃષ્ટિમાં ધ્રુવ તરવરે (છે). એ કહે છે, કે જગતના પ્રાણીને હું કયા નયે હીણો કહું? કયા નયે સંસારી કહું? આહાહા..! ગજબ વાત છે, પ્રભુ! ભાષા થોડી અને ભાવનો પાર ન મળે. આહાહા..! એ ભાષાની ગંભીરતા... આહાહા..! એટલામાં અડધો કલાક લીધો. ૪૦ મિનિટ થઈ. આહાહા..!

અરે..! એક સેકન્ડની અંદર.. એક સેકન્ડ પણ નહિ, એક સમયમાં ફેર પડે છે, તો એ ફેર પડે છે એ ફેર હું કઈ રીતે માનું? આહાહા..! એક સમયમાં સમયાંતર થઈ જાય છે. આહાહા..! 'શ્રીમદે' લખ્યું છે, કે સમકિત સમયાંતરમાં થઈ જાય છે. એક સમયના

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અંતરમાં, પહેલે સમયે મિથ્યાત્વ, બીજા સમયે સમકિત... આહાહા..! અરે..! અનંતકાળથી મિથ્યાત્વનું સેવન (કર્યું છે ને!) પ્રભુ! એક સમયમાં... પણ પ્રભુ! એમાં મિથ્યાત્વ હતું જ ક્યાં? અંદરમાં મિથ્યાત્વ હતું જ ક્યાં? જે અંદરમાં હતું એ નીકળ્યું. અંદર જે માલ ભર્યો હતો એ નીકળ્યો. એમ બધા ભગવાન માલથી ભર્યા છે. આહાહા..! ગજબ વાત છે. 'ડાલચંદજી'! આ બધા શેઠિયાઓને આ બધી વાત સમજવાની છે. આહાહા..! ગજબ વાત છે.

પછી એમ કરીને કેટલાક 'સોનગઢ'ને ઉડાડી દે. લ્યો. આ બધું છે. ભાઈ! છે ખરું, બાપુ! વ્યવહારનયનો વિષય છે. પણ એની કાંઈ ગણતરી નથી. અંતર નિશ્ચયની આગળ એની ગણતરી શું? આહાહા..! કળશટીકાકારે તો એમ કહ્યું, કે વ્યવહારનય તો કથનમાત્ર છે. એવો પાઠ છે. છે અહીં? અહીં છે કે નહિ? 'કળશટીકા' આ રહી. આ ને? પાંચમાં કળશમાં છે ને? **'જેટલું કથન...'** વ્યવહારનયનો અર્થ કર્યો. **'જેટલું કથન..'** આહાહા..! આ તો કથન. વસ્તુમાં કોઈ ફેર નથી, પ્રભુ! બહારના આ શરીર, એની ચેષ્ટાઓ, એની ઉંમર, એના રંગ-રૂપ ન દેખ. આહાહા..! અને તારામાં હીણપ છે એ ન દેખ. અમે કહીએ છીએ કે કઈ નયે તને હીણો કહું? આહાહા..! ગજબ વાત છે. કઈ નયે તને હીણો કહું? શરીરવાળો તો નથી, રંગવાળો તો નથી, પરદ્રવ્યને તો તું કદી સ્પર્શતો નથી. પણ કયા નયે તારી હીણી દશા કહું? અલ્પદશા સિદ્ધ કરતા અલ્પદશા કયા નયે કહું? આહાહા..! ગજબ વાત છે.

**'જેટલું કથન...'** વ્યવહારનયનો અર્થ કર્યો. વ્યવહારનય એટલે જેટલું કથન. આહાહા..! એ તો કથનમાત્ર છે. આહાહા..! આકરું લાગે એવું છે, પણ પ્રભુ! તારા ઘરની વાત છે ને?

મુમુક્ષુ :– જયંતિના ઉપલક્ષમાં હરખજમણ કરાવ્યો.

ઉત્તર :— વાત સાચી છે. આ તો મુનિરાજ કરાવે છે. આહાહા..! હરખજમણ. સવારે જમણ તો થયું.

પોતાની પાસે જે કાંઈપણ છે, તો પોતાની ચીજ જણાતી નથી, તો પરની ચીજ પણ મારા જેવી છે એમ જણાતી નથી, પ્રભુ! એમ કહે છે. આ તો કહે હું. એમ કહ્યું ને? **'કાંઈ પણ ભેદ...'** સિદ્ધ અને સંસારીમાં કાંઈ પણ ફેર... આહાહા..! **'કાંઈ પણ ભેદ હું કયા નયથી જાણું?'** કહું એમ નથી આવ્યું. કયા નયથી હું જાણું? આહાહા..! એકાંત લાગે એવું છે. એકલી ચીજનું એકલું મહાત્મ્ય જ વર્ણવ્યું છે. આહાહા..! ૪૮મી ગાથા. ૪૭ થઈને?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## ગાથા–૪૮

असरीरा अविणासा अणिंदिया णिम्मला विसुद्धप्पा।
जह लोयग्गे सिद्धा तह जीवा संसिदी णेया।।४८।।

अशरीरा अविनाशा अतीन्द्रिया निर्मला विशुद्धात्मानः।
यथा लोकाग्रे सिद्धास्तथा जीवाः संसृतौ ज्ञेयाः।।४८।।

अयं च कार्यकारणसमयसारयोर्विशेषाभावोपन्यासः।

निश्चयेन पंचशरीरप्रपंचाभावादशरीराः, निश्चयेन नरनारकादिपर्यायपरित्यागस्वीकाराभावादविनाशाः, युगपत्परमतत्त्वस्थितसहजदर्शनादिकारणशुद्धस्वरूपपरिच्छित्तिसमर्थसहजज्ञानज्योतिरपहस्तितसमस्तसंशयस्वरूपत्वादतीन्द्रियाः, मलजनकक्षायोपशमिकादिविभावस्वभावानामभावान्निर्मलाः, द्रव्यभावकर्माभावाद् विशुद्धात्मानः यथैव लोकाग्रे भगवन्तः सिद्धपरमेष्ठिनस्तिष्टन्ति, तथैव संसृतावपि अभी केनचिन्नयबलेन संसारिजीवाः शुद्धा इति।

---

અશરીર ને અવિનાશ છે, નિર્મળ, અતીંદ્રિય, શુદ્ધ છે,
જ્યમ લોક-અગ્રે સિદ્ધ, તે રીત જાણ સૌ સંસારીને. ૪૮.

અન્વયાર્થ :– [ यथा ] જેમ [ लोकाग्रे ] લોકાગ્રે [ अशरीराः ] અશરીરી, [ अविनाशाः ] અવિનાશી, [ अतीन्द्रियाः ] અતીંદ્રિય, [ निर्मलाः ] નિર્મળ અને [ विशुद्धात्मानः ] વિશુદ્ધાત્મા (વિશુદ્ધસ્વરૂપી) છે, [ तथा ] તેમ [ संसृतौ ] સંસારમાં [ जीवाः ] (સર્વ) જીવો [ ज्ञेयाः ] જાણવા.

ટીકા :– વળી આ, કાર્યસમયસારમાં અને કારણસમયસારમાં તફાવત નહિ હોવાનું કથન છે.

જેવી રીતે લોકાગ્રે સિદ્ધપરમેષ્ઠી ભગવંતો નિશ્ચયથી પાંચ શરીરના પ્રપંચના અભાવને લીધે 'અશરીરી' છે, નિશ્ચયથી નર-નારકાદિ પર્યાયોના ત્યાગગ્રહણના અભાવને લીધે 'અવિનાશી' છે, પરમ તત્ત્વમાં સ્થિત સહજદર્શનાદિરૂપ કારણશુદ્ધસ્વરૂપને યુગપદ્ જાણવામાં સમર્થ એવી સહજજ્ઞાનજ્યોતિ વડે જેમાંથી સમસ્ત સંશયો દૂર કરવામાં આવ્યા છે એવા સ્વરૂપવાળા હોવાને લીધે 'અતીન્દ્રિય' છે, મળજનક ક્ષાયોપશમિકાદિ વિભાવસ્વભાવોના અભાવને લીધે 'નિર્મળ' છે અને દ્રવ્યકર્મો તથા ભાવકર્મોના અભાવને લીધે 'વિશુદ્ધાત્મા'

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**છે, તેવી જ રીતે સંસારમાં પણ આ સંસારી જીવો કોઈ નયના બળે (કોઈ નયથી) શુદ્ધ છે.**

## ગાથા–૪૮ ઉપર પ્રવચન

**असरीरा अविणासा अणिंदिया णिम्मला विसुद्धप्पा।**
**जह लोयग्गे सिद्धा तह जीवा संसिदी णेया।।४८।।**

**અશરીર ને અવિનાશ છે, નિર્મળ, અતીંદ્રિય, શુદ્ધ છે,**
**જ્યમ લોક-અગ્રે સિદ્ધ, તે રીત જાણ સૌ સંસારીને. ૪૮.**

ભવમાં લીનવાળા પણ એવા છે એમ કહે છે. ભાષા લીધી. ભવલીન ભાષા લીધી. ઓલામાં કુબુદ્ધિ લીધી હતી. એ રીતે વાત કરી. કુબુદ્ધિ તરીકે જરી ખ્યાલ આપ્યો. અહીં ભવમાં લીનવાળો બતાવ્યો. પણ કહે છે, કે ભવમાં લીન જીવને કઈ રીતે ફેરફાર કહ્યું? આહાહા..! અંતર તો ચૈતન્ય ભગવાન, પૂર્ણ સંપદાનો ધણી અંદર બિરાજમાન છે. એવો વૈભવ તો દુનિયામાં બહાર ક્યાંય નથી. એવો વૈભવ તારામાં છે. આહાહા..!

**'વળી આ, કાર્યસમયસારમાં અને કારણસમયસારમાં તફાવત નહિ હોવાનું કથન છે.'** આહાહા..! કાર્યસમયસાર સિદ્ધ, કારણસમયસાર આત્મદ્રવ્ય. આહાહા..! એક એવો શબ્દ આવે છે. 'બહેન'ના શબ્દમાં આવે છે. અંતર્મૂહુર્તમાં બાર અંગ ફેરવી નાખે એટલી આત્માની તાકાત છે. બાર અંગનું પર્યટન અંતર્મુહૂર્તમાં કરી દે. ગજબ વાત! એક સમયે જાણે એ જુદી વસ્તુ છે. પણ અસંખ્ય સમયમાં બાર અંગની વાત ફેરવે, 'બહેન'માં છે. 'ગોમ્મટસાર' શાસ્ત્રમાં પણ છે. જે વાત જણાઈ એનાથી અનંતમાં ભાગે કથનમાં આવી. આહાહા..! એનાથી અનંતમાં ભાગે સાંભળવામાં આવી... આહાહા..! એનાથી અનંતમા ભાગે રચના થઈ.

'પંચાધ્યાયી' તો એમ કહે છે, કે બાર અંગમાં તો સ્થુળ વાત છે. 'પંચાધ્યાયી'માં એવો પાઠ છે. બાર અંગ. હવે બાર અંગથી વિશેષ શ્રુતજ્ઞાન શું હશે? આહાહા..! બાર અંગ, એમાં સ્થુળ વાત આવી છે. આહાહા..! ત્રણલોકના નાથની સૂક્ષ્મ વાતું એમાં રહી ગઈ છે. આહાહા..! એ તો અનુભવગમ્ય છે. ચૈતન્યની ચમત્કારીક ચીજ, ચમત્કાર દેખે એને ખબર પડે, બાકી વાણી દ્વારા એનું વર્ણન ન થઈ શકે. આહાહા..!

એ કહે છે, **'આ, કાર્યસમયસારમાં અને કારણસમયસારમાં તફાવત નહિ હોવાનું કથન છે. જેવી રીતે લોકાગ્રે સિદ્ધપરમેષ્ઠી ભગવંતો નિશ્ચયથી પાંચ શરીરના પ્રપંચના અભાવને લીધે 'અશરીરી' છે,...'** આહાહા..! શરીરને પ્રપંચ કહ્યું. શરીરના પ્રપંચ. શરીરની અનેક પર્યાય થાય, એ આત્માને આધીન નથી. આહાહા..! એ **'શરીરના પ્રપંચના અભાવને લીધે**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'અશરીરી' છે, નિશ્ચયથી નર-નારકાદિ પર્યાયોના ત્યાગગ્રહણના અભાવને લીધે 'અવિનાશી' છે,...'** આહાહા..! ગતિનો ત્યાગ અને સિદ્ધ સ્વરૂપનું ગ્રહણ પણ જેમાં નથી. આહાહા..! પરના ત્યાગ-ગ્રહણ તો એમાં છે જ નહિ. પૈસા, પરમાણુ, સ્ત્રી, કુટુંબ, પરિવાર, મકાન, પૈસા એનું આત્મામાં ગ્રહણ પણ નથી અને આત્મામાં ત્યાગ પણ નથી. ત્યાગગ્રહણરહિત આત્મા ભગવાન છે. આહાહા..! એ ૪૭ શક્તિમાં આવે છે. ઓહોહો..! 'સમયસાર' ગજબ વાત છે. એક એક શ્લોક અને એક એક કળશ.

મુમુક્ષુ :- નિયમસાર પોતાને માટે બનાવ્યું માટે સૂક્ષ્મમાં સૂક્ષ્મ વાત આવી.

ઉત્તર :- પોતાને માટે બનાવ્યું છે. આહાહા..!

**''અશરીરી છે, નિશ્ચયથી નર-નારકાદિ પર્યાયોના ત્યાગગ્રહણના અભાવને લીધે...''** મનુષ્યના શરીરનું ગ્રહણ અને ત્યાગ આત્મામાં છે જ નહિ. મનુષ્યનું શરીર, નારકીનું શરીર, દેવનું શરીર, તિર્યંચનું શરીર, ગ્રહણ કર્યું અને છોડ્યું, એ આત્મામાં ત્રણકાળમાં નથી. આહાહા..! પરદ્રવ્યનો ત્યાગગ્રહણ આત્મામાં છે જ નહિ. આત્મામાં એવો ગુણ છે, કે પરના ગ્રહણત્યાગરહિત જ એ સ્વભાવ ત્રિકાળ બિરાજે છે. આહાહા..! **'સિદ્ધપરમેષ્ઠી ભગવંતો નિશ્ચયથી પાંચ શરીરના પ્રપંચના અભાવને લીધે 'અશરીરી' છે, નિશ્ચયથી નર-નારકાદિ પર્યાયોના ત્યાગગ્રહણના અભાવને લીધે...'** આહાહા..! નારકી આદિ ગતિની પર્યાય, જે ઉદયભાવ. આ મનુષ્ય (શરીર) છે એ મનુષ્યગતિ નથી. આ મનુષ્ય એ મનુષ્યગતિ નથી. આ મનુષ્ય તો જડ છે. એ તો પારિણામિકભાવે છે અને મનુષ્યગતિ ઉદયભાવે છે. આહાહા..! એ ઉદયભાવ તો આત્માની પર્યાયમાં છે. શરીર તો પારિણામિકભાવે ત્રિકાળ દ્રવ્ય-ગુણ-પર્યાય છે. દ્રવ્ય-ગુણ અને પર્યાય ત્રિકાળ પારિણામિકભાવે છે. આહાહા..!

ભગવાનઆત્મા... આહાહા..! કહે છે, **'નર-નારકાદિ પર્યાયોના ત્યાગગ્રહણના અભાવને લીધે..'** આહાહા..! મનુષ્યભવ ગ્રહણ કર્યો અને મનુષ્યભવ છોડ્યો, પ્રભુ! એ આત્મામાં નથી. આહાહા..! વ્યવહારનયની તો મશ્કરી કરી છે. મશ્કરી કરી કહ્યું ને ૧૨મી ગાથામાં? આમાં છે. ૧૨મી ગાથા છે ને? **'આત્મામાં...'** આહાહા..! એ **'સહજ દર્શનાદિરૂપ કારણશુદ્ધસ્વરૂપને યુગપદ્ જાણવામાં સમર્થ, એવી..'** આહાહા..! **'સહજજ્ઞાન જ્યોતિ વડે જેમાંથી સમસ્ત સંશયો દૂર કરવામાં આવ્યા છે એવા સ્વરૂપવાળા હોવાને લીધે 'અતીન્દ્રિય' છે.'** આહાહા..! એણે ઇન્દ્રિયને સ્પર્શ કર્યો નથી. જડ ઇન્દ્રિયને સ્પર્શ કર્યો નથી. ભાવઇન્દ્રિય પર્યાયમાં એને ગણવામાં આવી નથી.

૩૧ ગાથામાં કહ્યું. **'जो इंदिये जिणित्ता'** ભાવ ઇન્દ્રિય, જડ ઇન્દ્રિય અને ભગવાન બધા ઇન્દ્રિયમાં જાય છે. ભગવાનની વાણી અને ભગવાન, આખો લોક ઇન્દ્રિયમાં જાય છે. **'जो इंदिये जिणित्ता'** એ લોક તરફનું લક્ષ છોડીને પોતાના અતીન્દ્રિયમાં જે આવે છે. **'णाणसहावाधियं मुणदि आदं'** પોતાના જ્ઞાનસ્વભાવથી અધિક જાણે છે. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એમ જે '**मुणदि**' નામ જાણે છે '**तं जिदिंदिय साहू**' તેને સર્વજ્ઞો જિતેન્દ્રિય કહે છે. આહાહા..! આ ઇન્દ્રિયને જીતીને બહારના ભોગ ન લીધા એમ નહિ. આહાહા..! આ દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને ઇન્દ્રિયનો વિષય, ત્રણેથી ભિન્ન જ્ઞાનસ્વભાવ, એનો જેણે અનુભવ કર્યો, એ ઇન્દ્રિયથી પાર છે. આહાહા..!

અહીં પણ એમ કહ્યું, '**સહજજ્ઞાન જ્યોતિ દ્વારા, જેમાંથી સમસ્ત સંશય દૂર કર્યો છે. એવા સ્વભાવરૂપ હોવાને કારણે ભગવાન અતીન્દ્રિય છે.**' વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૫૨, શ્લોક-૭૨, ગાથા-૪૮, બુધવાર, શ્રાવણ સુદ ૨, તા.૨૭-૦૮-૧૯૮૦

---

'નિયમસાર' ગાથા-૪૮. થોડું ચાલ્યું છે.

મૂળમાં સાર તો પહેલી જ કળશ ટીકા છે ને? '**नमः समयसाराय**' પહેલો જ કળશ. '**स्वानुभूत्या चकासते**' એ અનુભૂતિથી પ્રકાશમાન થાય એવો છે. માંગળીકનો પહેલો જ કળશ. '**नमः समयसाराय स्वानुभूत्या चकासते। चित्स्वभावाय भावाय**' આત્મા અંતરના અનુભવથી પ્રકાશમાન થાય છે. બીજો કોઈ એનો ઉપાય નથી. ભલે બીજી લાખ વાત કરે, 'લાખ વાતની વાત..' આવે છે ને ઢાળમાં? 'નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ્વફંદ...' દ્વૈતપણું પણ છોડો. 'નિજ આતમ ઉર ધ્યાવો.' અંદર નિજ આત્મા પરમાત્મસ્વરૂપે બિરાજમાન છે એને ધ્યાવો, એનું ધ્યાન કરો. એનુ લક્ષ કરીને તેમાં રમો. એ આખા બાર અંગનો કહેવાનો સાર આ છે.

એ અહીં કહે છે, કે '**જેવી રીતે લોકાગ્રે સિદ્ધપરમેષ્ઠી ભગવંતો નિશ્ચયથી પાંચ શરીરના પ્રપંચના અભાવને લીધે 'અશરીરી' છે,...**' સિદ્ધમાં પાંચ શરીરના પ્રપંચ નથી. આહાહા..! શરીરને પ્રપંચ કહ્યું છે. '**નિશ્ચયથી નર-નારકાદિ પર્યાયોના ત્યાગગ્રહણના અભાવને લીધે...**' નારકી અને નારકીની ગતિ અને મનુષ્યગતિ, એનો ત્યાગ અને એનું ગ્રહણ, એ સ્વરૂપમાં નથી. આહાહા..! પર વસ્તુનો ત્યાગગ્રહણ તો એના સ્વરૂપમાં છે જ નહિ. રજકણથી માંડીને વૈમાનિક દેવની રિદ્ધિ કે દુનિયાની કોઈપણ સંપદા નહિ. પોતા સિવાય કોઈ પરચીજના ગ્રહણ અને ત્યાગ રહિત એનો સ્વભાવ છે. આહાહા..! આકરી વાત! અનંતમાં રહેવું અને અનંતના ગ્રહણત્યાગરહિત છે. અનંત પદાર્થમાં રહે છે, ક્ષેત્ર એક. ક્ષેત્ર એક નથી. ક્ષેત્ર પણ જુદા-જુદા છે. આકાશની અપેક્ષાએ એક ક્ષેત્ર કહેવાય. આહાહા..! જુદે જુદી ચીજ. પોતામાં પરનું કાંઈ નથી.

એ અહીં કહે છે, '**ત્યાગગ્રહણના અભાવને લીધે 'અવિનાશી' છે,...**' આહાહા..! રાગનો ત્યાગ અને સ્વરૂપનું ગ્રહણ, એનો પણ એમાં અભાવ છે. આહાહા..! ગજબ વાત છે. આ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વસ્તુ લીધી અને મેં મૂકી એ તો એની વસ્તુમાં જ નથી. આત્મા સિવાય અનંત ચીજ, તેને આત્મા સ્પર્શતો નથી, ચુંબતો નથી અને લે-મૂકે એવું તો એમાં છે જ નહિ. આહાહા..! ગજબ વાત! અનંત પદાર્થની મધ્યમાં રહ્યો થકો પર ચીજને સ્પર્શતો નથી. અને પરના ગ્રહણત્યાગ તો એનામાં છે જ નહિ. એવી ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ છે. એ ઉપરાંત રાગ, ત્યાગ અને સ્વરૂપનું ગ્રહણ એ પણ યથાર્થમાં નથી. આહાહા..! ગજબ વાત! ચીજ ક્યાં પડી છે અને પરિભ્રમણ ક્યાં કરી રહ્યો છે?

અહીં એ કહે છે, **'નર-નારકાદિ પર્યાયોના...'** દેવ આદિ પર્યાયોના **'ત્યાગગ્રહણના અભાવને લીધે 'અવિનાશી' છે,...'** આહાહા..! ગતિમાત્રનું ગ્રહણ અને ત્યાગ. જે ગતિ છે એ પર્યાયમાં, હોં! ગતિ એટલે આ નહિ. આ મનુષ્યગતિ નહિ. આ કાંઈ મનુષ્યગતિ નથી. આ તો મનુષ્ય શરીર છે. એ તો પારિણામિકભાવે જડ ચીજ સ્વયંસિદ્ધ સ્વતંત્ર છે. એની તો અહીં વાત પણ નથી. એના ત્યાગગ્રહણની વાત પણ નથી. અંતરમાં રાગ અને દ્વેષ, એનો ત્યાગ અને સ્વરૂપનું ગ્રહણ, એથી પણ પ્રભુ શૂન્ય છે. આહાહા..! સિદ્ધમાં જેમ ત્યાગગ્રહણનો અભાવ છે, એવો જ ભગવાનઆત્મા... આહાહા..! વિકારનો ત્યાગ અને નિર્વિકારી ચીજનું ગ્રહણ, એ ચીજ સદા ગ્રહણ થયેલી જ છે. સદા ગ્રહણ જ છે. ગ્રહણ અને ત્યાગ એનામાં નથી. ગ્રહણત્યાગ એમાં નથી. આહાહા..! ગજબ વાત!

જૈનદર્શનના બે સિદ્ધાંત સૂક્ષ્મ છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. આહાહા..! એક પદાર્થ કોઈપણ બીજા પદાર્થને અડે નહિ. આહાહા..! આ શરીરને આત્મા અડે નહિ. આત્મા શરીરને અડે નહિ. અને ક્રમબદ્ધ. દ્રવ્યમાં ક્રમસર, ક્રમસર, ક્રમવર્તી, ક્રમબદ્ધ, ક્રમનિયમિત બધું એકાર્થ છે. એક પછી એક ક્રમબદ્ધપર્યાય છે. પણ એની દૃષ્ટિ, ક્રમબદ્ધનો નિર્ણય કરનારની દૃષ્ટિ, જ્ઞાયકભાવ ઉપર દૃષ્ટિ છે. એ કારણે જ્ઞાયકભાવ પરના ત્યાગગ્રહણથી શૂન્ય છે. આહાહા..! આવી વાત!

અહીં તો કંદમૂળ ખાવા નહિ, લીલોતરી ખાવી નહિ, વ્રત પાળવા, છ પરબી બ્રહ્મચર્ય પાળવું, ફલાણું ન ખાવું. એ બધી પરની વાતું છે, બાપુ! ખાય કોણ? પીવે કોણ? અડે નહિ એને ખાય-પીવે કોણ? આહાહા..! પણ એ વાત અંતરમાં વાસ્તવિક રીતે, રાગથી પૃથક્ થયા વિના યથાર્થપણે અંદરમાં બેસતી નથી. આહાહા..! ભલે ગમે તેટલો રાગ હોય, પ્રશસ્ત રાગ હોય, પણ એ રાગથી પૃથક્ થયા વગર ચૈતન્યસ્વરૂપ ભગવાન, રાગના ત્યાગગ્રહણ રહિત એવી ચીજ છે, એનું ભાન થયા વિના, એના અનુભવ વિના બધું શૂન્ય છે. આહાહા..! એ અહીં કહ્યું. ત્યાગગ્રહણથી શૂન્ય.

**'પરમ તત્ત્વમાં સ્થિત...'** પરમતત્ત્વ ભગવાન, એમાં સ્થિત **'સહજદર્શનાદિરૂપ કારણશુદ્ધસ્વરૂપને યુગપદ્ જાણવામાં સમર્થ...'** છે. આહાહા..! એ તો કારણપરમાત્માને જાણવામાં સમર્થ છે અને પ્રગટ પર્યાયને જાણવામાં એક સાથે સમર્થ છે. જાણવાનો સ્વભાવ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે એ કોને ન જાણે? અને એને મુદ્દત શી? કે ભાઈ! બે સમય કે ત્રણ સમય લાગે એવી મુદત નથી. એક જ સમયમાં સ્વ અને પરને જાણે. પોતામાં રહીને પરને અડ્યા વિના, પોતાના ક્ષેત્રમાં રહીને, પોતાના ક્ષેત્રમાં જે શરીર છે, ત્યાં આત્મા છે પણ એ ક્ષેત્ર ભિન્ન છે. શરીરનું ક્ષેત્ર ભિન્ન છે, આત્માનું ક્ષેત્ર ભિન્ન છે. આહાહા..! આવી વાત છે.

**'એવી સહજજ્ઞાનજ્યોતિ વડે જેમાંથી સમસ્ત સંશયો દૂર કરવામાં આવ્યા છે એવા સ્વરૂપવાળા હોવાને લીધે 'અતીન્દ્રિય' છે,...'** ભગવાનઆત્મા અતીન્દ્રિય સ્વરૂપ છે. કેમ કે પરને કદી અડ્યો જ નથી. **'સમસ્ત સંશયો દૂર કરવામાં આવ્યા છે...'** આ કેમ થશે? કેમ હશે? એવા સંશયની ગંધ નથી. એવો પ્રભુ ચૈતન્ય નિઃસંદેહ, નિષ્કારણ, પરના કારણ વિના પોતાના નિજ કારણપરમાત્માથી સાબિત–સિદ્ધ છે. આહાહા..! એની દૃષ્ટિ કરવી, એનું જ્ઞાન કરવું, એમાં લીનતા કરવી, એ આખા બાર અંગનો સાર છે. બાકી બધી બહારની વાતું. ધમાલ-ધમાલ. આહાહા..! બહારમાં એમ લાગે, પાંચ-દસ લાખ રૂપિયા ખર્ચે, ધમાલ મોટા વરઘોડા કાઢે અને જાણે માણસોને આમ.. નાળિયેર ને, ચાંદીના નાળિયેર માથે ચઢાવીને સેંકડો બાયું (નીકળે)... ઓહોહો..! શું છે? પ્રભુ! રાગનો ત્યાગગ્રહણ સ્વરૂપમાં નથી તો એ બહારની ચીજના ગ્રહણત્યાગ... આહાહા..! નીચે વાસણ પડ્યું છે, એને ઉપાડવું કે મૂકવું એ તો આત્મામાં છે જ નહિ. આહાહા..! આત્મા સિવાયની કોઈ ચીજ પોતાથી દૂર હોય કે નજીક હોય, પણ એનો ક્યારેય ગ્રહણ-ત્યાગ કર્યો જ નથી. આહાહા..! આખો દિ' પ્રવૃત્તિ (કરે), એમાં કહે આ અધિકાર નથી. 'ચંદુભાઈ'! આખો દિ' પ્રવૃત્તિમાં તમારો અધિકાર નથી એમ કહે છે. આહાહા..!

**'જેમાંથી સમસ્ત સંશયો દૂર કરવામાં આવ્યા છે એવા સ્વરૂપવાળા હોવાને લીધે 'અતીન્દ્રિય' છે,...'** આહાહા..! આ રાગ હતો અને રાગ મેં છોડ્યો, એ સંશય પણ દૂર થઈ ગયો. આહાહા..! મારામાં રાગ છે અને મેં રાગ છોડ્યો, એવો સંશય છે નહિ. વસ્તુમાં એવો સંશય નથી. આહાહા..!

**'મળજનક ક્ષાયોપશમિકાદિ વિભાવસ્વભાવોના...'** આહાહા..! મળજનિત. એ ક્ષયોપશમ ને ઉપશમને બધા મળજનક કહે છે. કેમ કે જેમાં કર્મની અપેક્ષા લાગુ પડે છે તેને અહીંયા કર્મજનિત કહેવામાં આવે છે. આહાહા..! ભગવાન પોતાના સ્વરૂપમાં પરની કોઈ અપેક્ષા નથી કે કર્મનો ક્ષય થયો માટે આત્માને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું એવી અપેક્ષા નથી. આહાહા..! અહીં તો આખો દિ' કહે, ચાર ઘાતિકર્મનો નાશ થાય તો કેવળજ્ઞાન થાય છે. ઘાતિકર્મે રોક્યું છે. આત્માનું જ્ઞાન ઘાતિકર્મે ઘાત કર્યું છે. આહાહા..! ઘાત પણ કર્યો નથી અને છોડ્યું પણ નથી. આહાહા..! એ ચાર ઘાતિકર્મ આત્માએ કર્યાં નથી, અને એનો નાશ પણ કર્યો નથી. આહાહા..! એવો ભગવાન ભિન્ન, નિર્લેપ, અંદર ભિન્નસ્વરૂપ પડ્યો છે. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'મળજનક ક્ષાયોપશમિકાદિ...'** જે પરભાવ પર્યાયમાં છે, એના આશ્રયે તો મળ ઉત્પન્ન થશે. આહાહા..! પરનો આશ્રય તો એકબાજુ રહ્યો. શરીર, વાણી, મન, દેવ-ગુરુ-શાસ્ત્ર તો પર રહ્યા, પણ પોતાની પર્યાયમાં વિભાવભાવ છે, એ પણ મળજનિક (છે). આહાહા..! કર્મની અપેક્ષા લાગુ પડે છે. ભલે ઉદયમાં વિદ્યમાન નિમિત્ત છે, ઉપશમ આદિમાં નિમિત્તનો અભાવ, એટલી અપેક્ષાએ એ મળજનિક છે. આહાહા..! ભગવાનમાં એટલી અપેક્ષા લગાવવી એ પણ એક દોષ છે, કહે છે. આહાહા..! આવો માર્ગ હવે! અહીં કહે એકેન્દ્રિયની દળા પાળો અને લીલોતરીને હણો નહિ, લીલોતરીને ખાવ નહિ, એમાં ધર્મ થઈ ગયો. આહાહા..! મિથ્યાત્વનું પોષણ છે. પરવસ્તુનો ક્ષણે અને પળે ત્યાગગ્રહણ કર્યો, એવી બુદ્ધિમાં મિથ્યાત્વ, સત્ સ્વરૂપ ભગવાન, એનાથી વિરુદ્ધ અસત્ય મિથ્યા અભિપ્રાયનું પોષણ થાય છે. આહાહા..! આત્મા સિવાય કોઈ પરચીજનો કર્તા છું અને મારામાં છે માટે છોડું. છે નહિ એમાં છોડું ક્યાંથી આવ્યું? આહાહા..! તારી ચીજમાં એ છે જ નહિ ને. કર્મને છોડું એ પણ તારામાં નથી. આહાહા..!

અહીં તો **'ક્ષાયોપશમિકાદિ વિભાવસ્વભાવોના અભાવને લીધે...'** અહીં તો ચારે ભાવને મલિનભાવ કહ્યા. ચારે–ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક. ચારે આવરણ સંયુક્ત કહ્યું, ચારથી આત્માને અગોચર કહ્યો. પહેલા આવી ગયું છે. ચાર ભાવથી આત્મા અગમ્ય છે. એનો અર્થ, કે ચાર ભાવના આશ્રયથી એ જાણવામાં નથી આવતો. ચાર ભાવ આવરણ સંયુક્ત છે. કેમ કે એકમાં–ઉદયમાં નિમિત્ત છે, ત્રણમાં નિમિત્તની અપેક્ષા છે. એ વસ્તુ નહિ, વસ્તુ નિરપેક્ષ છે. નિરપેક્ષને – કોઈની અપેક્ષા લાગુ પડતી નથી. એવો ભગવાન અંદર બિરાજે છે. આહાહા..! એ ભગવાનના પત્તા લઈને... આહાહા..! એમાં સ્થાન જમાવીને, એમાં ધામ જમાવીને લીન થવું એ વસ્તુનું સ્વરૂપ છે. આહાહા..! બાકી બધી વાતું છે.

અહીં તો કીધું, **'ક્ષાયોપશમિકાદિ વિભાવસ્વભાવોના અભાવને લીધે 'નિર્મળ' છે...'** ચાર વિભાવસ્વભાવ એમાં છે જ નહિ. ક્ષાયિક અને ક્ષયોપશમભાવ પણ નથી. પર્યાય છે ને? પર્યાય દ્રવ્યમાં ક્યાં છે? પર્યાય જે છે.... શરીર, કર્મ, મન ને વાણી તો દૂર ક્ષેત્ર, દૂર દ્રવ્ય, દૂર કાળ, દૂર ભાવ એમ વર્તે છે. આત્મા સિવાય મન, વાણી, દેહ, શરીર, સ્ત્રી, કુટુંબ, પરિવાર પોતાના કારણે વર્તે છે. સ્ત્રી, કુટુંબ, પરિવાર, પૈસો, મકાન એ સંસાર નથી. સંસાર એ આત્માની પર્યાયમાં પર વસ્તુ મારી, હું ગ્રહણ કરી શકું છું, એ મિથ્યાત્વભાવ સંસાર છે. પર્યાયને છોડીને ક્યાંય મિથ્યાત્વ રહેતું નથી. આહાહા..! આત્માનો સંસાર, આત્માની પર્યાયથી એક સમય પણ દૂર નથી રહેતો. આહાહા..!

**''નિર્મળ' છે અને દ્રવ્યકર્મો તથા ભાવકર્મોના...'** આહાહા..! જડકર્મ અને રાગાદિ ભાવના **'અભાવને લીધે 'વિશુદ્ધાત્મા' છે,...'** આહાહા..! વિશુદ્ધ તો શુભભાવને પણ કહે છે. અહીં વિ-શુદ્ધ. શુદ્ધમાં વિશુદ્ધ. એ પ્રકારે આત્મા શુદ્ધ છે. આહાહા..! એને સવારમાં અધશેર ચાનો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઉકાળો મળે ત્યાં રાજી-રાજી થઈ જાય. આહાહા..! એમાં ભજિયા અને ચા સવારમાં ખાવા મળે.. આહાહા..!

મુમુક્ષુ :– એને અડે છે જ ક્યાં એ?

ઉત્તર :– માને છે ને? માને છે. અડે છે ક્યાં? આહાહા..!

પરને અડતો નથી એ તીર્થંકરની વાત, એના ઘરની છે. દુનિયામાં કેવળજ્ઞાની સિવાય પરમાત્મા વીતરાગ ત્રિલોકનાથ જિનેશ્વરદેવ, એ સિવાય આવું કોઈએ ક્યાંય કહ્યું નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. એવી વાત ભગવાન સિવાય બીજા કોઈએ કહી નથી. વાડામાં પણ એ વાત નથી ચાલતી. આહાહા..! વાડામાં પણ આ કરો... આ કરો... આ કરો.. આ કરો... આહાહા..! એક એ અને એક ક્રમબદ્ધ. આહાહા..! સમય સમયે પર્યાય ક્રમસર, ક્રમબદ્ધ, ક્રમનિયમિત જે નિયમે આવવાની છે, એમ પર્યાય આવે છે. એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર હોવી જોઈએ. આહાહા..! એ શબ્દ જ સાંભળવા મળ્યો નથી. સંપ્રદાયમાં તો એ પણ નથી. આહાહા..!

અહીં તો કહે છે, **''વિશુદ્ધાત્મા'...'** એને કોઈની અપેક્ષા નથી. આહાહા..! દયા, દાનનો રાગ કરવો એ તો આત્મામાં નથી, પણ દયા, દાનનો ત્યાગ કરવો એ પણ આત્મામાં નથી. આહાહા..! ગજબ છે. પ્રભુ તો ચૈતન્યબિંબ છે. કોનો ત્યાગ કરે? કોને ગ્રહણ કરે? કદી કોઈને અડ્યો પણ નથી, સ્પર્શ્યો પણ નથી, તો કોનો ત્યાગગ્રહણ કરે? એવી ચીજ ઉપર દૃષ્ટિ ગયા વિના મિથ્યાત્વનો, મળનો નાશ નથી થતો. આહાહા..! બહારથી ભલે કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર છોડે, સુદેવ, સુગુરુ, સુશાસ્ત્ર માને, એ તો નવમી ગ્રૈવેયકે ગયેલા અભવી પણ માને. નવમી ગ્રૈવેયકે ગયા ત્યારે અભવી પણ દેવ-ગુરુ-શાસ્ત્રને માનતો હતો. સ્વ-પર નહિ. આહાહા..! એ શ્રદ્ધા પણ કાંઈ આત્મજ્ઞાન નથી. પરની શ્રદ્ધા અને પરનું જ્ઞાન કંઈ આત્મજ્ઞાન નથી. આહાહા..!

અહીં તો કહે છે, **'તેવી જ રીતે સંસારમાં પણ આ સંસારી જીવો કોઈ નયના બળે...'** આહાહા..! ચોખ્ખું ન કર્યું. કેમ ન કર્યું? **'કોઈ નયના...'** આહાહા..! **'કોઈ નયના બળે (કોઈ નયથી) શુદ્ધ છે.'** આહાહા..! કોઈ નયથી શુદ્ધ છે. એ નય જ નય છે–શુદ્ધનય એ જ નય છે. આહાહા..! પોતાને પરમાત્મ સ્વરૂપે પકડવો એ જ નય છે. વ્યવહારનય તુચ્છ છે. એ વ્યવહારનય, એનો વિષય છે પણ બિલકુલ આશ્રય કરવાલાયક નથી. આહાહા..! ભાષા કેવી છે બધી? કે **'કોઈ નયના બળે...'** કોઈ નયના બળે. વાસ્તવિક જેને નય કહે છે, એ શુદ્ધનયને નય કહે છે. એટલે કોઈ નય કહ્યું છે. અશુદ્ધ ને વ્યવહારનય એ નય જ નથી. કથનમાત્ર વાત છે. આહાહા..!

**'કોઈ નયના બળે (કોઈ નયથી) શુદ્ધ છે.'** કોઈ નયથી અર્થાત્ પોતાના સ્વરૂપની દૃષ્ટિથી શુદ્ધ જ છે. એને વળી નય લાગુ પાડવા કે આ પાડવા એ તો કોઈ નય એ નય. ત્રિકાળ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આનંદકંદ પ્રભુ, એનું સમ્યગ્દર્શન પ્રગટ કરો, જેથી જન્મ-મરણનો અંત આવે છે. એ વિના લાખ ક્રિયાકાંડ કરે, ચોવિહાર કરે, આહાર ત્યાગ કરે, મહિના-મહિનાના અપવાસ કરે એમાં કાંઈ ધર્મ નથી. આહાહા..! કરોડો રૂપિયા ખર્ચીને લાખ મંદિર બનાવે. બહારમાં ધમાલ કરે. ઓહોહો..! ફલાણા માણસે પાંચ લાખ લખાવ્યા, ફલાણાએ દસ લાખ લખાવ્યા. ત્યાં લોકોના રૂંવાટા ઊભા થઈ જાય. આહાહા..! શું છે પણ, પ્રભુ! પાંચ લાખ, દસ લાખ અને કરોડ અને બે કરોડ, એ તો ધૂળ છે. એને તો કદી આત્મા અડ્યો પણ નથી. આત્મા તો એ ચીજને અડ્યો જ નથી ને. તો એણે છોડ્યું ક્યાંથી? તો એણે દીધા એમ કેમ આવ્યું? એ ચીજને અડતો નથી તો એ ચીજ બીજાને આપી (એ ક્યાં રહ્યું?). આહાહા..! એ એને કારણે જાય છે, આવે છે. એવી ચીજ આકરી છે, પ્રભુ! વીતરાગનો માર્ગ ઘણો... કોઈ કહે કે પણ વ્યવહારનય છે નહિ? છે ને. બધું કથનમાત્ર છે. આહાહા..! કહેવામાત્ર છે, જાણવામાત્ર છે. કહેવામાત્રનો અર્થ જાણવામાત્ર છે. આદરવામાત્ર નથી. આદરવામાત્ર ત્રિકાળી જ્ઞાયકભાવ તદ્દન શુદ્ધ... આહાહા..!

## શ્લોક-૭૨

(**शार्दूलविक्रीडित**)

**शुद्धाशुद्धविकल्पना भवति सा मिथ्यादृशि प्रत्यहं**
**शुद्धं कारणकार्यतत्त्वयुगलं सम्यग्दृशि प्रत्यहम्।**
**इत्थं यः परमागमार्थमतुलं जानाति सद्दृक् स्वयं**
**सारासारविचारचारुधिषणा वन्दामहे तं वयम्।।७२।।**

**[હવે ૪૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે : ]**

**[શ્લોકાર્થ :–] શુદ્ધ-અશુદ્ધની જે [1]વિકલ્પના તે મિથ્યાદૃષ્ટિને હંમેશાં હોય છે; સમ્યગ્દૃષ્ટિને તો હંમેશાં (એવી માન્યતા હોય છે કે) કારણતત્ત્વ અને કાર્યતત્ત્વ બન્ને શુદ્ધ છે. આ રીતે પરમાગમના અતુલ અર્થને સારાસારના વિચારવાળી સુંદર બુદ્ધિ વડે જે સમ્યગ્દૃષ્ટિ સ્વયં જાણે છે, તેને અમે વંદન કરીએ છીએ. ૭૨.**

૧. વિકલ્પના = વિપરીત કલ્પના; ખોટી માન્યતા; અનિશ્ચય; શંકા; ભેદ પાડવા.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્લોક–૭૨ ઉપર પ્રવચન

'[હવે ૪૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે : ]'

**शुद्धाशुद्धविकल्पना भवति सा मिथ्यादृशि प्रत्यहं**
**शुद्धं कारणकार्यतत्त्वयुगलं सम्यग्दृशि प्रत्यहम्।**
**इत्थं यः परमागमार्थमतुलं जानाति सद्दृक् स्वयं**
**सारासारविचारचारुधिषणा वन्दामहे तं वयम्।।७२।।**

આહાહા..! આ મુનિની ભાષા. '**શુદ્ધ-અશુદ્ધની જે વિકલ્પના તે મિથ્યાદૃષ્ટિને હંમેશાં હોય છે;...**' આહાહા..! એકરૂપ ભગવાન ત્રિકાળી, એમાં શુદ્ધ અને અશુદ્ધ એવા ભેદ, પર્યાયદૃષ્ટિ જેને રહે છે... આહાહા..! એ મૂંઢ જીવ છે. આહાહા..! કેમ શુદ્ધ-અશુદ્ધની અપેક્ષા રાખે છે. આ શુદ્ધ હતું, શુદ્ધ થયો, તો અશુદ્ધની અપેક્ષા રહી ગઈ. અશુદ્ધનો ત્યાગ કર્યો, તો અશુદ્ધનો ત્યાગ અને શુદ્ધનું ગ્રહણ (થયું). આહાહા..! એ '**શુદ્ધ-અશુદ્ધની જે વિકલ્પના...**' '**વિપરીત કલ્પના; મિથ્યા માન્યતા; અનિશ્ચય; શંકા; ભેદ પાડવા...**' આહાહા..! બહુ આકરી વાત, બાપુ! એવી માન્યતા '**મિથ્યાદૃષ્ટિને હંમેશાં હોય છે;...**' આહાહા..! એક સમય પણ પરની કર્તાબુદ્ધિ અને રાગની ત્યાગબુદ્ધિ વિના એની દૃષ્ટિ એક સમય પણ રહી નથી. આહાહા..! પરની કર્તાબુદ્ધિ, રાગાદિના ગ્રહણત્યાગ એવી બુદ્ધિ મિથ્યાબુદ્ધિ છે. કહ્યું? કે '**શુદ્ધ-અશુદ્ધની જે વિકલ્પના...**' શુદ્ધ-અશુદ્ધ જે પર્યાયના ભેદો... આહાહા..! '**તે મિથ્યાદૃષ્ટિને હંમેશાં હોય છે;...**' આહાહા..! દરેક સમયે જ્ઞાયકભાવનો અભાવ હોવાથી પર તરફની ચીજમાં ગ્રહણત્યાગની બુદ્ધિ, રાગ મારો નથી એવો ત્યાગ, એવી બુદ્ધિ પર્યાયબુદ્ધિ મિથ્યાદૃષ્ટિને હોય છે. આહાહા..! આકરું કામ.

મુમુક્ષુ :– ઝાઝો ભાગ આવો જ છે.

ઉત્તર :– દુનિયામાં એ જ છે. દુનિયા કોને કહે? આહાહા..!

'**શુદ્ધ-અશુદ્ધ જે વિકલ્પના...**' વિપરીત કલ્પના. અરે..! શુદ્ધ એ વિપરીત કલ્પના! આહાહા..! એ શુદ્ધ પર્યાયની અપેક્ષાએ. આ અધિકાર શુદ્ધભાવ અધિકાર છે. એ શુદ્ધભાવ પર્યાયની વાત નથી. એ શુદ્ધભાવ ધ્રુવનો અધિકાર છે. આ શુદ્ધભાવ જે છે એ ધ્રુવનો અધિકાર છે. શુદ્ધભાવ એટલે આ પર્યાયનો અધિકાર નથી. આહાહા..! '**શુદ્ધ-અશુદ્ધ જે વિકલ્પના...**' એવી પર્યાયબુદ્ધિ થઈ. આહાહા..! આકરું કામ છે, પ્રભુ! વાત કાને પડવી મુશ્કેલ પડે. આહાહા..! એમાં અંદર દોરાઈ જવું, ચૈતન્યમાં અંદર દોરાઈ જવું. આહાહા..! જ્યાં કાંઈ નથી, જેમાં પર્યાય નથી, ભેદ નથી. શુદ્ધ-અશુદ્ધનો ભેદ જેમાં છે જ નહિ. આહાહા..! એવી ચીજમાં ન રહેવું એ મિથ્યાદૃષ્ટિ છે. '**સમ્યગ્દૃષ્ટિને તો...**' આહાહા..! ઓલામાં પણ સદાય

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વાપર્યું છે.

**'શુદ્ધ-અશુદ્ધની જે વિકલ્પના તે મિથ્યાદષ્ટિને હંમેશાં હોય છે;...'** આહાહા..! ક્ષણે અને પળે પરનો ત્યાગગ્રહણ, એ બુદ્ધિ અજ્ઞાનીને સદા-નિરંતર રહે છે. જે આત્મા પરના ત્યાગગ્રહણ રહિત છે, પણ એ ત્યાગગ્રહણની બુદ્ધિ અજ્ઞાનીને સદાય રહે છે. આહાહા..! કહો, રાજપાટ છોડે, કુટુંબકબીલા છોડે તો સંસાર છોડ્યો. પ્રભુ! એને સંસાર નથી કહેતા. સંસાર તો એક મલિન અવસ્થા છે. મલિન અવસ્થા દ્રવ્ય સિવાય ક્યાંય રહેતી નથી. આહાહા..! બાયડી, છોકરા, કુટુંબ, વેપાર, ધંધો એ સંસાર નથી. એ તો પર ચીજ છે. આહાહા..! પરને અને આત્માને સ્પર્શ નથી. આહાહા..! આકરું કામ છે. એક પરમાણુ બીજા પરમાણુને સ્પર્શે નહિ. અને આ બધા પિંડ પડ્યા છે. પરમાણુના પિંડ-જથ્થા પડ્યા છે. એમાં એક એક પરમાણુ, પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી ભિન્ન કામ કરે છે. બીજા પરમાણુની સાથે મેળ નથી. એનું ક્ષેત્ર ભિન્ન, દ્રવ્ય ભિન્ન, કાળ ભિન્ન, ભાવ ભિન્ન. આહાહા..!

દરેક પરમાણુના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ભિન્ન (છે). તો તું તો આત્મા છો ને, પ્રભુ! એ તો જડ છે. જડના પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જુદા. સ્કંધ તરીકે જોવામાં આવે છે, છતાં અંદરના પરમાણુ... ૮૭ ગાથામાં કહ્યું છે, કે સ્કંધ પિંડમાં રહેવા છતાં પરમાણુ પોતાની પર્યાયને કરે છે તો બીજાને સ્પર્શતા નથી. આહાહા..! સ્કંધમાં રહેલા પરમાણુ પોતાનું કામ કરે છે. પોતાની પર્યાય પરિણમિત કરે છે. પર પરમાણુના કારણે પોતામાં કાંઈ થયું. બે ગુણ ચીકાશથી ચાર ગુણ ચીકાશ થઈ, એ ચાર ગુણ ચીકાશ થઈ. એ ચાર ગુણ ચીકાશ પરમાણુના સંબંધમાં થઈ, એ વાત તદ્દન ખોટી છે. આહાહા..! આવી વાત કાને પડવી મુશ્કેલ છે. અંદર બેસવી (મહા મુશ્કેલ છે). આહાહા..!

**'જે વિકલ્પના મિથ્યાદષ્ટિને હંમેશાં હોય છે; સમ્યગ્દષ્ટિને...'** આહાહા..! **'તો હંમેશાં (એવી માન્યતા હોય છે કે) કારણતત્ત્વ અને કાર્યતત્ત્વ બન્ને શુદ્ધ છે.'** આહાહા..! કારણ તત્ત્વ ત્રિકાળી શુદ્ધ છે, કાર્યતત્ત્વ વર્તમાન શુદ્ધ કેવળજ્ઞાન એ શુદ્ધ છે અને એનું કારણતત્ત્વ મોક્ષનો માર્ગ એ પણ શુદ્ધ જ છે. આહાહા..! પણ છતાં એ વ્યવહારનયનો વિષય છે. મોક્ષનો માર્ગ અને મોક્ષ એ પર્યાયનયનો વિષય છે, વ્યવહારનયનો વિષય છે. આહાહા..! અહીં સુધી લઈ જવું, રખડવાના કામ આડે નવરાશ ન મળે. રખડવાના કામ આડે... આહાહા..! આ વાજુ વાગે છે એ વાજામાં હાથ અડે છે માટે વાગે છે એમ નહિ. એને હાથ અડતા જ નથી. કોણ માને? પાગલ જેવું લાગે. આહાહા..!

**'સમ્યગ્દષ્ટિને તો...'** સત્યદષ્ટિવંતને **'હંમેશાં કારણતત્ત્વ અને કાર્યતત્ત્વ બન્ને શુદ્ધ છે.'** આહાહા..! ત્રિકાળી શુદ્ધ છે અને પર્યાય પણ શુદ્ધ જ છે. પૂર્ણ પર્યાય સિદ્ધ એ પણ શુદ્ધ જ છે. આહાહા..! અશુદ્ધ હતો અને શુદ્ધ ટળ્યું એમ પણ નથી. એટલી અપેક્ષા પણ નથી. એ તો ત્રિકાળ... એમ કહ્યું ને? **'કારણતત્ત્વ અને કાર્યતત્ત્વ બન્ને સદા શુદ્ધ છે.'** એમ આવ્યું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ને? સદા શુદ્ધ છે. આહાહા..! પહેલા અશુદ્ધ હતો અને અશુદ્ધતા ટાળી 'એમ નથી' છે કે નહિ અંદર? **'હંમેશાં...'** બન્નેમાં. મિથ્યાદૃષ્ટિમાં હંમેશાં છે, સમ્યગ્દૃષ્ટિમાં હંમેશાં છે. ઓહોહો..!

**'કારણતત્ત્વ અને કાર્યતત્ત્વ બન્ને શુદ્ધ છે.'** પ્રભુ ત્રિકાળ પણ શુદ્ધ છે અને તેની પર્યાય પણ શુદ્ધ જ છે. આહાહા..! અશુદ્ધને તો આત્મા અડતો પણ નથી. પર્યાયમાં છે પણ દ્રવ્ય અડતું નથી. દ્રવ્ય તો શુદ્ધાશુદ્ધ પર્યાયથી રહિત છે. આહાહા..! **'આ રીતે પરમાગમના અતુલ અર્થને...'** આહાહા..! આવું કોણ માને? આવું કોણ માને? **'પરમાગમના અતુલ અર્થને સારાસારના વિચારવાળી સુંદર બુદ્ધિ વડે...'** આહાહા..! ત્રિલોકનાથ તીર્થંકરદેવ, જિનેશ્વરદેવ, અરિહંત પરમાત્મા વર્તમાનમાં મોજૂદ છે. મહાવિદેહમાં વર્તમાન મોજૂદ છે. અને મહાવિદેહમાં પણ આ આત્મા અનંતવાર ગયો. ભગવાનના સમવસરણમાં અનંતવાર ગયો પણ પોતે પોતા તરફ દૃષ્ટિ કરી નહિ. આહાહા..! પરની દૃષ્ટિ રહી કે ભગવાન આવા છે... ભગવાન આવા છે... ભગવાન આવા છે. અને એની દૃષ્ટિ કરવાથી લાભ થશે. એ મિથ્યાદૃષ્ટિ છે. અર..ર..! આ ગજબ વાત! આકરું લાગે. સંપ્રદાયમાં તો આ ચાલે નહિ, કે ભગવાનનું પાંચ પરમેષ્ઠીનું સ્મરણ એ અશુદ્ધ અને મલિન બંધનું કારણ છે. આહાહા..!

અહીં તો કહે છે, કે સમ્યગ્દૃષ્ટિ **'પરમાગમના અતુલ અર્થને સારાસારના વિચારવાળી...'** એ શું કહ્યું? ભગવાનની વાણી જે પરમાગમ છે, 'ૐકાર ધ્વનિ સુણી, અર્થ ગણધર વિચારે, 'ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે...આહાહા..! 'રચી આગમ ભવિકજીવ સંશય નિવારે.' આહાહા..! એ અહીંયા કહે, આ પરમાગમનો સાર. આ પરમાગમનો સાર છે. જે આગમનું જ્ઞાન કરીને અશુદ્ધતાથી લાભ થાય અને અશુદ્ધતા મારામાં છે, એ પર્યાયબુદ્ધિ રહે એણે પરમાગમનો સાર જોયો નથી. આહાહા..!

વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ, એની દિવ્યધ્વનિમાં એકભવતારી ઇન્દ્રો જેની સભામાં જાય છે. એકભવતારી ઇન્દ્ર સભામાં જાય છે. ઇન્દ્ર કોને કહે? બાપુ! ૩૨ લાખ વૈમાન. એક-એક વૈમાનમાં અસંખ્ય દેવ, એવા ૩૨ લાખ વિમાનનો સ્વામી, બિલકુલ માને નહિ. એ મારી ચીજ છે અને હું સ્વામી છું, એમ બિલકુલ માને નહિ. આહાહા..! એ ભગવાનના સમવસરણમાં સાંભળવા જાય છે.

ત્યારે કોઈ એમ કહે, પરથી કાંઈ થતું નથી તો સાંભળવા શું કામ જાવ છો? આહાહા..! સમજાણું કાંઈ? એ 'વઢવાણ'વાળા 'કેશુભાઈ' છે ને? એને કોઈએ પ્રશ્ન કર્યો. 'કેશુભાઈ' બુદ્ધિવાળો માણસ છે. એને બીજાએ પ્રશ્ન કર્યો, કે તમે નિમિત્તને માનતા નથી અને નિમિત્ત પાસે વારંવાર જાવ છો. એ તો વિરુદ્ધ થઈ ગયું. નિમિત્તથી થાય નહિ એમ માનો અને વારંવાર 'સોનગઢ' જાવ છો. ત્યારે નિમિત્તથી લાભ થયા વગર કઈ રીતે જાવ છો? ('કેશુભાઈ'એ) કહ્યું કે, પ્રભુ! અમે નિમિત્તથી થતું નથી એ દૃઢ કરવા માટે જઈએ છીએ. 'વઢવાણ'વાળા 'કેશુભાઈ' છે ને?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– આ દઢતા તો નિમિત્ત કરાવે છે ને? કે નિમિત્તથી કાંઈ થાય નહિ.

ઉત્તર :– બિલકુલ નહિ.. બિલકુલ નહિ. નિમિત્ત અડતું નથી, નિમિત્તની વાણી અડતી નથી. નિમિત્તની વાણી અંદર પડે તો સમ્યગ્જ્ઞાન થાય એમ નથી. આહાહા..! ગજબ વાત છે, બાપુ! વીતરાગ જિનેશ્વરદેવ ત્રિલોકનાથ, એની વાણી ક્યાંય નથી. આહાહા..! ઉંધી વાણીએ જગતને ચડાવી દીધા છે. આહાહા..!

અહીં તો કહે છે, કે એ '**કારણતત્ત્વ અને કાર્યતત્ત્વ બન્ને શુદ્ધ છે. આ રીતે પરમાગમના અતુલ અર્થને સારાસારના..**' ભાષા શું કહે છે? પરમાગમમાંથી... આહાહા..! '**અતુલ અર્થને સારાસારના...**' આહાહા..! ડાહ્યાપુરુષ, જ્ઞાનીપુરુષ એ પરમાગમમાંથી '**અતુલ અર્થને સારાસારના...**' કાઢીને. આહાહા..! પરમાગમમાંથી આવું કાઢ્યું. પરમાગમે એમ કહ્યું. આહાહા..! પરમાગમે એમ કહ્યું તો... એમ લીધુંને? આહાહા..! '**પરમાગમના અતુલ અર્થને સારાસારના વિચારવાળી સુંદર બુદ્ધિ વડે...**' આહાહા..! જે આગમ સાંભળીને અંતરના નિજ અવલંબનમાં લાભ માને એ આગમનો સાર છે. બાર અંગનો સાર અનુભૂતિ કરવી એ છે. કોઈ બાર અંગ ભણ્યા એટલે વિશેષ છે એમ નથી. એ લખ્યું છે. બાર અંગ ભણ્યો એ કાંઈ વિશેષ છે, એમ નથી. એ તો વિકલ્પ છે.

અંદરમાં ભગવાન પૂર્ણાનંદની સત્તા, અનાદિ એકરૂપ સત્તા રાખનાર, પ્રભુ! એને જેણે પકડી લીધો એ આગમના આખા સારમાંથી એ સાર કાઢી લીધો. આગમમાં આ સાર કહેવો હતો. આહાહા..! શાસ્ત્રમાં આ કહેવું હતું. કોઈ કહે, ભગવાનની વાણી આવી છે, તેવી છે, બધી છે, પ્રભુ! વીતરાગની વાણીમાં સાર અસારના વિચારવાળા કે આ અસાર છે અને સાર છે, એના વિચારવાળા... આહાહા..! '**સુંદર બુદ્ધિ વડે...**' આહાહા..! સુંદર મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન દ્વારા. ઓહોહો..! બાર અંગમાં લાખો-કરોડો વાત આવે. કથાનુયોગ, ચરણાનુયોગ, દ્રવ્યાનુયોગ, કરણાનુયોગની અનેક વાત આવે. પણ '**સારાસારના વિચારવાળી...**' સુધર્મી એમાંથી સાર કાઢે છે, કે પરમાગમ એમ કહે છે... આહાહા..! કે સ્વયં આત્મા શુદ્ધ છે, ત્રિકાળ શુદ્ધ છે એમ કહે છે. સાંભળીને ગમે તેટલું સાંભળે, પણ ભગવાન અશુદ્ધતાથી ટળીને શુદ્ધતા (પ્રગટે) એટલી અપેક્ષા પણ એને નથી. આહાહા..! એ તો એક ભગવાન પૂર્ણાનંદનો નાથ એકરૂપ શુદ્ધ ત્રિકાળ છે. ગ્રહીત મિથ્યાત્વ અને અગ્રહીત મિથ્યાત્વનું સેવન કરે છે, તો પણ દ્રવ્યમાં કાંઈ નથી. દ્રવ્ય તો શુદ્ધ ભગવાન પરમેશ્વર છે. આહાહા..! આગમમાંથી આ કાઢ્યું. પરમાગમમાંથી આ કાઢ્યું. એનો અર્થ કે પરમાગમે આ કહ્યું. આહાહા..!

પરમાગમ. એકલો આગમ શબ્દ વાપર્યો નથી. પરમાગમ એમ કહ્યું ને? દિગંબર શાસ્ત્ર એ પરમાગમ છે. પ્રભુને દુઃખ લાગે શું કરે? વીતરાગના પરમાગમ તો દિગંબર શાસ્ત્રો એ પરમાગમ છે. બાકી બીજા કહે એ પરમાગમ નથી. આહાહા..! બહુ દુઃખ લાગે, પ્રભુ! તું કોણ છો? તને અશુદ્ધતા કહેવી? અશુદ્ધતા ટળી એમ કહેવું એ તને શોભતું નથી. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પ્રભુ! તને અશુદ્ધતા હતી અને ટળી એમ કહેવું શોભતું નથી, નાથ! આહાહા..! એનાથી બીજી વિરુદ્ધ વાતું કરનારા સંપ્રદાયને નામે ચલાવે, આટલા વ્રત કરે તો આમ થાય, અઠ્ઠમ કરે તો આમ થાય, એમાં અઠ્ઠમ ઉપર એક પોરસી ચઢાવે તો પચ્ચીસ અપવાસનો લાભ થાય. આહાહા..! આમ જે ચલાવી દીધું એણે આગમનો સાર જાણ્યો નહિ. આહાહા..!

અહીં તો પરમાત્માએ કહેલા આગમો, ત્રિલોકનાથે કહેલા દિવ્યધ્વનિ આગમ, ત્યાં સારાસારના વિચાર કરનારાઓ **'સુંદર બુદ્ધિ વડે જે સમ્યગ્દષ્ટિ સ્વયં જાણે છે,...'** સ્વયં જાણે છે. હું ત્રિકાળ શુદ્ધ છું એમ સ્વયં જાણે છે. મારામાં અશુદ્ધતા હતી અને અશુદ્ધતા ટળી એમ પણ નથી. આહાહા..! આવી વાત! આહાહા..! કેટલી વાત લીધી? દેવે એમ કહ્યું, વાણીમાં પણ એ કહ્યું, વાણીમાંથી સારાસારનો વિચાર કાઢીને એ કાઢ્યું. એ ત્રણ વાત થઈ ને? દેવ સર્વજ્ઞની વાણીમાં પણ એ સાર કહ્યો– શુદ્ધ ચૈતન્યમૂર્તિ. અને શુદ્ધ-અશુદ્ધની વાત છૂટી ગઈ. આહાહા..! ભગવાને આમ કહ્યું, વાણીમાં એમ આવ્યું અને સમ્યગ્દષ્ટિએ એમ કાઢ્યું. આહાહા..! આગમમાંથી એ વાત કાઢી તે આગમને જાણે છે, બીજી રીતે કાઢે તો એ આગમને જાણતા નથી, ભગવાનને જાણતા નથી. આગમને જાણે છે એ ભગવાનને જાણે છે અને આત્માને જાણે છે. પરને ન હણવું એ જ્ઞાનીનો જ્ઞાનસાર છે. **'एवं तु नाणीनो सारं जं न हिंसा परं'** **'अहिंसा स्वयं चेव'** પરને ન હણવું એ સિદ્ધાંતનો સાર.**'एता वतं विआणीआ'** આટલું જાણે એણે બધું જાણ્યું. આહાહા..!

સંપ્રદાયમાં ૨૧-૨૧ વર્ષ રહ્યા. આ શબ્દ કાને પડ્યો નહોતો. અમારા સંપ્રદાયના ગુરુ બહુ શાંત હતા. કષાય મંદ હતો. 'હીરા એટલા હીર, બાકી સૂતરના ફાળકા.' એમ એવી ઉપમા હતી એની. પણ આ વાત કાને પડેલી નહિ. આહાહા..! એ કરતાં તો આ ભાગ્યશાળી જીવોને કાને પડે છે. આહાહા..! એ વાત કાને પડેલી નહિ. જુઓ તો શાંત શાંત હતા. ૪૬ વર્ષની દીક્ષા, ૧૨ વર્ષની ઉંમરે લીધેલી. ૫૮ વર્ષે જંગલમાં દેહ છૂટી ગયો. ડચુરો ચડ્યો. આહાહા..! પણ એ જ્યારે વ્યાખ્યાનમાં એમ કહે, કે **'एवं तु नाणीनो सारं जं न हिणइ परं'** પરને ન હણવું જ્ઞાનીના જ્ઞાનનો સાર છે, એમ કહેતા. **'एवं तुं नाणीना सारं जं न हिणइ परं'** આહાહા..! અહિંસા સંયમ છે. એ પરને ન હણવું એ અહિંસા સિદ્ધાંતનો સાર છે. **'एता वतं विआणीआ'** આહાહા..! આટલું જાણે એણે બધું જાણ્યું એમ કહેતા હતા. બહુ નરમ હતા. નરમ હતા. ઉદ્ધત નહિ, ઘમંડ નહિ. સભામાં બે-બે હજાર માણસો આવતા. 'રાજકોટ'માં તો બહુ નામ હતું. શાંત-શાંત. અરે..રે..! ભગવાન! આ વાણી કાને પડે નહિ. આહાહા..!

ભગવાન એમ કહે છે, કે પ્રભુ! તું શુદ્ધ-અશુદ્ધના ભેદને છોડી દે. તું ત્રિકાળી શુદ્ધ સ્વરૂપ જ છો. આગમમાં એમ કહ્યું છે, મેં એમ કહ્યું, અને તું પણ એમ કાઢ. આહાહા..! **'સારાસારના વિચારવાળી સુંદર બુદ્ધિ વડે...'** આહાહા..! પોતાની કલ્પના દ્વારા નહિ. પણ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આગમમાં, ભગવાનની વાણીમાં જે કહ્યું છે, એની **'સુંદર બુદ્ધિ વડે...'** સાર કાઢીને **'સમ્યગ્દષ્ટિ સ્વયં જાણે છે, તેને અમે વંદન કરીએ છીએ.'** સ્વયં જાણે છે કે અમે તો અનાદિઅનંત ચૈતન્યમૂર્તિમાંથી ખસ્યા નથી, હટ્યા નથી. મારા દ્રવ્યમાં કદી અશુદ્ધતા આવી નથી. અશુદ્ધતા દ્રવ્યને સ્પર્શતી નથી. અરે..! શુદ્ધતા દ્રવ્યને સ્પર્શતી નથી, પ્રભુ! આહાહા..! ભગવાને એમ કહ્યું, વાણીમાં એમ આવ્યું. આહાહા..! સુંદર બુદ્ધિવાળાએ એમાંથી ઇ કાઢ્યું. સુંદરબુદ્ધિવાળાએ એમ કાઢ્યું. આહાહા..! બહુ સરસ વાત આવી. આહાહા..!

**'સ્વયં જાણે છે,...'** એ સમ્યગ્દષ્ટિ કોઈ પરની અપેક્ષા વિના સ્વયં જાણે છે. આહાહા..! ગુરુ અને શાસ્ત્રની અપેક્ષા એમાંથી કાઢ્યું, પણ એ સ્વયં કાઢ્યું છે. આહાહા..! **'તેને અમે વંદન કરીએ છીએ.'** લ્યો, વાત પૂરી. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા–૪૯

**एदे सव्वे भावा ववहारणयं पडुच्च भणिदा हु।**
**सव्वे सिद्धसहावा सुद्धणया संसिदी जीवा।।४९।।**

**एते सर्वे भावाः व्यवहारनयं प्रतीत्य भणिताः खलु।**
**सर्वे सिद्धस्वभावाः शुद्धनयात् संसृतौ जीवाः।।४९।।**

**निश्चयव्यवहारनययोरुपादेयत्वप्रद्योतनमेतत्।**

**ये पूर्वं न विद्यन्ते इति प्रतिपादितास्ते सर्वे विभावपर्यायाः खलु व्यवहारनयादेशेन विद्यन्ते। संसृतावपि ये विभावभावैश्चतुर्भिः परिणताः सन्तस्तिष्ठन्ति अपि च ते सर्वे भगवतां सिद्धानां शुद्धगुणपर्यायैः सदृशाः शुद्धनयादेशादिति।**

**तथा चोक्तं श्रीमदमृतचन्द्रसूरिभिः-**

(**मालिनी**)

**``व्यवहरणनयः स्याद्यद्यपि प्राक्पदव्या-**
**मिह निहितपदानां हंत हस्तावलम्बः।**
**तदपि परममर्थं चिच्चमत्कारमात्रं**
**परविरहितमन्तः पश्यतां नैष किंचित्।।''**

---

**આ સર્વ ભાવ કહેલ છે વ્યવહારનયના આશ્રયે;**
**સંસારી જીવ સમસ્ત સિદ્ધસ્વભાવી શુદ્ધનયાશ્રયે. ૪૯.**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અન્વયાર્થ :– [ एते ] આ (પૂર્વોક્ત) [ सर्वे भावाः ] બધા ભાવો [ खलु ] ખરેખર [ व्यवहारनयं प्रतीत्य ] વ્યવહારનયનો આશ્રય કરીને [ भणिताः ] (સંસારી જીવોમાં વિદ્યમાન) કહેવામાં આવ્યા છે; [ शुद्धनयात् ] શુદ્ધનયથી [ संसृतौ ] સંસારમાં રહેલા [ सर्वे जीवाः ] સર્વ જીવો [ सिद्धस्वभावाः ] સિદ્ધસ્વભાવી છે.

ટીકા :– આ, નિશ્ચયનય અને વ્યવહારનયના [૧]ઉપાદેયપણાનું પ્રકાશન (-કથન) છે.

પૂર્વે જે વિભાવપર્યાયો 'વિદ્યમાન નથી' એમ પ્રતિપાદિત કરવામાં આવ્યા છે તે બધા વિભાવપર્યાયો ખરેખર વ્યવહારનયના કથનથી વિદ્યમાન છે. વળી જેઓ (વ્યવહારનયના કથનથી) ચાર વિભાવભાવે પરિણત હોવાથી સંસારમાં પણ રહ્યા છે તે બધા શુદ્ધનયના કથનથી શુદ્ધગુણપર્યાયો વડે સિદ્ધભગવંતો સમાન છે (અર્થાત્ જે જીવો વ્યવહારનયના કથનથી ઔદયિકાદિ વિભાવભાવોવાળા હોવાથી સંસારી છે તેઓ બધા શુદ્ધનયના કથનથી શુદ્ધ ગુણો અને શુદ્ધ પર્યાયોવાળા હોવાથી સિદ્ધ સદ્દશ છે).

---

## પ્રવચન નં. ૫૩, ગાથા-૪૯ રવિવાર, શ્રાવણ વદ ૬, તા.૩૧-૦૮-૧૯૮૦

---

'નિયમસાર' ગાથા ૪૯.

एदे सव्वे भावा ववहारणयं पडुच्च भणिदा हु।
सव्वे सिद्धसहावा सुद्धणया संसिदी जीवा।।४९।।

આ સર્વ ભાવ કહેલ છે વ્યવહારનયના આશ્રયે;
સંસારી જીવ સમસ્ત સિદ્ધસ્વભાવી શુદ્ધનયાશ્રયે. ૪૯.

---

૧. પ્રમાણભૂત જ્ઞાનમાં શુદ્ધાત્મદ્રવ્યનું તેમ જ તેના પર્યાયોનું બન્નેનું સમ્યક્ જ્ઞાન હોવું જોઈએ. 'પોતાને કથંચિત્ વિભાવપર્યાયો વિદ્યમાન છે' એવો સ્વીકાર જ જેના જ્ઞાનમાં ન હોય તેને શુદ્ધાત્મદ્રવ્યનું પણ સાચું જ્ઞાન હોઈ શકે નહિ. માટે 'વ્યવહારનયના વિષયોનું પણ જ્ઞાન તો ગ્રહણ કરવા યોગ્ય છે' એવી વિવક્ષાથી જ અહીં વ્યવહારનયને ઉપાદેય કહ્યો છે, 'તેમનો આશ્રય ગ્રહણ કરવા યોગ્ય છે' એવી વિવક્ષાથી નહિ. વ્યવહારનયના વિષયોનો આશ્રય (–આલંબન, વલણ, સંમુખતા, ભાવના) તો છોડવાયોગ્ય જ છે એમ સમજાવવા ૫૦મી ગાથામાં વ્યવહારનયને સ્પષ્ટપણે હેય કહેવામાં આવશે. જે જીવને અભિપ્રાયમાં શુદ્ધાત્મદ્રવ્યના આશ્રયનું ગ્રહણ અને પર્યાયોના આશ્રયનો ત્યાગ હોય, તે જ જીવને દ્રવ્યનું તેમ જ પર્યાયોનું જ્ઞાન સમ્યક્ છે એમ સમજવું અન્યને નહિ.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'ટીકા :– આ, નિશ્ચયનય અને વ્યવહારનયના ઉપાદેયપણાનું પ્રકાશન (-કથન) છે.'** બન્ને નયનું કથન. ઉપાદેય એટલે એક છે એટલું કહેવા માટે ઉપાદેય કહ્યું. નીચે અર્થ છે. નીચે અર્થ કર્યો છે. **'પ્રમાણભૂત જ્ઞાનમાં....'** કોઈપણ દ્રવ્યનું પ્રમાણ (જ્ઞાન અર્થાત્) દ્રવ્ય અને પર્યાય બેનું ભેગું જ્ઞાન જ્યારે હોય ત્યારે **'શુદ્ધાત્મદ્રવ્યનું તેમ જ તેના પર્યાયોનું બન્નેનું સમ્યક્ જ્ઞાન હોવું જોઈએ.'** પ્રમાણજ્ઞાનમાં દ્રવ્ય અને પર્યાય બન્ને સાથે હોય છે. નિશ્ચયનયમાં સામાન્ય હોય છે, વ્યવહારનયમાં પર્યાય હોય છે. પ્રમાણજ્ઞાનમાં સામાન્ય અને વિશેષ બે ભેગા હોય છે. એ કહે છે. **'તેના પર્યાયોનું બન્નેનું સમ્યક્ જ્ઞાન હોવું જોઈએ.'**

**'પોતાને કથંચિત્ વિભાવપર્યાયો વિદ્યમાન છે'...'** આત્મામાં વિકારી પર્યાય છે, વિદ્યમાન છે, એવો સ્વીકાર જેના જ્ઞાનમાં નથી. વિકારી પર્યાય છે, વ્યવહારનય છે તો નયનો વિષય પણ છે. એમ છે એનું જ્ઞાન ન હોય, એને શુદ્ધાત્મ દ્રવ્યનું પણ સાચું જ્ઞાન નથી હોતું. પર્યાયમાં વિકારીભાવ ન હોય એમ માનનારાને દ્રવ્યનું–વસ્તુનું પણ સાચું જ્ઞાન હોતું નથી. સમજાણું કાંઈ? પર્યાયમાં વિકારીભાવ છે. એમ જે ન માને એને દ્રવ્યનું સાચું જ્ઞાન નથી હોતું. કેમ કે દ્રવ્ય અને પર્યાય મળીને પ્રમાણ છે. પ્રમાણજ્ઞાનના વિષયમાં બન્ને નયનો વિષય આવે છે.

**'માટે 'વ્યવહારનયના વિષયોનું પણ જ્ઞાન તો ગ્રહણ કરવા યોગ્ય છે'...'** જ્ઞાન ગ્રહણ કરવા યોગ્ય છે. જાણવું એ ગ્રહણ કરવાયોગ્ય છે. વ્યવહારનયનો વિષય છે એમ જાણવું. જાણેલો પ્રયોજનવાન છે, એ (સમયસારની)૧૨મી ગાથામાં આવ્યું છે. એ અહીં કહ્યું. **'જ્ઞાન તો ગ્રહણ કરવા યોગ્ય છે...'** એનો આશ્રય **'એવી વિવક્ષાથી જ અહીં વ્યવહારનયને ઉપાદેય કહ્યો છે,...'** જ્ઞાન કરવાનું કહ્યું. એનો આશ્રય **'ગ્રહણ કરવા યોગ્ય છે એવી વિવક્ષાથી નહિ.'** શું કહ્યું? આ વ્યવહારનય(નો) પર્યાયમાં આદર કરવાનું, ઉપાદેય કરવાનું કહ્યું નથી. પર્યાયમાં વિકાર છે, એના જ્ઞાનના સ્વીકાર કરવાને કારણે ઉપાદેય કહ્યું છે. પણ એનો આશ્રય કરવા લાયક છે એમ નથી. આહાહા..!

**'એવી વિવક્ષાથી જ અહીં વ્યવહારનયને ઉપાદેય કહ્યો છે,...'** એને જાણવા લાયક છે. સંસાર છે, વિકાર છે, સમકિતીને પણ પર્યાયમાં રાગ છે. એમ વ્યવહારનયને જાણવામાં ગ્રહણ કરવા લાયક છે. **'તેમનો આશ્રય ગ્રહણ કરવા યોગ્ય છે' એવી વિવક્ષાથી નહિ.'** એવા કથનથી આ નથી કહ્યું. **'વ્યવહારનયના વિષયોનો આશ્રય (–આલંબન, વલણ, સંમુખતા, ભાવના) તો છોડવાયોગ્ય જ છે....'** એ તો છોડવાયોગ્ય જ છે, છોડવા યોગ્ય જ છે. **'એમ સમજાવવા ૫૦મી ગાથામાં...'** આગળ કહેશે. **'૫૦મી ગાથામાં વ્યવહારનયને સ્પષ્ટપણે હેય કહેવામાં આવશે.'** પ્રગટપણે વ્યવહારનય હેય છે. જાણવાલાયક છે. છે એમ જાણવાલાયક છે, પણ છે હેય. આહાહા..! હમણાં બહુ ગડબડ ચાલી છે.

**'૫૦મી ગાથામાં વ્યવહારનયને સ્પષ્ટપણે હેય કહેવામાં આવશે. જે જીવને અભિપ્રાયમાં...'**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શ્રદ્ધામાં '**શુદ્ધાત્મદ્રવ્યના આશ્રયનું ગ્રહણ અને પર્યાયોના આશ્રયનો ત્યાગ હોય,...**' ત્યાગ હોય '**તે જ જીવને દ્રવ્યનું તેમ જ પર્યાયોનું જ્ઞાન સમ્યક્ છે એમ સમજવું, અન્યને નહિ.**' ઉપાદેય આવ્યું ને? એટલે ખુલાસો કર્યો. વ્યવહારનય અને નિશ્ચયનય બન્નેને ઉપાદેય કહ્યા. તો એનો અર્થ શું? કે પર્યાયમાં વ્યવહાર વિકાર છે, પર્યાય છે, એમ જાણવા કહ્યું છે. પણ એનો આશ્રય કરવાલાયક છે, પર્યાયની સન્મુખ થઈને એનો આદર કરવાલાયક છે, એ માટે ઉપાદેય નથી કહ્યું. આહાહા..! હવે આમાં મોટી તકરાર છે. નિશ્ચયનું કારણ છે માટે વ્યવહારનય પણ આદરણીય છે, એમ કહે છે. એમ અહીંયા નથી. અહીં તો વ્યવહારનયનો વિષય છે, જાણવાલાયક છે, આદરવાલાયક છે એમ નથી. અને વ્યવહારથી નિશ્ચય થાય છે એમ પણ નથી. આહાહા..! શું કહ્યું?

'**પૂર્વે જે વિભાવપર્યાયો...**' મૂળ ટીકા. ''**વિદ્યમાન નથી' એમ પ્રતિપાદિત કરવામાં આવ્યા છે તે બધા વિભાવપર્યાયો ખરેખર...**' આહાહા..! વિભાવપર્યાય શું ક્ષાયિકભાવને પણ હેય કહ્યો. ચાર ભાવની પર્યાયને હેય કહ્યું. આહાહા..! એ '**વિભાવપર્યાયો ખરેખર વ્યવહારનયના કથનથી વિદ્યમાન છે.**' વ્યવહારનયથી વર્તમાન છે, એમ જ્ઞાન કરાવવા કહ્યું છે.

'**વળી જેઓ (વ્યવહારનયના કથનથી) ચાર વિભાવભાવે પરિણત હોવાથી સંસારમાં પણ રહ્યા છે...**' એ વ્યવહારનથી તો ચાર વિભાવભાવરૂપે પરિણત. આહાહા..! ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક–ચારેને અહીંયા વિભાવભાવ કહ્યા છે. આહાહા..! ત્રિકાળી સ્વભાવ, પારિણામિક સ્વભાવ એ એક ત્રિકાળી સનાતન દ્રવ્ય છે અને આ ચાર પર્યાય છે. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક, ચારે પર્યાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, કે આ આત્માનું દ્રવ્ય છે એ ત્રિકાળી દ્રવ્ય છે અને તેની વર્તમાન પર્યાય છે, એ વર્તમાન અવસ્થા છે. તો અવસ્થાને જાણવી એમ કહેવામાં આવ્યું છે, પણ અવસ્થાનો આશ્રય કરવાલાયક છે એમ નથી કહ્યું. આહાહા..! કહો, 'ધન્નાલાલજી'! ચાર વિભાવસ્વભાવ કીધા. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક ચાર પર્યાય છે. એ આશ્રય કરવાલાયક નથી, જાણવાલાયક છે, છે એમ જાણવાલાયક છે. આદરણીય તો ત્રિકાળી પરમસ્વભાવભાવ, પંચમ જ્ઞાયકભાવ એ સમકિતનો વિષય આદરણીય છે. એ એક જ સમકિતનો વિષય છે. ચાર પર્યાય એ સમકિતનો વિષય નથી. આહાહા..! આવી ઝીણી વાતું!

બહારની ક્રિયાકાંડ તો ક્યાંય રહી ગઈ. દેહની ક્રિયા, વાણીની ક્રિયા એ તો જડ છે. જડને તો આત્મા અડતો પણ નથી. જડને આત્મા કદી સ્પર્શતો નથી. ચૈતન્યતત્ત્વ જડને કદી સ્પર્શ કરતું નથી. અરે...! જડનો એક પરમાણુ બીજા પરમાણુને કદી સ્પર્શતો નથી. આહાહા..! હવે આવી વાત! આ કરો.. આ કરો... શું કરે? પ્રભુ! તું કોણ છો? શું છો? તારી ચીજ જ્ઞાયકભાવ છે. જ્ઞાયક, જાણક સ્વભાવનો પિંડ છે. એ તો જાણકસ્વભાવ, એનો પિંડ છે. એ જ આદરણીય છે, એ જ ગ્રહણ કરવાલાયક છે. એ સિવાય પર્યાય જે થાય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે, એ જાણવા લાયક છે, માનવા લાયક છે. છે એમ માનવાલાયક છે. આશ્રય કરવાલાયક નથી. આહાહા..! આવી વાત હવે આકરી પડે. શું થાય?

**‘ચાર વિભાવભાવે પરિણત હોવાથી સંસારમાં પણ રહ્યા છે...’** આહાહા..! **‘તે બધા શુદ્ધનયના કથનથી શુદ્ધગુણપર્યાયો વડે સિદ્ધભગવંતો સમાન છે...’** આહાહા..! શું કહે છે? સંસારી પ્રાણીમાં રાગ, દ્વેષ, દયા, દાનનો ઉદયભાવ પણ છે. ચારિત્રનો, સમકિતનો, ઉપશમ ભાવ છે, ક્ષયોપશમ જ્ઞાનનો ભાવ છે અને ક્ષાયિકજ્ઞાનનો ભાવ પણ સમકિતનો છે. એ જાણવાલાયક છે. આહાહા..! એને આદરવાલાયક નથી. એ કહ્યું ને? **‘ચાર વિભાવભાવે પરિણત હોવાથી સંસારમાં પણ રહ્યા છે...’** આહાહા..! જ્યાં સુધી ચાર વિભાવભાવ... વિભાવનો અર્થ અહીંયા વિકાર નહિ, વિશેષભાવ. સામાન્ય જે ત્રિકાળી આત્મા, ત્રિકાળી સ્વરૂપ ભગવાનઆત્મા એ સામાન્ય અને એની પર્યાય અવસ્થા–હાલત એ વિશેષ. એ વિશેષભાવ સંસાર અવસ્થામાં છે. છે એમ માનવા લાયક છે. એ પણ... આહાહા..!

એ ચાર પર્યાય હોવા છતાં, સંસાર દશામાં એ હોવા છતાં પણ **‘બધા શુદ્ધનયના કથનથી શુદ્ધગુણપર્યાયો વડે સિદ્ધભગવંતો સમાન છે...’** ચાર પર્યાય ભલે હો, પણ શુદ્ધનયના કથને તો આત્મા સિદ્ધ સમાન જ છે. આહાહા..! એ આત્મામાં જે ચાર પર્યાય છે એ તો જાણવાલાયક છે. આદરવા લાયક નથી. દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા આદિ ભાવ આવે છે પણ આશ્રય કરવાલાયક નથી. અને એનાથી લાભ થાય છે એમ માનવા લાયક નથી. પણ એ છે એમ જાણવાલાયક છે. આહાહા..! માણસને ક્યાં જાવું? આકરું પડે.

અહીં કહ્યું ને એ, કે **‘ચાર વિભાવભાવે પરિણત હોવાથી સંસારમાં પણ રહ્યા છે...’** જીવ છે એમ નથી. ચાર પર્યાયવાળો સંસારી છે, પણ એ બધા શુદ્ધનયના કથને. અંતરની નિશ્ચયદષ્ટિના કથનથી. ત્રિકાળ સ્વભાવનું જ્ઞાન કરાવવા એ જ એક આદરણીય છે. ત્રિકાળ જ્ઞાયકભાવ એક જ આદરણીય છે એમ કહેવા **‘એ શુદ્ધનયના કથનથી શુદ્ધગુણપર્યાયો વડે સિદ્ધભગવંતો સમાન છે...’** એ ચાર ભાવવાળા સંસારી જીવ પણ નિશ્ચયનયથી સિદ્ધ સમાન જ છે. આહાહા..! ભારે આકરી વાત.

અહીં તો બધા ચાર ભાવવાળાને સંસારી કહ્યા. ચાર ભાવવાળાને સંસારી કહ્યા. એ છે, પણ શુદ્ધનયથી, નિશ્ચયનયથી, પરમ સત્યદષ્ટિથી, પરમ ત્રિકાળી પારિણામિક સ્વભાવનો સ્વીકાર કરનારી દષ્ટિએ જોઈએ તો સર્વ સિદ્ધ સમાન છે. એ ચાર પર્યાય-ફર્યાય વસ્તુમાં નથી. આહાહા..! આવી વાત જગતને આકરી પડે. શું થાય? મળી નથી. આહાહા..! ચોરાશીના અવતાર કરી કરીને અનંતકાળ થયો. એક એક યોનીમાં અનંત અવતાર કર્યા. અનંતા-અનંતા ભવ, જેના ભવની ગણતરી નહિ. એવા એક એક યોનિમાં અનંત અનંતવાર ચોરાશી લાખ યોનીમાં અવતાર ધારણ કર્યા. એક આત્મજ્ઞાન વિના. બાકી ક્રિયાકાંડ તો ઘણાં કર્યા. એ તો અનંતવાર કર્યા પણ એ તો રાગની ક્રિયા છે. આહાહા..! રાગથી પુણ્યબંધ અને

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પુણ્યબંધથી સંસાર મળશે. જન્મ-મરણનો અંત એનાથી નથી થતો. આહાહા..!

અહીં કહ્યું ને, ચાર વિભાવસ્વભાવવાળા સંસારી છે. નથી એમ નહિ. પર્યાયદૃષ્ટિવાળા સંસારી જીવ ચાર ભાવવાળા છે. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવવાળા (છે ખરા). પણ શુદ્ધનયની દૃષ્ટિથી જોઈએ તો એ ચાર ભાવ નથી, એકલો શુદ્ધભાવ છે. આહાહા..! જગતને આકરું પડે. શું થાય? નવરાશ ન મળે. ધંધા આડે, પાપ આડે આખો દિ'. એમાં ધર્મને નામે બહારની ક્રિયાકાંડમાં માની લીધું. જિંદગી ચાલી જાય છે. અવસર મૃત્યુની સમીપ આવે છે. આહાહા..! અહીં કહે છે, પ્રભુ! પરમાત્મા એમ કહે છે, ત્રિલોકનાથ જિનેશ્વરદેવ, એક સમયમાં સંસારી પ્રાણીને પર્યાયમાં ભલે ચાર ભાવ હો, પણ શુદ્ધનયથી જોઈએ તો એ ચાર ભાવની ગણતરી નથી આવતી. એ તો સિદ્ધ સમાન ત્રિકાળી સનાતન ચૈતન્યસ્વરૂપ છે. પંચમભાવસ્વરૂપ ત્રિકાળી છે. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પર્યાય-ફર્યાય નહિ. પર્યાય નહિ.

**'શુદ્ધનયના કથનથી શુદ્ધગુણપર્યાયો વડે...'** પર્યાય એટલે સિદ્ધની પર્યાય. આ પર્યાય નહિ. સિદ્ધના પર્યાય અને ગુણ જેવા બધા જીવ છે. આ પર્યાય ક્ષાયિકભાવને તો પહેલા કાઢી નાખી. પણ સિદ્ધની પર્યાય જે છે, એ પણ છે તો ક્ષાયિકભાવ. એ નહિ. પણ અહીં તો ચાર ભાવવાળા સંસારી જીવ છે એમ પહેલા લીધું. સંસારી પ્રાણી ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક ચાર પર્યાયવાળા સંસારી પ્રાણી છે. એને શુદ્ધનયે જોઈએ તો સિદ્ધ સમાન છે. સિદ્ધના ગુણ અને પર્યાય સમાન સિદ્ધ જ છે. આહાહા..! ક્ષાયિકભાવની પર્યાયને પણ કાઢી નાખી. અહીં સિદ્ધ સમાનમાં ક્ષાયિકભાવ પાછો આવી જાય છે.

'સિદ્ધ સમાન સદા પદ મેરો.' આહાહા..! 'સિદ્ધ સમાન સદા પદ મેરો...' પ્રભુ અંદર નિર્મળાનંદ બિરાજે છે, ભગવાન! એની પર્યાય અવસ્થા ન જુઓ તો અંદર ભગવાન પરિપૂર્ણ, અતીન્દ્રિય આનંદથી સર્વાંગ ભરેલો છે. આહાહા..! પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ વીતરાગ શાંતિથી અંદર પૂર્ણ ભરેલો છે. આહાહા..! એ નયે જોઈએ તો સંસારીના જે ચાર ભાવ છે, એ આમાં નથી. સિદ્ધ સમાન છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' આહાહા..!

સમ્યગ્દર્શનનો વિષય ત્રિકાળી દ્રવ્ય છે. આહાહા..! વર્તમાન ક્ષાયિક પર્યાય પણ સમ્યગ્દર્શનનો વિષય નથી. આહાહા..! વર્તમાન ક્ષાયિક સમકિત હો, ક્ષાયિક યથાખ્યાત ચારિત્ર હો, એ પણ સમ્યગ્દર્શનનો વિષય નથી, સમ્યગ્દર્શનનું ધ્યેય નથી. સમ્યક્ ચોથા ગુણસ્થાનવાળા ધર્મની પહેલી શરૂઆતવાળા, ધર્મનું પહેલું સોપાન અને પહેલું પગથિયું... આહાહા..! એ સિદ્ધ સમાન આત્મા છે, એમ સમ્યગ્દૃષ્ટિ માને છે. સમ્યક્ એટલે સત્ય દૃષ્ટિ. ત્રિકાળ પરમ સત્ય સ્વભાવ ભગવાનઆત્મા. પંચમ સ્વભાવભાવ ત્રિકાળ જ્ઞાયકભાવ, એનો સ્વીકાર દૃષ્ટિમાં કરે એ સમ્યગ્દૃષ્ટિ છે. એ સમ્યગ્દર્શનનો વિષય, ધ્યેય, લક્ષ, ત્રિકાળી વસ્તુ આત્મા જ્ઞાયકભાવ.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ચાર પ્રકારની પર્યાય પણ સમ્યગ્દર્શનનો વિષય નથી. આહાહા..! આમાં ક્યારેય નવરાશ ક્યાં છે? ફૂરસદ ક્યાં છે? બહારના ક્રિયાકાંડની પ્રવૃત્તિમાં પડીને જિંદગી ચાલી જાય છે. આહા..! અંતર વસ્તુ મહાપ્રભુ પડી છે.

પરમાત્માનો પોકાર છે. અરિહંતદેવ સર્વજ્ઞદેવ પરમાત્માની આ વાણી છે. પ્રભુ! તારી પર્યાયમાં સંસાર દશામાં જે ચાર ભાવ દેખાય છે, એ વાત હેય છે. તારી ચીજ સિદ્ધ સમાન ત્રિકાળ છે. આહાહા..! શરીર, વાણી, મન, કર્મ, પૈસો, લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ એ તો ક્યાંય પર રહી ગયા, ક્યાંય પર. એને કારણે આવે અને એને કારણે જાય. આત્માને કાંઈ સંબંધ નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને ચુંબતું નથી. ત્રણલોકના નાથ કેવળજ્ઞાનીનો પોકાર છે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. આહાહા..!

મુમુક્ષુ :– ક્યારે?

ઉત્તર :– અત્યારે. ત્રણેકાળે. 'સમયસાર'ની ૩જી ગાથામાં છે. સર્વ દ્રવ્યો, અનંતા પદાર્થ જેટલા છે, એ પોતાના ગુણ-પર્યાયરૂપ ધર્મને સ્વભાવને સ્પર્શે છે, પણ પરદ્રવ્યને અડતા પણ નથી. આ આત્મા અંદર છે એ શરીરને અડતો પણ નથી. કોણ માને? પાગલ જ કહે એવું છે ને? આહાહા..! લોક પાગલ, લોક પાગલ. એ પાગલ સત્યને પાગલ કહે એવું છે. ભગવાન અરિહંતનો પોકાર છે, કે ત્રણકાળમાં આ આત્મા શરીરને સ્પર્શતો નથી, અડતો નથી. એમ આત્મા ચૈતન્યસ્વરૂપને અંદર આઠ કર્મ એ અંદર અડ્યા નથી. બે ચીજ તદ્દન ભિન્ન છે. આહાહા..!

**'एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे।' 'एकत्वनिश्चयगतः'** એક આત્મા પર્યાયને આશ્રયે નહિ. ત્રિકાળી દ્રવ્ય વસ્તુ જે સત્ સનાતન, સર્વજ્ઞ જિનેશ્વરે, જે દ્રવ્યસ્વભાવ, વસ્તુસ્વભાવ જોયો, એ દ્રવ્ય જે છે, **'एकत्वनिश्चयगतः'** એ એકપણાને નિશ્ચયને પ્રાપ્ત તે સુંદર છે. આહાહા..! એ બીજા દ્રવ્યને અડતો નથી. ત્રણકાળમાં કદી એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડ્યું નથી, સ્પર્શતું નથી. આહાહા..!

મુમુક્ષુ :– અડે તો અભડાય જાય?

ઉત્તર :– અડી શકે જ નહિ. વસ્તુનો સ્વભાવ જ એવો છે. એક તત્ત્વમાં બીજા તત્ત્વનો અત્યંત અભાવ છે. તો અત્યંત અભાવ છે એટલે એક ચીજ બીજી ચીજને સ્પર્શતી નથી. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! 'સમયસાર' ત્રીજી ગાથા. **'एकत्वनिश्चयगतः'** ટીકામાં લખ્યું છે, કે એક તત્ત્વ બીજા તત્ત્વને કદી ચુંબતું નથી. આહાહા..! એક આત્મા બીજા આત્માને, શરીરને, વાણીને, કર્મને કદી અડ્યો નથી. હવે આ વાત બેસવી કઠણ લાગે.

એ અહીં કહે છે. સંસારી પ્રાણી ચાર પર્યાયવાળા છે એ તો કહ્યું. ચાર ગતિમાં જીવની હયાતી જે છે એ ચાર પર્યાયવાળા છે. પણ વસ્તુદૃષ્ટિ એની જોઈએ એમાં કાયમી રહેનાર પરમાત્મસ્વરૂપ આત્મા, એ દૃષ્ટિથી એ બધા હેય છે. આહાહા..! એ તો સિદ્ધ સમાન જ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. આહાહા..! એ આત્મા સમ્યગ્દર્શનનો વિષય છે. સમકિત–ચોથું ગુણસ્થાન જેને પ્રથમ પ્રગટ થાય, એનો વિષય આ એક જ્ઞાયકભાવ છે. એની ચાર પર્યાય પણ એનો વિષય નથી. આહાહા..! આવી વાત છે. શું થાય? નવરાશ ન મળે. પ્રવૃત્તિમાં બધા ધર્મ મનાઈ ગયા. પ્રવૃત્તિ આ દયા પાળો, વ્રત કરો, ભક્તિ કરો, પૂજા કરો, એમાં ધર્મ મનાઈ ગયો. એ તો રાગ છે, આહાહા..! અને એ તો ઉદયભાવ છે.

અહીંયા તો ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકભાવ પણ સંસારી જીવને છે એમ કહ્યું. આહાહા..! આત્માને એ ભાવ નથી. આત્મા તો ત્રિકાળી જ્ઞાયક આનંદકંદ પ્રભુ છે. અનાકુળ આનંદનો નાથ, એવો ભગવાન સર્વજ્ઞે જેવો જોયો, અનુભવ્યો અને પરમાત્માએ પ્રગટ કર્યો, એવો જ બધાનો આત્મા અંદર છે. ચાર ભાવને અને એને સંબંધ નથી એમ કહે છે. તો વળી શરીરને, વાણીને, મનને, બહારની આ ધૂળને–પૈસા-બૈસાને ધૂળ મારા માને એ બધું મિથ્યાત્વ અને અજ્ઞાન છે. આહાહા..!

મુમુક્ષુ :– ....

ઉત્તર :– ચક્રવર્તી સમકિતી એક રજકણ પણ મારો છે એમ માનતા નથી. ભરત ચક્રવર્તી એક રાગનો કણ મારો છે એમ માનતા નથી. ઋષભદેવ ભગવાનના પુત્ર, પહેલા તીર્થંકરના પુત્ર ચક્રવર્તી. ૯૬ હજાર સ્ત્રી, ૯૬ કરોડ પાયદળ... આહાહા..! હું તો આત્મા આનંદસ્વરૂપ છું. જ્ઞાનસ્વરૂપ એવી ચીજ મારી છે, એમ માનતા હતા. આહાહા..! જેમ અગ્નિ અને બરફ. દાખલો આવ્યો હતો ને? 'બહેન'માં આવ્યો હતો. અગ્નિ અને બરફમાં વચ્ચે ઊભેલો પ્રાણી, એ અગ્નિ તરફ નહિ જાય. બરફ તરફ જશે. વચ્ચે ઊભો એ આ બાજુ ઢળશે, આમ નહિ જાય.

એમ ભગવાનઆત્મા પુણ્ય અને પાપના ભાવ એ અગ્નિ છે. આહાહા..! શુભ અને અશુભભાવ એ અગ્નિ, અને શુભ-અશુભભાવ રહિત અંદર પ્રભુ શીતળ-ઠંડો બરફ જેવો અવિકારી શાંતરસ છે. તો ધર્મીજીવ શાંતરસ તરફ જશે. પણ એ વિકારીભાવ અગ્નિ સમાન છે એ બાજુ નહિ જાય. આહાહા..! આવી વાત છે. કોઈ દિ' સાંભળી ન હોય. અને એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણેન્દ્રિયા, ચોઇન્દ્રિયા, પંચેન્દ્રિયા આવી વાત કરીને માને કે ધર્મ થઈ ગયો. અરે..! પ્રભુ! અનંતકાળ વીતી ગયો, નાથ! એવા એવા તો અનંતા ભવ કર્યા પણ એક પણ ભવ ઘટ્યો નહિ. આહાહા..!

અહીં કહે છે, કે **'ઔદયિકાદિ વિભાવભાવોવાળા હોવાથી સંસારી છે...'** એમ કહ્યું ને? છે. **'તેઓ બધા...'** ઉદયભાવવાળા પણ, હોં! અંદર. **'તેઓ બધા શુદ્ધનયના કથનથી...'** પવિત્ર દૃષ્ટિ અને કથનથી, વાસ્તવિક વસ્તુની દૃષ્ટિના કથનથી **'(શુદ્ધ ગુણો અને શુદ્ધ પર્યાયોવાળા હોવાથી સિદ્ધ સદૃશ છે).'** સિદ્ધની પર્યાય લીધી. આ નહિ. આહાહા..! આકરી વાત છે, ભાઈ! આમાં ક્યાં દુકાન-બુકાનમાં ચાલ્યું હશે. પૈસો ને ધૂળ ભેગી કરી ને, કરોડ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



રૂપિયા, બે કરોડ રૂપિયા, દસ કરોડ રૂપિયા અને ધૂળ કરોડ... આહાહા..!

અહીં તો કહે, કે આ શરીરનો એક રજકણ છે, આ તો અનંતા રજકણનું બનેલું જડ, માટી, ધૂળ, એનો એક રજકણ પણ આત્માનો નથી. અને આંગળી હલે છે એ પણ આત્માથી નહિ. અરે..! એ કોણ માને? આંગળી ચાલે છે, જીભ ચાલે છે, જડ જડથી ચાલે છે, આત્માથી નહિ. આત્મા તો આનંદ અને જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા, પોતાની ચીજમાં બિરાજમાન છે. એ પર ચીજની ક્રિયાનો અભિમાની સંસારમાં ચોરાશી લાખ યોનીમાં રખડે છે. અહીં કહ્યું ને, કે **'ઔદયિકાદિ વિભાવભાવોવાળા હોવાથી સંસારી છે.'** તે પણ વ્યવહારનયથી. એમ કહ્યું ને? આહાહા..!

ઉપર ન કહ્યું? કે **'ચાર વિભાવભાવે પરિણત હોવાથી સંસારમાં પણ રહ્યા છે તે બધા શુદ્ધનયના કથનથી શુદ્ધગુણપર્યાયો વડે સિદ્ધભગવંતો સમાન છે.'** આહાહા..! બધા ભગવાન અંદર, જો સિદ્ધ ભગવાનસ્વરૂપ ન હોય, તો સિદ્ધ ભગવાન થશે ક્યાંથી? પ્રાપ્તની પ્રાપ્તિ છે તો પ્રાપ્તિ થાય છે. કૂવામાં હોય તો અવેડામાં આવે. અવેડાને શું કહે? હોજમાં આવે. એમ અંદરમાં અનંત જ્ઞાન, આનંદ અને શાંતિ છે. અનંત અનંતગુણનો પિંડ પ્રભુ, જેમાં રાગની ગંધ નથી, એવી ચીજની દૃષ્ટિ કરવાથી શુદ્ધનયથી સિદ્ધ સમાન જોવામાં આવે છે. આહાહા..! છે?

ટીકામાં પાઠ છે. **'વ્યવહારનયના કથનથી વિદ્યમાન છે.'** આહાહા..! **'તે બધા શુદ્ધનયના કથનથી શુદ્ધગુણપર્યાયો વડે સિદ્ધભગવંતો સમાન છે...'** આકરી વાત છે, પ્રભુ! એ એક વાત બેસે તો એને સમ્યગ્દર્શન થાય. બાકી ક્રિયાકાંડ અને અપવાસ કરીને મરી જાય. આહાહા..! ચોવિહાર, અપવાસ અને શરીરનું બ્રહ્મચર્ય પાળે એવી ક્રિયાઓ અનંતવાર કરી અને અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો. પણ અંતરનો આત્મા ભગવાન અંદર પૂર્ણાનંદનો નાથ (એના) ઉપર એણે ક્યારેય દૃષ્ટિ કરી નહિ. એનો સ્વીકાર, સત્કાર, આદર કર્યો નથી. આ રાગભાવનો આદર કર્યો. આહાહા..! એમ કહ્યું ને? કૌંસમાં પણ એ છે.

**'(જે જીવો વ્યવહારનયના કથનથી ઔદયિકાદિ વિભાવભાવોવાળા હોવાથી સંસારી છે તેઓ બધા શુદ્ધનયના કથનથી શુદ્ધ ગુણો અને શુદ્ધ પર્યાયોવાળા હોવાથી સિદ્ધ સદૃશ છે.)'** સિદ્ધ સમાન છે. આહાહા..! પૈસા અને ધૂળ એ તો ક્યાંય રહી ગઈ. શરીર માટી, આ તો માટીનું, ધૂળનું બનેલું છે. એ સ્મશાનમાં રાખ થઈને ઊડી જશે. 'રજકણ તારા રખડશે, જેમ રખડતી રેત. પછી નરતન પામીશ ક્યાં? ચેત ચેત નર ચેત.' આ વસ્તુ સ્વરૂપ ન સમજ્યો, અંદરમાં સમ્યગ્જ્ઞાન ન કર્યું, દોરો સોયમાં ન પરોવ્યો તો એ સોય ખોવાઈ જશે. સોયમાં સૂતરનો દોરો પરોવ્યો નહિ હોય તો એ ખોવાઈ જશે. એમ આત્મારૂપી સોય, એ ચાર ભાવથી ભિન્ન એકલો જ્ઞાયક, એવું જેણે જ્ઞાન નથી કર્યું, એવું શ્રુતજ્ઞાન, ભાવજ્ઞાન નથી કર્યું એ ચાર ગતિમાં રખડશે. આહાહા..! આવી વાત છે. આખો દિ' કરવું શું? આ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



બધું સ્ટીલના બધા કારખાના. મોટા કારખાના. ત્રણ-ત્રણ કરોડના કારખાના. 'લાલચંદભાઈ' છે ને? હતા ને? 'ઉજૈન'માં 'લાલચંદભાઈ' હતા. તેને ત્રણ કરોડનું કારખાનું. અમે ત્યાં ગયા હતા. પગલા કરાવ્યા હતા. વ્યાખ્યાન સાંભળે પણ પાછી ભ્રમણા એવી કે બ્રાહ્મણો પાસે માળા ગણાવે કે જેથી કરીને કાંઈ અમારું આ વધે, પૈસાની પેદાશ વધે. આહાહા..! અમે ઉતર્યા એ ઘરે બ્રાહ્મણ (જાપ) કરતા હતા. શેઠિયા કરોડપતિ. ત્રણ કરોડની એક મીલ. એલા..! આ શું કરો છો તમે આ? કાંઈ ખબર ન મળે. ધૂળમાં ન મળે.

અહીં તો કહે છે, પ્રભુ! સાંભળ તો ખરા. અહીં તો ચાર ભાવ એ પર્યાયમાં છે. ઉદયભાવ-એ રાગ-દ્વેષ, દયા, દાન એ ઉદયભાવ. અંદર અંશે શાંતિ પ્રગટે એ ઉપશમભાવ, જે પ્રગટ્યા પછી જાય નહિ એ ક્ષાયિકભાવ અને કાંઈક ઉઘાડ અને કાંઈક ઉઘાડ નહિ એ ક્ષયોપશમ. એ ચારે ભાવરૂપે પરિણમેલા સંસારી પ્રાણી છે. આવ્યું ને? આહાહા..! એ **'ચાર વિભાવભાવે પરિણત હોવાથી સંસારમાં પણ રહ્યા છે...'** આહાહા..! વ્યવહારનયનો વિષય છે, આદરણીય નથી. આહાહા..! **'તે બધા શુદ્ધનયના કથનથી...'** આહાહા..! **'શુદ્ધગુણપર્યાયો વડે સિદ્ધભગવંતો સમાન છે (અર્થાત્ જે જીવો વ્યવહારનયના કથનથી ઔદયિકાદિ...)'** ઉદય એટલે રાગાદિ. દયા, દાન, ભક્તિ, ભગવાનનું સ્મરણ એ બધો ઉદયભાવ, રાગ. રાગાદિના પરિણામને કરનારો **'વિભાવભાવોવાળા હોવાથી સંસારી છે...'** આહાહા..!

**'તેઓ બધા શુદ્ધનયના કથનથી શુદ્ધ ગુણો અને શુદ્ધ પર્યાયોવાળા હોવાથી સિદ્ધ સદ્દશ છે).'** આહાહા..! કેમ બેસે? આખો દિ' પાપના ધંધા-પાણી, બાયડી-છોકરાને સાચવવા, રાખવા, રાજી કરવા ને છ-સાત કલાક ઉંઘવું. આહાહા..! અરે..રે..! વખત ચાલ્યો જાય છે. મનુષ્યપણાનો અવતાર.. મૃત્યુની પળ છે એ ફરે એવી નથી. ભગવાનના જ્ઞાનમાં આવી છે કે આ પળે આ દેહ છૂટવાનો તો એ છૂટ્યે જ છૂટકો. આહાહા..! જે સમયે, જે ક્ષેત્રે, જે કાળે, જે રીતે નક્કી થઈ ગયેલું છે ત્યાં દેહ ફડાક દઈને છૂટી જવાનો છે. આત્માની પોતાની સત્તા છે તો લઈને ચાલ્યો જશે. આહાહા..! જશે ક્યાં? કે જેવા ભાવ પોતે કર્યા છે એમાં રહીને જશે. આહાહા..! રાગાદિને પોતાના ભાવ માન્યા હોય એ મિથ્યા દ્દષ્ટિ લઈને ચાર ગતિમાં રખડવા જશે. આહાહા..! દયા, દાનનો ભાવ રાગ અને એ પણ મારો, મને લાભદાયક, એવી જે મિથ્યા દ્દષ્ટિ લઈને ચાર ગતિમાં રઝળવા જશે. આહાહા..!

અહીં તો .... પણ ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકભાવને પણ સંસારી પરિણમિત છે એમ કહ્યું. આહાહા..! અને તારો આત્મા તો સિદ્ધ સમાન છે. આહાહા..! ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક પર્યાય તો નિર્મળ છે. કહે છે, એ ભલે હોય એ સંસારી પ્રાણી પરિણત છે. સિદ્ધમાં એ નથી. આહાહા..! સિદ્ધ ભગવાન પૂર્ણાનંદમાં સર્વાંગે જ્ઞાન અને આનંદ પડ્યા છે. એની દ્દષ્ટિથી આત્માને જુઓ તો, એ ચાર ભાવ અંતરમાં નથી. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં પાંચમાં શ્લોક દ્વારા) કહ્યું છે કે :–'** ઉપર શ્લોક છે.

**`व्यवहरणनयः स्याद्यद्यपि प्राक्पदव्या-**
**मिह निहितपदानां हंत हस्तावलम्बः।**
**तदपि परममर्थं चिच्चमत्कारमात्रं**
**परविरहितमन्तः पश्यतां नैष किंचित्।।**

આહાહા..! **'જોકે વ્યવહારનય આ પ્રથમ ભૂમિકામાં જેમણે પગ મૂક્યો છે..'** કે રાગાદિ ભાવ છે. **'એવા જીવોને, અરેરે!'** આચાર્ય કહે છે કે અરેરે! ખેદ છે. એ પુણ્ય અને પાપના ભાવમાં પડ્યો છે એ પ્રાણી દુઃખી છે. ચાર ગતિમાં રઝળનારો એ પ્રાણી છે. આહાહા..! કરોડપતિ, અબજપતિ હોય એ મરીને ભૂંડ થાય. આહાહા..! અનંત એવા અવતાર કર્યા. અનંતવાર અબજપતિ થયો, અનંતવાર અબજપતિ મરીને ભૂંડ થયો. અહીં નબળું પ્રાણી હોય એ અડે નહિ અને ત્યાં ભૂંડ (થઈને) વિષ્ટા ખાય. આહાહા..! અનંત-અનંતકાળ. ગયા કાળમાં અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... ભવનો ક્યાંય અંત નથી એટલા અનંત ભવ કર્યા. આહાહા..!

**'જોકે વ્યવહારનય આ પ્રથમ ભૂમિકામાં જેમણે પગ મૂક્યો છે એવા જીવોને, અરેરે! હસ્તાવલંબરૂપ ભલે હોય,...'** નિમિત્તપણે ભલે હોય, **'તોપણ...'** આહાહા..! **'જે જીવો ચૈતન્યચમત્કારમાત્ર,...'** ચૈતન્યચમત્કાર જ્ઞાયકસ્વરૂપ ભગવાનઆત્મા, ચૈતન્યના પ્રકાશનો પિંડ, પ્રભુ! ચૈતન્યના નૂરથી ભરેલું પૂર, એ ચૈતન્યના નૂરનું પૂર પ્રભુ અંદર છે. આહાહા..! અરે..રે..! કોઈ દિ' સામુંય જોયું નથી. ચૈતન્યના પૂરથી ભરેલું અંદર તત્ત્વ, પાણીનું પૂર જેમ વહે છે, એમ આ ચૈતન્યપૂર આમ ધ્રુવ. આમ ધ્રુવ. અનાદિઅનંત આમ ને આમ ધ્રુવ ધ્રુવ રહે છે. આહાહા..! એવા જે આત્મા... **'અરેરે!'** આચાર્ય કહે છે કે, **'અરેરે!'** ભગવાન! તું ક્યાં છો અને શું કરે છો? પ્રભુ! વિકારી દયા, દાનના ભાવને તારા માનીને રખડી મરી ગયો છો. ચોરાશીના અવતારમાં રખડીને મરી ગયો છે. આહાહા..!

**'અરેરે! હસ્તાવલંબરૂપ ભલે હોય, તોપણ જે જીવો ચૈતન્યચમત્કારમાત્ર,....'** ચૈતન્ય ચમત્કાર! આહાહા..! પોતાના ક્ષેત્રમાં રહીને સ્વને-પરને પૂર્ણ જાણનારો ભગવાન, દેહમાં બિરાજમાન ભગવાનઆત્મા. આહાહા..! પોતાના ક્ષેત્રમાં રહીને, પોતાના ભાવમાં રહીને, પોતાને અને પરને જાણનારો ભગવાનઆત્મા છે. આહાહા..! તેને અહીંયા આત્મા કહે છે. દયા, દાન, ભક્તિ, વ્રતાદિના પરિણામ તો પુણ્યબંધનું કારણ, સંસારમાં રખડવાનું કારણ છે. આહાહા..!

**'જે જીવો ચૈતન્યચમત્કારમાત્ર, પરથી રહિત...'** આહાહા..! રાગાદિથી રહિત ચૈતન્યમાત્ર

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates


ભગવાન અંદર આત્મા છે. આહાહા..! **'એવા પરમ પદાર્થને...'** ચૈતન્યચમત્કારમાત્ર, માત્ર કહેતાં અંદર બીજું કાંઈ નહિ. દયા, દાનના વિકલ્પ પણ રાગ ને વિકાર ને દુઃખ-આકુળતા, એનાથી રહિત ચૈતન્યમાત્ર એકલો ચૈતન્ય.. ચૈતન્યપ્રકાશ. જેમ ચંદ્ર શીતળનો પિંડ છે, એમ આ શીતળ અવિકારી ચૈતન્યપિંડ પ્રભુ અંદર છે. આહાહા..! એ ચૈતન્યમાત્ર પરથી રહિત... આહાહા..! શરીર, વાણી, મન, લક્ષ્મી, ધૂળ, બાયડી, છોકરા, કુટુંબ તો ક્યાંય રહી ગયા, પણ અંદરમાં દયા, દાનના પરિણામ પણ પર, એનાથી પ્રભુ અંદર ભિન્ન છે. આહાહા..!

**'એવા પરમ પદાર્થને અંતરંગમાં દેખે છે...'** આહાહા..! ચૈતન્યચમત્કારી વસ્તુ અંદર, પોતાના ક્ષેત્રમાં રહીને બધાને જાણે અને દેખે, કોઈ પરને કરે અને ભોગવે નહિ... આહાહા..! એવી ચીજ પોતામાં છે, એ ભગવાનઆત્મા **'પરમ પદાર્થને અંતરંગમાં દેખે છે...'** જે જીવ. સમકિતી અંદરમાં આ રીતે જોવે છે. આહાહા..! ચોથે ગુણસ્થાને શ્રાવક થયા પહેલા. શ્રાવક તો પંચમ ગુણસ્થાન, એ તો કોઈ અલૌકિક વાતું છે. આ તો હજી સમ્યગ્દર્શન થવા વખતે **'પરમ પદાર્થને અંતરંગમાં દેખે છે...'** પરમ પદાર્થ જે અનાદિઅનંત સનાતન સત્ય જ્ઞાયકમૂર્તિ, પ્રભુ! એને સમ્યગ્દષ્ટિ પર તરફનું લક્ષ છોડીને અંતરમાં જોવે છે. આહાહા..!

**'તેમને એ વ્યવહારનય કાંઈ નથી.'** એને વ્યવહાર કાંઈ નથી. આહાહા..! છે, પર્યાયમાં રાગ છે, પર્યાયમાં પર્યાયનો ભાવ છે, પણ અંતરમાં જ્યાં જોવે તો એમાં કાંઈ નથી. આહાહા..! સમજાણું કાંઈ? **'એ વ્યવહારનય કાંઈ નથી.'** એમાં કાંઈ આત્માનું શરણ નથી, એમ કહે છે. રાગ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા બધા વિકારભાવ, દુઃખરૂપ, અશરણ છે. શરણરૂપ આ તો ભગવાન અંદર ભિન્ન બિરાજે છે. આકરી વાત છે, પ્રભુ! આહાહા..!

એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ. એ વાત સાંભળવી કઠણ. એ જૈન પરમેશ્વર ત્રિલોકના નાથ કહે. એક આંગળી આને અડતી નથી, સ્પર્શતી નથી. કેમ કે એકબીજામાં અભાવ છે. આહાહા..! એક તત્ત્વ બીજા તત્ત્વને કદી અડતું નથી. અંતર અભાવ છે. આહાહા..! એવી ચીજને દેખનારાને **'વ્યવહારનય કાંઈ નથી.'** એને પછી પર્યાયમાં રાગ છે ને એ ગણતરી નથી. આહાહા..! આકરી વાત છે, ભાઈ! એક તો આ વાત જ (ક્યાંય નથી). બધે ગડબડ થઈ ગઈ છે. અને આ વાત કહે તો કહે એકાંત છે... એકાંત છે. એ નિશ્ચય એકાંત છે. ઠીક પ્રભુ! આહાહા..!

અહીં તો પરમાત્માનો પોકાર છે. જિનેશ્વરદેવ ત્રિલોકનાથ સીમંધરસ્વામી ભગવાન તો મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. ત્યાંથી આ વાણી આવી. 'કુંદકુંદાચાર્ય' દિગંબર મુનિ ત્યાં ગયા હતા. સંવત ૪૯ની સાલ. બે હજાર વર્ષ પહેલા. આઠ દિવસ રહ્યા હતા. આવીને આ બનાવ્યું. ત્રિલોકના નાથનું કથન તો આ છે. સીમંધર ભગવાન પ્રભુ બિરાજે છે. વીસ તીર્થંકર, લાખો કેવળીઓ મહાવિદેહમાં બિરાજે છે. આહાહા..!

અહીં કહે છે, કે આત્માને અંદર શુદ્ધ પૂર્ણાનંદ, રાગ રહિત અને પર્યાય રહિત જે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દેખે, એને **'વ્યવહારનય કાંઈ નથી.'** એને વ્યવહાર કાંઈ નથી. આહાહા..! એટલે કે એના વ્યવહારની કાંઈ ગણતરી નથી. આહાહા..! આવી વાત છે. સાંભળતા કઠણ પડે. આખો દિ' પરદ્રવ્ય સાથે સંબંધ. આહાહા..! અહીં કહે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ. ત્રિલોકનાથનો પોકાર છે. અનંત દ્રવ્ય અનંતપણે કેમ રહે? અનંત-અનંતપણે કેમ રહે? ભગવાને અનંત દ્રવ્ય જોયા છે. અનંત આત્મા, અનંત પરમાણુ આદિ છ દ્રવ્ય જોયા છે. જાતિએ છ દ્રવ્ય, સંખ્યાએ અનંત. એક દ્રવ્ય બીજા દ્રવ્યને ચુંબે નહિ. આહાહા..! (ચુંબે) તો તો ભાવરૂપ થઈ જાય. એકનો ભાવ બીજા રૂપે થઈ જાય તો ભાવરૂપ થયો. એકબીજામાં તો અભાવ છે. આ વાત બેસવી... આહાહા..!

અહીં તો કહે છે, કે જે કોઈ અંતરમાં આ ભગવાનને જોવે, એને વ્યવહારનય કાંઈ નથી. આહાહા..! પરથી રહિત ચૈતન્યચમત્કારમાત્ર. ચૈતન્યચમત્કારમાત્ર. જાણક... જાણક... જાણકસ્વભાવ. જાણકસ્વભાવનું પૂર ભર્યું છે. એવા ચમત્કારને જોનારા **'પરમ પદાર્થને અંતરંગમાં દેખે છે તેમને એ વ્યવહારનય કાંઈ નથી.'** વ્યવહારનયની કાંઈ ગણતરી નથી. છે એમ જાણે કે છે. આદર-બાદર નથી. એવો વીતરાગનો માર્ગ છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક–૭૩

**तथा हि -**

**(स्वागता)**

**शुद्धनिश्चयनयेन विमुक्तौ**
**संसृतावपि च नास्ति विशेषः।**
**एवमेव खलु तत्त्वविचारे**
**शुद्धतत्त्वरसिकाः प्रवदन्ति।।७३।।**

**વળી (આ ૪૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :–**

**[શ્લોકાર્થ :–] 'શુદ્ધનિશ્ચયનયથી મુક્તિમાં તેમ જ સંસારમાં તફાવત નથી;' આમ જ ખરેખર, તત્ત્વ વિચારતાં (–પરમાર્થ વસ્તુસ્વરૂપનો વિચાર અથવા નિરૂપણ કરતાં), શુદ્ધ તત્ત્વના રસિક પુરુષો કહે છે. ૭૩.**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## પ્રવચન નં. ૫૪, શ્લોક-૭૩, ગાથા-૫૦ સોમવાર, શ્રાવણ વદ ૭, તા.૦૧-૦૯-૧૯૮૦

'નિયમસાર' શ્લોક ૭૩. ૭૩મો શ્લોક છે.

**शुद्धनिश्चयनयेन विमुक्तौ**
**संसृतावपि च नास्ति विशेषः।**
**एवमेव खलु तत्त्विचारे**
**शुद्धतत्त्वरसिकाः प्रवदन्ति।।७३।।**

'**શ્લોકાર્થ :– શુદ્ધનિશ્ચયનયથી...**' પરમાર્થદૃષ્ટિથી વસ્તુસ્વભાવની ત્રિકાળ સનાતન સ્વભાવની દૃષ્ટિથી '**મુક્તિમાં તેમ જ સંસારમાં તફાવત નથી;...**' આહાહા..! સનાતન સત્ય વસ્તુ, જેમાં એક સમયની પર્યાય પણ ગૌણ છે, ત્રિકાળી વસ્તુ અખંડ આનંદ પૂર્ણ વસ્તુ, અનાદિઅનંત શુદ્ધ સત્તારૂપ એક ચીજ એ અને સંસાર અવસ્થા, બેમાં કાંઈ ફેર નથી. એની મુક્ત અવસ્થા, એ દશાની મુક્તદશા, એ વસ્તુ આ સનાતન સત્ય તત્ત્વ એક, એની મુક્તદશા અને એની સંસારદશા, બન્ને પર્યાયનયનો વિષય, વ્યવહારનયનો વિષય બન્ને સરખા છે. બેમાં કાંઈ તફાવત નથી. આહાહા..! ક્યાં નિગોદની દશા! ક્યાં સિદ્ધની દશા!

'**શુદ્ધનિશ્ચયનયથી...**' અંતરની દૃષ્ટિએ જોઈએ, વસ્તુ સ્વભાવ સહજાત્મસ્વરૂપ સહજ આત્મસ્વરૂપ ત્રિકાળ, એ દૃષ્ટિએ જોતાં, '**મુક્તિમાં તેમ જ સંસારમાં તફાવત નથી;...**' આહાહા..! '**આમ જ ખરેખર,...**' પાછું કોઈને એમ લાગે કે આ શું? કે '**આમ જ ખરેખર, તત્ત્વ વિચારતાં...**' વાસ્તવિક જ્ઞાયકતત્ત્વને વિચારતાં, જ્ઞાયકસ્વભાવ ત્રિકાળી કાયમ ચીજને વિચારતા... આહાહા..! '**(–પરમાર્થ વસ્તુસ્વરૂપનો વિચાર અથવા નિરૂપણ કરતાં),...**' નિરૂપણ તો કથન શૈલી છે. પણ વસ્તુના સ્વભાવથી જોઈએ તો, '**શુદ્ધ તત્ત્વના રસિક પુરુષો એમ કહે છે.**' શુદ્ધ તત્ત્વના રસિક. આહાહા..! દ્રવ્ય સ્વભાવના રસિક, જ્ઞાયક સ્વભાવભાવ એ ત્રિકાળ સ્વભાવભાવ, તેના રસિક પુરુષો મુક્તિ અને સંસારમાં કાંઈ ફેર કહેતા નથી. આહાહા..! લ્યો, આ ગુજરાતી આવ્યું તમારે. 'બલુભાઈ' કહે, ગુજરાતી લ્યો. આહાહા..!

ત્રિકાળી વસ્તુસ્વરૂપ જોતાં સત્, સનાતન સત્ એકરૂપ ધ્રુવ, એની દૃષ્ટિએ જોતાં મુક્ત–સિદ્ધ અવસ્થા અને સંસાર અવસ્થા, બેમાં કાંઈ ફેર નથી. આહાહા..!

મુમુક્ષુ :– અવસ્થાદૃષ્ટિએ કે દ્રવ્યદૃષ્ટિએ? કઈ દૃષ્ટિએ?

ઉત્તર :– દ્રવ્યદૃષ્ટિએ. દ્રવ્યદૃષ્ટિ કહો કે નિશ્ચયનય વિષય કહો. શુદ્ધનિશ્ચયનય કહો કે દ્રવ્યદૃષ્ટિ કહો. આહાહા..! ત્રિકાળી જ્ઞાયકભાવની દૃષ્ટિએ જોતાં સંસાર અને મુક્તિ બન્ને પર્યાયમાં કાંઈ ફેર નથી. બન્ને વ્યવહારનયનો વિષય છે. છે ખરી, પણ વ્યવહારનયનો વિષય

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. નિશ્ચય વિષયમાં એકરૂપ પ્રભુ, સનાતન સત્ય અણબનેલું, અણનાશ, વિનાશ નહિ થતું, ત્રિકાળ એકરૂપ રહેનારું તત્ત્વ, તેની દૃષ્ટિએ જોતાં, મુક્તિ અને સંસાર બન્ને પર્યાય છે. તેથી તે પર્યાયમાં કાંઈ ફેર દેખાતો નથી. આહાહા..! હવે આ વાત શી રીતે બેસે?

ક્યાં નિગોદનો જીવ! આહાહા..! ક્યાં એ નિગોદના જીવમાં અનંતા અનંતા જીવો બહાર નીકળવાના નથી. પણ પર્યાયદૃષ્ટિથી જોઈએ તો તે નિગોદની પર્યાય અને સિદ્ધની પર્યાય બન્ને વ્યવહારનય છે. આહાહા..! એટલે ત્રિકાળી જ્ઞાયકની દૃષ્ટિએ જોતાં, તે મુક્તિ અને સંસાર બેમાં કાંઈ ફેર નથી. બન્ને પર્યાયનયનો, વ્યવહારનયનો વિષય છે. છે ખરો. આહાહા..! આવી વાત હવે. અહીં તો એકેન્દ્રિયા, બેઇન્દ્રિયા, ત્રણેન્દ્રિયા, ચૌરેન્દ્રિયા, પંચેન્દ્રિયા.... ઇચ્છામિ પડિક્કમણામાં આવે છે ને?

વસ્તુ તરીકેની દૃષ્ટિએ જોતાં વસ્તુમાં પર્યાય છે જ નહિ. પછી સંસાર પર્યાય હો, અનંત અનંત નિગોદની પર્યાય... આહાહા..! જે હજી નિગોદના અસંખ્ય શરીર, એના એક શરીરના અનંતમેં ભાગે મુક્તિ પામ્યા અને અનંત અનંતગુણા રહી ગયા, પણ એ બધી પર્યાયનો ફેર છે. વસ્તુ તો ભગવાન સનાતન... આહાહા..! નિશ્ચયદૃષ્ટિએ વ્યવહારમાં ફેર છે. એ નિશ્ચયદૃષ્ટિમાં ફેર નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

આવી દૃષ્ટિ થયા વિના પૂર્ણ સત્યનો સ્વીકાર હોઈ શકે નહિ. એક સમયની પર્યાયદૃષ્ટિ, ચાહે તો મુક્તિ છે એ પર્યાય છે, પર્યાયદૃષ્ટિ તો એક સમય છે. અને આ ત્રિકાળ ચીજ છે. એ ત્રિકાળ ચીજની અપેક્ષાએ એક સમયની મુક્ત પર્યાય કે એક સમયની સંસાર પર્યાય, બન્ને એક સમય જ છે. બન્ને વ્યવહારનય છે. કેમ કે એક પછી એક છે એ. અને વસ્તુ તો સનાતન અનાદિઅનંત એકરૂપ છે.

એ દૃષ્ટિએ જોતાં **'આમ જ ખરેખર,...'** પાછું આ પાઠમાં છે ને? **'एवमेव' 'આમ જ ખરેખર, તત્ત્વ વિચારતાં...'** તત્ત્વવસ્તુ ભગવાન પૂર્ણાનંદ, એનો વિચાર કરતાં **'(–પરમાર્થ વસ્તુસ્વરૂપનો વિચાર અથવા...'** એનું જ્ઞાન કરતાં. નિરૂપણ એટલે કથન છે. **'શુદ્ધતત્ત્વના રસિક પુરુષો કહે છે.'** આહાહા..! **'શુદ્ધ તત્ત્વના રસિક...'** આહાહા..! જેમાં પર્યાયનું રસિકપણું પણ નથી. રાગનું રસિકપણું તો નથી, નિમિત્તનું રસિકપણું તો નથી, સંયોગી ચીજ ભગવાન સંયોગે છે એની વાત પણ અહીં તો નિશ્ચય... આહાહા..! એમ પરમાર્થે બંધ અને મોક્ષ બે નથી. બંધ અને મોક્ષ જ જેમાં નથી. આહાહા..! બંધ અને મોક્ષ તો પર્યાય છે.

હવે ૫૦મી ગાથા.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## ગાથા–૫૦

पुव्वुत्तसयलभावा परदव्वं परसहावमिदि हेयं।
सगदव्वमुवादेयं अंतरतच्चं हवे अप्पा।।५०।।

पूर्वोक्तसकलभावाः परद्रव्यं परस्वभावा इति हेयाः।
स्वकद्रव्यमुपादेयं अन्तस्तत्त्वं भवेदात्मा।।५०।।

हेयोपादेयत्यागोपादानलक्षणकथनमिदम्।

ये केचिद् विभावगुणपर्यायास्ते पूर्वं व्यवहारनयादेशादुपादेयत्वेनोक्ताः शुद्धनिश्चयनयबलेन हेया भवन्ति। कुतः ? परस्वभावत्वात्, अत एव परद्रव्यं भवति। सकलविभावगुणपर्यायनिर्मुक्तं शुद्धान्तस्तत्त्वस्वरूपं स्वद्रव्यमुपादेयम्। अस्य खलु सहजज्ञानसहजदर्शनसहजचारित्र-सहजपरमवीतरागसुखात्मकस्य शुद्धान्तस्तत्त्वस्वरूपस्याधारः सहजपरमपारिणामिकभाव-लक्षणकारणसमयसार इति।

तथा चोक्तं श्रीमदमृतचन्द्रसूरिभिः-

(**शार्दूलविक्रीडित**)

``सिद्धान्तोऽयमुदात्तचित्तचरितैर्मोक्षार्थिभिः सेव्यतां
शुद्धं चिन्मयमेकमेव परमं ज्योतिः सदैवास्म्यहम्।
एते ये तु समुल्लसन्ति विविधा भावाः पृथग्लक्षणा-
स्तेणहं नास्मि यतोऽत्र ते मम परद्रव्यं समग्रा अपि।।''

---

પૂર્વોક્ત ભાવો પર-દરવ પરભાવ, તેથી હેય છે;
આત્મા જ છે આદેય, અંતઃતત્ત્વરૂપ નિજદ્રવ્ય જે. ૫૦.

અન્વયાર્થ :– [ पूर्वोक्तसकलभावाः ] પૂર્વોક્ત સર્વ ભાવો [ परस्वभावाः ] પરસ્વભાવો છે, [ परद्रव्यम् ] પરદ્રવ્ય છે, [ इति ] તેથી [ हेयाः ] હેય છે; [ अन्तस्तत्त्वं ] અંતઃતત્ત્વ [ स्वकद्रव्यम् ] એવું સ્વદ્રવ્ય– [ आत्मा ] આત્મા [ उपादेयम् ] ઉપાદેય [ भवेत् ] છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**ટીકા :– આ, હેય-ઉપાદેય અથવા ત્યાગ-ગ્રહણના સ્વરૂપનું કથન છે.**

**જે કોઈ વિભાવગુણપર્યાયો છે તેઓ પૂર્વે (૪૯મી ગાથામાં) વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેયપણે કહેવામાં આવ્યા હતા પરંતુ શુદ્ધનિશ્ચયનયના બળે (શુદ્ધનિશ્ચયનયે) તેઓ હેય છે. શા કારણથી? કારણ કે તેઓ પરસ્વભાવો છે, અને તેથી જ પરદ્રવ્ય છે. સર્વ વિભાવગુણપર્યાયોથી રહિત શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય ઉપાદેય છે. ખરેખર સહજજ્ઞાન-સહજદર્શન-સહજચારિત્ર-સહજપરમવીતરાગસુખાત્મક શુદ્ધઅંતઃતત્ત્વસ્વરૂપ આ સ્વદ્રવ્યનો આધાર સહજપરમપારિણામિકભાવલક્ષણ (– સહજ પરમ પારિણામિક ભાવ જેનું લક્ષણ છે એવો) કારણસમયસાર છે.**

**એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૮૫મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :–**

**"[શ્લોકાર્થ :—] જેમના ચિત્તનું ચરિત્ર ઉદાત્ત (–ઉદાર, ઉચ્ચ, ઉજ્જ્વળ) છે એવા મોક્ષાર્થીઓ આ સિદ્ધાંતનું સેવન કરો કે— 'હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું; અને આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય છે તે હું નથી, કારણ કે તે બધાય મને પરદ્રવ્ય છે.' "**

---

## ગાથા–૫૦ ઉપર પ્રવચન

---

**पुव्वुत्तसयलभावा परदव्वं परसहावमिदि हेयं।**
**सगदव्वमुवादेयं अंतरतच्चं हवे अप्पा।।५०।।**

**પૂર્વોક્ત ભાવો પર-દરવ પરભાવ, તેથી હેય છે;**
**આત્મા જ છે આદેય, અંતઃતત્ત્વરૂપ નિજદ્રવ્ય જે. ૫૦.**

આહાહા..! ૫૦મી ગાથા જરી આકરી છે, સખત છે. અહીં તો ક્ષાયિકભાવને પણ વ્યવહારનયના વિષયમાં લઈ લીધો છે. પંચમ પારિણામિકભાવ જે જ્ઞાયકભાવ, એની અપેક્ષાએ ઉદયભાવ અને ક્ષાયિકભાવ બન્ને વ્યવહારનયનો વિષય છે. અહીં નિશ્ચયમાં એ આવતું નથી. આહાહા..! આવું ઝીણું હવે, માંડ સમજાય. પથરામાં અને રૂપિયામાં આખો દિ' ગુંચાતો હોય. આહાહા..!

એક રીતે કહીએ તો એક જ પ્રભુ એક કોર આત્મા, અને એક બાજુ વિકલ્પ અને પર્યાય, એ બધું લોકમાં પરમાં જાય છે. આહાહા..! એકરૂપ સ્વરૂપ ભગવાનઆત્મા, એની

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દૃષ્ટિમાં તો એની પર્યાયમાં, બેમાં ફેર નથી. તો રાગ–પ્રશસ્ત રાગ અને અપ્રશસ્ત રાગમાં ફેર છે એવું કાંઈ છે નહિ. આહાહા..!

**'ટીકા :– આ, હેય-ઉપાદેય...'** છોડવા યોગ્ય અને આદરવા યોગ્ય **'અથવા ત્યાગ-ગ્રહણના સ્વરૂપનું કથન છે.'** આહાહા..! **'જે કોઈ વિભાવગુણપર્યાયો છે...'** એ ચાર ભાવ. ઉદયભાવ–નારકાદિ, ક્ષયોપશમભાવ–મતિજ્ઞાનાદિ, કેવળજ્ઞાન—ક્ષાયિકભાવ આદિ, સમકિત–ક્ષયોપશમ આદિ. આહાહા..! એ **'જે કોઈ વિભાવગુણપર્યાયો...'** એ બધા વિભાવગુણપર્યાય છે. આહાહા..! ત્રિકાળી સહજ સનાતન સત્ય, જેમાં કાંઈ ઘાલમેલ નથી, જેમાં કાંઈ ઉપજવું અને વિણસવું કાંઈ નથી. આહાહા..! એવી જે સ્થિતિમાં, જે કોઈ વિભાવગુણપર્યાયો છે... આહાહા..! ચાર ભાવ–ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવ, એ **'(૪૯મી ગાથામાં) વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેયપણે કહેવામાં આવ્યા હતા...'** જાણવા માટે ઉપાદેય કહેવામાં આવ્યા હતા. કારણ કે એ છે. છે એ જાણવાલાયક છે, આદરવાલાયક નથી. આહાહા..!

**'પરંતુ...'** એ ૪૯મી ગાથામાં ઉપાદેયપણે કહેવામાં આવ્યા હતા. **'પરંતુ શુદ્ધનિશ્ચયનયના બળે...'** આહાહા..! અંતરદૃષ્ટિના બળે ધ્રુવ સ્વરૂપ ભગવાનઆત્મા શાશ્વત ટંકોત્કીર્ણ, એવો જે ભગવાન ત્રિકાળી એકરૂપ સ્વભાવ, એની દૃષ્ટિએ વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેય કહેવામાં આવ્યા હતા. **'પરંતુ શુદ્ધનિશ્ચયનયના બળે તેઓ હેય છે.'** બધા આહાહા..! એ ચારે ભાવો હેય છે. અહીં તો હજી શુભરાગને હેય માનવો કઠણ પડી જાય છે. દયા, દાન, વ્રત, મહાવ્રત, ભગવાનની ભક્તિ, પૂજા, નામસ્મરણ, ગુણસ્મરણ એ રાગને હેય માનવો કઠણ પડી જાય છે. આહાહા..!

અહીં તો કહે છે, પૂર્વે જે ચાર ભાવ કહ્યા હતા... આહાહા..! ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકભાવ, એના ભેદ પણ કહ્યા હતા ને? આહાહા..! એ બધા **'શુદ્ધનિશ્ચયનયના બળે તેઓ હેય છે.'** એકલા જ્ઞાયકભાવના અવલંબનમાં ચારે ભાવનું અવલંબન નથી, માટે તે અપેક્ષાએ તે હેય છે. ચારે ભાવનો આશ્રય કરવાલાયક નથી. આહાહા..! શુભરાગ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ હોય, હોય છે, પણ આદરવાલાયક નથી. જ્યારે એ ભાવ આદરવાલાયક નથી... આહાહા..! તો એથી ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક તો નિર્મળ છે. આ તો મલિન છે. નિર્મળને જ્યારે હેય કહ્યા, પછી મલિન તો હેય ક્યાંય રહી ગયા. આહાહા..!

નિર્મળ જ્ઞાયક કેવળજ્ઞાન પર્યાય, અનંત ચતુષ્ટય પ્રગટ થયા, એ પર્યાય પણ ત્રિકાળ નિશ્ચયનયની દૃષ્ટિએ હેય છે. આહાહા..! અહીં તો હજી વ્યવહાર દયા, દાન, વ્રત, ભક્તિને હેય માનવા, એને કઠણ પડે છે. અને હેય માને એને મિથ્યાત્વી માને છે. આહાહા..! અહીં તો ત્રિકાળી સનાતન વસ્તુ, એકરૂપ રહેનાર ચૈતન્યસ્વભાવ, એની દૃષ્ટિએ જોઈએ તો એ શુદ્ધ અને અશુદ્ધ બે ભાવ હેય છે, છોડવાયોગ્ય છે, છાંડવાયોગ્ય છે. આહાહા..! અહીં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તો હજી શુભરાગ છાંડવાયોગ્ય છે (એમ કહે) ત્યાં એને આકરું પડે છે. આહાહા..! 'ચંદુભાઈ' ગયા? આવ્યા નથી? ઠીક નહિ હોય. આહાહા..!

આ ૫૦મી ગાથા બહુ ઊંચી છે. અર્ધ સૈકો. આહાહા..! ૫૦. ભગવાનઆત્મા એક જ સમયમાં પરિપૂર્ણ પ્રભુ પડ્યો છે. પરિપૂર્ણ આનંદ, પરિપૂર્ણ જ્ઞાન, પરિપૂર્ણ સ્વચ્છતા, પરિપૂર્ણ શુદ્ધતા, પરિપૂર્ણ શાંતિ, ઉપશમ રસાદિ પરિપૂર્ણથી ભર્યો પડ્યો છે. એ ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિએ જોઈએ તો બંધ અને મોક્ષની બન્ને પર્યાય તે હેય છે. આહાહા..! કેવળજ્ઞાન અને કેવળદર્શન પણ હેય છે. આહાહા..! કેમ કે સાધકને એ છે નહિ, અને છે નહિ એનું લક્ષ કરવા જશે તો રાગ થશે. આકરો વિષય છે ભાઈ આજ. મોટી તકરાર, ઝઘડો આ થાય છે ને? નિમિત્તથી થાય છે... નિમિત્તથી થાય છે. નિમિત્તથી ન થાય એમ માને એ મિથ્યાદૃષ્ટિ એકાંતી છે. એમ કહે છે. અરે..! જગત! આહાહા..!

અહીં તો કહે છે, કે નિમિત્ત તો એક કોર રહ્યું, બંધ અને મોક્ષ એ નિમિત્ત છે, નિમિત્તથી છે એમ તો છે જ નહિ. આત્મામાં બંધ અને મોક્ષ નિમિત્તથી છે એમ તો છે નહિ, પોતાની યોગ્યતાથી બંધ અને મોક્ષ છે. આહાહા..! એને પણ અહીંયા ત્રિકાળની દૃષ્ટિએ અંતર્મુખ દૃષ્ટિ કરવામાં એ મદદગાર નથી. એનો આશ્રય લેવા યોગ્ય નથી. માટે એ ચારે ભાવ હેય છે. આહાહા..! ગજબ વાત છે. એ પાછી વાત કરે કે, એ 'સોનગઢ'વાળા જ કહે છે. પણ આ ક્યાં 'સોનગઢ'નું સૂત્ર છે. આ 'નિયમસાર' 'સોનગઢ'નું સૂત્ર છે? 'કુંદકુંદાચાર્ય' કહે છે કે મેં તો મારા માટે બનાવ્યું છે. બીજા શાસ્ત્રોની પ્રરૂપણા કરી છે પણ આ તો મેં મારા માટે બનાવ્યું છે. આહાહા..!

એ 'કુંદકુંદાચાર્ય' એમ કહે છે, પંચમઆરાના પ્રાણી, પંચમઆરાના સાધુ, પંચમઆરાના શ્રોતાને એમ કહે છે... આહાહા..! ગજબ છે! આઠ વર્ષની બાલિકા હોય કે કરોડ પૂર્વના આયુષ્યવાળો આદમી હોય... આહાહા..! ૩૩ સાગરની સ્થિતિવાળો દેવ હોય કે અંતર્મુહૂર્તની સ્થિતિવાળો નિગોદનો જીવ હોય... આહાહા..! બધા પર્યાય છે, ત્રિકાળી જ્ઞાયકભાવની અપેક્ષાએ એ બધા હેય છે, છોડવાયોગ્ય છે, લક્ષ કરવા યોગ્ય નથી, આશ્રય કરવા યોગ્ય નથી, સન્મુખ થવા યોગ્ય નથી... આહાહા..! શરણ કરવા યોગ્ય નથી, એને ઉત્તમ માનવા લાયક નથી. આહાહા..! આવી વાત છે.

**'શુદ્ધનિશ્ચયનયના બળે...'** ચારે ભાવો... આહાહા..! જ્ઞાનીને ઉદયભાવ હોય છે, રાગ હોય છે. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી રાગ અને દુઃખ હોય છે, પણ એ હેય છે. આહાહા..! રાગ, શુભરાગ... આહાહા..! એ પણ હેય છે–છાંડવાયોગ્ય છે. અરે..! પંચમઆરાના પ્રાણી અલ્પ પુણ્ય લઈને આવ્યા, ભગવાન મહાવિદેહમાં બિરાજે, ત્યાં જન્મ મૂકીને અહીં જન્મ્યા. આહાહા..! એને પરમાત્માની વાણી એમ કહે છે... આહાહા..! પ્રભુ! તું અંદરમાં એકરૂપ વસ્તુ છો. તારી વર્તમાન પર્યાય, અવસ્થા ત્રિકાળી ઉપર જાય એ અપેક્ષાએ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તે જ એક આદરણીય છે.

જે પર્યાય એના ઉપર જાય તેના ઉપર (–તે પર્યાય ઉપર) લક્ષ કરવા જેવું નથી એમ કહે છે. આહાહા..! શું કહ્યું સમજાણું? જે પર્યાય અવસ્થા અંતરમાં ત્રિકાળી જ્ઞાયકભાવ ઉપર જાય, તે પર્યાય પણ હેય છે. આહાહા..! પર્યાય સ્વદ્રવ્યનો આશ્રય કરે પણ એ પર્યાય હેય છે. એ પર્યાયનો વિષય જે ત્રિકાળ છે... આહાહા..! અખંડાનંદ પ્રભુ! સનાતન વજ્ર, જ્ઞાનવજ્ર, જ્ઞાનનો હીરલો એવો ચૈતન્યપ્રભુ ભગવાન, એની દૃષ્ટિમાં એની દૃષ્ટિ પણ હેય છે. આહાહા..! ગજબ વાત છે. તે દિ' આ બધું ક્યાં હતું? વર્ષીતપ કર્યો હતો ને? તે દિ' આ વાત ક્યાં હતી? કાને પડી'તી? સાંભળી હતી? આહાહા..!

મુમુક્ષુ :– આખા ભરતમાં ક્યાં હતી?

ઉત્તર :– બહુ આકરી વાત, બાપા! આકરી એટલે અપૂર્વ. આહાહા..!

પૂર્ણાનંદનો નાથ એકસ્વરૂપે બિરાજમાન, એને અનેકપણાનો આરોપ ન દેવો. આહાહા..! ત્રિકાળી ભગવાનને સાદિ અનંત અને અનાદિ સાંત. સંસાર અનાદિ સાંત, મોક્ષ સાદિ અનંત... આહાહા..! એ ત્રિકાળી સનાતનમાં આ બેનો અભાવ છે. માટે ત્રિકાળી સનાતનની અપેક્ષાએ બન્ને હેય છે. આહાહા..! એનો વિસ્તાર તો આ છે. બહુ ટૂંકુ કરી નાખ્યું. આહાહા..! સંસાર અનાદિ સાંત પર્યાય તરીકે, મોક્ષ સાદિ અનંત શુદ્ધ (પર્યાય) તરીકે, પણ એ બધી પર્યાય છે. એની મુદત એક સમયની છે. ભલે રહે સાદિ અનંત પણ એની મુદત એક સમયની છે. બંધ અને મોક્ષ એક સમયની અવસ્થા છે. બંધની અવસ્થા એક સમય, એનો અભાવ કરીને બીજે સમયે જે પર્યાય થાય એ એક સમયની મુદ્દતવાળી છે. આહાહા..! શું કહ્યું?

ભગવાનઆત્મામાં રાગનો બંધ જે અજ્ઞાન અનાદિ, એ એક સમયની (પર્યાય છે). એક 'ક' બોલે એમાં અસંખ્ય સમય જાય, એમાં એક સમયની સ્થિતિ છે. અને રૂપાંતર થાય, બંધ અભાવ થઈને મોક્ષ થાય, એની પણ એક સમયની સ્થિતિ છે. આહાહા..! તો એ ભલે સાદિઅનંત રહે અને સંસાર ભલે અનાદિ સાંત થઈ ગયો, પણ બન્ને વસ્તુની ચીજમાં નથી. આહાહા..! આવું ક્યાં 'મુંબઈ'માં સાંભળવા મળે? આખો દિ' ધૂળ અને પૈસા. 'મુંબઈ'માં શું દેશમાં પણ સાંભળવું મુશ્કેલ છે ને? બાપા! લોકો કેટલો વિરોધ કરે છે. નિમિત્તથી થાય, નિમિત્તથી ન માને એ એકાંત મિથ્યાદૃષ્ટિ છે, એવું કહે છે. આહા..! બાપુ! પર્યાય વિનાનું કોઈ દ્રવ્ય કોઈ કાળે હોય? ત્રણકાળમાં પર્યાય વિનાનું દ્રવ્ય હોય? ત્યારે એ પર્યાય બીજો કરે એ આવ્યું ક્યાંથી? આહાહા..!

અહીં તો એ પર્યાયને પણ ઉડાવી દે છે. પરથી પર્યાય થઈ નથી, પોતાથી થઈ છે. રાગમાં અટકવાની બંધપર્યાય અને કેવળજ્ઞાન થવાની મોક્ષપર્યાય, એ એક સમયમાં આંતરો પડી જાય છે. એક સમયમાં બંધ અને બીજે સમયે મોક્ષ. આહાહા..! પણ એ બન્ને એક સમયની સ્થિતિવાળા છે. આહાહા..! ત્રિકાળની સ્થિતિની અપેક્ષાએ તે હેય અને છોડવાલાયક

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. આહાહા..!

**'પરંતુ શુદ્ધનિશ્ચયનયના બળે તેઓ હેય છે. શા કારણથી?'** હવે કારણ આપે છે. હેય છે એ શા કારણથી? **'કારણ કે તેઓ પરસ્વભાવો છે,...'** આહાહા..! ગજબ ગાથા છે. કેવળજ્ઞાન એ પરસ્વભાવ છે, ત્રિકાળ સ્વભાવ નથી. આહાહા..! રાગ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ તો વિકાર પરસ્વભાવ છે જ. આહાહા..! 'દેવીલાલજી'! આવી વાત છે. આકરી વાત. આચાર્ય મહારાજ કહે છે, મેં તો મારા માટે બનાવ્યું છે. તું સાંભળ અને તને બેસે તો બેસાડ. અનાદર કરીશ નહિ. સત્ય આવું મોઘું છે એમ અનાદર કરીશ નહિ, બાપુ! ભાઈ! તારો નાથ ભગવાન એવડો છે, કે જેની કિંમત આગળ એક સમયની પર્યાયની કિંમત છે નહિ. આહાહા..! ત્રિકાળી ધ્રુવની કિંમત આગળ, કેવળજ્ઞાનની એક સમયની પર્યાયની પણ કિંમત નથી. આહાહા..!

અહીં વાંધો ઉઠે. ગુરુની ભક્તિ આદરવા લાયક નથી? ભક્તિ કરવા જેવી નથી? ભગવાન! સાંભળને, બાપુ! ભક્તિનો ભાવ આવે, હોય છે. પણ એ છોડવાયોગ્ય છે, એ આશ્રય કરવા લાયક નથી. આહાહા..! શુભભાવ હોય છે... આહાહા..! પણ એ દુઃખરૂપ છે. અને તેનો અભાવ થઈને આનંદરૂપ દશા થાય, દ્રવ્યસ્વભાવનો જે આનંદ છે, એ શુદ્ધભાવ (સુખરૂપ છે.) આહાહા..! ચાહે તો તીર્થંકરગોત્ર બાંધવાનો શુભભાવ (હોય પણ) એ દુઃખરૂપ છે. કેમ કે પ્રભુ આનંદસ્વરૂપ છે. ભગવાનઆત્મા તો અનાદિઅનંત, અનાદિઅનંત અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. એક સમય પણ દુઃખ અને આકુળતા જેનામાં નથી. આહાહા..! અને સંસારની આકુળતા અને સમયાંતર થઈને નિરાકુળતા પ્રગટ થાય, પણ એ પણ પર્યાય છે. આહાહા..!

ત્રિકાળી નિરાકુળ આનંદની આગળ નવી પ્રગટેલી અનાકુળતા પર્યાય, એ પણ હેય છે. **'શા કારણથી? કારણ કે તેઓ પરસ્વભાવો છે,...'** આહાહા..! ગજબ વાત છે. લોકો તો 'સોનગઢ'ને નામે કહે, કે વ્યવહાર ઉડાવે છે, વ્યવહારથી લાભ થાય એમ કહેતા નથી. એકલી નિશ્ચયની વાત જ કરે છે. કહે બિચારા, બેઠું એમ કહે, જે બેઠું હોય એ આત્મા. જે અભિપ્રાય બેઠો હોય એ તો આત્મા એવો થઈ ગયો હોય. પર્યાયમાં આત્મા જ એવો થયો હોય એનું કરવું શું ત્યારે હવે? આહાહા..!

અહીં તો કહે છે, કે જેવો રાગની એકતાનો ભાવ પરભાવ, પરસ્વભાવ (છે) એમ મુક્તિનો સ્વભાવ પરસ્વભાવ (છે). આહાહા..! ગજબ વાત છે, પ્રભુ! કાને પડવું મુશ્કેલ પડે. આહાહા..! સમયાંતર ફક્ત છે. વસ્તુ તો ત્રિકાળ છે. સનાતન (વસ્તુ છે) એમાં ઉપજવું કે વિણસવું છે જ નહિ. હવે ઉત્પાદ-વ્યય જે છે, ઉત્પાદ થયો મોક્ષનો, વ્યય થયો બંધનો, એ પણ સમયની સ્થિતિ છે. આહાહા..! ભલે બીજે સમયે મોક્ષ રહે, પણ મુદત તો એક સમયની જ છે. આહાહા..! એને ત્રિકાળી મુક્તસ્વરૂપ ભગવાનઆત્મા... મુક્તસ્વરૂપ કહેવું એ પણ જાણે કાંઈ કોઈની બંધ અપેક્ષા હતી એટલે છૂટયો અને મુક્ત થયો એમ પણ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નથી. એ તો ત્રિકાળી મુક્તસ્વરૂપ જ છે. આહાહા..! આકરું લાગે. અજાણ્યા માણસને પહેલું વહેલું સાંભળતો હોય એને તો એવું લાગે કે આ તે જૈનધર્મ છે! આ તે જૈનધર્મ આવો હશે! આવો અન્યધર્મ કાઢ્યો ક્યાંથી? કહો, શેઠ! આહાહા..!

પર્યાય છે, બંધ છે, મોક્ષ છે, પણ એક સમયની મુદતવાળા છે. બન્ને એક સમયની મુદતવાળા છે. આહાહા..! કેવળજ્ઞાન પણ એક સમયે રહીને બીજે સમયે બીજું થઈ જાય છે. અને ભગવાન જે અંદર છે એ તો એકરૂપ ત્રિકાળી અનાદિઅનંત રહે છે. આહાહા..! સનાતન ટંકોત્કીર્ણ વસ્તુ. આહાહા..! ટાંકણાથી જેમ કોરીને વસ્તુ એકાકાર કાઢી હોય, એવા એકાકાર ત્રિકાળી ચિદાનંદ સ્વરૂપ ભગવાન, એને આદિ અને અંત નથી, ઉત્પન્ન અને વ્યય નથી. ઉત્પાદ અને વ્યયનો જેમાં અભાવ છે. આહાહા..!

આમ ત્રણેને સત્ કહેવા. ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્. ત્રણે સત્ છે. આહાહા..! 'તત્ત્વાર્થસૂત્ર'માં ઉત્પાદ, વ્યય અને ધ્રુવ ત્રણે સત્. પણ એ ઉત્પાદ-વ્યય એક એક સમયનું સત્ છે. ઉત્પાદનું અને વ્યયનું એક સમયનું સત્ છે. અને પ્રભુ છે એ અનાદિનું સત્ છે. આહાહા..! અરે..રે..! આ કેમ બેસે? આ દુનિયાની ગડમથલ. આહાહા..! આખો દિ' બાયડી, છોકરા, ધંધો અને વેપાર, એમાં આ વાત. આહાહા..! પ્રભુ કહે છે, તારામાં મુક્તિ પણ નથી. આહાહા..!

એની દૃષ્ટિ કર. આહાહા..! કેમ કે મુક્તિની અવસ્થા પણ એક સમયની છે. બીજે સમયે બીજી પર્યાય થાય છે. ત્રીજે સમયે ત્રીજી પર્યાય થાય છે. એ ઉત્પાદનો એક જ સમય છે. વ્યયનો પણ એક જ સમય છે. આહાહા..! ભલે સત્ હો. આહાહા..! ત્રિકાળી સનાતન સત્ એકલો જ્ઞાયકભાવ, જેમાં ઓછાવત્તાપણું નથી, જેમાં ઉત્પાદ-વ્યય નથી, જેમાં હીણપ અને અધિકતા એ બે નથી... આહાહા..! જેમાં એકરૂપતા ત્રિકાળ છે. આહાહા..! ૫૦મી ગાથાએ ગજબ કર્યો છે! આહાહા..! (શ્રોતા :- આપે પણ ગજબ કર્યો છે.)

પ્રભુ! તું કોણ છો? આહાહા..! પ્રભુ! તારે ક્યાં દૃષ્ટિ દેવાની છે? જે સનાતન રહે ત્યાં દેવાની છે? કે બદલે છે તેમાં દૃષ્ટિ દેવાની છે? આહાહા..! બદલે એ તો પલટીને વ્યય થઈ જશે. અને તે વ્યય પણ પારિણામિકમાં–ધ્રુવમાં જશે. આહાહા..! ત્યાં દૃષ્ટિને છોડી દે. આહાહા..! ઉત્પાદવ્યયની દૃષ્ટિને છોડી દે. આહાહા..! છે ત્રણે સત્. આ એક સત્ ઉપર દૃષ્ટિ કર. ધ્રુવ ઉપર દૃષ્ટિ. દૃષ્ટિ કરનાર ઉત્પાદવ્યય છે. દૃષ્ટિ કરનાર જેને હેય માને છે તે છે. આહાહા..! જે હેય કહે છે, હેય તે કોણ કહે છે? પર્યાય હેય માને છે કે કોઈ અધ્ધરથી માને છે? આહાહા..! પર્યાય વિનાનું દ્રવ્ય તો ત્રણકાળમાં કોઈ દિ' હોય નહિ. પર્યાય વિનાનું દ્રવ્ય હોય તો એ ગધેડાના શીંગડા જેવું થયું. જેમ ગધેડાને શીંગડા હોય નહિ, એમ એ પર્યાય વિનાનું દ્રવ્ય હોય નહિ. આહાહા..!

અહીં કહે છે, પર્યાય ભલે હોય. આહાહા..! ત્રણે કાળમાં કોઈ સમયમાં પર્યાય વિનાનું દ્રવ્ય હોય નહિ. છતાં તે એક સમયની પર્યાયની કિંમત નથી. ભલે તે એક સમયમાં પર્યાયમાં

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



રૂપાંતર થઈ જાય. ક્યાં બંધનો ભાવ અને ક્યાં મોક્ષનો ભાવ! આહાહા..! એક સમયમાં રૂપાંતર. જે ત્રણકાળ, ત્રણલોકને જાણે. અને બંધની પર્યાય તો આ રાગ જાણવાલાયક છે એ પણ ખબર નથી. એ રૂપાંતર થઈને કેવળજ્ઞાન પ્રગટ થાય. આહાહા..! એ પણ અહીંયા ત્રિકાળ એકરૂપ રહેનાર, પ્રભુ! એના આશ્રયમાં એ પણ હેય છે. આકરું લાગે, બાપુ! શું થાય? ઘણાં તો એમ કહે કે આ 'સોનગઢ'વાળાએ ઘરનું કાઢ્યું. ઘરનો ધર્મ કાઢ્યો. આહાહા..! નવો કાઢ્યો. અમે ચાલીએ છીએ, પરંપરા ચાલે છે. અમારી પરંપરા ચાલે છે આ કરવું, દાન કરવું, આમ કરવું. એનાથી આ તો બીજી જાત જ કાઢી. અરે..! પ્રભુ! તારા સ્વરૂપમાં જ એ છે, પ્રભુ! પ્રરૂપણામાં તો છે જ, કથનશૈલીમાં તો છે જ, શાસ્ત્રમાં તો છે જ, પણ તારામાં છે. આહાહા..!

જેવડો એ કહેવાય છે... આહાહા..! એક સમયમાં એ ત્રિકાળી વર્તમાન છે. ભલે ભવિષ્યમાં રહે. સનાતન એકરૂપ. આહાહા..! એને જાણનારી પર્યાય છે. જાણનારો ધ્રુવ નથી. એ પર્યાય જાણનારી છે. આહાહા..! અરે..! મોક્ષની પર્યાય પણ કેવળજ્ઞાન, જે દ્રવ્યને જાણનારી છે, ત્રણકાળને જાણનારી છે... આહાહા..! એ પર્યાય જેણે દ્રવ્યનો આશ્રય કર્યો છે અને પર્યાય પ્રગટ થઈ છે, એ પણ હેય છે. આહાહા..! ગજબ વાત છે, પ્રભુ! આવી વાત ક્યાંય મળવી મુશ્કેલ પડે. કઠણ વાત છે. સાંભળવી મુશ્કેલ પડે. લોકો કાંઈના કાંઈ રસ્તે ચડી ગયા છે. આહાહા..! એ 'સોનગઢ'ને તો તિરસ્કાર... તિરસ્કાર... તિરસ્કાર. એ તો એકાંત મિથ્યાત્વી છે, એકાંત મિથ્યાત્વી છે. આહાહા..! અરે..! પ્રભુ! તારી એ માન્યતા પણ એક સમયની છે, પ્રભુ! એ તારી ઉંધી માન્યતા પણ એક સમયની છે. એ એક સમયને પલટતા વાર નહિ લાગે. ત્રિકાળીનો નાથ અંદર બિરાજે છે, પ્રભુ! એનો આશ્રય લેતા એક સમયની પર્યાય મિથ્યાત્વ નહિ રહી શકે. આહાહા..! ગજબ ગાથા છે. ૫૦મી ગાથામાં ત્રણ બોલ લેશે.

એક તો હેય કહ્યું. **'કારણ કે તેઓ પરસ્વભાવો છે,...'** બે વાત. એક તો હેય કહ્યું. મોક્ષ અને બંધ પર્યાય બન્નેને હેય કહી. કારણ? હેયનું કારણ કે એ પરસ્વભાવ છે. એ ત્રિકાળી સ્વભાવ નથી. આહાહા..! એ સનાતન સત્ય છે, જેને કાંઈ પલટવું નથી, ઉપજવું નથી, બદલવું નથી એવું એ સત્ય (છે). આહાહા..! એ સત્યની અપેક્ષાએ એ કેવળજ્ઞાનાદિ ભાવ પરસ્વભાવ છે. હેય તો કહ્યું, પણ હેયનું કારણ કોણ? કારણ શું? કે પરસ્વભાવ છે. આહાહા..! અરે..! પ્રભુ! કેવળજ્ઞાન પરસ્વભાવ!? ગજબ વાત, ભાઈ! હજી તો વિકારને પરસ્વભાવ માનવો એમાં વાંધા પડે. વિકાર પરસ્વભાવ? વિકાર તો સ્વસ્વભાવ થઈ જશે. એ તો પરને નિમિત્તે વિકાર થાય છે. એ વિકાર પરને નિમિત્ત ન થાય તો સ્વભાવ થઈ જશે. અહીં કહે છે પરના નિમિત્ત વિના થાય એ એનો વિભાવસ્વભાવ પોતાનો છે. આહાહા..! એ બંધ પોતાનો છે. આહાહા..! બંધની પર્યાયની મુદ્દત એક સમયની છે, પ્રભુ! આહાહા..!

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભલે સમયાંતર થતા થતા અનંતકાળ ગયો, પણ મુદત તો એક સમયની છે. અનાદિ છે પણ એની મુદ્દત એક સમયની છે. અને ગુંલાટ ખાય છે જ્યારે, દ્રવ્યની દષ્ટિ કરે છે ત્યારે મુક્તિ પણ એક સમયની છે. માટે તે મુક્તિની પર્યાય, જે પર્યાય દ્રવ્યનો આશ્રય કરે છે, એ પર્યાય પણ હેય છે, પરસ્વભાવ છે. આહાહા..! પરસ્વભાવ, સ્વસ્વભાવનો આશ્રય કરે છે. હેય છે એ સ્વનો આશ્રય કરે છે. આહાહા..! આવી વાત છે. આકરું લાગે, પ્રભુ! શું થાય?

અહીં તો કહ્યું ને માથે? **'शुद्धतत्त्वरसिकाः प्रवदन्ति'** શુદ્ધતત્ત્વના રસિકો તો આમ જ કહે છે. આવી ગયું ને માથે? **'શુદ્ધ તત્ત્વના રસિક પુરુષો કહે છે.'** આહાહા..! અનાદિ કાળથી પ્રભુ! રાગ ને, દ્વેષ ને અજ્ઞાનમાં (કાઢ્યો) પણ તેની મુદત તો એક સમયની છે. એ સમય-સમય કરતા અનંતકાળ ગયો, અને રૂપાંતર થતા પણ પ્રભુ એક જ સમય છે, મોક્ષ પણ એક જ સમય રહે છે, દ્રવ્ય ત્રિકાળ રહે છે. આહાહા..! મોક્ષની પર્યાય એક સમય રહે છે. બીજે સમયે બીજી. એ નહિ.. એ નહિ.. એવી... એ નહિ., એવી.. એવી ખરી પણ એ નહિ. આહાહા..! આવી ચીજ છે. શેઠિયા ગયા? છે? છે? આ સાંભળવા જેવું છે, શેઠિયા! આહાહા..!

બે કારણ કહ્યા. એક સ્વદ્રવ્યના આશ્રયની અપેક્ષાએ બધા ચારે ભાવો હેય છે. હેય છે એનું કારણ? કે એનું કારણ પરસ્વભાવ છે. આહાહા..! બીજી વાત. પરસ્વભાવ છે **'અને તેથી જ...'** આહાહા..! ગજબ વાત છે. **'તેઓ પરસ્વભાવ છે, અને તેથી જ પરદ્રવ્ય છે.'** આહાહા..! ગજબ વાત છે. સાંભળવી કઠણ પડે. પ્રભુ! તારું સ્વરૂપ એવું છે, ભાઈ! અનાદિ અનંત સનાતન ચૈતન્યનો હીરલો, અનંતગુણના રત્નથી ભરેલો સનાતન નિત્ય ધ્રુવ છે, એની દષ્ટિની અપેક્ષાએ ચાર ભાવ પણ હેય છે. કારણ કે એ પરસ્વભાવ છે. આહાહા..! કેવળજ્ઞાન પરસ્વભાવ છે, ત્રિકાળી સ્વસ્વભાવ છે. એની અપેક્ષાએ ઉત્પન્ન થયેલો ભાવ, એ તો ઉત્પન્ન થયેલો ભાવ છે. અને દ્રવ્ય છે એ તો સનાતન સત્ય છે. આહાહા..! આવી વાત છે, 'હીરાભાઈ'! આહાહા..!

૫૦મી ગાથા. 'કુંદકુંદાચાર્ય' પોતે, પોતે લખ્યું છે ને? **'पुव्वुपरदव्वं परसहावमिदि हेयं'** આ તો અર્થકાર, ટીકાકાર કરે છે. પોતે કહે છે. મેં મારે માટે બનાવ્યું છે, પ્રભુ! મારી દષ્ટિ દ્રવ્ય ઉપર પડી છે, એથી હું એમ કહું છું, કે બંધ અને મોક્ષની પર્યાય હેય છે અને તેનું કારણ એમ કહું છું કે એ પરસ્વભાવ છે અને તેથી જ તે પરદ્રવ્ય છે. આહાહા..! પરની સાથે સંબંધ નથી. પોતાની જ પર્યાયની વાત છે. બંધ અને મોક્ષની પર્યાય, પોતાની પર્યાયની વાત છે. પણ એ પરદ્રવ્ય છે. આહાહા..! કેમ? જેમ પરદ્રવ્યમાંથી આનંદની નવી નિર્મળ પર્યાય આવતી નથી, તેમ પર્યાય મોક્ષની પર્યાય હોય, તોપણ એમાંથી આનંદની નવી પર્યાય પર્યાયમાંથી આવતી નથી. આહાહા..! ગજબ વાત છે. ભાગ્યવાનને કાને પડે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એવું છે. આહાહા..!

રાગ તો દુઃખદાયક છે, એ તો સંસાર છે, એ તો એક સમયની અવસ્થા પલટી શકે છે. પણ પલટીને મોક્ષ થાય એ સમયની અવસ્થા પણ એક સમયની જ છે. કેમ? કે ત્રિકાળીની અપેક્ષાએ એક સમયની છે, તેથી ત્રિકાળીની અપેક્ષાએ હેય છે, તેથી ત્રિકાળીના સ્વભાવની અપેક્ષાએ પરસ્વભાવ છે. અને તેથી જ.. હેયને કારણે પરસ્વભાવ છે **'તેથી જ પરદ્રવ્ય છે.'** આહાહા..! પોતાની કેવળજ્ઞાન પર્યાય, સિદ્ધપર્યાય, અનંત ચતુષ્ટય બહાર પ્રગટેલા. શક્તિમાં જે અનંત જ્ઞાન, દર્શન, આનંદ અને વીર્ય હતું, એ પર્યાયમાં અનંત ચતુષ્ટય પ્રગટ થયા. છતાં કહે છે કે એ તો પરદ્રવ્ય છે. કેમ કે એમાંથી નવી પર્યાય આવતી નથી. જેમ પરદ્રવ્યમાંથી આનંદની નવી પર્યાય આવતી નથી. એમ આ પર્યાયમાંથી નવી આનંદની પર્યાય આવતી નથી. આનંદની પર્યાય ભગવાન ત્રિકાળ ત્રિલોકના નાથમાંથી આવે છે. આહાહા..! જેમાંથી અનંત આનંદની પર્યાય આવે તેને અમે સ્વદ્રવ્ય કહીએ છીએ. આહાહા..! અને જે પર્યાયમાંથી નવી આનંદની પર્યાય ન આવે, તેને અમે સ્વદ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્ય કહીએ છીએ. ગજબ વાત છે. આહાહા..! **'તેથી જ પરદ્રવ્ય છે.'** આહાહા..! હવે વિશેષ આવશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૫૫, ગાથા-૫૦, મંગળવાર, શ્રાવણ વદ ૮, તા.૦૨-૦૯-૧૯૮૦

---

'નિયમસાર' ૫૦મી ગાથા. હિન્દીમાં ટીકા. ગાથા ફરીથી લઈએ.

**पुव्वुत्तसयलभावा परदव्वं परसहावमिदि हेयं।**
**सगदव्वमुवादेयं अंतरतच्चं हवे अप्पा।।५०।।**

**પૂર્વોક્ત ભાવો પર-દરવ પરભાવ, તેથી હેય છે;**
**આત્મા જ છે આદેય, અંતઃતત્ત્વરૂપ નિજદ્રવ્ય જે. ૫૦.**

ઝીણો અધિકાર છે, મૂળ અધિકાર છે. પરમાત્મા સર્વજ્ઞદેવ, તીર્થંકરદેવના અંતરના પેટની વાત છે. જે અનાદિકાળનો સનાતન ધર્મ શું છે? એ વાત છે.

**'ટીકા :– આ, હેય–ઉપાદેય...'** છાંડવાયોગ્ય–આદરવાયોગ્ય **'અથવા ત્યાગ-ગ્રહણના સ્વરૂપનું કથન છે.'** ત્યાગનું અને ગ્રહણનું અથવા હેયનું, છોડવાનો અને આદરવાનો, એ અધિકાર આમાં છે. **'જે કોઈ વિભાવગુણપર્યાય છે...'** આહાહા..! આકરી વાત છે. આત્મામાં ચાર પ્રકારની પર્યાય થાય છે. એક દયા, દાન, વ્રત, ભક્તિનો ઉદયભાવ, એક એનો ઉપશમભાવ, રાગનું ઉપશમ–ઠરવું, એક ક્ષયોપશમભાવ, એક ક્ષાયિકભાવ, એ ચાર ભાવ આત્મદ્રવ્યની ચાર પર્યાય છે. આત્મદ્રવ્યની ચાર અવસ્થા છે. એ કહે છે કે, **'જે કોઈ**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**વિભાવગુણપર્યાયો છે...'** એ ચાર પર્યાય. આહાહા..! આકરી વાત છે.

**'તેઓ પૂર્વે (૪૯મી ગાથામાં) વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેયપણે કહેવામાં આવ્યા હતા પરંતુ શુદ્ધનિશ્ચયનયના બળે...'** પણ અંતરના આત્મસ્વભાવની શક્તિના બળથી અથવા શુદ્ધ ચૈતન્યને પ્રાપ્ત કરવાના બળથી એ ચાર પર્યાય હેય છે. આહાહા..! ઉદયભાવ તો હેય છે જ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ બધો રાગ તો બંધનું કારણ હેય છે જ. પણ એનું ઉપશમવું. પાણીમાં જેમ મેલ નીચે બેસી જાય અને પાણી ઠરે છે, એમ વિકારનો મેલ નીચે બેસી જાય અને ઉપશમ થઈ જાય. એ ઉપશમભાવ પણ અહીં તો હેય છે. ત્યાગવા યોગ્ય છે. હેય છે એ ત્યાગવા યોગ્ય છે. આહાહા..!

જેને આત્મજ્ઞાન પ્રથમ સમ્યગ્દર્શન, ધર્મની પહેલી સીઢી, ધર્મની પહેલી શ્રેણી, અનંતકાળમાં નહિ બનેલી અપૂર્વ, એવી દૃષ્ટિ કરવી હોય તેને ઉદયભાવ, ઉપશમભાવ અને જ્ઞાનના ક્ષયોપશમમાં ઉઘાડભાવ અને કાંઈક વિઘ્ન, અને કેવળજ્ઞાનાદિ ક્ષાયિકભાવ કે ક્ષાયિક સમકિત આદિ, એ ચાર ભાવો... આહાહા..! **'વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેયપણે કહેવામાં આવ્યા હતા પરંતુ શુદ્ધનિશ્ચયનયના બળે તેઓ હેય છે.'** આહાહા..! આકરી વાત છે. ૫૦મી ગાથા. કાલે તો ખૂબ ચાલ્યું હતું. સમજાણું કાંઈ?

અંદર એક પંચમ પારિણામિક સ્વભાવભાવ, ધ્રુવભાવ, અનાદિઅનંત સનાતન નિત્યભાવ, સમ્યગ્દૃષ્ટિને એક જ ઉપાદેય છે. જેને ધર્મની પહેલી સીઢી પ્રગટ કરવી હોય તો તેને અનાદિઅનંત ચૈતન્ય સ્વરૂપ જે શુદ્ધ પારિણામિક સ્વભાવ, જે જ્ઞાયકભાવ, ત્રિકાળી જ્ઞાયકભાવ, એ જ આદરણીય છે. દૃષ્ટિ ત્યાં કરવા લાયક છે. આહાહા..! આકરી વાત છે.

આ શરીરાદી તો જડ માટી છે. હલન-ચલનની ક્રિયા થાય છે એ બધી જડની ક્રિયા છે. આત્મા કદી જડમાં કાંઈ કરી શકતો નથી. જડને અડતો પણ નથી ને. આહાહા..! 'સમયસાર'ની ત્રીજી ગાથા, એક દ્રવ્ય બીજા દ્રવ્યને કદી અડતું નથી. અમારી ગુજરાતી ભાષામાં અડતું નથી. અહીં કહે છે, સ્પર્શતું નથી. એક તત્ત્વ બીજા તત્ત્વને સ્પર્શતું નથી. આહાહા..! ગજબ વાત છે. આ આંગળી અનંત પરમાણુનો પિંડ છે. એમાં એક-એક પરમાણુ બીજા પરમાણુને અડ્યા નથી. આહાહા..! કેમ કે દ્રવ્ય, વસ્તુ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં અસ્તિ રાખે છે. પરના કારણે તેની અસ્તિ કિંચિત્ નથી.

દરેક પદાર્થ, પરમાણુ કે આત્મા, પોતાનું ત્રિકાળી દ્રવ્ય વસ્તુ, એની શક્તિ જે ગુણ, જ્ઞાન, દર્શન આદિ અને એની પર્યાય અવસ્થા વર્તમાન હાલત, વિચાર. એ ત્રણમાં એનું અસ્તિત્વ છે. એ ત્રણમાં એની હયાતી છે. એ હયાતી બીજા દ્રવ્યને અડતી નથી. આહાહા..! કહો, '..ભાઈ'! આ કે દિ' સાંભળ્યું હતું? તે દિ' લાંઘણ કરી હતી. વર્ષી તપ કર્યું હતું. આહાહા..! અરે..! પ્રભુ! માર્ગ જુદા છે, પ્રભુ! વીતરાગ ત્રણલોકનો નાથ પરમેશ્વર મહાવિદેહમાં બિરાજે છે. વીસ તીર્થંકર, લાખો કેવળીઓ બિરાજે છે. એવા અનંત તીર્થંકરો થયા, અનંત

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તીર્થંકરો થશે, અનંત કેવળીઓ થશે, અનંત સંતો, મુનિ સાચા જૈનદર્શનના થશે, એ દરેકનું આ કથન છે. આ કથન છે. આહાહા..!

શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ, લક્ષ્મી, પરિવાર એ તો ભિન્ન છે. એ તો આત્માની પર્યાયમાં પણ નથી. શું કહ્યું? આત્માની જે અવસ્થા–પર્યાય, પલટતી દશા છે, એમાં એ નથી. પર એ સંસાર નથી. સ્ત્રી, કુટુંબ, લક્ષ્મી, આબરૂ, કીર્તિ એ સંસાર નથી. સંસાર આત્માની પર્યાયમાં દ્રવ્ય, ગુણ શુદ્ધથી સંસરણ–હટીને વિકારમાં રહેવું એ સંસાર છે. આહાહા..! વાત આકરી છે, ભાઈ! કદી સાંભળી નથી, કરી નથી.

ચોરાશીના અવતાર કરતા કરતા અનંતકાળ ચાલ્યો ગયો છે. ચોરાશી લાખ યોની. એક આતમજ્ઞાન વિના, આત્મદર્શન, સમકિત વિના એક-એક યોનીમાં અનંતવાર અવતાર ધારણ કર્યા. બાકી બધી ક્રિયા તેં કરી છે. આહાહા..! 'મુનિ વ્રતધાર અનંતબાર ગ્રૈવેયક ઉપજાયો.' મુનિવ્રત ધારણ કર્યા, દિગંબર નગ્ન મુનિ થયો, જંગલમાં વસ્યો અને 'મુનિ વ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન વિના...' ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ જિનેશ્વર–પરમેશ્વરે, જે આત્મા આનંદકંદ, અતીન્દ્રિય આનંદનું દળ, અતીન્દ્રિય જ્ઞાનનો કસ, અતીન્દ્રિય શાંતિનો સાગર, એવો જે પ્રભુ આત્મા ભગવાને જે જોયો છે. એ આત્માને અનંતકાળમાં કદી એક સેકન્ડ પણ અડ્યો નથી. આહાહા..! પર્યાયદષ્ટિમાં રહ્યો. પર્યાય એટલે વર્તમાન અવસ્થા, બદલતી પર્યાય વિચારણા. એ સિવાય ધ્રુવ સ્વરૂપ જે ત્રિકાળી, ભગવાન પૂર્ણાનંદનો નાથ, એ બાજુ તો એક સમય પણ ઢળ્યો નથી. આહાહા..!

એ કહે છે, '**શુદ્ધનિશ્ચયનયના બળે...**' ત્રિકાળી જ્ઞાયકભાવના જ્ઞાનના બળથી. આહાહા..! વ્યવહારનયે એના છે એમ કહ્યું હતું, આત્માના છે વ્યવહારે પણ શુદ્ધ નિશ્ચય અંતર ત્રિકાળી સત્યાર્થ, વાસ્તવિકતા, ત્રિકાળતા અને ત્રિકાળી રહેનાર સત્ય, એ દૃષ્ટિથી જુઓ તો એ '**શુદ્ધ નિશ્ચયનયના બળે (શુદ્ધ નિશ્ચયનયે) તેઓ હેય છે.**' એ ચારે ભાવ હેય છે. આહાહા..! ગજબ વાત છે. 'કુંદકુંદાચાર્ય' કહે છે, કે મેં મારા માટે બનાવ્યું. આ પુસ્તક મેં મારા માટે બનાવ્યું છે. 'સમયસાર' આદિ તો ઉપદેશક તરીકે બધાને કામ આવે એવું બનાવ્યું. આ પુસ્તક પણ કામ આવે માટે બનાવ્યું. પણ મેં તો મારા માટે બનાવ્યું છે. આહાહા..! છેલ્લી ગાથામાં છે, કે મેં મારી ભાવના માટે બનાવ્યું છે. આહાહા..! અરે..રે..! એણે શું કર્યું?

એક આત્માની ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક પર્યાય, એ પર્યાય પણ આદરણીય નથી. કેમ? એ પર્યાયમાંથી નવી પર્યાય આવતી નથી. આહાહા..! નવી પર્યાય શુદ્ધ નિર્મળ વીતરાગી આનંદની દશા દ્રવ્યમાંથી આવે છે. એ કારણે એ પર્યાયને હેય કહી છે. આહાહા..! આવી વાત છે. આકરી વાત છે. કોઈને તો એવું લાગે કે આ કાઢ્યું ક્યાંથી? આવો નવો માર્ગ ક્યાંથી કાઢ્યો? અરે..! પ્રભુ! આ શાસ્ત્ર તો અનાદિના છે, મહાવીર ભગવાનના વખતના છે. આ તો 'કુંદકુંદાચાર્યે' કરેલા ત્યારના છે. આહાહા..! 'નિયમસાર'ની ૫૦મી ગાથા ચાલે છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates


નિયમ એવો છે કે, નિયમ એવો છે કે, એ નિયમનો સાર, કે પર્યાયમાં ચાર પ્રકારની પર્યાય છે. તેની સ્થિતિ એક સમયની છે. રાગ હોય તો પણ એક સમય રહે, ઉપશમભાવ પણ એક સમય રહે, ક્ષયોપશમભાવ પણ એક સમય રહે, અરે..! ક્ષાયિક કેવળજ્ઞાન પણ એક સમય રહે. કેવળજ્ઞાન એક સમય રહે, બીજા સમયે એ કેવળજ્ઞાન ન રહે. કેવળજ્ઞાન બીજે સમયે બીજું. એવું, પણ એ નહિ. આહાહા..! આકરી વાત છે, પ્રભુ! જૈનમાર્ગ એવો આકરો છે. પરંપરા બધી તૂટી ગઈ. બહારમાં ચાર ગતિમાં રખડવાનો માર્ગ રહી ગયો. આહાહા..! પુણ્યની ક્રિયા કરો અને મોક્ષ જશો. દયા પાળો, વ્રત કરો, ભક્તિ કરો, પૂજા કરો, દેરાસર બનાવો. જાવ મોક્ષ થાશે. ક્યાં ગયા? આહાહા..!

અહીં પરમાત્મા ત્રિલોકનાથનું કહેલું, 'કુંદકુંદાચાર્યે' સીધું સાંભળેલું, એ જગત પાસે જાહેર કરે છે. પોતાના હિત માટે કરેલું. આ પુસ્તક પોતાના હિત માટે કરેલું, એ જગત પાસે જાહેર કરે છે. પ્રભુ! તારામાં બે પ્રકાર છે. કોઈ શરીર, વાણી, મન, કર્મ, ફર્મ એ તો આત્માને અડતા નથી. કર્મ જડ છે એને આત્મા અડતો નથી. આત્મા અરૂપી છે. કર્મ જડ રૂપી છે. શરીર રૂપીને આત્મા અડતો નથી. અડે નહિ. આ વાત કેવી? અરે..! એ આત્માને તો અડતો નથી, પણ આમાં જે અનંત પરમાણુ છે, એ એક પરમાણુ બીજા પરમાણુને અડતા નથી. એક એક પરમાણુ પોતાના અસ્તિત્ત્વમાં છે. બીજા પરમાણુ પોતાની અસ્તિત્વની હયાતીમાં છે. પરની હયાતીને અડતા નથી. આહાહા..! આવું આકરું કામ છે. પ્રભુ! માર્ગ તો આવો છે. દુનિયાને બેસે, ન બેસે. દુનિયા વિરોધ કરો. એને ન બેસે તો વિરોધ કરે.

મુમુક્ષુ :– અજ્ઞાની લોકો કરે.

ઉત્તર :– અજ્ઞાનીને વસ્તુની ખબર નથી. એ ભગવાન અંદર છે, પણ એની એને ખબર નથી.

અહીં એમ કહે છે, કે એ ચાર ભાવ હેય છે. આહાહા..! અરે..! ક્ષાયિકભાવ, ક્ષાયિક સમકિત પણ પર્યાય છે ને? અને અહીં સાધક, કેવળજ્ઞાન તો છે નહિ. કોઈ પરનું લક્ષ કરે તો રાગ ઉત્પન્ન થાય છે. આહાહા..! આ કારણે પોતાના અસ્તિત્વમાં બે પ્રકાર, પરના અસ્તિત્વની તો વાત જ નથી. શરીર, કર્મ, સ્ત્રી, કુટુંબ, પરિવાર એ તો પરનું અસ્તિત્વ છે. પોતાને ને એને કાંઈ સંબંધ નથી. આહાહા..! ગજબ વાત, પ્રભુ! પોતાની હયાતી અને પરની હયાતીને કાંઈ સંબંધ નથી. પરની હયાતી એને કારણે છે અને પોતાની હયાતી પોતાને કારણે છે. આહાહા..! અરે..રે..! પ્રભુ! એવી ઝીણી વાત છે, પ્રભુ!

કહે છે, કે પરની હયાતીની તો અહીં અમે વાત જ નથી કરતા. કેમ કે પરની હયાતીમાં પોતાની હયાતીને કાંઈ સંબંધ નથી. આહાહા..! પણ પોતાની હયાતીમાં બે પ્રકાર. આત્માની હયાતીમાં બે પ્રકાર છે. એક વર્તમાન પર્યાય પ્રકાર, દયા, દાન, વ્રતાદિનો ઉદયભાવ, એ રાગને મંદ કરવો અથવા ઠારવો, નીચે રહેવું, કાંઈ ઉઘાડ ઉપર શાંતિ થવી એ ઉપશમભાવ.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ક્ષયોપશમભાવ એટલે જ્ઞાનમાં ઉઘાડ થવો, કાંઈ વિઘન રહેવું, કાંઈ ઉઘાડ અને ક્ષાયિકભાવ વિઘ્ન વિનાની પર્યાય. એ ચારે પર્યાય આત્મામાં નથી. પર્યાયમાં છે તે હેય છે. આહાહા..! આવી વાત! બાયડી, છોકરાની તો વાત જ નથી. એ તો એનું દ્રવ્ય એને કારણે આવીને એની હયાતીએ રહ્યું છે. એ કાંઈ તારી હયાતીએ એની હયાતી રહી નથી. આહાહા..! એ શરીરની હયાતીપણાની, એને કારણે હયાતી દ્રવ્ય, ગુણ, પર્યાય એના, એને કારણે એની હયાતી છે. આ હલન-ચલન થવું એ આત્માથી નથી થતું. એની હયાતીથી એનું હલન-ચલન છે. આત્માથી બિલકુલ નથી. આહાહા..! તમારા પૈસા ક્યાં ગયા આમાં? આ બધા કરોડપતિ. ધૂળપતિ ધૂળ. એ ધૂળ તો અજીવ છે. અજીવની સત્તામાં જીવની સત્તાનો પ્રવેશ નથી. અને અજીવની સત્તા જીવની સત્તાને અડતી નથી. આહાહા..! આ તે શું કહે છે!?

ભગવાન! ભગવાન ત્રણલોકના નાથે આ કહ્યું છે. પરમાત્મા બિરાજે છે. આહાહા..! એમણે કહેલી આ વાત છે. 'કુંદકુંદાચાર્ય' ભગવાન પાસે ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા. ઓ..હો..! સાક્ષાત્ પરમાત્માની વાણી આઠ દિવસ સાંભળી. અને કેટલીક વાત છદ્મસ્થ શ્રુતકેવળીઓ જે હતા, પણ શ્રુતમાં પૂરા, એની સાથે ચર્ચા કરીને કેટલાક નિર્ણય કર્યા. એ બધું લઈને અહીં આવ્યા. આવીને આ શાસ્ત્ર બનાવ્યું. આહાહા..!

પ્રભુ! એક વાર સાંભળને. તારી હયાતી પરની હયાતીને કારણે છે? શરીરની હયાતીને લઈને તારી હયાતી છે? આ વાણીની હયાતીને લીધે તારી હયાતી છે? અને વાણીની હયાતી તારી હયાતીને લીધે છે? આહા..! આ વાણી છે એ જડ, માટી પરમાણુની પર્યાય છે. એની હયાતી તારા લીધે નથી. એમ આ શરીરની હલન-ચલન આદિ ક્રિયા એ તારા લીધે નથી. એ જડની હયાતીને લીધે, એની હયાતીને લીધે, એના અસ્તિત્વને લઈને, એની મોજૂદગીને લઈને એની ક્રિયા જડમાં એને લીધે થાય છે. આત્માથી બિલકુલ થતી નથી. આહાહા..!

મુમુક્ષુ :– પૈસા કમાવાનું કામ આત્મા કરે?

ઉત્તર :– પૈસા કોણ કમાય? ધૂળ. પૈસા, જડ, માટી. આહાહા..! અમે પણ પાંચ વર્ષ દુકાનમાં ધંધો કર્યો હતો ને. 'પાલેજ'માં મોટી દુકાન ચાલે છે. ચાલીસ લાખ રૂપિયા છે. ચાર લાખની પેદાશ છે. છોકરાઓ ત્રણ છે. પણ ઓણ (આ વર્ષે) વહેંચી દીધું. નહિતર ત્રણ છોકરા. ફઈના દીકરા ભાગીદાર હતા. અમે બે હતા અને એ બે હતા. અને બે દુકાન હતી. એમાં (સંવત) ૧૯૬૩ થી ૧૯૬૮ સુધી તો મેં દુકાન ચલાવી છે. પિતાજી હતા. 'ઉમરાળા'થી ૧૯૫૯ની સાલમાં ત્યાં ગયા હતા. છપ્પનિયા (દુષ્કાળ) પછી ગયેલા. પિતાજી ચાર વર્ષ રહ્યા. (સંવત) ૧૯૬૩ની સાલમાં ગુજરી ગયા. ૧૯૬૩ થી ૧૯૬૮ની સાલ સુધી ભાગીદારની સાથે મેં દુકાન ચલાવી. પાંચ વર્ષ ચલાવી હતી. અત્યારે એ દુકાન તો મોટી થઈ ગઈ છે. ચાલીસ લાખ રૂપિયા. ચાર લાખની પેદાશ. છોકરાઓ 'મનસુખ'ને એ આવ્યા હતા. અરે..! ધૂળમાં. અહીં કોણ રળે અને કોણ કમાવે? કોના પૈસા? કોના પૈસા?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પ્રભુ! પૈસા હયાતીવાળી ચીજ છે કે અણહયાતીવાળી? તો હયાતીવાળી ચીજ તારે લીધે છે કે એના લીધે છે? આહાહા..! અરે..રે..! તેં ન્યાયથી વાત ન સાંભળી, પ્રભુ! આહાહા..! પૈસાની હયાતી એના દ્રવ્ય-ગુણ-પર્યાયની હયાતીને લઈને છે કે તારા લીધે છે? આ સ્ત્રીની હયાતી, તારી સ્ત્રી તું જે માને છે, માને છે, છે નહિ. આત્માને સ્ત્રી નથી. સ્ત્રીની હયાતી એના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં એની હયાતી એને લીધે છે. એની પાસે જે કર્મ છે, એ કર્મની હયાતી કર્મને લઈને છે, આત્માને લઈને નહિ. આહાહા..! 'રામજીભાઈ'ને એક જ દીકરો છે. તેથી આવો પ્રશ્ન કરે છે. એક જ દીકરો છે ને? 'સુમનભાઈ'. મહિને આઠ હજારનો પગાર છે. 'મુંબઈ'. 'અમેરિકા' મોકલાવ્યા હતા. પાપ કરીને પેદા કર્યા હતા અને ૩૫ હજાર ખર્ચીને છોકરાને ભણાવ્યો. પાપ કરીને કર્યું હતું અને પાપ કરીને આપ્યું. એ છોકરાનું શું એમ પૂછે છે. એ છોકરો એની હયાતીમાં એને લઈને છે. આને લઈને એની હયાતી નથી અને એની હયાતીને લઈને આની હયાતી નથી. આહાહા..!

અરે..! પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરદેવ, એને કોણ સાંભળશે? એનો નાદ કોણ સંઘરશે? એના નાદને કોણ હા પાડશે? આહાહા..! દુનિયા ગાંડી, અજ્ઞાનમાં પાગલ થયેલી. આહાહા..! એમાં આ વાત.. આહાહા..! એક એક રજકણ એની હયાતીને લીધે છે. આને લીધે છે. આંગળીની હયાતીને લઈને આ નહિ અને આને લઈને આ નહિ. આત્માને લઈને આની હયાતી નથી. આ તો માટી છે. માટી હયાતી–મોજૂદગી એને લઈને, જડને લઈને છે. આત્માને લઈને બિલકુલ નહિ. આહાહા..! એટલે એની વાત તો અહીંયા કરી નથી કે શરીર, વાણી, સ્ત્રી, કુટુંબ, પરિવાર, પૈસો એ હેય છે એ વાત અહીં કરી નથી. કેમ કે એનામાં છે નહિ તો પછી હેય કોને? હેય તો પોતામાં હોય, હોય એને હેય કરી શકે. પણ પરનું હોય એમાં પરમાં હેય-ઉપાદેય ક્યાં? પર તો પરની ચીજ છે. આહાહા..! સમજાણું કાંઈ?

પરની ચીજ તો પરને લઈને, પોતાની હયાતીને લઈને છે તો એનો ત્યાગ-ગ્રહણ આત્મામાં નથી. આત્મામાં એક ત્યાગઉપાદાન નામનો ગુણ છે, શક્તિ એક છે. આત્મામાં ત્યાગ-ઉપાદાન. તો એક પણ રજકણનો ત્યાગ અને એકપણ રજકણનું ગ્રહણ, એનાથી પ્રભુ રહિત છે. અરે..રે..! 'બલુભાઈ'! અરે..! ભગવાનનો નાદ કોણ સાંભળશે? અરે..! જિનેશ્વરદેવ ત્રિલોકનાથ. 'શ્રીમદ્' એકવાર કહેતા, કે અરે..રે..! મારી આ વાત કોણ સાંભળશે? અહીં તો ત્રણલોકના નાથ, દિવ્યધ્વનિ દ્વારા વાત આવી, એ કહે, દિવ્યધ્વનિની હયાતી મારે લઈને નથી. આહાહા..! એ અવાજ નીકળે છે એ જડનો. એ જડની હયાતી જડના કારણે છે. પોતાના કારણે, આત્માને કારણે નહિ. આહાહા..! અહીં તો કહે દયા પાળો, વ્રત કરો, ભક્તિ કરો અને આ કરો. અરે..! ભગવાન! કદાચિત્ એમાં રાગની મંદતા કરો તો પુણ્ય થાય અને એ પુણ્યથી ચાર ગતિમાં રખડવાનું બને. આહાહા..! એ પુણ્ય પોતે સંસાર છે. આત્મા ત્રિકાળી આનંદનો નાથ, એમાં સંસરણમ ઇતિ સંસારઃ એમાંથી હટીને, ત્રિકાળીમાંથી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



હટીને વિકારમાં આવ્યો, એ સંસરણમ ઇતિ સંસારઃ. એ પરમાં આવ્યો એ તો વાત જ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

આ તમારું કારખાનું ચાલે છે ને? શું કહેવાય એ? એકવાર ગયા હતા. સ્ટીલ. સ્ટીલનું મોટું કારખાનું છે. ... લોઢાનું, અમારે શું કરવું છે કીધું. સ્ટીલનું કારખાનું છે. કાંપમાં. ધૂળનું કારખાનું એને લઈને ચાલે છે. એ કારખાનું માણસને લઈનેય નહિ, 'ચંદુભાઈ'ને લઈને તો નહિ જ.

મુમુક્ષુ :– ... પૈસા તો અમને મળે છે ને?

ઉત્તર :– આહાહા..! અરે..! કોને પૈસા મળે? પ્રભુ! પૈસા એ કોઈ ચીજ છે કે નહિ? તો આ ચીજ એ ચીજને મળે કે અડે? પ્રભુ! આ વાત બીજી છે, જગતથી ન્યારી વાત છે. વીતરાગનો ત્રિલોકનાથ જિનેશ્વરનો માર્ગ દુનિયાથી તદ્દન ન્યારો છે. એ લક્ષ્મીને આત્મા અડતો નથી તો એને લક્ષ્મી ક્યાંથી મળી? ત્યારે મળ્યું શું? કે એ આવતાં એને એમ થયું કે મારી છે એવી એને મમતા મળી. એ મમતા એની પર્યાયમાં પોતે કરી છે. એ લક્ષ્મીએ કરાવી નથી. આહાહા..! વાતે વાતે ફેર! દુનિયાની સાથે.. દુનિયામાં રહેવું અને દુનિયાથી ફેર. દુનિયામાં ક્યાં રહે છે? આહાહા..!

અહીં કહે છે, કે તારી હયાતીમાં એ લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ, પરિવાર, મકાન, આબરૂ, કપડા એ તારી હયાતીને લઈને છે જ નહિ, એટલે એની વાત તો અમે કરતા નથી. કે એ છોડવા લાયક છે અને ગ્રહણ કરવાયોગ્ય તારી ચીજ છે. એ તો આત્માના ગુણમાં નથી. આત્માનો ગુણ એક એવો છે, ત્યાગઉપાદાનશૂન્યત્વશક્તિ. એક રજકણથી માંડીને દાળ, ભાત, રોટલા, શાક, કપડા, પૈસા એનો ત્યાગ અને એનું ગ્રહણ, એનાથી આત્મા શૂન્ય છે. આહાહા..! અરે..રે..! એ વાતને ઝીલે, પ્રભુ! ત્રણલોકના નાથ તીર્થંકરદેવ, અનંત તીર્થંકરોનો આ નાદ છે. અરે..! અત્યારે એ બધો ભૂંસાઈ ગયો છે. અત્યારે ક્યાંકને ક્યાંકને નામે લોકો બિચારા રખડી મરે છે. આહાહા..!

ભગવાન ત્રિલોકના નાથ, અનંતા તીર્થંકરો, એનો આ અવાજ છે. આહાહા..! એ અવાજ એનો કહેવો એ પણ નિમિત્તથી છે. આહાહા..! અવાજ અવાજથી છે. એ અવાજ આત્માથી નહિ. પણ એ અવાજમાં એમ આવ્યું... આહાહા..! કે તારી હયાતીમાં બે વાત છે. તું આત્મા છો ને, પ્રભુ! તો તારામાં બે વાત છે. એક ત્રિકાળી દ્રવ્ય છે અને એક વર્તમાન પર્યાય અવસ્થા છે. બદલતી અવસ્થા અને એક ત્રિકાળી ધ્રુવ એ બે હયાતી તારામાં છે. તારામાં બે હયાતી સિવાય ત્રીજી કોઈ હયાતી નથી. આહાહા..! હવે એની પર્યાયની જે હયાતી, એની અવસ્થા જે છે. જે આમ વિચાર ચાલે, બદલે. એ હયાતીના ચાર પ્રકાર છે. ઉદયભાવ, ઉપશમભાવ, ક્ષયોપશમભાવ અને ક્ષાયિકભાવ. એની હયાતીની પર્યાયમાં ચાર ભાવ. જે પરની હયાતીને લઈને નહિ, જે પરની હયાતીમાં નથી. એ ચાર ભાવ પણ હેય છે. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છોડવાલાયક છે. જેને ધર્મ કરવો હોય, જેને સમ્યગ્દર્શન, ધર્મનું પહેલું પગથિયું, પહેલું સોપાન કરવું હોય એણે તારી હયાતી સિવાયના ત્યાગગ્રહણની વાત અહીં છે જ નહિ. કેમ કે પરના ત્યાગગ્રહણથી તો તું ત્રિકાળ શૂન્ય છો. પરના ત્યાગ અને ગ્રહણથી તો ત્રિકાળ શૂન્ય છો. આહાહા..! 'રજનીભાઈ'! શું આ તમારા પૈસા-બૈસા ધૂળ.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– માણસો કહે છે, એ એક-એક છોકરાને કરોડ-કરોડ રૂપિયા છે, એમ કહે છે. એ વાત સાંભળી છે. મકાન જોવા ગયા હતા. 'પોપટભાઈ' પાસે રહેતા. મકાન કરાવ્યું છે. જમીન લીધી છે. છોકરા કો'ક દિ' નવરા થઈને વારાફરતી આવે. આહાહા..!

અરે..! ભગવાન! તારી હયાતીમાં જે ચીજ નથી, એના ત્યાગગ્રહણની અહીં વાત નથી. કેમ કે પરના ત્યાગગ્રહણથી રહિત તું છો. હવે વાત રહી તારી પર્યાય–અવસ્થા, એ તારી હયાતી, તારી દશામાં રાગ, દ્વેષ, દયા, દાન, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવ, એ તારી પર્યાયમાં હયાતીમાં છે. એ હયાતી હેય છે. એ ઉપર નજર રાખવાની જરૂર નથી. એ ઉપર નજર રાખવાથી તો રાગ થશે અને સંસારમાં પરિભ્રમણ કરીશ. આહાહા..! 'ચીમનભાઈ'! આમાં ક્યાં તમારું 'મુંબઈ'નું ધમાધમ. આહાહા..! ધમાલ.. ધમાલ... ધમાલ...

અરે..! પ્રભુ! તારી મોજૂદગીમાં, તારી હયાતીમાં, આત્મામાં દ્રવ્ય એટલે ત્રિકાળી વસ્તુ, ગુણ એટલે જ્ઞાન-દર્શન આદિ શક્તિ, અને પલટતી અવસ્થા, એ ત્રણ તારી હયાતીમાં છે. ત્રણ સિવાય ચોથી ચીજ તારી હયાતીમાં નથી. આહાહા..! આ વાત પાગલ લાગે એવું છે. પાગલને પાગલ લાગે એવું છે. દુનિયા આખી પાગલ છે. આહાહા..! 'બલુભાઈ'! આ બધા બુદ્ધિવાળા કહેવાય એ બધા પાગલો છે. આહાહા..! ત્રણલોકના નાથ પાગલ કહે છે. 'પરમાત્મપ્રકાશ'માં પાઠ છે, કે દુનિયા સત્ય કહેનારને પાગલ કહે છે અને સત્ય કહેનાર દુનિયાને પાગલ માને છે. આહાહા..!

અહીં બે વાત થઈ. એક તો આત્મામાં દ્રવ્ય–વસ્તુ, ગુણ–શક્તિ, જ્ઞાન, દર્શન આદિ અને એની બદલતી અવસ્થા, એ ત્રણમાં એની હયાતી છે. બાકી બાહ્ય ચીજમાં એની હયાતી નથી અને બાહ્ય ચીજને લઈને આની હયાતી નથી. અને આને લઈને બાહ્ય ચીજની હયાતી નથી. હવે એની પર્યાયમાં ચાર પ્રકારની પર્યાયની હયાતી છે. આહાહા..! ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકભાવ. ચાર ભાવ પણ સાંભળ્યા ન હોય. એ ચાર ભાવ પણ.. કીધું ને?

**'શુદ્ધનિશ્ચયનયના બળે તેઓ હેય છે.'** આહાહા..! પરની વાત તો ક્યાં કરવી? સ્ત્રી, કુટુંબ, પરિવાર, મકાન, ધૂળ એટલે પૈસા. આહાહા..! એ તો એની હયાતીએ ત્યાં રહે અને એની હયાતીએ જાય. તારા પ્રયત્નથી આવે અને જાય એ વાત ત્રણકાળમાં સાચી નથી. આહાહા..! તારી હયાતીમાં તો રાગ અને દ્વેષ વિકાર થાય, કાં ધર્મની ઉપશમ, ક્ષયોપશમ, અને ક્ષાયિક પર્યાય થાય. આ ત્રિકાળ દ્રવ્યને અવલંબે. છતાં તે પર્યાય હેય છે. કેમ? કે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ પર્યાય–અવસ્થા જે છે, એમાંથી નવી અવસ્થા ઉત્પન્ન થતી નથી. નવી અવસ્થામાંથી અવસ્થા ઉત્પન્ન થતી નથી. અવસ્થા પર્યાય દ્રવ્ય ત્રિકાળી દ્રવ્ય ભગવાનઆત્મા અનાદિ સનાતન સત્ પ્રભુ! એમાંથી પર્યાય આવે છે. પર્યાયમાંથી પર્યાય આવતી નથી. એ કારણે ચાર પ્રકારની પર્યાયને પણ હેય કહેવામાં આવી છે. એની દૃષ્ટિ છોડી દે. ભગવાન ઉપર દૃષ્ટિ કર. ત્રિકાળ પરમાત્મસ્વરૂપ ભગવાન, પંચમભાવ, એ ચાર ભાવથી જુદો. ચાર ભાવ પર્યાયના છે અને પંચમભાવ દ્રવ્યનો, વસ્તુનો છે. જ્ઞાયકભાવ. જ્ઞાયક... આહાહા..!

**'શા કારણથી?'** હેય છે. છે શબ્દ? હેય કહ્યું એ શા કારણથી છે? કારણ વિનાનું કાર્ય હોતું નથી. પોતાની પર્યાય અવસ્થામાં જે ચાર ભાવ થાય છે એ નજરમાંથી છોડવા લાયક છે. ત્યાં નજર રાખવાની જરૂર નથી. કેમ કે તેના લક્ષે તો રાગ થાય છે. આહાહા..! **'શા કારણથી? કારણ કે તેઓ પરસ્વભાવો છે,...'** આહાહા..! છે? આહાહા..! પ્રભુ! અનંત તીર્થંકરો થઈ ગયા, થાય છે અને થશે. એનો આ ભાવ છે, એનો આ ભાવ છે. પણ એ જગતને બેસવો (કઠણ પડે). સાંભળવો મુશ્કેલ પડે છે. સાંભળવું જ મળે નહિ. આ કરો... આ કરો... દયા પાળો, વ્રત કરો, ચોવિયાર કરો, છ પરબી દયા પાળો, છ પરબી કંદમૂળ ન ખાવ, એવી બધી વાતો. આહાહા..! જે પરદ્રવ્યને ગ્રહણત્યાગ કરી શકે નહિ, એની વાતું. આહાહા..!

તારી પર્યાયમાં... હજી તો કેટલાક પર્યાયને પણ સમજતા ન હોય. તારી ચીજ જે કાયમની ચીજ નિત્ય દ્રવ્ય છે અને જે પલટતી અવસ્થા બદલે છે તે પર્યાય છે. એ પર્યાયમાં ચાર ભાવ હોય છે. તો ચાર ભાવ હેય છે. **'શા કારણથી? કારણ કે તેઓ પરસ્વભાવો છે,...'** આહાહા..! લ્યો, આ હિન્દીમાં આવ્યું. હોય એ આવે ને? દુનિયા માનો, ન માનો. ચોરાશીના અવતાર કરી કરીને અનાદિથી રખડી રહ્યો છે. બાપુ! એક-એક નરક. એક-એક નરકમાં અનંત-અનંત અવતાર કર્યા છે. પહેલી નરકની દસ હજાર વર્ષની સ્થિતિ છે. પહેલી નરક રત્નપ્રભા... આહાહા..! રત્નપ્રભા નામ છે.

એક સાધુએ એક ડોશીને પૂછયું હતું, કે ડોશી! રત્નપ્રભા જાવું છે? અરે..! મા-બાપ! અમે જઈએ? તમારા જેવા જાય રત્નપ્રભા. એને એમ કે રત્નપ્રભા એટલે જાણે શું હશે? પણ પહેલી નરકનું નામ રત્નપ્રભા છે. આહાહા..! સાધુએ કહ્યું, કે ડોશી! તમારે રત્નપ્રભામાં જાવું છે? મહારાજ! અમારા જેવા પ્રાણી રત્નપ્રભા જાય નહિ, આપના જેવા જાય. અર..ર..! એને હજી રત્નપ્રભા કોને કહેવી, ક્યાં છે? એની પણ ખબર ન મળે. આહાહા..! અને સામાયિક, પોષા, પડિક્કમણા કરીને માને કે ધર્મ થઈ ગયો. ત્યાં ધૂળમાં પણ ધર્મ નથી. ધૂળમાં પણ નથી એટલે શું? કે એને સાધારણ પુણ્ય બંધાય ધૂળ. તે ચાર ગતિમાં રખડવા માટે પુણ્ય છે. આહાહા..!

**'શા કારણથી?'** હેય છે? પ્રભુ! પણ પોતાની પર્યાયમાં છે ને હેય છે? પોતામાં નથી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એવા શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ, પરિવાર, આબરૂ, કીર્તિ, મકાન એ તો પોતામાં નથી, એ તો પરચીજ છે. એની સાથે કાંઈ સંબંધ નથી. પણ પોતાની પર્યાયમાં છે એને હેય કેમ કહ્યું? એમ શિષ્યનો પ્રશ્ન છે. છે ને? **'શા કારણથી?'** આહાહા..! પોતાની અવસ્થામાં થનારી પર્યાય રાગ, દ્વેષ, દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા.. અરે..! એનાથી રહિત પણ ઉપશમભાવ, ધર્મભાવ... આહાહા..! એ પણ હેય છોડવાયોગ્ય છે, પ્રભુ! એમ તમે શા કારણથી કહો છો? કારણ શું છે? કારણ છે, પ્રભુ! **'કારણ કે તેઓ પરસ્વભાવો છે,...'** આહાહા..! પ્રભુ! એ પરસ્વભાવ છે. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ વિકાર તો પરસ્વભાવ છે જ. પણ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવને પરસ્વભાવ કહ્યો. પર્યાયને પરસ્વભાવ કહી. આહાહા..! અરે..રે..! કોઈ દિ' જિંદગીમાં સાંભળ્યું પણ ન હોય. અને આ જિંદગી ચાલી જાય છે. ક્યાં અવતાર થશે? સત્તા તો રહેવાની છે. આત્માની સત્તા તો અનાદિઅનંત સત્તા છે. આ છૂટી જશે એની સત્તા તો રહેશે. ક્યાં રહેશે? આહાહા..! ક્યાં જશે? રખડતા રામ ક્યાંક ભૂંડમાં, કાગડામાં, કૂતરામાં, નરકમાં (રહેશે). આહાહા..! એવા અનંતા-અનંતા ભવ કર્યાં. સત્યને સમજ્યો નહિ, સત્યને શરણે ગયો નહિ.

અહીં કહે છે, કે એ ચાર ભાવ પણ તારું ત્રિકાળી સત્ય નથી. **'કારણ કે તેઓ પરસ્વભાવો છે,...'** છે? શા કારણે હેય છે? **'કારણ કે તેઓ પરસ્વભાવો છે,...'** આહાહા..! દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા તો પર સ્વભાવ છે જ, પણ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવ પરસ્વભાવ છે. આત્માનો ત્રિકાળી સ્વભાવ એ નથી. આત્મા ત્રિકાળી ટકતી ચીજ, એમાં એ ટકતી ચીજ નથી. એ તો એક સમય ટકે છે. આહાહા..! ધર્મની દશા પ્રગટે એ પણ એક સમય ટકે છે. આહાહા..! ત્રિકાળીના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ થાય, એની સ્થિતિ પણ એક સમયની છે. બીજે સમયે બીજું, ત્રીજે સમયે ત્રીજું એમ પર્યાય બદલે છે. અને ત્રિકાળી ચીજ ધ્રુવ છે. આહાહા..! એ ઉપજે-વિણસે એ પર્યાયની પાછળ, એના તળમાં, પર્યાયના તળિયામાં ધ્રુવ ભર્યું છે. આહાહા..! અરે..! ભગવાન! આવી વાત ક્યાંથી...? ત્રિલોકના નાથની વાત છે. આહાહા..!

**'શા કારણથી? કારણ કે તેઓ પરસ્વભાવો છે, અને તેથી જ પરદ્રવ્ય છે.'** પર્યાયને પરદ્રવ્ય કહી, પ્રભુ! પર વસ્તુ, પૈસા, લક્ષ્મી, આબરૂ, કીર્તિ નહિ. એની સાથે તારે કાંઈ સંબંધ નથી. એ તો એના કારણે આવે, એને કારણે રહે, એને કારણે જાય. તારે કારણે આવે નહિ, તારે કારણે રક્ષા-રક્ષા રહે નહિ, અને તું દેવા જા તો દઈ શકે નહિ. એ તારી શક્તિની બહારની વાત છે. આહાહા..! પણ અંદરના જે ભાવ, ચાર ભાવ, પર્યાયના ભાવ એ પરદ્રવ્ય છે. પરદ્રવ્ય પરવસ્તુ છે. આહાહા..! કેમ? જેમ પરદ્રવ્યમાંથી પોતાની ધર્મપર્યાય પ્રગટતી નથી. જેમ પરદ્રવ્યમાંથી શરીર, વાણી, કર્મ, પરપદાર્થ, દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ, એમાંથી ધર્મપર્યાય પ્રગટતી નથી. એમ પર્યાયમાંથી પર્યાય પ્રગટતી નથી. આહાહા..! એક સમયની

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પર્યાય છે, એમાંથી નવી પર્યાય ઉત્પન્ન નથી થતી. એ પર્યાયનો તો વ્યય થઈ જાય છે. પર્યાયની ઉત્પત્તિ તો ત્રિકાળી દ્રવ્યના આશ્રયે ઉત્પન્ન થાય છે. એ અપેક્ષાએ–સ્વદ્રવ્યની અપેક્ષાએ એ ધર્મની પર્યાયને પણ પરદ્રવ્ય કહી. આહાહા..! ગજબ વાત છે. 'નરેન્દ્રભાઈ'! આવું કોઈ દિ' સાંભળ્યું નથી. ભાગ્યશાળી છો કે આવ્યા. એવી વાત બાપુ છે. શું કહીએ? કોને કહીએ? ક્યાં કહીએ? એવી ગડબડ ચાલી છે... આહાહા..! કે સાચી વાતને ખોટી ઠરાવવી અને ખોટી વાતને સાચી ઠરાવવી, એવી ગડબડ ચાલી છે. આહાહા..!

અહીં કહે છે, કે રાગ દયા, દાનનો ભાવ પરદ્રવ્ય છે. એ તો ઠીક પણ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવ, જે ધર્મભાવ... આહાહા..! એ પરદ્રવ્ય છે. પરદ્રવ્ય કેમ (કહ્યું)? કે પરદ્રવ્યમાંથી જેમ નવી પર્યાય આવતી નથી, એમ પર્યાયમાંથી નવી પર્યાય થતી નથી. નવી પર્યાય તો અંદર દ્રવ્યમાંથી આવે છે. ખજાનો ભર્યો છે એમાંથી નીકળે છે. અંદર ભગવાનનો ખજાનો ભર્યો છે. આહાહા..! લ્યો, 'સુરેશભાઈ'! કે દિ' આવું સાંભળ્યું નહોતું ક્યાંય. આ પાળો, આ કરો, ઇચ્છામિ પડિકમણું, ઇરિયા, વહીયા તસ્સ ઉત્તરી કરણેણં, નિસ્સાલિ કરણેણં અપ્પાણં વોસિરામિ. એ અપ્પાણં વોસરેનો શું અર્થ છે એની ખબર ન મળે. ... આહાહા..!

કીધું ને? લોગ્ગસમાં આવે છે ને? વિહુયરયમલા. 'લીંબડી'માં દશાશ્રીમાળી અને વિશાશ્રીમાળીને વિરોધ હતો. 'લીંબડી'માં સંઘવીનો અપાસરો છે ને? એક શેઠિયાનો અપાસરો હતો. બેને પહેલા વિરોધ હતો. ઘણાં વર્ષની વાત છે. એમાં એક સ્થાનકવાસી બાઈ હતી, એ સામાયિક કરીને બેઠેલી બે ઘડી. એમાં લોગસ્સ આવ્યું. એમાં વિહુયરયમલા આવે ને? એમાં વિહા રોઈ મળ્યા, એમ બોલી. પોતે દશાશ્રીમાળી અને વિશાશ્રીમાળી સાથે વિરોધ હતો. એટલે એમાં વિહુયરયમલાને ઠેકાણે વિહા રોઈ મળ્યા. લોકો કહે કે આપણી તકરારનો શબ્દ લોગસ્સમાં ક્યાંથી આવ્યો? આપણે અહીં દશા અને વિશાને મેળ નથી, એમાં આ ક્યાંથી આવ્યું? અંદર અર્થ તો જુઓ. ત્યારે કહે વિહુઇરયમલા.

હે ત્રિલોકનાથ! આપે વિહુઈ નામ ટાળ્યા છે. વિશેષે હુઈ ટાળ્યા. જેમ આ પંખી ધૂળ ચોટી હોય અને ખંખેરી નાખે. એમ હે નાથ! આપે આત્માના આનંદના સ્વાદમાં અંદર જઈ, અને આ કર્મરૂપી રજને વિહુઈ એટલે ટાળ્યા. વિ એટલે વિશેષ, હુઈ એટલે ટાળ્યા. શું ટાળ્યા? વિહુયરઈમલા–રજ. કર્મની રજ ટાળી અને મળ એટલે પુણ્ય-પાપના ભાવ-મળ ટાળ્યા. ઓલી રજ જડ છે અને આ મળ પર્યાયમાં છે. બેય પ્રભુ આપે ટાળીને મોક્ષ પધાર્યા. એની પણ ખબર ન પડે. જય નારાયણ. અરે..રે..!

અહીં એ કહે છે, કે ચાર પ્રકારની પર્યાય, એમાંથી નવી પર્યાય ઉત્પન્ન થતી નથી. પર્યાય દ્રવ્ય ત્રિકાળમાંથી આવે છે. એ અપેક્ષાએ સ્વ ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ પર્યાયને અમે પરદ્રવ્ય કહીએ છીએ. પરમાત્મા એમ ફરમાવે છે. પરદ્રવ્ય કહીએ છીએ, કેમ કે એમાંથી નવી પર્યાય ઉત્પન્ન થતી નથી. એ તો એ પર્યાયની એક સમયની સ્થિતિ છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એક સમયની સ્થિતિમાંથી બીજી ક્યાંથી આવી? અને દ્રવ્ય જે ત્રિકાળી ભગવાન! એ પર્યાયની પાછળ પ્રભુ આત્મા ત્રિકાળી અનાદિઅનંત ધ્રુવ છે, એ ધ્રુવમાંથી પર્યાય ઉત્પન્ન થાય છે. એ અપેક્ષાએ ધ્રુવને દ્રવ્ય કહેતાં, પર્યાયને પરદ્રવ્ય કહે છે. આહાહા..! આવી વાતે વાતે ફેર, પ્રભુ! ગાંડા કહે, હોં! પાગલ કહે. દુનિયાની સાથે મેળ ખાય નહિ. એ તો ન ખાય. હવે તો સાડી પિસ્તાલીસ વર્ષ થયા. અહીં 'સોનગઢ'માં સાડી પિસ્તાલીસ વર્ષ તો અહીં થયા. પિસ્તાલીસ વર્ષે આવ્યા હતા. શરીરને ૯૧ વર્ષ ચાલે છે. આહાહા..! ૪૫ વર્ષથી આ વાત બહાર પડી છે. ખળભળાટ પણ થઈ ગયો છે. 'આફ્રિકા'માં, 'લંડન'માં, 'અમેરિકા'માં વાંચન ચાલે છે. 'પ્રેમચંદ' કરીને એક છે. આહાહા..!

પ્રભુ! એકવાર સાંભળ તો ખરો તું. શાંતિથી સાંભળને, ભાઈ! એની હયાતીમાં જે ચાર પર્યાય છે, એની મુદત એક સમયની છે. તેથી તેમાંથી નવી પર્યાય, ધર્મની નવી પર્યાય આવતી નથી. એ કારણે એ ચાર પર્યાય, એમાં ત્રણ ધર્મની અને એક અધર્મની, એ ચારેને અમે પરદ્રવ્ય કહીએ છીએ. આહાહા..! સમજાણું કાંઈ? ત્રણ બોલ લીધા. એક તો હેય કહ્યું, કારણ કે પરસ્વભાવ છે. પરસ્વભાવ છે તેથી તે પરદ્રવ્ય છે. આહાહા..! આવું કે દિ' સાંભળ્યું હતું? 'બલુભાઈ'! રખડતા પરદેશમાં. આહાહા..! અરે..રે..! ત્રિલોકનાથ પરમેશ્વર, જિનેશ્વરનો આ માલ અંદરનો રહી ગયો. ઉપરના ફોતરા ખાંડ્યા. આહાહા..! એ અહીં કહ્યું કે પરદ્રવ્ય છે. વિશેષ પછી કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૫૬, ગાથા-૫૦, બુધવાર શ્રાવણ વદ ૯, તા.૦૩-૦૯-૧૯૮૦

'નિયમસાર' ૫૦મી ગાથા. થોડું બાકી છે ને? અહીં સુધી આવ્યું છે. ટીકા ફરીને લઈએ.

**'જે કોઈ વિભાવગુણપર્યાયો છે તેઓ પૂર્વે (૪૯મી ગાથામાં) વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેયપણે કહેવામાં આવ્યા હતા પરંતુ શુદ્ધનિશ્ચયનયના બળે (શુદ્ધનિશ્ચયનયે) તેઓ હેય છે.'** આહાહા..! ચાર ભાવ પર્યાય જે છે, એ ઉપર પણ દૃષ્ટિ દેવા જેવી નથી. જાણવા જેવી છે. જાણવામાં આવે પણ આદર તો એક ત્રિકાળી દ્રવ્યસ્વભાવ, ધ્રુવ સ્વભાવ એ એક જ આદરણીય છે. એ આવ્યું ને? **'શુદ્ધનિશ્ચયનયના બળે (શુદ્ધનિશ્ચયનયે) તેઓ હેય છે. શા કારણથી? કારણ કે તેઓ પરસ્વભાવો છે,...'** ત્રિકાળી દ્રવ્ય સ્વભાવની અપેક્ષાએ વર્તમાન પર્યાય એ પરસ્વભાવ છે. આહાહા..! ત્રિકાળી દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ.. કેમ કે એ દૃષ્ટિનો વિષય છે. ત્રિકાળી ચૈતન્યવસ્તુ એ દૃષ્ટિનું ધ્યેય વસ્તુ છે. એની અપેક્ષાએ ચાર ભાવ હેય છે. પર્યાયમાં ચાર ભાવ ઉત્પન્ન થાય છે (એ હેય છે). આહાહા..! હવે આમાં એને શુભરાગને હેય માનવો કઠણ પડી જાય. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ભગવાનની પૂજા અને ભક્તિને હેય માને છે. પ્રિયંકરજી! હોય છે, શુભભાવ અશુભથી બચવા આવે છે પણ એ હેય છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ છોડવાયોગ્ય છે. આદરવાયોગ્ય નથી. આહાહા..! અહીં સુધી તો આવ્યું હતું.

**'સર્વ વિભાવગુણપર્યાયોથી રહિત શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ...'** એ પણ હજી ભાવ લીધો. આહાહા..! **'સ્વદ્રવ્ય ઉપાદેય છે.'** જોયું? અંતઃતત્ત્વસ્વરૂપને સ્વદ્રવ્ય કહ્યું. જરી ઝીણી વાત આવશે. પર્યાયને જ્યારે પરદ્રવ્ય કહ્યું તો અંતઃતત્ત્વ જે ત્રિકાળી સ્વભાવ, તેને સ્વદ્રવ્ય કહ્યું. સમજાણું કાંઈ? હજી સ્વદ્રવ્યનો આધાર બીજો લેશે પાછો. આહાહા..! એ શુદ્ધ અંતઃતત્ત્વ એટલે ભાવસ્વરૂપ **'સ્વદ્રવ્ય ઉપાદેય છે.'** ત્રિકાળી દ્રવ્ય સ્વભાવભાવ તે ઉપાદેય છે.

**'ખરેખર સહજજ્ઞાન-સહજદર્શન-...'** આહાહા..! જે અંતઃતત્ત્વસ્વરૂપ કહ્યું એ. સમજાણું? **'વિભાવગુણપર્યાયોથી રહિત શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય...'** કહ્યું, એ અપેક્ષાએ **'ખરેખર સહજજ્ઞાન-સહજદર્શન-સહજચારિત્ર-'** ત્રિકાળી. **'સહજપરમવીતરાગ-સુખાત્મક શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ...'** આહાહા..! શુદ્ધઅંતઃતત્ત્વસ્વરૂપ. શુદ્ધઅંતઃસ્વભાવભાવસ્વરૂપ **'આ સ્વદ્રવ્યનો આધાર...'** આહાહા..! એને સ્વદ્રવ્ય કહ્યું. પર્યાયને જ્યારે પરદ્રવ્ય કહ્યું, ત્યારે એના સ્વભાવને સ્વદ્રવ્ય કહ્યો. ત્રિકાળી સ્વભાવને સ્વદ્રવ્ય કહ્યો. આહાહા..! અને એ સ્વદ્રવ્યનો આધાર છે એ પંચમપારિણામિકભાવ છે. આહાહા..! છે?

**'શુદ્ધઅંતઃતત્ત્વસ્વરૂપ આ સ્વદ્રવ્યનો આધાર...'** એ દ્રવ્ય. આહાહા..! અનંતજ્ઞાન, અનંતદર્શન જે ધ્રુવ, એ **'સ્વદ્રવ્યનો આધાર...'** આહાહા..! **'સહજપરમપારિણામિકભાવલક્ષણ...'** એ પર્યાયને જ્યારે પરદ્રવ્ય કહી, ત્યારે ગુણને સ્વદ્રવ્ય કહ્યું. આહાહા..! વર્તમાન ક્ષણિક રહેનારી પર્યાયને જ્યારે પરદ્રવ્ય કહી, તો કાયમ રહેનાર સ્વભાવને સ્વદ્રવ્ય કહ્યું. પણ એ સ્વભાવ જે કાયમ રહેનારો છે, એનો આધાર સ્વદ્રવ્ય છે. આહાહા..! આકરી વાત છે. **'આ સ્વદ્રવ્યનો...'** આ સ્વદ્રવ્ય એટલે? ત્રિકાળી સ્વભાવનો. વર્તમાન સ્વભાવ પર્યાયને જ્યારે પરદ્રવ્ય કહ્યું, ત્યારે ત્રિકાળી સ્વભાવને સ્વદ્રવ્ય કહ્યો. એ સ્વદ્રવ્યનો આધાર.. આહાહા..! દ્રવ્યનો આધાર. એ ત્રિકાળી સ્વભાવને સ્વદ્રવ્ય કહ્યું. એ **'સ્વદ્રવ્યનો આધાર સહજપરમપારિણામિકભાવ લક્ષણ (–સહજ પરમ પારિણામિક ભાવ જેનું લક્ષણ છે એવો) કારણસમયસાર છે.'** આહાહા..! આકરી વાત છે.

પરદ્રવ્ય તો ક્યાંય રહી ગયા. આત્મા સિવાય કર્મ, શરીર, વાણી, મન એ તો ક્યાંય દૂર રહી ગયા. એને તો અહીંયા પરદ્રવ્ય તરીકે પણ ગણવામાં નથી આવ્યા. આહાહા..! અહીંયા તો એની પર્યાય, એક સમયની મુદતવાળી ક્ષાયિક આદિ પર્યાય, એને જ્યારે પરદ્રવ્ય કહ્યું, તો ત્રિકાળી સ્વભાવ, હજી દ્રવ્ય નહિ, ત્રિકાળી સ્વભાવને સ્વદ્રવ્ય કહ્યો. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– સ્વભાવને સ્વદ્રવ્ય કહ્યું. અને એનો આધાર કારણપરમાત્મા. એકરૂપ. સ્વભાવવાન. સ્વભાવનો આધાર સ્વભાવવાન કારણપરમાત્મા. આહાહા..! એ કારણસમયસાર.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



૫૦મી ગાથામાં ગજબ છે. આહાહા..!

અહીંયા તો પોતાની સત્તામાં જે પર્યાય થાય છે, એ પર્યાયને પરદ્રવ્ય કહી. આહાહા..! ગજબ વાત છે. ત્યારે ત્રિકાળી ગુણસ્વભાવને સ્વદ્રવ્ય કહ્યો. ત્રિકાળી ગુણસ્વભાવને સ્વદ્રવ્ય કહ્યો. અને એ સ્વદ્રવ્યનો આધાર પરમપારિણામિક કારણસમયસાર .... આહાહા..! આવા શબ્દો તો શ્વેતાંબરના ૩૨-૪૫ સૂત્રની ટીકામાં ક્યાંય નથી. આહાહા..! ગજબ વાત છે.

પરદ્રવ્યને પરદ્રવ્ય તો કહ્યું, એ તો ક્યાંય રહી ગયા. આહાહા..! એ તો ઔપચારિક પરદ્રવ્ય છે. શરીર, વાણી, કર્મ, સ્ત્રી, કુટુંબ, પરિવાર એ તો ઔપચારિક પરદ્રવ્ય છે. હવે આત્મામાં જે રાગાદિ અને ક્ષાયિક આદિ પર્યાય થઈ... આહાહા..! એ અણઉપચારી દ્રવ્ય છે. વાસ્તવિક દ્રવ્ય નથી. આહાહા..! પર્યાય છે. પર્યાયને અહીંયા પરદ્રવ્ય કહી. આહાહા..! અને એને જ્યારે પરદ્રવ્ય કહી ત્યારે પર્યાયના ત્રિકાળી સ્વભાવને સ્વદ્રવ્ય કહ્યો. સ્વદ્રવ્યમાં પણ દૃષ્ટિ.. એનો આધાર જે પરમપારિણામિકભાવ છે ત્યાં દૃષ્ટિ દેવાની છે. આહાહા..! કોઈ દિ' આવું સાંભળ્યું ન હોય.

મુમુક્ષુ :– આપ નવી વસ્તુ લઈ આવ્યા.

ઉત્તર :– આ વસ્તુ ભગવાન પાસેથી આવી છે. અને તે પોતાના માટે બનાવ્યું છે. 'કુંદકુંદાચાર્ય' કહે છે, આ તો મેં મારા માટે બનાવ્યું છે. આહાહા..! તો એનો લાભ ક્યારે થાય છે? મારા માટે બનાવ્યું, તો એનો લાભ.. એ બનાવ્યું એ કહેવું એ વ્યવહાર છે. કારણ કે એ પરમાણુની પર્યાય છે. આહાહા..! એ પરમાણુની પર્યાયને તો અમે ઉપચાર અને અણુપચારથી પણ મારું છે એમ નથી કહેતા. આહાહા..! ગજબ વાત છે. પોતાના આત્મામાં અનંતગુણની અનંતી પર્યાય (થાય), ચાહે તો ક્ષાયિક, ક્ષયોપશમ, ઉપશમ હોય, તેને અહીં લક્ષ છોડાવવા પરદ્રવ્ય તરીકે (કહ્યું). એ અલ્પ સત્ત્વમાંથી નવી નિર્મળ દશા, આનંદની દશા ઉત્પન્ન નથી થતી. આહાહા..!

પરદ્રવ્યમાંથી જેમ આનંદની ઉત્પત્તિ નથી થતી એમ ચાર પર્યાય છે, પોતાના અસ્તિત્વમાં છે, પરના અસ્તિત્વમાં નથી. પણ એની સ્થિતિ એક સમયની છે. આહાહા..! એ કારણે એક સમયની સ્થિતિમાંથી નવો પરમ આનંદ પ્રગટતો નથી. આહાહા..! એ કારણે. '**શા કારણથી?**' એમ કહ્યું હતું ને? '**શા કારણથી?**' એમ કહ્યું હતું ને? '**કારણ કે તેઓ પરસ્વભાવો છે,...**' એમ કહ્યું હતું. આહાહા..! ઓલા ત્રિકાળી સ્વસ્વભાવ છે. આહાહા..! હવે જ્યારે પર્યાય ક્ષાયિક, ઉપશમ, ક્ષયોપશમ અને ઔદયિક, તેને પરદ્રવ્ય કહી, પરસ્વભાવ કહી, ત્યારે હવે સ્વદ્રવ્ય કોને કહીએ? આહાહા..! કે સ્વદ્રવ્ય તો ત્રિકાળી ગુણ, જ્ઞાન આનંદ આદિ ધ્રુવ રહેનાર છે. પર્યાય તો એક સમય રહેનારી છે. આહાહા..! ત્રિકાળી ધ્રુવ સ્વભાવ, તેને અહીંયા સ્વદ્રવ્ય કહીને એ સ્વભાવનો આ ભેદ છે. એ સ્વભાવનો આધાર સ્વદ્રવ્ય કારણપરમાત્મા છે. આહાહા..! કહો, 'ધન્નાલાલજી'! 'ગ્વાલિયર'માં કદી સાંભળ્યું નથી.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહાહા..! આવી વાત! આહાહા..! અમૃતના દરિયા વહ્યા છે. અમૃતના દરિયા વહ્યા છે. આહાહા..! આહાહા..!

ભગવાન! તું એક દ્રવ્ય છો ને? એકરૂપ ત્રિકાળી એકરૂપ દ્રવ્ય છો ને? આહાહા..! તું ત્રિકાળી કારણપરમાત્મા છો ને નાથ! તું કારણ પરમાત્મા... આહાહા..! જેમાં ગુણ અનંત છે એના ભેદ પણ નથી. અનંતા ગુણ છે, એના પ્રભુ તને ભેદ પણ નથી. તું તો એકરૂપે એ દ્રવ્ય જે સ્વભાવ ત્રિકાળી છે. આહાહા..! ત્રિકાળી ધ્રુવ સ્વભાવ. પર્યાયને તો પરમાં, પરદ્રવ્યમાં નાખી દીધી. ડાલ દીયા. પણ ત્રિકાળી જે તારો સ્વભાવ છે, એ પણ દ્રવ્ય છે, પણ એ દ્રવ્યનો આધાર કારણપરમાત્મા છે. આહાહા..! અરે..! આવી વાત ક્યાં છે? કાને–કાને વાત પડે. આહાહા..! ક્યાંય છે નહિ ૩૨-૪૫ (સૂત્રમાં) આહાહા..! આ ચીજ કોઈ જુદી છે. એ અંતરની આવેલી ચીજ છે. આહાહા..!

એકરૂપ ચૈતન્ય, એકરૂપ ચૈતન્ય, એના અનેક સ્વભાવ, તેને અહીંયા સ્વદ્રવ્ય તરીકે કહેવામાં આવ્યો છે. આહાહા..! એકરૂપ જે ત્રિકાળી ભગવાન, કારણ સમયસાર પરમપારિણામિક સ્વભાવભાવ, એકરૂપ સહજ સ્વભાવભાવ, તેના આશ્રયે રહેનારા જે જ્ઞાન, દર્શન, આનંદ સ્વભાવ, તેને અહીં સ્વદ્રવ્ય કહ્યું. આહાહા..!

સ્વભાવના બે ભેદ પાડ્યા. એક પર્યાયસ્વભાવ, એક ગુણસ્વભાવ. સમજાણું કાંઈ? આહાહા..! પર્યાય સ્વભાવને જ્યારે પરદ્રવ્ય કહ્યું... પરદ્રવ્યની તો અહીં વાત જ નથી. એના પર્યાયસ્વભાવને જ્યારે પરદ્રવ્ય કહ્યું, ત્યારે ગુણસ્વભાવ ત્રિકાળને સ્વદ્રવ્ય કહ્યું. આહાહા..! ત્યારે એ સ્વદ્રવ્યનો આધાર... સ્વદ્રવ્યમાં તો અનંતગુણ છે, અનંતગુણ છે. આહાહા..! તો એનો એકરૂપ આધાર કારણપરમાત્મા છે. આહાહા..! સમજાય એવી વાત છે. આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ! હિન્દુસ્તાનમાં જુદી જાત છે. લોકોને નવી લાગે. આ શું? આવું શું વળી કહ્યું? હજી તો સ્વદ્રવ્યનો આધાર કારણસમયસાર લીધો. સ્વદ્રવ્ય બીજું જુદું કેવું?

અહીં તો સ્વદ્રવ્ય કોને કહ્યું? પ્રભુ! પર્યાયને જ્યારે પરદ્રવ્ય કહ્યું... શરીર, વાણી, મન, કર્મની તો અહીં વાત જ નથી. સ્ત્રી, કુટુંબ, પરિવાર એની તો વાત જ નથી. એ તો પરદ્રવ્ય એના કારણે આવ્યા, એના કારણે રહ્યા, એના કારણે પરિણમે છે. એના કારણે પરિણમે છે, એને કારણે પરિણમન કરીને રહે છે. એની હયાતીમાં તારો બિલકુલ અધિકાર નથી. આહાહા..! સ્ત્રી, કુટુંબ, શરીર, વાણી, મન, એની પર્યાયમાં પણ તારો કોઈ અધિકાર નથી. દ્રવ્ય-ગુણમાં તો નથી... આહાહા..! એની પર્યાયમાં પણ તારો બિલકુલ અધિકાર નથી. એને પરદ્રવ્ય કહ્યું એ નહિ. એ તો જુદી ચીજ છે. એને પરદ્રવ્ય શું? આહાહા..! તારામાં જે ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક પર્યાય થાય છે, એ પર્યાય જ્યારે કાયમ ટકનારી નથી, અને એના આશ્રયે લાભ, નવા આનંદનો લાભ થતો નથી. આહાહા..! એ કારણે ક્ષાયિક આદિ પર્યાયને પણ અમે પરદ્રવ્ય કહી, તો સ્વદ્રવ્ય કોણ? તારું સ્વદ્રવ્ય કોણ? આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ગજબ વાત છે. આ શાસ્ત્ર કાંઈ 'સોનગઢ'નું છે?

મુમુક્ષુ :– અહીંથી છાપ્યું છે.

ઉત્તર :– ગમે ત્યાંથી છાપેલું હોય. શાસ્ત્ર, ગાથા, ટીકા આ તો હજારો વર્ષથી ચાલતી આવે છે. 'કુંદકુંદાચાર્ય'ને તો બે હજાર વર્ષ થયા. આ ટીકાને નવસો વર્ષ થયા. આહાહા..! છેલ્લામાં છેલ્લી, સારમાં સાર એકલું માખણ છે. આહાહા..!

પ્રભુ! તારી પર્યાયમાં પણ જે નથી, એની તો અમે વાત જ નથી કરતા. તારી પર્યાયમાં જે ચીજ નથી. સ્ત્રી, કુટુંબ, પરિવાર, કર્મ, શરીર, વાણી, મન, એ તો તારી પર્યાયમાં પણ નથી. આહાહા..! એમ છે કે નહિ? આહાહા..! પ્રભુ! તારી પર્યાય–અવસ્થા જે છે, જે ત્રિકાળી દ્રવ્ય અને દ્રવ્યનો આધાર જે કારણપ્રભુ! એની જે ત્રિકાળી અનંત પર્યાય... આહાહા..! એને પણ પ્રભુ અમે પરદ્રવ્ય કહ્યું. કેમ કે એના તરફથી લક્ષ છોડાવવા. એને લક્ષે આસ્રવ ઉત્પન્ન થાય છે, પ્રભુ! પર્યાયને લક્ષે આસ્રવ ઉત્પન્ન થાય છે. આહાહા..! અને જ્યારે પરદ્રવ્યને આશ્રયે આસ્રવ ઉત્પન્ન થાય માટે સ્વદ્રવ્ય જે અનંતગુણ છે... આહાહા..! પણ નવી ઉત્પત્તિ થવી, જે નવા આનંદ અને શાંતિનો પ્રવાહ આવવો, ધર્મનો પ્રવાહ આવવો, એ અનંતગુણના ભેદ ઉપરથી સ્વદ્રવ્ય કહ્યું એનાથી પણ નથી. આહાહા..! કહો, 'રજનીભાઈ'! જિંદગીમાં કોઈ દિ' સાંભળ્યું નથી. રૂપિયા.. રૂપિયા... રૂપિયામાં. રૂપિયામાં પોતે રૂપ ઘૂસી ગયું. પોતાનું રૂપ ત્યાં રૂપિયામાં ઘૂસી ગયું. આહાહા..!

અહીં તો કહે છે, કે પર્યાયમાં પરદ્રવ્યની જ્યાં હયાતી ત્રિકાળ નથી. પોતાની પર્યાય અવસ્થા, દ્રવ્ય-ગુણ એકબાજુ રાખો, પણ એની પર્યાય–અવસ્થામાં પરદ્રવ્ય ત્રિકાળ નથી. એને ક્યાંય અડતા પણ નથી. પોતાની પર્યાય પરદ્રવ્યને અડતી નથી. આહાહા..! અરે..રે..! આ વાત.. પોતાની પર્યાય પરને અડતી નથી, એ પરની વાત અમે નથી કરતા. પણ પોતાની પર્યાયમાં જે અસ્તિત્વ છે, એના આશ્રયે પણ શાંતિ, આનંદ, નવો આનંદ, નવી શાંતિ ઉત્પન્ન નથી થતા. ભલે એ પર્યાયમાં શાંતિ અને આનંદ હોય. આહાહા..! પણ એ હજી અધુરી શાંતિ અને આનંદ છે. અરે..! ક્ષાયિક ને આનંદ હોય. આહાહા..! છતાં એક સમયની પર્યાય છે. એના આધારે નવી આનંદની પર્યાય, પર્યાયમાંથી પર્યાય નથી આવતી. એ કારણે પર્યાયને જ્યારે પરદ્રવ્ય કહી, પર્યાય સ્વભાવને પરદ્રવ્ય કહી ત્યારે ગુણ સ્વભાવને સ્વદ્રવ્ય કહ્યું. આહાહા..! સમજાણું કાંઈ?

પરદ્રવ્યની તો વાત જ નથી. તારી એક સમયની ક્ષાયિક આદિ પર્યાય, કેવળજ્ઞાનાદિ પર્યાય... આહાહા..! એને જ્યારે પરદ્રવ્ય કહી, ત્યારે સ્વદ્રવ્ય કોણ? આહાહા..! સ્વદ્રવ્ય ત્રિકાળી સ્વભાવ, ધ્રુવ સ્વભાવ. જ્ઞાન, દર્શન અનંત-અનંત અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતશાંતિ, અનંતસ્વચ્છતા, અનંતપ્રભુતા, એવી જે અનંતસ્વભાવ શક્તિને સ્વદ્રવ્ય કહ્યું, ત્યારે એનો આધાર કોણ? તેનો આધાર એકરૂપ કારણપરમાત્મા. આહાહા..! હવે અહીંની મશ્કરી કરે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એવું છે ને? 'તારાચંદજી'! આવી વાત કે દિ' સાંભળી છે? આહાહા..! ગજબ કામ કર્યું છે. એક ગાથાએ તો બાર અંગનો સાર... આહાહા..!

એ સ્વદ્રવ્ય જે છે, એ **'સહજજ્ઞાન-...'** ત્રિકાળી, **'સહજદર્શન-...'** ત્રિકાળી, **'સહજચારિત્ર...'** ત્રિકાળી, **'સહજપરમવીતરાગ-સુખાત્મક...'** ત્રિકાળી, એવું જે **'શુદ્ધઅંતઃતત્ત્વસ્વરૂપ...'** અંતઃતત્ત્વસ્વરૂપ કીધું છે. સમજાણું કાંઈ? આહાહા..! ઓલામાં આવે છે ને? ભાઈ! તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનમાં. ભાઈ! 'હિંમતભાઈ'! તત્ત્વાર્થશ્રદ્ધાનં. ત્યાં તત્ત્વને ભાવ કહ્યો છે અને અર્થને દ્રવ્ય કહ્યું છે. અર્થ કર્યો છે. તત્ત્વાર્થ. આહાહા..! તત્ત્વ એટલે ભાવ અને અર્થ એટલે દ્રવ્ય. આહાહા..! એની શ્રદ્ધાને સમકિત કહે છે. એ વાત અહીં લે છે. કે જે એનો ત્રિકાળી ભાવ એ સ્વભાવ છે... આહાહા..! ત્યારે તેનો આધાર તે અર્થ એટલે સ્વદ્રવ્ય છે. એ કારણપરમાત્મા છે. આવી વાત છે. આહાહા..! વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા સિવાય આ વાત ક્યાંય સાંભળવા ન મળે. આહાહા..! અત્યારે સંપ્રદાયમાં પણ ફેરફાર થઈ ગયો. સત્યને અસત્ય અને અસત્યને સત્ય કરીને માર્ગ ચલાવવો એ માર્ગ ચાલે નહિ, મારા નાથ!

પ્રભુ! તું કોણ છો? આહાહા..! તું તો અનંતગુણનો આધાર છો. આહાહા..! અનંતગુણસ્વરૂપ પણ નહિ. આહાહા..! પર્યાયનો તો આધાર નહિ. આહાહા..! ગજબ વાત છે. શું આમાંથી કાઢવું? આહાહા..! એ ત્રિકાળી સ્વભાવ, એને પણ અમે સ્વદ્રવ્ય-દ્રવ્ય કહીએ છીએ. આહાહા..! ત્યારે એ ત્રિકાળી સ્વભાવનો આધાર, એકરૂપતા. આ ત્રિકાળી સ્વભાવ એ અનેકરૂપ છે. જ્યારે પર્યાયને પરદ્રવ્ય કહી, ત્યારે ગુણ અનેક છે માટે તેને સ્વદ્રવ્ય કહીએ છીએ. હવે પર્યાયની અનેકતાને પરદ્રવ્ય કહી, ત્યારે ગુણની અનેકતાને સ્વદ્રવ્ય કહ્યું. ત્યારે એનો આધાર ભગવાન એકરૂપ છે એને કારણપરમાત્મા કહ્યો. આહાહા..! ધન્ય ભાગ્ય! આહાહા..! આવી ચીજ છે. એની અંતરદૃષ્ટિ કરવી, એ ત્રિકાળી અનંતગુણ સ્વદ્રવ્યનો આધાર એકરૂપ છે. ઓલા તો અનેક થયા ને? અનંતદર્શન, અનંતજ્ઞાન આદિ અનંત થયા. એનો એકરૂપ જે કારણ પરમાત્મા, કારણ સમયસાર, તેનો આશ્રય લેતાં સમ્યગ્દર્શનથી માંડીને મોક્ષની પર્યાય પ્રગટ થાય છે. આહાહા..! આવું તો કોઈ દિ' તમારા બાપ-દાદા પાસે સાંભળ્યું નહિ હોય. આહાહા..! ગજબ વાત છે.

સંતો, દિગંબર, એમાં 'કુંદકુંદાચાર્ય', એમાં વળી 'કુંદકુદાચાર્ય' કહે કે મેં તો મારા માટે આ બનાવ્યું છે. આહાહા..! મેં કોઈ બીજા માટે નથી બનાવ્યું. **'पुव्वुत्तसयलभावा परद्रव्यं'** આહાહા..! મેં મારા માટે કર્યું છે, કે જેટલી પર્યાયો છે એ બધા પરદ્રવ્ય છે અને પર સ્વભાવ છે. આહાહા..! કેમ કે એને આશ્રયે આત્માને શાંતિ વધતી નથી, ઉત્પત્તિ થતી નથી. ભલે ક્ષાયિકભાવ, ઉપશમભાવની શાંતિ છે, પણ એને અવલંબે નવી શાંતિ અને નવી આનંદની વૃદ્ધિ... આહાહા..! એનાથી થતી નથી. તેથી અમે... આહાહા..! અનંતગુણનો પણ આશ્રય કરવાની ના પાડી. કે અનંતગુણ એ સ્વદ્રવ્ય છે. આહાહા..! એનો આધાર... છે?

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'શુદ્ધઅંતઃતત્ત્વસ્વરૂપ આ સ્વદ્રવ્યનો આધાર...'** એને દ્રવ્ય કહ્યું. ત્રિકાળી સ્વભાવને દ્રવ્ય કહ્યું. પર્યાયને જ્યારે પરદ્રવ્ય કહ્યું, ત્યારે ત્રિકાળી સ્વભાવને સ્વદ્રવ્ય કહ્યું. આહાહા..! એવી વાત છે. અહીં તો હજી બહારમાં તકરાર ચાલે. વ્યવહારથી થાય, રાગથી થાય, શુભરાગથી થાય. અરે..! પ્રભુ! તારા હિતની વાત છે ને, નાથ! આ તો ચીજ અનંતકાળ... આહાહા..! ભાઈ! તેં વિચાર કર્યો નથી. અનંતકાળ ક્યાં ગયો? કઈ રીતે ગયો? અને કેવા ભવ કર્યા? આહાહા..! કોઈ શરણ નથી. જંગલમાં રખડતો હરણિયાને ગોળી મારીને ફાડીને ખાધા. સિંહે આવીને ફાડીને ખાધા. આહાહા..! એવા અનંતા અનંતા અવતાર કર્યા, પ્રભુ! હયાતીવાળી.. હયાતીવાળી... આહાહા..! એ બધી હયાતીને છોડવા માટે, પ્રભુને પહોંચવા માટે... આહાહા..! કહે છે કે એ અનંતાગુણને પણ અમે સ્વદ્રવ્ય કહીએ, અને એ અનંત છે માટે તેના એકરૂપ આધાર દ્રવ્યને કહીએ છીએ. આહાહા..! વસ્તુને કારણ સમયસાર કહ્યું. ત્યાં દ્રવ્ય શબ્દ ન લીધો. ત્યાં કારણ સમયસાર લીધો. આહાહા..! કારણ કે તે કારણના આશ્રયથી કાર્ય થાય છે. આહાહા..!

કારણસમયસાર કેમ કહ્યું? છે ને? **'શુદ્ધઅંતઃતત્ત્વસ્વરૂપ...'** અંતઃતત્ત્વ છે ને? એ ભાવ કીધો છે. અંતઃતત્ત્વ કીધું છે, એ ભાવ કીધો છે. એ અંતઃતત્ત્વસ્વરૂપ **'આ સ્વદ્રવ્યનો...'** એ દ્રવ્ય. અંતઃસ્વભાવ ત્રિકાળી તે સ્વદ્રવ્ય. આહાહા..! તેનો **'આધાર સહજપરમપારિણામિકભાવલક્ષણ...'** જેનું લક્ષણ... આહાહા..! ગજબ વાત છે આચાર્યોની. દિગંબર સંતો સિવાય આવી એક લીટી પણ ક્યાંય નથી.

મુમુક્ષુ :– આપ સિવાય પણ નથી આ. આવું આપે કાઢ્યું ન હોત તો અજ્ઞાની માણસને ખબર ક્યાંથી પડત?

ઉત્તર :– બધું જોયું છે. ૩૨-૪૫ સૂત્રો. (સંવત) ૧૯૭૬ની સાલમાં. પાંચ મહિનામાં ૪૫ સૂત્રો જોયા. આહાહા..! શ્વેતાંબરના ૪૫. સવારમાં એક વખત વ્યાખ્યાન આપવાનું. પછી બિલકુલ મૌન. પણ આ ચીજ, એક લીટી... આહાહા..! ગજબની વાત છે! આત્મા પ્રભુ! તારું હિત કરવું હોય તો, તારું શ્રેય અને ધર્મ કરવો હોય તો, પ્રભુ! પર્યાય આશ્રયે નહિ, અનંતાગુણના ગુણ અંશ છે એને આશ્રયે નહિ. કેમ કે ગુણ પણ એક અંશ છે. આહાહા..! એ અનંતગુણનો આધાર જે ભગવાન કારણસમયસાર છે એને દ્રવ્ય ન કીધું. ઓલા બેને દ્રવ્ય કીધું. પરદ્રવ્ય અને સ્વદ્રવ્ય. આને દ્રવ્ય ન કીધું. આને કારણસમયસાર કીધું. કેમ કે એ કારણમાંથી કાર્ય આવે છે. આહાહા..! કોઈ દિ' સાંભળ્યું હતું? આહાહા..! આવો વીતરાગનો માર્ગ એ દિગંબર સંતો સિવાય આ કથન ક્યાંય નથી, પ્રભુ! એ કથન લોકોને આકરું લાગે. પ્રભુ! આકરું નથી. તારી ચીજ જ છે ને એ પ્રભુ! તું જ એવો છો ને. આહાહા..! એ અનંતગુણને જે પરદ્રવ્ય કીધા, એનો આધાર તું પોતે જ કારણરૂપ છો ને. એ ગુણના કારણરૂપ તો તું જ છો ને. આહાહા..! એ કારણ ભગવાન છે એનો આશ્રય લે, પ્રભુ!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તેમાંથી કાર્ય આવશે. પરદ્રવ્યમાંથી નહિ, સ્વદ્રવ્યમાંથી નહિ. આહાહા..! 'વિમલચંદજી'! આવી વાત છે.

મુમુક્ષુ :- અંતઃતત્ત્વનો આધાર કારણસમયસાર?

ઉત્તર :- હા, કારણસમયસાર. અંતઃતત્ત્વ તો સ્વભાવ, એનો આધાર તે કારણસમયસાર. આહાહા..! કેમ? કે એ અંતઃતત્ત્વ જે કીધું એ તો અનંતગુણ છે. એ અનંતગુણને આશ્રયે તારું કાર્ય સિદ્ધ નહિ થાય, પ્રભુ! આહાહા..! તારું કાર્ય સિદ્ધ તો અનંતગુણનો આધાર એ કારણસમયસાર છે. એને દ્રવ્ય ન કહ્યું. કારણસમયસાર. એ કારણ, તારા કાર્યનું કારણ એ છે. આહાહા..! સમ્યગ્દર્શનરૂપી કાર્ય, સમ્યક્જ્ઞાનરૂપી કાર્ય, સમ્યક્ચારિત્રરૂપી કાર્ય, કેવળજ્ઞાનરૂપી કાર્ય એ બધાનું કારણ કારણસમયસાર છે. આહાહા..! આવી વાત તો ક્યારે આવી હશે? આહાહા..! ૫૦મી ગાથા.

**'(-સહજ પરમ પારિણામિક ભાવ જેનું લક્ષણ છે...)'** એ કારણસમયસારનું લક્ષણ આ છે. અનંતગુણ ભેદરૂપે નહિ. એમ કીધું. સમજાય છે? કેમ કે એનો આધાર **'સહજપરમપારિણામિકભાવલક્ષણ...'** અનંતગુણ લક્ષણ એમ ન કીધું. આહાહા..! **'સહજ પરમ પારિણામિકભાવ જેનું લક્ષણ છે...'** આહાહા..! **'એવો કારણસમયસાર છે.'** ભગવાન. એને આશ્રયે પ્રભુ બધાને કાર્યની સિદ્ધિ છે. આહાહા..! ગજબ વાત છે. આકરી લાગે, મોંઘી લાગે, અપૂર્વ લાગે, પણ વસ્તુ તો આ છે. આહાહા..! ત્રણલોકના નાથ તીર્થંકરોનો આ પોકાર છે. અનંતા તીર્થંકરો, અનંતા કેવળીઓ અરે..! અનંતા સંતો, એનો આ પોકાર છે, છેલ્લામાં છેલ્લો આ પોકાર છે. આહાહા..!

પરદ્રવ્યનું લક્ષ છોડી દે. પર્યાયનું પર્યાયરૂપ પરદ્રવ્ય.. આહાહા..! સ્વદ્રવ્યનું લક્ષ ભેદરૂપ છે એ છોડી દે. આહાહા..! એનું કારણ **'સહજ પરમપારિણામિકભાવલક્ષણ...'** એનું લક્ષણ એમ કર્યું. ત્રિકાળી કારણસમયસારનું લક્ષણ. અનંતગુણ સ્વભાવ એમ ન લીધું. આહાહા..! ત્રિકાળી કારણસમયસાર, પ્રભુ! આહાહા..! એનું લક્ષણ એમ ન લીધું કે અનંતગુણ. આહાહા..! એનો આધાર કહીને સહજ પરમપારિણામિક લક્ષણ એનું કીધું. આહાહા..! ગજબ ટીકા કરી છે. આહાહા..! સ્વાભાવિક પરમપારિણામિકભાવલક્ષણ એમ કહ્યું છે. આહાહા..! અનંતગુણનો આધાર માટે તેને કહ્યું એમ પણ ન કહ્યું. એ અનંતગુણનો આધાર છે એનું લક્ષણ શું? એનું લક્ષણ શું? એનું લક્ષણ શું? ક્યા લક્ષણે તે લક્ષ જણાય? ક્યા લક્ષણે તે લક્ષ જણાય? આહાહા..! ધન્ય ભાગ્ય...! આહાહા..! વીતરાગની વાણી આ છે. ત્રિલોકનાથ જિનેશ્વરદેવનું ફરમાન આ છે. પરમાત્મા ત્યાં રહી ગયા, વાણી આવી.

ભાષા શું છે? જોયું? 'સીમંધર' ભગવાન પાસે ગયા હતા. ત્યાંથી પરમાત્માનો આ નાદ લાવ્યા છે, પરમાત્માની ધ્વનિ આ લાવ્યા છે. ગાથા શું કીધી જોયું? **'पुव्वुत्तसयलभावा'** જે સ્વભાવ કીધા **'परदव्वं परसहावमिदि हेयं।** એમ ત્રણલોકના નાથની પાસે અમે સાંભળ્યું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. આહાહા..! 'કુંદકુંદાચાર્ય' ત્યાંથી આવ્યા ને? **'सगदव्वमुवादेयं'** આહાહા..! **'सगदव्वमुवादेयं अंतरतच्चं हवे अप्पा।'** પણ એ સ્વદ્રવ્ય કોણ છે? કે અંતરતત્ત્વ જે ભાવ છે, ભાવ જે ગુણ છે, તેનો એકરૂપ તે આત્મા તે કારણ સમયસાર. **'अप्पा'** કીધું ને? આ ગાથામાંથી લીધું. **'पुव्वुत्तसयलभावा'** પર્યાયાદિના ભેદો **'परदव्वं परसहावमिदि हेयं।'** માટે તે હેય છે. **'सगदव्वमुवादेयं'** હવે સ્વદ્રવ્યો **'मुवादेयं'** પણ શું? કે **'अन्तस्तत्त्वं'** એ અંતરતત્ત્વ ભાવ જે છે, **'हवे'** એવો જે આત્મા. **'अप्पा'** એવો અંતર તત્ત્વનો જે આત્મા એકરૂપ જે છે... આહાહા..! આ ભગવાનની વાણીમાં આમ આવ્યું છે. આહાહા..! પછી નિશ્ચયની મશ્કરી કરે, વ્યવહારને અંદર મજા માને. સ્વતંત્ર પ્રભુ છે. આહાહા..! આવો અવસર ક્યારે આવે? આહાહા..! **'કારણસમયસાર છે.'** આહાહા..!

**'એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૮૫મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :–'**

**सिद्धान्तोऽयमुदात्तचित्तचरितैर्मोक्षार्थिभिः सेव्यतां**
**शुद्धं चिन्मयमेकमेव परमं ज्योतिः सदैवास्म्यहम्।**
**एते ये तु समुल्लसन्ति विविधा भावाः पृथग्लक्षणा-**
**स्तेणहं नास्मि यतोऽत्र ते मम परद्रव्यं समग्रा अपि।।**

આહાહા..! આ 'અમૃતચંદ્રાચાર્ય'. ટીકા કરી 'પદ્મપ્રભમલધારીદેવે'. આ આધાર આપે છે 'અમૃતચંદ્રાચાર્યદેવ'નો.

**શ્લોકાર્થ :– 'જેમના ચિત્તનું ચરિત્ર ઉદાત્ત છે...'** આહાહા..! જેમના જ્ઞાનનો અભિપ્રાય ઉદાર છે. આહાહા..! જેના ચિત્ત એટલે જ્ઞાન. જ્ઞાનનું ચરિત્ર એટલે આચરણ. એના જ્ઞાનના આચરણમાં જેની ઉદારતા છે. આહાહા..! **'(ઉદાર, ઉચ્ચ, ઉજ્જ્વળ) છે...'** શું કહ્યું? જેના જ્ઞાનનું ચારિત્ર–આત્માની અંદર રમણતા, આત્મજ્ઞાનની રમણતા જેની ઉદાર છે. આહાહા..! ઉચ્ચ છે, ઉજ્જ્વળ છે. **'એવા મોક્ષાર્થી...'** એવા મોક્ષાર્થી **'આ સિદ્ધાંતનું સેવન કરો..'** આહાહા..!

**'આ સિદ્ધાંતનું સેવન કરો...'** આહાહા..! 'કે **'હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ...'** ગુણભેદ પણ નહિ. આહાહા..! હું તો શુદ્ધ ચૈતન્યમય છું. ચૈતન્યવાળો એમ નહિ. હું તો શુદ્ધ ચૈતન્યમય એક. ભેદ નહિ, ગુણભેદ પણ નહિ. આહાહા..! **'પરમ જ્યોતિ...'** એક પરમ ચૈતન્યજ્યોતિ. આહાહા..! એક પરમ ચૈતન્યજ્યોતિ. **'પરમ જ્યોતિ જ સદાય છું;...'** ત્રિકાળ છું. હું તો ત્રિકાળ સદાય પરમ જ્યોતિ છું. છે? **'શુદ્ધ ચૈતન્યમય એક...'** આહાહા..! શુદ્ધ, ચૈતન્યમય, એક પરમ જ્યોતિ... આહાહા..! દ્રવ્ય. **'જ સદાય છું;...'** **'પરમ જ્યોતિ જ...'** એકાંત કહ્યું. એકાંત કહ્યું જુઓ! કથંચિત્ આ છું ને કથંચિત્ આ છું, એમ ન કહ્યું. કથંચિત્ પરમજ્યોતિ અને કથંચિત્ પર્યાય... આહાહા..! એમ ન કહ્યું.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'એક પરમ જ્યોતિ જ...'** પરમ જ્યોતિ જ **'સદાય છું;...'** સદા હું એકરૂપ છું. આહાહા..! **'સદાય છું; અને આ જે ભિન્ન લક્ષણવાળા...'** પોતાના ત્રિકાળી જ્ઞાયકભાવથી ભિન્ન લક્ષણવાળા. આહાહા..! **'વિવિધ પ્રકારના ભાવો...'** આહાહા..! વિવિધ, અનેક પ્રકારના ભાવ **'પ્રગટ થાય છે...'** છે ખરા. **'તે હું નથી,...'** ભાવ છે તે હું નથી. આહાહા..! અનંત અનંત ભાવ પ્રગટ થાય છે એ હું નથી. આહાહા..! **'તે હું નથી, કારણ કે તે બધાય મને પરદ્રવ્ય છે.'** આહાહા..! મારો સ્વસ્વભાવ ચૈતન્ય પરમજ્યોતિ (છે). આહાહા..! પરમ એક જ્યોતિ મહા, એ સિવાય બધું પરદ્રવ્ય છે. આહાહા..!

**'તે બધાય મને પરદ્રવ્ય છે.'** એક પરમ જ્યોતિ ત્રિકાળી કારણસમયસાર, એ હું સ્વ છું. એ સિવાય બધી વાત પરદ્રવ્ય છે. અર..ર..! ગુણભેદ, પર્યાયભેદ પરદ્રવ્ય છે. તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ધમાલ લાખો કરોડો ખરચીને મોટા ગજરથ ચલાવે અને વરઘોડા કાઢે... આહાહા..! એમાં અતિશય માની લે. ઇન્દ્રો. આપણે પણ આમાં થયું હતું ને? પહેલો ઇન્દ્ર એક લાખ પંદર હજાર. શું કહેવાય એ? 'પૂનમચંદ ગોદીકા'. એક લાખ પંદર હજાર, બીજો અમારો 'સુરત'વાળો 'મનહર' એંસી હજાર. આના મૂહૂર્ત વખતે. પણ એ બધી બહારની વાતું, બાપુ! એમાં કદાચ રાગની મંદતાનો ભાવ હોય પણ એ કોઈ ચીજ નથી. આહાહા..! એથી કોઈ ખુશ થઈ જવા જેવું નથી કે ઓહોહો..! હું એક લાખ પંદર હજારનો ઇન્દ્ર થયો સોધર્મ... આહાહા..!

અરે..! અહીંયા 'આફ્રિકા'માં તો 'રામજીભાઈ'નો ભાણેજ. આ 'રામજીભાઈ' નથી? નથી અહીંયા? નથી આવતા? '...' પાસે બેસે. એમનો ભાણેજ સાડા ત્રણ લાખનો એક ઇન્દ્ર. 'નાઈરોબી'માં સૌધર્મ ઇન્દ્ર બન્યો. સાડા ત્રણ લાખ. એમાં એમ થઈ જાય કે અમે.. આહાહા..! પણ એ વસ્તુ પરદ્રવ્ય. લેવું, દેવું એ આત્માના અધિકારની વાત જ નથી. એ પૈસો લેવો, દેવો, રાખવો... આહાહા..! એ અધિકાર જીવનો ત્રણકાળમાં નથી. આહાહા..! એમાંથી આ મનાય જાય, કે આમાં દસ લાખ ખર્ચ્યા, વીસ લાખ ખર્ચ્યા માટે ક્યાંક ભવ ઘટશે અને ધર્મ થાશે (એ વાતમાં કાંઈ માલ નથી). આહાહા..! અહીં તો પ્રભુ આમ કહે છે. શુભભાવ હોય છે. અશુભથી બચવા એવો શુભભાવ–વ્યવહાર આવ્યા વિના રહેતો નથી. પણ એ વ્યવહાર કોઈ ધર્મ નથી. આહાહા..! આવતો નથી એમ પણ નહિ. અને આવે છે તે ધર્મ નથી. આહાહા..! અહીં તો મારાથી બધું પરદ્રવ્ય છે. મારે અને પરને કાંઈ સંબંધ નથી. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્લોક–૭૪

तथा हि -

(शालिनी)

न ह्यस्माकं शुद्धजीवास्तिकाया-
दन्ये सर्वे पुद्गलद्रव्यभावाः।
इत्थं व्यक्तं वक्ति यस्तत्त्ववेदी
सिद्धिं सोऽयं याति तामत्यपूर्वाम्।।७४।।

**વળી (આ ૫૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :–**

**[શ્લોકાર્થ :–] 'શુદ્ધ જીવાસ્તિકાયથી અન્ય એવા જે બધા પુદ્‌ગલદ્રવ્યના ભાવો તે ખરેખર અમારા નથી'–આમ જે તત્ત્વવેદી સ્પષ્ટપણે કહે છે તે અતિ અપૂર્વ સિદ્ધિને પામે છે. ૭૪.**

---

**પ્રવચન નં. ૫૭, શ્લોક-૭૪, ગાથા-૫૧ થી ૫૫ ગુરુવાર, શ્રાવણ વદ ૧૦, તા.૪-૯-૮૦**

---

'નિયમસાર' શ્લોક-૭૪. શ્લોક છે.

न ह्यस्माकं शुद्धजीवास्तिकाया-
दन्ये सर्वे पुद्गलद्रव्यभावाः।
इत्थं व्यक्तं वक्ति यस्तत्त्ववेदी
सिद्धिं सोऽयं याति तामत्यपूर्वाम्।।७४।।

શ્લોકાર્થ :– **'શુદ્ધ જીવાસ્તિકાયથી અન્ય એવા...'** શુદ્ધ જીવાસ્તિકાય લીધું છે. શુદ્ધ જીવ નથી લીધું. કારણ કે અસંખ્ય પ્રદેશ લીધા ને. શુદ્ધ જીવ-અસ્તિ-કાય. અસંખ્યપ્રદેશી અનંતગુણનો પિંડ. એવા **'શુદ્ધ જીવાસ્તિકાયથી અન્ય એવા જે બધા...'** આહાહા..! શુદ્ધ જીવાસ્તિકાય એક જ પદાર્થ ત્રિકાળ લીધો. એનાથી (અન્ય) **'બધા પુદ્‌ગલદ્રવ્યના ભાવો...'** છે. આહાહા..! હું તો એક શુદ્ધ જીવાસ્તિકાય છું. મારી અસ્તિ, મારી હયાતી, મારી મોજૂદગી શુદ્ધ અસ્તિ અસંખ્યપ્રદેશી અનંતગુણનો પિંડ છું. આહાહા..!

**'અન્ય...'** એનાથી **'અન્ય એવા જે બધા પુદ્‌ગલદ્રવ્યના ભાવો...'** બધા પુદ્‌ગલદ્રવ્યના ભાવ. આહાહા..! **'તે ખરેખર અમારા નથી...'** ખરેખર એ અમારી ચીજ નથી. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અસ્તિ-નાસ્તિ કરી. ત્રિકાળી જીવાસ્તિકાય એ અસ્તિ તે હું. એ સિવાય બધું પુદ્‌ગલ તે હું નહિ. આહાહા..! **'આમ જે તત્ત્વવેદી...'** આ પ્રકારે જે કોઈ તત્ત્વ જાણનાર, શુદ્ધ જીવાસ્તિકાય તત્ત્વ એકસ્વરૂપ અને અન્ય બધા પુદ્‌ગલ સ્વભાવ, એમ જે તત્ત્વને જાણનારો... આહાહા..! **'તત્ત્વવેદી સ્પષ્ટપણે કહે છે....'** આવી વાત સ્પષ્ટપણે કહે છે. એટલે કે એની વાત સ્પષ્ટપણે જાણે છે. કહે છે એ શબ્દ કથન ઉપર આવ્યું. આહાહા..!

હું એક શુદ્ધ જીવાસ્તિકાય, અસ્તિ તત્ત્વ, હયાતીવાળું તત્ત્વ શુદ્ધ જીવાસ્તિકાય તે હું. અસંખ્યપ્રદેશી અનંતગુણનો એકરૂપ પિંડ એવા જીવાસ્તિકાયથી અન્ય જેટલા ભાવ છે એ બધા પુદ્‌ગલના છે. આહાહા..! એનાથી હું ભિન્ન છું. એવા જે તત્ત્વના જાણનારા. વેદી એટલે જાણનારા. **'સ્પષ્ટપણે કહે છે...'** સ્પષ્ટપણે જાણે છે. કહે છે એ તો કથન છે. એ તો સમજાવવાની એક શૈલી છે. **'वक्ति'** શબ્દ મૂક્યો છે ને? **'इत्थं व्यक्तं वक्ति'** **'वक्ति'** એમ જે કહે છે. એટલે કે હું તો એક શુદ્ધ જીવાસ્તિકાય ભગવાન, પૂર્ણાનંદનો નાથ સ્વરૂપ ચૈતન્ય, મારાથી અન્ય બધા પુદ્‌ગલના ભાવ છે. આહાહા..! અહીં તો ક્ષાયિકભાવને પણ પુદ્‌ગલમાં નાખી દીધા. નિમિત્ત છે ને? એની અપેક્ષાએ એમાં બધું નાખી દીધું. ત્રિકાળી શુદ્ધ ઉપાદાન... ત્રિકાળી શુદ્ધ ઉપાદાન. જીવ અસ્તિકાય સમૂહ અસંખ્ય પ્રદેશી... આહાહા..! એ હું છું. એવા તત્ત્વના જાણનારા અથવા તત્ત્વને વેદનારા... આહાહા..! એમ કહે છે અથવા એવું તત્ત્વ વેદે છે. કહે છે એ તો એક શબ્દ છે. એવા તત્ત્વને અંતરમાં વેદનારા. છે? **'તે અતિ અપૂર્વ સિદ્ધિને પામે છે.'** બહું ટૂંકું કહ્યું છે. આહાહા..!

એક બાજુ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એક બાજુ પર્યાયાદિ બધા ભેદ પર. હું તો ત્રિકાળી જીવાસ્તિકાય છું. એવા તત્ત્વને વેદનારા, એવા તત્ત્વના જાણનસહિત, જ્ઞાનસહિત, જ્ઞેય બનાવીને વેદનારા, હે જીવ! આહાહા..! **'અતિ અપૂર્વ...'** સ્પષ્ટપણે જે વેદે છે, એટલે કે પ્રત્યક્ષપણે જે વેદે છે. સ્પષ્ટરૂપે એટલે એ. આહાહા..! એ રીતે પ્રત્યક્ષ. ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદમય સ્વરૂપ અખંડ અભેદ, અને બીજી ચીજ પર, એવા તત્ત્વને વેદનારા, તત્ત્વનો અનુભવ કરનારા જીવ **'અતિ અપૂર્વ...'** અનંતકાળમાં નહિ થયેલી એવી **'અપૂર્વ સિદ્ધિને પામે છે.'** ઓહોહો..! બહું ટૂંકામાં કહ્યું. આહાહા..! કંઈ ક્રિયા અને કંઈ વ્યવહાર-ફ્હેવારની વાત જ નહિ. આહાહા..!

વાત કરીને. એક બાજુ ભગવાનઆત્મા અને એક બાજુ બધા. વિકલ્પથી માંડીને, ભેદથી માંડીને (બધું). આહાહા..! એકરૂપ અભેદ સ્વરૂપ ચિદાનંદ પ્રભુ! એ અપેક્ષાએ બધા ભેદથી માંડીને બધા પુદ્‌ગલ છે, મારું સ્વરૂપ એ નથી. આહાહા..! સાંભળવું કઠણ પડે. અરે...! અનંતકાળથી રખડે છે. અનંત અનંતકાળ થયા ચોરાશીના અવતારમાં, અરે..! એણે પોતાના પૂર્ણ સ્વરૂપ તરફ, નિધાન ઉપર નજર નથી કરી. પોતાનું જે નિધાન જે શુદ્ધ જીવાસ્તિકાય. શુદ્ધજીવાસ્તિ. અશુદ્ધ નહિ અને એકલો જીવ નહિ. કાય. આહાહા..! શુદ્ધ જીવાસ્તિ, અસ્તિ-

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કાય–અસંખ્ય પ્રદેશી, એવું એકરૂપ મારું (સ્વરૂપ) અને એ સિવાય પુદ્‌ગલના બધા ભાવો મારા નથી. એમ જે કોઈ... આહાહા..! તત્ત્વને જાણનારા અને તત્ત્વને વેદનારા. જાણવું-જાણવું એ વેદન છે.

પચ્ચખાણમાં કહ્યું છે ને? 'સમયસાર'. કે આત્મામાં રાગનો ત્યાગ તો નામમાત્ર છે. કેમ? કે આત્માએ જાણ્યું કે આ રાગ છે, હું આત્મા છું એમ જાણ્યું, એ જાણ્યું એ જ્ઞાનમાં એનું ગ્રહણ કર્યું નહિ અને પોતામાં ઠર્યા. એનું નામ પરનો ત્યાગ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આકરી વાત છે, ભાઈ! આહાહા..! એક બાજુ ભગવાનઆત્મા સર્વજ્ઞ પરમાત્માએ અસંખ્ય પ્રદેશી (કહ્યો). પ્રદેશ અસંખ્ય અને ગુણ અનંત, એવા જે શુદ્ધ જીવાસ્તિકાય, એ પોતાનું સ્વરૂપ. એનું જે વેદન કરે છે. જાણીને વેદન કરે છે એ **'અપૂર્વ સિદ્ધિને પામે છે.'** આહાહા..! આવી વાત છે, પ્રભુ! આમાં તો કાંઈ વ્યવહારને... આહાહા..!

બે જ વાત લીધી. એક કોર ભગવાન શુદ્ધ જીવ અસ્તિ, સત્તા, પોતાની હયાતી. શુદ્ધ જીવ અસ્તિ કાય, એ અસ્તિકાય અસંખ્યપ્રદેશી અસ્તિકાય. એ સર્વજ્ઞ સિવાય બીજે હોતા નથી. અસંખ્યપ્રદેશી જીવ એ સર્વજ્ઞ સિવાય કોઈએ જોયા નથી, કોઈએ જાણ્યું નથી. અન્યમતમાં કોઈ સર્વજ્ઞ થયા નથી અને કોઈએ જાણ્યું નથી. આહાહા..! એ કારણે કહે છે, કે શુદ્ધ જીવ અસ્તિ કાય. આહાહા..! અશુદ્ધ રહિત, પુદ્‌ગલ રહિત પોતાની હયાતી અસંખ્યપ્રદેશી, એવી જે કાય, એ કાય પોતાની. આ કાય પોતાના નથી. રાગ, પુણ્ય, દયા, દાન એ કાય પોતાની નથી. એ પરપુદ્‌ગલની છે. આહાહા..!

પોતાનું સ્વરૂપ શુદ્ધ, નિર્મળ હયાતીવાળું. કાય અસંખ્યપ્રદેશી સમૂહ. અનંતગુણનો ધરનાર, એનું જ્ઞાન કરીને જે વેદે છે, એનું જ્ઞાન કરીને એનો અનુભવ કરે છે, એ અત્યંત અપૂર્વ એવી મુક્તિને પામે છે. આહાહા..! આવી આકરી વાત છે. લોકોને બેસવી કઠણ પડે. એક જ વાત ત્રિકાળી જ્ઞાયકભાવ, ચૈતન્ય સ્વભાવ. અસંખ્યપ્રદેશી અનંતગુણ. અસંખ્યપ્રદેશી તો ક્ષેત્ર છે. આહાહા..! દ્રવ્ય જીવ છે. અસંખ્યપ્રદેશી ક્ષેત્ર છે. ત્રિકાળ રહેનારો એ અનાદિઅનંત છે અને ભાવ અનંતગુણનો કાય અસંખ્યપ્રદેશી, અનંતગુણનો પિંડ શરીર છે. આત્મામાં અનંતગુણ એ શરીર છે. આહાહા..! અરે..રે..! આવી વાત ક્યાં સાંભળે?

**'આમ જે તત્ત્વવેદી સ્પષ્ટપણે કહે છે...'** કહે છે એમ શબ્દ છે. આહાહા..! એવું તત્ત્વ જાણનારા. એવું તત્ત્વ જાણનારા. આ પ્રકારે છે એમ તત્ત્વને જાણનારા. બીજી રીતે નહિ. આહાહા..! જગતને બહુ કઠણ પડે. જેમ અહીંયા પુદ્‌ગલની પર્યાયને છોડી દીધી. પરવસ્તુ નહિ, રાગ નહિ, દયા-દાન નહિ, પર્યાય નહિ. આહાહા..! એકલો શુદ્ધજીવાસ્તિકાય સમૂહ. શુદ્ધ પવિત્ર જીવ અસ્તિ હયાતીવાળી, અસંખ્યપ્રદેશી જેનું કાય-સ્વરૂપ છે, એવા તત્ત્વને જે અંતર સન્મુખ થઈને જાણે છે. અંતર સન્મુખ થઈને જાણે છે અને જાણવાપૂર્વક વેદે છે. એટલે કે અનુભવે છે. અતીન્દ્રિય આનંદમય ભગવાન છે, એના અતીન્દ્રિય આનંદને વેદે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે એ અપૂર્વ અત્યંત અપૂર્વ. અનંતકાળમાં એક સમય પણ આવ્યો નથી. એવા અપૂર્વ સિદ્ધિને પામે છે. આહાહા..! વાત ભગવાન આવી છે. આહાહા..! દુનિયાથી આખી જુદી લાગે. આ તો શ્લોક 'પદ્મપ્રભમલધારી' દેવનો છે. હવે મૂળ શ્લોક. ૫૧થી.

## ગાથા–૫૧ થી ૫૫

विवरीयाभिणिवेसविवज्जियसद्दहणमेव सम्मत्तं।
संसयविमोहविब्भमविवज्जियं होदि सण्णाणं।।५१।।

चलमलिणमगाढतत्त्वज्जियसद्दहणमेव सम्मत्तं।
अधिगमभावो णाणं हेयोवादेयतच्चाणं।।५२।।

सम्मत्तस्स णिमित्तं जिणसुत्तं तस्स जाणया पुरिसा।
अंतरहेऊ भणिदा दंसणमोहस्स खयपहुदी।।५३।।

सम्मत्तं सण्णाणं विज्जदि मोक्खस्स होदि सुण चरणं।
ववहारणिच्छएण दु तम्हा चरणं पवक्खामि।।५४।।

ववहारणयचरित्ते ववहारणयस्स होदि तवचरणं।
णिच्छयणयचारित्ते तवचरणं होदि णिच्छयदो।।५५।।

विपरीताभिनिवेशविवर्जितश्रद्धानमेव सम्यक्त्वम्।
संशयविमोहविभ्रमविवर्जितं भवति संज्ञानम्।।५१।।

चलमलिनमगाढत्वविवर्जितश्रद्धानमेव सम्यक्त्वम्।
अधिगमभावो ज्ञानं हेयोपादेयतत्त्वानाम्।।५२।।

सम्यक्त्वस्य निमित्तं जिनसूत्रं तस्य ज्ञायकाः पुरुषाः।
अन्तर्हेतवो भणिताः दर्शनमोहस्य क्षयप्रभृतेः।।५३।।

सम्यक्त्वं संज्ञानं विद्यते मोक्षस्य भवति शृणु चरणम्।
व्यवहारनिश्चयेन तु तस्माच्चरणं प्रवक्ष्यामि।।५४।।

व्यवहारनयचरित्रे व्यवहारनयस्य भवति तपश्चरणम्।
निश्चयनयचारित्रे तपश्चरणं भवति निश्चयतः।।५५।।

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



रत्नत्रयस्वरूपाख्यानमेतत्।

भेदोपचाररत्नत्रयमपि तावद् विपरीताभिनिवेशविवर्जितश्रद्धानरूपं भगवतां सिद्धिपरंपराहेतुभूतानां पंचपरमेष्ठिनां चलमलिनागाढविवर्जितसमुपजनितनिश्चलभक्तियुक्तत्वमेव। विपरीते हरिहिण्यगर्भादिप्रणीते पदार्थसार्थे ह्यभिनिवेशाभाव इत्यर्थः। संज्ञानमपि च संशयविमोहविभ्रमविवर्जितमेव। तत्र संशयः तावत् जिनो वा शिवो वा देव इति। विमोहः शाक्यादिप्रोक्ते वस्तुनि निश्चयः। विभ्रमो ह्यज्ञानत्वमेव। पापक्रियानिवृत्तिपरिणामश्चारित्रम्। इति भेदोपचाररत्नत्रयपरिणतिः। तत्र जिनप्रणीतहेयोपादेयतत्त्वपरिच्छित्तिरेव सम्यग्ज्ञानम्। अस्य सम्यक्त्वपरिणामस्य बाह्यसहकारिकारणं वीतरागसर्वज्ञमुखकमलविनिर्गतसमस्तवस्तुप्रतिपादन-समर्थद्रव्यश्रुतमेव तत्त्वज्ञानमिति। ये मुमुक्षवः तेऽप्युपचारतः पदार्थनिर्णयहेतुत्वात् अंतरंगहेतव इत्युक्ताः दर्शनमोहनीयक्रमक्षयप्रभृतेः सकाशादिति। अबेदानुपचाररत्नत्रयपरिणतेर्जीवस्य टंकोत्कीर्णज्ञायकैकस्वभावनिजपरमतत्त्वश्रद्धानेन, तत्परिच्छित्तिमात्रांतर्मुखपरमबोधेन, तद्रूपाविचलस्थितिरूपसहजचारित्रेण अभूतपूर्वः सिद्धपर्यायो भवति। यः परमजिनयोगीश्वरः प्रथमं पापक्रियानिवृत्तिरूपव्यवहारनयचारित्रे तिष्ठति, तस्य खलु व्यवहारनयगोचरतपश्चरणं भवति। सहजनिश्चयनयात्मकपरमस्वभावात्मकपरमात्मनि प्रतपनं तपः। स्वस्वरूपाविचलस्थितिरूपं सहजनिश्चयचारित्रम् अनेन तपसा भवतीति।

तथा चोक्तमेकत्वसप्ततौ -

(अनुष्टुभ्)

``दर्शनं निश्चयः पुंसि बोधस्तद्बोध इष्यते।
स्थितिरत्रैव चारित्रमिति योगः शिवाश्रयः।।''

---

શ્રદ્ધાન વિપરીત-અભિનિવેશવિહીન તે સમ્યક્ત્વ છે;
સંશય-વિમોહ-વિભ્રાંતિ વિરહિત જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે. ૫૧.

ચલ મલ-અગાઢપણા રહિત શ્રદ્ધાન તે સમ્યક્ત્વ છે;
આદેય-હેય પદાર્થનો અવબોધ સમ્યગ્જ્ઞાન છે. ૫૨.

જિનસૂત્ર સમકિતહેતુ છે, ને સૂત્રજ્ઞાતા પુરુષ જે;
તે જાણ અંતર્હેતુ, દગ્મોહક્ષયાદિક જેમને. ૫૩.

સમ્યક્ત્વ સમ્યગ્જ્ઞાન તેમ જ ચરણ મુક્તિપંથ છે;
તેથી કહીશ હું ચરણને વ્યવહાર ને નિશ્ચય વડે. ૫૪.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વ્યવહારનયચારિત્રમાં વ્યવહારનું તપ હોય છે;
તપ હોય છે નિશ્ચય થકી, ચારિત્ર જ્યાં નિશ્ચયનયે. ૫૫.

[ विपरीताभिनिवेशविवर्जितश्रद्धानम् एव ] વિપરીત *અભિનિવેશ રહિત શ્રદ્ધાન તે જ [ सम्यक्त्वम् ] સમ્યકત્વ છે; [ संशयविमोहविभ्रमविवर्जितम् ] સંશય, વિમોહ ને વિભ્રમ રહિત (જ્ઞાન) તે [ संज्ञानम् भवति ] સમ્યગ્જ્ઞાન છે.

[ चलमलिनमगाढत्वविवर्जितश्रद्धानम् एव ] ચળતા, મલિનતા અને અગાઢતા રહિત શ્રદ્ધાન તે જ [ सम्यक्त्वम् ] સમ્યક્ત્વ છે; [ हेयोपादेयतत्त्वानाम् ] હેય અને ઉપાદેય તત્ત્વોને [ अधिगमभावः ] જાણવારૂપ ભાવ તે [ ज्ञानम् ] (સમ્યક્)જ્ઞાન છે.

[ सम्यक्तवस्य निमित्तं ] સમ્યક્ત્વનું નિમિત્ત [ जिनसूत्रं ] જિનસૂત્ર છે; [ तस्य ज्ञायकाः पुरुषाः ] જિનસૂત્રના જાણનારા પુરુષોને [ अन्तर्हेतवः ] (સમ્યક્ત્વના) અંતરંગ હેતુઓ [ भणिताः ] કહ્યા છે, [ दर्शनमोहस्य क्षयप्रभृतेः ] કારણ કે તેમને દર્શનમોહના ક્ષયાદિક છે.

[ शृणु ] સાંભળ, [ मोक्षस्य ] મોક્ષને માટે [ सम्यक्त्वं ] સમ્યક્ત્વ હોય છે, [ संज्ञानं ] સમ્યગ્જ્ઞાન [ विद्यते ] હોય છે, [ चरणम् ] ચારિત્ર (પણ) [ भवति ] હોય છે; [ तस्मात् ] તેથી [ व्यवहारनिश्चयेन तु ] હું વ્યવહાર અને નિશ્ચયથી [ चरणं प्रवक्ष्यामि ] ચારિત્ર કહીશ.

અન્વયાર્થ :– [ व्यवहारनयचरित्रे ] વ્યવહારનયના ચારિત્રમાં [ व्यवहारनयस्य ] વ્યવહારનયનું [ तपश्चरणम् ] તપશ્ચરણ [ भवति ] હોય છે; [ निश्चयनयचारित्रे ] નિશ્ચયનયના ચારિત્રમાં [ निश्चयतः ] નિશ્ચયથી. [ तपश्चरणम् ] તપશ્ચરણ [ भवति ] હોય છે.

ટીકા :– આ, રત્નત્રયના સ્વરૂપનું કથન છે.

પ્રથમ, ભેદોપચાર-રત્નત્રય આ પ્રમાણે છે :– વિપરીત અભિનિવેશ રહિત શ્રદ્ધાનરૂપ એવું જે સિદ્ધિના પરંપરાહેતુભૂત ભગવંત પંચપરમેષ્ઠી પ્રત્યેનું ચળતા-મલિનતા-અગાઢતા રહિત ઊપજેલું નિશ્ચળભક્તિયુક્તપણું તે જ સમ્યક્ત્વ છે. વિષ્ણુબ્રહ્માદિકથિત વિપરીત પદાર્થસમૂહ પ્રત્યેના અભિનિવેશનો અભાવ તે જ સમ્યક્ત્વ છે–એવો અર્થ છે. સંશય, વિમોહ ને વિભ્રમ રહિત (જ્ઞાન) તે જ સમ્યગ્જ્ઞાન છે. ત્યાં, જિન દેવ હશે કે શિવ દેવ હશે (-એવો શંકારૂપભાવ) તે સંશય છે; શાક્યાદિકથિત વસ્તુમાં નિશ્ચય (અર્થાત્ બુદ્ધાદિએ કહેલા પદાર્થનો નિર્ણય) તે વિમોહ છે; અજ્ઞાનપણું (અર્થાત્ વસ્તુ શું છે તે સંબંધી અજાણપણું) તે જ વિભ્રમ છે.

* અભિનિવેશ = અભિપ્રાય; આગ્રહ.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પાપક્રિયાથી નિવૃત્તિરૂપ પરિણામ તે ચારિત્ર છે. આમ ભેદોપચાર-રત્નત્રયપરિણતિ છે. તેમાં, જિનપ્રણીત હેય-ઉપાદેય તત્ત્વોનું જ્ઞાન તે જ સમ્યગ્જ્ઞાન છે. આ સમ્યક્‌ત્વપરિણામનું બાહ્ય સહકારી કારણ વીતરાગ-સર્વજ્ઞના મુખકમળમાંથી નીકળેલું સમસ્ત વસ્તુના પ્રતિપાદનમાં સમર્થ એવું દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાન જ છે. જે મુમુક્ષુઓ છે તેમને પણ ઉપચારથી પદાર્થનિર્ણયના હેતુપણાને લીધે (સમ્યક્‌ત્વપરિણામના) અંતરંગ હેતુઓ કહ્યા છે, કારણ કે તેમને દર્શનમોહનીયકર્મના ક્ષયાદિક છે.

અભેદ-અનુપચાર-રત્નત્રયપરિણતિવાળા જીવને, ટંકોત્કીર્ણ જ્ઞાયક જેનો એક સ્વભાવ છે એવા નિજ પરમ તત્ત્વની શ્રદ્ધા વડે, તદ્‌જ્ઞાનમાત્ર (–તે નિજ પરમ તત્ત્વના જ્ઞાનમાત્રસ્વરૂપ) એવા અંતર્મુખ પરમબોધ વડે અને તે-રૂપે (અર્થાત્ નિજ પરમ તત્ત્વરૂપે) અવિચળપણે સ્થિત થવારૂપ સહજચારિત્ર વડે *અભૂતપૂર્વ સિદ્ધપર્યાય થાય છે. જે પરમજિનયોગીશ્વર પહેલાં પાપક્રિયાથી નિવૃત્તિરૂપ વ્યવહારનયના ચારિત્રમાં હોય છે, તેને ખરેખર વ્યવહારનયગોચર તપશ્ચરણ હોય છે. સહજનિશ્ચયનયાત્મક પરમસ્વભાવસ્વરૂપ પરમાત્મામાં પ્રતપન તે તપ છે; નિજ સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજનિશ્ચયચારિત્ર આ તપથી હોય છે.

એવી રીતે એકત્વસપ્તતિમાં (શ્રી પદ્મનંદી-આચાર્યદેવકૃત પદ્મનંદિપંચવિંશતિકા નામના શાસ્ત્રને વિષે એકત્વસપ્તતિ નામના અધિકારમાં ૧૪મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :–

‘‘[શ્લોકાર્થ :–] આત્માનો નિશ્ચય તે દર્શન છે, આત્માનો બોધ તે જ્ઞાન છે, આત્મામાં જ સ્થિતિ તે ચારિત્ર છે;–આવો યોગ (અર્થાત્ આ ત્રણેની એકતા) શિવપદનું કારણ છે.’’

## ગાથા–૫૧ થી ૫૫ ઉપર પ્રવચન

विवरीयाभिणिवेसविवज्जियसद्दहणमेव सम्मत्तं।
संसयविमोहविब्भमविवज्जियं होदि सण्णाणं।।५१।।

चलमलिणमगाढतत्त्वज्जियसद्दहणमेव सम्मत्तं।
अधिगमभावो णाणं हेयोवादेयतच्चाणं।।५२।।

सम्मत्तस्स णिमित्तं जिणसुत्तं तस्स जाणया पुरिसा।
अंतरहेऊ भणिदा दंसणमोहस्स खयपहुदी।।५३।।

* અભૂતપૂર્વ = પૂર્વ કદી નહિ થયેલો એવો; અપૂર્વ.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



सम्मत्तं सण्णाणं विज्जदि मोक्खस्स होदि सुण चरणं।
ववहारणिच्छएण दु तम्हा चरणं पवक्खामि।।५४।।

ववहारणयचरित्ते ववहारणयस्स होदि तवचरणं।
णिच्छयणयचारित्ते तवचरणं होदि णिच्छयदो।।५५।।

નીચે હરિગીત

**શ્રદ્ધાન વિપરીત-અભિનિવેશવિહીન તે સમ્યક્ત્વ છે;**
**સંશય-વિમોહ-વિભ્રાંતિ વિરહિત જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે. ૫૧.**

**ચલ મલ-અગાઢપણા રહિત શ્રદ્ધાન તે સમ્યક્ત્વ છે;**
**આદેય-હેય પદાર્થનો અવબોધ સમ્યગ્જ્ઞાન છે. ૫૨.**

**જિનસૂત્ર સમકિતહેતુ છે, ને સૂત્રજ્ઞાતા પુરુષ જે;**
**તે જાણ અંતર્હેતુ, દગ્મોહક્ષયાદિક જેમને. ૫૩.**

**સમ્યક્ત્વ સમ્યગ્જ્ઞાન તેમ જ ચરણ મુક્તિપંથ છે;**
**તેથી કહીશ હું ચરણને વ્યવહાર ને નિશ્ચય વડે. ૫૪.**

**વ્યવહારનયચારિત્રમાં વ્યવહારનું તપ હોય છે;**
**તપ હોય છે નિશ્ચય થકી, ચારિત્ર જ્યાં નિશ્ચયનયે. ૫૫.**

આહાહા..! એની ટીકા. બીજે પાને.

**ટીકા :–** '**આ, રત્નત્રયના સ્વરૂપનું કથન છે.**' છે? રત્નત્રય–સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, એ ત્રણ રત્નત્રય છે, એ ત્રણ રતન છે. આહાહા..! જે રતનના મોલ દીધે મુક્તિ મળે છે. એ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર ત્રણ રત્ન છે. આહાહા..! દુનિયાના હીરા-માણેકના રતન તો ધૂળના છે. આહાહા..! ભગવાનઆત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ, એના દર્શન, જ્ઞાન, ચારિત્ર રત્નત્રય એ મુક્તિનો હેતુ–કારણ છે, બીજો કોઈ ઉપાય નથી. આહાહા..! હવે પ્રથમ વ્યવહાર કહે છે.

'**પ્રથમ, ભેદોપચાર–...**' ભેદ એટલે વ્યવહારથી–ઉપચારથી. ટીકા છે? છે? '**ભેદોપચાર-રત્નત્રય આ પ્રમાણે છે :–**' વ્યવહારરત્નત્રય, એ તો શુભરાગ છે, પણ આવે છે. નિશ્ચયરત્નત્રય છે એ મોક્ષનો માર્ગ છે. જ્યાં સુધી નિશ્ચય પૂર્ણ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી અંદર રાગ-વ્યવહાર આવે છે. પણ એ રાગ આદરણીય નથી, હેય છે. ઇ કહે છે. '**પ્રથમ, ભેદોપચાર-રત્નત્રય આ પ્રમાણે છે :–**' આહાહા..! વ્યવહારથી, ભેદથી, ઉપચારથી. ઉપચાર એટલે

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વાસ્તવિક નહિ. એવા ઉપચારથી **'રત્નત્રય આ પ્રમાણે છે :–'** આહાહા..! **'વિપરીત અભિનિવેશ રહિત શ્રદ્ધાનરૂપ...'** વિપરીત–ઉંધા આગ્રહરહિત. અભિનિવેશ એટલે આગ્રહ, અભિપ્રાય. વિપરીત અભિપ્રાય રહિત... આહાહા..! **'શ્રદ્ધાનરૂપ એવું જે સિદ્ધિના...'** વ્યવહારની વાત છે, હોં! નિશ્ચયની વાત નથી. આ તો વ્યવહાર સમકિતની વાત છે. શુભરાગ. વ્યવહાર સમકિત એટલે શુભરાગ. આહાહા..! નિશ્ચય સમકિત એટલે આનંદદશાનો અંતર નિર્વિકલ્પ અનુભવ. આહાહા..!

**'ભેદોપચાર-રત્નત્રય આ પ્રમાણે છે :– વિપરીત અભિનિવેશ રહિત...'** સમકિતીનો વ્યવહાર પણ નિશ્ચય સમકિત આત્મજ્ઞાન હોય, એને વ્યવહાર પણ આવો હોય છે. કે **'વિપરીત અભિનિવેશ રહિત શ્રદ્ધાનરૂપ એવું જે સિદ્ધિના...'** એવા જે મુક્તિના **'પરંપરાહેતુભૂત...'** નિશ્ચય તો સાક્ષાત્ કારણ છે. વ્યવહાર તો છૂટી જાય છે. વ્યવહાર આવે છે તો છૂટી જાય છે તો પરંપરા હેતુ કહ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? પરંપરાહેતુભૂત. વ્યવહાર પરંપરાહેતુભૂત (કહ્યું).

મુમુક્ષુ :– સોનગઢ માનતું નથી.

ઉત્તર :– કહ્યું ને? નિશ્ચય હોય એને આ વ્યવહાર હોય. એ વ્યવહાર સાક્ષાત કારણ નથી. સાક્ષાત્ કારણ તો સ્વના આશ્રયે અનુભવ (થાય એ સાક્ષાત્ કારણ છે). એની સાથે રાગ આવે છે, એનો અભાવ થઈને મુક્તિ થાય છે તો પરંપરા (કારણ) કહેવામાં આવે છે. આહાહા..!

**'સિદ્ધિના પરંપરાહેતુભૂત ભગવંત પંચપરમેષ્ઠી...'** ભગવંત પંચ પરમેષ્ઠી પ્રત્યે. ભગવંત પંચપરમેષ્ઠી. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, એ પંચપરમેષ્ઠી પ્રત્યે શ્રદ્ધા ઉત્પન્ન થઈ. **'ચળતા-મલિનતા-અગાઢતા રહિત...'** આહાહા..! એનો અર્થ કરશે. **'ચળતા-મલિનતા-અગાઢતા રહિત ઊપજેલું નિશ્ચળ ભક્તિયુક્તપણું...'** નિશ્ચળ નામ ન ચળે. નિશ્ચય નહિ. નિશ્ચળ–ચળે નહિ એવી ભક્તિયુક્તપણે સમકિત વ્યવહાર સમકિત છે. એ નિશ્ચયસમકિત જેને છે, એને આવો વ્યવહાર સમકિત આવે છે. પૂર્ણ દશા પ્રાપ્ત કર્યા પહેલા વચ્ચે આવો રાગ આવે છે એ વ્યવહારની વાત કરે છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'વિષ્ણુબ્રહ્માદિકથિત...'** વિષ્ણુ આદિ અને **'બ્રહ્માદિકથિત વિપરીત પદાર્થસમૂહ...'** એમણે તો બધા વિપરીત પદાર્થ કહ્યા છે. આહાહા..! અહીં તો ભગવંત સર્વજ્ઞ પરમાત્મા જિનેશ્વરદેવે જે પદાર્થ કહ્યો, તેની ચળતા-મલિનતા-અગાઢતા રહિત વ્યવહાર-શ્રદ્ધા-રાગ (એની વાત છે). આહાહા..! એ વિષ્ણુ, બ્રહ્માદિ, ઈશ્વરાદિના નામથી **'કથિત વિપરીત પદાર્થસમૂહ...'** કોઈ ઈશ્વર કર્તા નથી. એ ઈશ્વરકર્તા માનનારા, વિષ્ણુ માનનારા, બ્રહ્માને માનનારા એ બધા વિપરીત પદાર્થ છે. આહાહા..! એને તો વ્યવહાર સમકિતની શ્રદ્ધા પણ નથી. આહાહા..! એ બ્રહ્મા-વિષ્ણુ અને મહેશ–શંકર. બ્રહ્મા-વિષ્ણુ-મહેશ–શંકર આદિને માને, એ તો વિપરીત અભિનિવેશ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અભિપ્રાય છે.

**'વિપરીત પદાર્થસમૂહ પ્રત્યેના અભિનિવેશનો અભાવ તે જ સમ્યક્ત્વ છે—'** એનો અભિનિવેશ એટલે અભિપ્રાય, એના પ્રત્યેનો અભિપ્રાયનો અભાવ જ વ્યવહાર સમ્યક્ત્વ છે. વ્યવહાર છે, રાગ છે. આહાહા..! જ્યાં સુધી પૂર્ણ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર જ્યાં સુધી આત્મા ન થાય, ત્યાં સુધી નિશ્ચય આત્માના અવલંબનથી જે મોક્ષમાર્ગ શરૂ થયો, એની સાથે અપૂર્ણ નિશ્ચય મોક્ષમાર્ગ છે, તો સાથે રાગ આવે છે, એને અહીંયા ચળતા-મલિનતા રહિત, વિપરીત શ્રદ્ધા રહિત વ્યવહાર સમકિત કહેવામાં આવ્યું છે. આહાહા..! **'એવો અર્થ છે.'** (વિપરીત અભિનિવેશનો) **'અભાવ તે જ સમ્યક્ત્વ છે.'** એમ છે?

હવે એનો અર્થ કરે છે. **'સંશય, વિમોહ ને વિભ્રમ રહિત (જ્ઞાન) તે જ સમ્યગ્જ્ઞાન છે.'** આહાહા..! આ હજી વ્યવહારની વાત ચાલે છે. **'સંશય,...'** જ્યાં શંકા નથી, **'વિમોહ...'** નહિ–ભ્રમણા નહિ. **'વિભ્રમ...'** નહિ. આમ હશે કે આમ હશે એવો વિભ્રમ નથી. **'સંશય, વિમોહ ને વિભ્રમ રહિત (જ્ઞાન) જ સમ્યગ્જ્ઞાન છે.'** એ વ્યવહારજ્ઞાન છે, એ હજી રાગ છે. આહાહા..! નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન છે. આત્માનો અનુભવ, આનંદનો અનુભવ છે, એમાં અપૂર્ણ દશા છે, પૂર્ણ દશા નથી એ ભૂમિકામાં આવો વ્યવહાર આવ્યા વગર રહેતો નથી. આહાહા..!

કહે છે, કે **'સંશય, વિમોહ ને વિભ્રમ રહિત (જ્ઞાન) તે જ સમ્યગ્જ્ઞાન છે.'** એ વ્યવહાર છે. હજી વ્યવહારસમ્યક્ લીધું. આહાહા..! વ્યવહાર એટલે હજી શુભરાગ. **'ત્યાં, જિન દેવ હશે કે શિવ દેવ હશે (–એવો શંકારૂપભાવ) તે સંશય છે;...'** સંશયની વ્યાખ્યા આ. સર્વજ્ઞ ભગવાન હશે એ સત્ય છે કે શિવદેવ શંકરાદિ, બ્રહ્મા, વિષ્ણુ, શંકરાદિ સત્ય હશે? એવી શંકાને અહીં સંશય કહે છે. એ સંશયરહિત હોય, તેને નિશ્ચયસમ્યગ્દર્શન સહિત વ્યવહારસમકિત કહે છે. આહાહા..!

**'શાક્યાદિકથિત વસ્તુમાં નિશ્ચય...'** શાક્ય એટલે બૌદ્ધ. બૌદ્ધનો ઘણો પ્રચાર છે ને? બૌદ્ધ ધર્મ એ મિથ્યાત્વ છે. એક ક્ષણિકને માને છે. ત્રિકાળ આત્માને માનતા નથી. એ તો ક્ષણિકને જ માને છે. શાક્ય એટલે બૌદ્ધ. **'અર્થાત્ બુદ્ધાદિએ કહેલા...'** એ સિવાય અનેક અજ્ઞાની આદિએ કથન કરેલા, એ વસ્તુમાં નિશ્ચય, એનું નામ વિમોહ છે. વિમોહ મિથ્યાત્વ રાગ છે. આહાહા..! **'(અર્થાત્ બુદ્ધાદિએ કહેલા પદાર્થનો નિર્ણય) તે વિમોહ છે;...'** આહાહા..! **'અજ્ઞાનપણું (અર્થાત્ વસ્તુ શું છે તે સંબંધી અજાણપણું) તે જ વિભ્રમ છે.'** હજી તો વ્યવહારની વાત ચાલે છે, હોં! વસ્તુ કેવી છે? એવી વસ્તુનું અજાણપણું, વસ્તુની સ્થિતિની મર્યાદા, એનું અજાણપણું એ વિભ્રમ છે. આહાહા..!

**'પાપક્રિયાથી નિવૃત્તિરૂપ પરિણામ તે ચારિત્ર છે.'** હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, સમકિતીને નિશ્ચય સહિત પાપક્રિયાથી નિવૃત્તિરૂપ શુભરાગ આવે છે, એ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વ્યવહારચારિત્ર છે. એનું નામ રાગ છે. આહાહા..! તે વ્યવહાર નિશ્ચય હોય એને વ્યવહાર હોય છે. જેને આત્માનો અનુભવ, આનંદનો અનુભવ નથી, એને તો આ વ્યવહાર પણ ગણવામાં આવતો નથી. આહાહા..! **'પાપક્રિયાથી નિવૃત્તિરૂપ પરિણામ...'** હિંસા, જૂઠું, ચોરી, વિષય રહિત પંચમહાવ્રતના પરિણામ, એ ચારિત્ર–રાગ છે. પંચમહાવ્રતના પરિણામ એ રાગ છે. મુનિને પણ, સમકિતીને પણ જ્યાં સુધી પૂર્ણ ચારિત્રદશા ન થાય ત્યારે વચ્ચે આ રાગ આવ્યા વગર રહેતો નથી. આહાહા..! પણ એ રાગ હેય છે. છોડવાલાયક છે, જાણવાલાયક છે. છે એમ જાણીને છોડવાલાયક છે.

છોડવાલાયકનો અર્થ એવો છે, કે સમ્યક્જ્ઞાને જાણ્યું એ દુઃખ વિપરીત છે. તો એ વિપરિતનું ગ્રહણ નહિ અને જ્ઞાનમાં જ્ઞાનરૂપ સ્થિરતા થાય, એનું નામ વિભ્રમનો ત્યાગ કહે છે. આહાહા..! શબ્દે શબ્દમાં ઘણી સૂક્ષ્મતા, પ્રભુ! આ તો જિનેશ્વરનો માર્ગ (છે). વીતરાગ સર્વજ્ઞ ત્રણલોકના નાથ. આહાહા..! અનંત તીર્થંકરો થયા. વર્તમાનમાં મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. બધાનું એક જ કથન છે. 'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ.' પરમાર્થનો પંથ બે-ત્રણ (નથી). આ પણ ખરું અને આ પણ ખરું એમ નથી. આહાહા..! આ પાપક્રિયાથી નિવૃત્તિરૂપ પરિણામ પણ ચારિત્ર, એવા ભેદઉપચાર રત્નત્રય પરિણતિ છે. એ વ્યવહાર. ભેદ એટલે વ્યવહાર, ઉપચાર, વાસ્તવિક્તા નહિ. ઉપચાર એટલે વાસ્તવિક્તા નહિ.

**'ભેદોપચાર-રત્નત્રયપરિણતિ છે.'** વાસ્તવિક રત્નત્રય પરિણતિ નથી. **'ભેદોપચાર-રત્નત્રયપરિણતિ છે.'** આહાહા..! **'તેમાં,...'** હવે ભેદ રત્નત્રય પરિણતિ, જે સ્વભાવ આત્મા ત્રિકાળી, શુદ્ધનું અવલંબન–આશ્રય નિશ્ચય છે, અનુભવ છે, આનંદનો અનુભવ છે, એના પાપની નિવૃત્તિરૂપ પરિણામને વ્યવહારચારિત્ર કહે છે. આહાહા..! **'તેમાં,...'** એટલે વ્યવહારમાં. **'જિનપ્રણીત હેય-ઉપાદેય તત્ત્વોનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે.'** આહાહા..! એ પણ વ્યવહાર છે. હેય અને ઉપાદેય બે આવ્યા ને? બે આવ્યા એટલે વ્યવહાર થયો. અને **'તેમાં,...'** કહ્યું ને? વ્યવહારરત્નત્રય જે રાગ કહ્યો, **'તેમાં, જિનપ્રણીત...'** ત્રણલોકના નાથ જિનપ્રણીત વીતરાગ, એણે કહેલો હેય-ઉપાદેય. આ છોડવાલાયક છે, આ આદરવાલાયક છે. એ પણ વ્યવહારજ્ઞાનમાં જાય છે. એ વ્યવહારજ્ઞાન છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'સંશય, વિમોહ ને વિભ્રમ રહિત..'** એ દર્શન અને જ્ઞાન. અને પાપની નિવૃત્તિરૂપ પંચમહાવ્રતાદિના પરિણામ એ વ્યવહારચારિત્ર છે. એ ત્રણમાં **'હેય-ઉપાદેય તત્ત્વોનું જ્ઞાન તે જ વ્યવહાર સમ્યગ્જ્ઞાન છે.'** આહાહા..! નિશ્ચયસમ્યગ્જ્ઞાન તો અંતરનો અનુભવ કરવો એ છે. હેય-ઉપાદેય બે આવ્યા ને? બે આવ્યા માટે વ્યવહાર થયો. આ છાંડવાયોગ્ય છે, આ ગ્રહણ કરવાયોગ્ય છે. બે આવ્યા. તેથી શબ્દ લીધો. કે વ્યવહારરત્નત્રય પરિણતિ છે તેમાં. એમ લીધું ને ભાઈ? તેથી **'તેમાં,...'** શબ્દ લીધો ને? વ્યવહારરત્નત્રય પરિણતિ છે. વ્યવહાર કુદેવ, કુગરુ, કુશાસ્ત્રની શ્રદ્ધા, એનું જ્ઞાન અને પાપના નિવૃત્તરૂપ પરિણામ ચારિત્ર,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates


પંચમહાવ્રત,

**'તેમાં,...'** આહાહા..! **'જિનપ્રણિત હેય-ઉપાદેય તત્ત્વોનું જ્ઞાન...'** સર્વજ્ઞ ભગવાને, ત્રિલોકનાથ પરમાત્મા વીતરાગદેવે જે હેય કહ્યું, રાગાદિ હેય કહ્યું અને સ્વભાવને ઉપાદેય કહ્યો, એ પણ વ્યવહારમાં જાય છે. વ્યવહારમાં બે આવ્યા ને? આહાહા..! ભારે કઠણ. આવો માર્ગ! નાની ઉંમરમાં તો સાધારણ શીખતા. દસ વર્ષની ઉંમરથી સામાયિક ને... અત્યારે તો ૯૧ થયા. ૮૧ વર્ષ પહેલાની વાત છે. જૈનશાળામાં ભણવા જતા ને, ત્યારે સામાયિક ને બધું મોઢે કરેલું. દસ વર્ષની ઉંમરે સામાયિક, પડિક્કમણા બધું મોઢે-કંઠસ્થ કરેલું. અને એ માનીએ કે આ ધર્મ છે. અને અમને શીખવનાર પણ ત્યાં એક 'સોમચંદ ભગત' આંધળા હતા. ઉમરાળામાં. એ શિખવતા. 'સોમચંદ' આંધળા હતા. અને એક અમારા 'રૂપચંદભાઈ' કરીને ભાણેજ હતા. એ 'પૂના'માં છોકરા છે. અમારા બહેનના દીકરા હતા. મોટી ઉંમરના હતા. એ શીખવતા પણ આવું બધું શીખવે. આ તો ૮૦ વર્ષ પહેલાની વાત છે. તે વખતે માનતા અને મોઢે-કંઠસ્થ કરેલું. સામાયિક, પ્રતિક્રમણ, પાંચે પ્રતિક્રમણ કંઠસ્થ કરેલા. પણ એ બધો વ્યવહાર-વિકલ્પ છે. એને તો નિશ્ચય પણ નથી.

અહીં તો નિશ્ચય આત્માનું ભાન છે, અનુભવ છે, આનંદનો સ્વાદ છે, એની દશામાં પૂર્ણ દશા નથી તો આવો રાગ આવ્યા વગર રહેતો નથી. એ રાગને અહીં વ્યવહારરત્નત્રયની પરિણતિ કહે છે. આહાહા..! અંદર છે કે નહિ? **'તેમાં,...'** તેમાં એટલે વ્યવહારરત્નત્રયમાં. નિશ્ચયમાં તો હેય-ઉપાદેય એવા બે ભેદ જ નથી. એકલો ત્રિકાળી આનંદકંદ પ્રભુ, શુદ્ધ જીવાસ્તિકાય પહેલા કહ્યું છે. આહાહા..! કળશમાં કહ્યું. શુદ્ધ જીવાસ્તિકાય અખંડ-અભેદ, એનો આશ્રય કરીને નિશ્ચય થાય છે. એનું નામ નિશ્ચય છે. જ્યાં પરની અપેક્ષા આવી તેને વ્યવહાર કહે છે. આહાહા..! અરે..! ક્યારે સાંભળે? ક્યારે વિચારે? ક્યારે બેસે? મનુષ્ય ભવ ચાલ્યો જાય છે. અવતાર તો.. વર્ષ ચાલ્યા જાય છે. નિશ્ચયથી તો જેટલા દિવસ અને મહિના જાય છે, એટલો મૃત્યુનો સમય નક્કી, નિશ્ચિત છે. કેવળજ્ઞાનમાં મૃત્યુનો સમય અને અંદર ... નિર્ણય છે. કે આ સમયે, આ ક્ષણે આ દેહ છૂટશે. આહાહા..! એ મૃત્યુની નજીક દિવસ જાય છે. મૃત્યુની નજીક જાય છે. અને એમાં અધિક, અમે કાંઈક વિશેષ થયા એમ માને છે. આહાહા..!

અહીં તો કહે છે, કે સ્વ આત્મા ભગવાન પૂર્ણાનંદ... કહેશે. પહેલા કળશમાં કહી ગયા. વિશેષ કહેશે. જેને અંદર શુદ્ધ જીવાસ્તિકાય, ત્રિકાળ શુદ્ધ જીવ અસ્તિ-હયાતી, અનાદિ અનંત સનાતન સત્ય પ્રભુ, ભગવાન કેવળજ્ઞાનીએ જે દીઠું, અનુભવ્યું અને કેવળજ્ઞાન થયું. એવું અનંતા કેવળીઓ અને અનંતા જીવો જોયું. એણે જે કહ્યું, એમાં પણ હેય અને ઉપાદેય બે લેવા એ પણ વ્યવહાર છે. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! એ કોને? એ વ્યવહાર, હેય-ઉપાદેયનું વ્યવહારજ્ઞાન કોને? આહાહા..! જેને આત્મા ચૈતન્યમૂર્તિ શુદ્ધ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જીવાસ્તિકાયનો અનુભવ, આનંદનો સ્વાદ આવ્યો હોય. આહાહા..! પૂર્ણાનંદના નાથનો અનુભવ થયો હોય, એવો સ્વાશ્રય નિશ્ચય થયો હોય, તેને આ વ્યવહાર પરાશ્રય વ્યવહાર કહેવામાં આવે છે. આહાહા..! આ નિશ્ચય વિના તો વ્યવહાર પણ કહેતા નથી. એ તો વ્યવહારાભાસ છે. એ અનંતવાર કર્યો.

અરે...! ચોરાશી લાખના અવતારમાં દિગંબર સાધુ પણ અનંતવાર થયો. દિગંબર સાધુ. જૈનની વાસ્તવિક્તા. દિગંબર તો અનાદિ તત્ત્વ છે. એનો સાધુ થઈને પંચમહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ, હજારો રાણીને ત્યાગીને ક્રિયા કરી. પણ એ બધું બંધનું કારણ છે. આહાહા..! એનાથી રહિત અંદર ભગવાન અમૂર્તિક, શુભરાગની પણ જેમાં અપેક્ષા નથી, એવા નિર્મળાનંદના નાથ, પ્રભુ! જીવાસ્તિકાયનો અનુભવ, અતીન્દ્રિય આનંદની શાંતિ પ્રગટે, એને આવો વ્યવહાર હોય છે. એનો વ્યવહાર આવો હોય છે. જેને નિશ્ચય નથી, એને તો વ્યવહાર પણ કહેવામાં આવતો નથી. આહાહા..!

અહીં આવ્યું? **'તેમાં,...'** આહાહા..! **'જિનપ્રણીત...'** વીતરાગ ત્રિલોકનાથ જિનેશ્વરદેવ, તીર્થંકરદેવે કહેલા તત્ત્વો, એને હેય-ઉપાદેય તત્ત્વનું જ્ઞાન છે એ સમ્યગ્જ્ઞાન વ્યવહાર છે. આહાહા..! પહેલા પણ આવી ગયું છે. 'હિંમતભાઈ'! બાહ્યતત્ત્વ, પરમાત્મતત્ત્વ. પહેલા આવી ગયું છે. કઈ ગાથા? પાંચમી? જુઓ! પાનું-૧૨. **'તત્ત્વો બહિઃતત્ત્વ અને અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ એવા (બે) ભેદોવાળાં..'** જીવ શ્રદ્ધાને વ્યવહારસમકિત કહે છે. છે? **'બહિઃતત્ત્વ...'** રાગાદિ, **'અંતઃતત્ત્વ...'** જીવાદિ, **'પરમાત્મતત્ત્વ...'** આહાહા..! **'એવા (બે) ભેદોવાળાં છે અથવા જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એવા ભેદોને લીધે સાત પ્રકારનાં છે. તેમનું (–આપ્તનું, આગમનું અને તત્ત્વનું) સમ્યક્ શ્રદ્ધાન તે વ્યવહારસમ્યક્ત્વ છે.'** છે? વ્યવહાર છે, રાગ છે. આહાહા..!

શું કીધું? કે **'અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ...'** એની સાથે બહિઃતત્ત્વની શ્રદ્ધાને જોડવી, તો બેની શ્રદ્ધા એ વ્યવહાર સમકિત છે. છે? અને જીવ-અજીવ આદિ નવતત્ત્વની શ્રદ્ધા પણ વ્યવહાર તત્ત્વ છે. છે? આહાહા..! **'તત્ત્વો બહિઃતત્ત્વ અને અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ...'** નિશ્ચય અને બહિઃતત્ત્વ વ્યવહાર. **'એવા (બે) ભેદોવાળાં છે અથવા જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એવા ભેદોને લીધે..'** બે પ્રકાર. **'બહિઃતત્ત્વ અને અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વની..'**શ્રદ્ધા અને આ નવતત્ત્વની શ્રદ્ધા. **'તેમનું (–આપ્તનું, આગમનું અને તત્ત્વનું) સમ્યક્ શ્રદ્ધાન તે વ્યવહારસમ્યક્ત્વ છે.'** આહાહા..! પરમાત્મ તો અંદર આવ્યું. અને સાથે બાહ્યતત્ત્વ પણ આવ્યું. એટલે બાહ્ય જ્યાં આવ્યું એટલે બે તત્ત્વો થયા. બે થયા માટે વ્યવહાર થઈ ગયો. આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ!

એ અહીં કહ્યું. **'તેમાં,...'** વ્યવહાર જે ચાલે છે, **'તેમાં, જિનપ્રણીત હેય-ઉપાદેય તત્ત્વોનું જ્ઞાન તે જ સમ્યગ્જ્ઞાન છે.'** એ વ્યવહાર છે. એ વ્યવહાર કહ્યું. ત્યાં જે વ્યવહાર કહ્યો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ વ્યવહાર છે. આહાહા..! વ્યવહાર એટલે રાગ છે. એ ધર્મ નથી. જ્યાં નિશ્ચય આત્માના આનંદના અનુભવનું વેદન થયું, ત્યાં અપૂર્ણ છે તો રાગ આવે છે. આ સાત તત્ત્વ અને અંતઃતત્ત્વ અને બહિઃતત્ત્વની શ્રદ્ધા અથવા આ જીવ આદિની શ્રદ્ધા (એ હોય છે). આહાહા..! અથવા હેય-ઉપાદેયનું જ્ઞાન એ વ્યવહાર છે. આહાહા..! ગજબ છે.

આ 'કુંદકુંદાચાર્ય' કહે છે, કે મેં મારા માટે બનાવ્યું છે. આહાહા..! ભગવાન પાસે ગયા હતા. વર્તમાનમાં સમવસરણમાં ત્રિલોકનાથ મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. ત્યાં આગળ ગયા હતા. આઠ દિવસ ત્યાં રહ્યા હતા. આહાહા..! અને ભગવાનની પ્રરૂપણા તો સવાર, બપોર, સાંજ ત્રણ વાર છ-છ ઘડી થાય છે. પછી તો પ્રરૂપણા ન હોય. વ્યાખ્યાન બંધ હોય. એવા સમયમાં બીજા જે વીતરાગી મુનિઓ, સંત હતા. સાચા દિગંબર સંત હતા, એની સાથે ચર્ચા કરીને ઘણું સમાધાન કર્યું. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યું. એમાં પણ આ શાસ્ત્ર તો, 'સમયસાર', 'પ્રવચનસાર' એ બધા શાસ્ત્રો બનાવ્યા એ તો સાધારણ તત્ત્વને સમજાવવા માટે. પણ આ શાસ્ત્ર તો મેં મારા આત્મા માટે બનાવ્યું છે. મારા આત્માના હિતને માટે બનાવ્યું છે. આહાહા..! ભારે વાત આકરી પડે. કહો, 'રજનીભાઈ'! પુસ્તક છે કે નહિ? ઘરે પડ્યું હશે. વાંચ્યું નહિ હોય. બાપાએ તો વાંચ્યું હતું. આણે વાંચ્યું હતું 'બહેનશ્રીના વચનામૃત'. 'ભૂપતભાઈ'એ 'બહેનશ્રીના વચનામૃત' ચાર વાર વાંચ્યું હતું. ગુજરી ગયા. કરોડો રૂપિયા (છે), ધૂળેય સાથે ન આવી. આહાહા..! અહીંયા આવતા હતા, રહેતા હતા. ચાલ્યા ગયા. ઓહોહો..!

અહીંયા કહે છે, પ્રભુ! તું એકવાર તો સાંભળ તો ખરો. પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરદેવની આજ્ઞામાં શું ચાલે છે? કે એક તો જેને આત્માનો અનુભવ, આનંદ.. બાહ્ય અને અભ્યંતર તત્ત્વનો ભેદ છોડીને, અંતર તત્ત્વનો અનુભવ અંદર નિર્વિકલ્પ આનંદ (પ્રગટ થયો), આનંદમાં સમકિત થાય છે તેને અહીંયા પૂર્ણ દશા નથી ત્યાં આવો વ્યવહાર આવે છે. આહાહા..! જ્યાં નિશ્ચય આત્મજ્ઞાન અને આનંદ નથી, ત્યાં વ્યવહાર વ્યવહાર કહેવામાં આવતો નથી. એકડા વિનાના મીંડાને ગણતરીમાં લેતા નથી. એક પછી શૂન્ય હોય તો પછી દસ ગણાય. પણ એકલા શૂન્યને ગણવામાં આવતો નથી. એમ ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો સાગર, નાથ! એના અનુભવ વગર એકલો વ્યવહાર-વ્યવહાર એ એકડા વિનાની મીંડા છે. પણ નિશ્ચય હોય, અને પૂર્ણ વીતરાગ ન હોય તો એમાં વચ્ચે આવો વ્યવહાર આવે છે. એ પુણ્યબંધનું કારણ રાગ છે. આહાહા..! આ વ્યવહાર પણ પુણ્યબંધનું કારણ રાગ છે. આહાહા..! અરે..રે..! ચોરાશીના અવતારમાં અનંતકાળ ગયો. આત્મા આનંદમૂર્તિ પ્રભુ! અભેદ. બહિઃતત્ત્વ અને અંતઃતત્ત્વ એવા બે ભેદ પણ જેમાં નથી. આહાહા..! બે ભેદને લક્ષમાં લે છે તો વ્યવહાર અને વિકલ્પ–રાગ થાય છે. આહાહા..!

અહીં એ કહે છે, **'તેમાં, જિનપ્રણીત હેય-ઉપાદેય તત્ત્વોનું જ્ઞાન તે જ સમ્યગ્જ્ઞાન છે.'**

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વ્યવહાર. આહાહા..! હવે **'આ સમ્યક્ત્વપરિણામનું બાહ્ય...'** હવે સમકિતની વાત કરી. સમકિતી જીવ છે, આત્માના આનંદનો સ્વાદ આવ્યો છે, આનંદનો અનુભવ થયો છે, અતીન્દ્રિય આત્મામાં અનંતગુણ છે. પ્રભુ આત્મા ભગવંત, એમાં અનંતગુણ ભર્યા છે. એ અનંતગુણની અંતર સન્મુખ થઈને, અંતર અભિમુખ થઈને અનુભવ થયો છે, એવા સમકિતી જીવને... એ સમકિતના પરિણામ કહો. એ સમકિત પરિણામ છે. સમકિત કોઈ ગુણ નથી. આહાહા..! આ ત્રિકાળી ભગવાનઆત્મા એ દ્રવ્ય છે અને ત્રિકાળી શ્રદ્ધા-જ્ઞાન આદિ ગુણ છે એ ધ્રુવ છે. અને આ સમકિત અને ચારિત્ર આદિ મોક્ષનો માર્ગ એ પરિણામ છે, એ પર્યાય છે. આહાહા..!

**'આ સમ્યક્ત્વ પરિણામનું બાહ્ય સહકારી કારણ...'** જુઓ! જ્યાં સમકિતના પરિણામ થયા, આત્મદર્શન થયું, આત્મા આનંદનો ભેટો થયો... આહાહા..! સમ્યક્ પરિણામ થયું, સમકિત થયું, અનંતકાળમાં નહિ થયેલું એવું સમ્યગ્દર્શન, આત્માના આનંદના આશ્રયે થયું. એવા **'સમ્યક્ત્વપરિણામનું બાહ્ય સહકારી કારણ...'** એનું બાહ્ય સહકારી કારણ કોણ? અંતર તો પોતાનું સ્વરૂપ. **'બાહ્ય સહકારી કારણ વીતરાગ-સર્વજ્ઞના મુખકમળમાંથી નીકળેલું...'** આહાહા..!

**'આ સમ્યક્ત્વપરિણામનું બાહ્ય સહકારી કારણ...'** સહકારી–સાથે રહેનારા. નિશ્ચયની સાથે રહેનારા એનું નામ સહકારી. સહકારી એટલે સાથે રહેનારા. આહાહા..! એ **'સહકારી કારણ વીતરાગ-સર્વજ્ઞના મુખકમળમાંથી નીકળેલું સમસ્ત વસ્તુના પ્રતિપાદનમાં સમર્થ એવું દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાન જ છે.'** સહકારી કારણ એ ભગવાનનું તત્ત્વજ્ઞાન જ છે. સહકારી એટલે વ્યવહાર.. આહાહા..! સમકિત તો નિશ્ચય આત્માના આશ્રયથી છે. તો બાહ્ય સહકારી કારણ તત્ત્વજ્ઞાન, ભગવાનના વચનનું જ્ઞાન છે. છે? આહાહા..! **'એવું દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાન જ છે.'** આહાહા..! બીજા બાહ્ય નિમિત્ત નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૫૮, ગાથા-૫૧ થી ૫૫, શુક્રવાર શ્રાવણ વદ ૧૧, તા.૦૫-૦૯-૧૯૮૦

---

'નિયમસાર' શુદ્ધભાવ અધિકારની છેલ્લી પાંચ ગાથા. આ શુદ્ધભાવ એટલે પર્યાય નહિ, ધ્રુવ. ત્રિકાળી ધ્રુવ લેવું. આ શુદ્ધભાવ છે. આમ તો પર્યાયમાં–અવસ્થામાં ત્રણ પ્રકારના ભાવ છે. શુભ, અશુભ અને શુદ્ધ. અશુભ પાપબંધનું કારણ, શુભ પુણ્યબંધનું કારણ, શુદ્ધ ધર્મસ્વરૂપ. એ ત્રણ પ્રકારના પરિણામ છે. એ વાત અત્યારે નથી. એ પરિણામ શુદ્ધ... ધર્મના શુદ્ધ પરિણામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર, જે મોક્ષનો યથાર્થ માર્ગ છે, એ કોના આશ્રયે ઉત્પન્ન થાય છે? એ અહીંયા શુદ્ધભાવ ધ્રુવનો અધિકાર છે. સમજાણું કાંઈ? ઉપર શુદ્ધભાવ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે ને? એ ત્રિકાળી શુદ્ધ. અખંડ આનંદ ચૈતન્યશક્તિ, એની વ્યક્તિ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ મોક્ષનો માર્ગ, એ ચૈતન્યશક્તિની વ્યક્તિ પ્રગટતા છે. પ્રગટતા છે. ગુજરાતી આવી જાય ને? આહાહા..!

શું કહ્યું? કે આત્મા જે જ્ઞાન, આનંદ આદિ અનંત શક્તિનો પિંડ પ્રભુ છે, એ શક્તિરૂપ છે, એ સ્વભાવરૂપ છે. એમાં વ્યક્તિરૂપ એટલે પ્રગટરૂપ, ત્રિકાળી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો પિંડ જે આત્મા છે, એના અવલંબને જે સમ્યગ્દર્શન, પર્યાયરૂપ મોક્ષમાર્ગના કારણરૂપ જે પ્રગટે છે એ પર્યાયની આ વાત નથી. એ પર્યાય જેમાંથી ઉત્પન્ન થાય, એવા શુદ્ધ ધ્રુવભાવનો અધિકાર છે. આહાહા..! આવી વાત! પહેલા એ વાત. હવે એ શુદ્ધભાવના આશ્રયે, જે ત્રિકાળી શુદ્ધભાવ છે, એના અવલંબનથી સમ્યગ્દર્શન પરિણામ ધર્મરૂપી મોક્ષનો માર્ગ, એની શરૂઆત સમ્યગ્દર્શનથી થાય છે. તો એ સમ્યગ્દર્શન ત્રિકાળી ધ્રુવ ચૈતન્ય સનાતન શક્તિરૂપ, ચૈતન્યસ્વભાવ, ત્રિકાળી શક્તિ સ્વભાવરૂપ, એની દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શનના પરિણામ, પર્યાય, પરિણામ કહો, પર્યાય કહો, અવસ્થા કહો, એ ધર્મની પહેલી દશા ઉત્પન્ન થાય છે. આહાહા..!

અહીં એ આવ્યું. **'આ સમ્યક્ત્વપરિણામનું...'** ત્યાંથી લેવાનું છે. હમણાં સમ્યક્ પરિણામ કહ્યું ને? કે ત્રિકાળી ભગવાન અનાદિઅનંત નિત્ય ધ્રુવ વસ્તુ ભગવાનઆત્મા, એના આશ્રયે, અવલંબનથી, એના લક્ષથી જે સમ્યગ્દર્શન પરિણામ, પર્યાય–અવસ્થા ઉત્પન્ન થાય છે એ મોક્ષનો માર્ગ છે. એ સમ્યગ્દર્શન પરિણામનું **'બાહ્ય સહકારી કારણ...'** એનું બાહ્ય સહકારી કારણ કોણ? નિમિત્ત. **'વીતરાગ-સર્વજ્ઞના મુખકમળમાંથી નીકળેલું...'** આહાહા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ, એના **'મુખકમળમાંથી નીકળેલું...'** એ પણ વ્યવહારથી કહ્યું છે. મુખકમળથી. બાકી તો ભગવાનની વાણી નીકળે છે એ આખા શરીરમાંથી ૐ ધ્વનિ ઉઠે છે. પણ અહીંયા લોકો બાહ્યથી સમજે એ અપેક્ષાએ એને **'વીતરાગ-સર્વજ્ઞના મુખકમળમાંથી નીકળેલું...'** એમ લીધું. સમજાણું કાંઈ?

પ્રભુની વાણી મુખથી નથી નીકળતી. હોઠ બંધ, કંઠ ધ્રુજે એ બંધ. આખા શરીરમાંથી ૐ ધ્વનિ ઊઠે છે. એ ૐકાર ધ્વનિ સાંભળી... 'ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે.' જે સંત ગણધર છે, સાધુના ગણ એટલે ટોળા એના ધરનારા. સાધુ-સંત આત્માના આનંદના અનુભવી, એવા જે સંતના ગણ એટલે સમૂહ, એના જે અગ્રેસર, એને અહીં ગણધરદેવ કહે છે. એ ગણધરદેવ 'ૐકાર ધ્વનિ સુણી, અર્થ ગણધર વિચારે. રચી આગમ ઉપદેશ.' અને એમાંથી–ભગવાનની વાણીમાંથી આગમની રચના કરે. 'રચી આગમ ઉપદેશ, ભવિક જીવ સંશય નિવારે.' ભવ્ય પ્રાણી યોગ્ય અને પાત્ર જે હોય, તે સંશય એટલે મિથ્યાત્વનો નાશ કરે. તેને સમ્યગ્દર્શનના પરિણામ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, પ્રભુ! વાતમાં ફેરફાર બહુ થઈ ગયો છે. એટલે બીજી વાત લાગશે. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ સમ્યગ્દર્શનના પરિણામ.. છે? એનું બાહ્ય કારણ કોણ? અંતર કારણ તો અંતર ધ્રુવ ત્રિકાળી ભગવાન, એના અવલંબનથી સમ્યગ્દર્શન થાય છે. અંતરંગ કારણ તો અંતર આત્મા છે. આહાહા..! અંતરંગ કારણ અને બહિરંગ કારણ. 'રજનીભાઈ'! કાઢ્યો હતો ને? શું કહેવાય? સંઘ. સંઘ કાઢ્યો હતો.

મુમુક્ષુ :– આ પ્રવિણભાઈએ.

ઉત્તર :– 'પ્રવિણભાઈ' એ? ઠીક 'રજનીભાઈ'એ કાઢ્યો હતો. એ બધા ભાઈઓ છે. એ બધા કરોડપતિ છે. એક જણો એમ કહેતું હતું. હોય એ ખરું, આપણે તો સાંભળ્યું છે. આ 'બલુભાઈ' ડોક્ટર છે ને? 'બલુભાઈ' કહે કે છ ભાઈ છે એ દરેક પાસે એક-એક કરોડ રૂપિયા છે. એમ કહેતા હતા. ભલે ઓછા-વત્તા હોય. આ 'બલુભાઈ' નહોતા? એ ડોક્ટર. 'બલુભાઈ' નહોતા? 'આંકડિયા'વાળા. 'આંકડિયા' નહિ, 'આટકોટ'વાળા. મોટા ડોક્ટર. મોટું દવાખાનું સીત્તેર લાખનું હતું. બધું કાઢી નાખ્યું. આહાહા..!

આત્મા સમ્યગ્દર્શનના પરિણામ, પરિણામ એટલે એની અવસ્થા. ત્રિકાળી અવસ્થાયી, ધ્રુવસ્વરૂપ ત્રિકાળી અવસ્થાયી પદાર્થ ભગવાનઆત્મા એના આશ્રયે ઉત્પન્ન થાય છે. અંતરંગ કારણ તો ધ્રુવ છે. સમજાણું કાંઈ? હજી તો ધર્મની પહેલી સીઢી. ધર્મનું પહેલું પગથિયું. આહાહા..! ભાષા એવી છે 'દામોદરભાઈ'! જરી નવીન લાગે એવી છે, બાપા! એવી વસ્તુ છે. શું કહીએ? આહાહા..! ત્રણલોકના નાથ સીમંધરસ્વામી ભગવાન, એની પાસે 'કુંદકુંદાચાર્ય' આઠ દિવસ ગયા હતા. આહાહા..! સંવત ૪૯. બે હજાર વર્ષ પહેલા. ત્યાંથી આવીને આ બધું બનાવ્યું. એમાં પણ આ પુસ્તક તો પોતાને માટે બનાવ્યું છે. છેલ્લે લખ્યું છે ને? ૧૮૭મી ગાથા, જુઓ! છેલ્લી ગાથા છે ને? છેલ્લી ગાથા. ૧૮૭. આહાહા..! ૧૮૭. ૩૭૧ પાનું. એમાં પહેલી ગાથા ઉપર.

**'णियभावणाणिमित्तं'** ઉપર ગાથા. **'णियभावणाणिमित्तं'** મેં મારા નિમિત્તના ભાવે **'मए कदं'** મેં કહ્યું. **'णियमसारणामसुदं'** આ 'નિયમસાર' મેં તો મારા આત્મા માટે બનાવ્યું છે. આહાહા..! **'णच्चा जिणोवदेसं'** વીતરાગ ત્રિલોકનાથ જિનેશ્વરદેવનો સાક્ષાત્ ઉપદેશ સાંભળીને. સાક્ષાત્ જાણીને **'णच्चा'** એટલે જાણીને. **'पुव्वावरदोसणिम्मुक्कं'** પહેલા અને આગળ-પાછળના વિરોધ રહિત, અવિરોધથી મેં એમાં કથન કર્યું છે. પૂર્વે પહેલું કંઈ કહ્યું અને પછી કંઈ કહ્યું એવો વિરોધ નથી. આહાહા..! નીચે પાઠ–**'णियभावणाणिमित्तं'**. **'પૂર્વાપર દોષ રહિત જિનોપદેશને જાણીને મેં નિજભાવના નિમિત્તે નિયમસાર નામનું શાસ્ત્ર કર્યું છે.'** નીચે હિન્દી છે. આહાહા..!

**'એ સમ્યક્ત્વપરિણામનું બાહ્ય સહકારી કારણ...'** અંતરંગ કારણ કોણ? અંતરંગ કારણ ધ્રુવ. આહાહા..! સમ્યગ્દર્શન ધર્મની પહેલી સીઢી, ધર્મનું પહેલું પગથિયું. પગથિયાને શું કહે? સોપાન. એ અંતર્મુખ ધ્રુવ સ્વરૂપ. જડ મોહકર્મ જે છે, એ ભાવક, એનાથી ઉત્પન્ન થયેલો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભાવ–ભાવકનો ભાવ. મોહકર્મ જે જડ છે, એ ભાવક એટલે ભાવ કરનાર છે. શું કરનારો? મોહકર્મ ભાવક–ભાવ કરનારો. ક્યો ભાવ? મિથ્યાત્વ, અવ્રત રાગ-દ્વેષના પરિણામ કરનારો, એવો જે ભાવકભાવ. કર્મ ભાવક. ભાવના કરનાર. ભાવકનો ભાવ. મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર જે અનાદીથી છે એ. એ ભાવકનો ભાવ. ચિત્‌શક્તિનો વ્યક્તિ ભાવ. ચિત્‌શક્તિ ચૈતન્યમૂર્તિ ભગવાન, એ શક્તિના સ્વભાવરૂપે જે છે, એના આશ્રયથી વ્યક્ત જે પ્રગટ પરિણામ થયા એ સમ્યગ્દર્શન પરિણામ છે. આહાહા..!

એ સમ્યગ્દર્શન પરિણામનો અંતરંગ હેતુ તો ભગવાન ધ્રુવ આત્મા છે. '**બાહ્ય સહકારી...**' બાહ્ય સહકારી. સાથે નિમિત્તરૂપે બાહ્ય કારણ હોય છે, એ શું? '**વીતરાગ-સર્વજ્ઞના મુખકમળથી નીકળેલું...**' વીતરાગના મુખકમળથી નીકળેલી વાણી. એટલે ૐ ધ્વનિ નીકળી. એમાંથી રચેલું શાસ્ત્ર. એ '**સમસ્ત વસ્તુના પ્રતિપાદનમાં સમર્થ...**' ભગવાનની વાણી ત્રણકાળ, ત્રણલોકના પદાર્થને જાણીને પ્રતિપાદન કરવામાં સમર્થ છે. આહાહા..! એ વાણી.. આવ્યું? '**એવું દ્રવ્યશ્રુતરૂપ...**' એ વાણી જે છે દ્રવ્યશ્રુત. દ્રવ્યશ્રુત એટલે વાણી. ભાવશ્રુત તો અંતરમાં, આત્મામાં આત્માના આશ્રયે અતીન્દ્રિય આનંદનું વેદન થવું તેને ભાવશ્રુત કહે છે. પણ આ તો વાણી–દ્રવ્યશ્રુત છે.

વીતરાગની વાણી જે ૐ દિવ્યધ્વનિ નીકળી, એ દ્રવ્યશ્રુત... આહાહા..! '**રૂપ તત્ત્વજ્ઞાન જ છે.**' બાહ્ય સહકારી કારણ તો આ જ છે. બાહ્ય સહકારી કારણ કોઈ અજ્ઞાનીના વચન હોય, મિથ્યાદષ્ટિ, ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ, એણે કહ્યા સિવાય કોઈ વિપરીત માન્યતાવાળા, સમકિતનું બાહ્ય કારણ એ નથી. આહાહા..! અરે..રે..! અંતરંગ કારણ તો પ્રભુ છે. અંતર્મુખ જોતા ચૈતન્યમૂર્તિ ભગવાનઆત્મા, ચૈતન્યશક્તિમાં જોતાં, એકાગ્ર થતાં ચૈતન્યની વ્યક્તિ, પ્રગટતા દર્શન-જ્ઞાન-ચારિત્ર થયા, તેમાં અહીંયા સમ્યગ્દર્શનની વાત ચાલે છે. એ અંતરંગ કારણ સમ્યગ્દર્શન પરિણામ, એનું બાહ્ય કારણ, વીતરાગના મુખકમળથી નીકળેલી વાણી, એ દ્રવ્યશ્રુત એ બાહ્ય સહકારણ છે. નિમિત્તમાં એ નિમિત્ત જ છે. વીતરાગની વાણી સિવાય અજ્ઞાનીઓએ કલ્પેલી વાણી હોય, એ બાહ્ય નિમિત્તકારણ પણ એને હોતું નથી. આહાહા..! આવી વાત છે.

'**એવું દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાન...**' એ બાહ્ય સહકારી કારણ છે. છે ને? '**તત્ત્વજ્ઞાન જ છે.**' એ દ્રવ્યશ્રુત વીતરાગની વાણી જ બાહ્ય નિમિત્ત છે. અજ્ઞાનીઓની વાણી નિમિત્ત નથી. વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ, એની વાણી સિવાય કોઈ અજ્ઞાનીએ કલ્પિત વાતું કરવા માંડી હોય, એ સમકિતનું બાહ્ય કારણ પણ નથી. આહાહા..! અંતરંગ કારણ તો નહિ જ. સમજાણું કાંઈ? બાહ્ય સહકારી કારણ પણ અજ્ઞાની સર્વજ્ઞ વીતરાગ સિવાય કોઈની વાણી બાહ્યમાં નિમિત્ત પણ નથી. આહાહા..! '**જ છે.**' એમ લખ્યું ને? '**દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાન જ છે.**' એ એક જ નિમિત્ત છે, બીજું કોઈ નિમિત્ત ન થઈ શકે. આહાહા..! હવે આ વીતરાગની

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વાણી શું છે? એની પરીક્ષા પહેલા કરવી પડે ને. આ કોઈ વીતરાગની વાણી છે કે અજ્ઞાનીએ કલ્પેલી છે. અને પોતાના સ્વરૂપના ભાન વિના પોતાની કલ્પનાએ શાસ્ત્ર બનાવ્યું છે? કે વીતરાગની વાણીથી બનાવ્યું છે? એની પરીક્ષા કરવી પડશે. આહાહા..! સમજાણું કાંઈ? એ **'તત્ત્વજ્ઞાન જ છે.'** હવે... આહાહા..! જરી ઝીણી વાત છે. હવે અંતરના અવલંબનથી જે સમ્યગ્દર્શન પરિણામ ઉત્પન્ન થયા, બાહ્ય સહકારી કારણ વીતરાગની વાણી, તેમ એક અંતરંગ કારણ, છે તો બાહ્યકારણ. પણ એને અંતરંગ કારણ કહે છે. કઈ રીતે? જુઓ!

**'જે મુમુક્ષુઓ છે તેમને પણ ઉપચારથી...'** જે સમ્યગ્દષ્ટિ જીવ છે, ધર્મી છે, તેમને ઉપચારથી–વ્યવહારથી **'પદાર્થનિર્ણયના હેતુપણાને લીધે...'** વાસ્તવિક પદાર્થના નિર્ણયના કારણરૂપે–હેતુરૂપે **'(સમ્યક્ત્વપરિણામના) અંતરંગ હેતુઓ કહ્યા છે,...'** આહાહા..! શું કીધું? સમ્યગ્દર્શન પરિણામમાં અંતરંગ હેતુ તો શુદ્ધ ધ્રુવ જ છે. પણ સમ્યગ્દષ્ટિ જીવ ધર્મી છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રાપ્ત છે. એનો અભિપ્રાય છે એ અંદર સમજવાનો છે, માટે એ અભિપ્રાયને અંતરંગ કારણ કહ્યું છે. છે તો બાહ્યકારણ. આહાહા..! આવી વાત! સમજાણું કાંઈ?

જેમ ભગવાનની વાણી દ્રવ્યશ્રુત બાહ્ય કારણ છે, એમ સમકિતી ધર્મીની વાણી પણ બાહ્ય કારણ છે. છતાં મુમુક્ષુ ધર્મીજીવને ઉપચારથી, વ્યવહારથી **'પદાર્થનિર્ણયના હેતુપણાને લીધે (સમ્યક્ત્વપરિણામના) અંતરંગ હેતુઓ કહ્યા છે,...'** આહાહા..! છે તો ભગવાન, પોતાના સ્વરૂપથી પરિણામ પ્રગટ થયા. બાહ્ય કારણમાં દ્રવ્યશ્રુત–ભગવાનની વાણી લીધી, અને એક ધર્મીજીવ એણે પણ જે ધર્મ સંભળાવ્યો, એ લીધું. તો એ ધર્મીજીવનો અભિપ્રાય અંતરમાં સમજવા માટે એ જીવને અંતરંગ હેતુ કહ્યો છે. છે તો બાહ્ય. આહાહા..! ધીરેથી સમજવાનું છે, ભાઈ! આ કાંઈ વાર્તા-કથા નથી. આ તો ત્રણલોકના નાથની સાક્ષાત્ દિવ્યધ્વનિ છે. આહાહા..!

કહે છે, કે સમ્યગ્દર્શન પરિણામ ધર્મની પહેલી સીઢી, મોક્ષના માર્ગનું પહેલું પગથિયું એ સમ્યગ્દર્શન પરિણામનો અંતરંગ હેતુ તો ધ્રુવ છે. અને બાહ્ય હેતુ વીતરાગની વાણી નિમિત્તકારણ સહકારી છે. પણ ધર્મીજીવે ઉપદેશ કર્યો અને એ ધર્મી સમકિતી–જ્ઞાની છે, એનો ઉપદેશ છે, તો એ ઉપદેશ સાંભળીને એનો અભિપ્રાય મેળવ્યો. એનો અભિપ્રાય શું છે એ પકડી લીધું. એ કારણે સમકિતી પરિણામી જીવને, એ ધર્મીજીવના પરિણામ અંતરંગકારણ કહેવામાં આવ્યા છે. આહાહા..! અરે..રે..! આવી વાતું કે દિ' સાંભળવા મળે?

અરે..! ભગવાન! જિનેશ્વરદેવ ત્રણલોકના નાથ... આહાહા..! પરમાત્મા, જેને ઇચ્છાનો તો નાશ થઈ ગયો છે. વાણી તો વાણીને કારણે નીકળે છે. ૐ ધ્વનિ ઉઠે છે. આહાહા..! શરીર બંધ, હોઠ બંધ, કંઠ બંધ. આખા શરીરમાંથી ૐ ધ્વનિ ઉઠે છે. એ ૐ ધ્વનિ સાંભળીને ગણધર શાસ્ત્ર રચે છે. એ શાસ્ત્ર સમકિતીને બાહ્ય સહકારણીય કહેવામાં આવ્યા છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહાહા..! એ ઉપરાંત ધર્મીએ જે આત્મજ્ઞાનનો, સમ્યગ્દર્શનનો, મોક્ષમાર્ગનો ઉપદેશ દીધો, એ મુમુક્ષુજીવ. જેને ઉપદેશ દીધો એ મુમુક્ષુજીવ... આહાહા..! છે?

**'મુમુક્ષુઓ છે તેમને પણ ઉપચારથી...'** એ તો પર છે ને? **'પદાર્થનિર્ણયના હેતુપણાને લીધે...'** અંતર પદાર્થ આત્મા રાગ અને ભિન્નતાના નિર્ણયમાં નિમિત્ત હોવાને લીધે **'અંતરંગ હેતુઓ કહ્યા છે,...'** આહાહા..! એનો જે ધર્મ, પરિણામ ધર્મનો જે ઉપદેશ આપ્યો, એ જેણે સાંભળ્યો અને પોતાના સમ્યક્ પરિણામ પોતાના ધ્રુવના અવલંબને ઉત્પન્ન થયા તેને બાહ્ય સહકારી નિમિત્ત વીતરાગની વાણી છે. અને મુમુક્ષુજીવના અંતરના અભિપ્રાય, એ અંતરંગથી, ઉપચારથી હેતુ કહેવામાં આવ્યો છે. આહાહા..! છે તો બાહ્ય. સમજાણું કાંઈ? પણ અંતરમાં એનો અભિપ્રાય સમજે (છે), અંતરમાં સમજે છે તો પોતાના ધ્રુવના આશ્રયે, પણ ઉપદેશક, નિમિત્ત જ્ઞાની ધર્માત્મા સમ્યગ્દૃષ્ટિ જે છે, એનો અભિપ્રાય સમજવામાં અંતરંગ હેતુ ઉપચારથી, વ્યવહારથી કહેવામાં આવે છે. આહાહા..! એક શબ્દ પણ ફરે તો ફેરફાર થઈ જાય એવું છે, બાપુ! આ વીતરાગની વાણી છે, આ કાંઈ વાર્તા-કથા નથી. આહાહા..! સમજાણું કાંઈ?

સમકિતીને ધ્રુવના અવલંબને ધર્મ પરિણામ જેને અંતરથી ઉત્પન્ન થયા, એ અંતરંગ કારણ તો આત્મા જ છે. પણ વીતરાગની વાણીને બાહ્ય સહકારી કારણ નિમિત્ત કહ્યું. એક વાત. અને એક વાત એ વાણી કહેનારનો અભિપ્રાય, અંતરમાં સમજવું છે, પણ એ અભિપ્રાય છે તો પર. છે તો ઉપચારથી પર, પણ ઉપરચારથી, વ્યવહારથી અંતરંગ કારણ કહ્યું. આહાહા..!

મુમુક્ષુ :– ઘણોં ખુલાસો કર્યો.

ઉત્તર :– અંદર છે ને. આહાહા..! અરે..રે..! અનંતકાળ થયો એના જન્મમરણ મટ્યા નહિ. ચોરાશીના અવતારમાં સત્ય વસ્તુ મળી નહિ. અસત્યમાં સત્ય માનીને જિંદગી ગુમાવી દીધી. આહાહા..! વાસ્તવિક સર્વજ્ઞ વીતરાગ ત્રિલોકનાથ પરમાત્માની વાણીમાં શું પરમાર્થ આવ્યો? એ કદી સાંભળવા મળ્યું નથી. અને સાંભળવા મળે તો અંતરમાં નિર્ણય કરવાનો ટાઈમ નથી. આહાહા..!

અહીંયા કહે છે, કે સમ્યગ્દર્શન, ધર્મના પરિણામ. પરિણામ છે. વસ્તુ તો ત્રિકાળી ધ્રુવ છે, પણ એના અવલંબનથી જે સમ્યગ્દર્શન પરિણામ ઉત્પન્ન થયા, એનું બાહ્ય સહકારી કારણ વીતરાગના શ્રીમુખેથી નીકળેલી વાણી, એને બાહ્ય સહકારી કારણ કહે છે. અને જે એને ઉપદેશ દેનારા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રાપ્ત આત્મા, એ એને ઉપદેશ દેનાર સમકિતીને, એ પુરુષને પણ અહીંયા અંતરંગ કારણ કહેવામાં આવ્યા છે. છે તો બાહ્ય. આહાહા..! સમજાણું કાંઈ?

**'મુમુક્ષુઓ છે તેમને પણ...'** તેમને પણ કેમ કહ્યું? કે દ્રવ્યશ્રુત તો પહેલા નિમિત્ત કહ્યું. ભગવાનની વાણી બાહ્ય દ્રવ્યશ્રુતને નિમિત્ત કહ્યું. આ પણ છે તો નિમિત્ત. એથી કહ્યું, કે... આહાહા..! **'મુમુક્ષુઓ છે તેમને પણ...'** તેમને પણ. વાણીને તો દ્રવ્ય સહકારી કારણ કહી.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વાણી સાથે હોય છે. એ સમ્યગ્દર્શન મેળવનાર અંતરંગથી પ્રાપ્ત કરે છે. એને બાહ્યથી વીતરાગની વાણી નિમિત્ત છે. **'તેમને પણ ઉપચારથી પદાર્થનિર્ણયના હેતુપણાને લીધે...'** પદાર્થના નિશ્ચયના હેતુપણાનું કારણ, **'(સમ્યક્ત્વપરિણામના) અંતરંગ હેતુઓ કહ્યા છે,...'** એ સમ્યક્ત્વ પરિણામ જે ઉત્પન્ન થયા તેને ધર્મીજીવને અંતરંગ હેતુ કહેવામાં આવ્યું છે. આહાહા..! અરે..રે..! શું?

**'કારણ કે તેમને દર્શનમોહનીયકર્મના ક્ષયાદિક છે.'** કોને? સંભળાવનારને. સાંભળે છે એણે તો સમ્યગ્દર્શન મેળવ્યું છે. તો બાહ્ય સહકારી કારણ દ્રવ્યશ્રુત વીતરાગી વાણી. અને જે મુમુક્ષુઓ છે, એને સમજાવે છે. મુમુક્ષુજીવ જે સમજાવે છે તેને દર્શનમોહનીય કર્મના ક્ષયોપશમ ક્ષયાદિક થયા છે. આહાહા..! મિથ્યાદષ્ટિ કે અજ્ઞાની નિમિત્ત નથી થતા. એમ સિદ્ધ કરવું છે. એ કારણે બાહ્ય છે. દ્રવ્યશ્રુત પણ બાહ્ય અને મુમુક્ષુ જે ઉપદેશક છે, સમકિતી છે એ પણ બાહ્ય. પણ એનો અભિપ્રાય સમજવામાં નિમિત્ત છે, તો તેને અંતરંગ કારણ કહ્યું. એ વાણીથી પણ જોર દેવા તેને અંતરંગ કારણ કહ્યું. આહાહા..! અરે..રે..! આ વાંચે ક્યારે ને સાંભળે ક્યારે? આહાહા..! જિંદગી ચાલી જાય છે.

ક્ષણમાં ઉડી જાય છે, જુઓને! 'ચુનીભાઈ'નો 'ચીમન'. કેવું શરીર! 'મુંબઈ'. અહીં એમના મકાન છે. એવું શરીર જુઓ તો લટ્ઠ જેવું આમ. ક્ષણમાં હાર્ટ ફેઈલ થયું, ઉડી ગયું. હાર્ટ ફેઈલ થઈ ગયું. હાર્ટ એટેક કહે એટલે હાર્ટનો હુમલો. એટેક એટલે હુમલો કહેવાય. હાર્ટ ફેઈલ કહેવાય એટલે હાર્ટ છુટી ગયું. આહાહા..! મૂળ તો એમ થાય છે કે જેને દેહ છુટવાનો પ્રસંગ હોય છે ત્યારે લોહી હોય છે એ જામી જાય છે, અંદર જામી જાય છે. એને આપણા જૂના લોકો હૃદયના પાટિયા ભીંસાય છે એમ કહે છે. મૂળ તો આ અંદર લોહી ફરે છે, એ લોહી અંદર જામી જાય. જામી જાય એટલે શ્વાસ અટકી જાય. શ્વાસ અટકી જાય એટલે શ્વાસ નીકળે નહિ અને પીડા.. પીડા... પીડા... આહાહા..! એમાં દેહ છૂટી જાય. આહાહા..! અહીં તો ઘણું જોયું છે. આ તો ૯૧ વર્ષ થયા. ૧૮ વર્ષની નાની ઉંમરથી તો જોઈએ છીએ. દુનિયાને, વેપારને, ધંધાને, ધર્મને, શાસ્ત્રને જોઈએ છીએ. ક્યાંય-ક્યાંય બિચારા દુઃખી.

અહીં કહે છે, એ અંતરગ હેતુ કહ્યા. છે તો બાહ્ય. એનો અર્થ બીજો કરે છે, કે અંતરંગ હેતુ તો સમકિતીને દર્શનમોહનીયનો ક્ષય થયો છે એને કહેવું એમ કહે છે. એમ અર્થ નથી. જે સમકિત પ્રાપ્ત થયું છે, તેના દર્શનમોહ ક્ષયોપશમ, ક્ષાયિક આદિ લેવા. એમ કહે છે. એમ નથી. ... તેને જે નિમિત્ત છે, દ્રવ્યશ્રુત નિમિત્ત છે, તો એ અભિપ્રાય, કહેનારનો અભિપ્રાયને અંતરંગ હેતુ કહ્યો છે.

**'કારણે કે તેમને...'** તેમને એટલે જેણે ધર્મ ઉપદેશ દીધો છે એને. અંતરંગ નિમિત્તકારણ જેને કહ્યું એને **'દર્શનમોહનીયકર્મના ક્ષયાદિક છે.'** સામે સમકિતી જીવ છે. ક્ષાયિક સમકિત

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે, ક્ષયોપશમ સમકિત છે. આદિ જીવ, એના અભિપ્રાયને અંતરંગ કારણ કહેવામાં આવે છે. પ્રાપ્ત કરનારનું અંતરંગ કારણ તો ધ્રુવ છે. પણ બાહ્યથી, ઉપચારથી એ ધર્મીજીવને પણ અંતરંગ કારણ કહે છે. આહાહા..! આવી વાત હવે. ઓહોહો..! વીતરાગ સર્વજ્ઞનો વિરહ પડ્યો. પંચમઆરો. આહાહા..! એનું હૃદય, એના અંતરના અભિપ્રાયથી નીકળેલી વાણી શું છે? એનો અર્થ કરવામાં ઘણી ગડબડ થઈ ગઈ છે. આહાહા..! આમાં તો પોતાનું હિત છે, પ્રભુ! સત્યનું શરણ લઈશ તો પોતાનું હિત થશે. અસત્યનું શરણ લઈશ તો અહિત થશે. આ તો હિત-અહિત પોતાના માટે વાત છે. અને સર્વ પ્રાણી..

'દ્રવ્યસંગ્રહ'માં તો એમ કહ્યું, 'સર્વ પ્રાણી આ વાત સમજો અને મોક્ષ જાઓ. આઠે કર્મનો નાશ થઈને સર્વ મોક્ષ જાઓ.' એમ અમે કહીએ છીએ એમ આવ્યું છે. આહાહા..! ધર્મી પોતે તો આઠ કર્મનો નાશ કરીને મોક્ષ જનારા છે. પણ 'દ્રવ્યસંગ્રહ'માં... આહાહા..! એક ચાર વિચાર આવે છે ને? આજ્ઞા વિચય, અપાય વિચય, વિપાક વિચય, સંસ્થાન વિચય. એવા ધર્મધ્યાનના ચાર બોલ છે. ધર્મ-ધ્યાનના ચાર બોલ. આહાહા..! એમાં અવાયવિચયનો અર્થ કર્યો છે, અવાય એટલે નિશ્ચય કરવો. વિચારવું. એ વિચારમાં એવો વિચાર કરવો, કે હું તો આઠ કર્મ રહિત થઈ જઈશ. મારી ચીજ આનંદકંદ છે. મને રાગથી ભિન્ન ભાન થયું છે. હું એક-બે ભવમાં આઠ કર્મથી રહિત થઈશ. પણ સર્વ પ્રાણીઓ આઠ કર્મથી રહિત થઈને મોક્ષને પામો. એવી ભાવના ત્યાં 'દ્રવ્યસંગ્રહ' શાસ્ત્રમાં લીધી છે. આહાહા..! સર્વ પ્રાણીઓ... આહાહા..! પ્રભુ! કોઈ દુશ્મન નથી, કોઈ વેરી નથી, કોઈ આત્મા હીણો નથી. બધા પરિપૂર્ણ પરમાત્મશક્તિથી ભરેલા આત્મા છે. આહાહા..! પ્રભુ! એ શક્તિની વ્યક્તિ થઈ જાવ. એમ કહે છે. એ શક્તિ છે એની વ્યક્તિ-પ્રગટતા મારામાં થશે. આહાહા..! તો બધા પ્રાણીની શક્તિની વ્યક્તિ થઈ જાવ. કોઈ પ્રાણી સંસારમાં દુઃખી ન રહો. જન્મ-મરણના દુઃખમાં રહો નહિ. આહાહા..! એવી ભાવના ભાવી છે. 'દ્રવ્યસંગ્રહ' શાસ્ત્ર છે. અમે તો હજારો શાસ્ત્રો જોયા છે. કરોડો શ્લોક... આહાહા..! અવાય વિચયમાં આ લીધું છે.

'સમયસાર'ની ૩૮ ગાથામાં પણ એમ જ લીધું છે, કે અમે કહીએ છીએ એ સમજીને પ્રભુ! તું અપ્રતિહત.. કેવા? શું કહેવાય? અબુદ્ધ હતો. શ્રોતા અબુદ્ધ હતો. એને ગુરુએ સમજાવ્યું કે આત્મા આનંદમય, રાગથી ભિન્ન છે. એ સમજ્યો. અને એ એવો સમજ્યો... એવો પાઠ છે. 'સમયસાર'ની ૩૮મી ગાથા છે. એવો સમજ્યો કે ફરીને પડે નહિ. એ જ્ઞાન અને આનંદથી મુક્તિ લેશે એવો થશે. અપ્રતિબુદ્ધને પણ એમ સમજાવ્યું. અને અપ્રતિબુદ્ધ પણ એવો થયો. એવા અપ્રતિબુદ્ધ લાયક લીધા છે. આહાહા..! ભગવાન! તું પણ લોકાલોકને જાણનાર થઈ જા. આહાહા..! એવી તો વાત બે-ત્રણ જગ્યાએ છે. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં છે, બંધ અધિકારમાં છે, 'પરમાત્મપ્રકાશ' શાસ્ત્રમાં પણ આ વાત છે. સર્વ જીવો મન, વચન, કાયાથી છૂટીને કરવું, કરાવવું, અનુમોદન વિકલ્પ છે એને છોડીને બધા ભગવાન થઈ જાઓ.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પ્રભુ! પરમાત્મા થઈ જાઓ. આ સંસારના જન્મ-મરણ તને કલંક છે, નાથ! આહાહા..! એવી વાત છે.

અહીં કહે છે, **'અંતરંગ હેતુ કહ્યા છે, કારણ કે તેમને દર્શનમોહનીયકર્મના ક્ષયાદિક છે.'** કોને? પામનારને નહિ. જે સમજાવનાર ધર્મી છે, એ સમકિતી છે. દર્શનમોહનો ક્ષયાદિક થયો છે. એની વાણી એને સાંભળી અને અંદરનો અભિપ્રાય પકડ્યો, તો એ કારણે એનો અંતરંગ હેતુ કહેવામાં આવ્યો. આહાહા..! આ બે લીટીનો આવો અર્થ. હવે આમાં વાંચે કોણ અને વિચારે કોણ? આહાહા..! દુનિયામાં અજ્ઞાન ચાલ્યું જાય છે. અકસ્માત મૃત્યુ આવી જાય છે. એને કાંઈ મૃત્યુ પહેલા કહેવા આવે? કે હું હવે આવું છું. દેહ છૂટવાનું ટાણું આવું છું એમ કહે? આહાહા..! દેહ છુટવાના ટાણે... ફડાક દઈને. એ છૂટેલું જ છે. એક ક્યાં છે. આત્મા ભિન્ન, આ ભિન્ન. અરે..! અંદર રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપના ભાવ અને પ્રભુ આત્મા બન્ને ભિન્ન છે.

જેમ છડી દાળમાં ફોતરા અને છડી દાળ જેમ ભિન્ન છે. છડી દાળ ધોળી હોય છે. ઉપરના ફોતરા ભિન્ન છે. એમ ભગવાનઆત્મા છડી દાળ જેવો નિર્મળાનંદ છે. અને પુણ્ય અને પાપ ફોતરા જેવા ઉપર છે. આહાહા..! આવી વીતરાગની વાણી! ત્રણલોકના નાથ સીમંધરસ્વામી મહાવિદેહમાં સાક્ષાત્ બિરાજે છે. ઇન્દ્રો જાય છે, સિંહ, વાઘ અને નાગ ભગવાનની વાણી સાંભળવા જાય છે. આહાહા..! સવાર, બપોર અને સાંજ. આહાહા..! અને એમાંથી કાંઈક સમજીને મોક્ષે ચાલ્યા જાય છે. અત્યારે અહીંયાથી તો મોક્ષ નથી. સિદ્ધાંતમાં પાઠ છે, કે છ મહિના અને આઠ સમયમાં, છસ્સો ને આઠ જીવો મનુષ્યક્ષેત્રમાંથી મુક્તિ થશે. શું કહ્યું? આ મનુષ્યક્ષેત્ર ૪૫ લાખ યોજનમાં છે. બાકી અસંખ્ય દ્વિપ, સમુદ્ર તિર્યંચથી ભરેલા છે. તિર્યંચ–ઢોર-પશુ. અસંખ્ય દ્વિપ, સમુદ્ર. આ અઢીદ્વીપ જે છે ૪૫ લાખ યોજનમાં જ મનુષ્ય છે. આહાહા..! તો એ મનુષ્યમાં બધા આત્મા પામો. આહાહા..! બધાને આત્મજ્ઞાન થઈ જાઓ. અસંખ્ય તિર્યંચ બહાર છે. પણ છે સમકિતી. બહાર પણ તિર્યંચો સિંહ, વાઘ પણ કોઈ સમકિતી છે. અસંખ્ય મિથ્યાદૃષ્ટિ છે તો કોઈ એક સમકિતી પણ છે. એવા અસંખ્ય સમકિતી અઢી દ્વીપ બહાર છે. આહાહા..!

અહીં કહે છે... આહાહા..! આવી વાત પ્રભુ! તને સાંભળવા મળી.. આહાહા..! હવે તારે કામ કરવાનું બાકી છે, ભાઈ! આ કામ કરવાનું છે. રાગથી ભિન્ન થઈને ભેદજ્ઞાન કરવું. ભેદજ્ઞાન કરવાથી રાગનું સ્વામીપણું ઉડી જાય છે. અને સ્વરૂપનું સ્વામીપણું થઈ જાય છે. એ રીતે ક્રમે ક્રમે રાગ ઘટીને વીતરાગ થઈ જાય છે. આહાહા..! એ કહ્યું. **'દર્શનમોહનીયકર્મના ક્ષયાદિક છે.'** એ વ્યવહારની વાત કરી. હવે નિશ્ચયની (વાત કરે છે).

**'અભેદ-અનુપચાર-રત્નત્રયપરિણતિવાળા જીવને,...'** શું કહે છે? કે ભગવાનઆત્મા અંદર શુદ્ધ ચૈતન્યઘન છે, એની અંતર દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા સ્વભાવના આશ્રયે કરી એ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અભેદ થયા. પરને કારણે નહિ, રાગને કારણે નહિ, નિમિત્તથી નહિ. તે **'અભેદ-અનુપચાર...'** ઉપચાર પણ નહિ. ભેદ પડે એવો ઉપચાર, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણ ઉપચાર છે. સાચા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણ ઉપચાર છે. ત્રણ થયા તો એ ઉપચાર છે. એકરૂપ અભેદ... આહાહા..! સચ્ચિદાનંદ પ્રભુ સત્ કાયમ રહેનારા ભગવાન, ચિદાનંદ. ચિદ એટલે જ્ઞાન અને આનંદરૂપ પ્રભુ, એના **'અભેદ-અનુપચાર-...'** ભેદ પણ નહિ.

**'રત્નત્રયપરિણતિ...'** એ નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની દશા છે. ઉપર તો સમ્યગ્દર્શન નિશ્ચય જ હતા, પણ બહારના વ્યવહાર બતાવ્યા હતા. આ તો અંતરંગ એકલો અભેદ... આહાહા..! શુદ્ધ ચૈતન્યઘન આત્મા, જેમાં દયા, દાન, વ્રતના વિકલ્પની પણ ગંધ નથી, એવો નિર્મળાનંદ પ્રભુ!

'જેમ નિર્મળતા રે સ્ફટિક તણી, તેમ જ જીવ સ્વભાવ રે.
જેમ નિર્મળતા રે સ્ફટિક તણી, તેમ જ જીવ સ્વભાવ રે.
શ્રીજિનવીરે રે ધર્મ પ્રકાશિયો, શ્રી જિનવીરે રે ધર્મ પ્રકાશિયો,
પ્રબળ કષાય અભાવ રે.'

એમાં રાગ અને પુણ્યના ઠેકાણા નહિ. આહાહા..! પુણ્ય-પાપ એ બે કષાય છે. કષ એટલે સંસાર અને આય એટલે લાભ. કષાય શબ્દમાં બે શબ્દ છે. કષાય–કષ એટલે સંસાર, આય એટલે લાભ. એ પુણ્ય-પાપના પરિણામથી કષાયથી સંસારના પરિભ્રમણનો લાભ મળે છે. વીરે કષાય અભાવનો ધર્મ બતાવ્યો છે. આહાહા..! ત્રણલોકના નાથ જિનેન્દ્રદેવ, જેમ નિર્મળ સ્ફટિક તણા તેમ નિર્મળાનંદ પ્રભુ અંદર, પુણ્ય-પાપનો મેલ ઉપર, જેમ ફોતરા ઉપર હોય. તમારે ફોતરાને શું કહે? છીલકા. આહાહા..! એવા એકરૂપ ચૈતન્યની દૃષ્ટિ-જ્ઞાન અને રમણતા એકરૂપ. ત્રણ પણ નહિ. ત્રણ કરે તો ઉપચાર-ભેદ થઈ જાય.

**'અભેદ-અનુપચાર...'** ઉપચાર એટલે ત્રણ ભેદ નહિ. ત્રણનું એકરૂપ. ભગવાન આનંદનો નાથ પ્રભુ, એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા ત્રણે એકરૂપ થઈ જાય. એને અહીંયા અભેદ અનુપચાર કહે છે. આહાહા..! **'અભેદ-અનુપચાર-...'** શું? રત્નત્રય. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રત્નત્રય. ત્રણ રતન. આહાહા..! જે રતનના મોલમાં મુક્તિ મળે. દુનિયાના રતનમાં તો પૈસા-ધૂળ મળે. આહાહા..! 'ઈંદોર'થી શેઠ આવ્યા હતા ને. કેટલા લાખનો? કાંઈક દસ લાખનો હાર પહેરેલો. નિલમણીનો. આહાહા..! એ તો ધૂળના કટકા છે. આહાહા..! આ તો આત્મા ચૈતન્ય રતન.. આહાહા..! રત્નત્રય. સમ્યગ્દર્શન શુદ્ધ ચૈતન્ય સ્વરૂપની અનુભવ, પ્રતીતિ અને શુદ્ધ ચૈતન્યનું જ્ઞાન. શાસ્ત્રજ્ઞાન પણ નહિ. અને એ શુદ્ધ ચૈતન્યની રમણતા–ચારિત્ર. ચારિત્ર એટલે ચરવું, રમવું, જમવું, જમવું અંદર. આહાહા..! એવી જે **'અભેદ-અનુપચાર-રત્નત્રયપરિણતિ...'** એટલે પર્યાય. ત્રણ રત્નત્રયરૂપી અવસ્થા. મોક્ષનો માર્ગ. આહાહા..!

**'અભેદ-..'** એટલે કે **'અનુપચાર-...'** શું? ત્યાં લીટી કરીને? અભેદ શું? કે અનુપચાર.

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અનુપચાર કોણ? કે રત્નત્રય પરિણતિ. આહાહા..! માર્ગ જુદી જાતનો છે, પ્રભુ! અનંત-અનંતકાળમાં કદી એક સેકન્ડ પણ આત્મજ્ઞાન કર્યું નથી. સાધુ થયો, ત્યાગી થયો, શ્રાવક થયો, બાયડી, છોકરા, હજારો રાણી છોડી, પણ અંતરમાં આત્મજ્ઞાન વગર બધું ફોગટ ગયું. આહાહા..! જન્મ-મરણ રહિત થવાની ચીજ આ રત્નત્રય પરિણતિ છે. એ વિના બધા મીંડા છે. આહાહા..!

રત્નત્રય પરિણતિ–પર્યાય. પરિણતિ એટલે અવસ્થા. નિશ્ચય, અભેદ. દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણનો ભેદ નહિ. ત્રણેનું એકરૂપ એવા **'રત્નત્રયપરિણતિવાળા જીવને, ટંકોત્કીર્ણ જ્ઞાયક જેનો એક સ્વભાવ છે...'** આહાહા..! ટાંકણેથી કોરીને જેમ અંદરથી મૂર્તિ કાઢે, એમ પ્રભુ અંદરમાં રાગના ટાંકણા કાઢીને અંતરથી નિર્મળાનંદ ટંકોત્કીર્ણ પ્રભુ નીકળ્યા. આહાહા..! એવો **'ટંકોત્કીર્ણ જ્ઞાયક...'** જાણન સ્વભાવ. જેનો એકલો જાણન સ્વભાવ, પ્રજ્ઞા સ્વભાવ. પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ ભગવાન. જાણન અને આનંદરૂપ જેનું સ્વરૂપ અંદર છે. એવો **'જ્ઞાયક જેનો એક સ્વભાવ છે...'** આહાહા..! નિશ્ચયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ અભેદ કહ્યા, અનુપચાર કહ્યા કે ભેદ નહિ. હવે એ ત્રણમાં એક. એ ત્રણ નહિ. અંતર ભગવાન પૂર્ણાનંદનો નાથ અંદર છે, એમાં દર્શન-જ્ઞાન-ચારિત્રની એક્તા થઈ. ત્રણેની અતીન્દ્રિય આનંદના વેદન સાથે ત્રણેનું એકત્વ આત્મા સાથે થયું. આહાહા..! અરે..રે..! આવી વાત છે. કથા-વાર્તા હોય તો કાંઈક બેસે. કોઈકનું આમ કરી દે, દયા પાળે, પૈસા દે, ભૂખ્યાને આહાર દેવા, તરસ્યાને પાણી દેવા, રોગીને દવા દેવી, મકાન ન હોય એને સ્થળ દે તો સમજાય તો ખરું. શું દે? બાપા! એક રજકણ પણ આત્મા આપી શકે નહિ, લઈ શકે નહિ. આત્મા સિવાય પરદ્રવ્યને કદી અડતો પણ નથી. એક શરીર પણ આત્માને અડતું નથી, આત્મા અંદર તદ્દન ભિન્ન છે. અરે..રે..! કદી શરીરને અડ્યો નથી. તો આહાર, પાણી, રોટલી, સ્ત્રી, કુટુંબને અડે (એમ નથી). ભગવાનનો પોકાર છે, કે ભગવાન! તું એક તત્ત્વ બીજા તત્ત્વને કદી અડ્યું નથી. આહાહા..! અરે..રે..! એવી વાણી સાંભળવા મળે નહિ, એ કે દિ' સમજે અને ક્યારે કાળ કાઢે? આહાહા..!

કહે છે, કે જુઓ! ત્રણ રત્નત્રય પરિણતિ કહી. ત્રણ કહીને? અંદર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. ત્રણ કહી પણ છતાં વસ્તુ એક છે. દ્રવ્ય એક જ્ઞાયક છે. આહાહા..! **'જ્ઞાયક જેનો એક સ્વભાવ છે એવા નિજ પરમ તત્ત્વની શ્રદ્ધા વડે,...'** એવો નિજ પરમતત્ત્વ ભગવાન અંદર જ્ઞાનમૂર્તિ પ્રભુ! એના અંતરની શ્રદ્ધા વડે, **'તદ્જ્ઞાનમાત્ર (–તે નિજ પરમ તત્ત્વના જ્ઞાનમાત્રસ્વરૂપ)...'** શાસ્ત્રજ્ઞાન પણ નહિ. એ તો પર વસ્તુ છે. અંતર જ્ઞાનસ્વરૂપ. જેમ સાકરમાં ગળપણ અને સફેદાઈ ભરી છે, જેમ અગ્નિમાં ઉષ્ણતા છે, એમ ભગવાનઆત્મામાં જ્ઞાન અને આનંદ ભર્યા છે. અરે..રે..! આહાહા..! એ આનંદ અને જ્ઞાનની એક્તા **'(નિજ પરમ તત્ત્વના જ્ઞાનમાત્રસ્વરૂપ) એવા અંતર્મુખ પરમબોધ વડે...'** અંતર્મુખ પરમજ્ઞાન દ્વારા. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



બે બોલ લીધા. બે બોલ ક્યા? નિજ પરમતત્ત્વની શ્રદ્ધા વડે અને તદ્જ્ઞાનમાત્ર અંતર્મુખ પરમબોધ દ્વારા. શ્રદ્ધા અને જ્ઞાન બે લીધા.

**'અને તે-રૂપે (અર્થાત્ નિજ પરમ તત્ત્વરૂપે) અવિચળપણે સ્થિત થવારૂપ...'** અને ચળે નહિ એમ અંદર સ્વરૂપમાં ઠરે. સમકિત સહિત, જ્ઞાન સહિત ઠરે એનું નામ અવિચળ, સ્થિત એટલે ચારિત્ર. છે? **'અવિચળપણે સ્થિત થવારૂપ સહજચારિત્ર...'** સ્વભાવિક ચારિત્ર. આહાહા..! એ **'વડે અભૂતપૂર્વ સિદ્ધપર્યાય થાય છે.'** આહાહા..! આવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર દ્વારા એકરૂપ જ્ઞાયક દ્વારા સિદ્ધપદની પર્યાય, પરમાત્માની પર્યાય ઉત્પન્ન થાય છે. બીજો કોઈ ઉપાય નથી. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૫૯, શ્લોક-૭૫, ગાથા-૫૧ થી ૫૫, શનિવાર, શ્રાવણ વદ ૧૨, તા.૬-૯-૮૦

---

'નિયમસાર' ફરીને છેલ્લો પેરેગ્રાફ લઈએ. આત્માને મુક્તિ–મોક્ષ કેમ થાય? મોક્ષ કેમ થાય એ વાત ચાલે છે. ઝીણી વાત છે, ભગવાન! **'અભેદ-અનુપચાર-રત્નત્રયપરિણતિવાળા...'** કહો, આ ઘરે કોઈ દિ' વાંચ્યું છે? વ્યાજે પૈસા ફેરવે. પુસ્તક તો છે ને?

મુમુક્ષુ :– વાંચ્યુ પણ સમજાયું નહિ.

ઉત્તર :– પણ વાંચ્યું નથી. પહેલા વાંચે પછી સમજે. ન સમજે એ પછી વાત. આહાહા..! પાંચ-સાત કરોડ રૂપિયા અને પૈસા. હવે એ ધૂળમાં... પાંચ-છ કરોડ રૂપિયા. ધૂળ-ધૂળ. એવા બધા કેટલાય ભાળ્યા છે. અહીં કહે છે કે મુક્તિ કોની થાય છે? ભાઈને બતાવો.

**'અભેદ-અનુપચાર-રત્નત્રયપરિણતિવાળા...'** શું કહે છે? આત્મા અનંતઆનંદ, જ્ઞાનસ્વરૂપી જે અભેદ વસ્તુ છે, એ અભેદ એટલે એકરૂપ વસ્તુ છે. એ અનુપચાર છે. વ્યવહાર નહિ, નિશ્ચય. અભેદ એટલે કે ભેદ નહિ અને અનુપચાર એટલે નિશ્ચય. આહાહા..! આત્મા આનંદ અતીન્દ્રિયસ્વરૂપ પ્રભુ, અનંતગુણનો પિંડ એનો **'અભેદ-અનુપચાર-...'** એટલે નિશ્ચય. **'રત્નત્રયપરિણતિવાળા...'** જેને સાચા નિશ્ચય રત્નત્રય સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર પ્રગટ થયા છે, એ જીવને. ભાષા આવી છે. ભગવાનની સૈદ્ધાંતિક ભાષા ટૂંકી છે. આહાહા..!

અભેદ ચૈતન્યસ્વરૂપમાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપ તો નથી પણ એમાં ગુણ-ગુણી ભેદ પણ નથી. આહાહા..! ગુણી આત્મા અને આનંદ, જ્ઞાન, દર્શન આદિ અનંતગુણ, એ ભેદ પણ દૃષ્ટિમાં ન લેવા. દૃષ્ટિમાં અભેદ એકરૂપ (લેવો). અનુપચાર એટલે નિશ્ચય. ઉપચાર નહિ એટલે નિશ્ચય. આહાહા..! **'અભેદ-અનુપચાર-રત્નત્રય...'** સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ રત્નત્રય. ત્રણ રત્ન. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર. નિશ્ચય ત્રણ રત્ન. આહાહા..! એ **'રત્નત્રયપરિણતિવાળા...'** એની પરિણતિ એટલે પર્યાય. એ રત્નત્રય છે એ પર્યાય છે, એનો વિષય છે એ અભેદ અનુપચાર છે. ત્રિકાળી વસ્તુ ભગવાનઆત્મા અખંડ અભેદ અનંતગુણનો

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પિંડ એ અભેદ અનુપચાર એટલે નિશ્ચય, એવી રત્નત્રય પરિણતિ, જે સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર ઉત્પન્ન થયા, જે નિર્વિકલ્પ આનંદ સહિત રત્નત્રય ઉત્પન્ન થાય છે, તે રત્નત્રય પરિણતિવાળા જીવને મુક્તિ થાય છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ટંકોત્કીર્ણ જ્ઞાયક જેનો એક સ્વભાવ છે...'** આહાહા..! જે ભગવાનઆત્મા ટંકોત્કીર્ણ શાશ્વત. શાશ્વત એકરૂપ જેનો સ્વભાવ છે. અનંતગુણ છે, પણ એનું સ્વરૂપ એકરૂપ સ્વભાવ છે. દ્રવ્ય તરીકે, તત્ત્વ તરીકે એકરૂપ સ્વભાવ છે. સાકરમાં જેમ ગળપણ અને મીઠાશ આદિ છે, છતાં સાકરરૂપે એક છે. એમ આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંતગુણ છે, પણ વસ્તુ તરીકે એક છે. આહાહા..! આવો ઉપદેશ! એ **'રત્નત્રયપરિણતિવાળા જીવને, ટંકોત્કીર્ણ જેનો એક સ્વભાવ છે...'** ટંકોત્કીર્ણ એટલે શાશ્વત. એક જ્ઞાયક. જાણક... જાણક... જાણક... જાણનવાળા... જાણનવાળા... જ્ઞાયક જે ભગવાનઆત્માનો સ્વભાવ. આહાહા..!

**'જ્ઞાયક જેનો એક સ્વભાવ છે...'** જાણન એક જ સ્વભાવ છે. અનંતગુણ છે પણ બધામાં એકરૂપ જ્ઞાયક એક સ્વભાવ છે. આહાહા..! છે? **'ટંકોત્કીર્ણ જ્ઞાયક જેનો...'** એટલે આત્માનો **'એક સ્વભાવ છે એવા નિજ પરમ તત્ત્વની શ્રદ્ધા વડે,...'** એવો પ્રભુ આત્મા, નિજ–પોતાની પરમ તત્ત્વની શ્રદ્ધા. એ પરમ તત્ત્વ જ્ઞાયકસ્વરૂપ, અનંત આનંદ અને અનંત શાંતિનો સાગર, પણ એકરૂપ વસ્તુ, એ તત્ત્વની શ્રદ્ધા દ્વારા **'એવા નિજ પરમ તત્ત્વ...'** એવો જે જ્ઞાયક, એની **'શ્રદ્ધા વડે,...'** ત્રણ કહેશે. શ્રદ્ધા દ્વારા, જ્ઞાન દ્વારા, ચારિત્ર દ્વારા ત્રણે એક થઈને મુક્તિ થશે, ત્યારે સિદ્ધપદ થશે. આહાહા..!

**'તદ્જ્ઞાનમાત્ર (–તે નિજ પરમ તત્ત્વના જ્ઞાનમાત્રસ્વરૂપ)...'** સ્વરૂપ જ્ઞાયક ભગવાન જાણન-દેખન ચૈતન્યસૂર્ય, ચૈતન્યચંદ્ર, ચૈતન્યપ્રકાશનું પૂર, તેનું જ્ઞાન. તેનું જ્ઞાન.. આહાહા..! ભાષા પણ આકરી. પ્રભુનો માર્ગ, જિનેશ્વરદેવનો માર્ગ કોઈ અલૌકિક છે. આહાહા..! **'(--તે નિજ પરમ તત્ત્વના જ્ઞાનમાત્રસ્વરૂપ)...'** પરમ તત્ત્વ જે ભગવાનઆત્મા, એનું જ્ઞાન. શાસ્ત્રજ્ઞાન અને બીજા જ્ઞાન અહીં કામ ન કરે. આહાહા..! મોક્ષના ઉપાયમાં તો એક ચૈતન્ય જ્ઞાયકભાવ, એનું જ્ઞાન. આહાહા..! આવું ઝીણું છે જરી. 'સુજાનમલજી'! જેને હજી કાને પડ્યું ન હોય કે આ ચીજ શું છે? અરે..રે..! એને ક્યારે સમજવું અને ક્યારે કરવું? અનંતકાળથી આથડે છે. એને આ દ્વારા જ મુક્તિ થશે. બીજો કોઈ ઉપાય નથી.

તેની શ્રદ્ધા માત્ર અને તે પરમતત્ત્વની **'તદ્જ્ઞાનમાત્ર...'** એટલે એકલો ચૈતન્યમૂર્તિ તેનું જ જ્ઞાન. બીજું કોઈ નહિ. તદ્જ્ઞાનમાત્ર–એકલો જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા પૂર્ણાનંદસ્વરૂપ તદ્જ્ઞાનમાત્ર–તેનું જ્ઞાન. એ બીજો બોલ થયો. પહેલા સમકિત–શ્રદ્ધા કીધું, આ જ્ઞાન કહ્યું. અને **'(–તે નિજ પરમ તત્ત્વરૂપે) અવિચળપણે...'** એ પરમ તત્ત્વ ભગવાનઆત્મા જ્ઞાન અને આનંદનો ગંજ પ્રભુ! જ્ઞાન અને આનંદનો મોટો પર્વત અરૂપી પ્રભુ અંદર છે. આહાહા..!

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એમાં **'અવિચળપણે સ્થિત...'** ચળે નહિ એ રીતે સ્થિત તે ચારિત્ર. ચારિત્ર કોઈ પંચમહાવ્રત ને દયા, દાન, વ્રત, ભક્તિ એ કોઈ ચારિત્ર નથી. એ તો બધા રાગ અને વિકલ્પની જાળ છે. આહાહા..! શું કીધું?

**'અવિચળપણે સ્થિત થવારૂપ સહજચારિત્ર વડે...'** સ્વભાવિક ચારિત્ર દ્વારા. સ્વભાવિક ચારિત્ર એટલે અંદર આનંદસ્વરૂપ, જ્ઞાન આનંદ સ્વરૂપની શ્રદ્ધા, ત્રિકાળી આનંદસ્વરૂપમાં રમણતા. આહાહા..! આવું મોંઘુ, બાપા! લોકોને પહોંચવું આકરું લાગે. તેનું જ્ઞાન, તેનું અવિચળ ચારિત્ર માત્ર **'સહજચારિત્ર વડે...'** છે? સ્વભાવિક ચારિત્ર દ્વારા **'અભૂતપૂર્વ સિદ્ધપર્યાય થાય છે.'** પહેલા કદી નહિ થયેલું. સિદ્ધપદ કદી થયું નથી. આ દ્વારા સિદ્ધપદ પૂર્વે નહિ થયેલું એવું પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા એકરૂપ જ્ઞાયક, શુદ્ધ ચૈતન્યજ્યોત, એ એકની શ્રદ્ધા–સમકિત અને એનું જ્ઞાન અને એમાં અવિચળપણે ચળે નહિ એવી સ્થિરતા, એ ત્રણથી અભૂતપૂર્વ. પૂર્વે કદી સિદ્ધિ થઈ નથી. એ ત્રણથી સિદ્ધિ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? ભાષા તો સાદી છે, પ્રભુ! ભાવ તો જે હોય તે હોય. શું થાય? ત્રણલોકના નાથની વાત છે. સર્વજ્ઞ પ્રભુ પરમાત્મા, એની વાણીમાં આ આવ્યું છે. એ વાણી સંતોએ પોતે ... શાસ્ત્રની રચના કરી.

કહે છે, કે અભૂતપૂર્વ સિદ્ધપર્યાય. સિદ્ધ ભગવાન જે આત્મા અભૂત–પૂર્વે કદી દશા થઈ નથી. અનંતકાળમાં અનંત ભવ નરક અને નિગોદના કર્યા. કીડી, કાગડા, કૂતરા, ભૂંડ ને... આહાહા..! એવા અનંત અનંત ભવમાં કદી એક સમય પણ સિદ્ધપદ પ્રાપ્ત થયું નથી. આહાહા..! એ બધાનો નાશ કરીને પોતાના આનંદસ્વરૂપ ભગવાનની શ્રદ્ધા-જ્ઞાન અને અવિચળ ચારિત્ર દ્વારા અભૂતપૂર્વ એટલે પૂર્વે નહિ થયેલી એવી સિદ્ધિ એટલે મુક્તિની પ્રાપ્તિ થાય છે. આહાહા..! અરે..રે..! આવું ઝીણું!

આમાં રૂપિયા-બુપિયા શું કામ કરતા હશે? '..ભાઈ'! આ બધા પૈસાવાળા કરોડપતિઓ છે. ધૂળ-ધૂળપતિ. એમાં ને એમાં રોકાય. અરે..! આજ હમણાં 'મલૂપચંદભાઈ'નું સાંભળ્યું ને. 'ચંદુભાઈ'ના મોટા બાપા. આહાહા..! ઉંમર કેટલી હતી? ૮૦ વર્ષ. અડોદરું શરીર. મોટા છોકરા પાસે પાંચ કરોડ રૂપિયા. 'સ્વીત્ઝરલેન્ડ'. અહીં 'મુંબઈ'માં 'પૂનમચંદ', એની પાસે છ કરોડ રૂપિયા. બીજા બે છોકરા 'મુંબઈ', એ એક પાસે પંદર-પંદર લાખ હશે. આ અત્યારે માંદા પડ્યા છે. ... પડી ગઈ છે અને રોવે છે. આહાહા..! આ સંસારની દશા છે. કોઈ શરણભૂત નથી. શરણભૂત અંદર ભગવાન છે. આહાહા..! 'બહાદુરભાઈ'! આ વાત છે, પ્રભુ! આહાહા..! અહીં તો ઘણાં વર્ષ જોયા. ૯૧ વર્ષ થયા. ૧૮ વર્ષની ઉંમરથી તો બધી દુનિયા જોતા આવ્યા છીએ. વેપાર, .. મોટા-મોટા વેપાર કર્યા છે. 'મુંબઈ', 'સુરત' માલ લેવા જતાં. બધું ઘણું જોયું. ધૂળમાં કાંઈ ન મળે. આહાહા..!

આ પ્રભુ અંદર દેહમાં બિરાજતો ચૈતન્યરત્ન... આહાહા..! એ ચૈતન્યરત્નની જ્ઞાયકપણાની

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એકરૂપી શ્રદ્ધા. ગુણ-ગુણી બે ભેદ નહિ. એકરૂપ ચૈતન્યની અંદર અનુભવમાં પ્રતીત અને એકરૂપે તેનું જ્ઞાન. અવિચળરૂપી સ્વરૂપમાં ચારિત્ર રમણતા, અવિચળરૂપી સ્થિતિ. આહાહા..! એ ચારિત્ર દ્વારા '**અભૂતપૂર્વ સિદ્ધપર્યાય થાય છે.**' ત્યાં સુધી તો કાલે આવ્યું હતું. કાલે અહીં સુધી આવ્યું હતું. આ તો જરી આકરું હતું એટલે ફરીને લીધું. આહાહા..! અહીં તો સેંકડો વાર વંચાઈ ગયું છે. ૬૬ વર્ષ દીક્ષા લીધા થયા. અને દુકાનમાં ૧૮ વર્ષની ઉંમરથી શાસ્ત્ર વાંચતો. દુકાન ઘરની-પિતાજીની, તેમાં શાસ્ત્ર વાંચતો. સ્થાનકવાસીના. 'દશવૈકાલિક', 'ઉત્તરાધ્યન', 'આચારાંગ', 'સૂયગડાંગ', 'અધ્યાત્મ કલ્પદ્રૂમ' વગેરે. આહાહા..! પણ આ ચીજ કોઈ જુદી. 'સમયસાર' જ્યાં (સંવત) ૧૯૭૮ની સાલમાં મળ્યું, ત્યારે મેં વાત બહાર પાડી, કે શરીર રહિત થવું હોય તો આ ચીજ છે. સિદ્ધપદ પ્રાપ્ત કરવું હોય તો આ ચીજ છે. આહાહા..! અભૂતપૂર્વ. ભભૂતમલ! આ અભૂતપૂર્વ કહે છે. આહાહા..!

અભૂત એટલે '**પૂર્વે કદી નહિ થયેલો એવો.**' '**જે પરમ જિનયોગીશ્વર...**' કહે છે કે એ કોને થાય છે? કે '**પરમ જિનયોગીશ્વર...**' પાછા. આહાહા..! પરમ વીતરાગી દશા જેને પ્રગટી છે. આત્મામાંથી પૂર્ણ વીતરાગ દશા પ્રગટી છે, એવા જિન તે પણ પરમ-ઉત્કૃષ્ટ. આહાહા..! એવા પરમ જિનયોગીશ્વર. એવા દર્શન-જ્ઞાન-ચારિત્રને તો પ્રાપ્ત છે. આહાહા..! નગ્ન મુનિ દિગંબર, જંગલમાં વસનારા. પ્રભુ! પછી પાંચસો વર્ષે દિગંબરમાંથી આ શ્વેતાંબર નીકળ્યા છે અને પછી પાંચસો વર્ષ પહેલા આ શ્વેતાંબરમાંથી સ્થાનકવાસી નીકળ્યા. અને સ્થાનકવાસીમાંથી ઓલા 'તુલસી' તેરાપંથી. 'તુલસી' છે ને તેરાપંથી? ખબર છે. અહીં આવ્યા હતા. અનાદિ સનાતન આ સત્યધર્મ જે વીતરાગનો એ આ છે. એ પરમ જિનયોગીશ્વર. આહાહા..! પરમ વીતરાગી યોગી એટલે યોગ–સ્વરૂપમાં જોડાણ. યોગી એટલે ઓલા બાવા નહિ. યોગ-જોડાણ. આહાહા..! તસ્સ ઉતરિમાં આવે છે. ... ત્રણ શલ્ય રહિત. મિથ્યાત્વ, માયા અને નિદાન ત્રણ શલ્ય રહિત અંતરની રમણતા. આહાહા..! કોઈ દિ' સામાયિક કરી છે કે નહિ? એમાં આવે છે ને તસ્સ ઉત્તરિ? એમાં પ્રાયશ્ચિત કરણેણં, વિસોહિ કરણેણં, વિસલ્લી કરણેણં, પાવાણં કમ્માણં. સાધારણ વાત છે. આ તો અલૌકિક વાતું છે. આહાહા..!

અંતરમાં જિનયોગીશ્વર નિશ્ચયને પ્રાપ્ત થયા છે. અંતર આનંદસ્વરૂપ ભગવાન અતીન્દ્રિય આનંદ. આ જે વિષયોના આનંદ છે, પૈસા, સ્ત્રી, કુટુંબ-પરિવારના ભોગનો આનંદ છે એ તો ઝેરના પ્યાલા છે. આહાહા..! સમજાણું કાંઈ? આ વિષયાનંદ, પૈસાનંદ, ભોગાનંદ એ બધો આનંદ માને છે એ તો ઝેરના પ્યાલા છે. આહાહા..! ઝેર ઝેર છે. એનાથી રહિત ભગવાન '**પરમજિનયોગીશ્વર પહેલાં પાપક્રિયાથી નિવૃત્તિરૂપ વ્યવહારનયના ચારિત્રમાં હોય છે,...**' પહેલા એકદમ નિશ્ચય પૂર્ણ નથી થતું. નિશ્ચય તો છે, પણ પૂર્ણ નિશ્ચય નથી થતું. '**પહેલા પાપક્રિયાથી નિવૃત્તિરૂપ વ્યવહારનયના ચારિત્રમાં હોય છે,...**' ત્યારે આત્માનું જ્ઞાન અને દર્શન-ચારિત્ર સહિત અંતરમાં પાપક્રિયાથી નિવૃત્તિરૂપ પંચમહાવ્રતના પરિણામ હોય છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહાહા..! **'વ્યવહારનયના ચારિત્રમાં હોય છે,...'** એ વ્યવહારનય છે. એ પુણ્યબંધનું કારણ છે. નિશ્ચય દર્શન-જ્ઞાન-ચારિત્ર એ મુક્તિનું કારણ છે. આહાહા..! વ્યવહાર આવે છે, પણ એ પુણ્યબંધનું કારણ છે.

**'તેને ખરેખર વ્યવહારનયગોચર તપશ્ચરણ હોય છે.'** મહાવ્રતાદિ નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત પાપની નિવૃત્તિરૂપ મહાવ્રત, **'તેને ખરેખર વ્યવહારનયગોચર તપશ્ચરણ...'** એટલે તપસ્યા. એ વ્યવહાર તપસ્યા છે, વ્યવહારચારિત્ર છે, પુણ્યબંધનું કારણ છે. આહાહા..! હોય છે, પહેલા આવે છે. **'સહજનિશ્ચયનયાત્મક પરમસ્વભાવસ્વરૂપ પરમાત્મામાં પ્રતપન તે તપ છે;...'** વાસ્તવિક તપ તો આ છે. યથાર્થ મોક્ષનો માર્ગ. આ અપવાસ કરવા... એ તો બધી લાંઘણું છે. ઉપવાસ–ઉપ એટલે આત્મામાં સમીપતા. અતીન્દ્રિય આનંદમાં વાસ. સમીપતા અંદર વસવું એનું નામ ઉપવાસ છે. એ આત્માના ભાન વિનાના એ બધા અપ-વાસ છે. અપ એટલે માઠો વાસ છે. આહાહા..! અરે..રે..! આવી વાત! અનંતકાળ રખડતા થયો, પ્રભુ! વાસ્તવિક તત્ત્વને પ્રાપ્ત કરવાની દરકાર પણ કરી નહિ. સાંભળવા મળવું કઠણ. મળ્યા પછી એ વાતમાં પ્રયત્નથી પ્રાપ્તિ કરવી એ કરી નહિ. આહાહા..!

અહીં કહે છે. આહાહા..! એ સહજ નિશ્ચયનયસ્વરૂપ. એ પંચમહાવ્રતાદિના પરિણામ તો રાગ છે. થાય છે. પણ અંદર નિશ્ચય જે છે. સહજ નિશ્ચયનયસ્વરૂપ. સ્વભાવિક નિશ્ચયનય. આનંદસ્વરૂપ ભગવાન અતીન્દ્રિય. આહાહા..! અતીન્દ્રિય આનંદનો અનુભવ, એનું નામ નિશ્ચય સત્ય ચારિત્ર કહેવાય છે. આહાહા..! અરે..રે..! વાતમાં બહુ ફેર છે. વીતરાગ ત્રિલોકનાથની કથની–વાણીની અલૌકિકતા છે. એ કહે છે, કે નિશ્ચય ચારિત્ર સહિત એને વ્યવહાર હોય છે. સહજસ્વાભાવિક નિશ્ચયનયસ્વરૂપ પરમસ્વભાવરૂપ. પરમસ્વભાવસ્વરૂપ પરમસ્વભાવ શાંત વીતરાગસ્વરૂપ **'પરમાત્મામાં પ્રતપન...'** એવા જે પરમાત્મા, આત્મા અંદર શુદ્ધ ચૈતન્યઘન છે, એમાં રહેવું એ તપ છે. છે? **'પ્રતપન તે તપ...'** આહાહા..! આ તો હજારો વર્ષ પહેલાના શાસ્ત્રો છે. બે હજાર વર્ષ પહેલાના મૂળ પાઠ છે. આ ટીકા નવસો વર્ષ પહેલાની છે. 'પદ્મપ્રભમલધારિદેવે' ટીકા બનાવી. મૂળ પાઠ 'કુંદકુંદાચાર્યદેવ'નો છે.

સહજ સ્વભાવિક નિશ્ચયનયસ્વરૂપ પરમસ્વભાવસ્વરૂપ. પરમસ્વભાવસ્વરૂપ વીતરાગમૂર્તિ આત્મા. આહાહા..! એના આશ્રયથી ઉત્પન્ન થયેલો વીતરાગ સ્વભાવ. વીતરાગસ્વરૂપ આત્મા, એના અવલંબનથી ઉત્પન્ન થતો પરમ વીતરાગસ્વરૂપ પરમાત્મામાં. એવો જે ત્રિકાળી પરમાત્મા અંદર, ધ્રુવ, એમાં **'પ્રતપન...'** પ્ર-વિશેષે, તપન-એકાગ્રતા, લીનતા તે તપ છે. એનું નામ ભગવાન તપ કહે છે. બાકી તો બધી લાંઘણો છે. આ બધા વર્ષીતપને કરે છે ને? એય..! આહાહા..! 'અમદાવાદ'માં 'જેસંગભાઈ' .. હતા. 'જેસંગ ઉજમશી' મોટી મીલના માલિક. અહીં 'ભાવનગર' મીલમાં. એના દીકરા 'મંગલભાઈ' હતા. એની વહુએ વર્ષીતપ કર્યા હતા. પછી પાછળથી પારણામાં પોણો લાખ રૂપિયા ખર્ચ્યા હતા. ગૃહસ્થ માણસ, કરોડ રૂપિયા.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



'મંગલભાઈ' અહીં સાંભળવા આવતા. 'ભાવનગર' આવે એટલે અહીં આવે. પણ એ વાતને કાંઈ સમજી શકે નહિ. એની વહુ, પોતે મરી ગયા પછી એની વહુએ વર્ષીતપ કર્યા. એ મોટી રેલ.. શું કહેવાય? સ્પેશ્યલ 'અમદાવાદ' થી 'પાલિતાણા'. પોણો લાખ રૂપિયા ખર્ચ્યા. એ જાણે કે ધર્મ થઈ જશે. વર્ષીતપ કરીને પછી પોણો લાખ ખર્ચ્યા.

અરે..! ભાઈ! ભગવાન તો એમ કહે છે, કે **'સહજનિશ્ચયનયાત્મક પરમસ્વભાવસ્વરૂપ...'** પરમસ્વભાવસ્વરૂપ પરમાત્મા–આત્મા. પરમ ત્રિકાળી જ્ઞાન આનંદ આદિ સ્વરૂપ, એમાં પ્રતપન. પ્ર-વિશેષે તપન-સ્થિર **'તે તપ...'** એ તપથી મુક્તિ થાય છે. એ તપથી નિર્જરા અને સંવર થાય છે. આહાહા..! છે કે નહિ? **'નિજ સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ...'** નિજ સ્વરૂપમાં અવિચળ–ન ચળે એવી સ્થિતિરૂપ **'સહજનિશ્ચયચારિત્ર...'** સ્વભાવિક સાચું-સત્ય ચારિત્ર આ તપથી થાય છે. આ તપથી સાચું ચારિત્ર થાય છે. આહાહા..! અરે..રે..! સાંભળવા પણ મળે નહિ. અંદર છે કે નહિ? ઘરના ચોપડા દરરોજ જોવે. નામ-ઠામ, ઉધાર. આ જોવામાં નવરાશ ન મળે. આહાહા..! અને જોવા જાય તો આ ઝટ બેસે નહિ. સત્ સમાગમ વિના કઠણ વાત, ભગવાન! માર્ગ પ્રભુ! તારો કઠણ છે. પણ તેનું ફળ પણ અલૌકિક સિદ્ધ છે ને? આહાહા..!

પરમ નિશ્ચય અહીં ચારિત્ર કહ્યું. **'અવિચળ સ્થિતિરૂપ સહજનિશ્ચયચારિત્ર આ તપથી હોય છે.'** ઉપર તપ કહ્યું ને? કે **'પરમાત્મામાં પ્રતપન તે તપ છે;...'** પરમ સ્વરૂપ ભગવાનઆત્મામાં અંદરમાં તપ. એ **'નિજ સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજનિશ્ચયચારિત્ર આ તપથી હોય છે.'** આહાહા..! પહેલું તો હજી સમજવામાં કઠણ પડે. શું થાય? જિંદગી ચાલી જાય છે. મરણની સમીપ થઈ જાય છે. એક દિ' આવશે અને દેહ છૂટી જશે. એનો આત્મા તો અનાદિઅનંત છે. એણે શું કર્યું? આ તત્ત્વ નિશ્ચય જો યથાર્થ દૃષ્ટિ-જ્ઞાન આદિ ન કર્યું તો જન્મ-મરણનો અંત નહિ આવે. આહાહા..! કરોડો રૂપિયાનું દાન કર્યું હોય, પાંજરાપોળમાં કરોડો રૂપિયા ખર્ચ્યા હોય... આહાહા..! દયા-દાનમાં કરોડો રૂપિયા ખર્ચ્યા હોય તો એમાં કોઈ ધર્મ નથી. અભિમાન છોડીને રાગની મંદતા કરે, હું કર્તા છું, હું આપું છું એવું અભિમાન છોડે તો શુભભાવ થાય છે. પુણ્યબંધ થાય છે. આહાહા..!

મુમુક્ષુ :– .. વિચારતો હોય.

ઉત્તર :– કર્તાપણું માને તો મિથ્યાત્વ સાથે અનંત સંસાર છે. મેં કર્યું, મેં દીધું, આ પૈસા મારી ચીજ છે. પૈસા તો ધૂળ છે. તું તો ચૈતન્યપ્રભુ છો. ચૈતન્યની ધૂળ? આહાહા..! એ પૈસા મારા અને મેં વાપર્યા... આહાહા..! એ તો મિથ્યાદૃષ્ટિની કર્તાબુદ્ધિ છે. આહાહા..! આકરું કામ છે, પ્રભુ! એનું ફળ પણ એવું છે ને? અનંત સંસારનો અંત આવી જાય અને 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં.' આહાહા..! મોક્ષ. એનું આ કારણ. 'સાદિ અનંત-અનંત સમાધિ સુખમાં અનંત દર્શન અનંત જ્ઞાનસહિત જો.' એવી સિદ્ધપદની પ્રાપ્તિ, આવી

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તપસ્યાથી અને આવા ચારિત્રથી થાય છે. આહાહા..!

**'એવી રીતે એકત્વસપ્તતિમાં (શ્રી પદ્મનંદી-આચાર્યદેવકૃત પદ્મનંદિપંચવિંશતિકા નામના શાસ્ત્રને વિષે એકત્વસપ્તતિ નામના અધિકારમાં ૧૪મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :–'** આધાર આપ્યો છે.

दर्शनं निश्चयः पुंसि बोधस्तद्बोध इष्यते।
स्थितिरत्रैव चारित्रमिति योगः शिवाश्रयः।।

ઉપર શ્લોક છે. નીચે શ્લોકાર્થ. **'આત્માનો નિશ્ચય તે દર્શન છે,...'** આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, કે નવતત્ત્વની ભેદવાળી શ્રદ્ધા, એ કોઈ સમકિત નથી. એ તો રાગ છે. **'આત્માનો નિશ્ચય તે દર્શન છે,...'** ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, સચ્ચિદાનંદ સત્ એટલે શાશ્વત, જ્ઞાન અને આનંદનો ખજાનો-ભંડાર, પ્રભુ! એનું દર્શન, એની પ્રતીતિ, એની સન્મુખ થઈને જ્ઞાનમાં ખ્યાલમાં લઈને, એની પ્રતીતિ, એનું નામ દર્શન, એનું નામ સમ્યગ્દર્શન. આહાહા..! કેટલી શરતો? માથે શરતો મૂકી છે. આહાહા..!

**'આત્માનો નિશ્ચય તે દર્શન છે,...'** ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ અતીન્દ્રિય જ્ઞાનથી ભરપૂર ભરેલો છે. સાકરમાં જેમ ગળપણ ભરેલું છે, તેમ આત્મામાં અતીન્દ્રિય આનંદ ભર્યો છે. એ અતીન્દ્રિય આનંદ સન્મુખ થઈને શ્રદ્ધા થાય, એનું નામ સમ્યગ્દર્શન કહે છે. આહાહા..! એનું નામ દર્શન. **'આત્માનો બોધ તે જ્ઞાન છે,...'** શાસ્ત્રના જ્ઞાન આદિ નહિ. એ તો બહારની વાતો છે. આત્માનો બોધ. ભગવાનઆત્મા અંદર અતીન્દ્રિય આનંદનો નાથ, એનું જ્ઞાન એને બોધ એટલે જ્ઞાન કહે છે. આહાહા..!

અને **'આત્મામાં જ સ્થિતિ તે ચારિત્ર છે;...'** ચારિત્ર કોઈ બહારની ચીજ ક્રિયાકાંડ નથી. આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ, પ્રભુ! એમાં સ્થિતિ સ્થિરતા, એ આનંદ અને રમણતા, એનું નામ ચારિત્ર છે. આહાહા..! એક એક વ્યાખ્યા જુદી છે. **'આવો યોગ (અર્થાત્ આ ત્રણેની એકતા)...'** આ ત્રણની એકતા. આહાહા..! શું કીધું? આત્માનો નિશ્ચય સમ્યગ્દર્શન અનુભવ. આહાહા..! આત્મા અતીન્દ્રિય આનંદકંદ પ્રભુ, સચ્ચિદાનંદ અનાકુળ શાંતિનો રસકંદ, એનો અનુભવ કરીને પ્રતીતિ થવી, જ્ઞાન થઈને પ્રતીતિ થવી એ સમ્યગ્દર્શન. અને એનું જ્ઞાન થવું તે જ્ઞાન છે. આહાહા..! આત્માનો બોધ એ જ્ઞાન છે અને **'આત્મામાં જ સ્થિતિ...'** આહાહા..! આકરી વાત છે, પ્રભુ! આત્મામાં જ સ્થિતિ. 'જ' શબ્દ છે. આત્મા આનંદસ્વરૂપ અતીન્દ્રિય આનંદનો નાથ સાગર છે. એ આત્મામાં અંદર સ્થિતિ થવી એ ચારિત્ર છે. આહાહા..! **'એકત્વસપ્તતિ...'** 'પદ્મનંદિ'માંથી લીધું. બહુ ટૂંકું.

આ શરીર તો જડ, માટી, ધૂળ છે. અંદર આઠ કર્મ છે એ પણ માટી-ધૂળ છે. અને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પુણ્ય છે, અને હિંસા, જૂઠું, કમાવું, રળવું, દુકાનના ધંધામાં ધ્યાન રાખવું એ પાપ છે. આહાહા..! એ પુણ્ય અને પાપ ને અજીવથી ભિન્ન,

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એવો જે ભગવાનઆત્મા અંદર, એ આત્માની સન્મુખની પ્રતીતિ અને અનુભવ થઈને ભાન થવું, અને એનું જ્ઞાન, એમાં રમણતા થવી એ દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. એ દર્શન-જ્ઞાન અને ચારિત્ર એ ત્રણ, આ વિધિએ તેની મુક્તિ અને સિદ્ધિ છે. આહાહા..! આકરું લાગે, બાપુ! શું થાય? માર્ગ તો આ છે. 'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ.' પરમાત્મા જિનેશ્વરદેવ અનંત તીર્થંકરો થયા, અનંત થશે, વર્તમાન સંખ્યાતા તીર્થંકરો, કેવળીઓ વર્તે છે. બધાનું એક કથન છે, એક જ પ્રકાર આ છે.

આત્મા અંદર વસ્તુ ભગવાન ચિદાનંદ પ્રભુ અનંત-અનંત આનંદના ગુણનો રચેલો, પ્રભુ! ગુણથી ભરેલો ભગવાન, એની સન્મુખના અનુભવની શ્રદ્ધા, એના અનુભવનું જ્ઞાન અને એમાં રમણતા એ ચારિત્ર એ ત્રણ મુક્તિનું કારણ છે. મુક્તિનું કારણ એ ત્રણ છે. આહાહા..! ભાષા પણ કઠણ પડે. શું થાય? પ્રભુ!

અનંતકાળ થયો પણ એ ભૂલી ગયો. અનંતકાળ. આહાહા..! કરોડો રૂપિયા હોય તો શું કરે? કહો, 'ભભૂતમલજી'! હમણાં 'મલૂપચંદભાઈ'નો દાખલો ન આપ્યો? એના બે દીકરાઓ એક પાસે છ કરોડ અને એક પાસે પાંચ કરોડ. અને બે બીજા છે એની પાસે દસ-પંદર લાખ. ચાર છોકરાઓ છે. અમારા 'ચંદુભાઈ' બાળ બ્રહ્મચારી છે. એમના દાદા છે. એમના બાપાના મોટાભાઈ. અત્યારે કહે છે અમદાવાદમાં અર્ધ પક્ષઘાત (થયો છે). ચાલતા પડી ગયેલા તડ પડી ગઈ છે. આહાહા..! કેટલી વાર પછી રુદન કરે છે. રોવે છે. શું થાય? પ્રભુ! જડની દશામાં શું થાય? જડની અવસ્થા, પ્રભુ! જે સમયે જે થવાની તે થવાની તારાથી રોકાય નહિ. તારાથી સુધારાય નહિ અને તું જાણે કે હું આને સુધારી દઉં. આહાહા..!

સુખ તો આત્મામાં, આનંદમાં અંદર છે. એની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર, '**આવો યોગ (અર્થાત્ આ ત્રણેની એક્તા) શિવપદનું કારણ છે.**' એ ત્રણની એકતા જ મોક્ષનું કારણ છે. શિવપદ એટલે મોક્ષ. નમોત્થુણંમાં આવે છે. નમોત્થુણંમાં નથી આવતું? સામાયિકનો પાઠ. 'નમોત્થુણં, અરિહંતાણં, ભગવંતાણં..' એમાં છેલ્લે આવે છે. 'શિવમલયમરુયમણંત...' શિવ એટલે? આ શિવશંકર નહિ. શિવ એટલે કલ્યાણસ્વરૂપ. અંતર શિવ–કલ્યાણસ્વરૂપ એ છે. આવ્યું ને? આહાહા..! શિવપદનું કારણ, કલ્યાણસ્વરૂપ ભગવાનઆત્મા શિવપદ. નિરૂપદ્રવ સ્વરૂપ, જેમાં ઉપદ્રવ નથી, એકલો આનંદનો સાગર નાથ, અતીન્દ્રિય આનંદનો સાગર, જેમ દરિયામાં ભરતી આવે છે, એમ પર્યાયમાં અતીન્દ્રિય આનંદની ભરતી આવે છે. આહાહા..! એનું નામ મુક્તિ છે, એનું નામ સિદ્ધપદ છે. આહાહા..! વાતે વાતે ફેર. પ્રભુ! પ્રભુનો માર્ગ જ જુદો છે. વીતરાગ જિનેશ્વરદેવ... આહાહા..! એ શિવપદ આ કહે છે. શિવપદનું આ કારણ છે.

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# શ્લોક–૭૫

तथा च -

(मालिनी)

जयति सहजबोधस्तादृशी दृष्टिरेषा
चरणमपि विशुद्धं तद्विधं चैव नित्यम।
अघकुलमलपंकानीकनिर्मुक्तमूर्तिः
सहजपरमतत्त्वे संस्थिता चेतना च।।७५।।

इति सुकविजनपयोजमित्रपंचेन्द्रियप्रसरवर्जितगात्रमात्रपरिग्रह श्रीपद्मप्रभमलधारिदेव-विरचितायां नियमसारव्याख्यायां तात्पर्यवृत्तौ शुद्धभावाधिकारः तृतीयः श्रुतस्कन्धः।।

વળી (આ શુદ્ધભાવ અધિકારની છેલ્લી પાંચ ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારીદેવ શ્લોક કહે છે) :–

[શ્લોકાર્થ :–] સહજ જ્ઞાન સદા જયવંત છે, તેવી (–સહજ) આ દૃષ્ટિ સદા જયવંત છે, તેવું જ (-સહજ) વિશુદ્ધ ચારિત્ર પણ સદા જયવંત છે; પાપસમૂહરૂપી મળની અથવા કાદવની પંક્તિથી રહિત જેનું સ્વરૂપ છે એવી સહજપરમતત્ત્વમાં સંસ્થિત ચેતના પણ સદા જયવંત છે. ૭૫.

આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) શુદ્ધભાવ અધિકાર નામનો ત્રીજો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

## શ્લોક–૭૫ ઉપર પ્રવચન

‘વળી (આ શુદ્ધભાવ અધિકારની છેલ્લી પાંચ ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે) :–’ હવે ટીકાકાર શ્લોક કહે છે.

जयति सहजबोधस्तादृशी दृष्टिरेषा
चरणमपि विशुद्धं तद्विधं चैव नित्यम।

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**अघकुलमलपंकानीकनिर्मुक्तमूर्तिः**
**सहजपरमतत्त्वे संस्थिता चेतना च।।७५।।**

આહાહા..! શું કહે છે? **'સહજ જ્ઞાન સદા જયવંત છે,...'** એના બે અર્થ છે. એક તો ભગવાન અંદર આત્મા, સ્વભાવિક જ્ઞાનનો પિંડ પ્રભુ સદા જયવંત છે, પણ એની અંદર અનુભવની પ્રતીતિ સમ્યક્ થયું એ પણ જયવંત વર્તે છે, એમ કહે છે. આહાહા..! **'સહજ જ્ઞાન...'** ત્રિકાળી સ્વભાવ ભગવાન જ્ઞાન **'સદા જયવંત...'** ત્રણેકાળે જયવંત. આહાહા..! નિગોદ. ડુંગળી અને લસણમાં હો, તો પણ પ્રભુ અંદર આત્મા જે છે એ તો નિર્મળાનંદ છે. એની પર્યાયમાં, દશામાં બધી ભૂલ છે. પર્યાયમાં, અવસ્થામાં સંસાર છે. એની ચીજ તો નિર્મળાનંદ ત્રિકાળ શુદ્ધ છે. છે?

**'સહજ જ્ઞાન સદા જયવંત છે,...'** આહાહા..! કેમ બેસે? બહારના અભિમાન. અમે આ કર્યું, અમે આ કર્યા, અમે આ દુકાન માંડી, પછી આટલું રળ્યા, આટલું કમાણા. આહાહા..! 'આફ્રિકા'માં બહુ પેદાશ. છ હજાર માણસ આપણા મહાજન છે. 'જામનગર' આસપાસના ગામડાના. બધા ઘણાં પૈસાવાળા. હબસી લોકોનો બહુ ડર. આવ્યા હતા બધા, આવ્યા હતા. હબસી લોકોનો ડર. ક્યારે મારશે? આહાહા..! એક વાત કરી હતી ને? કે ત્રણ જણાને ઘરે જઈને મારી નાખ્યા. પછી તો એનો બાપ આવ્યો, એને મારી નાખ્યો. ચારને મારી નાખ્યા. આહાહા..! આ 'વીરચંદભાઈ'ના ભાઈ બેઠા. એમના દીકરાને પણ માર્યો. મારીને અસાધ્ય કરી નાખ્યો. પછી ચાલ્યા ગયા. નહિતર તો જાણે મરી ગયો એટલે... આહાહા..! હબસી લોકો બહુ પાપી મુસલમાન. આહાહા..! એટલે પૈસાવાળાને ઘણોં ડર. આ પૈસાનું સુખ. આહાહા..! આપણે ઉતર્યા હતા એ પંદર લાખનું મકાન છે. ત્રણ પટી. ચારે કોર એક વંડી, એમાં તારનો એક આખો ભાગ, ત્રીજો વળી તારનો અંદરનો.. એટલે ત્રણ પટ્ટી ઉકલે તો અંદરમાં ગરી શકે. એટલો ડર. આહાહા..! અને કરોડપતિ. આહાહા..! ૪૦-૪૦ લાખ રૂપિયાના કાપડના ધંધા. આખી દુકાન કાપડથી ભરી હોય. ઘોડા લાકડાના... આહાહા..! દુનિયાનું આ સુખ.

અહીં કહે છે, પ્રભુ! **'સહજ જ્ઞાન સદા જયવંત...'** એ સુખ છે. આહાહા..! અંતરમાં જ્ઞાનસ્વભાવ સ્વભાવિક જ્ઞાન, આ શાસ્ત્ર ભણીને અને એલ.એલ.બી. અને એમ.એ. એલ.એલ.બી.ના પૂંછડા વકીલને હોય અને એમ.એ.ને પૂંછડા ડોક્ટરને હોય. આહાહા..! અહીં તો કહે છે, કે સ્વભાવિક જ્ઞાન સદા જયવંત. આત્માનું જ્ઞાન. ભગવાનઆત્મા પ્રજ્ઞાસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, જાણકસ્વરૂપનો પિંડ, તે સ્વભાવિક જ્ઞાનનો પિંડ તે જયવંત વર્તે છે. એ છે તો જયવંત, પણ અહીં દૃષ્ટિ થઈ છે એ પણ કહે છે કે આ જયવંત વર્તે છે. જાણ્યા વિના જયવંત વર્તે એ કોને કહેવું? આહાહા..! જે ચીજ જાણવામાં નથી આવી, એ ચીજ છે એમ કેમ માને? આહાહા..! એ ચીજ જે છે, ભગવાનઆત્મા આનંદ અને જ્ઞાનની મૂર્તિ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પ્રભુ, એનું જ્ઞાન થાય કે આ ચીજ જ્ઞાન છે. તો જ્ઞાન થાય છે એને સાચું જ્ઞાન કહે છે. આહાહા..! આવું બધું મોંઘું. અહીં તો આ ચાલે છે, ભાઈ! અહીં ૪૫ વર્ષ, સાડી ૪૫ વર્ષ થયા. આ તો જંગલ હતું. અહીં તો બધે પાડા બેસતા. આહાહા..! ત્રણલોકના નાથની આવી વાત! સાક્ષાત્ ભગવાન સીમંધર પ્રભુ બિરાજે છે. 'કુંદકુંદાચાર્ય' ત્યાં ગયા હતા. ત્યાંથી આવીને પોતાને માટે આ (શાસ્ત્ર) બનાવ્યું. આહાહા..! આ શાસ્ત્ર પોતાને માટે બનાવ્યું. બીજા 'સમયસાર' આદિ તો ઉપદેશક તરીકે છે. આ તો પોતાના હિત માટે બનાવ્યું. આહાહા..!

કહે છે, કે **'સહજ જ્ઞાન સદા જયવંત છે, તેવી (-સહજ) આ દૃષ્ટિ સદા જયવંત છે,...'** આહાહા..! સમ્યગ્દર્શન પણ સદા જયવંત છે. અંતરમાં જે સમ્યગ્દર્શન છે, એ તો ત્રિકાળી જયવંત છે. પણ પર્યાયમાં ભાન થયું એ પણ જયવંત વર્તે છે. એ પર્યાયે એને માન્યું ત્યારે કહે છે કે આ જયવંત વર્તે છે. આહાહા..! સમજાણું કાંઈ? **'આ દૃષ્ટિ સદા જયવંત છે,..'**

**'તેવું જ (-સહજ) વિશુદ્ધ ચારિત્ર...'** આહાહા..! વિશુદ્ધ ચારિત્ર. સ્વરૂપ જ્ઞાનાનંદમાં રમણતા, એ ચારિત્ર. ચારિત્ર એટલે ચરવું, રમવું, જમવું. જેમ લીલા ઘાસને ગોચરી ગાય ખાય, એમ અંદરમાં આનંદનો સાગર નાથ, એને અંતર અનુભવ છે, એ અંદરથી આનંદની ગોચરી કરે. આહાહા..! એનું નામ ચારિત્ર. આવી વાત છે, પ્રભુ! ઘણોં ફેરફાર. બીજા માણસને બેસવું કઠણ પડે.

**'વિશુદ્ધ ચારિત્ર પણ સદા જયવંત છે;...'** આહાહા..! ત્રિકાળી તો જયવંત છે પણ અમારી વર્તમાન દશા પણ જયવંત વર્તે છે, એમ કહે છે. આહાહા..! મુનિરાજની વ્યાખ્યા છે. અમારા દર્શન-જ્ઞાન-ચારિત્ર પર્યાયમાં જયવંત વર્તે છે. અને એનો વિષય તો જયવંત વર્તે જ છે. એ તો ત્રિકાળી. આહાહા..! વાત વાતમાં ફેર. બધા માણસ નથી કહેતા? 'આનંદ કહે પરમાણંદા માણસે માણસે ફેર. એક લાખે તો ન મળે, એક ત્રાંબિયાના તેર.' એમ પ્રભુ કહે છે કે મારે અને તારે બાપા! અનાદિ રખડે છે એની વાત અને મારામાં ફેર છે. બહુ બધી વાતમાં ફેર છે. આહાહા..! દુનિયામાં એમ કહે છે, ને 'માણસે માણસે ફેર. એક લાખે ન મળે અને એક ત્રાંબિયાના તેર.' એમ આવી વાત પ્રભુની સાંભળવા મળવી મુશ્કેલ પડે, પ્રભુ! આહાહા..!

અહીં કહે છે **'વિશુદ્ધ ચારિત્ર પણ સદા...'** **'ચારિત્ર પણ...'** છે ને? એટલે જ્ઞાન પણ છે, દૃષ્ટિ પણ છે અને એ ઉપરાંત ચારિત્ર પણ છે. આહાહા..! મુનિરાજ છે. 'પદ્મપ્રભમલધારીદેવ' મુનિ. દિગંબર મુનિ નવસો વર્ષ પહેલા ટીકા કરનારા. 'કુંદકુંદાચાર્ય'ની ગાથાની ટીકા કરનાર. **'ચારિત્ર પણ સદા જયવંત છે; પાપસમૂહરૂપી મળની અથવા કાદવની પંક્તિથી રહિત...'** આહાહા..! પાપસમૂહરૂપી મળ. પુણ્ય અને પાપ બન્ને પાપ છે. 'પાપકો તો પાપ સૌ કહે પણ અનુભવી જીવ પુણ્યને પાપ કહે.' આહાહા..! 'યોગીન્દ્રદેવ'માં આવે છે. 'પાપકો પાપ તો સૌ કહે, પુણ્ય કો ભી અનુભવીજન પાપ કહે.' રાગ, દયા, દાન,

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વ્રત એ પાપ. આત્માની શાંતિથી વિરુદ્ધ ભાવ (એ પાપ છે). આહાહા..! **'પાપસમૂહરૂપી મળની અથવા કાદવની પંક્તિથી રહિત...'** આહાહા..! એ પુણ્ય અને પાપ રાગની પંક્તિ અનાદિથી આમ ચાલે છે. અજ્ઞાનીમાં એ જ અનાદિથી ચાલે છે. પંક્તિ. પુણ્ય-પાપ... પુણ્ય-પાપ... પુણ્ય-પાપ... પુણ્ય-પાપ... શુભ-અશુભ... શુભ-અશુભ... એ **'પંક્તિથી રહિત જેનું સ્વરૂપ છે એવી સહજપરમતત્ત્વમાં સંસ્થિત...'** આહાહા..! એવું સહજપરમતત્ત્વ, સ્વાભાવિક આનંદનો નાથ, પ્રભુ! એમાં સંસ્થિત નામ રહેનારી **'ચેતના પણ...'** અનુભવ. એ ઉપરાંત **'ચેતના પણ સદા જયવંત છે.'** જાણન-દેખનની ચેતના પણ સદા જયવંત છે અને પર્યાયમાં જાણન-દેખન આવ્યું, એનાથી ખ્યાલ આવ્યો કે આ ચેતન જયવંત છે. તો પર્યાય પણ જયવંત છે. આહાહા..! **'સદા જયવંત છે.'** લ્યો મંગળિક થઈ ગયું. કાલે 'સમયસાર' લેવાશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com




પ્રકાશક

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ

૫, પંચનાથ પ્લોટ, કાનજીસ્વામી માર્ગ

રાજકોટ